
## ● અનુક્રમણિકા ●


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૩૨ | ૪૦ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગંભીર અને ઉદાર આશય | ૧ |
| ૨. | ૩૩ | ૭ | શ્રી 'યોગદૃષ્ટિ૦' તથા ભવ્યત્વ પકવવાના ૩ સાધન | ૫ |
| ૩. | ૩૩ | ૮ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' યોગબીજ | ૧૩ |
| ૪. | ૩૩ | ૯ | શ્રી 'યોગદૃષ્ટિ૦' જિનના કુશળ ચિંતનમાં શું આવે ? | ૨૨ |
| ૫. | ૩૩ | ૧૦ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' પદસ્થ-રૂપાતીવ અવસ્થા | ૩૧ |
| ૬. | ૩૩ | ૧૧ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' મરુદેવા સ્તવન પર ચિંતન | ૩૭ |
| ૭. | ૩૩ | ૧૨ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' માનસિક જિનોપાસના | ૪૬ |
| ૮. | ૩૩ | ૧૩ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' સંશુદ્ધ યોગબીજ સાધના | ૫૪ |
| ૯. | ૩૩ | ૧૭ | શ્રી 'યોગદૃષ્ટિ૦' સંશુદ્ધ યોગબીજ ચરમાવર્તમાં જ | ૬૩ |
| ૧૦. | ૩૩ | ૧૯ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ૧૦ સંજ્ઞાની અટકાયત | ૬૮ |
| ૧૧. | ૩૩ | ૨૦ | શ્રી 'યોગદૃષ્ટિ૦' સાધના વિશુદ્ધ હોવાના ૩ સાધન | ૭૬ |
| ૧૨. | ૩૩ | ૨૧ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ફળની આશંસા ત્યાગ | ૭૯ |
| ૧૩. | ૩૩ | ૨૨ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' પ્રશસ્ત રાગ કેમ જરૂરી | ૮૮ |
| ૧૪. | ૩૩ | ૨૩ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' આચાર્યાદિ વૈયાવચ્ચ | ૯૩ |
| ૧૫. | ૩૩ | ૨૪ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' માનસિક વૈયાવચ્ચ | ૧૦૨ |
| ૧૬. | ૩૩ | ૨૫ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્રુતગ્રહણ મોટું કર્તવ્ય | ૧૧૨ |
| ૧૭. | ૩૩ | ૨૬ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' સહજ ભવોદ્વેગ | ૧૨૦ |
| ૧૮. | ૩૩ | ૨૭ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રોપાસના | ૧૨૮ |
| ૧૯. | ૩૩ | ૨૮ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ચિંતનના મહાન લાભ | ૧૩૭ |
| ૨૦. | ૩૩ | ૨૯ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ઉપાદેયભાવ | ૧૪૭ |
| ૨૧. | ૩૩ | ૩૦/૩૧ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' વિવેકની જરૂરીયાત | ૧૫૭ |





| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૨૨. | ૨ | ૩૭ | નિશ્ચય અને વ્યવહાર-જૈનશાસન અનેકાંતવાદી | ૧૬૭ |
| ૨૩. | ૨ | ૪૦ | નિશ્ચય અને વ્યવહાર-સોનગઢમતીને પ્રશ્નો | ૧૮૦ |
| ૨૪. | ૨ | ૪૧ | નિશ્ચય અને વ્યવહાર-સ્વસિદ્ધાંત વિરુદ્ધ પ્રવૃત્તિ | ૧૯૭ |
| ૨૫. | ૨ | ૪૫ | નિશ્ચય અને વ્યવહાર-દયાથી મનુષ્યભવ પ્રાપ્તિ | ૨૧૦ |
| ૨૬. | ૩ | ૭ | નિશ્ચય અને વ્યવહાર-સાચી નિશ્ચયદૃષ્ટિ | ૨૧૯ |
| ૨૭. | ૩ | ૧૧ | નિશ્ચય૦-ક્રિયાના કર્તા કોણ અને કોણ ભોક્તા | ૨૨૯ |
| ૨૮. | ૩ | ૧૨ | નિશ્ચય૦-સમયસારાદિ ગ્રંથોમાં વ્યવહારનું સમર્થન | ૨૩૭ |
| ૨૯. | ૩ | ૧૩ | નિશ્ચય૦-સમયસારાદિ ગ્રંથોમાં વ્યવહારનું સમર્થન | ૨૪૪ |
| ૩૦. | ૩ | ૧૪ | નિશ્ચય૦-સમયસારાદિ ગ્રંથમાં નિમિત્તની અસર | ૨૫૨ |
| ૩૧. | ૩ | ૧૫ | નિશ્ચય૦-સમયસારાદિ ગ્રંથમાં નિમિત્તની અસર | ૨૫૫ |
| ૩૨. | ૩ | ૧૭ | નિશ્ચય૦-સમયસારાદિ ગ્રંથમાં નિમિત્તની અસર | ૨૬૧ |
| ૩૩. | ૩ | ૧૮ | નિશ્ચય૦-સમયસારાદિ ગ્રંથમાં નિમિત્તની અસર | ૨૬૭ |
| ૩૪. | ૩ | ૧૯ | નિશ્ચય૦-સમયસારાદિ ગ્રંથમાં નિમિત્તની અસર | ૨૭૮ |
| ૩૫. | ૩ | ૨૦ | નિશ્ચય અને વ્યવહાર-પુણ્યની ઉપયોગિતા | ૨૮૫ |
| ૩૬. | ૩ | ૨૧ | નિશ્ચય૦-શ્વે.મૂ.માન્ય જૈનદર્શનમાં નિશ્ચયનય | ૨૯૪ |
| ૩૭. | ૩ | ૨૨ | નિશ્ચય અને વ્યવહાર-નિશ્ચય ધર્મનું સ્વરૂપ | ૨૯૭ |
| ૩૮. | ૩ | ૨૩ | નિશ્ચય૦-પૂ.ઉ.શ્રીનું સુંદર નિશ્ચયનયનું સમર્થન | ૩૦૨ |
| ૩૮. | — | — | વાત્સલ્યપાન - (ભુવનભાનુનાં અજવાળાં) | ૩૦૯ |



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

# (૧) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

## • ગંભીર અને ઉદાર આશય એક મહાન સાધના •

આ પરાર્થકરણ મુખ્યત્વે પરનું અહિત ન કરવાની જેમ પરના આત્માને આત્મહિત પમાડવાની પણ પ્રવૃત્તિ છે. એટલે દા.ત. ભૂખ્યા ભિખારીને રોટલો ખાવા આપે તો ત્યાં પણ સાથે સાથે એને પૂર્વનાં અશુભ કર્મોનું ભાન કરાવી વર્તમાનમાં પાપત્યાગ-ધર્મસેવન અને ભગવત્-સ્મરણ તરફ ધ્યાન દોરે છે.

**પ્ર.**- શું એવા દુઃખી જીવો બધાએ આત્મહિત લક્ષમાં લેવા તૈયાર હોય છે ?

ઉ.- બધા જ તૈયાર ન હોય તો પણ, આ પરાર્થ-પ્રવૃત્તિ કરનારમાં એવી કુનેહ હોય છે કે, મીઠા શબ્દોથી આત્મામાં એની રુચિ ઊભી કરે છે. એના દાખલામાં અહીં 'ચારિસંજીવની નહીં ચરનાર બળદને એનો ચારો ચરાવનાર'નું દૃષ્ટાંત મૂક્યું છે.

## • ચારિ-સંજીવની-ચારણનું દૃષ્ટાંત. •

એક બાઈ પતિને વશ કરવાની ઘેલછામાં કોઈ જોગણ પાસેથી મંત્રિત વનસ્પતિઓનો ઉકાળો મેળવી એણે પતિને પાઈ દીધો. એ પીતાં જ દૈવી-પ્રયોગ હોવાથી પતિ બળદરૂપે થઈ ગયો ! અલબત આમ બાઈને હવે એ પતિ-બળદ પૂરેપૂરો વશ તો થઈ ગયો, પરંતુ પોતે ખૂબ પસ્તાણી. પતિ જ બળદ છે, એટલે થોડો જ એને કાઢી મૂકાય ? તેથી રોજ એને ખેતરમાં ચરાવવા લઈ જવો, એના છાણ-મૂતર સાફ કરવા,... વગેરે સેવામાં રહેવું પડ્યું. હવે એમાં એક વાર એવું બન્યું કે રોજ એ પ્રભુની આગળ પોતાના પાપનો પસ્તાવો જાહેર કરતી હતી અને પ્રાર્થના કરતી હતી કે 'પ્રભુ ! મારા પતિને ફરીથી પૂર્વ સ્થિતિમાં લાવી દે,' તે કેમ જાણે પ્રાર્થના ફળી ! પ્રભુને દિલની શુદ્ધ પ્રાર્થના કેમ ન ફળે !

જંગલમાં એક વાર બળદને ચારો ચરાવતી હતી એ વખતે ઉપરથી વિદ્યાધરનું વિમાન ચાલ્યું જતું હતું, એમાંથી અવાજ સંભળાયો; વિમાનમાં વિદ્યાધર-વિદ્યાધરીને કહેતો હતો, ''આ નીચે બાઈ નકામો કલ્પાંત કરે છે. આ નીચેની ભૂમિમાં જ પેલી 'સંજીવની' વનસ્પતિ છે, એનો જો ચારો બળદને ચરાવે, તો બળદ પાછો મનુષ્યરૂપે થઈ જાય.'' એ સાંભળીને બાઈ રાજી તો થઈ ગઈ, પરંતુ મુંઝવણમાં પડી કે ''એણે ઉપર વિમાનમાંથી પેલી સંજીવની વનસ્પતિ તો કહી, પણ એ પેલી એટલે



કઈ ? એ સમજ ન પડી. ખેર ! ફિકર નહિ. નીચેની બધી જ વનસ્પતિ એકેક કરીને ચરાવું એટલે એમાં 'પેલી' તરીકે નિર્દેશેલી સંજીવની વનસ્પતિ આવી જ જશે.'' આમ વિચારી હવે બળદને એકેક વનસ્પતિ ચરાવે છે.

**'ચારિ સંજીવની' ન્યાયથી પરાર્થ પ્રવૃત્તિ :-**

એમાં એવું બન્યું કે બળદ અત્યાર સુધી આડુઅવળું ચર્યા કરતો, પણ જે ચોક્કસ સંજીવની વનસ્પતિ ચરવા-બહાર રહી જતી હતી, અર્થાત્ પોતે ચારિ-ચરક હતો પણ સંજીવનીનો અચરક હતો, તેને ક્રમશઃ ચરાતી વનસ્પતિમાં હવે તો સંજીવની ચરવામાં આવી ! અને જુઓ ચમત્કાર કે જ્યાં એ ચોક્કસ વનસ્પતિ ચરી કે તરત બળદ મનુષ્યરૂપે થઈ ગયો ! જુઓ અહીં શું થયું ? ચારો ચરનાર બળદ આપમેળે જે એ ચોક્કસ સંજીવની વનસ્પતિ નહોતો ચરતો, અર્થાત્ એનો અ-ચરક હતો, તે સંજીવનીને બાઈએ ચરતો કર્યો. **'ચારિ-સંજીવની'** અર્થાત્ જે ચરવામાં આવતાં, સંજીવની યાને પુનર્જીવન બક્ષે તે. એવી ચારિ-સંજીવનીના અચરક યાને નહિ ચરતા બળદને બાઈએ 'ચારણ' યાને ચરતો કર્યો, એ ચારિચરક પણ સંજીવની-અચરકને ચારણની નીતિ અર્થાત્ ચરાવવાની પદ્ધતિથી; અથવા 'નીતિ' એટલે કે ન્યાય યાને ચારણના દૃષ્ટાંતથી પરાર્થ પ્રવૃત્તિ કરનારા હોય.

**સમકિતી જીવ અન્યના સંજીવની-ચારક :-**

બસ, આ ન્યાયે પ્રસ્તુતમાં પણ સ્થિરાદિ દૃષ્ટિવાળા જીવો પેલા બળદની જેમ જગતમાં જે જીવો 'ચારિ સંજીવનીના અચરક' એટલે કે હિતકારી વાતના 'અચરક' છે, અર્થાત્ એમાં પ્રવૃત્તિ નહિ કરનારા છે, એમને પેલી બાઈની જેમ કુનેહથી હિતમાં પ્રવૃત્તિ કરાવનાર બને છે, અર્થાત્ હિતની શ્રદ્ધા અને એમાં પ્રવૃત્તિ નહિ કરનરા જે છે એમને, બળદને ક્રમશઃ ચરાવવાની પેલી કુનેહવાળી સ્ત્રીની જેમ, કુનેહથી હિતકર વાતમાં શ્રદ્ધા અને પ્રવૃત્તિ કરાવે છે ! એટલી જહેમત ઉઠાવવાનું કારણ ? કારણ આ જ, કે ભિન્ન-ગ્રન્થિક સ્થિરાદિ દૃષ્ટિવાળા સમકિતી જીવ મૈત્રી (સર્વજીવ સ્નેહ) અને કરુણાને પરવશ હોઈ, તથા ગંભીર અને ઉદાર ઉમદા દિલવાળા હોવાથી, જગતના કરુણાપાત્ર જીવો પર એમને સહેજે કરુણા આવે છે, એટલે એમનાથી શક્ય કરુણા કરવામાં ગંભીરતા-ઉદારતાથી કામ લેનારા છે, એટલે સામાને તિરસ્કારાદિ વિના કુનેહભર્યા મીઠા બોલથી એના ગળે હિતની વાત ઉતારી દે છે. પોતે જરૂરી ભોગ આપીને પણ એને હિતમાર્ગે ચડાવવાની આ કુનેહમાં (૧) સામા જીવને પ્રેરણા પ્રોત્સાહન આપવાનું આવે, એમ. (૨) સામાના છતા ગુણની પ્રશંસા... વગેરે કરવાનું આવે.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**ભૂલ સમજાવવાની કુનેહ :-**

ધર્મ-ક્રિયાના અજીર્ણવાળા જીવોમાં ક્રિયાના અભિમાનને લીધે ગંભીરતા ઉદારતા નહિ, તેથી બીજા ભૂલભાલ કરનારા જીવને એ ભૂલ સુધરાવવા જશે, પરંતુ પહેલા એને ઉતારી પાડશે, તિરસ્કારશે, એની સૂગ કરશે, કે 'આટલું આવડતું નથી ? દુનિયાની વાતનું ડહાપણ તો બહુ છે, અને અહીં ધર્મની વાતમાં જ 'ઢ' જેવા છો ?' આ રીત કુનેહની ન ગણાય. કુનેહવાળો તો ભૂલતા જીવને પહેલાં આવકારશે, કે 'વાહ ! ભાગ્યશાળી છો તમે, કે દુનિયા જ્યારે પાપમાં પડી છે, ત્યારે તમે પાપ છોડી અહીં ધર્મ કરવા આવ્યા છો ! હવે જુઓ પુણ્યશાળી ! આ ધર્મક્રિયામાં જરાક આટલી વિધિ સાચવવાની છે. એથી ધર્મક્રિયા લાખ રૂપિયાની બને છે. જાણવા છતાંય વિધિ ભૂલાય તો ય ગભરાશો નહિ, અમે ય પહેલાં તમારા જેવા જ ભૂલકણા હતા, બહુ ભૂલતા હતા; પરંતુ ગુરુમહારાજના ને સાધર્મિકના માર્ગદર્શનથી અમારી ભૂલો સુધરી છે.'

આ રીતે સામાને પ્રોત્સાહન આપવું એ કુનેહ કહેવાય. ગંભીરતા હોય એ સમજી શકે છે કે નવા નવાને જ્ઞાનાવરણાદિ કર્મવશ અજ્ઞાનતા અને મોહને લીધે સહેજે ભૂલ થાય. જૂનાને પણ ચીંધનાર ન મળ્યા હોય તો એ ય સહેજે ભૂલે. સ્થિરાદિ દૃષ્ટિવાળા જીવોની પરાર્થ-પ્રવૃત્તિ આ રીતે કુનેહવાળી હોય, તેથી એ હિતમાર્ગને નહિ સમજનારા, નહિ આદરનારા જીવોને હિતમાર્ગ સમજતા આદરતા કરે છે. એનું નામ 'ચારિ સંજીવનીના અચરક બળદને એ ચરાવવાના ન્યાય'થી હિતમાં નહિ પ્રવર્તનારા જીવોને પ્રવર્તાવનારા કહેવાય.

'ચારિસંજીવની' ન્યાયથી બીજાને હિતમાં પ્રવર્તાવવાનું બે રીતે હોય,-

(૧) સ્વહિતની પ્રવૃત્તિ જ એવી કુનેહભરી કે જે બીજાના પણ લાભમાં ઉતરે;

(૨) બીજાને ચાહીને કુનેહથી હિતમાં પ્રવર્તાવે.

**(૧) સ્વહિતમાં સહજ પરહિત :-**

આમાં પહેલામાં, દૃષ્ટાંત તરીકે પત્ની, પર્વ દિવસે વિશેષ ધર્મ કરવાની રુચિવાળી હોય, અને ત્રણ ટાઈમનું ભઠિયારું કૂટવાનું ન રહે, એટલા માટે પતિ પોતે એકાસણું આંબેલ ઉપવાસ જેવો તપ કરી લે. પતિનો આ તપ એ સ્વહિતની પ્રવૃત્તિ છે, પણ આડકતરી રીતે એ પત્નીના લાભમાં ઊતરે છે.

અથવા, પ્રભુદર્શનમાં ભગવાનની આજ્ઞા છે, કે પુરુષે જમણી બાજુ અને સ્ત્રીઓ ડાબી બાજુ ઊભા રહી દર્શન કરવા. આ આજ્ઞાથી પોતે જમણી બાજુમાં ઊભો રહી દર્શન કરે એ જિનાજ્ઞાપાલનની સ્વહિતની પ્રવૃત્તિ છે, પરંતુ એમાં



બીજા પાછળવાળાને દર્શનનો સહેજે લાભ થઈ જાય છે. જો પોતે બરાબર વચમાં ઊભો રહી દર્શન કરે તો પાછળવાળાને દર્શનનો લાભ ન થાય.

અથવા, શ્રાવક વેપાર કરે એ સ્વાર્થની પ્રવૃત્તિ છે, પરંતુ એમાં ન્યાયથી અને વ્યાજબી ભાવથી વેપાર કરે, એમાં ન્યાયસંપન્નતા અને દયાનો પોતાને લાભ તો ખરો, કિન્તુ એમાં સાથે સાથે પરને-ઘરાકને છેતરાવું કે લૂંટવું ન પડે, એ પરને લાભ થયો. કહો કે,-

શ્રાવકની જયણાપૂર્વકની સ્વાર્થપ્રવૃત્તિ લગભગ પરના લાભમાં જાય.

દા.ત. (૧) ભોજન કરવામાં ઉણોદરી અને ત્યાગવૃત્તિ રાખે એ પોતાને લાભ; છતાં પાછળવાળાને પૂરતું જમવા રહે એ પરનો લાભ. એમ પોતાની ધર્મપ્રવૃત્તિ એવી ઉચિત રીતે રાખે, કે કુટુંબીઓને સહેજે ધર્મપ્રવૃત્તિની તક રહે. ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરવા જાય ત્યાં એવી રીતે બેસે, કે બીજાને બેસવાની સારી જગા મળે, એ સ્વહિતની પ્રવૃત્તિમાં સહજ પરાર્થતા.

**(૨) કુનેહપૂર્વકની પરહિત પ્રવૃત્તિ :-**

બીજામાં પરને કુનેહથી હિતમાં પ્રવર્તાવે; દા.ત. બાપ સૌમ્ય અને ઉદાર સ્વભાવ રાખી દીકરાને પહેલાં પોતાના પર ખૂબ સદ્ભાવ-બહુમાનવાળો કરે, પછી એને હિતની વાત કરે, એ દીકરો આનંદથી વધાવી લે. દા.ત. વિલાયતમાં એક યુવાનને બાપથી ખાનગી સિગારેટ પીવાની કુટેવ, તે એક વાર કોઈ પાસેથી સાંભળીને બાપને ખબર પડી ગઈ. એણે કુનેહ વાપરી. રજાના દિવસે બાપ દીકરો આનંદથી વાતો કરે છે, એમાં બાપ કહે, 'અરે જહોન ! મેં સાંભળ્યું છે કે તું સારો સ્પોર્ટ્સમેન (ખેલાડી) છે. તો તું મને કહેતો કેમ નથી ? તારે રમતનું જે કોઈ સારું સાધન બેટ વગેરે જે કાંઈ ક્રિકેટની સામગ્રી જોઈએ તે લાવવાની. લે એ માટે આ પાંચ પાઉન્ડ. વળી પણ જોઈએ તો માગી લેજે,' એમ કહી પૈસા તરત કાઢી આપી પછી કહે છે,-

'પણ જોજે જહોન ! જેને સારા સ્પોર્ટ્સમેન ક્રિકેટિયર થવું હોય એની છાતી મજબૂત જોઈએ. તો એ માટે ટોનિક પદાર્થ પણ લેતો રહેજે; અને બીજી વાત,- દારૂ-કોકિન, ચરસ, સિગારેટ વગેરે બદીઓથી દૂર જ રહેવાનું; કેમકે ડૉક્ટરો કહે છે, આ બદીથી છાતી હાર્ટ ફેફસાં નબળાં પડે છે, કમજોર બને છે, કમજોર છાતીવાળો સ્પોર્ટ્સમાં શે આગળ આવે ? તું કદી આ બદીઓને વશ ન થજે' બેટા ! અને અગ્રણી સ્પોર્ટ્સમેન થજે, એમ ઈચ્છું છું.'

બસ પત્યું, બાપની મમતાભરી અને કુનેહભરી આ શિખામણે પુત્રના હૃદયને ગદ્ગદ કરી નાખ્યું તે ઊભો થઈ જઈ ખીસામાંથી સિગારેટ પાકિટ કાઢી બતાવી

બાપને કહે, 'પપ્પા ! માફ કરો. હું ખાનગીમાં સિગારેટ પીઉં છું. પણ આજથી જીવનભર માટે એને તિલાંજલિ,' એમ કહી પાકિટ ભાંગીને બહાર ફેંકી દીધું. આ મમતાભરી શિખામણ પણ વધુ અસર કેમ કરી ગઈ ? કહો, બાપે શિખામણ આપતાં પહેલાં એની સ્પોર્ટ્સમેન તરીકે પ્રશંસા કરી, રમત સાધનોના તરત પાંચ પાઉન્ડ આપીને પુત્રના દિલમાં પોતાને માટે પહેલાં ભારે સદ્ભાવ બહુમાન ઊભા કર્યા.

એટલે પછી શિખામણ પણ ખાસ સિગારેટ છોડવાની નહિ કિન્તુ સામાન્યથી બધી બદીઓ છોડવાની આપી. એમાં કુનેહથી સિગારેટ નામ ઘુસાડી દીધું ! એટલે એ શિખામણ માન્ય થઈ ગઈ.

પરાર્થ પ્રવૃત્તિ આ રીતે પોતાના માટે બીજાના દિલમાં સદ્ભાવ બહુમાન ઊભા કરી કુનેહથી બીજાને હિતમાં જોડવાથી થાય. આ ચારિસંજીવની ચરાવવાની પદ્ધતિ છે. કદાચ કુટુંબી અગર સ્નેહી-સંબંધી ઉન્માર્ગે ચાલતા હોય, પરંતુ એ પદ્ધતિએ કુનેહથી એમની કલ્પનામાં ન હોય એ રીતે સન્માર્ગે લવાય. દા.ત. વ્યાખ્યાતા સાધુને વિનંતી કરી મૂકે કે, 'આજે મારા પુત્રને વ્યાખ્યાનમાં લાવવાનો છું, તો કૃપયા આપ આ અમુક વિષય પર વ્યાખ્યાન આપશો' 'પછી પુત્રને 'આપણે અમુક જગ્યાએ જવું છે, ચાલ સાથે.' બહાર નીકળતાં કહે 'જરા મહારાજ સાહેબના આપણે બે અક્ષર સાંભળીને જઈએ; જેથી મારો નિયમ સચવાઈ જાય' એમ કરીને એને વ્યાખ્યાનમાં લઈ આવો. ત્યાં એ વ્યાખ્યાન સાંભળીને પુત્રને અસર થઈ જાય, એટલે ઉન્માર્ગેથી સન્માર્ગે આવે. આમ સન્માર્ગના અચરકને કુનેહથી સન્માર્ગે સંજીવનીનો ચારો ચરાવે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૭,તા.૨૦-૧૦-૧૯૮૪

## ② શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**પ્ર.**- તથાભવ્યત્વનો પરિપાક કરવો હોય તો શું કરવું જોઈએ ?

ઉ.- 'શ્રી પંચસૂત્ર' શાસ્ત્રે કહ્યું છે, અનાદિનું તથાભવ્યત્વ પકવનારા ત્રણ સાધન છે,

(૧) અરિહંતાદિ ૪ શરણનો સ્વીકાર,

(૨) જન્મ જન્માન્તરના દુષ્કૃતોની ગર્હા-સંતાપ, તથા



(૩) સુકૃતોનું આસેવન.

આ ત્રણ સાધનોમાં ખૂબ જ ઉત્સાહ સાથે ધીખતો ઉદ્યમ કરતા રહેવું જોઈએ. તો જ તથાભવ્યત્વ પાકતું આવે.

**શરણસ્વીકાર એટલે ? :-**

(૧) ચાર શરણનો દિલથી સ્વીકાર કરીએ એમાં એ સમજ રાખવાની છે, કે જગતમાં જન્મ પામીને કરવા જેવું હોય તો આ અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, ને સાધુમહારાજોએ કર્યું તે કરવા જેવું છે. એમણે શું કર્યું ? તો કે સર્વજ્ઞ ભગવાને ભાખેલો શુદ્ધધર્મ કર્યો. તો મારે પણ એ શુદ્ધધર્મ જ કર્તવ્ય હો, જીવનમાં એ ચારનું જ આલંબન હો. એ જ મારા તારણહાર. એમનાથી જ મારું ભલું થવાનું. એ જ આ જગતમાં સારભૂત છે, બાકી દુન્યવી વૈભવ વિષયો-સત્તા-સન્માન-કીર્તિ વગેરે તદ્દન અસાર છે; કેમકે આ જીવનના અંતે અવશ્ય ખોવાઈ જનારા અને જીવનભર જીવને પાપકર્મો અને પાપાનુબંધોનો ભરચક ભાર આપનારા. માટે શરણ-આધાર-આલંબન હો, તો એ અસારનું નહિ, પણ અરિહંતાદિ ચારનું. હૈયાનો વિશ્વાસ એમનો પર જ.

**શરણસ્વીકારથી તથાભવ્યત્વ પાકે :-**

(૧) આમ આ શરણનો ભાવ આવે એટલે સહેજે તથાભવ્યત્વ યાને મોક્ષ-યોગ્યતા પાકવા માંડે, અને 'એ શરણભૂત અરિહંતાદિએ જે કર્યું તે જ મારે કરવા યોગ્ય છે,' એવો ભાવ ઊભો થાય છે. સુશીલ પત્ની પતિને કહે છે, 'મારે તમે જ શરણભૂત છો,' એ શું સમજીને કહે છે ? શું કેવળ સ્વાર્થની માયાથી કહે છે કે 'તમારે જ મને નભાવવાની છે ?' ના, સમજે છે કે,- (૧) સ્ત્રી અવતાર છે એટલે શીલની રક્ષામાં સહાયતા ને અંકુશની જરૂર છે; તેમજ (૨) માયારહિત પતિવ્રતાધર્મ-પતિસેવાથી હલકા અવતાર અટકાવવા છે; એટલે માત્ર પતિનું શરણ ધરીને પતિમાં સમર્પિત થવું છે, પતિની ઇચ્છા એ પોતાની ઇચ્છા, પતિની રુચિ એ પોતાની રુચિ, પતિને રસ એ પોતાને રસ, પતિને ગમતું-અણગમતું એ પોતાને ગમતું-અણગમતું...એવું જીવન બનાવવાની પોતાની ઉમેદ છે, એ જ 'મારે તો તમારું શરણ છે,'- એ કહેવાનો ભાવ છે.

બસ, અરિહંત ચારનું શરણ પકડવાનું છે તે આ સમજ ને ઉમેદ સાથે. અલબત્ત અમલમાં ઓછું બને, પણ ઉમેદ પેલી સુશીલ બાઈ જેવી હોય. આનાથી તથાભવ્યત્વ પાકે જ, એમાં નવાઈ નથી; કેમકે, એ શરણરૂપ એ સમજ અને ઉમેદનું ફળ આ, કે જીવનમાં સદ્ગુણ-સુકૃત-સાધનાને અવકાશ મળે છે. એ ફળથી કારણની કલ્પના થાય કે શરણસ્વીકારથી તથાભવ્યત્વ પાકતું રહ્યું છે.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**(૨) એમ, દુષ્કૃત-ગર્હા-સંતાપથી તથાભવ્યત્વ પાકે.**

એનું કારણ એ છે કે, તથાભવ્યત્વ એ મોક્ષગમનની યોગ્યતાસ્વરૂપ છે, અર્થાત્ સંસારભાવ નષ્ટ કરવાની યોગ્યતારૂપ છે; અને સંસારભાવ હર્ષ હોંશથી સેવેલા દુષ્કૃતો ઉપર નભે છે. તેથી જો એ દુષ્કૃતોની હવે ગર્હા સંતાપ થાય એટલે સહજ છે કે જીવ પર એનું દબાણ વર્ચસ્વ ઓછું થઈ જાય, એટલે સંસારભાવ નષ્ટ થવાની ભૂમિકા ઊભી થાય, મોક્ષે જવાની યોગ્યતા સક્રિય થવા માંડે, વિકસવા માંડે, અર્થાત્ તથાભવ્યત્વ પાકવા માંડે; આ એનું બીજું સાધન યાદ રાખો,

**દુષ્કૃત-ગર્હા એ સંસારભાવ નષ્ટ કરવાની ભૂમિકા છે, તથાભવ્યત્વનો પરિપાક છે.**

**(૩) સુકૃતાસેવનથી તથાભવ્યત્વ પાકે.**

તથાભવ્યત્વ પકવવા ત્રીજું સાધન 'સુકૃતઆસેવન' એટલે કે (૧) પરના ઠેઠ જિનવચનાનુસારી જે દયાદિ ગુણો અને અનુષ્ઠાનોથી માંડી ઉપર ઉપરના અરિહંત સિદ્ધના જે સ્વયંસિદ્ધત્વ-બુદ્ધત્વાદિ ગુણો અને જગદુદ્ધારકત્વાદિ ઉપકાર આદિ, એની અનુમોદના; અને (૨) એની પોષક સ્વકીય સુકૃત-સાધનાઓનું યથાશક્તિ આસેવન તથા આચરિત સ્વસુકૃતોની અનુમોદના. સ્વપર સુકૃતોની અનુમોદના આવે એટલે સહજ છે કે તથાભવ્યત્વ અર્થાત્ મોક્ષગમન-યોગ્યતા સક્રિય થવા માંડે, એનો પરિપાક થતો જાય; કેમકે મોક્ષ એટલે એ સદ્ગુણો-સુકૃતોની પરાકાષ્ઠા છે; તો એની પ્રાથમિક અવસ્થાથી એ પરાકાષ્ઠાની નિકટ નિકટ જવાનું થાય એજ તથાભવ્યત્વનો પરિપાક છે.

**તીવ્ર મિથ્યાત્વની કટુતા તત્ત્વ ન રુચવા દે :-**

આ બધું ચરમાવર્તમાં જ થાય; કેમકે પૂર્વે અ-ચરમાવર્તકાળમાં આત્મામાં તીવ્ર મિથ્યાત્વની કટુતા હોય છે. આ કટુતા એવી, કે આત્મા-પરમાત્મા-નવતત્ત્વની કશી વાત જ ગમે નહિ, એ જાણવાની કશી ભૂખ જ નહિ. ભૂખ છે જડપુદ્ગલની વાતોની. વ્યાખ્યાનમાં રાજા-રાણી વગેરેની વાતો આવે તો કાન ઊંચા થાય ! ઉત્સાહથી સાંભળે ! પણ તત્ત્વની વાત ચાલી તો ઝોકાં ખાય ! જેમ તાવની કડવાશથી મોંને સારું કશું રુચે નહિ, એમ તીવ્ર મિથ્યાત્વની કટુતામાં મનને આત્મા-પરમાત્મા-નવતત્ત્વ વગેરેની કશી વાત રુચે નહિ. ત્યાં અચરમાવર્તકાળમાં ભવ્ય જીવમાં તથાભવ્યત્વ તો પડેલું છે, પરંતુ તદ્દન સુષુપ્ત, કિંતુ સક્રિય નહિ.

**મંદ મિથ્યાત્વની મધુરતાએ તત્ત્વ રુચે :-**

ત્યારે ચરમાવર્તકાળમાં તથાભવ્યત્વ પાકવાથી તે તીવ્ર મિથ્યાત્વ મંદ બનવાથી આત્મામાં કડવાશ મટી કાંઈક મધુરતા ઊભી થાય છે. આ મધુરતાથી સંશુદ્ધ



જિનકુશળચિંતન આદિ યોગબીજ અવશ્ય ઊભા થાય છે. 'અવશ્ય' એટલા માટે કહ્યું કે મૂળમાં તથાભવ્યત્વ પાકે એટલે મધુરતાને લીધે સહેજે સત્કર્મો-અનુષ્ઠાનોમાં વિશુદ્ધતા આવે જ. ભવરોગ પાકવા માંડે એટલે સહેજે આરોગ્યના કંઈક આછા સત્લક્ષણ પ્રગટતા જાય. સદ્ગુણો અને સત્સાધનાઓ એ આત્માનાં આરોગ્યના પ્રાથમિક લક્ષણો છે.

**૫ યોગબીજ :-**

મોક્ષની સાથે યોજી આપે તેને યોગ કહેવાય. એ યોગનાં પાંચ બીજ છે, પાંચ કારણો છે,- (૧) જિનોપાસના, (૨) આચાર્યાદિ ઉપાસના, (૩) સહજ ભવોદ્વેગ, (૪) અભિગ્રહપાલન, ને (૫) શાસ્ત્રોપાસના. આનું વર્ણન આગળ કરવાના છે. આ પાંચ બીજની સાધના સંશુદ્ધ સાધના થવી જોઈએ. એ મિથ્યાત્વ મંદ પડે ત્યારે જ થાય, કેમકે મંદતા આવવાથી આત્મામાં મધુરતા આવે છે. એને લાવનાર છે તથાભવ્યત્વનો પરિપાક, તથાભવ્યત્વ પાકવા માંડે એ માટે કહ્યું કે મૂળમાં તથાભવ્યત્વ પાકે એટલે મધુરતાને લીધે સહેજે સત્કર્મો-અનુષ્ઠાનોમાં વિશુદ્ધતા આવે જ. ભવ રોગ પાકવા માંડે એટલે સહેજ આત્માના આરોગ્યના કંઈક આછા સત્ લક્ષણ પ્રગટતા જાય આ બધું ચરમાવર્તમાં જ બને છે, ત્યાં જ સાધના સંશુદ્ધ બને છે.

નહિતર તો જો ચરમાવર્તમાં આવવા છતાં ને તથાભવ્યત્વ પાકવા છતાં સાધનામાં સંશુદ્ધતા ન જ આવતી હોય, તો પૂર્વકાળ અચરમાવર્તમાંની સાધનામાં અસંશુદ્ધતા શી ? શુદ્ધની અપેક્ષાએ જ અશુદ્ધતા હોય છે. એક શુદ્ધ-ચોક્ખું-ઊજળું છે, તો જ એની અપેક્ષાએ બીજું મલિન દેખાય છે. એમ ચરમાવર્તમાં શુદ્ધ સાધના મળે છે, એની અપેક્ષાએ પૂર્વના અચરમાવર્તકાળની સાધનાઓ અશુદ્ધ ગણાય છે. પરંતુ જો ચરમાવર્તની સાધના શુદ્ધ ન હોય તો પૂર્વકાળની અશુદ્ધ શી ?' માટે કહો, અ-ચરમાવર્તકાળમાં તથાભવ્યત્વ તદ્દન અપક્વ એટલે કે સુષુપ્ત પડ્યું હોય છે, તે ચરમાવર્તમાં પાકવા માંડે છે, તેથી સંશુદ્ધ સાધના પ્રાપ્ત થાય છે.

પત્થરમાંથી પ્રતિમા બનવાની યોગ્યતા છે, પરંતુ કારીગરના હાથમાં આવ્યા પહેલાં તો એ પત્થરમાં વિશુદ્ધ ઘડતર જેવું કાંઈ નથી. હોશિયાર કારીગરના હાથમાં આવે એટલે એને શુદ્ધ ઘડતર મળે છે. એમ અચરમાવર્તકાળમાં તથાભવ્યત્વ સુષુપ્ત નિષ્ક્રિય છે, એટલે શુદ્ધ ઘડતર કશું જ નહિ; પણ ચરમાવર્તના હાથમાં જીવ આવે પછી શુદ્ધ ઘડતર યાને સંશુદ્ધ યોગબીજની સાધના થતી આવે.

**અચરમાવર્તમાં માત્ર સંકિલષ્ટતા :-**

આમ એ નક્કી થયું કે સંશુદ્ધ યોગબીજની સાધના ચરમાવર્તકાળમાં જ હોય, તે પૂર્વે કે પછી નહિ. પૂર્વે એટલે અચરમાવર્તકાળમાં સંશુદ્ધ એટલા માટે નહિ કે ત્યાં જીવને મનનો આશય ક્લિષ્ટ હોય છે, રાગદ્વેષના સંક્લેશથી વ્યાપ્ત હોય છે. ત્યારે ચરમાવર્તકાળ પછીના મોક્ષકાળમાં સંશુદ્ધ સાધના એટલા માટે નહિ કે ત્યાં જીવને મનનો આશય ક્લિષ્ટ હોય છે, રાગદ્વેષના સંક્લેશથી વ્યાપ્ત હોય છે. ત્યારે ચરમાવર્તકાળ પછીના મોક્ષકાળમાં સંશુદ્ધ સાધના એટલા માટે નહિ કે ત્યાં આશય અત્યંત વિશુદ્ધ સિદ્ધ થઈ ગયો હોવાથી, ત્યાં સાધના જ ન હોય, તો પછી વિશુદ્ધ સાધના શી ? સંશુદ્ધ-વિશુદ્ધ સાધના આવે તો ચરમાવર્તકાળમાં જ આવે. આ વિશુદ્ધિ માટે અસંક્લિષ્ટતા જરૂરી છે, ને તે અસંક્લિષ્ટતા અચરમાવર્ત-કાળમાં હોતી નથી. ત્યાં તો સંકિલષ્ટતા અર્થાત્ રાગાદિના તીવ્ર સંક્લેશ જ પ્રવર્તી રહ્યા હોય છે. માટે તો કહ્યું,

અચરમાવર્તકાળમાં અનંતીવાર ચારિત્ર પણ લે, અને એની કડક ક્રિયાઓ ય કરે, પરંતુ તે બધી જ સંક્લેશવાળી હોઈને દ્રવ્યક્રિયાઓ છે, ત્યાં ભાવક્રિયાનું નામનિશાન નહિ; કેમકે જીવને આત્મા-મોક્ષ-પરમાત્મા વગેરે સમ્યક્ તત્ત્વો હજી સહેજ પણ ખૂલ્યા જ નથી. એટલે એ શુદ્ધ પુદ્‌ગલાનંદી હોય છે, ને એમાં જડ પુદ્‌ગલની પાછળ નકરા રાગ-દ્વેષના સંક્લેશો ચાલુ હોય છે. એક નવકાર પણ ગણે તો ય તે પૌદ્‌ગલિક સુખ લેવા માટે જ ગણતો હોય. હૈયાના કોઈ ખૂણામાં મોક્ષની ગંધ જ નહિ; મોક્ષનો લેશપણ રસ જ નહિ, લેખું જ નહિ, ગણતરી જ નહિ. ત્યારે વિચારવા જેવું છે કે જડપુદ્‌ગલોની પાછળ એકલા રાગદ્વેષના સંક્લેશ જ હૈયે રમતા હોય ત્યાં આત્મજ્ઞતા-આત્મભાન ક્યાં ? મોક્ષની લેશ પણ ભૂખ જ ક્યાં ? વર્તમાન જીવન જે જીવી રહ્યા છો તેને તપાસવા જેવું છે કે જીવનમાં જો નિઃસંકોચ પુદ્‌ગલ-રાગ જ કરવાનો રાખ્યો છે, તો જીવ ચરમાવર્તકાળમાં છે ? કે અચરમાવર્ત કાળમાં ?

**સાધના-વિશુદ્ધિનાં ૩ સાધન**

**उपादेयधियात्यन्तं संज्ञाविष्कम्भणान्वितम् ।**
**फलाभिसन्धिरहितं संशुद्धं ह्येतदीदशम् ॥ ॥२६॥**

અર્થાત્ (૧) અત્યંત ઉપાદેયબુદ્ધિથી, (૨) સંજ્ઞાઓની અટકાયત સાથે, (૩) ફળની આશંસા વિના (આરાધાય) તે આવું સંશુદ્ધ હોય છે.

યોગબીજ ક્યારે મળે એનો સમય ચરમાવર્તકાળ બતાવ્યો, હવે એજ સંશુદ્ધ કેવા સ્વરૂપનું હોય, એ કહેવાની ઇચ્છાથી આ 'ઉપાદેયધિયાત્યન્તં...' ગાથા કહે



છે. 'ઉપાદેયધિયા' એટલે ઉપાદેય બુદ્ધિથી, 'અત્યંત' એટલે કે બીજું બધું પડતું મૂકીને; તથાભવ્યત્વ પરિપાકના લીધે સમ્યગ્જ્ઞાન પૂર્વકના યત્નથી યોગબીજ અત્યંત ઉપાદેય બને.

**વિવેચન :-** 'સંશુદ્ધ' અર્થાત્ સારી રીતે શુદ્ધ યોગબીજ ચરમાવર્તમાં તથાભવ્યત્વના પરિપાકથી મળે, એ વાત ગત ગાથામાં બતાવી. હવે એ સંશુદ્ધ કેવા પ્રકારનું હોય એટલે કે યોગબીજ 'જિનનું કુશળ ચિંતન'... વગેરે કેવી કેવી વિશેષતાવાળું હોય તો સંશુદ્ધ કહેવાય એ હવે બતાવે છે.

અહીં યોગબીજ સંશુદ્ધ હોવા માટેનાં ત્રણ લક્ષણ કહીને ગ્રંથકાર સૂચવે છે કે કોઈ પણ ધર્મસાધના સંશુદ્ધ યાને વિશુદ્ધ હોવા માટે આ ત્રણ લક્ષણ જરૂરી છે; કેમકે એ લક્ષણ જ એવા સ્વરૂપનાં છે કે માત્ર યોગબીજ જ શું, દરેક દરેક સાધનામાં લાગુ થાય છે, બધે જ ઉપયોગી બને એવાં છે. એટલે એમ કહેવાય કે

**વિશુદ્ધ સાધનાનાં ૩ લક્ષણ :-**

કોઈ પણ યોગબીજાદિ ધર્મસાધના સંશુદ્ધ વિશુદ્ધ હોવાની ૩ શરત છે,

(૧) અત્યંત ઉપાદેયબુદ્ધિથી એ કરાતી હોય,

(૨) આહારાદિ સંજ્ઞાઓની અટકાયત સાથે કરાતી હોય અને

(૩) ફળની આશંસા-ઝંખના વિના આચરાતી હોય આને વિસ્તારથી વિચારીએ,

**(૧) અત્યંત ઉપાદેયબુદ્ધિ :-** આમાં પહેલી શરત આ, કે સાધના અત્યંત ઉપાદેયબુદ્ધિથી કરાતી હોય, એનો ભાવ આ છે કે આપણા દિલમાં સાધના પ્રત્યે અત્યંત કર્તવ્યભાવ જોઈએ. સાધના જો દિલને અત્યંત કર્તવ્ય જ ન લાગે અને સાધના કરાયે જાય, તો એ સંમૂર્છિમ ક્રિયા જેવી થાય. અહીં પૂછો,

**પ્ર.-** સાધના કરતો હોય અને એ અત્યંત કર્તવ્ય ન લાગતી હોય એવું બને ?

**ઉ.-** હા, જીવનમાં જો રાબેતા મુજબની ક્રિયા થઈ જાય, 'રોજ કરીએ છીએ એમ કરવાની' એટલું જ મનને હોય. અર્થાત્ રોજનો એ કરવાનો અભ્યાસ પડી ગયો એટલે કરે, પરંતુ આ મારું ઉત્તમ કર્તવ્ય છે એવું મનમાં કશું આવે નહિ. દા.ત. સવાર પડી જાગ્યા એટલે નવકાર ગણવાના તે ગણવાના, દહેરે જઈ આવવાનું તે જઈ આવવાનું. બસ, આટલા હિસાબથી નવકાર ગણી લે પરંતુ એ ગણતી વખતે મનમાં બીજા વિચારના લોચા ચાલતા હોય, તેમજ દહેરે જતાં ને પ્રભુદર્શન કરતાં પણ બીજા-ત્રીજા વિચારો ચાલતા હોય, તો એ ક્રિયા કાંઈ અત્યંત કર્તવ્ય બુદ્ધિથી કરી ન કહેવાય. એ તો ગતાનુગતિક સંમૂર્છિમ ક્રિયા થઈ ગણાય.

ત્યારે આવી સંમૂર્છિમ ક્રિયાનો બહુ અર્થ નહિ. અલબત ક્રિયાનો એક અભ્યાસ પડે એટલું જ, પરંતુ એવી સાધના દ્વારા આત્મામાં શુભ સંસ્કારની મૂડી ન ઊભી થાય. તેમ એવા નોંધપાત્ર પુણ્યાનુબંધી પુણ્યનો અને એવી કર્મનિર્જરા-પાપક્ષયનો લાભ પણ ન મળે.

નક્કર સુસંસ્કારો, પુણ્યાનુબંધી પુણ્ય અને પાપક્ષય માટે તો ધર્મસાધનામાં સર્વેસર્વા તન્મયતા જોઈએ, હૈયાની ગદ્‌ગદતા જોઈએ, દિલમાં ભાવ ઉછળઉછળા થતા હોવા જોઈએ. આ માટે શાસ્ત્રકાર અહીં કહે છે કે સાધના અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરો.

અત્યંત ઉપાદેયબુદ્ધિનો અહીં અર્થ કરે છે.

**ઉપાદેયબુદ્ધિ કેવી હોય ? :-**

સાધના અત્યંત ઉપાદેયબુદ્ધિથી કરાય એનો અર્થ એ, કે સમ્યગ્જ્ઞાન પૂર્વકના પ્રયત્નથી કરાય. આમાં સમ્યગ્જ્ઞાન આ કે સાધનાનું સ્વરૂપ, સાધનાની વિધિ, અને સાધનાના લાભ જ્ઞાત હોય. ઉપરાંત આ સમજ હોય કે 'આ સાધના મારા આત્માની તારણહાર છે, અનેકોને એણે તાર્યા છે, ઉચ્ચ માનવ અવતારે જીવનમાં આ સારભૂત છે...' ઇત્યાદિ મનમાં સચોટ બેઠેલું હોય; તેથી જ સાધનાનો પ્રયત્ન થાય, ઉદ્યમ થાય, પુરુષાર્થ થાય, એ પણ સાધનાની વિધિ સમજીને એના શક્ય અમલ સાથે થાય, એ સાધનાનો સમ્યગ્જ્ઞાન પૂર્વકનો પ્રયત્ન કહેવાય.

આ પરથી સમજવા જેવું છે કે, શાસ્ત્રકાર ઉપાદેયબુદ્ધિથી સાધના કરવાનું કોને કહે છે ? એટલે, દા.ત. જિનોપાસનાની સાધનામાં દેવદર્શન કરીએ, અને મનને માની લઈએ કે 'આ હું ઉપાદેય કર્તવ્ય માનીને કરું છું,' તો એટલા માત્રથી એ ઉપાદેયબુદ્ધિથી કરી નહિ ગણાય; કિન્તુ એની સાથે ઉપર કહ્યું તેમ જિનદર્શનનું સ્વરૂપ, એની વિધિ, અને એના લાભોની જાણકારી હોવી જોઈએ. જો આ જાણવાની કશી પરવા જ ન હોય, ગરજ ન હોય, તો ઉપાદેયબુદ્ધિથી વિશુદ્ધ દર્શનસાધના કરી નહિ ગણાય.

દુનિયામાં જો પગાર માટે નોકર શેઠની સેવાને કર્તવ્ય માને છે, તો એ કેવી રીતે કરે છે ? જો સેવાનું સ્વરૂપ એને ખબર ન હોય, એની વિધિ ન જાણતો હોય તો એ કેવી સેવા કરે ? ને જો વેઠ ઉતારે તો શેઠ કેટલો સમય એની સેવા સ્વીકારે ? પણ કહો, ત્યાં તો નોકર જ બરાબર જાતે સમજીને સેવા કરે છે. શેઠને કલ્પના હોય એનાં કરતાં સારી રીતે સેવા કરવાની એ ધગશ અને પ્રયત્ન રાખે છે; તો જ કહેવાય કે, એ બરાબર કર્તવ્ય સમજીને સેવા કરે છે. તો પછી અહીં જિનેંદ્રદેવની દર્શન-વંદન-પૂજન વગેરે સાધના સેવા કરવી છે તે ખાલી મનમાં માને



કે, 'હું આ કર્તવ્ય માનું છું, ઉપાદેય માનું છું,' પણ ગુરુ પાસેથી ન એનું સ્વરૂપ સમજવાની, ન એની વિધિ સમજવાની, તેમજ ન એનું પ્રયોજન-ફળ-લાભ સમજવાની કોઈ કોશિશ કરે, ને એમજ ડફડાવ્યે જાય, તો 'એણે સાધનાને કર્તવ્ય-ઉપાદેય માની' એમ શી રીતે કહેવાય ?

સારાંશ, દર્શન-વંદન-પૂજનાદિ સાધના એના સમ્યગ્ બોધવાળી જોઈએ; ને તે પણ એક વાર ગુરુ પાસેથી બોધ તો મેળવી લીધો, પરંતુ એનો અમલ ન હોય અર્થાત્ એ સાધના બજાવતી વખતે એનાં સ્વરૂપ, વિધિ, વગેરેનો કશો વિચાર ન હોય, મગજ બીજે રખડતું હોય, ને સાધના યંત્રની જેમ થયે જતી હોય, તો તે પણ સમ્યક્જ્ઞાનવાળી સાધના ન કહેવાય.

**સમ્યક્જ્ઞાન એટલે ઉપયોગ અને અસર :-**

આ ઉપરાંત પણ જો એ સાધના વિધિસર પણ કરવા છતાં કોરા શુષ્ક દિલથી કરતો હોય, તો ય તે સમ્યક્જ્ઞાન પૂર્વકની નહિ ગણાય; કેમકે 'સમ્યક્જ્ઞાન'નો અર્થ એ છે, કે એ હૃદયને અસર કરનારું, ભાવુક હૃદયને ભાવિત બનાવનારું, ગદ્‌ગદ બનાવનારું જ્ઞાન હોય. પ્રિય સારા મેમાનની ભક્તિ કેવી રીતે થાય છે ? ગદ્‌ગદ થઈને તો જ કહેવાય છે કે એને મેમાનની બરાબર ઓળખ છે; એ બરાબર સમજીને ભક્તિ કરે છે. એમ અહીં સાધના સમ્યગ્જ્ઞાન પૂર્વકની ત્યારે કહેવાય, કે દિલ એમાં ગદ્‌ગદ હોય; ને એ કરવા માટે સાધના તારણહાર અને જીવનના સારરૂપ હાડોહાડ લાગતી હોય.

આટલેથી પણ બસ નથી, કેમકે સાધનાને ઉપાદેયબુદ્ધિથી એટલે કે એનું સ્વરૂપ-વિધિ-લાભ વગેરે સમજી, તથા એને તારણહાર ને સારભૂત સમજીને પણ કરતો તો હોય, પરંતુ મનમાં વચમાં વચમાં બીજા-ત્રીજા વિચાર લાવતો હોય તો સાધનામાં સળંગ ઉપયોગ ન રહેવાથી એનાથી પ્રગતિ ન થાય, આત્મામાં એના નક્કર સંસ્કાર ન પડે. માટે અહીં કહ્યું ઉપાદેયબુદ્ધિ પણ અત્યંત ઉપાદેયબુદ્ધિ જોઈએ.

**અત્યંત ઉપાદેયબુદ્ધિ એટલે ? :-**

એ જ, કે સાધનાના સમ્યગ્ બોધવાળા પ્રયત્નની સાથે મગજમાંથી મન-વચન-કાયામાંથી "અત્યન્ત=સર્વાન્યાપોહેન" અર્થાત્ સાધના સિવાયનું બીજું બધું બાદ કરીને પ્રયત્ન ચાલતો હોય. જો બીજું-ત્રીજું મનમાં આવતું હોય, વચનથી બોલાતું હોય, યા કાયાથી ચાલતું હોય, તો તેવી સાધના તો ખંડિત અને ચંચળ મનની કહેવાય; ને,

**ચંચળ મનની સાધના એ તો છાર પર લીંપણ જેવી છે.**

જમીન પર છાર-રાખ છવાઈ ગઈ હોય, ને એનાં પર છાણમાટીથી લીંપણ કરે, તો એ કેટલું ટકે ? કહો, જમીન સાથે એની સગાઈ જ ન થાય. એમ ચંચળ મનથી સાધના કરાય તેની સ્વકીય આત્મભૂમિ સાથે સગાઈ જ ન થાય. અહીં આટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે, કે

**અ-સપત્ન સાધના જરૂરી :-**

સાધના વખતે બીજા ત્રીજા દુન્યવી વિચાર, બોલ, કે કાયિક પ્રવૃત્તિ તો નહિ, પણ બીજી સાધનાના પણ વિચાર નહિ જોઈએ, કે બોલ યા પ્રવૃત્તિ ન જોઈએ. દા.ત. ભગવાનને અભિષેક પૂજા કરતો હોય, ને તે વખતે મનમાં લાવે કે 'મારે આ અભિષેક પતાવીને પછી ભગવાનની હાઈક્લાસ આંગી રચવી છે,' યા ચૈત્યવંદન કરતો હોય એ વખતે સાથિયો ચીતરતો રહે, તો આમાં પણ ચાલુ સાધના અખંડ ન રહી, ખંડિત ચંચળ થઈ ગઈ ! શાસ્ત્ર ચાલુ સાધનામાં બીજી સાધનાના શુભ વિચારને પણ 'સપત્ની' શોક્યરૂપ ગણે છે. સાધના અ-સપત્ન થવી જોઈએ.

ત્યારે વિચારો કે જ્યાં ચાલુ સાધનામાં બીજી સાધનાના શુભ વિચાર પણ લાવવાના નથી, પછી ત્યાં દુન્યવી વાત-વસ્તુના વિચાર તો લવાય જ શાના ? મતલબ, ચાલુ સાધના સિવાયનું બીજું બધું મગજમાંથી બાદ થઈ જવું જોઈએ; ન એનો વિચાર, ન એનો બોલ, કે ન એની કશી કાયિક પ્રવૃત્તિ, સાધના ભેળસેળિયા નહિ. પણ તદ્દન નિર્ભેળ ચાલવી જોઈએ. ત્યારે જ ચાલુ સાધનાની વફાદારી રહે, 'સાધના અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરીએ છીએ' એમ કહેવાય.

**ભેળસેળિયા સાધનાથી ચિરંજીવી સંસ્કાર ન પડે.**

**પ્ર.**- સાધનામાં આવી તન્મયતા શી રીતે આવે ? બીજી શુદ્ધ સાધનાનો ય વિચાર ન આવે ? કઠણ કામ નથી ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૮,તા.૩-૧૧-૧૯૮૪

## (૩) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

ઉ.- ના, જો આ સાધનાને તારણહાર માનીએ ને દુન્યવી વાતવસ્તુ-વિચારને મારણહાર માનીએ, ઝેરરૂપ દેખીએ, તો એમાં, તથા બીજી સાધનાના વિચારને ભેળસેળ કરનારી સમજીએ તો એમાં, મન ન જાય, અને ચાલુ સાધનાને માનવભવનો એક ઉત્તમ લહાવો સમજીએ, તો ચિત્ત એમાં સ્થિર રહે, તન્મય રહે.



**નાનામાં નાની પણ સાધના નિરાશંસ ભાવે અને તન્મય ચિત્તે તથા ગદ્ગદ થઈને થાય એ સાચી જિનોપાસના છે.**

જેમને અસંખ્ય ઈન્દ્રોએ પૂજ્યા એવા જિનેશ્વર ભગવાનની ઉપાસના કરવાનો દુર્લભ લાભ મને મળે છે ? આજની શોધાયેલી દુનિયામાં ૩૫૦ ક્રોડ માનવોમાંથી ૩૪૯ાા ક્રોડ માનવો જૈનધર્મ પામવામાંથી બાદ છે; માત્ર અડધો ક્રોડ માનવોને જૈનધર્મ મળ્યો છે. એમાં મારો નંબર લાગીને મને આ જિનેન્દ્ર ભગવાન આરાધવા મળ્યા ! વાહ ! ધન્ય જીવન મારે ! આ અતિ દુર્લભ લાભ મળ્યો, એ મારો કેટલો બધો ઉચ્ચ કોટિનો પુણ્યોદય ! આવો અતિ અમૂલ્ય લાભ જો સાધનાને આ રીતે અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરતાં, મળતો હોય, તો એ મારે ધન્ય ઘડી, ધન્ય અવતાર !' આ વિચારથી સાધનામાં એકાગ્રતા ભોળસેળરહિત તન્મયતા અને ગદ્ગદતા આવે.

**કમઠ-સર્પની નવકારમાં અત્યંત ઉપાદેયબુદ્ધિ :-**

નવકાર તો આપણે ય ગણીએ છીએ; પરંતુ કમઠ તાપસના લાકડામાં અર્ધ બળેલા સાપે નવકાર સાંભળ્યો, ને એ સીધો નાગકુમાર દેવલોકનો ઈંદ્ર ધરણેન્દ્ર શી રીતે બની બેઠો ? કહો, એના નવકાર-ધ્યાનમાં પાવર હતો. એ પાવર આ જ, કે એણે અત્યંત ઉપાદેય બુદ્ધિથી નવકાર-ધ્યાનની સાધના કરી. ત્યાં પછી પોતાની કાયામાં બળવાથી ઊઠેલી લ્હાયો પણ ભૂલી ગયો ! મનને 'હાય ! બહુ બળતરા' ન લાગવા દીધું ! એટલું બધું મનને નવકારમાં તન્મય ને ગદ્ગદ કરી દીધું ! નવકારના અક્ષરો પર ભારે અહોભાવ લાવ્યો કે 'અહો અહો ! આ કેટલું બધું અદ્ભુત શ્રવણ !' નવકારનો અર્થ તો સમજતો નથી, છતાં નવકારના અક્ષર પર આ અહોભાવે એની નવકાર-સાધના અત્યંત ઉપાદેયબુદ્ધિવાળી બની ગઈ, ને **એ અત્યંત ઉપાદેયબુદ્ધિથી નવકાર-શ્રવણની સાધનાનું ઈનામ ધરણેન્દ્ર પદની પ્રાપ્તિ !**

**ઈંદ્રભૂતિને અત્યંત ઉપાદેયબુદ્ધિથી જિનવચનનાં શ્રવણનું ઈનામ ગણધર પદ !**

નવકાર-સ્મરણ રોજ કરવા છતાં ચારિત્ર લેવાનું મન કેમ થતું નથી ? કહો, એવા અહોભાવ અને ગદ્ગદતાથી નવકાર ગણાતો નથી. નહિતર, નવકારના પાંચે પરમેષ્ઠીમાં વિશેષતા હોય તો મૂળમાં ચારિત્રથી છે. માટે તો પાંચમાં સાધુપદ પછી છઠ્ઠું કોઈ પરમેષ્ઠી પદ નથી. આવા ચારિત્રમય પંચપરમેષ્ઠીને રોજ યાદ કરીએ, ને ચારિત્રનું મન ન થાય ? આપણે ત્યાં જૈનેતરો, જુઓ, કેટલામાં ચારિત્ર પામી ગયા છે ? બ્રાહ્મણ ઈન્દ્રભૂતિ ગૌતમને પોતાના સંશયનું મહાવીર ભગવાને સમાધાન કર્યું એટલા પર કેવો અહોભાવ થયો ! કહો, ભગવાનનું દર્શન અને



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સમાધાનનું શ્રવણ એવી અત્યંત ઉપાદેયબુદ્ધિથી કર્યું, ને એવા ગદ્‌ગદભાવથી કર્યું, કે ત્યાં ઊઠીને એમણે પ્રભુ પાસે ચારિત્ર લઈ લીધું ! તે પછી પણ ભગવાને સંભળાવેલ **"ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા"** એ ત્રિપદીનું શ્રવણ ભારે અહોભાવ સાથે એટલી બધી ઉચ્ચ અત્યંત ઉપાદેયબુદ્ધિથી કર્યું, કે ત્યાં જ એમને અંતર્મુહૂર્તમાં વિશાળ મહાસાગરસમા '૧૪ પૂર્વ' શાસ્ત્રો ને આખી દ્વાદશાંગીનો જ્ઞાન-પ્રકાશ ઝગમગી ઊઠ્યો !

**જૈનેતર ચારિત્ર પામી જાય ! ને જૈન ન પામે ? કારણ, અત્યંત ઉપાદેયબુદ્ધિ નહિ.**

કોઈ પણ ધર્મસાધના કરીએ, પરંતુ એ કેવી અત્યંત ઉપાદેય-બુદ્ધિથી કરવાની ? એની આ વાત છે. એ સાધના કરતી વખતે એ સિવાયનું બીજું બધું ભુલાઈ જાય, ને એ જ મનમાં રમ્યા કરે, એવી એમાં તન્મય સ્થિતિ જોઈએ. ત્યાં બીજી સાધના પણ મનમાં ન આવે, કેમકે એ શોક્યનું કામ કરે છે, એટલે એ પ્રસ્તુત સાધનાનું આકર્ષણ ઓછું કરે. ધણીને શોક્યપત્ની આકર્ષે એટલે બીજી તરફ ધણીનું આકર્ષણ મંદ પડે. એમ એક સાધના વખતે બીજી સાધનાના વિચાર આવે ત્યાં એનું આકર્ષણ સાબિત થાય છે. એ આવ્યું એટલે ચાલુ સાધના પરનું આકર્ષણ ઘટ્યું, એના પર કર્તવ્ય-બુદ્ધિ અત્યંત ન રહી. પરંતુ,

**'ચાલુ સાધનામાં તન્મય થઈ અનંતાભવ્યો કેવળજ્ઞાન પામી ગયા,' જો આ વિચારીએ, તો અત્યંત તન્મયતા આવે.**

એથી ચાલુ સાધના પર અત્યંત કર્તવ્યબુદ્ધિ જાગીને આ સાધનામાં સર્વહિત દેખાય, સર્વ દુઃખોનો નાશ દેખાય, સર્વ આનંદ સમજાય. આ હોય તો સાધના વખતે બીજો વિચાર મનમાં ઊઠે નહિ. એવી સાધનામાં નિશ્ચળતા આવે છે.

આ જ હિસાબે માનો કે સાધુ વિહાર કરીને સ્થાને પહોંચ્યા. ત્યાં એ ભલે ને થાક્યા-પાક્યા છે. છતાં કોઈ આરામી કે ટહેલ-ટપ્પામાં સમય ન લગાડતાં સ્વાધ્યાયમાં લાગી જવાના ! કેમકે સમજે છે કે,

**'સ્વાધ્યાયઃ પરમ મંગલં'**

આજે ઈતરો પણ બહારગામ જવું હોય, યા કોઈ મહત્ત્વનું કામ કરવું હોય, તો પણ પહેલાં ગીતા વગેરેનો સ્વાધ્યાય કરી લે છે. જૈનધર્મમાં પણ મુનિઓને ગોચરી લાવી વાપરતા પહેલાં સ્વાધ્યાય કરવાનું કહેલ છે. ગઈ કાલ કરતાં આજે જુદા મુકામમાં સૂવાનું હોય તો 'ધમ્મો મંગલ'નો સ્વાધ્યાય કરવાનો હોય છે. શ્રાવકને ધંધાર્થે નીકળતા પહેલાં નવકાર, ઉવસગ્ગહરં વગેરેનો સ્વાધ્યાય કરવાનો હોય છે. સાધુ આવા પરમ મંગળરૂપ સ્વાધ્યાયને કર્તવ્ય સમજતો હોય તો એ



છોડીને આરામી કે વાતોચીતો યા ડાફોળિયાં વગેરેની, જ્ઞાન-દર્શન-ચારિત્ર સિવાયની, પ્રવૃત્તિમાં પડી સ્વાધ્યાય શાનો ગુમાવે ? **સ્વાધ્યાય પર અત્યંત કર્તવ્યબુદ્ધિ હોય ત્યાં વાતોચીતો વગેરેને તો ઝેર સમજે.**

**તથાભવ્યત્વ પકવતા રહો : મોહદૃષ્ટિ મૂકી જ્ઞાનદૃષ્ટિ રાખો :-**

આવી અત્યંત ઉપાદેયબુદ્ધિ એ શાનું ફળ છે ? તથાભવ્યત્વ પાકવા માંડ્યું એનું. એટલે જ તથાભવ્યત્વ પકવવાનાં. ચતુઃશરણસ્વીકાર, દુષ્કૃતગર્હા અને સુકૃતઆસેવન, એ ચિંતા એવી ઊભી થઈ છે કે, પરચિંતા પડતી મુકાય છે; તેમજ નથી ને કદાચ પરતરફ દૃષ્ટિ ગઈ તો હવે હૃદય એવું કૂણું થયું છે કે, બીજાઓ પર હવે અચરમાવર્ત કાળની જેમ દ્વેષ ન ઊઠે, દયા જ આવી જાય.

**ધર્મહીન પર દયાની આત્મદશા આવે તો જ જિનશાસનમાં પ્રવેશ મળે છે.**

'ઉપમિતિભવ પ્રપંચા' કથામાં આવે છે કે જીવ દ્રમક ભિખારી લોકનગરમાં વિષયોની ભીખ માગતો ભટકતો હતો. એમાં એને કર્મે વિવર યાને દ્વાર આપ્યું; કર્મપરિણતિ એવી મોળી પડી, કે એને જિનશાસનના રજવાડામાં સુસ્થિત (તીર્થંકર) મહારાજાની કૃપાદૃષ્ટિથી પ્રવેશ મળ્યો. આમ તો પૂર્વ કર્મ વિવર આપ્યા વિના પોતે જૈનશાસનના કિલ્લામાં ગમે તે રીતે ઘુસી ગયો હતો, અને અત્યારે પણ કેટલાક ભિખારીઓ કર્મે વિવર આપ્યા વિના એમજ ઘુસી ગયા દેખાય છે; પરંતુ તે બાહ્યથી પ્રવેશ દેખાય એટલું જ, પરંતુ આભ્યન્તરથી ખરો પ્રવેશ નહિ; એટલે કિલ્લામાંથી હકાલપટ્ટી થાય છે.

કર્મે વિવર આપ્યું હોય અને જિનશાસનમાં દાખલ થયા હોય. એનાં હૃદય હવે બીજા કર્મપીડિત જીવો તરફ ક્રૂર કઠોર રહી શકે નહિ. તત્ત્વ પરનો દ્વેષ મીટ્યે તત્ત્વની રુચિ થવાની ભૂમિકા ઊભી થાય, ત્યાં તત્ત્વની વિમુખ જીવો પર ક્રૂરતા-કઠોરતા-દ્વેષ થઈ શકે નહિ.

જૈનશાસન આ માગે છે, તમે ધર્મ કરવા તૈયાર થયા છો ? તો તમારું હૃદય કોમળ અને વિશાળ બનવું જ જોઈએ, જેથી ધર્મ નહિ કરનાર પર દ્વેષ ન આવે. જો આ દ્વેષ આવે છે, તો તમે ધર્મતત્ત્વ સમજ્યા જ નથી. ધર્મતત્ત્વ ગમ્યું, એટલે તમારા વિશાળ દરિયાવ દિલમાં એ ધર્મ નહિ કરનારાઓ કર્મપીડિત તરીકે સમાઈ જાય. ધર્મતત્ત્વ ગમ્યું એના સાથે કર્મતત્ત્વની શિરજોરી ખ્યાલમાં આવી જાય કે, જીવોની સામે ધર્મ પડ્યો છે, પરંતુ કર્મ એવાં બળવાન છે, કે એ જીવોને ગળચીમાંથી પકડી રાખીને ધર્મ રુચવા દેતા નથી. મારે વળી કર્મની શિરજોરી કાંઈક મોળી પડી લાગે છે, તેથી ધર્મ તરફ દિલ ખેંચાય છે; પણ તેથી કાંઈ જગતના બધા જીવોની એવી સ્થિતિ ન હોય. એમને કર્મ પીડતા હોય એટલે એ બિચારા ધર્મ તરફ ન

ઝૂકે. ઈસ્પિતાલમાં દરદીના ખાટલા તો ઘણા પડ્યા હોય, પણ એમાંથી કોક કોકને કાંઈક આરોગ્ય પ્રાપ્ત થાય, ત્યારે એ કાંઈક આરોગ્ય પામનારો એમ નથી માની લેતો કે બધાને આવું આરોગ્ય મળી ગયું. એ તો એમને રોગમાં પીડાતા જુએ છે તેથી એ એને બિચારા લાગે છે, દ્વેષ કરવા યોગ્ય નહિ.

પહેલી યોગદૃષ્ટિમાં આવેલો અલબત અહિંસાદિ યમની સાધના કરે છે. પરંતુ યોગસાધના માટે શું કરે ? તે બતાવવા કહે છે કે યોગના બીજોનું ગ્રહણ કરે છે. ખેડુત ખેતરમાં બિયારણની વાવણી કરે તે પહેલાં બિયારણ ભેગું કરે છે. પાસે બિયારણનો સંગ્રહ જ ન હોય તો શાનું વાવેતર કરે ? એવું અહીં યોગસાધના પૂર્વે યોગબીજોનો સંગ્રહ ન કર્યો હોય તો યોગનો પાક નિપજાવવાનું વાવેતર શાનું થાય ? એટલા માટે યોગના અભિલાષીને યોગબીજોની આરાધના બહુ ગમે. કહો કે યોગબીજોની આરાધના, યોગીના કુળમાં જે જનમ્યો હોય, અર્થાત્ જે 'કુલયોગી' હોય, તેને જ સૂઝે છે. પૂર્વે કહી આવ્યા તેમ જે 'ગોત્રયોગી' છે, અર્થાત્ ગોત્રમાં માત્ર યોગીનું નામ ચાલે એટલું જ, પરંતુ જેમનામાં યોગીઓને યોગ્ય આચાર કશા જ નથી, એવા ગોત્રયોગીને યોગબીજ સંગ્રહ જેવું કશું કરવાનું જ હોતું નથી. ત્યારે જેમના કુળમાં તેવા આચારો છે, એવા 'કુલયોગી'માં યોગબીજોનો સંગ્રહ કરવાનું હોય છે. એ પછી યોગસાધના કરવા માંડે ત્યારે 'પ્રવૃત્તચક્ર' યોગી ગણાય છે; અને યોગ સિદ્ધ થાય ત્યારે 'નિષ્પન્ન યોગી' બને છે.

**તો કુલયોગી યોગબીજોનું ગ્રહણ કરે,** અંતઃકરણના ભાવથી બીજગ્રહણ કરે, એ યોગબીજની સાધનામાં મનનો અંતઃપ્રવેશ થાય એ રીતે કરે. સાધનામાં મનનો અંતઃપ્રવેશ એટલે મન બસ સાધનામાં ને સાધનામાં; મનમાં બસ સાધના જ સાધના. મનના કોઈ ખૂણામાં સાધના સિવાય કશું નહિ. એવું કરણ એવી સાધના એ તત્ત્વકરણ કહેવાય. દા.ત. પહેલા યોગબીજ તરીકે હવે કહેશે 'જિનેષુ કુશલં ચિત્તં' જિનેન્દ્ર ભગવાન વિષે પોતાના ચિત્તથી કુશળ ચિંતન; તો મનમાં આ ચિંતન જ ચાલે. એ ચાલતી વખતે વચમાં વચમાં બીજા કશાનું ચિંતન નહિ, એવું જિનેન્દ્ર ભગવાનનું સ્થિર અખંડ ચિંતન એ તત્ત્વકરણ કહેવાય એ યોગબીજ ક્યાં ક્યાં ? એમાં પહેલા યોગબીજ માટે ૨૩મી ગાથા છે :-

**जिनेषु कुशलं चितं, तन्नमस्कार एव च ।**
**प्रणामादि च संशुद्धं - योगबिजमनुत्तमम् ॥२३॥**

અર્થાત્ જિનેન્દ્ર ભગવાન અંગેનું કુશળ ચિંતન. એમ એમને જ સ્તુતિ નમસ્કાર, તથા એમને જ પ્રણામાદિ, એ બધું ય વળી સંશુદ્ધ, એ માનસિક



વાચિક-કાયિક ત્રિવિધ જિનોપાસના એ શ્રેષ્ઠ યોગબીજ છે.

શાસ્ત્રકાર યોગબીજોને રજૂ કરતાં કહે છે કે 'જિનેષુ...ગાથા,' 'જિનેષુ એટલે ભગવાન અરિહંતો' વિષે. (૧) 'કુશળ ચિત્ત' એટલે દ્વેષાદિના અભાવથી પ્રીતિ આદિવાળું ચિત્તઆનાથી મનોયોગનો વ્યાપાર સૂચવે છે. (૨) 'તન્નમસ્કાર એવ ચ' એટલે જિન નમસ્કાર જ, પણ તેવા પ્રકારના મનોયોગથી પ્રેરિત. આનાથી વાગ્યોગનો વ્યાપાર કહ્યો. (૩) 'પ્રણામાદિ ચ' એટલે પંચાગ પ્રણિપાત આદિસ્વરૂપ પ્રણામ આદિ આમાં 'આદિ' શબ્દથી માંડલું (પટ્ટ) પૂજન વગેરે લેવું. એ કાયયોગ વ્યાપાર છે. 'સંશુદ્ધ' એ શબ્દ અ-સંશુદ્ધના નિષેધ માટે છે; કેમકે સામાન્યથી પ્રણામાદિ તો અશુદ્ધ આશયવાળો ય હોય અને તે તો પુદ્‌ગલાનંદી જીવને હોય છે, ને તેમાં યોગબીજપણું ઘટતું નથી. આ માનસિક-વાચિક-કાયિક બધા વ્યાપાર સમસ્તપણે અને પ્રત્યેકપણે યોગબીજ છે, અર્થાત્ મોક્ષ સાથે જોડી આપનાર અનુષ્ઠાનનાં કારણ છે. તે 'અનુત્તમ' છે એટલે કે જેનાથી બીજું કોઈ બીજ ઉત્તમ નથી એવું સર્વ બીજોમાં પ્રધાનબીજ છે, કેમકે એમાં ઉપાસના કરતાં ઉપાસ્ય વિષયની પ્રધાનતા છે; અને ઉપાસ્ય વિષય તરીકે જિનેન્દ્રદેવ હોવાથી એ સર્વોત્તમ છે.

અહીં પહેલા યોગબીજ તરીકે જિનેન્દ્રદેવની ઉપાસનાને લઈ એનું વર્ણન કરવું છે. આ ઉપાસના કરો એ યોગબીજનું ગ્રહણ થયું. જિનેશ્વર ભગવાનની મન-વચન-કાયાથી ઉપાસના કરવાની. મનથી પ્રભુનું કુશળ ચિંતન, વચનથી પ્રભુને નમસ્કાર-સ્તુતિ આદિરૂપી વાચિક ઉપાસના, અને કાયાથી પ્રણામ આદિ, એ ત્રિવિધ સંવિશુદ્ધ ઉપાસના, અરિહંત પરમાત્માની કરતો રહે, એ યોગબીજ ગ્રહણ કરે છે એમ કહેવાય.

યોગબીજ તરીકે અહીં આ પાંચ યોગબીજોનું વર્ણન કરવાના છે,

(૧) **જિનભક્તિ-જિનોપાસના,** (૨) **આચાર્યાદિ-વૈયાવચ્ચ,** (૩) **સહજ ભવોદ્વેગ,** (૪) **દ્રવ્ય અભિગ્રહો અને** (૫) **શાસ્ત્ર-ઉપાસના.**

આ પાંચેય યોગની પ્રાપ્તિના સચોટ કારણો છે, તેથી આ પાંચને યોગબીજ કહેવાય છે. બીજ એટલે કારણ તેથી મોક્ષસાધક યોગો જીવનમાં લાવવા હોય એણે આ યોગબીજોની અવશ્ય આરાધના કરવી જોઈએ.

**યોગ શું ચીજ છે ?**

**'મોક્ષેણ યોજનાદ્ યોગ :'**

મોક્ષ સાથે યોજી આપે તેને યોગ કહેવાય. 'યોગબિંદુ' શાસ્ત્રમાં પાંચ પ્રકારના યોગ બતાવ્યા છે, **'अध्यात्मं, भावना, ध्यानं, समता, वृत्ति-संक्षयः ।'**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

૧. અધ્યાત્મ, ૨. ભાવના, ૩. ધ્યાન, ૪. સમત્વ, અને ૫. વૃત્તિ-સંક્ષય, આ પાંચ યોગ છે; ને તે ક્રમશઃ પ્રાપ્ત થાય છે. એમાં પહેલાં અધ્યાત્મયોગ પ્રાપ્ત થાય. પછી ભાવનાયોગ આવે, પછી ધ્યાનયોગ, પછી સમત્વયોગ, અને છેલ્લે વૃત્તિસંક્ષયયોગ આવે.

(૧) **'અધ્યાત્મયોગ'** એટલે પરાર્થવૃત્તિવાળા અને મૈત્રી-કરુણાદિ ભાવ-સંપન્ન વ્રતધારીનું જીવ-અજીવાદિ તત્ત્વનું ચિંતન. એ અધ્યાત્મયોગ આવે એટલે વિષય-ચિંતન અટકે.

(૨) **'ભાવનાયોગ'** એટલે વારંવારના એ તત્ત્વચિંતનથી પોતાના મનને-આત્માને ભાવિત કરવો તે; જેમકે કસ્તૂરીનું બારદાન કસ્તૂરીથી ભાવિત થાય છે. એમ તત્ત્વથી ભાવિત થયેલો આત્મા બધુંય જ્ઞેયહેય ઉપાદેય દૃષ્ટિથી મૂલવવાનો તેથી આર્તધ્યાન અટકે.

(૩) **'ધ્યાનયોગ'** એટલે તત્ત્વભાવિત થયેલ આત્માનું ધર્મધ્યાન-શુકલધ્યાન. એનાથી પ્રશસ્ત ધ્યાન લાગે.

(૪) **'સમત્વયોગ'** એટલે ધ્યાનરૂઢ આત્માનો કંકર કે કંચન, કાચ કે રત્ન, જીવન કે મરણ, શત્રુ કે મિત્ર, વગેરે પ્રતિસ્પર્ધી પદાર્થ પર સમભાવ. દા.ત. કંકર પર અરુચિ નહિ, કંચન પર રુચિ નહિ. શત્રુ અળખામણો નહિ, મિત્ર વહાલો નહિ. બંને પ્રત્યે સમદૃષ્ટિ. આનાથી અનાસક્તિ આવે.

(૫) **'વૃત્તિ-સંક્ષય'** એટલે મનોવૃત્તિનો ક્ષય. એમ વચનવૃત્તિ અને કાયવૃત્તિનો ક્ષય. આનાથી કૈવલ્ય અને મોક્ષ આવે.

આ પાંચ યોગ પૈકી પહેલા અધ્યાત્મયોગમાં આવવા માટે એ યોગના બીજોનું ગ્રહણ કરવું પડે, યોગબીજોની સાધના કરવી પડે એથી આત્મા સ્થિર અને ભાવિત થઈ અધ્યાત્મયોગનો પક્ષપાતી અને આરાધક બને. યોગબીજોને 'વ્યવહાર' કહીએ તો યોગ એ 'નિશ્ચય' છે. વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય; કેમકે નિશ્ચયની સાધના સ્થિર મનથી જ કરાય અને મન સ્થિર તો જ બને કે વ્યવહારનું ખૂબ આલંબન રાખ્યું હોય, વ્યવહારની ખૂબ સાધના કરી હોય. યોગબીજોની બહુ સાધનાનો વ્યવહાર કર્યાથી મન સ્થિર બને છે, ને એથી યોગસાધનાની યોગ્યતા ઊભી થાય છે. ઉપા. યશોવિજયજી મહારાજે અમૃતવેલિની સજ્ઝાયમાં કહ્યું કે-

**'ઉચિત વ્યવહાર-આલંબને, સ્થિર કરી મનઃ પરિણામ રે;**
**ભાવીયે શુદ્ધ નય (નિશ્ચય) ભાવના, પાવનાશયતણું ધામ રે.'**

શ્રાવક અને સાધુને યોગ્ય જે આચાર-વ્યવહાર એનું આલંબન કરી, અર્થાત્ એની ખૂબ જ આરાધના કરીને, મનના પરિણામ સ્થિર કરવા. 'સ્થિર' એવા કે



પછી એ ચંચળ થઈ ઇંદ્રિયવિષયોમાં જાય જ નહિ, ભટકે જ નહિ, પણ પવિત્ર આચાર અને પવિત્ર ધ્યેયમાં સ્થિર રહે. એ કરીને પછી શુદ્ધ નય અર્થાત્ નિશ્ચયનયની ભાવના કરવી કે, "આ આચાર પણ અંતિમ સાધ્ય નથી, અંતિમ સાધ્ય તો શુદ્ધ અનંતજ્ઞાનાદિમય મારો આત્મા છે, એ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ થાય ત્યારે આ આચારો છૂટી જવાના છે. એ અંતિમ સાધ્ય મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જ ભૂલી જવાય. છતાં એટલું તો પાકું સમજી રાખું કે, અંતિમ સાધ્યે પહોંચાશે તે આ ધર્મ-આચારોના જ વ્યવહારથી અને પાલનથી જ પહોંચાશે; પણ નહિ કે દુન્યવી પાપાચારોના સેવનથી. માટે ધર્મ-આચારો એવા આદરું કે, મારું મન આમાં જ સ્થિર થઈ જાય." યોગબીજોનું ખૂબ ખૂબ સેવન કરી મનને એવું સ્થિર બનાવવાનું છે કે, જેથી યોગબીજો સિવાયની અતાત્ત્વિક દુન્યવી બાબતો ને ઇંદ્રિય-વિષયોમાં મન દોડે નહિ. એટલે પછી અધ્યાત્મયોગની તત્ત્વચિંતનનો રસ ઊભો થાય. પક્ષપાત ઊભો થાય, લાયકાત ઊભી થાય.

અહીં શાસ્ત્રકાર પહેલા યોગબીજનું વર્ણન કરવા 'જિનેષુ કુશલં ચિત્તં' ગાથા કહે છે. પહેલું યોગબીજ જિનભક્તિ-જિનોપાસના છે, એ મન-વચન-કાયા એમ ત્રણે કરણથી કરવાની છે.

**ત્રિવિધ જિનોપાસના :-**

**(૧) મનથી જિનેશ્વરદેવનું કુશળ ચિંતન,**

**(૨) વચનથી એમને સ્તુતિ, નમસ્કાર,**

**(૩) કાયાથી એમને પ્રણામ પૂજા આદિ.**

આ ત્રણેય સંશુદ્ધ-વિશુદ્ધ આરાધના છે. સંશુદ્ધના ૩ લક્ષણ આગળ કહેશે તે જાળવીને મન-વચન-કાયાથી જિનોપાસના કરવાની; અને તે 'અનુત્તમ' યોગબીજ છે. અનુત્તમ એટલે જેનાથી વધીને ચડિયાતું બીજું કોઈ યોગબીજ નથી. પહેલા નંબરનું યાને શ્રેષ્ઠ યોગબીજ જિનોપાસના છે. બીજા યોગબીજ એનાથી નીચેના છે.

**જિનોપાસના એ શ્રેષ્ઠ યોગબીજ હોવાનું કારણ એ કે**

(૧) પછીના આચાર્યાદિ-વૈયાવચ્ચ વગેરે યોગબીજોને બતાવનાર જિનેશ્વર ભગવાન છે, તેથી યોગબીજોની સાધના કરતા પહેલાં આ અનંત ઉપકારી જિનેશ્વરદેવની કૃતજ્ઞતારૂપે એમની ઉપાસના પહેલી કરવી જોઈએ. કૃતજ્ઞતા વિનાની બધી ય સાધના નિષ્ફળ

(૨) દિનેશ્વરદેવનું આલંબન રાખ્યાથી બીજી બધી સાધનાઓ તેજસ્વી બને છે, માલવાળી બને છે; નહિતર તે વિના તો બધી નિર્માલ્ય બને. એ જિનનું આલંબન લેવા માટે જિનોપાસના પહેલી કરવાની; ને એ સર્વોત્તમ યોગબીજ છે.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

(૩) જિનોપાસના સર્વોત્તમ યોગબીજ હોવાનું એક કારણ એ છે, કે આચાર્યાદિ-વૈયાવચ્ચ વગેરે બીજા યોગબીજોની સાધના કરતાં કરતાં વીતરાગની નિકટ નિકટ થવાનું છે; માટે વીતરાગ જિનની ઉપાસના તો પહેલી કરવી જ જોઈએ. એમની ઉપાસના કરતાં કરતાં વીતરાગ નજર સામે ને નજર સામે રહ્યા કરે, એટલે બીજા યોગબીજોની સાધનામાં વીતરાગની ને વીતરાગતાની નિકટ થવાનું લક્ષ સલામત રહે.

(૪) ચોથું કારણ,- જિન વીતરાગ આપણા ઈષ્ટદેવ છે, ને દરેક ધર્મમાં પોતાના ઈષ્ટદેવને તો પહેલાં યાદ કરાય છે; ઈષ્ટદેવની ઉપાસના પહેલી કરવામાં આવે છે; અને એ શ્રેષ્ઠ ઉપાસના છે; કેમકે ઈષ્ટ દેવાધિદેવના અચિંત્ય પ્રભાવે જ સર્વ સિદ્ધિઓ થાય છે.

આમ જિનોપાસના એ શ્રેષ્ઠ યોગબીજ પુરવાર થાય છે. આ જિનેન્દ્રદેવની ઉપાસના એટલે પૂજાભક્તિ કરવાની, એમાં પૂજા એ શી વસ્તુ છે એના માટે આ જ શાસ્ત્રકારે શ્રી લલિતવિસ્તરા શાસ્ત્રમાં સુંદર વ્યાખ્યા આપી છે. ત્યાં કહ્યું છે.

**'પૂજા, દ્રવ્ય-ભાવ સંકોચઃ ।'**

**પૂજા એટલે દ્રવ્ય-ભાવસંકોચ :-**

પૂજા બે પ્રકારે, (૧) દ્રવ્યસંકોચ અને (૨) ભાવસંકોચ

(૧) દ્રવ્ય-સંકોચમાં બે ચીજ સંકોચવાની આવે. (૧) બાહ્ય દ્રવ્યો, અને (૨) શરીર તથા શરીરના અંગો. ભગવાનની દ્રવ્ય પૂજા માટે

(૧) પોતાના ઉપભોગના દ્રવ્યોમાંથી સંકોચ કરીને પરમાત્માના ચરણે અર્પણ કરવા માટે દૂધ, ચંદન, કેશર, પુષ્પ, ધૂપ, ઘી, વગેરે તેમજ વરખ આભૂષણ વગેરે દ્રવ્યો લવાય. એમ

(૨) પ્રભુની પૂજા માટે પોતાના ગમે તેમ રહેલા ગાત્રને સંકોચીને વિશિષ્ટ મુદ્રા-આસનમાં ગોઠવાય દા.ત.

સૂત્રો સ્તુતિ સ્તવન બોલતાં હાથની અંજલિ યોગમુદ્રાએ જોડે; બે ઢીંચણ જમીન પર સ્થાપે; હાથની કોણી પેટ ઉપર રાખે; ઊભા હોય ત્યારે બે પગ વચ્ચે અંતર આગળમાં ૪ આંગળ અને પાછળમાં તેથી સહેજ ઓછું અંતર રાખે; મોં આંખ માત્ર પ્રભુ તરફ જ, બાકીની ત્રણ દિશામાં લઈ જવાનો ત્યાગ રાખે. આ બધા **કાયિક** સંકોચ.

**વાચિક સંકોચમાં** વચનને સંકોચી સૂત્ર-સ્તુતિ-સ્તવન સિવાયનું બોલવાનું બંધ રાખે.



**મનઃસંકોચમાં** મનને બહારના પદાર્થોમાંથી સંકોચીને માત્ર પ્રભુ-પૂજામાં જ રાખે. એમાંય દ્રવ્યપૂજા પત્યા પછી મનને એમાંથી સંકોચીને માત્ર ભાવ-પૂજામાં જ રાખે. આ બધી દ્રવ્ય-સંકોચરૂપ પૂજા થઈ...

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૯,તા.૧૦-૧૧-૧૯૮૪

## (૪) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

(૨) હવે ભાવ-સંકોચમાં શું શું આવે એ જોઈએ, પરમાત્માની ભાવથી પૂજા યાને ભાવભક્તિ કરવા માટે પોતાના આત્માના ભાવનો સંકોચ કરવાનો છે. આત્માના ભાવ એટલે કે માન-બહુમાન મમતા-લાગણી પ્રેમ-આદર વગેરે. એ જગતના જડચેતન પદાર્થ ઉપર પથરાયેલાં છે. પૈસા, માલ-મિલકત, મકાન-દુકાન, એમ પત્ની-સંતાન સગાં-સ્નેહી-પરિવાર વગેરે પર કેટલો બધો પ્રેમ છે ? એકલો પ્રેમ જ નહિ પણ એના માટે માન છે, લાગણી-મમતા-બહુમાનના ભાવ છે. એ ભાવને એના પરથી સંકોચી લઈને હવે માત્ર પરમાત્મા પર એ માન-બહુમાન-લાગણી-મમતા વગેરેના ભાવ જોડવાના છે. શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિ જેવી પરમાત્મા પર, એવી દુન્યવી વસ્તુ પર નહિ આ ભાવસંકોચ કરાય, એ પરમાત્માની ભાવથી પૂજા છે. મનને મુંઝવણ થાય કે,

**પ્ર.**- દુન્યવી માયા પર અનંતા અનંત કાળથી લાગેલા આ ભાવ એના પરથી ઊઠીને પરમાત્મા પર શી રીતે લાગે ?

**ઉ.**- બંને વચ્ચેનો મોટો ફરક દેખીને દિલના ભાવ ભગવાન પર સહેજે લાગે. બાળક રમતપ્રિય હોય છે, એને ભણવું નથી ગમતું. પરંતુ તોય માબાપના એને શાળામાં જોડવાના પ્રયત્નથી કાળે કરીને એજ બાળકને રખડપટ્ટી અને ભણતર વચ્ચે મોટો ફરક માલુમ પડતાં રમત પરની પ્રીતિ ઊઠાવી લઈને ભણતર પર પ્રીતિ લગાડે છે ને ? એમ અહીં દુન્યવી માયા એક ભવની, ને તે પણ જીવને સ્વસ્થતા ચૂકાવી અસ્વસ્થ બનાવનારી ! ને અંતે ભવમાં ભટકાવનારી છે. ત્યારે, પરમાત્મા ભવોભવના સગા, ને અહીં પણ અસ્વસ્થતા મિટાવી જીવને સ્વસ્થ બનાવનારા, અને પરભવે સદ્ગતિ પમાડનારા છે. આવો મોટો ફરક સમજાય તો સહેજે મોહમાયા પરથી લાગણી-મમતા-માન-બહુમાન વગેરે ભાવ ઊઠીને પરમાત્મા પર લાગી શકે.

એમ દુન્યવી માયા વિશ્વાસઘાતક દેખાયાથી પણ એના પરથી ભાવ ઊઠી જાય. દુકાનનો નોકર વર્ષોથી કામ કરતો દેખાતો હોય, પરંતુ કોઈ અણધારી પળે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

જો દેખાઈ જાય કે 'એ આપણા હરિફ વેપારીમાં ભળી ગયો છે, અને આપણી ખાનગી વાતો અને આપણા ઘરાક એને પહોંચાડી, આપણને એ મોટો ધક્કો પહોંચાડી રહ્યો છે,' તો તરત જ એના પરથી વર્ષોના જમાવેલ લાગણી-મમતા-વિશ્વાસ...વગેરે ભાવ ઊઠી જ જાય છે ને ? બસ, એવું દુન્યવી માયા વિશ્વાસઘાતક તરીકે ઓળખાઈ જાય એમ દેખાઈ જાય કે 'આ માયા આપણી પુણ્યમૂડી ખાઈ રહી છે ! ને એજ પાપના ગંજ આત્મામાં ઠાલવી રહી છે ! જેના પરિણામે દુઃખદ દુર્ગતિઓમાં ભટકવું પડશે,' તો હવે એના પર સદ્ભાવ-બહુમાન-શ્રદ્ધા વગેરે તો હવે અનંતઉપકારી પરમાત્મા પર જ જામી જાય.

ભાવસંકોચ વિના, મન-વચન-કાયા ત્રણે ય પ્રભુભક્તિમાં લગાડ્યા છતાં ભાવપૂજા નહિ. ભાવભક્તિ નહિ. એટલે જ આ ભાવસંકોચ મહત્ત્વનો છે. દ્રવ્યસંકોચમાં મનને સંકોચીને પરમાત્મામાં એકાગ્ર પણ કર્યું, પરંતુ અંતરમાં પ્રભુ પર જો પેલા મમતા-લાગણી-પ્રેમ-શ્રદ્ધાદિના ભાવ લાવ્યા નથી, તો માત્ર દ્રવ્યપૂજા થઈ, ભાવપૂજા નહિ.

આ સામાન્યથી જિનોપાસનાની વિચારણા થઈ. પરમાત્મા શ્રેષ્ઠ હોવાથી અને શ્રેષ્ઠ ઉપકારી હોવાથી અહીં યોગબીજોની આરાધનામાં પહેલા સર્વોત્તમ યોગબીજ તરીકે જિનેન્દ્ર પરમાત્માની મન-વચન-કાયા ત્રિકરણથી કરાતી ભક્તિને લીધી એટલે જ અહીં કહ્યું **"જિનેષુ કુશલં ચિત્તં, તન્નમસ્કાર એવ હિ..."** વગેરે.

આમાં જિનની ત્રિવિધ ઉપાસના લીધી, માનસિક વાચિક, અને કાયિક. એમાં પહેલી માનસિક ઉપાસનામાં જિનેશ્વર ભગવાનને વિષે કુશળ ચિત્ત લગાડવું અર્થાત્ મનથી એ પ્રભુનું કુશળ ચિંતન કરવું, એ કહે છે.

### જિનના કુશળ ચિંતનમાં શું શું આવે ?

(૧) જિન એટલે કે અરિહંતે ૧૮ દોષ કેવા કેવા ટાળ્યા, અને ૧૨ ગુણ કેવા કેવા સિદ્ધ કર્યા, એની વિચારણા એ કુશળ ચિંતન.

(૨) અરિહંત પરમાત્માનું (i) સ્વરૂપ કેવું ?

(ii) એમનું જીવન અને સાધના કેવી કેવી ?

(iii) એમનામાં લોકોત્તરગુણો કેવાં કેવાં ?

(iv) એમના ઉપકાર કેવા કેવા ?

(v) પ્રભુની ૩ અવસ્થા કેવી કેવી ? તેમજ

(vi) પ્રભુનો અચિંત્ય પ્રભાવ-શક્તિ-કરુણા કેવી કેવી ? આની વિચારણા એ કુશળ ચિંતન.



(૩) પ્રભુના ૩૪ અતિશય કેવા કેવા ? ને વાણીના ૩૫ ગુણ કેવા કેવા ?

(૪) અરિહંત પ્રભુનાં સમવસરણની શોભા-વિશેષતા કેવી કેવી ?

(૫) અરિહંત પ્રભુનું વિહારમાં ઐશ્વર્ય કેવું કેવું ?

(૬) અરિહંત પ્રભુ સમવસરણ પર દેશના દઈને હવે મુકામ કરે ત્યાં જે પડાવ પડે એની શોભા કેવી કેવી ?...વગેરે.

આ બધાની બહુમાનભરી વિચારણા કરાય.

(૭) એવી રીતે સ્તવનો-સ્તોત્રો-સ્તુતિઓ વગેરેના ભાવ લઈને ચિંતન કરી શકાય એ 'જિનેષુ કુશલં ચિત્તં' અર્થાત્ જિનેન્દ્ર અરિહંત ભગવાનનું કુશળ ચિંતન કહેવાય.

આ મુદ્દાઓનો બહુ ટૂંકમાં વિચાર કરીએ તો ચિંતવાય કે,

**(૧) ૧૮ દોષત્યાગ પર ચિંતન :-**

અરિહંત પ્રભુએ ચાર ઘાતી કર્મના સર્વ નાશથી કેવા આ ૧૮ દોષ ટાળ્યા છે,-જ્ઞાનાવરણ-દર્શનાવરણ અને અંતરાયકર્મના નાશથી અજ્ઞાન, નિદ્રા તથા ૫ દાનાદિ અંતરાયો... એમ ૭ દોષ; તથા મોહનીય કર્મના નાશથી મિથ્યાત્વ-અવિરતિ-રાગ-દ્વેષ-કામ એ ૫, અને હાસ્યાદિ ૬, એ ૧૧,... એમ કુલ ૭+૧૧=૧૮ દોષ. એમ તો બીજા પણ કેવળજ્ઞાની ભગવંતોએ આ ૧૮ દોષ ટાળ્યા હોય છે, પરંતુ તે બુદ્ધબોધિત બનીને, અરિહંત પ્રભુનું આલંબન લઈને. ત્યારે અરિહંત પ્રભુએ સ્વયંબુદ્ધ બનીને અને અરિહંતનું આલંબન લીધા વિના ૧૮ દોષ ટાળ્યા છે. એ અરિહંત પ્રભુની વિશેષતા છે.

**૧૨ ગુણ પર ચિંતન :-**

અરિહંતના ૧૨ ગુણમાં ૪ મુખ્ય અતિશયો, જ્ઞાનાતિશય, પૂજાતિશય, વચનાતિશય અને અપાયાપગમઅતિશય, તથા ૮ પ્રાતિહાર્ય. એમાં નીચેથી ઉપર ઉપર જોતાં ૧. સિંહાસન, ૨. ચામર, ૩ ભામંડલ, ૪. છત્રત્રય, ૫. અશોકવૃક્ષ, ૬. પુષ્પવૃષ્ટિ, ૭. દિવ્યધ્વનિ, ને ૮. દેવદુંદુભિ એનું ચિંતન કરાય કે 'અહો ! અરિહંત ભગવાન કેવા લોકોત્તમ બાર ગુણે ગુણવંતા છે !'

**(૨) (i) અરિહંતનાં સ્વરૂપ પર ચિંતન :-**

પ્રભુમાં શુદ્ધ પરમાત્મપણું-વીતરાગતા, વિશ્વ પર અનન્ય ઉપકારક્તા, ત્રિભુવનપતિપણું, જગત્ગુરુત્વ... વગેરે ચિંતવવાનું, એ સ્વરૂપ-ચિંતન.

**(ii) અરિહંતનાં જીવન અને સાધના પર ચિંતન :-**

પરમાત્માનું અલૌકિક જીવન સાધના. એમાં ચિંતવવાનું કે પ્રભુ પૂર્વના



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ત્રીજા ભવે અતિ વિશુદ્ધ સમ્યક્ત્વ સાથે વિશ્વના જીવમાત્રને કર્મ અને તજ્જનિત પીડાઓમાંથી છોડાવવાની અને મોક્ષમાર્ગના રસિક બનાવવાની કરુણા ચિંતવવાપૂર્વક ૨૦ સ્થાનકની કેવી અદ્ભુત આરાધના કરે છે. પછી સ્વર્ગે (કોઈક નરકે) જઈ એ આ ભવમાં માતાના ઉદરમાં આવતાં જ, જગતભરના જીવોને શાતા-આનંદનો અનુભવ થાય છે ! ઈંદ્ર દેવલોકમાં બહુ વિનયપૂર્વક શક્રસ્તવથી પ્રભુની સ્તુતિ કરે છે ! ને માતાને ૧૪ મહાસ્વપ્ન આવે છે ! પ્રભુ જનમતાં ત્રણે લોકમાં અજવાળું અને આનંદ પ્રસરી જાય છે ! ૫૬ દિક્કુમારીઓ અને ૬૪ ઈંદ્રો કરોડો દેવો સાથે પ્રભુનો જન્માભિષેક ઊજવે છે ! જનમથી પ્રભુ મહાવિરાગી, અને રાજ્યાદિ પ્રત્યે જળકમળવત્ અનાસક્ત હોય છે. તેમજ ચારિત્ર લઈને ઉત્કૃષ્ટ અહિંસા-સયમ-તપની આરાધના કરે છે. રાતદિવસ લગભગ કાયોત્સર્ગ-ધ્યાનમાં રહે છે ! ઉગ્ર પરીસહ-ઉપસર્ગો સમતાથી સહન કરે છે, સાધનાના અંતે ૪ ઘાતી કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પામી, તીર્થંકર બનીને ધર્મશાસન અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. પોતે હવે કૃતકૃત્ય થયા છતાં જગત પર વિચરતા રહી ધર્મ પ્રસારવાની મહાન કરુણા કરે છે. અંતે આયુષ્ય વગેરે બાકીના ૪ અઘાતી કર્મોનો નાશ કરી મોક્ષ પામે છે.

**(iii) અરિહંત પ્રભુના લોકોત્તર ગુણો પર ચિંતન :-**

અહો કેવો પ્રભુનો મહાવૈરાગ્ય ! કેવુંક ઉચ્ચ સમ્યક્ત્વ ! કેવા લોકોત્તર મૈત્રી-કરુણાદિ ! કેવી અદ્ભુત ગંભીરતા, પરાર્થવ્યસનિતા અને ઉદારતા ! પ્રભુમાં કેવીક શુદ્ધ કર્મક્ષયાર્થિતા, સહિષ્ણુતા, સ્થિતપ્રજ્ઞતા, સાધના-નિષ્ફળતા !... વગેરે વગેરે અસાધારણ ગુણો ચિંતવાય દા.ત.

મહાવીર ભગવાનનો જનમથી મહાવૈરાગ્ય દેખીને પિતા સિદ્ધાર્થ રાજાને મુંઝવણ હતી કે 'આમની આગળ લગ્નની વાત કેમ મૂકવી ?' પ્રભુની ગંભીરતા એવી કે જનમથી અવધિજ્ઞાની એટલે બીજાઓના છૂપા દોષ દેખવા છતાં પોતાના મનમાં કે મુખ પર એના પ્રત્યે સૂગ ન આવવા દે ! તેમ માતાપિતા નિશાળે ભણવા લઈ જાય છતાં વિરોધ નહિ ! ત્યારે મહાવીર પ્રભુનો સાધનામાં નિશ્ચળતાનો ગુણ કેવો, કે સંગમ દેવતાએ એક રાતમાં ઘોરાતિઘોર ૨૦ ઉપસર્ગ કર્યા, એમાં માથે ભારેખમ કાળચક્ર પછાડ્યું ! ત્યાં ધરણી ધ્રુજી ઊઠી, પણ પ્રભુ અડોલ હતા ! વળી સંગમદેવતા છ મહિના સુધી ભયંકર ઉપદ્રવો કરતો પૂંઠે પડ્યો ! પરંતુ પ્રભુ અલૌકિક સહિષ્ણુતા રાખી પોતાની સાધનામાંથી ડગ્યા નહિ ! અંતે સંગમ હારી થાકીને જાય છે, ત્યારે પ્રભુનો કરુણાગુણ કેવો કે, પ્રભુએ સંગમની ભાવિ દુર્દશા વિચારી એના પરની દયાથી એમનું હૃદય દ્રવી ઊઠ્યું ! ને આંખ



આંસુથી ભીની થઈ ગઈ ! 'અરે ! **આ બિચારો જીવ મારું નિમિત્ત પામીને કેવાંક જાલિમ કર્મ બાંધી ગયો ! અરેરેરે ! એનું ભવિષ્યમાં શું થશે ?** નરકાદિના કેવા ભયંકર દુઃખ પામશે !' છે આમાં પોતાને વેઠવા પડેલા જાલિમ કષ્ટનો વિચાર કે, 'હાય ! મારે કેટલું બધું સહવું પડ્યું ?'ના, પોતાને તો જાણે કશું દુઃખદ બન્યું જ નથી એવી સંગમના ભાવિ દુઃખ પર ચિંતા ! એક પ્રશ્ન,

**દયાનો વિચાર સામાના જુલ્મ વખતે કેમ નહિ ? :-**

**પ્ર.-** પ્રભુએ 'પોતાના નિમિત્તે સંગમ દેવતા બિચારો કર્મ બાંધી ગયો' એવો દયાનો વિચાર ઉપસર્ગો પત્યા પછી કર્યો. એના કરતાં પહેલાં જ કેમ વિચાર કરીને એને પાપથી બચાવી ન લીધો ?

**ઉ.-** એ એટલા માટે, કે પહેલા પ્રભુની ઉપસર્ગસહનની અને કષાય-ઉપશમની સાધના ચાલતી હતી. એ ભયંકર કષ્ટમય સાધનામાં જાત પર કઠોર દિલ રાખવું પડે, ત્યારે સામા પર દયા ચિંતવવી હોય તો દિલને અતિ કોમળ બનાવવું પડે.

**કરુણા ચિંતવવા મનમાં સામા જીવ પ્રત્યે કૂણાશ જોઈએ.**

કષાય-નિગ્રહ વખતે એ કૂણાશ કેમ બને ? વળી પ્રભુને સહન કરવાનું આવી પડ્યે સહિષ્ણુતા ગુણ એવો હોય છે, કે ત્યાં સહર્ષ સહન કરી લઈ સમભાવમાં જ રહેવાની લગન; પોતાની ચિત્ત-સમાધિ જાળવવાની જ તત્પરતા; એટલે ત્યાં 'સામો શું કરે છે ? શાનો જુલ્મ કરે છે ?' એવો પરનો કશો વિચાર કરવાની જરૂર જ નહિ; તેથી ઉપસર્ગ-સહનની સાધનાના કાળમાં પોતાના આત્માનો વિચાર હોવાથી સામાની પરિસ્થિતિનો વિચાર ક્યાંથી કરે ? **આરાધક આત્માને દુઃખ વખતે પોતાના આત્માને સમભાવમાં રાખવાનો જ વિચાર હોય, પણ દુઃખદાતા પરનો વિચાર નહિ.**

બીજી વાત એ છે, કે સંગમને પાપથી બચાવવાનું પ્રભુથી શક્ય નહોતું; કેમકે એ જીવદળ જ ભયંકર પાપ-પરિણતિવાળું હતું.

ત્યારે, પ્રભુનો મૈત્રી-વાત્સલ્ય અને પરાર્થ-વ્યસનિતા ગુણ કેવો, કે ગોવાળિયો પ્રભુના કાનમાં ખીલા ઠોકવા આવ્યો ત્યારે, પોતાનું માથું સજ્જડ સ્થિર રાખી ખીલો ઠોકાવામાં એને સહાયતા કરી ! પૂછો.

**પ્ર.-** પ્રભુ આગળ જઈને કેવળજ્ઞાન પછી આરાધનામાં લાગેલા જગતને શિખવાડવાના છે, કે

**(૧) ઘોર કષ્ટમય સાધનાની એક ચાવી : શ્રદ્ધાબળ :- "जाए सद्धाए निक्खन्तो तमेवाणुपालिज्जा ।"**

અર્થાત્ "જે શ્રદ્ધા વૈરાગ્યાદિથી ચારિત્ર લીધું છે, તે શ્રદ્ધા વૈરાગ્યાદિનું



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

પછીથી બરાબર જતન કરજે,'' તો પછી આવું જગતને શિખવાડતા પહેલાં પોતાના જીવનમાં તો એને ઉતારે જ ને ? એટલા માટે તો 'નમુત્થુણં'માં 'ધમ્મનાયગાણં' પદથી પ્રભુની સ્તુતિ કરી ત્યાં એનો અર્થ આ કર્યો, કે 'પ્રભુ પહેલાં પોતાના જીવનમાં ધર્મ ઊતારીને પછી લોકને ધર્મમાં દોરનારા હોય છે. માટે જ ધર્મના એ સાચા નાયક છે.' 'ગુરુ ઘરબારી ને ચેલા બ્રહ્મચારી'નો ઘાટ અહીં વીતરાગમાં કે વીતરાગના શાસનમાં નહિ. એટલે પ્રભુની નજર સામે 'જાએ સદ્ધાએ...'નું સૂત્ર રમતું હોય એટલે ચારિત્ર-ગ્રહણના કાળે જે જ્વલંત શ્રદ્ધા-વૈરાગ્ય હોય એને ચારિત્રપાલનના કાળે અકબંધ સાચવી જ લેવાનો હોય, પછી ચારિત્રની સાધના કરતાં કરતાં ઘોર ઉપસર્ગ આવે તોય શું ? ને તપ તપે તોય શું ? સાધનાને એ અખંડ જાળવે એ સહજ છે. એટલે જ પરીષહ-ઉપસર્ગની સતત ધારામાં ક્યારેય દીનતાથી એ વિચાર જ નહિ, કે ''અરે ! આ કષ્ટ હજી ક્યાં સુધી ચાલશે !''

**(૨) કષ્ટમય સાધનાની બીજી આવી : વીતરાગતાનું લક્ષ :-**

ઘોર કષ્ટ સહવા પાછળ વળી આ એક બીજી ચાવી છે, આ રહસ્ય છે, કે સંયમ-તપની બધીય સાધનામાં વીતરાગ થવાનું લક્ષ્ય છે. એ વીતરાગતા રાગને તોડતા જવાથી જ ઊભી થાય. એટલે ઘોર કાયકષ્ટ વખતે આ પાકું લક્ષ છે કે, 'રખે આમાં કાયા પર લેશ પણ રાગ-મમતા ન થઈ જાય ! તેમ કષ્ટ પર દ્વેષ ન થઈ જાય ! નહિતર વીતરાગતાના માર્ગે આગળ નહિ વધાય.'

આ બધું 'જિનેષુ કુશલં ચિત્તં'માં વિચારવાનું છે. ત્યારે પ્રભુનો 'શુદ્ધ કર્મક્ષયાર્થિતાનો લોકોત્તરગુણ કેટલો બધો ઉચ્ચ કોટિનો, કે આર્યદેશમાં વિચરતાં પ્રભુને લાગ્યું, કે અહીં એટલા બધા ભારે કષ્ટ આવતા નથી, તો મારે ભારે કર્મનો ક્ષય શી રીતે થશે ?

**ભારે કર્મ ભારે કષ્ટ સહ્યાથી જાય.**

તેથી પ્રભુ અનાર્યદેશમાં વિચરવા ગયા ! ને ત્યાં છ મહિના સુધી ભયંકર ત્રાસ સહન કર્યા ! અનાડી લોકો અપમાન કરે, તિરસ્કાર કરે, લાકડી મારે, ઢેફા મારે, પ્રભુ પર શિકારી કૂતરા છોડે ! એક વાર તો પ્રભુને ફાંસીના માંચડેચ ચડાવી દીધેલા ! અહીં એક પ્રશ્ન-

**પ્ર.**- એ અનાડી લોકોએ પ્રભુની આશાતના કરી ઘોર કર્મ બાંધ્યા હશે જ. તો પ્રભુએ શા માટે એ દેશમાં જઈ પેલાઓને કર્મ બાંધવાનું નિમિત્ત આપ્યું ? પ્રભુ તો કરુણાના સાગર હતા, તો આમાં પ્રભુને અનાડીઓની દયા ન આવી કે હું ત્યાં જઈશ તો એ લોકો ત્રાસ આપી બિચારા કર્મ બાંધશે ?



ઉ.- અનાડી કોને કહેવાય ? જે જાલિમ પાપપરિણતિ, મોહપરિણતિ અને અજ્ઞાનતાવાળા હોય. એવા જીવો પોતાની એ પાપપરિણતિથી જ પાપકર્મ બાંધે છે. જો પોતાની જ તેવી પાપપરિણતિ આદિને લઈને પાપ બાંધે છે, તો તેથી એમ ન કહેવાય કે પ્રભુએ એમને પાપકર્મ બંધાવ્યા. ત્યારે બીજી બાજુ પ્રભુને તીવ્ર કર્મક્ષયની પોતાની સાધના કરવી છે, એ વખતે કષ્ટદાતા પરની સામે ન જોવાય કે હું તો કષ્ટ વેઠી લઉં, પરંતુ એ બિચારો ડૂબી જશે !

**આત્માર્થીપણું આ, કે કષ્ટ આવે તે વેઠી લેવાના. ભાગેડું નહિ થવાનું, તેમજ કષ્ટ સ્વતઃ ઊભા કરીને પણ વેઠતા જવાનું.**

પરીસહ-ઉપસર્ગમાં કષ્ટ આવી પડે છે. ત્યાગ-તપસ્યા વગેરેથી જાતે કષ્ટ ઊભા કરાય છે. મહાવીર પ્રભુ એ કરતા. ચંડકોશિક નાગના આંગણે બીજાઓએ ના પાડવા છતાં, પ્રભુ જાતે સમજીને જ ગયા, અને નાગે પગે બચકાં ભર્યા તે સ્વેચ્છાથી સહ્યાં ! ઝેરની પીડાય સહી હશે.

**ત્યાં વીર પ્રભુનો કરુણાગુણ કેવો !** કે પોતાને મારી નાખવા ઇચ્છનાર એ નાગને કરુણાથી કહે છે 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા !' અહીં સાપ હવે ડાહ્યો થઈ ગયો, સમતામાં આવી ગયો, તો હવે લોકો તરફથી એને ઉપદ્રવ ન આવે એ માટે પ્રભુ કરુણાથી ત્યાં જ પંદર દિવસ સુધી, સાપ કીડીઓથી ચવાતો જીવ્યો ત્યાં સુધી,-કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા !

આ બધી જિનેન્દ્ર પ્રભુના લોકોત્તર ગુણોના ચિંતનની વાત થઈ. એમ,

**પ્રભુના ઉપકારોનું ચિંતન :-**

(૪) પ્રભુના ઉપકારોનું ચિંતન આ રીતે કરવાનું કે,

(i) 'પ્રભો ! આપે મોહ અને અજ્ઞાનના ઘોર અંધકારમાં ડુબી ગયેલા જગતને જીવ-અજીવ વગેરે, જ્ઞેય-હેય-ઉપાદેય તત્ત્વોનો કેટલો ભવ્ય બોધ-પ્રકાશ આપ્યો ! વળી

(ii) ઉન્માર્ગે આથડતા જગતને સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રનો કેવો શુદ્ધ અને સચોટ મોક્ષમાર્ગ આપ્યો ! કેવો જ્ઞાનાચારાદિ પંચાચારનો, અધ્યાત્માદિ પાંચ યોગનો, મિત્રા-તારા આદિ ૮ યોગદષ્ટિનો, માર્ગાનુસારી ગુણોનો, શ્રાવકધર્મની યોગ્યતાના ૨૧ ગુણોનો, ચારિત્રની યોગ્યતાના ૧૬ ગુણોનો,...વગેરે વગેરે સન્માર્ગ આપ્યો ! વળી,

(iii) પ્રભુ આપે સ્યાદ્વાદ, નયવાદ, ભેદાભેદવાદ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તા...વગેરેના કેવા ભવ્ય સિદ્ધાન્ત આપ્યા !

**અરિહંતનો આલંબન-દાનનો અનન્ય ઉપકાર :-**

(iv) ત્યારે પ્રભુ ! આપ આરાધક જીવોને જે આલંબન બનવાનો ઉપકાર કરો છો તે તો કોઈ અનન્ય અને અવર્ણનીય ઉપકાર છે.'

આ આલંબન-દાનનો ઉપકાર ખાસ અને ખૂબ વિચારવા જેવો છે. અરિહંત પ્રભુનાં જે દર્શન-પૂજન-સત્કાર-સન્માન-સ્તુતિ ગુણગાન, સ્મરણ-જાપ-ધ્યાન-વંદના-પ્રાર્થના-પ્રશંસા-આજ્ઞાપાલન વગેરે કરીએ, એ અરિહંતના જ કરીએ તો જ લોકોત્તર ફળ મળે. એટલે દર્શન-પૂજન...વગેરે વગેરે કરવાનો પુરુષાર્થ તો આપણે જાતે કરીએ, પરંતુ એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે, એમાં ઉપકાર-પ્રભાવ પ્રભુનો છે, કેમકે પ્રભુ અરિહંત એ દર્શનાદિ સત્ ક્રિયામાં વિષય બને છે, અર્થાત્ પ્રભુ અરિહંત તરીકે એમાં આલંબન આપે છે તો જ એ દર્શનાદિનાં અલૌકિક ફળ નીપજે છે. જો પ્રભુ અરિહંત ન બન્યા હોત, ને દર્શનાદિ માટે આપણને ન મળ્યા હોત, તો આપણે અરિહંતનાં દર્શન, અરિહંતના પૂજન, વગેરે બધું અરિહંતનું ક્યાંથી કરી શકવાના હતા ?

**દર્શનાદિ બધી આરાધનાઓમાં અરિહંત કેન્દ્રમાં છે તો જ એ બધી દર્શન આદિ આરાધનાઓના અલૌકિક ફળ મળે છે.**

કેન્દ્રમાંથી અરિહંતને ઉઠાવી લો અને કોઈ રાજા, મહારાજા, કોઈ દેવતા, કે કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ-ગુરુને સ્થાપી, એ દર્શનાદિ બધું કરો, તો ભલે તુચ્છ લૌકિક ફળ મળે, પણ કાંઈ એનાથી પેલા જેવાં અલૌકિક ફળ ન મળે. દર્શન અરિહંતનું કરો, તો છમાસી ઉપવાસનું ફળ છે, એ શું કોઈ સમ્રાટનાં યા દેવના કે ઇતર કલ્પિત ભગવાનનાં દર્શનથી મળે ખરું ? લાખ રૂપિયાનો મુગટ આદીશ્વરદાદાને ચડાવો, તો જે અદ્‌ભુત ફળ મળે, એ શું કોઈ સમ્રાટને કે કોઈ ઇતર દેવ-મૂર્તિને મુગટ પહેરાવવાથી મળે ? હરગીજ નહિ.

એમ સ્મરણ, ધ્યાન, ક્રિયા તો એકસરખી, પરંતુ જો એ અરિહંત દેવના સ્મરણની કે ધ્યાનની ક્રિયા હોય, તો એનું અનુપમ ફળ ! અને અન્ય દેવી-દેવતાના હોય તો મામુલી ફળ મળે. એમ ગુણગાન દેવી દેવતાના કરો તો, એનાં માત્ર આ જનમમાં ફાસફુસિયાં ફળ, પણ ગુણગાન વીતરાગ અરિહંત દેવના ગાઓ, આ લોક પરલોકમાં ગજબનાં ફળ ! કહ્યું ને ?-

**"ગગનતણું જિમ નહિ માનં, તિમ અનંતગુણ જિનગુણગાનં"**

**આરાધનાની ક્રિયા કરતાં આરાધ્ય વિષયનું મહત્ત્વ :-**

આ બધું જોતાં સમજાય છે કે, દર્શન-વંદન-પૂજન-પ્રાર્થના-ગુણગાન, સ્મરણ-ધ્યાન વગેરે ક્રિયામાં મહત્ત્વ ક્રિયા કરતાં એનાં વિષયનું યાને આલંબનનું છે.



દર્શન-વંદન આદિનો વિષય અરિહંત છે, માટે એ દર્શનાદિનું ઊંચું ફળ; જે એજ દર્શન-વંદનાદિ ક્રિયા બીજા મિથ્યાત્વી દેવી દેવની કરો તો એવું ફળ નહિ. ઊંચા સ્વર્ગ અને મોક્ષ સુધીનાં ફળ નીપજે છે તે પૂજન-સ્તવન-ધ્યાન આદિ વીતરાગ અરિહંત પ્રભુના કરો તો જ મળે છે. એ સૂચવે છે કે, એક માત્ર અરિહંતનો એવો કોઈ અચિંત્ય પ્રભાવ છે કે એમને ભજીએ તો અનુપમ ફળ મળે છે. એમનું જ આલંબન લઈ કરાતા દર્શનાદિનું અનુપમ ફળ છે.

આ રીતે જિનેન્દ્ર ભગવાનના ઉપકારોનું ચિંતન પણ 'જિનેષુ કુશલં ચિત્તં' છે.

**(૫) જિનેન્દ્ર દેવની ત્રણ અવસ્થાનું ચિંતન**

જિનેષુ કુશલં ચિત્તં કરવાનો વળી એક પ્રકાર જિનેન્દ્ર ભગવાનની ત્રણ અવસ્થાનું ચિંતન કરવાનો છે. દેવવંદન ભાષ્યમાં મંદિરમાં સાચવવાના નિસિહિ વગેરે ૧૦ ત્રિકમાં પાંચમું ત્રિક છે, 'અવસ્થા-ચિંતન.' પ્રભુની દ્રવ્ય-પૂજા કરી ગભારાની બહાર આવી પ્રભુની સામે બાજુમાં ઊભા રહી પ્રભુની આ ત્રણ અવસ્થાનું ચિંતન કરવાનું છે,

**(૧) પિંડસ્થ અવસ્થા,**

**(૨) પદસ્થ અવસ્થા, અને**

**(૩) રૂપાતીત અવસ્થા.**

એમાંય પિંડસ્થ અવસ્થા ત્રણ પ્રકારે છે, પિંડસ્થ એટલે પ્રભુના પિંડમાં યાને કાયામાં રહેલી અવસ્થા, તે ત્રણ પ્રકારની,

જન્મ-અવસ્થા, રાજ્ય-અવસ્થા, અને શ્રમણ-અવસ્થા,

**જન્મ અવસ્થામાં** આ ચિંતવીએ કે, "પ્રભુ ! તમે પૂર્વના ત્રીજા ભવે સમ્યક્ત્વ, વીસ સ્થાનક અને સર્વજીવ કરુણાની કેવી અદ્‌ભુત અને નિર્મળ સાધના કરીને તીર્થંકર નામકર્મ આદિ ઉત્કૃષ્ટ પુણ્ય-સમુહ કમાઈ આવ્યા ! કે અહીં માતાના ઉદરમાં આવતાં વિશ્વના જીવોને શાતાનો અનુભવ થાય ! વળી ઇન્દ્રનું સિંહાસન ડોલે ! જનમતાં ૫૬ દિક્કુમારીઓ અને ૬૪ ઇન્દ્રો ઉત્સવ ઊજવે ! મેરું-શિખર પર જન્માભિષેક ક્રોડો દેવતાઓ નાચી નાચીને કરે ! આવા મહાસન્માન છતાં પ્રભુ આપને લેશ પણ અભિમાન ન થાય ! કેવીક અલૌકિક આપની આત્મજાગૃતિ !

"આપની **રાજ્યાવસ્થા** કેવીક અદ્‌ભુત કે જ્યાં લોકોનું કલ્યાણ થાય ! વળી એટલા ઉચ્ચ વૈભવો અને વિષયોમાં પણ પ્રભુ ! આપને લેશ પણ આસક્તિ નહિ ! જલ-કમળવત્ આપનો આત્મા નિર્લેપ ! કેટલો બધો ઊંચો આપનો વૈરાગ્ય ! ભવનિર્વેદ !

"ત્યારે પ્રભુ ! આપની **શ્રમણ-અવસ્થા** તો એટલી બધી લોકોત્તર

કોટીની ! કે એવી અવસ્થા બનાવવાનું બીજાનું ગજું નહિ. પહેલું તો આપ શ્રમણ-અવસ્થામાં પ્રવેશ કરો તે પૂર્વે ૧૨ મહિના સુધી રોજ ૧ ક્રોડ ૮ લાખ સોનૈયા જેટલું દાન દઈને પ્રવેશ કરો છો ! આપના દીક્ષાના વરઘોડામાં ઇન્દ્રો અને દેવતાઓ સામેલ ! દીક્ષા લેતાં 'કરેમિ સામાઈઅં સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ''ની પ્રતિજ્ઞા કરતી વખતે મોહ અને કષાયોને તથા હિંસાદિ પાપોને એવો પડકાર ફેંકો છો કે, પછીથી ઘોર ઉપસર્ગોમાં પણ એ મોહાદિની ઊઠવાની મજાલ નહિ. એટલી ઉપસર્ગ-પરીસહોની ફોજ ઊતરી પડે તે વખતે પણ આપના ચિત્તમાં લેશ પણ ખેદનો વિકલ્પ નહિ ! આમેય સંયમનો ઉપયોગ વર્ષો સુધી ચોવીસે કલાક માટે જાગતો ! તેમાંય ઘોર તપસ્યા ચાલુ, અને શું દિવસે કે શું રાત્રે જમીન પર પલાંઠી માંડીને બેસવાની વાત નહિ ! મોટા ભાગે ઊભા ઊભા કાયોત્સર્ગ ધ્યાન જ ચાલુ ! પ્રભુ ! કેવીક આપની બીજા કોઈ ધર્મના ફિરસ્તામાં આ ન જોવા મળે એવી આ કઠોર સાધના ! વળી પરીસહ-ઉપસર્ગોમાં આવી પડેલા કષ્ટોમાં આપની કેવીક સહિષ્ણુતા ! અને નવાં કષ્ટ ઊભા કરી સહન કરવાની વૃત્તિ ! એમાંય 'આ ઠંડી બહુ પડી, કષ્ટ ભારે, ક્યારે આ કષ્ટ પૂરું થશે, સામો માણસ અનાડી મળ્યો'... આવો કોઈ જ વિકલ્પ નહિ, એ દૃષ્ટિએ કેટલી અદ્ભુત નિર્વિકલ્પ દશા ! પ્રભુ ! આપનું બધું જ લોકોત્તર !

આ પિંડસ્થ-અવસ્થાનું ચિંતન થયું...

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''    વર્ષ-૩૩,અંક-૧૦,તા.૧૭-૧૧-૧૯૮૪

## (૫) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

(૨) **'પદસ્થ-અવસ્થામાં'** એટલે તીર્થંકર પદ પ્રાપ્ત કર્યા પછીની અવસ્થા. એમાં પ્રભુનું સમવસરણાદિ ઐશ્વર્ય વિચારવાનું. અનુપમ ઐશ્વર્યમાં વીતરાગતા, નિર્વિકારતા કેવી ! એ ચિંતવવાનું, અને પ્રભુથી કરાતા ઉપકારો, જેવા કે જગતને તત્ત્વપ્રકાશ-દાન, ધર્મશાસન-દાન, મોક્ષમાર્ગ-દાન, આલંબન-દાન, વગેરે ચિંતવવાના; તથા નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી પ્રભુ કેવા કેવા ઉપકાર કરે છે ! એ ચિંતવાય.

(૩) **રૂપાતીત અવસ્થામાં** પ્રભુ નિર્વાણ પામીને રૂપાતીત બન્યા ત્યારે કેવી અનંત જ્ઞાનમય અને અનંત સુખમય, અક્ષય અવ્યાબાધ વગેરે સ્થિતિ પામ્યા ! એ ચિંતવવાનું.



આ બધું ચિંતવતાં મનને એમ થાય કે જો જગત પર અરિહંત જેવું તત્ત્વ ન હોત તો આપણું અને જગતના જીવોનું શું થાત ? સૂક્ષ્મ એકેંદ્રિય સુધીના જીવોનું જ્ઞાન, સૂક્ષ્મ અહિંસાનો ઉપદેશ, નવ તત્ત્વ, કર્મ વિજ્ઞાન, અનેકાંતવાદ-સિદ્ધાન્ત, ઊર્ધ્વ-અધોતિર્ચ્છા લોકની ઓળખ,... વગેરે વગેરે અરિહંત વિના કોણ આપત ?

આમ જિનેષુ કુશલં ચિંતન કરતાં કરતાં એવા મહાન સુસંસ્કાર પડે કે એ સહેલાઈથી યોગમાં લઈ જાય. માટે આ જિનેન્દ્ર ચિંતનને ઉત્તમ યોગબીજ યાને યોગનું કારણ કહ્યું. યોગબીજ સેવો એટલે યોગ આવ્યા વિના રહે નહિ. એટલા જ માટે જિનેન્દ્ર ભગવાનનાં કુશળ ચિંતન કેવી કેવી રીતે કરાય એના વિવિધ પ્રકારો વિચારીએ છીએ.

એટલું ધ્યાનમાં રહે કે આ વિચારણાઓ આનંદ અહોભાવ સાથે ગળગાળા થઈને કરવાની છે, કેમકે એમ જ એ હૃદયસ્પર્શી બને છે, ને આત્મા એમાં તન્મય થાય છે.

### ૩૪. અતિશયો

''જિનેષુ કુશલં ચિત્તં'' જિનેશ્વર અરિહંત ભગવાનનું કુશળ ચિંતન એ શ્રેષ્ઠ યોગબીજ છે, ને એ ચિંતનમાં પૂર્વે કહ્યું તેમ અરિહંત ભગવાનની ત્રણ અવસ્થાઓની જેમ ૩૪ અતિશય પર વિચારણા કરાય. 'અતિશય' એટલે સર્વોત્તમ વિશિષ્ટતાઓ. આ ૩૪ અતિશયો યાદ રાખવા માટે આ વિભાગથી ચિંતવી શકાય, ૪ મૂળ અર્થાત્ જન્મસિદ્ધ અતિશયો; ૧૧ કર્મક્ષયયકૃત અતિશયો; અને ૧૯ દેવકૃતમાં નીચે દર્શાવેલ વિભાગ સ્થૂલ છે; કેમકે એક વિભાગના બીજામાં ય હોય.

### • ૩૪ અતિશય •

**૪ જન્મસિદ્ધ**

૧ અદ્ભુત રૂપ-લાવણ્ય.

૨ અદ્ભુત કાયા : પ્રસ્વેદ નહિ, રોગ નહિ, લોહી સફેદ, માંસ મનોહર,..

૩ શ્વાસ કમળ જેવો સુગંધિત, ૪ આહાર-નિહાર-વિધિ અદૃશ્ય.

**૧૯ દેવકૃત અતિશય**

**૮ સમવસરણના**

| | | |
|---|---|---|
| ૧ સમવસરણ | ૨ અશોક વૃક્ષ | ૩ ચતુર્મુખ દેશના |
| ૪ સિંહાસન | ૫ ચામર | ૬ દેવદુંદુભિ |



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

૭ છત્ર ત્રય ૮ પુષ્પવૃષ્ટિ

**સ્થિરતા પડાવમાં**

૧ સુગંધિત જળવૃષ્ટિ, ૨ અનુકૂળ વાયુ,

૩ ધર્મચક્ર, ૪ કેશ રોમ નખ ન વધે.

**વિહારમાં**

૧ ચાલતાં નવ સુવર્ણ કમળ, ૨ રત્નધ્વજ, ૩ વૃક્ષો નમે, ૪ કાંટા ઊંધા થાય, ૫ ગગને પંખી પ્રદક્ષિણા દે, ૬ સાથે જઘન્યથી ક્રોડ દેવતા, ૭ છ ઋતુ અનુકૂળ.

**૧૧ કર્મક્ષયકૃત**

૧ ભામંડલ, ૨ સમવસરણમાં કોટિગમે દેવો સમાય,

૩ જોજનગામિની વાણી,

૪ દેવ મનુષ્ય તિર્યંચ સૌ સૌની ભાષામાં સમજે એમ ૪+૭ ઉપદ્રવનાશ=૧૧

**૭ ઉપદ્રવનાશ**

૧ પરસ્પર વૈર વિરોધ શાંત, ૨ મારી-મરકી વગેરે ન રહે,

૩ તીડ ઊંદરાદિના ઉપદ્રવ નહિ, ૪ અતિવૃષ્ટિ નહિ,

૫ અનાવૃષ્ટિ નહિ, ૬ દુકાળ નહિ,

૭ સ્વચક્ર-પરચક્રભય (આંતર બળવો કે પરરાજાનું આક્રમણ) નહિ. યાદ રાખવા પૂરતા જ આ સ્થૂલ વિભાગ છે. બાકી તો પ્રભુ સ્થિરતા કરે ત્યાં પણ સમવસરણ પરના અશોક વૃક્ષ વગેરે પ્રાતિહાર્ય હોય, જઘન્યથી ૧ ક્રોડ દેવ રાત દિવસ સેવામાં હોય...વગેરે.

આ ૩૪ અતિશયોમાંના એકેકને માનસિક કલ્પનાથી નજર સામે લાવવાના તથા મનથી હુબહુ જોવાના, અને ત્યાં દિલ ગદ્ગદ કરી, અહોભાવ અનુભવવાનો કે, 'અહો ! અહો ! અરિહંત પ્રભુનો આ કેવો કેવો અદ્ભુત અતિશય !'

આ અતિશયોની અંતર્ગત બીજા પણ અવાંતર અતિશય વિચારાય. દા.ત.

(૧) પ્રભુ ગર્ભમાં આવે ત્યારથી એમને નિર્મળ અવધિજ્ઞાન.

(૨) ગર્ભમાં આવતાં માતાને ૧૪ મહાસ્વપ્ન.

(૩) માતાનું પેટ બીજી ગર્ભવતી સ્ત્રીઓની જેમ ગર્ભથી ઊંચું ન દેખાય.

(૪) પ્રભુને સ્તનપાન નહિ, અંગુઠામાં ઇંદ્રસંચારિત અમૃતનું પાન કરવાનું.

(૫) સૂતિકર્મ દિક્કુમારીકાઓ કરે.

(૬) જન્મથી અનંતબળ (વીર પ્રભુએ ઇંદ્રશંકા નિવારવા પગનો અંગુઠો મેરુને અડાડી લાખ જોજનના ઊંચા મેરું પર્વતને ડોલાવ્યો !)



(૭) પ્રભુનાં પાંચે (ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ) કલ્યાણકો વખતે વિશ્વના સર્વ જીવોને ક્ષણભર શાતાનો અનુભવ થાય, ને નિર્વાણ પ્રસંગ વિના ત્રણે લોકમાં પ્રકાશ પ્રસરી જાય.

(૮) કલ્યાણક વખતે ઇંદ્રના સ્થિર સિંહાસન હાલી કંપી ઊઠે.

(૯) દીક્ષા-ગ્રહણના એક વર્ષ પૂર્વે ૯ લોકાંતિક દેવ ધર્મતીર્થ પ્રવર્તાવવા વિનંતિ કરે. અને ત્યારથી

(૧૦) ચારિત્ર જીવનમાં સૂવાની તો વાત જ નહિ. પણ જમીન પર પલાંઠી માંડીને બેસવાનીય વાત નહિ ! ન દિવસે, ન રાતે !

અરિહંત પ્રભુ દેશના આપે એમાં ૩૫ અતિશય હોય છે, અહીં કેટલાક વિચારીએ દા.ત.

**(૧)** પ્રભુ બોલે એ માલકોશ વગેરે રાગમાં બોલે ! પ્રભુ શું કહી રહ્યા છે એ ન વિચારે તો પણ માત્ર આ સંગીતમય વાણી જ એટલી બધી મીઠી કે કલાકો જ શું, દિવસો અને છ મહિના એકધારું સાંભળતાં એના અસીમ આનંદમાં ન ભૂખ લાગે, ન તરસ લાગે, ન થાક, ન નિદ્રા ! ત્યારે વાણી સાંભળવા સાથે જો એના તત્ત્વ સમજમાં લેવાય, ત્યારે તો કેટલો બધો આનંદ ! એમ,

**(૨)** પ્રભુની વાણી સર્વેને પોતપોતાની ભાષામાં સમજાય, ચાહ્ય એ મનુષ્ય હો, દેવ હો, કે તિર્યંચ હો.

(૩) પ્રભુની વાણી હજારોના સંશય એકી સાથે ફેડે.

(૪) વાણીમાં કોઈ ભાષા દોષ નહિ, બલ્કે ગુણભરી અને અલંકારિક ભાષા હોય... વગેરે વગેરે ૩૫ અતિશયો ભગવાનની દેશનાવાણીમાં હોય. આ ચિંતવતાં મનને થાય કે 'અહો ! અહો ! અરિહંત પરમાત્માનો કેવોક વચનાતિશય ! જે બીજામાં ન મળે. **(૪-૫-૬)** જિનોપાસનામાં એમનું કુશળ ચિંતન, એમના સમવ-સરણ, વિહાર અને મુકામના ઐશ્વર્યનું આપણા મન સામે જાણે હુબહુ બનતું હોય એમ, કરી શકાય. જેમકે,

**(૪) સમવસરણનું ચિંતન કરાય કે,**

જાણે પ્રભુ પધારવાના છે, એ પૂર્વે દેવતા જોજન ઉપરની ભૂમિ સ્વચ્છ કરી સુગંધિત જળવૃષ્ટિ કરે છે, ત્યાં જોજન વિસ્તારનું સમવસરણ માંડે છે, જમીન પરના ઝાડોને કિલામણા ન પહોંચે એ રીતે ઝાડથી ઊંચે આકાશમાં અદ્ધર પહેલો કિલ્લો જોજન લાંબો-પહોળો મોટો ચાંદીનો કિલ્લો ઊભો કરે છે. એમાં પહોંચવા માટે ચારે દિશામાં બહુ ઓછા ચડાવવાળી ૧૦-૧૦ હજાર પગથિયાની કિલ્લાથી નીચે જમીનને અડે એવી ત્રાંસી સીડી મૂકે છે. ચાંદીના કિલ્લાને માથે હરીફરી



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

શકાય એવી સપાટી રચે છે. એ સપાટી પર વચમાં સોનાનો કિલ્લો ઊભો કરે છે, ચાંદીના કિલ્લા પરથી ચડી શકાય એવા ૫-૫ હજાર પગથિયા રચે છે. એ સોનાના કિલ્લા પર પણ સપાટી, અને વચમાં રત્નનો કિલ્લો રચે છે. એમાં ચડવા માટે ૫-૫ હજાર પગથિયા અને એના પર પણ સપાટી, એના પર મધ્યમાં ઊંચું અશોકવૃક્ષ રચે છે. જે જોજનના સમવસરણ આખાને ઢાંકે છે. અશોકવૃક્ષનાં થડની ચારે બાજુ પ્રભુને બેસવા રત્નના સિંહાસન અને નીચે પગ મૂકવા રત્નમય પાદપીઠ રચે છે. **પ્રભુના માથે નીચેથી ઉપર ઉપરનું મોટું એવા ૩ છત્ર અદ્ધર રહે છે.**

ત્યાં ચાંદીના કિલ્લા પર વાહનો મૂકાય છે, સોનાનો કિલ્લા પર શહેરના અને જંગલના પંચેન્દ્રિય તિર્યંચો ગોઠવાઈ જાય છે, અને રત્નનાં કિલ્લા પર સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાની ૪, અને ભવનપતિ-વ્યંતર-જ્યોતિષી અને વૈમાનિકના દેવદેવીઓની ૮, એમ કુલ ૧૨ પર્ષદા ગોઠવાય છે.

હવે એમ ચિંતવવાનું કે, જાણે પ્રભુ પરિવાર સાથે પધાર્યા અને ઇંદ્ર એમને વંદન કરી હાથ જોડી વિનંતી કરે છે, કે 'પ્રભુ ! ધર્મતીર્થ પ્રવર્તાવવા કૃપા કરો. ભગવન્ ! અમને બોધ આપવા અમારા પર અનુગ્રહ કરો.' ત્યાં પછી કલ્પવાનું કે જાણે પ્રભુ સમવસરણ પર ચડીને ઉપરના કિલ્લાના પૂર્વદિશાના દરવાજેથી પ્રવેશ કરે છે, અને પૂર્વ સન્મુખના સિંહાસન પર 'નમો તિત્થસ્સ' કહીને બિરાજમાન થાય છે. બરાબર એજ વખતે બાકીની ત્રણ દિશાના સિંહાસન પર પ્રભુના જેવા આબેહૂબ બિંબ ગોઠવાઈ જાય છે ! તે જીવંત જેવા અને બોલતા દેખાય છે ! એ દરેક પ્રભુને બે બાજુ ચામર વિંજાય છે. એ સમવસરણ પર સુગંધિત નાના પુષ્પોની ઝરમર ઝરમર વૃષ્ટિ થયા કરે છે, અને પ્રભુની સંગીતમય વાણીમાં સૂર પૂરનારી દિવ્યધ્વનિ દેવતાઓની બંસરીમાંથી નીકળે છે. પ્રભુની વાણી શું દેવો, શું મનુષ્યો, કે શું તિર્યંચો ઊંચા કાને ખૂબજ રસ આલ્હાદ અને તન્મયતા સાથે સાંભળે છે ! એમાંય તિર્યંચો વળી પોતાના શિકારભૂત તિર્યંચો સાથે અત્યંત મૈત્રીભાવ-સ્નેહભાવ રાખીને સાંભળે છે ! સમવસરણની આગળ બહુ ઊંચો રત્નમય ધર્મધ્વજ ઊભો રહે છે. આ બધું સમવસરણનું ઐશ્વર્ય મનથી ચિંતવવાનું.

**(૫) અરિહંત પ્રભુનું વિહારનું ઐશ્વર્ય આ રીતે ચિંતવવું કે,**

'જાણે આપણે નજર સામે જોઈ રહ્યા છીએ કે, ભગવાન પરિવાર સાથે વિહાર કરી રહ્યા છે. જેમાં દેવતાઓ પ્રભુના ચરણ મેલી ધરતી પર ન અડવા દેતા, ચરણની નીચે માખણ જેવા મુલાયમ પણ સોનાના નવ કમળ સ્થાપે છે. એમાં બે કમળ પગ નીચે હોય, આગળ પગ મૂકવા બે કમળ તૈયાર હોય, અને પાછળ પગ મૂકેલા પાંચ કમળ હોય. એમાં ખૂબી એ થાય કે, જેમ જેમ પ્રભુ



આગળ ચાલે તેમ તેમ ઠેઠ પાછળના બબ્બે કમળ અદૃશ્ય થતા જાય અને પ્રભુની આગળ બબ્બે કમળ ગોઠવાતા જાય.

વળી પ્રભુનું ઐશ્વર્ય કેવું કે, રસ્તા પરના ઝાડ નમતા જાય ! કાંટા ઊંધા થઈ જાય ! પ્રભુને બે બાજુ ચામર વિંજાતા રહે ! પ્રભુના માથા પર આકાશમાં ત્રણ છત્ર ચાલતા રહે ! એમ ઉપર સિંહાસન ચાલતું રહે ! આકાશમાં પંખેરા પ્રભુને ઘુમરી દેતા રહે ! પ્રભુની પાછળ સાધુઓ, શ્રાવકો, સાધ્વીઓ, શ્રાવિકાઓ ઉપરાંત જઘન્યથી ક્રોડ દેવતા પ્રભુની સાથે ચાલતા હોય ! એ દેવો શું જેમ કોઈની સ્મશાનયાત્રામાં મૂંગા મૂંગા ડાઘુઓ ચાલે એમ મૂંગા મૂંગા ચાલતા હશે ? ના, કોઈ દેવ સમૂહ ગીત ગાતો, કોઈ વાજિંત્ર બજાવતો, તે પણ અનેક જાતના વાજિંત્ર બજાવતો, કોઈ નૃત્ય કરતો, કોઈ રાસ લેતો, કોઈ પ્રભુની બિરુદાવલિ પોકારતો... એમ પ્રભુની ભક્તિ કરતો કરતો ચાલે છે. પાછું બહુ ઊંચે આકાશમાં દેવદુંદુભિ, નગારા-પીપુડિની જેમ વાગી રહી હોય છે. જેથી **'ધર્મનરેસર આયા ગાજે.'** માઈલો સુધી લોકોને ખબર પડે. કે દુનિયાના સમ્રાટ ચક્રવર્તી કરતાં પણ કોઈ અતિશય મોટા દેવાંશી ધર્મચક્રવર્તી આવી રહ્યા છે ! એટલે લોકોના ટોળેટોળા રસ્તા પર જોવા આવી રહ્યા છે. આ બધું પ્રભુના વિહારનું ઐશ્વર્ય જાણે આપણી સામે બનતું ચિંતવવું.

**(૧) પ્રભુના મુકામ (સ્થિરતા)નું ઐશ્વર્ય :-**

એમ પ્રભુનો જ્યાં પડાવ પડે એનું ઐશ્વર્ય આ રીતે જાણે આપણી સામે આબેહૂબ બનતું ચિંતવવાનું કે, જાણે દેવતાઓ પહેલા પ્રભુના પડાવની ભૂમિ સાફ સ્વચ્છ કરી એના પર સુગંધિત ઝરમર જલવર્ષા કરી દે છે ! ત્યાં પ્રભુને બેસવા પેલું આકાશે ચાલતું સિંહાસન એક ક્ષણમાં નીચે ઊતરી ગોઠવાઈ જાય છે ! એના પર પ્રભુ બિરાજમાન થાય છે. ત્યાં માથે પેલા આકાશમાં ચાલતા ત્રણ છત્ર નીચે આવી પ્રભુનાં મસ્તક પર ગોઠવાઈ જાય છે ! આખી પડાવ-ભૂમિ પર ઊંચે અશોકવૃક્ષ વિસ્તરેલું રહે છે ! જઘન્યથી ક્રોડ દેવતાઓ વિહારની જેમ અહીં પણ અતિ હરખભર્યા ગીત, નૃત્ય, રાસ, વાજિંત્ર બિરુદાવલિ વગેરેથી વાતાવરણને ખુબજ પ્રસન્નતાભર્યું અને આલ્હાદક બનાવી દેતા હોય છે ! ગામડે ગામડેથી હાથી, ઘોડા ઊંટ, ગાડી...વગેરેમાં બેસી અને કેટલાય વળી પગપાળા ચાલતા હજારો લોકો પ્રભુના દર્શનાર્થે આવી રહ્યા છે. એ આ પડાવનું ભવ્ય દૃશ્ય જોઈ ચમત્કાર પામી જઈને પ્રભુનું મુખારવિંદ જોતાં તો પાગલ જેવા થઈ જાય છે ! આવી લોકોત્તર શોભાવાળા પ્રભુને જોઈ અતિ વિસ્મય, ભારે અહોભાવ અને અત્યંત બહુમાન-ગદ્ગદતા સાથે ઝૂકી પડે છે.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

## ૬ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**માતા મરુદેવાના નંદ' સ્તવન પર ચિંતન :-**

**શ્રી આદિનાથ જિન સ્તવન :-** માતા મરુદેવાના નંદ ! દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણંજી, કે મારુ ચિત્ત ચોરાણુંજી.

**કરુણાના આગર, કરુણા સાગર, કાયા કંચન વાન';**
**ધોરી લંછન પાઉલે કાંઈ. ધનુષ પાંચસે માન. માતા૦ ૧**
**ત્રિગડે બેસી ધર્મ કહંતા, સૂણે પર્ષદા બાર;**
**જોજન-ગામિની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા૦ ૨**
**ઉર્વશી રુડી અપસરાને, રામા છે મન રંગ;**
**પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારંભ માતા૦ ૩**
**તુંહિ બ્રહ્મા, તુંહિ વિધાતા. તું જગ તારણહાર;**
**તુજ સરીખો નહિ દેવ જગતમાં, અરવડિયા આધાર. માતા૦ ૪**
**તુંહિ ભ્રાતા તુંહિ ત્રાતા, તુંહિ જગતનો દેવ;**
**સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૫**
**શ્રી સિદ્ધાચલ તિરથ કેરો, રાજા ઋષભજિણંદ;**
**કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવ ભય ફંદ. માતા૦ ૬**

'જિનેષુ કુશલં ચિત્તં (ચિંતન)' જેમ આ રીતે કરાય, એમ સ્તવનો-સ્તોત્રો-સ્તુતિઓના ભાવ લઈને પણ કરાય. દા.ત. 'માતા મરુદેવાના નંદ' સ્તવન છે, એની ૬ ગાથા છે, એ પરથી એની કડીએ કડીના ભાવ સંકલનાબદ્ધ જોડીને આમ ચિંતન થાય,-

(૧) હે મરુદેવા માતાના નંદ ઋષભદેવ પ્રભુ ! તમારી મૂર્તિ જોઈને મારું તો મન લોભાઈ જાય છે; કેમકે તમારી મૂર્તિના રૂપની પાછળ તમારી ૫૦૦ ધનુષની કંચનવર્ણી કાયાનું રૂપ જ અલૌકિક હતું. એનું કારણ પૂર્વભવમાં તમે સર્વ જીવો પ્રત્યે કરુણાની ખાણ, કરુણાના સાગર બન્યા હતા. તેથી તીર્થંકર નામકર્મ અને બીજી ઉત્કૃષ્ટ પુણ્ય-સંપત્તિ દ્વારા અદ્ભુત કાયા મળે એમાં નવાઈ નથી ! પણ પ્રભુ !

(૨) એવી અલૌકિક કાયા મેળવીને આપે કામ કેવું અલૌકિક કર્યું ! ત્રણ ગઢના સમવસરણ પર બેસી જોજનગામિની મીઠી વાણી વરસાવી.



(૩) એના પર મુગ્ધ થઈ રંભા-ઉર્વશી અપ્સરા ઊઠીને પગમાં ઝાંઝરના સાથે નાચવા જ મંડી પડી !

(૪) તે પણ પાછી મૂંગી મૂંગી નાચતી નહિ, કિન્તુ બોલતી-ગાતી જાય છે કે, 'હે પ્રભુ ! તમે જ બ્રહ્મા છો, તમે જ વિધાતા છો, તમે જગતના તારણહાર છો, તમારા જેવો જગતમાં કોઈ દેવ નથી કે જે અરવડિયાનો આધાર હોય.

(૫) પ્રભુ ! તમે જ ભ્રાતા, તમે જ ત્રાતા, તમે જ જગતના સાચા દેવધિદેવ છો. દેવો-મનુષ્ય-ઈંદ્રો-રાજાઓ વગેરે તમારા ચરણની સેવા કરે છે.

(૬) હે સિદ્ધાચળ તીર્થના રાજા ઋષભજિણંદ ! માણેક મુનિ તમારી કીર્તિ ગાય છે, કે 'તમે જ ભવોદ્ધારક પ્રભુ ! અમારા ભવોભવના ફાંદાને ટાળી દો.'

આમ એકેક સ્તવનની કડીઓના ભાવ સંકલનાબદ્ધ જોડીને ચિંતન કરી શકાય.

**"સકલાર્હત્ સ્તોત્ર પરથી ચિંતન"**

એમ સ્તોત્ર તરીકે સકલાર્હત્ સ્તોત્રના એકેક શ્લોકના (ચિત્રરૂપે) ભાવનું અને ગાથા-ગાથાના ભાવ વચ્ચે અનુસંધાનનું ચિંતન કરી શકાય. દા.ત. (ગાથા-૧) હું એ 'અર્હન્ત્ય' અરિહંતપણાનું પ્રણિધાન કરું છું કે, જે સમસ્ત અરિહંતોમાં પ્રતિષ્ઠિત છે, જે મોક્ષ લક્ષ્મીનું સ્થાન છે, અને જે અધો-મધ્ય અને ઊર્ધ્વલોક પર પ્રભુત્વ ધરાવે છે, એને ચિત્રરૂપે જોવા માટે સમવસરણસ્થ અનંતા અરિહંતોમાં અરિહંતપણાની એક પ્રકારની જ્યોતિ-શક્તિ વ્યાપેલી જોવાની. એમાં ઉપરથી મોક્ષ-લક્ષ્મી, જેમ લોહચુંબકથી લોઢું ખેંચાય એમ ખેંચાતી જોવાની; ને એ અરિહંતપણાની જ્યોતિ-શક્તિ ત્રણે લોક પર પ્રભુત્વ ધરનારી અર્થાત્ ત્રણેલોકમાંના સુખનું સંચાલન કરનારી જોવાની. એજ ત્રિલોકના સુખ પર સંચાલક તરીકે વર્ચસ્વ ધરાવે છે.

(ગાથા-૨) એ અરિહંતપણાના આધારભૂત જે અરિહંતોએ નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર નિક્ષેપાથી ત્રિલોકના જીવોને પાવન-પવિત્ર-નિર્મળ કરે છે. સર્વ ક્ષેત્ર સર્વ કાળમાં રહેલા એમની હું ઉપાસના કરું છું.

એમાં નજર સામે ચિત્ર એવું લાવવાનું કે જાણે મોટા અક્ષરે અરિહંત નામ લખેલું છે. એ 'નામ અરિહંત.' એની પાછળ અરિહંતની મોટી આકૃતિ મૂર્તિ છે; એ 'સ્થાપના-અરિહંત.' એની પાછળ 'દ્રવ્ય-અરિહંત' અર્થાત્ કેવળજ્ઞાન પૂર્વેના અથવા મોક્ષ પામેલા અરિહંત છે; એમની પાછળ 'ભાવ-અરિહંત' એટલે કે સમવસસરણ પર, કે તે વિના વિહારમાં ચાલતા, યા મુકામે બિરાજમાન અષ્ટ પ્રાતિહાર્યયુક્ત અરિહંત છે, અને આ ચારેય અરિહંત ત્રણે લોકના લોકોને દર્શન-



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

વંદન-પૂજન જાપ-સ્મરણ-ધ્યાન-આજ્ઞાપાલન...વગેરે દ્વારા પવિત્ર નિર્મળ કરી રહ્યા છે, તે યાવત્...મોક્ષ સુધીની નિર્મળતા કરાવી રહ્યા છે.

હવે આ અરિહંતોમાં આ યુગના ચોવીસ ભગવાનની સ્તુતિ શરૂ થાય છે.

(૧) ત્યાં પ્રથમ જિન ઋષભદેવ ભગવાનને પહેલા રાજા, પહેલા સાધુ અને પહેલા તીર્થંકર તરીકે જોવાના છે. તે આપણી નજર સામે ત્રણ ઊભા કોલમના પહેલા કોલમમાં (i) સૌથી ઉપર સિંહાસન પર ઋષભદેવને રાજા તરીકે જોવાના, એમની નીચે નીચે અસંખ્ય રાજાઓ છે. (ii) બીજા કોલમમાં સૌથી ઊંચે ઋષભદેવ મુનિ તરીકે છે. એમની નીચે નીચે અસંખ્ય મુનિઓ છે. (iii) ત્રીજા કોલમમાં સૌથી ઊંચે સમવસરણ પર ઋષભદેવ પ્રભુ છે. એમની નીચે નીચે ૨૩ તીર્થંકર સમવસરણ પર બિરાજમાન જોવાના. આ ત્રણે કોલમમાં પ્રભુ રાજા-મુનિ-તીર્થંકર તરીકે સૌથી ઉપરમાં દેખાય એટલે સહેજે સમજાય કે પ્રભુ પ્રથમ છે.

(૨) હવે અજિતનાથ ભગવાનની સ્તુતિની કડી જોડવા માટે આ જોવાનું કે એ અરિહંત કેમ બન્યા ? તો કે, એ કેવળજ્ઞાનથી સૂર્ય સમા બન્યા, અને ભવ્ય જીવોરૂપી બિડાયેલા કમળોને વિકસિત કરે છે. પછી આ કેવળજ્ઞાનરૂપી અરિસામાં ત્રણે કાળનું આખું જગત પ્રતિબિંબિત છે એ જોવાનું એટલા જ માટે કે,

(૩) (ત્રીજા ભગવાનની સ્તુતિનું અનુસંધાન આ રીતે કે) કેવળજ્ઞાનમાં લોકાલોક દૃષ્ટ હોવાથી (અરિહંત સંભવનાથ) વિશ્વના ભવ્ય જીવોરૂપી બાગને નવપલ્લવિત કરવાને નીક સમી ધર્મવાણી વહેવડાવે છે. ચિત્ર સ્પષ્ટ છે, પ્રભુની વાણી જાણે નીક સમી ધર્મવાણી વહેવડાવે છે. ચિત્ર સ્પષ્ટ છે, પ્રભુની વાણી જાણે નીક, સામે બેઠેલા ભવ્ય જીવો છોડવા જેવા, ને એમના કાન એ મૂળિયાં જેવા, એમાં જઈને આ વાણી રેડાય છે. તેથી ભવ્ય જીવોના મુખ-હૈયાં વગેરે પ્રફુલ્લિત થઈ ઊઠે છે.

(૪) હવે આ વાણી એટલી બધી વહી, કે એનો મોટો સમુદ્ર થઈ ગયો ! એ સમુદ્ર શાનો ? અનેકાંતમત, અનેકાંત-સિદ્ધાન્તનો. એમાં ભરતી લાવવા માટે હવે અરિહંત ભગવાન (અભિનંદન સ્વામી) ચંદ્ર સમાન છે. ભગવાન પામ્યાથી ભક્તના દિલમાંના અનેકાંત સિદ્ધાન્તની ભરતી એટલે કે પદાર્થો પર વ્યાપક્તા વધતી ચાલે છે. અનેકાંતના દરેક પદાર્થમાં લાગુ થાય છે.

(૫) આવા અનેકાંતમાં ભરતી લાવનાર અરિહંત (સુમતિનાથ) ભગવાનને જોઈ મુગ્ધ થનાર દેવતાઓ દોડી આવીને પ્રભુના ચરણમાં પડી જાય છે. તેથી એમના મસ્તકના મુગટો ય નમે છે. એના કિરણોથી પ્રભુના નખની લાલ કાન્તિ



ઓર ઉત્તેજિત થઈ ગઈ ! કેમ જાણે મુગટ એ છરીની ધાર કાઢનારી શાણનો અગ્ર ભાગ ! તે એનાથી છરીની ધાર ઉત્તેજિત થાય, એમ પ્રભુના નખની કાન્તિ ઉત્તેજિત થઈ ગઈ. ચિત્ર સમજાય એવું છે.

(૬) હવે આ નખની વધી ગયેલી લાલ કાન્તિ ઉપર અરિહંત (લાલવર્ણના પદ્મપ્રભ સ્વામી)માં ભળી ગઈ; તેથી વધી ગયેલી લાલાશ એ જાણે અંતરંગ શત્રુઓ કામક્રોધાદિની સામે ગુસ્સાની લાલાશ ન હોય ! તેથી આંતરશત્રુઓ ભાગી ગયા.

(૭) એ શત્રુ ભાગી જવાથી અરિહંત (સુપાર્શ્વનાથ) ભગવાન વીતરાગ તીર્થંકર થયા, અને ઇંદ્રો ચરણસેવામાં આવી ગયા. ત્યાં (ધર્મદેશના આપવાની ઇંદ્રોની વિનંતિથી પ્રભુએ દેશના આપીને ગણધર તથા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.) પ્રભુ આ ચતુર્વિધ સંઘરૂપી ગગનને ઉદ્યોતિત કરનાર સૂર્ય જેવા દીપ્યા.

(૮) પણ પ્રભુ માત્ર પ્રકાશદાયી સૂર્ય નહિ, કિન્તુ શીતલતા-વર્ષી ચંદ્ર જેવા પણ છે. એ અરિહંત (ચંદ્રપ્રભ સ્વામી)ની ચંદ્રકિરણો જેવી સફેદ મૂર્તિ શાથી ? કહો, પ્રભુએ શક્લધ્યાન ધ્યાયેલું, એની જ જાણે મૂર્તિ ન બનાવી હોય ? એમ લાગે છે. તેથી ઉજ્જવલ વર્ણની હોય એ સહેજ છે.

(૯) એ અરિહંત (સુવિધિનાથ) પ્રભુના શુકલધ્યાને કામ શું કર્યું ? તો કે, એક બાજુ કેવળજ્ઞાનની એવી જ્યોતિ-શોભા ઊભી કરી, કે જેનાથી પ્રભુ કરામલકવત્ હાથમાં રહેલા આમળાની જેમ વિશ્વને સાક્ષાત્ જુએ છે, અને બીજી બાજુ પ્રભુ અચિંત્ય મહિમા (પ્રભાવ)ના નિધિ છે. (આ મહિમા એવો કે તમે અરિહંતને સહેજ મનમાં લાવો, ને અચિંત્ય લાભ મળે.)

કહ્યું છે,- **'जिनेन्द्र ! पूजितो भक्त्या संस्तुतः प्रस्तुतोऽथवा ।**
**ध्यातस्त्वं यैः क्षणं वाऽपि सिधिस्तेषां महोदया ॥'**

અર્થાત્ હે જિનેંદ્રદેવ ! તમને ભક્તિથી પૂજે, અથવા તમારી સારી સ્તવના કરે, કે પરિચય કરે, અથવા તમને દરેક બાબતમાં આગળ કરે, અથવા એક ક્ષણ પણ તમારું ધ્યાન કરે, તમને ધ્યાનમાં લે, મનમાં લાવે, એ લોકોને મહાન ઉદય કરનારી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કમઠ તાપસના બળતા લાકડામાંથી બહાર કઢાયેલ સાપને પાર્શ્વકુમાર દ્વારા સેવક પાસે એક અપાવેલ નવકારમાં 'અરિહંત' શબ્દ પર એટલે કે માત્ર નામનિક્ષેપાથી 'અરિહંત' શબ્દ પર એટલે કે માત્ર નામનિક્ષેપાથી અરિહંત પર એનું ધ્યાન રહ્યું તો એણે ધરણેંદ્રપણાની અચિંત્ય (કલ્પનામાં નહિ એવી) સિદ્ધિ પ્રાપ્ત કરી ! જે એના મહાન ઉદયને કરનારી છે.

(૧૦) અરિહંત (શીતલનાથ) ભગવાનનો એક મહિમા આ છે કે, પ્રભુ જાણે એક નવી જાતના મેઘ, તે વર્ષીને જીવોમાં પરમ આનંદનો કંદ ઊગાડી દે છે ! તે શું વર્ષે છે ? તો કે એમાંથી સ્યાદ્વાદ-સિદ્ધાન્તનું અમૃત વરસ્યા કરે છે ! પ્રભુને જુઓ તો ય સ્યાદ્વાદ સિદ્ધાન્ત દેખાય, ને પ્રભુને સાંભળો તો ય એજ સિદ્ધાન્ત મળે ! પ્રભુને જોતાં સ્યાદ્વાદ કેમ દેખાય ? તો કે પ્રભુનું જીવન અને સ્વરૂપ જ એવું છે, કે જેમાંથી સ્યાદ્વાદ ઝરે ! દા.ત. (શીતલનાથ) પ્રભુ ઉપદ્રવ કરનારા જીવો પ્રત્યે કોમળ, અને પોતાના કર્મ પ્રત્યે કઠોર ! પ્રભુ સમવસરણની લીલા ધરનારા, છતાં મહા સંયમી ! મહા નિષ્પરિગ્રહી ! પ્રભુ કેવળજ્ઞાનાદિ અને અનંત સુખનો ઉપભોગ કરનારા, છતાં અભોગી ! (૧) પ્રભુ જગતભરની સ્ત્રીઓને જોનારા, તથા (૨) ઇંદ્રાણીઓ પ્રભુને જોવામાં લીન, છતાં પ્રભુ મહાબ્રહ્મચારી ! પ્રભુ શૈલેશીના મહાયોગવાળા, છતાં અયોગી ! વિશ્વના જડ-ચેતન પ્રત્યે પ્રભુ ઉદાસીન, છતાં ચેતન જીવો પર અનન્ય કરુણા કરનારા !... ઈત્યાદિ.

(૧૧) આવા અરિહંત (શ્રેયાંસનાથ) ભગવાન શી અનન્ય કરુણા કરે છે ? તો કે એમનાં દર્શનરૂપી ઔષધમાત્રથી જીવોના ભવના રોગ ભાગે છે ! અર્થાત્ એ પ્રભુ માત્ર દર્શન આપવાની કરુણા કરી ભવરોગથી પીડાતા ભવ્યજીવોના એ રોગ નાબુદ કરનારા વૈદ્ય બને છે ! ખૂબી કેવી છે કે, છતાં એ પ્રભુ મોક્ષ-લક્ષ્મીના પતિ બનીને અહીં હાજર નથી પણ મોક્ષમાં બિરાજમાન છે ! તોય એમની મૂર્તિનું દર્શન ભવરોગ હટાવી દે છે !

(૧૨) આવા અરિહંત (વાસુપૂજ્ય સ્વામી) મોક્ષસ્વામી બન્યા, તે એકલી જાતનું કરીને નહિ. પણ વિશ્વોપકારક તીર્થંકર નામકર્મ ઊભું કરી તીર્થંકર બની જગતના જીવોને તારીને મોક્ષ-સ્વામી બન્યા. એવા તારક તીર્થંકર બન્યા, માટે સુર અસુર અને મનુષ્યોથી પૂજ્ય બન્યા. આ પૂજાતિશય થયો.

(૧૩) અરિહંત (વિમલનાથ) ભગવાન ઉપકારક તીર્થંકર નામવાળા બન્યા તે વચનાતિશયથી ઉપકારક બનીને. એમનાં વચનનો જાણે કતક-વનસ્પતિનું ચૂર્ણ ! આ ચૂર્ણ મેલા પાણીમાં પડે અને પાણી નિર્મળ થાય, એમ પ્રભુનાં વચનો જગતના જીવોના મલિન ચિત્તમાં પડે ને ચિત્ત નિર્મળ થવાનું કારણ બને છે.

(૧૪) અરિહંત (અનંતનાથ) ભગવાન વાણીથી જગતના જીવોના ચિત્ત નિર્મળ કરે, એમાં પ્રભુની કરુણા કેટલી ? તો કે સ્વયંભૂરમણ સમુદ્રની સાથે વિશાળતામાં સ્પર્ધા-હરિફાઈ કરે (અને એને ય ટપી જાય) એટલી બધી કરુણા ! એ કરુણારસરૂપી પાણીથી અમને અનંત સુખસંપત્તિ ઉગાડી આપો. (અહીં



સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય જોજનના પાણીનો સમૂહ એના કરતાં અનંતગુણો પ્રભુની કરુણાનો સમૂહ !) કેમકે અનંતાનંતકાળ માટે અરિહંત પ્રભુ પોતાના નામ-સ્થાપના દ્રવ્ય-ભાવ દ્વારા અનંતાનંત જીવોના કલ્યાણ કરવા સ્વરૂપ કરુણા કરી રહ્યા છે. દા.ત. સર્વ કાળના જીવો 'નમો અરિહંતાણં' બોલે તેમાં ભૂત-ભવિષ્ય-વર્તમાનના સમસ્ત અનંત અરિહંતોને નમસ્કાર કરવાનો લાભ મેળવી શકે છે. આમાં દરેકે દરેક અરિહંત સર્વ કાળના અનંતાનંત જીવોને નમસ્કારનો વિષય બનવા દ્વારા કલ્યાણ કરુણા કરનારા બન્યા ! આવી અનંત કરુણાવાળા અનંતનાથ ભગવાન કરુણારૂપી જલથી અમારામાં સુખસંપત્તિ ઊગાડી આપો.

(૧૫) ઈષ્ટ સર્વ સુખ-સંપત્તિ આપવામાં અરિહંત (ધર્મનાથ) ભગવાન તો કલ્પવૃક્ષ સમાન છે, કેમકે એ સુખ-સંપત્તિના ઉપાયભૂત ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ કરે છે. (પ્રભુએ કેવોક અદ્ભુત ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો ! તો કે (૧) દાનાદિ ચતુર્વિધ ધર્મ,-દાન-શીલ-તપ-ભાવનાધર્મ; (૨) સમ્યગ્દર્શનાદિ ત્રિવિધ મોક્ષમાર્ગ,-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મ; (૩) અધ્યાત્માદિ યોગાત્મક ધર્મ,- 'અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમતા વૃત્તિસંક્ષયઃ;' (૪) સાશ્રવ-નિરાશ્રવધર્મ-આરંભ-સમારંભવાળો જિનપૂજા, સંઘયાત્રા, સાધર્મિક ભક્તિ... વગેરે ધર્મ તે આશ્રવવાળો ધર્મ, યાને સાશ્રવ ધર્મ; અને મુનિનો નિરારંભ ધર્મ તે નિરાશ્રવ ધર્મ. આ ચાર પ્રકારના ધર્મને દેનાર પ્રભુ કલ્પવૃક્ષ સમાન છે.)

(૧૬) આવા ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ કરતી વખતે અરિહંત (શાંતિનાથ) ભગવાનની અમૃત જેવી વાણીની જ્યોત્સ્નાથી દિશાઓનાં મુખ ઉજ્જવળ થઈ રહ્યાં છે, અને જીવોના અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થઈ રહ્યા છે.

(૧૭) આ અજ્ઞાનનો અંધકાર માત્ર મનુષ્યોનો નહિ, પણ દેવતાઓ અને તિર્યંચોનો પણ નષ્ટ કરનાર વચનાતિશય વગેરે અતિશયોની સમૃદ્ધિથી અરિહંત (કુંથુનાથ) ભગવાન સંપન્ન છે. એટલા જ માટે ભગવાન સુરેંદ્રો અસુરેંદ્રો અને મોટા રાજાઓના પણ એકમાત્ર નાથ છે. (ઈંદ્રો શું કામ પ્રભુને નાથ બનાવે) ? તો કે ઈંદ્રો અવધિજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ હોય છે. એમનાથી વિશિષ્ટ ચડિયાતા અનંત કેવળજ્ઞાન આદિ અતિશયોની ઋદ્ધિવાળા હોય એમને જ પોતાના એક નાથ તરીકે સ્વીકારે, કેમકે એનાથી જ પોતાને એ અનંત કેવળજ્ઞાનાદિ પ્રાપ્ત થવાના છે, એમ સમજે છે. બાકી કેવળજ્ઞાન તો નહિ, પણ પોતાના જેવું દિવ્ય અવધિજ્ઞાન પ્રાપ્ત નહિ, પણ પોતાના જેવું દિવ્ય અવધિજ્ઞાન પ્રાપ્ત નહિ ધરાવનાર અજ્ઞાની બ્રહ્મા વિષ્ણુ મહેશ આદિને પોતાના નાથ શાના કરે ?


E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

(૧૮) આવા અનંતજ્ઞાની તો એક માત્ર અરિહંત ભગવાન જ હોય. બીજા ધર્મના દેવો ખજવા જેવા છે, ત્યારે અરિહંત (અરનાથ) ભગવાન ચોથા આરારૂપી ગગનમાં સૂર્ય સમાન છે. ઉપા૦ યશોવિજયજી મહારાજે સ્તવનમાં ગાયું,

**"તે બહુ (ઈતર દેવો) ખજુઆ તગતગે,**
**તું દિનકર તેજ સ્વરૂપ હો... શ્રી શીતલ જિન ભેટીએ."**

આવા અરિહંત ભગવાન જ ચતુર્થ પુરુષાર્થ મોક્ષ-પુરુષાર્થ મોક્ષલક્ષ્મીના વિલાસને આપી શકે. બીજા દેવો ખજવા જેવા, તે એમની પોતાની પાસે ય મોક્ષ અને મોક્ષમાર્ગ સુધી પહોંચે એવો પ્રકાશ જ ક્યાં છે કે જગતને બતાવી શકે કે મોક્ષ આવો, અને મોક્ષમાર્ગ આવો ? અરનાથ ભગવાન સૂર્ય જેવા, તે બતાવી શકે અને આપી શકે છે.

(૧૯) જગત ઉપર આવા સૂર્ય સમાન અને મોક્ષશ્રી આપનાર અરિહંત (મલ્લિનાથ) ભગવાન પ્રગટ થાય; એમનો પ્રભાવ કેવો, કે સુરેંદ્રો-અસુરેદ્રો અને મોટા રાજાઓ જાણે મોર ! અને પ્રભુ જાણે મેઘ ! તે જેમ નવા મેઘને પ્રાપ્ત થતાં મોરને આનંદનો પાર નહિ, તે કેકારવ કરી મૂકે, એમ આ ઇંદ્રો અરિહંત પ્રભુને પામીને અતિશય આનંદમાં આવી જઈ પ્રભુની સ્તુતીઓના ગર્જારવ કરી મૂકે છે. એ સ્તુતિમાં એવું ભાવે છે કે 'પ્રભુ ! ખરેખર તમે જ કર્મવૃક્ષોને ઊખેડી નાખવા માટે મલ્લહાથી જેવા છો. (કેમકે મલ્લહાથી જેવો આપનો દેશના-ગર્જારવ કર્મોને ઊખેડી નાખે છે. બીજા દેવો પાસે એવો સકલ વિશ્વ-પ્રકાશ, સત્ય તત્ત્વ-પ્રકાશ, ને સાચો માર્ગ-પ્રકાશ જ નહિ, તે કર્મોનું મૂળમાંથી ઉન્મૂલન કરનારું શું બતાવી શકે ? એ તો વીતરાગ સર્વજ્ઞ અરિહંત દેવ જ બતાવી શકે.)

(૨૦) એટલે જ અરિહંત (મુનિસુવ્રતસ્વામી) ભગવાન જ્યારે કર્મોનું ઉન્મૂલન કરનારી દેશના આપે છે, ત્યારે એ દેશના-વચનો મહામોહની નિદ્રામાં સૂતેલા જગતને જગાડવા માટે પ્રભાતનું કામ કરે છે ! વહાણું વાય, પ્રભાતનો પ્રકાશ નીકળે, અને ઊંઘતાઓ ઊઠી જાય, એમ અરિહંતનાં દેશના-વચનો પ્રગટે, અને જગતનાં ભવ્ય જીવો મોહ-નિદ્રામાંથી જાગી જાય છે.

(૨૧) પ્રભુનાં એવા અદ્‌ભુત વચને પ્રભાતને જાણી કેમ જાણે 'આપણે જાગવામાં મોડું થયું,' તે શરમાઈને ભવ્ય જીવો ઊઠીને તરત અરિહંત (નમિનાથ) ભગવાનનાં ચરણમાં લોટી પડે છે. એ વખતે પ્રભુનાં ચરણ-નખના કિરણો એ જીવના મસ્તક પર પાણીના ફુવારાની જેમ પડે છે ! તે કેમ જાણે જીવોને પ્રભાતે ઊઠીને નિર્મળ કરનારું સ્નાન મળ્યું ! સ્નાન પછી ધર્મભાવનાનો નાસ્તો અને કર્મનાશની તૃષ્ટિપુષ્ટિ જોઈએ, તો



(૨૨) આવા અરિહંત (નેમનાથ) ભગવાન યદુવંશના ૫૬ ક્રોડ યાદવોના તારણહાર, તે જેમ ચંદ્રમાં ઉદય પામીને સમુદ્રને ભરતીથી હિલોળે ચડાવે એમ, યદુવંશરૂપી સમુદ્રને ધર્મભાવનાની ભરતીના હિલોળે ચડાવે છે. માટે પ્રભુ ચંદ્ર જેવા છે ! અને ત્યાં પ્રભુ જેમ કાન્તિથી ચંદ્ર જેવા શીતળ, તેમ પ્રતાપથી અગ્નિ જેવા ધગધગતા પણ હોવાથી એ ભક્તોના કર્મ-લાકડાંને બાળી નાખે છે; અને કર્મ ગયા એટલે તૃષ્ટિપુષ્ટિ થવાથી રિષ્ટ-અનર્થ-આપત્તિઓ પણ નષ્ટ થઈ જાય એ સહજ છે. એ રિષ્ટ-નાશક ભગવાન જ છે.

(૨૩) ખૂબી પાછી એવી છે કે, આવા અરિહંત પ્રભુ ભક્તોને પોતાનું આલંબન આપી ભક્તોને ધર્મની ભરતી અને કર્મનો નાશ કરી આપવા છતાં એ અરિહંત (પાર્શ્વનાથ) ભગવાન સ્વયં દુશ્મન કમઠ અને ભક્ત ધરણેન્દ્ર પ્રત્યે તુલ્ય (સમાન) મનોવૃત્તિવાળા છે. 'પ્રભુઃ તુલ્યમનોવૃત્તિઃ' ન ભક્ત પર રાગ, કે ન દુશ્મન પર દ્વેષ ! કેમકે પોતે વીતરાગ છે.

(૨૪) એવા અરિહંત (મહાવીર સ્વામી) ભગવાન વીતરાગ થવાથી જ એ અહીં કૈવલ્યલક્ષ્મી અને તીર્થંકરત્વ-લક્ષ્મીથી સંપન્ન બન્યા છે, અને પછીથી મોક્ષરૂપી સરોવરમાં રાજહંસ જેવા બનેલા છે.

વળી એ તો એ કરુણાશીલ ભગવાન જ હોય કે જે પોતાના પ્રત્યે ભયંકર અપરાધ કરનારા સંગમ દેવતા જેવા પર એની ભાવિ ભયંકર દુઃખદ દુર્દશા જોઈ કરુણાનું આંસુ પાડે ! નહિતર જગતમાં કયા ધર્મના ફિરસ્તા આવા જોવા મળે ?

આમ એકેક શ્લોકના ભાવની સાથે પછી પછીના શ્લોકના ભાવને કોઈ યોગ્ય સંબંધ કલ્પીને જોડી દેવાય, એટલે સળંગ દીર્ઘ ચિંતન ચાલી શકે.

**સુલસાને પ્રભુનું અનન્ય આકર્ષણ કેમ ?**

આ હિસાબે હજારો સ્તવન-સ્તોત્ર-સ્તુતિ ચૈત્યવંદનો પરથી 'જિનેષુ કુશલં ચિત્તં' અરિહંત પ્રભુનું કુશળ ચિંતન લગાવવું હોય તો કેટલું બધું લગાવી શકાય ? મહાવીર પ્રભુ અંગેના આવા જ કોઈ ભરચક ચિંતન મહાસમ્યગ્દૃષ્ટિ સુલસા-શ્રાવિકાના મનમાં ચાલતા હશે, તેથી જ અંબડ પરિવ્રાજકે એના સમ્યક્ત્વની પરીક્ષા કરવા વિદ્યાના બળે નગરના એકેક દરવાજે બ્રહ્મા, મહાદેવ, વિષ્ણુ અને ૨૫ મા તીર્થંકરના જીવંતરૂપ વિકૂર્વેલા, નગરનું લોક જોવા દોડેલું, પરંતુ સુલસા નહિ ગયેલી ! કારણ, એક તો સમ્યક્ત્વ-રત્ન મેલું થાય, અને બીજું એ કે એને અરિહંત મહાવીર ભગવાનનું એ બધી વિશેષતાઓથી એટલું બધું આકર્ષણ હતું કે પ્રભુના પેલા ભરચક ચિંતનમાંથી બીજું જોવા-વિચારવાની ફુરસદ જ ક્યાં હતી ?

અરિહંતની તે તે વિશેષતાઓ આગળ આ મિથ્યાત્વી દેવોના વૈભવ સૂર્ય સામે ખજવા જેવા લાગે એ જોવાનું મન જ શાનું થાય ?

**સુલસાનું મન અરિહંતની એ ભરચક અનન્ય વિશેષતાઓનાં કુશળ ચિંતનથી અરિહંત મહાવીર પ્રભુમાં એકાકાર થઈ ગયું હતું, મનમાં પ્રભુ પર અત્યંત બહુમાન-પ્રીતિ-ભક્તિ-મમતા વસી ગઈ હતી, તેથી ઈતર દેવોનું લેશ પણ એને આકર્ષણ શાનું થાય ?**

**ચિંતન કુશળ એટલે ? :-**

અહીં ચિંતનને કુશળ કેમ કહ્યું ? આટલા જ માટે કે કુશળ એટલે પ્રીતિ આદિવાળું નિઃસ્પૃહ ચિંતન, પણ જૈનશાસ્ત્ર ભણાવનાર મિથ્યાદૃષ્ટિ પંડિતોને જેવું અરિહંત પ્રત્યે અરૂચિ-અશ્રદ્ધાવાળું અને પૈસા પ્રતિષ્ઠાના લોભવાળું ચિંતન હોય તેવું નહિ.

વીતરાગ જિનેન્દ્ર ભગવાનની ઉપાસના એ પહેલા નંબરનું શ્રેષ્ઠ યોગબીજ છે. એમાં અહીં સુધી એમના કુશળ ચિંતનથી મનોયોગની વૃત્તિ બતાવી. હવે વચનયોગની વૃત્તિ બતાવવા કહે છે,

**'तन्नमस्कार एव च'**

**(૨) નમસ્કાર : વાચિક જિનોપાસના**

'નમસ્કાર' એટલે વાચિક સ્તુતિ, જિનેન્દ્ર ભગવાનની સ્તુતિભર્યા શ્લોકો બોલાય એ નમસ્કાર કહેવાય; દા.ત. ભક્તામર-કલ્યાણમંદિર વગેરેના શ્લોકો શાસ્ત્રો આવા એકથી માંડી ૧૦૮ શ્લોકોથી સ્તુતિ નમસ્કાર કરવાનું કહે છે. આ સ્તુતિ-નમસ્કાર પણ પેલા કુશળ ચિંતનથી પ્રેરિત હોય, એટલે કે

(૧) પૂર્વે વિસ્તારથી બતાવ્યું તે અરિહંતનું સ્વરૂપ-જીવન-સાધના-ગુણો ઉપકારો-અતિશયો અને ત્રિવિધ અવસ્થાનાં ઐશ્વર્ય આ સ્તુતિ-નમસ્કારમાં ગવાયેલા હોય આ એક પ્રકારે સ્તુતિ નમસ્કાર. આ ઉપરાંત,

(૨) ભગવાનના સ્તુતિ-નમસ્કારમાં આત્મનિંદા અર્થાત્ આપણા પોતાના દોષોની ગર્હા પણ આવે. દા.ત. કલ્યાણમંદિર સ્તોત્રમાં પાછળના **'अस्मिन्नपारभववारिनिधौ मुनीश...जन्मान्तरेऽपि तव पादयुगं न देव...'** વગેરે શ્લોકોમાં સ્તુતિકારની પોતાની આત્મનિંદા છે. એમ સ્તવનોમાં પણ ભરચક સ્વાત્મનિંદા આવે છે.





## ⑦ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

### (૭) માનસિક જિનોપાસના સ્તવન-સ્તોત્રોના ભાવ ચિંતવીને :-

(૩) એવી જ રીતે વાચિક સ્તુતિમાં પ્રાર્થના પણ આવે, દા.ત. 'ઉવસગ્ગહરં' સ્તોત્રની ગાથામાં પ્રાર્થના કરી કે તા'દેવ ! દિજ્જ બોહિં,'કલ્યાણમંદિરમાં 'દુક્ખાંકુરોદ્દલન તત્પરતાં વિધેહિ,' 'લોગસ્સ'માં સમાહિવરમુત્તમં દિંતુ'...વગેરે. આમ સ્તુતિમાં પ્રભુનાં ગુણગાનાદિ આવે, સ્વદોષગર્હા આવે, પ્રાર્થના આવે.

જેમ મનથી જિનેન્દ્રનું કુશળ ચિંતન મનને પવિત્ર કરે છે, મહાકિંમતી મનની પ્રાપ્તિને સફળ કરે છે, એમ વચનથી જિનેન્દ્ર સ્તુતિ-ગુણગાનરૂપી નમસ્કાર જીભને અને વચનયોગને પવિત્ર કરે છે, અને મહાકિંમતી માનવ વચનશક્તિ મળી એને સફળ કરે છે. આ નિરંતર યાદ રાખવા જેવું છે કે જો આપણને શ્રેષ્ઠ મન-વચન શક્તિ મળી છે, તો એનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો જ જોઈએ.

**મન-વચનના શ્રેષ્ઠ વિનિયોગ (ઉપયોગ)નું સર્વોચ્ચ પાત્ર વીતરાગ અરિહંત ભગવાન છે.**

એમનાથી વધીને સારું કોઈ બીજું પાત્ર નથી. તેથી મન વચનનો વિનિયોગ આ સર્વશ્રેષ્ઠ પાત્ર અરિહંતમાં જ કરવો જોઈએ.

જો આ ધ્યાનમાં રહે તો મનમાં બીજા ત્રીજા લફરાં પેસે જ નહિ, કે જે પેસીને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સુધીનાં દુર્ધ્યાન ઊભા કરીને તિર્યંચ-નરકગતિનાં ઘોર પાપ બંધાવે છે.

ત્યારે ક્યાસ કાઢો કે રોજના રોજ સવારથી સાંજ સુધીમાં મનમાં અરિહંત કેટલીવાર આવે છે ? અને બીજું ત્રીજું કેટલું આવે છે ? આ જોતાં શું હૈયે આંચકો ન લાગે કે **'અરર ! હાઈક્લાસ મનનો આટલો બધો ગટરક્લાસ ઉપયોગ ?** એમ વચનમાં ક્યાસ કાઢો કે શ્રેષ્ઠ વચનશક્તિથી શ્રેષ્ઠ અરિહંત-ગુણગાનમાં કેટલો હાઈક્લાસ સદુપયોગ ? અને પાપભાષણ તથા વિકથા કુથલી વગેરેમાં કેટલો અઢળક ગટરક્લાસ દુરુપયોગ ?... આટલી અરિહંતમાં વચનયોગની વૃત્તિની વાત થઈ.

**(૩) કાયિક જિનોપાસના : પ્રણામાદિ**

હવે અરિહંતમાં કાયયોગની વૃત્તિ બતાવવા કહે છે, **'प्रणामादि च संशुद्धम्'**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અર્થાત્ જિનેન્દ્ર ભગવાનને વિશુદ્ધ પ્રણામ આદિ કાયયોગથી ઉપાસના કરવી એ શ્રેષ્ઠ યોગબીજ છે. અહીં 'સંશુદ્ધ' પદ માત્ર પ્રણામાદિને લગાડવાનું નથી પરંતુ કુશળ ચિત્ત (ચિંતન)ને પણ લગાડવાનું છે, ને નમસ્કારને પણ લગાડવાનું છે. એટલે સંશુદ્ધ કુશળ ચિંતન, અને સંશુદ્ધ નમસ્કાર, તથા સંશુદ્ધ પ્રણામાદિ એ શ્રેષ્ઠ યોગબીજ છે, એ ફલિત થયું.

'પ્રણામ' કાયાથી ત્રણ પ્રકારે, (૧) અંજલિબદ્ધ પ્રણામ, (૨) અર્ધાવનત પ્રણામ, અને (૩) (મસ્તક, બે હાથ, બે ઢીંચણ જમીનને અડાડીને) પંચાગ પ્રણિપાત. મંદિર પ્રવેશમાં પ્રભુને દેખતાં જ, અને જિનમંદિર પાસેથી પસાર થતા હોઈએ ત્યારે પણ પ્રભુને ઉદ્દેશીને અંજલિબદ્ધ પ્રણામ કરવાનો; અને બે હાથ કશું ઊંચકવામાં રોકાયેલા હોય તો કમમાં કમ માથું નમાવી, **'નમો જિણાણં'** બોલવાનું. અહીં પંચાંગ પ્રણામ કહ્યો, પણ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ન કહ્યો.

**પંચાંગ પ્રણામ કેમ ? સાષ્ટાંગ પ્રણામ કેમ નહિ ? : કારણ, જયણા :-**

કેમકે જૈન શાસનમાં આંધળિયા નથી, દરેક ક્રિયા જયણાવાળી કરવાની બતાવી છે. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા માટે જમીન પર લાંબાપાટ પડવું પડે, તે પહેલાં એટલી લાંબી જમીન અને આખું શરીર જીવરક્ષાર્થે પૂંજવા-પ્રમાર્જવાનું ક્યાં બને ? ત્યારે પંચાંગ પ્રણામમાં આ સાચવી શકાય.

કાયાથી પ્રણામ કહ્યો એમાં બીજી જિનોપાસનાઓ આવે. દા.ત. પ્રભુનાં દર્શને જવું. અષ્ટપ્રકારી પૂજા કરવી, પ્રભુને આભૂષણ વગેરે અર્પિત કરવા, મંદિર-નિર્માણ, મંદિર-શોભા, જીર્ણોદ્ધાર, સંઘયાત્રા, બીજાઓને જિનભક્તિમાં જોડવા માટે અનેક પ્રકારના પ્રભાવનાદિ કાર્ય કરવા... વગેરે આવે. આમાં એકમાત્ર દર્શનનો પણ કેટલો બધો મહિમા બતાવ્યો, કે **'દહેરે જાવા મન કરે ચઉત્થતણું ફળ હોય'** વીતરાગનાં દર્શને જવાનું મન કર્યું, ત્યાં એક ઉપવાસનું ફળ ! પછી દર્શન માટે ઊભો થાય ત્યાં છઠ્ઠનું ! અને મંદિર તરફ ડગલું માંડે ત્યાં અઠ્ઠમનું ફળ !... ચાલ્યો, યાવત્ મંદિરે બહારથી પ્રભુદર્શન થયું, ત્યાં માસખમણનું ફળ ! ત્યારે બીજી જિનભક્તિઓનાં તો કેવાં કેવાં અદ્ભુત ફળ !

વાત એક છે, આપણી કાયા ધર્મની બાબતમાં હરામ હાડકાં કરનારી છે, એને જિનેન્દ્ર ભગવાનની અનેકાનેક પ્રકારની ઉપાસનામાં લગાવી આખા હાડકાની બનાવવી છે. જ્ઞાનીઓ કહે છે, જો આ ભાવના હોય તો જગતમાં કાયા અનંતાને નમી છે, એને અહીં પ્રભુ આગળ નમતી ને નમતી રાખો, વારંવાર પ્રણામ કરતી રાખો. એમ મન-વચનને પણ જિનભક્તિમાં લગાવ્યા રાખો.

જિનોપાસનામાં 'મંડલાદિ' પણ આવે, અર્થાત્ સિદ્ધચક્રપટ્ટ જેવા પ્રભુના



ચિત્રપટ્ટ, અક્ષરપટ્ટ બનાવી રોજ એના પર પૂજન, સ્તોત્રપાઠ, જાપ, ધ્યાન...વગેરે આવે. એથી એ પટ્ટની આપણા અંતરમાં ધારણા થાય. પછી ગમે ત્યાં, ગમે ત્યારે, આંખ મીંચીને એને હુબહુ કલ્પનામાં નજર સામે લાવી એમાં મન જોડી શકાય. આર્તધ્યાન અને સંકલ્પ-વિકલ્પો અટકાવવા આ પટ્ટધારણા બહુ ઉપયોગી થાય; કેમકે ચિત્ત આમાં રોકાયાથી પેલા આર્તધ્યાન વગેરે સહેજે અટકી જાય.

**જિનોપાસના માટે જિનોપકાર સ્મર્યા કરો :-**

મન-વચન-કાયાથી જિનોપાસના તેને સુલભ અને સુકર સુંદર છે, જેના દિલમાં પ્રભુનો અનંત ઉપકાર વસેલા છે.

**બાઈનો 'પ્રભુનો આભાર' :-**

વિલાયતમાં એક બાઈને ૩૫-૪૦ વર્ષની ઉંમરમાં ધણી મરી ગયો પોતાનું અને ૩-૪ છોકરાનું ભરણ-પોષણ કેમ કરવું ? એ આપત્તિ ઊભી થઈ. એક માનસશાસ્ત્રીને કહે,-

'આ પ્રભુનો કેવો ન્યાય, કે છોકરા વિનાનાને ત્યાં ધનના ઢગલા ! ને મારે ખાવાના ફાંફાં !'

ત્યારે પેલો માનસશાસ્ત્રી કહે, ''આ તમે પ્રભુને શું સમજો છો ?' એને પૈસાના કાટલાથી જ જોખો છો ? પ્રભુનો બીજો કોઈ ઉપકાર જ નથી ? જુઓ જીવને સત્ત્વ ખીલવવાનો અવસર આપવો એ પણ પ્રભુનો મહાન ઉપકાર છે; કેમકે, **સત્ત્વ ખીલ્યાથી જ માણસ સાચો સુખી થઈ શકે છે.**

નિઃસત્ત્વને તો છતે પૈસે દુઃખ; કેમકે સત્ત્વ નથી એટલે કાંક સાંભળ્યું યા બન્યું, ત્યાં ચિંતા-સંતાપનો પાર નહિ. માટે સત્ત્વવાળો જ સુખી. તમને અત્યારે ઈશ્વરે અવસર આપ્યો છે. સત્ત્વ ખીલવો લ્યો, આ થોડા પૈસા, બિસ્કીટની નાની હાટડી કરો, પણ જોજો પ્રભુનો ઉપકાર વીસરતા નહિ. ઉભયકાળ પ્રાર્થના કરજો.''

બસ, પેલી બાઈએ એમ કર્યું, અને સવાર-સાંજ પ્રાર્થના ઉપરાંત ડગલે ને પગલે ઈચ્છિત બનવા પર પ્રભુના ઉપકારને યાદ કરી 'Thank You god' કરે છે એમાં તો એને નાની હાટડીમાંથી આગળ વધતાં મોટો સ્ટોર થઈ ગયો !

ફરીથી પેલો માનસશાસ્ત્રી એ બાઈને પૂછે છે, 'કેમ ચાલે છે ?'

ત્યારે બાઈ કહે 'શું પૂછો છો ? પ્રભુના ઉપકારથી ડગલે ને પગલે ન ધાર્યા કાર્ય સિદ્ધ થતાં આવે છે. માટે તો હું દહાડામાં દોઢસો વાર પ્રભુનો આભાર માનું છું. કાર્યે કાર્યે 'Thank You god' કરું છું. એકેક ઘરાક આવે, લમણાફોડ સહેજ પણ કરાવ્યા વિના માલ લઈ જાય. ત્યાં મારા મનને થાય કે, 'પ્રભુના ઉપકાર વિના આ કેમ બને ?' તેથી સહેજે ઘરાકે ઘરાકે 'ભગવાન ! તમારો આભાર,'



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

થઈ જ જાય છે.

આમ, અરિહંત ભગવાનના અનંત ઉપકાર આપણા મન પર વસ્યા હોય, તો પછી મનથી જિનેષુ કુશલચિંતન, વાણીથી સ્તોત્રાદિપાઠ, અને કાયાથી પ્રણામ પૂજાદિ સહેજે સહેજે ને વારંવાર થાય. પૂછો,-

## ● આપણી કાર્યસિદ્ધિમાં અરિહંતનો ઉપકાર ? ●

**પ્ર.**- આપણા પર પ્રભુએ માર્ગ આપ્યાનો ઉપકાર તો ખરો, પરંતુ આપણા કાર્યસિદ્ધ થયાં એમાં પ્રભુનો ઉપકાર શી રીતે ?

ઉ.- **'લલિતવિસ્તરા'** શાસ્ત્ર કહે છે, એક શુભ અધ્યયવસાય થાય, એ પણ ભગવાનના પ્રભાવે થાય છે. લખ્યું છે,

**'शुभाध्यवसायस्यापि भगवत्प्रसादलभ्यत्वम्'**

અરિહંતનો વાતેવાતે ઉપકાર ન દેખાય પછી અરિહંત પ્રત્યે વાતેવાતે કૃતજ્ઞતા બજાવવાનું પણ શાનું યાદ આવે ? 'સવારે ચાહ-દૂધ પામીએ તે અરિહંતના ઉપકારથી,' જો એમ યાદ આવે તો પહેલાં પ્રભુના પ્રક્ષાલ માટે દૂધ લઈ જવાનું મન થાય. ત્યારે આજે પશ્ચિમવાળા ઈશ્વરનો વાતે વાતે ઉપકાર માની, જુઓ, કેવાં અચિંત્ય કાર્ય સિદ્ધ કરે છે ? એનો એક દાખલો,

**અમેરિકન મોટર-ઉત્પાદકની પ્રાર્થના :-**

અમેરિકામાં એક મોટર-કંપનીના મોટા શ્રીમંત માલિકનો અકસ્માતમાં પગ ખોટકાઈ ગયો તે આમ તો મોટરમાં જ ફરે, પરંતુ એક વાર એક સાંકડી ગલીમાં દોઢપગે ચાલવું પડ્યું. ત્યાં સામેથી એક પાદરી આવતો હતો.

એણે પૂછ્યું; 'કેમ આમ ચાલો છો ?'

પેલાએ કહ્યું "અકસ્માત્ થયો. હોસ્પિટલમાં સારવાર લીધી, હવે ડૉ. કહે છે વધુ સુધારો નહિ થાય ઈશ્વરનો આભાર માનો કે જીવતા રહી ગયા."

પાદરી કહે, "સુધારો પૂરેપૂરો થઈ શકે." શી રીતે ?

"તમે ઈશ્વરને પ્રાર્થના કરો."

આ મોટરકંપનીનો માલિક પૈસાના અભિમાનથી કહે "અક્કલ વિનાની વાત, હું ઈશ્વરને માનતો જ નથી."

પાદરી કહે "માનો યા નહિ. જુઓ આ ઈશ્વરના ઉપકારથી અસાધ્ય જેવાં કાર્ય સિદ્ધ થયાં છે એના દાખલા," એમ કહી એવા દાખલાઓની ડાયરી બતાવી. ત્યારે આ શ્રીમંત આભો બની ગયો, પીગળ્યો, કહે છે "એમ છે ? તો હું ઈશ્વરને માનીને પ્રાર્થના કરીશ."



પાદરી કહે "હાં, પણ જુઓ એક પ્રયોગ-અખતરા તરીકે ઈશ્વરને પ્રાર્થના કરશો તો ફળ નહિ આવે. હૃદયથી 'ખરેખર ઈશ્વર છે જ' એવી શ્રદ્ધા કરીને અને 'એ સુખી કરે જ છે' એવો નિર્ધાર રાખીને પ્રાર્થના કરશો તો જરૂર ફળશે."

બસ, ઘરે જઈ એણે દિવસમાં બેવાર એકાંતમાં ઘુંટણીએ પડી આવી પ્રાર્થના શરૂ કરી, 'ઓ મારા પ્રભુ ! જુઓ હું મારી ફેક્ટરીમાં મોટર બનાવી ઘરાકોને વેચું છું. એમાં કોક ઘરાકની મોટર ખોટકાય. તો લાવીને મને કહે છે, 'સર ! 'આ મોટર તમારી ફેક્ટરીમાં બની છે. એ ખોટકાઈ છે, એને રીપેર કરી આપો,' તો હું વિના ચાર્જે મફત રીપેર કરી આપું છું. હવે જુઓ પ્રભુ ! આ મારું શરીર તમારી ફેક્ટરીમાં બન્યું છે, તો તમે રીપેર કરી આપો. મને પાકો વિશ્વાસ છે કે જ્યારે મારા જેવો નાનો માણસ ફરજ સમજે છે કે 'મારી કંપનીની મોટર મારે રીપેર કરી આપવા હું કર્તવ્યબદ્ધ છું, તો મારે રીપેર કરી આપવી જ જોઈએ,' ત્યારે પ્રભુ ! તમે તો જગતના સૌથી મોટા માણસોથી પણ મોટા છો, એટલે ફરજ સમજીને કર્તવ્યબદ્ધ તરીકે તમે મારો પગ સાજો કરી આપશો જ એવો મને પાકો વિશ્વાસ છે." બસ, કહેવાની જરૂર નથી કે, પ્રાર્થનાથી પહેલે મહિને અડધો સાજો, બીજા મહિને પોણો, અને ત્રીજા મહિને સંપૂર્ણ સાજો થઈ ગયો ! કોઈ માલિસ નહિ, દવા નહિ, કસરત નહિ, માત્ર 'જે કાંઈ સારું થાય એ ઈશ્વરના ઉપકારથી બધું જ સારું થાય છે,' આ શ્રદ્ધા ઉપર પ્રાર્થના કરીને પગ સાજો કરી લીધો. આવા તો ત્યાં અનેક દાખલા બનેલા પુસ્તકોમાં નોંધાયેલા પડ્યા છે.

**અરિહંતના સચોટ ઉપકાર.** ત્યારે આપણા શાસ્ત્રો તો અરિહંત પ્રભુનો ભારોભાર ઉપકાર કહે છે જ. શ્રી 'પંચસૂત્ર' શાસ્ત્ર કહે છે. **"અચિંત-સત્તિજુત્તા હિ તે મહાનુભાવા ભગવંતો વીયરાયા સવ્વણ્ણુ..."** અર્થાત્ તે વીતરાગ સર્વજ્ઞ ભગવાન અચિંત્ય શક્તિવાળા છે. શક્તિ એટલે પ્રભાવ, ઉપકાર.

'જયવીયરાય' સૂત્રમાં કહ્યું, "હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં ! ભવનિવ્વઓ..." અર્થાત્ "જય હો, જય હો, હે વીતરાગ જગત્ગુરુ ભગવાન ! મારા દિલમાં તમે વિજય પામો, મને તમારા પ્રભાવથી ભવનિર્વેદ હો, માર્ગાનુસારિતા હો, ઈષ્ટફળ-સિદ્ધિ હો, (આ લોકનાં કાર્ય સિદ્ધ હો),... આમાં પણ ભગવાનનો આ બધું પમાડવાનો પ્રભાવ માન્યો, ઉપકાર માન્યો.

'ઉપમતિ' શાસ્ત્રમાં તો સ્પષ્ટ સ્પષ્ટ લખ્યું છે કે, 'જીવ નિગોદમાંથી બહાર નીકળે છે તેય અરિહંતના ઉપકારથી. શાસનમાં પ્રવેશ પામે છે તે સુસ્થિત (તીર્થંકર) મહારાજાની કૃપા દૃષ્ટિથી...'

આમ, શાસ્ત્રો અરિહંતનો ઠામ ઠામ ઉપકાર હોવાનું માન્ય કરે છે એટલું



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

જ નહિ, પણ અરિહંતથી ઉપકાર થયાના દાખલા પણ બતાવે છે; જેમકે,-

આચાર્ય ભગવાન શ્રી માનતુંગસૂરિજી મહારાજનું પારખું કરવા રાજાએ એમને ૪૪ બેડીથી બાંધી ઓરડામાં પૂર્યા, એમણે અરિહંત સ્તુતિના ૪૪ ગાથાના **'ભક્તામર સ્તોત્ર'**ની ત્યાં જ રચના કરીને બેડીઓ તોડી નાખી ! શું હતું આ સ્તોત્રમાં ? નીતરતી અરિહંત ઋષભદેવ ભગવાનની સ્તવના. ત્યાં સ્તવનાના વિષયભૂત અરિહંતનો એવો અચિંત્ય પ્રભાવ પડ્યો કે બેડીઓ તૂટી ! એ જ અરિહંતનો મહાન ઉપકાર થયો. અહીં પૂછો,

**પ્ર.**- અરિહંત તો મોક્ષમાં જઈ બેઠા છે, એમને, કૃતકૃત્ય થયા હોવાથી, હવે કોઈ કૃત્ય કરવાનું રહેતું નથી, તો ઉપકાર કરવા ક્યાં આવ્યા ?

ઉ.- એજ ખૂબી છે, કે 'સૂરિજીએ બીજાની સ્તવના નહિ કરતા અરિહંતની જ સ્તવના કરી, તો જ આ કાર્ય થયું, એ સૂચવે છે કે અરિહંત દેવનો કોઈ અચિંત્ય પ્રભાવ છે કે, એમની સ્તવના અને એમનું ધ્યાન કરો, તો આ ઈચ્છિત ચમત્કારિક ફળ મળે છે ! આ પ્રભાવ એ એમનો મહાન ઉપકાર જ છે.

**ધ્રુવના તારાનો ઉપકાર :-** ઉપકાર કાંઈ જાતે ક્રિયાથી જ કરવાનો નથી હોતો ધ્રુવનો તારો સ્થિર છે, એ કાંઈ ક્રિયા નથી કરતો, છતાં ખલાસી એને લક્ષમાં રાખી પોતાની ઈષ્ટ દિશા નક્કી કરીને રાત્રે નાવ હંકારે છે, ને ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે. ત્યાં ધ્રુવના તારાનો મહાન ઉપકાર સમજે છે, ને તે ખોટું નથી.

**શંખેશ્વર દાદાનો ઉપકાર :-** પૂર્વે ગાડા જોડીને યાત્રિકો શંખેશ્વરજી જતા, જો ભૂલા પડતા તો ત્યાં 'હે શંખેશ્વરનાથ ! હવે તમારું શરણ છે,' ને ગેબી રીતે કોઈ ઘોડેસવાર વગેરે આવી માર્ગે ચડાવી જતો ! આમાં શંખેશ્વર ભગવાનનો ઉપકાર નહિ ?

**પાકીસ્તાની વખતે નવકારનો ઉપકાર :-** કલકત્તામાં પહેલી પાકીસ્તાનીની ગુંડાગીરી શરૂ થઈ. ગુંડાઓએ કત્લેઆમ ચલાવી. એક શ્રાવકોના માળા પર તવાઈ આવી પહેલાં સામેના માળાના લોખંડી બારણાં ગુંડાઓએ તોડી માળામાં ખૂનરેજી ચલાવેલી, હવે આ માળામાં લાકડાના બારણા તોડવા માંડ્યાં; પરંતુ માળાના શ્રાવકો ગળગળા થઈને 'નમો અરિહંતાણં' રટતા બેઠા, એના પ્રભાવે બારણા તો ન તૂટ્યા, પણ બારણા પર પેટ્રોલના કાકડા છાંટી સળગાવવા પ્રયત્ન કર્યા તે ય નિષ્ફળ ગયા ! ને એટલામાં મીલીટરીની બે મોટર લોરી આવી ગઈ ! ગુંડા ભાગી ગયા.

**નવકાર કેવી રીતે ગણાય ? :- પ્ર.**- એમ તો અમે ય નવકાર તો ગણીયે છીએ. છતાં કેમ અવસરે આવું કામ થતું દેખાતું નથી ?



ઉ.- નવકાર કેવી રીતે ગણાય છે એ વિચારણીય છે. ઉપરોક્ત પાકીસ્તાની ગુંડાઓના હુમલા વખતે નવકાર કેવી રીતે ગણાયા હશે એ જોવા જેવું છે. પહેલું તો એવી ઉચ્ચ શ્રદ્ધા અને શરણભાવ સાથે, કે 'નવકાર જ તારણહાર છે, માટે મારે કોઈનું ય શરણ હોય, કોઈનો ય આશરો હોય, તો તે નવકારનો જ આશરો છે.' બીજું ત્યાં ગુંડાના આક્રમણ વખતે આવા નવકારનું સ્મરણ પણ, સામે કરપીણ રીતે કપાઈ મરવાનો ભય નિવારવા, ખૂબજ ગદ્ગદ દિલે અર્થાત્ ગળગળા થઈને કરાયેલું, નવકારના શબ્દોનું ઉચ્ચારણ ભારેખમ રીતે અને ગળગળા અવાજ સાથે કરાયેલું. એટલે જ એનો અદ્ભુત પ્રભાવ એવો પડ્યો કે તરત મીલીટરી પોલિસની બે લોરીઓ આવી ગઈ !

**બળેલા સર્પ પર નવકારનો ઉપકાર :-** કમઠ તાપસના બળતા લાકડામાંથી પાર્શ્વકુમાર વડે બહાર કઢાયેલો અર્ધદગ્ધ સાપ નવકારશ્રવણમાં મરીને નાગકુમાર દેવલોકમાં ઈંદ્ર થયો ! કહો, એ શ્રવણ આવું શ્રદ્ધા, શરણગ્રહણ, અને ગદ્ગદ ગળગળા દિલથી કરાયેલું તેથી. તો બોલો, આપણે હજારો કે લાખો નવકાર ગણ્યા એમાં આ રીતે કેટલા નવકાર ગણાયેલા ? જો એનું દેવાળું હોય, પછી અવસરે એ કામ શી રીતે આપે ?

વાત આ છે, 'જિનેષુ કુશલં ચિત્તં'... વગેરે મનોયોગ, વચનયોગ અને કાયયોગથી કરાતી અર્હદ્ ઉપાસના અરિહંત ઉપરની હાર્દિક પ્રીતિ-ભક્તિ-બહુમાનથી કરાવી જોઈએ.

**મગધસમ્રાટ શ્રેણિકનો અર્હદ્ભક્તિરાગ :-**

શ્રેણિક મહારાજામાં આ હતું. તેથી અરિહંતના શાસન અને સંઘ પર પણ એમને અથાગ ભક્તિરાગ હતો. દેવતાએ એની પરીક્ષા કરવા મહાવીર ભગવાનને ચંદનનું વિલેપન કરતાં દેવમાયાથી રાજાને એવું દેખાડ્યું કે જાણે વિષ્ઠાનું વિલેપન કરી રહ્યો છે ! ત્યાં તરત જ સમવસરણ પર ભરીસભામાં શરમ રાખ્યા વિના શ્રેણિક સડાક કરતા ઊભા થઈ 'હરામી ! આ શું કરી રહ્યો છે ? પ્રભુની ઘોર આશાતના ?' એમ બોલતાં એને રોકવા દોડ્યા ! દેવ ખુશ થયો કે 'વાહ કેવોક અરિહંતપ્રેમ !' બીજા પ્રસંગે દેવતા સાધુરૂપ કરી તળાવના કાંઠે માછલા પકડનાર માછીમાર તરીકે તળાવ પર જાળ નાખી ઊભો છે, ત્યાં શ્રેણિકે કહ્યું 'અરે ! સાધુ થઈને આ ધંધો ?' પેલો કહે, 'હું એકલો જ થોડો આવો છું. બીજા આવા મારા જેવા ઘણા છે,' ત્યાં શ્રેણિક ધમકાવીને કહે, 'ખબરદાર ! જો આવું બોલ્યો છે તો ? તું પતિત એટલે આખી દુનિયા પતિત ? કાં તો સાધુવેશ મૂકી દે, ચાલ રોજી આપું, અથવા આ ધંધો મૂકી દે.' સાધુ પર ભક્તિરાગ હતો, એટલે સાધુનું ભૂંડું



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સાંભળવા તૈયાર નહોતા.

એમ શ્રેણિકને અરિહંતના શાસનનો પણ અપાર રાગ હતો, એટલે પોતાની પાકટ ઉંમરે અભયકુમારને રાજ્યગાદી સોંપી નિવૃત્તિ લેવાની ઈચ્છાથી એને જ્યારે કહે છે, 'હવે આ રાજ્યગાદી સંભાળી લે,' ત્યારે અભયકુમાર પ્રભુને પૂછી આવી કહે છે,

'ઉદાયન રાજા દીક્ષિત થયા છે. એ પ્રભુના શાસનમાં છેલ્લા રાજર્ષિ છે. તેથી હું જો રાજા થાઉં તો મને દીક્ષા ન મળે; ને એ ન મળે તો મારો આ ઉત્તમ જનમ એળે ! વળી રાજ્યશ્રી એ નરકશ્રી, એટલે રાજા થઈને મારી નરકગતિ જ થાય. મહાવીર પ્રભુના ભક્ત આપ, આપનો દીકરો રાજા થઈને નરકે જાય એવું આપ ઈચ્છો છો ? જો ના, તો મને હમણાં જ દીક્ષાની રજા આપી દો.'

મહારાજા શ્રેણિકને પ્રભુના શાસન પર અતિશય રાગ હતો; તેથી પુત્ર અભયકુમાર રાજ્યને બદલે શાસનના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈચ્છે છે, તો એમણે ખુશીથી એની રજા આપી દીધી ! પછી ભલે પોતાને મોટી ઉંમરે રાજ્યભાર ખેંચવો પડે, તેમ મહાલાયક પુત્ર અભયકુમાર પછી મહાનાલાયક પુત્ર કોણિક તરફથી નાલાયકીનો ભય રહે ! આ કશું ન ગણકારતાં, અહીં મંત્રીપણે અભયકુમાર રાજા જેવો રાજ્યભાર અદ્‌ભુત વહન કરતો હતો, તેમજ કોણિક વગેરે ડાંડ ઉપર પણ ભારે વર્ચસ્વ રાખી રહ્યો હતો; આવા અભયકુમારને દીક્ષાની સંમતિ આપી દીધી ! કેમકે પ્રભુ પર અથાગ રાગ ઉપરાંત પ્રભુના શાસન પર પણ અથાગ ભક્તિરાગ હતો. શ્રેણિકનો અર્હદ્‌ભક્તિરાગ કેવો કે અભયની દીક્ષા પછી કોણિક વડે એ શ્રેણિક જેલમાં પૂરાઈ કોરડા ખાય છે. 'આ અભયકુમારે દીક્ષા લઈને મને આ દુઃખમાં મૂક્યો' એવું લેશ પણ માનતા નથી, કિન્તુ ત્યાં માને છે 'મારા ભગવાને કહ્યું છે કે આ કોણિક નથી મરાવતો, મારાં કર્મ જ મરાવે છે,' ને કોરડા મારનાર સિપાઈને ઉપરથી પોતે આશ્વાસન આપે છે !

શ્રેણિક અને કૃષ્ણ મહારાજા અરિહંતદેવ પ્રત્યે એવા ભક્તિરાગથી ભાવિત હતા, કે એમાં એમણે દુન્યવી વિષયોને કૂચા જોવા લેખી મહાવૈરાગ્ય જળહળાવેલો ! તો જાણો છો એનાં ફળમાં શું પામ્યા ? ક્ષાયિક સમકિત અને અરિહંત બનવાનું પુણ્ય ઊભું કર્યું ! અને પછીના ત્રીજા અરિહંતભવે ગર્ભથી જ મહાવિરાગી અને અવધિજ્ઞાની બની ગર્ભમાં આવતાવેંત ઇંદ્રોના પૂજ્ય બનશે ! જનમતાં મેરું પર અભિષેકના સત્કાર સન્માન પામશે ! અને પૂર્વભવે ચારિત્રનો કોઈ અભ્યાસ નહિ, છતાં અહીં ઉત્કૃષ્ટ ચારિત્ર ! અને એમાં મહિના અને વર્ષોના વર્ષ સતત ધ્યાન-યોગ્ય શ્રુતજ્ઞાનાવરણના ભારે ક્ષયોપશમ દ્વારા અદ્‌ભુત શ્રુતજ્ઞાન



પામશે ! આ બધો શાનો પ્રતાપ ? કહો, એ પૂર્વભવે અથાગ અરિહંતભક્તિથી ભાવિત બનેલા, અર્થાત્ એમણે આત્મામાં ભાવિતતા યાને ભાવનરસ ઊભો કરેલો એનો પ્રતાપ.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૧૩,તા.૮-૧૨-૧૯૮૪

## ⑧ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

યોગના પ્રથમ બીજ તરીકે મન-વચન-કાયાથી જિનોપાસના કરવાની તે જિનેન્દ્રદેવ પ્રત્યે આ ભાવનરસ ભક્તિ-ભાવિતતા ઊભી કરવાનો પ્રયત્ન કરવાનો છે. તો જ એ સાચી ભક્તિ બને. ઉપા૰ યશોવિજયજી મહારાજે શ્રી પદ્મપ્રભ સ્વામીના સ્તવનમાં કહ્યું,-

**'સાચી ભક્તિ રે ભાવન રસ કહી, રસ હોય તિહાં દોય રીઝે જી;**
**રસ ને રીઝ બેહું હોડોહોડ શું, મનના મનોરથ સીઝે જી.'**

આ સ્તવનમાં પહેલાં એ કહ્યું કે, **'હે પદ્મપ્રભ જિન !** આપ તો અળગા દૂર મોક્ષમાં જઈ વસ્યા; તો આપની સાથે સ્નેહ-પ્રીત-ભક્તિ કેવી રીતે કરવી ? ત્યાંથી ન કોઈ આપનો કાગળ આવે, કે અહીંથી ત્યાં આપની પાસે આવેલા ન કોઈ પાછા ન ફરે, કે જે આપનો કોઈ સંદેશો લઈ આવે; તેમ અમારોય સંદેશો આપને કહે. નહિ સંદેશો નહિ સહી, તો અમારે જાતે આપને આવી મળવા કોઈ વાટ વિશેષ પણ જતી નથી, એટલે આપને આવી મળવાનું દુર્લભ છે. પછી વીતરાગ એવા આપના પર સ્નેહ રાખવાનું કેટલું બધું કષ્ટમય છે ? વળી આમેય આપ રહ્યા વીતરાગ, તેથી અમારા પર રાગસ્નેહ કરો નહિ; એટલે અમારે સ્નેહ કરવો તે તો એકપાક્ષિક સ્નેહ થાય. એમાં અમારી કિંમત શી રહે ? આ તો એના જેવું છે કે, કોઈ જાનમાં ઘોડેસવારો હોય, એમના ઘોડા હરિફાઈથી એવા દોડતા હોય છે, કે એ ઘોડા પોતાના સવારનો પણ વિચાર નથી કરતા કે 'આવી દોટમાં આ સવાર મારી પીઠ પર છે.' એમ આપ વીતરાગતામાં દોડ્યા જતા મન પર લેતા નથી કે આ ભક્ત મારા પર સ્નેહ કરી રહ્યો છે. પછી અમારે આપના પર સ્નેહ શી રીતે કરવો ?

આમ કવિએ પહેલાં કહીને, હવે તાગ કાઢ્યો કે, 'સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, અર્થાત્ મને હવે સમજાયું કે, વીતરાગ પર સ્નેહ સ્નેહ શું કરે છે ?


E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સ્નેહભરી ભક્તિ કોઈ રૂબરૂ મળીને કરવાની વસ્તુ નથી, કિન્તુ વીતરાગ પરના સ્નેહથી આપણા હૈયામાં ભાવનરસ યાને ભાવિતતા ઊભી કરવી એ સાચી ભક્તિ છે. કસ્તુરી બાંધેલું કપડું કસ્તુરીની સુવાસથી ભાવિત થાય છે. ભાવિતતાથી કપડાની પૂમેપૂમ સુવાસિત બને છે. એમ વીતરાગ પરના સ્નેહથી દિલ ભાવિત થાય ત્યાં દિલનો ખૂણેખૂણો વીતરાગતાના સ્નેહથી વાસિત બને એજ સાચી ભક્તિ છે. અહીં પ્રશ્ન થાય-

**પ્ર.**- આવી ય વીતરાગ પર સ્નેહભરી ભક્તિથી ભાવિત થઈને પણ કરવાનું શું ? કેમકે એથી વીતરાગ તો કાંઈ રીઝતા નથી.

ઉ.- વીતરાગ રીઝે છે, પરંતુ આ રીઝ રાગરૂપ નથી સમજવાની, કિન્તુ વીતરાગની નજરમાં (જ્ઞાનમાં) આપણું ઊંચું મૂલ્ય હોય એ પારમાર્થિક રીઝ સમજવાની છે. દુકાનમાં પાંચ નોકર હોય, પરંતુ જે નોકર શેઠને ખૂબ જ વફાદાર હોય, કામચોર ન હોય અને બક્ષીસ બોનસ વગેરેનો નિસ્પૃહી હોય, એનું શેઠની નજરમાં ઊંચું મૂલ્ય હોય છે. આ જ શેઠની સાચી રીઝ છે; કેમકે એજ ઊંચું મૂલ્યાંકન નોકરના ખ્યાલમાં આવતાં એની શેઠ પર વફાદારી પ્રેમ ઓર વધે છે ! એ હિસાબે પછી શેઠનું મૂલ્યાંકન વધે છે. એ વધે એટલે નોકરનો પ્રેમ એથી વળી વૃદ્ધિ પામે છે. આમ મૂલ્યાંકન અને પ્રેમ વચ્ચે હોડાહોડ હરીફાઈ ચાલે છે. જે જતે દહાડે નોકરને શેઠ બનાવી દે છે. નોકરનું ઊંચું મૂલ્યાંકન કરનાર શેઠ નોકરને મૂડી આપી જુદી દુકાન કરાવી શેઠ બનાવી દે, શેઠની આ જ સાચી રીઝ છે. બાકી બાહ્ય રીઝ-રાજીપો તો બધાય નોકર પર દેખાડે છે, પણ તેથી નોકરોનું વળ્યું શું ?

શ્રેણિકના પિતાને સો પુત્રો હતા, પરંતુ એમાંથી એકમાત્ર શ્રેણિક રાજ્યધુરાને વહન કરવા માટે સુયોગ્ય લાગતા હતા. જુદી જુદી પરીક્ષાઓથી એમણે શ્રેણિકને બીજા પુત્રોની સાથે ચકાસેલા, એમાં એકલા શ્રેણિક જ ઉત્તીર્ણ (પાસ) નીવડેલા. પરંતુ 'શ્રેણિકને રાજા બનાવવાનો છે,' એવું બીજા પુત્રો જાણી ન જાય માટે પિતા રાજા પુત્ર શ્રેણિક પર બાહ્યથી પ્રેમ માન નહોતા દેખાડતા; કેમકે, રાજ્ય-ખટપટ (પોલિટિક્સ)નો મામલો એવો, કે બીજાઓ કદાચ એમ જાણી જાય તો શ્રેણિકને કદાચ ઝેર વગેરેથી મારી નાખે ! કહો, આ હિસાબે શ્રેણિક પ્રત્યે અવમાન દેખાડનાર પિતાને શ્રેણિક પર રીઝ ખરી કે નહિ ? ખરી. પરંતુ તે હૈયામાં એના ઊંચા મૂલ્યાંકનરૂપ રીઝ; અને એ ઊંચા મૂલ્યાંકને અવસરે પિતાએ શ્રેણિકને રાજા બનાવી દીધો. બસ વીતરાગ ભગવાન આપણા પર રીઝે નહિ, રાગ ન કરે, પરંતુ આપણા દિલ વીતરાગ પરના પ્રેમથી ભાવિત હોય. દિલમાં ભક્તિ-ભાવિતતારૂપી ભક્તિ હોય, તો વીતરાગના જ્ઞાનમાં આપણું ઊંચું મૂલ્યાંકન છે. વીતરાગનું જ્ઞાન



આપણને યોગ્ય તરીકે જુએ; પછી એ જાણીને ભક્ત દિલમાં વીતરાગ તરફ રાગ-સ્નેહ ઓર વધી જાય ! એ વધે ત્યાં વીતરાગના જ્ઞાનમાં ભક્તનું મૂલ્યાંકન ઓર વધે. વીતરાગની ભક્ત પ્રત્યે આ જ સાચી રીઝ, આ પારમાર્થિક રીઝ; અને ભક્તની પ્રભુ પ્રત્યે આ પ્રેમથી ભાવિતતા યાને ભાવનરસરૂપી ભક્તિ, એ બે હાડોહાડ હરિફાઈથી વધતા જાય છે. જેમાં અંતે ભક્તની વીતરાગ પ્રત્યે ભક્તિ, વીતરાગ સાથે એકરસ બની વીતરાગતામાં પરિણમે છે.

સારાંશ, જિનોપાસના આવી ભાવનરસ-ભક્તિરૂપ બનાવવાની છે. એમાં માનસિક ઉપાસનામાં અર્થાત્ જિનેશ્વર ભગવાનના કુશળ ચિંતનમાં સાર કહીએ તો, 'પ્રભુ ! તુંહી તુંહી તુંહી...' લાગ્યા કરે. એટલે ? આ, કે 'નાથ અરિહંત ! મારે સાચો પિતા ગણું તો તું જ છે, પાલન કરે તે પિતા એક વીતરાગ અરિહંત જ જીવને સમાધિ આપીને તથા પરલોકે સદ્ગતિ આપીને અને અંતે મોક્ષ આપીને જીવનું સાચું પાલન કરે છે ! એમ હે પ્રભુ ! તું જ સાચી માતા છે, જે અનુપમ વાત્સલ્ય આપે છે. તું જ સાચો સ્નેહી-સાચો મિત્ર છે, સાચો બેલી છે, તું જ મારી ચક્ષુ છે, મારું મન છે, ઈષ્ટ દેવ છે, મારું ઐશ્વર્ય, મારું માન, મારી મતિ, યાવત્ મારા પ્રાણ પણ પ્રભુ તું જ છે. પ્રભુ ! તું જ સાચો અનાથનો નાથ છે. તું જ સર્વ સુખનો દાતા છે, જગતનો રક્ષણહાર છે, તું જ સદ્ગતિ અને મોક્ષનો દાતા છે.'

આમ પ્રભુ પ્રત્યે 'તુંહી તુંહી તુંહી' થયા કરે, એ જિનેષુ ઉત્તમ કુશલ ચિંતન છે.

વાચિક નમસ્કારમાં ય પ્રભુને સ્તવીએ કે 'પ્રભુ ! આપનું ગૃહસ્થ-જીવન પણ કેટલું બધું મહાવૈરાગ્ય, પ્રશાંતતા, સૌમ્યતા, જ્ઞાનમય પ્રવૃત્તિ, ઉચ્ચ કોટિની ગંભીરતા... વગેરે વગેરે ગુણોથી મઘમઘતું ! આપ રાજકુળમાં જન્મેલા છતાં આપને સ્વયં કશા મજેનાં ખાનપાનના, કશા જરીયાન વસ્ત્ર અલંકારાદિના કે કશા વાહન-સવારીના રાગ નહિ. આપને એ બધું ખવરાવવું, વાહનમાં બેસાડવા, વગેરે માટે કેટલાં મનામણાં કરવા પડે. સાધન સગવડ ઘણી ઊંચી ! પણ પ્રભુ ! આપનું દિલ એમાં ક્યાંય ઠરે નહિ, અટકી ન પડે ! દિલને ક્યાંય રસ નહિ. ઉમળકો નહિ ! ત્યારે અમારે વગર મનામણાંએ દિલ જાતે જ એ બધા વિષયોમાં ખેંચાયા કરે. એમાં ઠરે એના રસ ઉમળકા ભારે ! તુચ્છ-વિષયોમાં પણ અમારું મન અટકી પડે છે ! ઠરી બેસે છે !

ધન્ય મારા વીરપ્રભુ ! ધન્ય તમારા વૈરાગ્ય તરબોળ જીવનને ! એનાથી પ્રભાવિત પિતા સિદ્ધાર્થ રાજા સમરવીર રાજા તરફથી પોતાની સુપુત્રી યશોદાકુમારી

માટે વર્ધમાનકુમારનું માગું આવતાં વિમાસણમાં પડે છે કે 'મહા વીરાગી વર્ધમાનકુમાર આગળ લગનની વાત મૂકવી કેવી રીતે ?'

**પ્ર.**- પ્રભુને ઘરવાસમાં સારા દુન્યવી વિષયો ભોગવવા મનામણાં કરવા પડતા છતાં પ્રભુને જો એનો રસ નથી, તો એ સ્વીકારે જ શા માટે ?

**ઉ.- વિરાગી પણ પ્રભુ ભક્ત પર અનુગ્રહ કરનારા હોય છે, તેથી એનું મન સાચવવા-વધારવા એ સ્વીકારે છે.** દેખો, ઋષભદેવ નાના બાળ હતા, પિતા નાભિકુલકરના ખોળામાં બેઠા હતા, અને ઇંદ્ર પ્રભુના વંશનું નામ સ્થાપવા હાથમાં શેરડી સાંઠો લઈને પ્રભુ પાસે આવ્યા. બાળ પ્રભુને પૂછે છે, 'આ ખાશો ?' ત્યાં પ્રભુએ એ લેવા હાથ લંબાવ્યો, ને શેરડી હાથમાં લીધી ! ત્યાં શું પ્રભુને એનો રસ હતો ? શું શેરડી ખાવાની લાલસા ઉમળકો જાગ્યો ? ના, ઉત્કટ વિષય-વૈરાગ્યમાં વિષયોના રસ શા ? ને ઉમળકા શા ? ઇંદ્ર પ્રભુભક્ત છે, એના પર અનુગ્રહ કરવા પ્રભુએ શેરડી સાંઠો લઈ એનું મન સાચવ્યું...

વાત આ છે કે,

**દુન્યવી વિષયોના રસ મોળા પડે ત્યારે વીતરાગ જિનેન્દ્ર ભગવાનમાં રસ ઊભો થાય.**

**વિષયોની પ્રીતિ મોળી પડે ત્યારે પ્રભુની પ્રત્યે સારી પ્રીતિ-ભક્તિ ઊભી થાય. ભાવન-રસ ઊભો થાય.**

ત્યાં મનમાં 'પ્રભુ ! તુંહી તુંહી તુંહી...' થયા કરે, વચનથી પ્રભુના મહાવૈરાગ્યાદિના ગુણ ગવાય, અને કાયાથી વીતરાગને પ્રણામ આદિ પવિત્ર ક્રિયાઓ થાય.

## • સંશુદ્ધ યોગબીજ સાધના •

'કુશલચિત્ત' 'નમસ્કારાદિ' અને 'પ્રણામાદિ' એ ત્રણેય સંશુદ્ધ જોઈએ. આમ સંશુદ્ધ કહીને અશુદ્ધની બાદબાકી કરી; અર્થાત્ સૂચવ્યું કે એ કુશળ ચિંતનાદિ મલિન ન જોઈએ. બાપ દીકરાને બજારમાંથી શુદ્ધ સોનું ખરીદી લાવવા કહે, એટલે એ કથનમાં ગર્ભિત જ છે, કે મલિન ભેળસેળવાળું યા બનાવટી સોનું નહિ લાવવાનું. એમ અહીં સંશુદ્ધ યોગબીજ સાધવાનું કહ્યું એમાં ગર્ભિત જ છે, કે યોગબીજની અશુદ્ધ મલિન સાધના નહિ કરવાની...

**પ્ર.**- તો શું યોગદૃષ્ટિવાળાને મલિન યોગબીજ સાધના હોય છે ?

**ઉ.**- ના, મલિન બીજ-સાધના ઓઘદૃષ્ટિમાં ભવાભિનંદી જીવને હોય, યોગદૃષ્ટિવાળાને નહિ; એટલે શાસ્ત્રકાર મહર્ષિ અહીં ચેતવે છે, કે 'જો જો મલિન



બીજ-સાધના કરતા નહિ. નહિતર ઓઘદૃષ્ટિમાં મુકાઈ જશો.' એવી બીજ-સાધના સામાન્યથી અ-ચરમ યથાપ્રવૃત્તિકરણનો પ્રકાર છે. પૂર્વે કહી આવ્યા છીએ કે જીવને અનંતા યથાપ્રવૃત્તિકરણ થાય છે, એટલે કે નદી ઘોળ-પાષાણ ન્યાયથી સહેજે સહેજે શુભ ભાવ આવી જાય છે, ખાસ ચાહીને શુભ ભાવ લાવવાનો પ્રયત્ન નથી હોતો. નદીમાં ઘોળાતો અથડાતો-કૂટાતો પાષાણ કોઈથી ઘડાયા વિના સહેજે સહેજે ગોળ થઈ જાય છે. એમ અહીં ઇરાદાપૂર્વકના શુભ ભાવના પ્રયત્ન વિના સહેજે શુભ ભાવ જાગી જાય છે; એને યથાપ્રવૃત્તિકરણ કહે છે. એવું સંસારમાં અચરમાવર્તમાં અનંતીવાર બને છે; તે અનંતા અ-ચરમ યથાપ્રવૃત્તિકરણ ઓઘદૃષ્ટિમાં બને છે. એ પછી ચરમ છેલ્લું યથાપ્રવૃત્તિકરણ ચરમાવર્તમાં આવે. પછી એનો શુભ ભાવ વધીને અપૂર્વકરણનો ભાવ થાય છે, ને કામ આગળ વધે છે. આ ચરમ યથાપ્રવૃત્તિકરણ જીવને ઓઘદૃષ્ટિમાંથી બહાર કાઢી પહેલી યોગદૃષ્ટિમાં મૂકે છે.

આ ચરમની પૂર્વેના સામાન્યથી યથાપ્રવૃત્તિકરણમાં જિનેન્દ્રપૂજા ભક્તિ આદિ યોગબીજો સાધવાનો ભાવ આવે, પરંતુ તે સાધના સાંસારિક વિષયોની લાલસાથી કરાતી હોઈ મલિન હોય. અશુદ્ધ હોય; એટલે કહેવાય કે આવી મલિન બીજ-સાધનાનો ભાવ એ સામાન્ય અર્થાત્ અ-ચરમ યથાપ્રવૃત્તિકરણનો ભાવ છે, યથા-પ્રવૃત્તિકરણનો જ એક પ્રકાર છે.

**પ્ર.**- તો શું એવી મલિન સાધના એ યોગબીજની સાધના છે ? યોગબીજરૂપ છે ?

**ઉ.**- ના, વાસ્તવમાં એ યોગબીજની સાધના જ નથી; એ યોગબીજરૂપ છે જ નહિ; કેમકે એનામાં યોગબીજરૂપતા ઘટી શકતી નથી. એનું કારણ સ્પષ્ટ છે. એવી મલિન બીજ-સાધનામાંથી આગળ યોગ પેદા થતો જ નથી, પછી એને યોગબીજ શાનું કહેવાય ? 'બીજ' એટલે તો 'કારણ,' કે જેમાંથી કાર્ય જન્મે. અહીં જેમાંથી યોગરૂપ કાર્ય જ ન જન્મે, એને યોગનું કારણ યાને યોગબીજ શાનું કહેવાય ?

આ ઉપરથી ખ્યાલમાં લેવા જેવું છે કે, 'જિનેષુ કુશલં ચિત્તં' જિનેન્દ્ર ભગવાનનું કુશળ ચિંતન કરતા હોઈએ, વળી એમની નમસ્કાર-સ્તુતિ બોલતા હોઈએ, કે એમને પ્રણામ આદિ કાયિક સાધના કરતા હોઈએ, તેટલા માત્રથી ફુલાઈ જવા જેવું નથી, કે સંતોષ માનવા જેવો નથી, કે 'હું ધર્મ કરું છું;' કેમકે જો એ ચિંતનાદિ સાધના અશુદ્ધ હોય, તો યોગબીજરૂપ યાને ધર્મરૂપ નથી બનતી. માટે સાધનાની સાથે આ ખાસ જોતા રહેવાનું કે, 'એ અશુદ્ધ કરનારા તત્ત્વ એમાં નથી સેવાતા ને ?' જો આ ખ્યાલ ન રાખીએ, તો 'હીરો ઘોઘે જઈ આવ્યા' જેવું



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

થાય. સાધના કરવાની મહેનત કરીએ-કરીએ ને એ એળે જાય ! અનંતી દ્રવ્યક્રિયાઓ આમ જ નિષ્ફળ ગઈ. એથી જ અધમ ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળીને ઊંચી યોગદૃષ્ટિમાં ન આવ્યા; ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળીને ઊંચી યોગદૃષ્ટિમાં ન આવ્યા; ઓઘદૃષ્ટિમાં જ રમતા રહ્યા. માટે સમજી જ રાખવાનું કે, વિશુદ્ધ જ યોગબીજ સધાય, એજ વાસ્તવિક યોગબીજરૂપ બને છે.

અહીં જ માનસિક-વાચિક-કાયિક જિનોપાસનાને યોગબીજ કહ્યું, એના પર પ્રશ્ન થાય,

**પ્ર.**- કુશલ જિનચિંતન, જિનનમસ્કારાદિ તથા જિનપ્રણામાદિ એ ત્રણે ભેગા મળીને જ યોગબીજ બને ? કે પ્રત્યેક પણ યોગબીજ બની શકે ? દા.ત. જિનસ્તુતિ ન કરતા હોઈએ અને એકલું જિનચિંતન કરતા હોઈએ તો તે પણ યોગબીજ બને ?

ઉ.- શાસ્ત્ર કહે છે **'સામસ્ત્ય-પ્રત્યેક ભાવાભ્યાં યોગબીજં'** અર્થાત્

એ ત્રણ ચિંતનાદિ ભેગા મળીને પણ યોગબીજ છે; તેમજ એમાંના પ્રત્યેક પણ યોગબીજ છે; એટલે કે મોક્ષયોજક અનુષ્ઠાનનું કારણ છે.

(૧) અહીં માનસિક, વાચિક, કાયિક, ત્રણે પ્રકારની જિનોપાસના ભેગી મળીને યોગબીજરૂપ થાય, એમાં તો નવાઈ જ નથી. પરંતુ એ ત્રણમાંથી એકેક પણ યોગબીજરૂપ બને છે તે એટલા માટે કે, એટલું ય જો જીવનમાં લાવ્યા તો એ યોગદૃષ્ટિના બોધ-પ્રકાશથી જ લાવ્યા છીએ, અને એ આત્માને આગળ વધારી ત્રણે પ્રકારની યોગબીજ-સાધનામાં લઈ જાય છે. દા.ત. કોઈ જીવ કર્મવશ સાંસારિક બહુ જળોજથામાં અટવાયેલો પ્રભુના સ્તુતિ-સ્તોત્રો ભણવા નથી પામતો, કે જિનમંદિર જઈ પ્રભુને પ્રણામ પૂજાદિ કરવા નથી પામતો; પરંતુ જો એ વારેવારે જિનેન્દ્ર ભગવાનનું કુશળચિંતન કરે છે, તો શું એનું એ ચિંતન નિષ્ફળ જશે ? ના, એજ એને અવસર મળતાં વાચિક કાયિક જિનોપાસનામાં લગાડી દેશે.

એમ માનો કે જેને એટલો જિનચિંતન કરવા જોગો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ નથી, પરંતુ જે પ્રભુના સ્તુતિ સ્તોત્રો પ્રેમથી ભણે છે, તો એ એને જ્ઞાનાવરણનો ક્ષયોપશમ કરી આપી જિનચિંતનમાં લાવી મૂકે છે. એમ જે માત્ર કાયિક જિનોપાસના જ કરી શકે છે તેને પણ જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષયોપશમ જાગીને એ જિનચિંતનાદિ સુલભ કરી આપે છે. આમ જિનચિંતનાદિ પ્રત્યેક પણ યોગબીજરૂપ છે; ને એ હોવાનો એક હેતુ વિચાર્યો.

**પ્રત્યેકમાં પણ યોગબીજત્વનું બીજું સમાધાન :-**

આ તો એકેક યોગબીજ બીજા યોગબીજને ખેંચી લાવે એ દૃષ્ટિએ વાત થઈ.



પરંતુ **'યોગબીજ' એટલે યોગનું કારણ;** અર્થાત્ 'યોગ' એ મોક્ષ-યોજક અનુષ્ઠાન હોવાથી, અને એવાં યોગરૂપ અનુષ્ઠાન અધ્યાત્મ-ભાવના-ધ્યાન વગેરે હોવાથી, એ કહેવાય, ને એ બીજ અધ્યાત્માદિયોગનું કારણ બને છે. આ બીજોમાં જિનેષુ કુશલચિંતન વગેરે પ્રત્યેક બીજ પણ એટલે કે દા.ત. એકલી જિનેન્દ્ર દેવના કુશલ ચિંતનની માનસિક જિનોપાસના કરી શકતો હોય ને ખૂબ કરતો હોય, તોય તે અધ્યાત્મયોગ પામી શકે છે. એમ એકલી સ્તુતિ-સ્તોત્રાદિ વાચિક જિનોપાસના ખૂબ કરતો હોય, તો તેનામાં પણ અધ્યાત્મયોગ પમાડવાની તાકાત છે. છતાં

**એક યોગબીજથી કાર્ય થાય ત્યાં બીજા બે નકામા નથી.**

**પ્ર.**- માત્ર એકેક યોગબીજથી અધ્યાત્મયોગની પ્રાપ્તિ થઈ શકતી હોય, તો પછી ત્રણેય યોગબીજની સાધના શું કામ કરે ?

ઉ.- ત્રિવિધ જિનોપાસનાની સાધના એટલા માટે આવશ્યક સમજે છે કે એમાંની એકવિધ સાધના કરતી વખતે બીજી બે પ્રકારની સાધનાની ઉપેક્ષા ન થઈ જાય. એક પ્રકારની સાધના કરે છે તે જિનેન્દ્ર ભગવાન પરના પ્રેમથી કરે છે. ત્યારે જો ભગવાન પર પ્રેમ છે, તો શું એમના એકલા માનસિક ચિંતનનો તો આદર કરે, પણ વાચિક સ્તુતિ-સ્તોત્રાદિની પરવા ન કરે ? યા એમના કાયિક પ્રણામ-પૂજા વગેરે ઉપાસનાની પરવા ન કરે ? સંયોગવશાત્ બીજી બે પ્રકારની સાધના ન કરી શકે એ જુદી વાત; બાકી એના હૈયે તો એ બેઠેલી જ હોય.

**જેને ભગવાન ગમે છે એને ભગવાનનાં ચિંતને ય ગમે; સ્તુતિ સ્તોત્રાદિય ગમે અને પ્રણામ-પૂજાદિ પણ ગમે જ.**

માટે બાકીની બે પ્રકારની સાધના એના માટે નકામી નથી. અરિહંતદેવનો પ્રેમ, બહુમાન જાગતો રાખવા દ્વારા એ પણ ઉપયોગી છે. જિનેન્દ્ર દેવની એકવિધ સાધના કરતાં મનને થાય કે 'બીજી પણ સાધના ક્યારે કરું;' તો જ જિનેન્દ્રદેવ પર પ્રેમ ગણાય. જેમની સગાઈ થઈ એવા યુવક-યુવતિ પરસ્પરનું ચિંતન કરતાં ચાહે જ છે કે 'ક્યારે વાત કરવા પામું.'

બીજી વાત આ છે કે, કોઈ જીવવિશેષ એક જ પ્રકારની જિનોપાસના એને 'યોગ' અર્થાત્ અધ્યાત્મયોગ પમાડી દે એમ બને; પરંતુ સામાન્યથી જીવો માટે ત્રિવિધ જિનોપાસના જરૂરી જ છે. એનું કારણ એ છે, કે ભગવાનનું મનથી ચિંતન, વચનથી ગુણગાન બને કાયાથી પ્રણામ-પૂજાદિ ખૂબ સેવાતા જાય એટલે મન, વચન, કાયા, ત્રણેય પવિત્ર બને છે, અને ત્રણેયમાંથી એકેય બાહ્યમાં ન જવાથી અધ્યાત્મયોગ સુલભ બને છે. આમ ત્રણેય પ્રકારની ઉપાસના ભેગી મલીને (સામસ્ત્યેન) યોગનું કારણ કહેવાય. પરંતુ જીવવિશેષ એક પ્રકારની પણ જિનોપાસના



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

યોગ પમાડી શકે છે. તેથી એ દૃષ્ટિએ પ્રત્યેક ઉપાસના પણ યોગ-કારણ કહી શકાય.

**બેવડી સાવધાની : (૧) શક્યનો સંતોષ નહિ, ને (૨) અશક્યની ઉપેક્ષા નહિ.**

આ પરથી આ ખ્યાલ રાખવાનો, કે એક જ પ્રકારની જિનોપાસના બની શકતી હોય, તોય એનો સંતોષ નહિ માનવાનો, ને બાકીની બે પ્રકારની જિનોપાસનાની એવી ઉપેક્ષા નહિ કરવાની કે 'આ બે ન હોય તોય ચાલે;' કેમકે જિનોપાસનાની એવી ઉપેક્ષા કરવામાં જિનોપાસનાનો પ્રેમ ઘવાય; અને એ ઘવાય એટલે જિનેન્દ્રદેવ ઉપરનો પ્રેમ ઘવાય. ત્યારે મૂળ પાયામાં ભગવાન પરનો જ પ્રેમ જો ઘવાયો, તો પછી એમની સાધના-ઉપાસનાની કિંમત શી રહે ?

## • 'યોગબીજં અનુત્તમં' •

**જિનોપાસના કેમ શ્રેષ્ઠ યોગબીજ ? : ઉપાસનાનો વિષય શ્રેષ્ઠ છે માટે :-**

અહીં ગાથામાં આ જિનોપાસના સ્વરૂપ યોગબીજને 'અનુત્તમ' કહ્યું. 'અનુત્તમ' એ બહુવ્રીહિ સમાસ-પદ હોવાથી એનો અર્થ 'જેનાથી ઉત્તમ બીજું કોઈ નથી તે,' એવો થાય. અર્થાત્ બધાં યોગબીજોમાં આ જિનોપાસના એ શ્રેષ્ઠ યોગબીજ છે. અહીં ખાસ સમજવાનું આ છે કે બીજી 'આચાર્ય-વૈયાવચ્ચ' વગેરે સાધનાઓરૂપી યોગબીજો કરતાં આ જિનોપાસનારૂપી યોગબીજને જે ઉત્તમ શ્રેષ્ઠ કહ્યું, તે કોઈ ઉપાસનાની ક્રિયાની વિશેષતાને લઈને નહિ કિન્તુ એના વિષયની વિશેષતાને લઈને કહ્યું. જિનોપાસનાની ક્રિયાનો વિષય 'જિનેન્દ્ર ભગાવન' છે. આચાર્ય-વૈયાવચ્ચ આદિની ક્રિયાનો વિષય 'આચાર્ય આદિ' છે. એમાં વિષયભૂત આચાર્ય આદિ કરતાં જિનેન્દ્રદેવ એ ઉત્તમ છે, એ સ્પષ્ટ છે. એથી જ એવા ઉત્તમોત્તમ જિનેન્દ્રદેવની ઉપાસના પણ ઉત્તમ હોય શ્રેષ્ઠ હોય એમાં નવાઈ નથી.

**ઉપાસના કરતા ઉપાસ્યની મહત્તા :-**

પૂર્વે પણ જોઈ આવ્યા છીએ કે વંદન-પૂજા સન્માન-સ્મરણ-ધ્યાન વગેરે ઉપાસના બીજા દેવદેવી વગેરેની કરો એના કરતાં જો અરિહંત જિનેન્દ્ર ભગવાનની કરો, તો એનાં અમાપ અને અલૌકિક ફળ છે ! એ સૂચવે છે કે, તમારી વંદનાની ક્રિયાની મહત્તા કરતાં એ વંદનાદિ કોને કરો છો એ મહત્ત્વનું છે. અર્થાત્ ક્રિયા કરતાં ક્રિયાના વિષયની ખાસ મહત્તા છે, પ્રધાનતા છે. એટલે કે ઉપાસ્ય જિનેન્દ્ર ભગવાનની મહત્તા છે. કહો કે



**ઉપાસ્યની મહત્તાને લીધે જ ઉપાસનાની મહત્તા છે.**

**આ 'વિષયની મહત્તા' જો બરાબર ખ્યાલમાં લેવાય, તો બે લાભ,-**

(૧) સાધકને પોતાની સાધનાનું અભિમાન ન થાય; તેમજ

(૨) સાધનાના વિષયભૂત જિનેન્દ્ર-દેવનો અમાપ ઉપકાર ન ભૂલાય.

એટલે જ્યારે વંદનાદિના વિષયભૂત અરિહંતનો અપ્રતીમ અનન્ય ઉપકાર માનવો જ જોઈએ છે, તો પછી 'અરિહંત તો વીતરાગ છે, એ કશું કરે નહિ.' એવી વાહિયાત ભ્રમણામાં રહી અરિહંતનો અથાગ ઉપકાર માનવાનું ભૂલી જવાય છે, એ યોગ્ય નથી. આપણે મન, વચન કે કાયાથી જે કાંઈ શુભ કાર્ય કરીએ એમાં મુખ્ય ઉપકાર અરિહંત ભગવાનનો છે. ઉપાધ્યાયજી મહારાજ પ્રભુની સ્તવના કરતાં કહે છે,

**'મુખ્ય હેતુ તું મોક્ષનો'**

પ્રભુ ! તું મોક્ષનો મોક્ષ-સાધક કોઈ પણ યોગનો મુખ્ય હેતુ છે, અસાધારણ કારણ છે; કેમકે એ મોક્ષસાધક યોગની મહત્તા, એમાં વિષયભૂત તું પ્રધાન છે, માટે છે. અર્થાત્ હે વીતરાગ પ્રભુ ! તારા જ પ્રભાવે એ મહાન વંદનાદિયોગ મોક્ષ-સાધક બને છે. તારા બદલે જો સરાગી દેવની વંદનાદિસાધના કરું તો એ કાંઈ મોક્ષ-સાધક ન બને. એ ભગવાનનો જ પ્રભાવ એ જ ભગવાનનો ઉપકાર છે, ભગવાનની કરુણા છે, એટલે હવે જો પ્રશ્ન કરવામાં આવે કે,

**પ્ર.-** ભગવાન મોક્ષમાં બેઠા કરુણા કરે ?

**ઉ.-** તો આનું સમાધાન આ જ હોય કે, હા, ભગવાન મોક્ષમાં બેઠા પણ વંદનાદિ-શુભયોગમાં આલંબન બની મુખ્ય ઉપકાર મુખ્ય કરુણા કરે છે. ત્યાં જો એ પ્રશ્નના સમાધાનમાં હસી કઢાય કે 'હેં હેં હેં ! મોક્ષ પામેલા ભગવાન કરુણા કરે ? કેવી મૂર્ખાઈ ભરી માન્યતા ?' તો આ સમાધાન જૈન શાસ્ત્રોની અનભિજ્ઞતાનું સૂચક છે. જૈન શાસ્ત્રકારો જ્યારે સર્વે મોક્ષયોગમાં અરિહંત ભગવાનને અસાધારણ કારણ કહે છે, તો પછી એવા અરિહંત ભગવાનનો યોગ-સાધનામાં ઉપકાર ન માનવો, કરુણા ન માનવી, એ શું શાસ્ત્રાનુસારી કથન છે ? કે શાસ્ત્રવિરુદ્ધ કથન ?

અલબત (૨) મોક્ષમાં ભગવાનને ક્ષાયોપશમિક કરુણા નથી, પરંતુ એમ તો ભગવાન તીર્થ સ્થાપે છે, મોક્ષમાર્ગ આપે છે, ત્યારે પણ એમનામાં ક્ષાયોપશમિક કરુણા નથી, તો તેથી શું ભગવાને તીર્થ સ્થાપવાની ને મોક્ષમાર્ગ આપવાની કરુણા કરી એમ ન કહેવું ? કહેશો,



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

## ⑨ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**પ્ર.**- પરંતુ કરુણા કરી એમ કહેવું એ તો ઉપચારભાષા ને ?

ઉ.- તો ઉપચારભાષા કહીને શું તમારે જૈનેતર કાનજી મનમાં જવું છે ? એ જૈનેતર મત તો ભગવાનનો ઉપકાર નથી માનતો, ભગવાનની કરુણા નથી માનતો. ત્યારે જૈન મત તો કહે છે, ભગવાન મોક્ષમાર્ગના માત્ર ઉપદેશક તરીકે જ નહિ, કિન્તુ મોક્ષમાર્ગના દાતા તરીકે ય ઉપકારી છે, તેમજ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનની આરાધના તરીકે જિનોપાસનાના વિષય યાને આલંબન તરીકે પણ જિનેન્દ્રદેવ અનન્ય ઉપકારી છે. પછી ભલે મોક્ષમાં બેઠેલા ભગવાનનું આલંબન કર્યું, તો તે પણ ઉપકારી છે.

**આ આલંબન આપવાનો ઉપકાર એ ભગવાનની કરુણા જ છે.**

માટે જ ગણધર ભગવાન સ્તુતિ કરે છે, 'અભયદયાણં ચક્ખુદયાણં' 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' અર્થાત્ 'સિદ્ધ થયેલા પ્રભુ સિદ્ધ આપે ? હા, જો ન આપતા હોય તો આ વચન નિરર્થક ઠરે ! મોટા ગણધર મહારાજા નિરર્થક વચન બોલે નહિ, સિદ્ધ બનેલા પણ વંદનાદિ-સાધનાનો વિષય બનીને સિદ્ધિ આપે જ છે, ત્યારે તો અહીં સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જિનોપાસનાને સર્વોત્તમ યોગબીજ કહી તેમાં ઉપાસના કરતાં એના વિષયભૂત જિનેન્દ્ર દેવની જ પ્રધાનતા મહત્તા કહે છે; એ અણસમજનું નથી કહેતા. કેમકે, એમ પ્રભુને લઈને જ આ ઉપાસના ઉત્તમ યાને શ્રેષ્ઠ યોગબીજ બને છે. તો પછી એમાં જિનોપાસનાને સર્વપ્રધાન કહીને જિનેન્દ્ર દેવનો કેટલો બધો મુખ્ય ઉપકાર માન્યો ! **શાસ્ત્રકાર આ ઉપકારને કરુણા કહે છે. આમ સિદ્ધ ભગવાનની કરુણા જો શાસ્ત્રકારોને ઈષ્ટ છે, માન્ય છે,** તો એ કરુણાની ઠેકડી ઉડાડવી એ કેવું ઘોર પાપ ? ત્યારે જો જિનની ઉપાસનાને આપણા આત્માની ઉપકારક માનીએ છીએ, તો શું જિન આપણા ઉપકારક નથી ? કહો કે, મુખ્ય ઉપકાર જિનનો છે.

**ઉપાસના જિનની જ કરીએ છીએ, ઉપાસનાનો વિષય જિનને જ બનાવીએ છીએ, તો જ એ ઉપાસના ઉચ્ચ ફળદાયી બને છે, માટે જ જિનેન્દ્ર દેવનો પરમ ઉપકાર છે, પરમ કરુણા છે.**

એટલે જિનેન્દ્રદેવ મહાવીર ભગવાન અત્યારે મોક્ષમાં બિરાજમાન છે, છતાં એમની વિવિધ ઉપાસનામાં એ આલંબન આપવાની અનન્ય કરુણા કરી જ રહ્યા છે. એટલે જ સિદ્ધની કરુણાનો ઈન્કાર કરવો એ કૃતઘ્નતા છે.

**''चरमे पुद्‌गलावर्ते तथाभव्यत्वपाकतः ।**
**संशुद्धमेतन्नियमान्नान्यदापीति तद्विदः ॥२४॥''**

**વિવેચન :-**

સંશુદ્ધ યોગબીજનું ગ્રહણ ક્યારે બને ? એ માટે અહીં કહે છે, અ-ચરમાવર્તકાળમાં નહિ.

**'ચરમાવર્તકાળ'** એટલે છેલ્લો પુદ્‌ગલ પરાવર્તકાળ, સંસારમાં પુદ્‌ગલપરાવર્તો અનંતા વીતી ગયા, હવે જેને મોક્ષ પામવા પૂર્વે સંસારમાં એક જ પુદ્‌ગલ પરાવર્તકાળ બાકી છે, એ છેલ્લો ચરમ પુદ્‌ગલ પરાવર્તકાળ કહેવાય; એને સંક્ષેપમાં 'ચરમાવર્તકાળ' કહેવાય. કાળની 'પુદ્‌ગલ પરાવર્તકાળ' નામ એટલા માટે છે કે, એટલા કાળમાં જગતના પુદ્‌ગલોનો આવર્ત થઈ જાય છે.

**'પુદ્‌ગલોનો આવર્ત' એટલે ?**

અજીવ પુદ્‌ગલોની ૮ વર્ગણા છે. પુદ્‌ગલોના અણુ છુટા અણુ, દ્વયણુક, ત્ર્યણુક...વગેરે તો જીવને કશા કામમાં આવતા નથી, પરંતુ અનંતા અણુઓના સ્કન્ધ બને એ ઉપયોગમાં આવી શકે છે. આ સ્કન્ધને વર્ગણા કહે છે. કેમકે, એ સ્કન્ધોનું આઠ વિભાગમાં વર્ગીકરણ કરેલું છે, એટલે સ્કન્ધ એ જ વર્ગણા. દા.ત. ઔદારિક સ્કન્ધ, વૈક્રિય સ્કન્ધ... વગેરે. આમ સ્કન્ધોનું આઠમાં વર્ગીકરણ થયું હોવાથી એ સ્કન્ધોને ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા,... વગેરે કહે છે.

**જીવને ઉપયોગી પુદ્‌ગલની આવી આઠ વર્ગણાઓ છે.**

(૧) ઔદારિક વર્ગણા, (૨) વૈક્રિય વર્ગણા, (૩) આહારક વર્ગણા, (૪) તૈજસ વર્ગણા, (૫) ભાષ વર્ગણા, (૬) શ્વાસોશ્વાસ વર્ગણા, (૭) મનોવર્ગણા અને (૮) કાર્મણ વર્ગણા.

(૧) ઔદારિક વર્ગણામાંથી મનુષ્ય-તિર્યંચ (એકેન્દ્રિય પૃથ્વીકાયાદિથી માંડીને પંચેન્દ્રિય તિર્યંચ)ના શરીર બને છે. આમ માટી, પાણી, અગ્નિ, વાયુ, ઝાડપાન, વિકલેન્દ્રિય... એ પણ ઔદારિક વર્ગણાનાં શરીર છે.

(૨) વૈક્રિય વર્ગણાથી વૈક્રિય લબ્ધિથી મનુષ્ય તિર્યંચ દ્વારા બનાવાતા વૈક્રિય શરીર તથા દેવતા-નારકીનાં મૂળ શરીર બને છે.

(૩) આહારક વર્ગણાથી ૧૪ પૂર્વધર અને આહારક લબ્ધિધર મહામુનિ દ્વારા એ લબ્ધિથી આહારક શરીર બનાવાય છે. એમને ૧૪ પૂર્વશાસ્ત્રના ચિંતનમાં





E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ક્યારેક શંકા પડે, તો તેનું સમાધાન મેળવવા માટે, અથવા વિચરતા ભગવાનની સમવસરણની શોભા જોવા માટે, લબ્ધિથી આહારક શરીર બનાવી વિચરતા તીર્થંકર ભગવાન પાસે મોકલે છે. આ શરીર એટલા બધા સૂક્ષ્મ પુદ્‌ગલોનું બનેલું હોય છે, કે એ અહીંથી વચ્ચેના મોટા પહાડોમાંથી કાચમાંથી પ્રકાશ પસાર થાય એમ પસાર થઈ જાય છે, ને કામ કરી આવે છે.

(૪) તૈજસ વર્ગણાથી તૈજસ શરીર બને છે. એ સંસારી જીવની કાયમ સાથે જ હોય છે. તે આહાર પચાવવાનું તથા શરીરમાં ગરમી રાખવાનું કામ કરે છે.

(૫) ભાષા વર્ગણામાંથી જીવના કાયયોગ અને વચનયોગના બળે શબ્દ બને છે, જે ઉચ્ચારણરૂપે પ્રગટ થાય છે.

(૬) શ્વાસોશ્વાસ વર્ગણામાંથી જીવનો શ્વાસ અને પ્રાણ બને છે.

(૭) મનોવર્ગણામાંથી, ભાષા પુદ્‌ગલમાંથી શબ્દ બને એમ, કાયયોગ મનોયોગના બળે મન બને છે, જે વિચારણારૂપે હોય છે.

આ પરથી સમજાશે કે જેમ ઉચ્ચારણમાં આપણે સ્વતંત્ર છીએ ભાષા વર્ગણાના જેવા પુદ્‌ગલ લઈ પ્રિય કે અપ્રિય શબ્દ બનાવી શકીએ છીએ તેમ વિચારણામાં પણ સ્વતંત્ર છીએ આપણી ધારીએ તેવા મનો વર્ગણાના પુદ્‌ગલ લઈ સારી યા નરસી વિચારણા કરી શકીએ છીએ. અહીં આર્ય માનવભવે મળેલી આ એક કિંમતી લબ્ધિના સદુપયોગ જ કરવો જોઈએ.

(૮) કાર્મણ વર્ણગામાંથી કર્મ બને છે. આશ્રવ સેવન દ્વારા જીવથી એ વર્ગણા ગૃહીત થાય એટલે કર્મરૂપે બને છે, અને જીવ સાથે ચોંટી જાય છે. જેમ કપડા પર તેલના ડાઘાની ચિકાશ હોય તો પ્રતિ સમય વાતાવરણની રજ ખેંચાયા કરે ને કપડા સાથે ચોંટ્યા જ કરે છે, ને ડાઘો વિસ્તરે છે; એમ જીવમાં રાગદ્વેષાદિની ચિકાશ હોય તો પ્રતિસમય વાતાવરણમાંથી કાર્મણ વર્ગણાની રજ ખેંચાયા કરી જીવ સાથે ચોંટ્યા કરે છે, અને તે વખતે જ તે કર્મરૂપ બને છે. આ કર્મના જ્ઞાનાવરણ દર્શનાવરણ...વગેરે વિભાગ પડે છે, જે પાકે ત્યારે જ્ઞાન રોકવું વગેરે ફળ બતાવે છે.

આ વર્ગણાઓ ઔદારિક પછી વૈક્રિયથી માંડીને ઉત્તરોત્તર અનંત અનંત અણુઓ ઉમેરાઈને બનેલી હોય છે, પરંતુ માપમાં ઉત્તરોત્તર સૂક્ષ્મ સૂક્ષ્મતર હોય છે. આ જગતમાં કુદરતની જે વિચિત્રતા અજબ ગજબ જોવા મળે છે, એમાંની આ એક વિચિત્રતા સમજવી. બીજું સમજવાનું એ છે, કે આ વર્ગણાઓ અને એના અણુઓ સુદ્ધાં તે તે રૂપે શાશ્વત નથી. એમાં પરિવર્તનો થાય છે. અણુના



પણ રૂપ-રાગાદિ ગુણો પલટાઈને અન્યરૂપે થાય છે. દા.ત. ઔદારિક વર્ગણાનો મટી વૈક્રિય વર્ગણાનો યા કાર્મણ વગેરે વર્ગણાનો અણુ બને છે, પછી વર્ગણા પણ ઔદારિકની મટી વૈક્રિય વગેરેની થાય એમાં નવાઈ નથી.

**'પુદ્‌ગલ-પરાવર્ત કાળ' એટલે ?**

બસ, આ હિસાબે અહીં પુદ્‌ગલ-પરાવર્ત આ રીતે સમજવાનો છે કે, કોઈ એક જીવ જગતના સઘળા ય ગ્રાહ્ય પરમાણુઓને ઔદારિક વર્ગણારૂપે ભોગવે, સઘળાયને વૈક્રિયરૂપે ભોગવે, એમ આહારક સિવાયની તૈજસ વગેરે રૂપે ભોગવતા વિશ્વના સમસ્તે સમસ્ત ગ્રાહ્ય પુદ્‌ગલ અણુઓ સાતે વર્ગણારૂપે ભોગવાઈ જાય. એમાં જે કાળ લાગે તેને **'બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત'** કહે છે. આ બાદર આવર્તમાં તો કોઈ નિયત જીવને અમુક અણુ ઔદારિકરૂપે ભોગવાયા પછી, એ જો કુદરતની વિચિત્રતાથી દા.ત. તૈજસરૂપે બનીને જીવના ભોગવટામાં આવ્યા, તો એટલા અણુના સાતે વર્ગણારૂપે બનીને ભોગવવાના હિસાબમાં તૈજસરૂપે બનીને ભોગવટાની ગણતરીમાં આવી ગયા; પરંતુ **'સૂક્ષ્મદ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત કાળ'** નો હિસાબ એવો છે કે, એક કોઈ નિયત જીવ વિશ્વભરના ગ્રાહ્ય સમસ્ત અણુઓને પહેલાં માત્ર ઔદારિકરૂપે ભોગવી લે, પછી સમસ્તને વૈક્રિયરૂપે ભોગવી લે, પછી સમસ્ત અણુને તૈજસરૂપે,...એમ આહારક સિવાયની સાતે વર્ગણારૂપે ક્રમસર ભોગવતાં છેલ્લે કાર્મણ વર્ગણારૂપે સમસ્તને ભોગવી લે, એમાં જે કાળ લાગે તે 'સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તકાળ' કહેવાય. આમાં એક કોઈ નિયત જીવની દૃષ્ટિએ એને એના એજ અણુઓના મફતિયા આવર્ત કરવા પડે. મફતિયા આવર્ત એટલે એના એ ઔદારિકરૂપે ફરી ફરીને આવર્ત યાને પુનરાવર્તન પામી પામીને ભોગવવાનું બને, પરંતુ એ કાળ સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્તકાળ માપવાના લેખામાં ન ગણાય.

સારાંશ, આ એક જ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તકાળ બનવાનું શે બને ? એટલે એનો જંગી કાળ કેટલો બધો કલ્પનાતીત મોટો ? સંસારમાં ભટકતા જીવને આવા પણ અતિ જગી પુદ્‌ગલ પરાવર્તકાળ અનંતાનંત વીતી ગયા ! જીવને એ સમસ્ત અ-ચરમાવર્તકાળમાં ક્યાંય સંશુદ્ધ 'યોગબીજ' જિનોપાસના વગેરેની પ્રાપ્તિ ન થઈ. અલબત જીવે એ કાળમાં અનંતવાર ચારિત્ર લીધાં પાળ્યાં, તો એમાં જિનોપાસના વગેરે યોગબીજો સેવ્યાં ખરા, પરંતુ તે અશુદ્ધ આશયથી એટલે મલિન સેવ્યા. જેને ખરેખર યોગબીજ યાને યોગ-કારણ જ ન કહેવાય.

વિશુદ્ધ આશય ચરમાવર્તકાળમાં આવીને મોક્ષદૃષ્ટિ જાગ્યા પછી જ પ્રાપ્ત થાય; અને એવા આશય અનંતાનંત પણ અ-ચરમાવર્તકાળમાં ક્યારેય જાગતો જ નથી. એ તો ચરમાવર્તકાળમાં જ જાગે છે. તેથી અહીં કહ્યું, 'એવા વિશુદ્ધ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

આશયવાળાં યોગબીજ ચરમાવર્તકાળમાં જ આરાધવા મળે છે.'

**તથાભવ્યત્વ-પરિપાક :-**

સંશુદ્ધ યોગબીજ, ચરમાવર્તકાળમાં પણ આવવા માત્રથી પ્રાપ્ત ન થાય, કિન્તુ એમાં પણ તથાભવ્યત્વનો પરિપાક થાય ત્યારે પ્રાપ્ત થાય. તથાભવ્યત્વ એ વૈયક્તિક ભવ્યત્વ છે. સામાન્યથી બધા ભવ્યોમાં ભવ્યત્વ યાને મોક્ષ યોગ્યતા સરખી હોય; પરંતુ એ મોક્ષ પામવાની યોગ્યતા વિશેષરૂપે દરેક દરેક ભવ્યમાં જુદી જુદી જાતની હોય; કેમકે એ વિશેષ યોગ્યતા પાકે છે તે વ્યક્તિ-વ્યક્તિએ (૧) જુદા જુદા કાળે પાકે છે, (૨) જુદા જુદા નિમિત્ત પામીને પાકે છે, તેમજ (૩) આરાધનાના જુદા જુદા પ્રકાર સેવીને, અને (૪) જુદા જુદા વેગથી પાકે છે. કોઈ કોઈને ઝટપટ પાકે, તો કોઈને ધીરે ધીરે પાકે. આ સૂચવે છે કે, મૂળમાં દરેકમાં યોગ્યતા વિશેષરૂપે જુદી જુદી હોય, દા.ત. મહાવીર ભગવાન પ્રથમ ભવમાં ગામમુખી નયસાર, તે સહેજ વાતમાં જંગલમાં સમ્યક્ત્વ પામ્યા ! તેય એવું જોરદાર કે પછી એ ત્રીજા ભવે ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિ બનીને એમને પ્રભુનું સમવસરણ જોવા માત્રમાં વૈરાગ્ય થયો ! અને ત્યાં જ ચારિત્ર પામ્યા ! આ કેવી વેગબંધ પ્રાપ્તિ ! પરંતુ ત્યાં પાછા એ જ ભવમાં પડ્યા તો બંને ગુમાવ્યું. ભવોના ભવો સુધી જૈન ધર્મ જ ન પામ્યા ! આવી પરિસ્થિતિ જોતાં માનવું પડે કે, મૂળમાં એમનું ભવ્યત્વ અર્થાત્ મોક્ષગમન-યોગ્યતા જુદી જ ભાતની, તે એનો પાક આવા ચોક્કસ રૂપના કાળે, એવા એવા પ્રકારે, અને તે તે કાળે ઉત્થાન પામીને થાય. આમ જીવે જીવે તથાભવ્યત્વ જુદા જુદા રૂપનું હોય.

**તથાભવ્યત્વ પકવવાનાં ૩ સાધન**

ભવ્યત્વ કહો, તથાભવ્યત્વ કહો, એ કાર્યની યોગ્યતા છે એ એમ ને એમ પડી રહેલી કાર્ય ન કરે, પરંતુ કાર્ય થવા માટે યોગ્યતાઓ પાકતા જવું જોઈએ. ચોખામાં ભાત બનાવાની યોગ્યતા છે પરંતુ ચોખા પાકવા માંડે તો અંતે પૂર્ણ પાકી જતાં મોક્ષ થાય. અગ્નિ અને પાણીથી જેમ ચોખા પાકતા જાય એમ તથાભવ્યત્વનો ૩ સાધનથી પરિપાક થતો જાય આ તથાભવ્યત્વનો પરિપાક થતો જાય તેમ તેમ આત્માને હિતકર વસ્તુ સદ્ગુણો આદરાતા જાય, સદનુષ્ઠાનો આચરાતા જાય, ને સુકૃતો સધાતા જાય.





# (૧૦) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

યોગદૃષ્ટિ ચરમાવર્તકાળમાં અને તથાભવ્યત્વના પરિપાક પર પ્રાપ્ત થવાનું કેમ કહ્યું ? આટલા જ માટે, કે અચરમાવર્તકાળમાં સદા અને ચરમાવર્ત વખતે પણ તથાભવ્યત્વ અપકવ હોય ત્યાંસુધી જીવને એકલી મોહદૃષ્ટિ હોય છે. મોહદૃષ્ટિ યોગદૃષ્ટિને ન આવવા દે. એ તો જ્ઞાનદૃષ્ટિ આવે તો જ યોગદૃષ્ટિમાં પ્રવેશ મળે.

**મોહદૃષ્ટિ માત્ર બાહ્ય શરીર ઇંદ્રિયોને અને એના જ હિતને જોનારી હોય છે.**

**જ્ઞાનદૃષ્ટિ અંદરવાળા આત્માને અને એનાં હિતને જોનારી હોય છે.**

**અત્યંત ઉપાદેયબુદ્ધિનો પ્રભાવ :-**

મોહદૃષ્ટિ અનાદિની ચાલી આવે છે. એ બહુ ખંધી છે. આમ તો જ્ઞાનદૃષ્ટિ જાગે એટલે મોહદૃષ્ટિ દબાય; પરંતુ જ્ઞાનદૃષ્ટિ જગાડ્યા પછી પણ જો મોહદૃષ્ટિ ઊઠવા દીધી, તો જ્ઞાનદૃષ્ટિ ક્ષણવાર માટે અદૃશ્ય થઈ જવાની. દા.ત. પ્રભુનું દર્શન કરતાં કરતાં જો પોતાનાં કે બીજાનાં કપડા પર નજર ગઈ, તો જ્ઞાનદૃષ્ટિ ઊડી સમજો. ત્યાં મોહદૃષ્ટિ જાગવાની. પરંતુ જો દર્શન-સાધના અત્યંત ઉપાદેયબુદ્ધિથી કરાતી હોય, તો પછી બીજામાં મન જાય જ નહિ. અરે ! વિઘ્ન પણ આવે, તો ય પાછા ન પડાય; કેમકે સમજ છે કે 'આ સાધના તો મારે જો ઊછળતી પ્રીતિભક્તિનાં રાગથી થઈ રહી છે, તો એ તો મારે ભાવિ અનંતાકાળ સુધારનારી છે ! એની પ્રીતિભક્તિનો રાગ એ દુન્યવી વિષયની પ્રીતિભક્તિ સામે મહાન મૂડીરૂપ બની રહેલ છે. એનાથી ઊભા થતા ઢગલો શુભ અનુબંધ (સંસ્કાર) ભાવિ ભવોમાં ધર્મનો સહજ પ્રીતિરાગ-ભક્તિરાગ ઊભો કરશે.' આમ અત્યંત ઉપાદેયબુદ્ધિના પ્રભાવે વિઘ્નોની સામે પોતાની સાધનામાં નિશ્ચળતા રહેવાની.

**(૨) સંજ્ઞાની અટકાયત**

યોગબીજની સાધના અને તદનુસાર કોઈ પણ ધર્મ-સાધના સંશુદ્ધ આરાધવી હોય, તો પહેલી શરત, પહેલો ઉપાય આ કહ્યો કે સાધના અત્યંત ઉપાદેયબુદ્ધિથી આરાધાય. હવે બીજી શરત બીજો ઉપાય આ કહે છે, કે

**સાધના વખતે આહારાદિ પાપસંજ્ઞાઓની અટકાયત રખાય;**

આહારસંજ્ઞા વગેરે સાધનાકાળમાં ઊઠવી ન જોઈએ અર્થાત્ ચાલુ સાધનામાં



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

પાપસંજ્ઞાની દખલગીરી ન જોઈએ. નહિતર એ સાધનામાં ચિત્તની તન્મયતા, સાધનાનો રંગ અને જોસ બગાડી નાખે. સાધના સ્વચ્છ પાણી જેવી છે, પરંતુ સંજ્ઞાઓ એમાં મેલા રંગના ભૂકા જેવી છે. પાણીમાં મેલો રંગ પડે, પાણી બગડી જાય.

સંજ્ઞાઓ દશ પ્રકારની છે. એના માટે આ મહર્ષિ વચન છે, કે-

"ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહાવીર પરમાત્માને પૂછે છે કે **'ભગવન્ ! સંજ્ઞાઓ કેટલા પ્રકારની ?'**

ભગવાન કહે છે, 'ગૌતમ ! આહારાદિ દશ પ્રકારની સંજ્ઞાઓ છે. તે આ રીતે, કે-

આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા, માયાસંજ્ઞા, લોભસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા."

આ સંજ્ઞાઓ એટલે તેની ખણજ છે, લગન છે, લાગણી છે, લેશ્યા છે. દા.ત. જમી લીધા પછી મોંમા મુખવાસ મમરાવવાની લગન એ આહારસંજ્ઞા છે.

## • ૧૦ સંજ્ઞાઓની ઓળખ •

(૧) **આહારસંજ્ઞા એટલે** ખાવાની ખણજ... ખાવાની લેશ્યા. ભલેને ખાઈને પેટ ભરાઈ ગયું હોય, તો પણ પછી બે ગરમાગરમ ભજિયાં આવ્યા તો એ ખાવાનું મન થઈ જાય; અથવા સ્નેહીનો માણસ આવી કહે છે,- 'ચાલો જમણ છે, તમને બોલાવ્યા છે,' તો મનને ખેદ થાય કે 'હાય ! વહેલા ક્યાં ખાઈ લીધું ? હવે જમણમાં જઈને શું ખવાય ?' આ વિચાર ખાવાની લગનના લીધે આવે છે.

અથવા ઉપવાસ હોય ને મનને દીનતા થાય કે, 'આજે ખાવાનું નથી,' તે સવારથી મોં પર સુસ્તી આવે. આ બધું આહારસંજ્ઞાની લપ છે. ત્યાં મનને એમ ન થાય કે, 'હાશ ! સારું થયું જમી લીધું. હવે ભજિયાની કે જમણની ગુલામી નહિ કરવી પડે.' 'એ સારું થયુ કે ઉપવાસ છે, તે આજે આહારસંજ્ઞાની ગુલામી ટળી !' ના, જીવને આહારની સંજ્ઞા ચાલુ રહેવામાં કે સંજ્ઞા ઊઠવામાં કશું ખોટું લાગતું નથી ! એટલે જ ધર્મસાધના પ્રભુભક્તિ કરતો હોય, માળા ગણતો હોય, ત્યાં મૂઢ મન વચ્ચે વચ્ચે યાદ કરે છે કે, 'હવે જમવાનો ટાઈમ થઈ ગયો છે.' એમ સત્તરભેદી પૂજા હોય ત્યાં ખુશી માને કે 'ચાલો ૧૮ મો ભેદ જમણનો ય રાખ્યો છે, સારું થયું. !' એમ,

(૨) **ભયસંજ્ઞામાં** ધર્મસાધના વખતે મનમાં કોઈ ને કોઈ ભય સ્ફુરી આવે. દા.ત. 'મંદિર બહાર જોડા મૂક્યા છે, તે કોઈ ઊપાડી તો નહિ જાય ?'... યા



'તપસ્યામાં શરીરના લોહી માંસ સુકાઈ તો નહિ જાય ?' અથવા 'પોષધ પ્રતિક્રમણ કરવા જાઉં છું તો મને કોઈ ભગતડો યા ધરમઘેલો તો નહિ કહે ?'... 'દાન કરું છું પણ તકતી નહિ લાગે તો ?'.... આવા આવા મનને ભય રહે. પૈસા તિજોરીમાં બરાબર મૂક્યા છે છતાં ચોરાવાનો ભય ધંધો મંદ પડવાનો ભય શરીર બગડી જવાનો ભય... આવા કેટકેટલા ભય એ ભવસંજ્ઞાને લીધે છે. સાધના વખતે એ અટકાવવી જોઈએ.

(૩) **મૈથુસંજ્ઞા યાને વિષયસંજ્ઞા એટલે** મનગમતા રૂપ, રસ, સ્પર્શ વગેરેની ખણજ, એના તરફ ઝોક. પ્રતિક્રમણ કરતો હોય અને મનને થાય 'પેલી બારી ખૂલે તો સારું, પવન આવે,' અથવા 'હાશ બારી પાસે જગા મળી, સારું થયું ! પવન ઠંડો સારો આવે છે' શાસ્ત્ર-સ્વાધ્યાય કરતો હોય ને મધુરા સંગીત વાજિંત્રનો સૂર આવે તો મન એમાં જઈ આનંદ અનુભવે; યા સાધના વખતે સ્ત્રી દેખી એનાં રૂપ કે અંગોપાંગ તરફ આકર્ષાય. આ વિષયસંજ્ઞા કરાવે છે. ધર્મસાધના વખતે એ અટકાવવાની.

(૪) **પરિગ્રહસંજ્ઞામાં** ધર્મસાધના વખતે મનને એમ થાય, કે 'આમાં બહુ ખરચો નથી કરવો'... 'મોટા તપમાં યા ઉપધાનમાં પ્રભાવના સારી મળવાની છે'...'આજે પોષધ છે તો દુકાને કમાવાનું રહી જશે, પણ કાલે વધારે કમાઈ લઈશ'... વગેરે.

(૫) **ક્રોધાદિ કષાયોની સંજ્ઞા** એવી, કે ધર્મસાધના વખતે સહેજ સહેજમાં ક્રોધ, અભિમાન વગેરે ઊઠી આવે. દા.ત. પોતે પ્રભુનાં દર્શન કરવા ઊભો છે, ને વચમાં કોઈ આડુ આવ્યું, પોતાને પ્રભુ દેખાતા બંધ થયા, ત્યાં મનને ગુસ્સો ચડી આવે કે 'આ કેવો નાલાયક છે કે બીજાનાં દર્શન ઢાંકે છે !' પોતે સ્તવન ગાતો હોય પછીથી બીજાએ સારા કંઠે સ્તવન ઉપાડ્યું, ત્યાં એના પર અરુચિ થાય. એ ક્રોધસંજ્ઞા કરાવે છે.

(૬) **માનસંજ્ઞામાં** ધર્મસાધના વખતે દા.ત. સાધર્મિક જમણ જમાડતાં મનને એમ થાય, કે 'પેલાના જમણને આંટી મારું.' સાધુ વ્યાખ્યાન કરતો હોય ત્યાં એને ય એમ થાય, કે 'બીજાનાં વ્યાખ્યાન ભુલાવી દઉં.' આ માનસંજ્ઞાનું નાટક છે.

(૭) **માયાસંજ્ઞામાં** ધર્મ કરતી વખતે એક યા બીજા પ્રકારની માયા ખેલાય. દા.ત. તપશક્તિ વધારે હોય, પણ ઓછો તપ કરી બહુમાં ખપાવે, યથાશક્તિમાં ખપાવે. સુકૃતમાં પૈસા કોઈના હોય, પણ પોતે જશ લે, કે 'મેં પૈસા સારા ખરચ્યા.' પોતાના ઘર દેરાસરની આવક હોય ને બહારગામ બીજા દેરાસરમાં પોતાની રકમ તરીકે ભેટ મોકલે. આવું માયાસંજ્ઞાનું તોફાન છે. ચાલાકી વાપરી



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સારો દેખાવવાનું કરે એ માયાસંજ્ઞા કરાવે છે.

(૮) **લોભસંજ્ઞામાં,** ધર્મસાધના કરતી વખતે એક યા બીજા પ્રકારના માનપાન યા પૈસા-ચીજ-વસ્તુનો લોભ ઊઠે, લોભના યા તૃષ્ણાના કે મમતાના વિચાર આવે. દા.ત. 'પૂજા ભણાવું છું, યા જમણ જમાડું છું, પણ જશ મળે તો સારું,'... 'તપસ્યા કરું છું, સોલ પહોરી પોષણ, ઉપધાન કરું છું, પણ પ્રભાવના સારી મળે તો સારું,...' 'પુસ્તકો બહાર પાડું, સંસ્થા સ્થાપું ને મારા ભક્તો વધી જાય, અહીં યશ ને બહાર કીર્તિ ફેલાય તો સારું,'... આ બધા લોભ સંજ્ઞાના ખેલ છે.

(૯) **ઓઘસંજ્ઞા** એટલે ગતાનુગતિકતા. ધર્મ-સાધના કરે પણ એમાં વિધિ-વિધાન વગેરે જાણવા-આદરવાની કશી ગરજ ન હોય. બીજા અજ્ઞાનીઓ કરે છે તેમ ચીલાચીલે કર્યે જાય. આત્મહિતનો ય વિચાર નહિ કે 'આ સાધના કરું ને મારા આત્માનું હિત થાય.' એ તો રાબેતા મુજબ કર્યે જાય. તાત્પર્ય, નિર્વિચાર સાધના; એ ઓઘસંજ્ઞાનું કાર્ય છે.

(૧૦) **લોકસંજ્ઞામાં,** ધર્મ કરે પણ લોકની વાહવાહ લેવા પૂરતો કરે, લોકોમાં સારા દેખાવા કરે, લોકોને સારું મનાવવા ધર્મ કરે; અથવા સાધના અંગે શાસ્ત્ર શું કહે છે તે ન જુએ, પણ લોકો કેમ ચલાવે છે એના આધારે પોતે ચલાવે. આ લોકસંજ્ઞાની ગુલામી છે.

આ દસેય પ્રકારની સંજ્ઞાઓ પાપસંજ્ઞાઓ છે, ધર્મસાધનાને અને સાધનાની આંતરિક પરિણતિને એ બગાડી નાખે છે. માટે અહીં સંશુદ્ધ-વિશુદ્ધ સાધના માટે આ બીજી શરત મૂકી, બીજો ઉપાય મૂક્યો, કે સંજ્ઞાઓની અટકાયત જોઈએ.

**સંજ્ઞાની અટકાયત શી રીતે કરવી ?**

સંજ્ઞાની અટકાયત કરવા માટે આ વિચારવું, કે (૧) શાસ્ત્રકાર 'યોગબીજની સાધના આપણે વિશુદ્ધ કંચન જેવી કરીએ'- એમ ઇચ્છે છે; તેથી આપણે એવી જ કરવી જોઈએ, ને એ માટે શાસ્ત્રે કહ્યા પ્રમાણે સંજ્ઞા અટકાવવી જ જોઈએ.'

(૨) વળી એમ વિચારવું કે 'આપણે યોગબીજની સાધના કરી યોગસાધનામાં જઈ અંતે વીતરાગ થવું છે. વિષય-કષાય-મુક્ત થવું છે, તો સાધનાની વચમાં કષાયોની અને કષાયના નિમિત્તભૂત વિષયોની લાગણી લગન કેમ લવાય ? મારા ભગવાને રુડા માનવ અવતારે, કષાયો અને વિષયો આત્માનું નિકંદન કાઢનારા હોવાથી આમે ય સેવવાની ના પાડી છે, તો ધર્મસાધનામાં તો મારે એ ખાસ નહિ સેવવા.'

(૩) વળી આત્માની ધિટ્ઠાઈ નિર્લજ્જતા વિચારવી. દા.ત. 'જ્યારે પ્રભુભક્તિ કરતો હોઉં, ત્યારે પ્રભુની સમક્ષમાં જ વિષય-કષાયો સેવું ? તો એ



મારી કેટલી બધી ધિટ્ઠાઈ ! કેમ જાણે 'પ્રભુ ! તમે ભલે ના પાડી, પણ હું તો અહીં તમારી સમક્ષ પણ એ સેવવાનો, એવી ધૃષ્ટતા-બેઅદબી-નિર્લજ્જતા કરું ? ના, સંજ્ઞાને તો યોગ્ય શુભ વિચારથી પહેલેથી જ અટકાવી દઉં. દા.ત. સાધના વખતે,-

(૧) **આહારસંજ્ઞા રોકવા વિચાર :-** આહારસંજ્ઞા ઊઠી તો એમ વિચારું, કે-

**'ભૂંડા જીવ ! આત્માના હિતની સાધના લઈ બેઠો ત્યાં કુટિલ કાયાના હિત જોવાનાં ?**

**પવિત્ર સાધના વખતે તુચ્છ ખાવાપીવાનું શું વિચારે ?**

**પ્રભુનાં ભજન વખતે પાપી ભોજનકથા ?**

આ સંસારમાં પૂર્વભવોમાં અને આ ભવોમાં પણ કેટલું ખાધું ને પીધું ? તો એની તૃષ્ણાનો અંત આવ્યો ? આ જ જનમમાં ૪૦ વર્ષોમાં રોજની ૪-૪ રોટલી લેખે લગભગ ૫૬ હજાર તો રોટલીઓ ખાઈ નાખી ! ને રોજના ૪ લીટર પાણીના હિસાબે ૫૬ હજાર લીટર પાણી પી નાખ્યું ! છતાં ખાનપાનની લગન ન મટી, એવી રાક્ષસી લગનને અહીં પવિત્ર આત્મહિતની સાધનાની વચ્ચે લાવે ?'

(૨) **ભયસંજ્ઞાને અટકાવવા** એમ વિચારવું કે, 'આત્મહિતની સાધનાનાં અમાપ ફળની આગળ પૌદ્‌ગલિક ચીજ-વસ્તુ જેનો તું ભય રાખે છે, એ તુચ્છ છે. તુચ્છના ભયથી લાખો રૂપિયાની સાધના શા માટે કલુષિત કરું ? એમાં તો સાધનાના મહાલાભના ટકા કપાઈ જશે.'

(૩) **વિષયસંજ્ઞા રોકવા એ** વિચારાય, કે વિષયોની સેવા તો આત્માની ભાવશત્રુભૂત ઇંદ્રિયોને સાલિયાણાં છે.

શાસ્ત્રો ઇંદ્રિયોને ભાવશત્રુ કહે છે. શત્રુને સાલિયાણાં ભરાય ? એથી તો શત્રુ પગભર રહી આપણું નિકંદન કાઢતો જ રહે ! વળી (૨) જો આત્માની હિતસાધનાથી સંસારથી તરવું છે, તો એ સાધના વખતે સાંસારિક વિષયો મનમાં લેવાય ? એથી તો સંસારથી ઉદ્ધાર કરનારી વૈરાગ્યભાવના મોળી પડી જશે, નિસ્સાર બની જશે ! તો તારો ઉદ્ધાર ક્યારે ? ક્યાં ? કેવી રીતે ?

**દુન્યવી વિષયોના રસ અને રંગે રંગાયો જીવ ભવમાં ભટકી રહ્યો છે.** એ રસ-રંગ ઓછા કરવા તો ધર્મસાધનાથી ધર્મના રસ અને રંગ ઊભા કરવા છે.

**'ધર્મ સાધતી વખતે પણ વિષયના રસ-રંગ પોષીશ, તો પછી ધર્મના રસ-રંગ ક્યારે ઊભા કરીશ ? કયા જન્મારે વિષયોના રસ અને રંગ મોળા પાડી શકવાનો ? આવા હૃદયસ્પર્શી વિચારથી વિષયસંજ્ઞાને મોળી પાડી શકાય.**

(૪) **પરિગ્રહસંજ્ઞા અટકાવવા માટે** પણ એમ વિચારાય, કે 'ક્રોડોની કિંમતની



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

આ રત્ન જેવી ધર્મસાધના વખતે તાંબિયા પૈસા તુલ્ય પરિગ્રહમાં શું મોં ઘાલવું ? બોલે છે ને ?- **"પત્થર જેવા પૈસા, ને સોના જેવા પ્રભુ ! બોલો તમને કોણ પ્યારું, પૈસા કે પ્રભુ ?"** ચક્રવર્તીઓએ છ ખંડની સમૃદ્ધિ છોડી સંયમ સ્વીકાર્યા છે, ને શાલીભદ્રે દેવતાઈ નિત્ય નવી ૯૯ પેટીઓના વૈભવ છોડી ચારિત્ર લીધા છે, તો તું ધર્મસાધના વખતે તુચ્છ પરિગ્રહની સંજ્ઞા ન છોડી શકે ?' આમ સમજાવીને મન પરિગ્રહમાંથી વાળી લેવાય.

**નિદ્રાસંજ્ઞા કેમ અટકે ? :-**

એમ, નિદ્રાસંજ્ઞા પણ ધર્મસાધનામાં દખલ કરતી હોય, દા.ત. માળા ગણતાં કે પ્રતિક્રમણ વખતે મનને એમ થાય, કે 'આ ઝટ પૂરું કરીને સૂઈ જવું છે, આરામ કરવો છે,' તો એ સંજ્ઞા રોકવા એમ વિચારાય, કે-

**'અરે ! આ સાધનાના આત્માનંદમાંથી હું નિદ્રાની લગન રાખી પુદ્ગલના પાપાનંદમાં ક્યાં પેઠો ?**

ભગવાન ઋષભદેવસ્વામી ચારિત્ર લઈને એક હજાર વર્ષ સુધી દિવસે કે રાતે જમીન પર પલાંઠી મારીને બેઠા નથી ! ત્યાં સૂવાની કે આરામની વાત નહીં. હજાર વરસ મોટા ભાગે કાઉસ્સગ્ગધ્યાનમાં ખડાખડા રહ્યા છે. તો હું આટલી ટૂંકી ધર્મસાધનામાં નિદ્રા આરામીની ભાવના વિના ન રહી શકું ?' ધર્મસાધનામાં પણ એની સામે નિદ્રા-આરામીની ભાવના એ સાધના કરતાં પણ નિદ્રા-આરામીના વધુ પડતા રાગને સૂચવે છે. તો,

**નિદ્રાસંજ્ઞા એના ગાઢ સંસ્કાર-ગાઢ અશુભાનુબંધ પાડશે ? એ લઈને તું ક્યાં જઈશ ?**

એના કેવા કટુ વિપાક ? ને એ મને ભવાંતરે શી રીતે આત્માના આનંદમાં કે ધીખતી ધર્મસાધનામાં ઠરવા દેશે ? અરે ! આ સંજ્ઞાઓના સંસ્કાર ભયંકર ધર્મરુચી જ મહિ જાગવા દે !...' ઇત્યાદિ વિચારીને નિદ્રાસંજ્ઞા અટકાવાય. એમ

**(૫) ક્રોધસંજ્ઞા અટકાવવા**

(i) સામાને ન્યાય અપાય, કે એના સંયોગોમાં કર્યું તે બરાબર છે.

(ii) ઉપબૃંહણા થાય. દા.ત. આપણા પ્રભુદર્શને કોઈ આડે આવી ઊભો, ત્યાં વિચારાય, કે 'એને પણ પ્રભુદર્શનનો હક છે. સારું થયું દર્શન કરે છે !... વળી

(iii) ઉપબૃંહણામાં 'જગતના ક્રોડો જીવો દુનિયામાં દર્શનમાં પડ્યા છે. ત્યારે આ ભાગ્યવાન છે, કે પ્રભુનાં દર્શને આવ્યો છે !' એમ એની ઉપબૃંહણા થાય.



સામાના ધર્મની ઉપબૃંહણા-સમર્થન-અનુમોદના એ સમ્યગ્દર્શનને પમાડનાર ને નિર્મળ કરનાર એક આચાર છે.

દર્શનમાં કોઈ આડે આવ્યો ત્યારે આ ઉપબૃંહણા કમાવાની તક મળી, સમ્યક્ત્વ નિર્મળ કરવાની તક મળી તો

ઉપબૃંહણાનો એ શુભ અધ્યવસાય કમાવાનો મૂકી કષાયનો મલિન અધ્યવસાય કોણ કરે ?

## • પ્રભુનું આંતરિક દર્શન •

(iv) બીજી રીતે એમ વિચારાય, કે 'ચાલો ભાઈ આડે આવ્યા તો હું આંખ મીંચી પ્રભુનું માનસિક દર્શન કરું. એમાં 'મેં ખુલ્લી આંખે દર્શન કેવાં કર્યા અને પ્રભુની મુખમુદ્રા કેટલી યાદ રહી, એનું પારખું થશે' આમેય પ્રભુનાં ખરેખર દર્શન કરવા હોય, તો પહેલાં ૧-૧ાા મિનિટ પલકારા માર્યા વિનાની આંખે પ્રભુને બરાબર જોઈ લેવા. પછી આંખ મીંચી મનથી જાણે હુબહુ પ્રભુને જોવાના. બાહ્ય દર્શન કરતાં એમ આંતરિક દર્શન કરવામાં આ વિશેષતા છે, કે બાહ્યદર્શનમાં પ્રભુ સિવાય આજુબાજુનું પણ દેખાયા કરે છે; ત્યારે આંખી મીંચી એટલે એ બધું દેખાતું બંધ થયું ! હવે આંતરિકમાં તો આપણે ધારીએ એટલું જ દેખાય. તેથી જો આપણે સામે માત્ર પ્રભુ ધારીએ તો પ્રભુ જ દેખાય, અને બીજું બધું બહારનું દેખાતું બંધ થઈ જાય. બાહ્ય કે આંતરિક દર્શનમાં ખાસ જોવાની છે પ્રભુની ચક્ષુ, ચક્ષુમાંય કીકી, અને કીકીમાંય નિર્વિકારતા ઉદાસીનતા જોવાની. આમ આંખ મીંચી અંદરમાં દર્શન કરવા માંડીએ ત્યાં બહારના આડે ઊભેલા પર ગુસ્સો કરવાની જરૂર જ ન રહે. બલ્કે એ ઉપકારી લાગે કે એણે આપણને આંતરિક દર્શનની તક આપી !

**બાહ્ય ક્રિયામાંથી આંતરિક ક્રિયામાં જઈએ તો જ કાંઈક આત્મામાં પામી શકીએ.**

નહિતર તો કહેવાય છે ને કે 'સાપ ખાય ને મુખડું થોથું' કોઈને સાપ કરડે તો ગામડામાં કહેવાય છે કે 'એને સાપે ખાધો.' સાપે ખાધો પણ સાપના મુખમાં શું આવ્યું ? થોથું, કશું જ નહિ એમ અહીં બાહ્ય પ્રભુદર્શન આદિ ક્રિયા તો કરી, પણ અંતરમાં શું આવ્યું ? પણ કહોને કે જો અંતરમાં કશું લાવવું જ નથી, તો શાનું આવે ?

સામાયિક લઈને બેઠા, બાહ્ય ક્રિયા તો કરી પરંતુ એ વખતે આંતરિક સામાયિક એટલે કે સમભાવને લાવનારી આંતરક્રિયા કરવાની છે. દા.ત. એ ક્રિયા



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

એટલે શાસ્ત્ર-સ્વાધ્યાયની ક્રિયા, અંદરમાં એવા અહોભાવ અને ગદ્‌ગદતા સાથે હૃદયસ્પર્શી અને વૈરાગ્યભીની થાય, કે એની સામે દુન્યવી વિષયો તુચ્છ લાગે, ને એના પ્રત્યે સમભાવ આવે, કશું ઈષ્ટ નહિ, કશું અનિષ્ટ નહિ. પૂણિયો શ્રાવક અવાંજ કોક આંતરિક સામાયિક કરતો હશે, ત્યારે તો ત્રિલોકનાથ મહાવીર ભગવાને શ્રીમુખે એની પ્રશંસા કરી હશે ને ?

ધર્મસાધના વખતે સંજ્ઞાઓની અટકાયત માટે બાહ્ય સાધનામાંથી આમ આંતરિક સાધનામાં જવાનું છે. આંતરિક સાધનામાં જઈએ ત્યાં આહારાદિ કે ક્રોધાદિ સંજ્ઞા અટકાવવી જ પડે.

જો બાહ્ય ક્રિયા હોય પણ આંતરિક ક્રિયા તરીકે એને અનુરૂપ ચિત્તપરિણમન ન હોય, તો બાહ્ય ક્રિયાની કશી કિંમત નથી. **જ્ઞાનવિમળસૂરિ** મહારાજ સીમંધર ભગવાનની આગળ આત્મનિવેદનમાં કહે છે,-

**“અક્રિય સાધે જે ક્રિયાજી, તે નાવે તિલમાત;**
**મદ અજ્ઞાન ટળે જેહથીજી, તે નહિ નાણની વાત.”**

અંતરથી અક્રિય અર્થાત્ ક્રિયા રહિત હોય, આંતરિક રીતે બાહ્ય ક્રિયાને અનુરૂપ ચિત્તપરિણામ વિનાનો હોય, અને માત્ર બાહ્યથી ક્રિયા સાધતો હોય, તે ક્રિયા એક તલમાત્ર જેટલી ય કિંમતની નથી. ત્યારે આંતરિક ક્રિયાથી યાને આંતર તેવા શુભ પરિણામથી અંતરના મદ (અભિમાન) અને અજ્ઞાન ટળે એવી જ્ઞાનયુક્ત ક્રિયાની વાત ન થાય; અર્થાત્ એના લાભના લેખા ન મંડાય ! વાત પણ સાચી છે. બળદ પણ ઘાણીને આંટા માર્યા કરે, પરંતુ ઘાણીની અંદરમાં તલ જ ન નાખ્યા હોય તો તેલ ક્યાંથી નીકળે ? એમ બાહ્યથી ધર્મક્રિયા કર્યા કરીએ પણ અંદરમાં આંતરિક એના પરિણામ જ ન ઊભા કરાય, તો ફળ શું ઊભું થાય ? જો આંતરિક ક્રિયાનુરૂપ પરિણામ યાને શુભ અધ્યવસાય ચાલુ ન હોય, તો ઊલટું બાહ્ય ક્રિયામાંથી બીજા-ત્રીજા વિચારની કેટલીય દખલ આવ્યા કરે. પેલા વણિકની વાત આવે છે ને ?

**વણિક માત્ર બાહ્ય સામાયિકમાં :-**

વાણિયો ઘરમાં માયાયિક લઈને બેઠેલો. બહારમાં દુકાન હતી. ઘરાક આવી બૂમ મારે છે, ‘શેઠ નથી’





## (૧૧) શ્રી ‘યોગદષ્ટિ સમુચ્ચય’

### • સાધના વિશુદ્ધ હોવા માટેનાં ૩ સાધન •

અંદરમાં છોકરાની વહુ સસરા સામે નજર નાખી ને પછી કહે છે, ‘શેઠ મોચીવાડે ગયા છે.’

સસરો આ સાંભળી મનમાં સમસમ્યો. સામાયિક પૂરું કરી વહુને પૂછે છે, ‘કેમ વહુભા ! બોલતાં બહુ આવડે છે ? હું મોચીવાડે ગયો હતો ? કે અહીં જ મર્યો હતો ?’

વહુ કહે, “બાપુ ! માફ કરજો, તમે શરીરના ખોખાથી અહીં હતા, પરંતુ મનથી મોચીવાડે હતા. કેમકે મેં જોયું કે તમારી નજર ફાટેલા જોડા પર હતી. તેથી મેં ધાર્યું કે તમે વિચારતા હશો કે ‘હું મોચીવાડે જઈશ, ત્યાં મોચી જોડો સાંધવાના ચાર પૈસા માગશે, હું બે પૈસા આપવા કહીશ. એ નહિ માને તો કાંઈ નહિ, એ નહિ તો એનો ભાઈ, બીજા મોચી પાસે જઈશ....’ આમ મનથી તો બાપુ તમે મોચીવાડે જ હતા ને ?”

સસરો ડાહ્યો હતો, તરત કબૂલ કરતાં કહે છે, ‘વહુ ! સાચી વાત છે તમારી. હું ભૂલ્યો. ધન્ય તમારી બુદ્ધિને ! ને મને સાવધાન કરવાની તમારી હિંમતને !’

વહુ કહે, ‘બાપુ બાહ્યથી ધર્મક્રિયા કરીએ, પરંતુ મનથી બહારમાં ફરીએ, તો બાહ્ય ક્રિયા માત્રથી અંતરાત્મા પર સારી અસર શી રીતે પડે ? સાચી પુણ્ય કમાઈ શી રીતે થાય ? રુડા પ્રતાપ મારા માતાપિતાના, કે પોતે મન પરોવીને ભાવથી ધર્મક્રિયા કરતા ને મને પણ એ રીતે ધર્મ કરવા સમજાવતા. તમારી ઉંમર થઈ પણ આવી ને આવી છાર પર લીંપણ જેવી ક્રિયા જિંદગીના છેવાડા સુધી ચાલે તો પરભવે કયા સારા સંસ્કારની મૂડી લઈ જવાની રહે ? માટે મહેરબાની કરી ધર્મ કરતી વખતે બહારમાં મન ન લઈ જાઓ; ન લઈ જવાનો નિર્ધાર રાખો, તો મન બહારમાં નહિ જાય.’ સસરાએ સ્વીકારી લીધું.

વાત આ છે,- બાહ્ય ક્રિયા કરતી વખતે આંતરિક ક્રિયા ચાલુ રાખો. અર્થાત્ અભ્યંતરમાં તેને છાજતા શુભ અધ્યવસાય પ્રવર્તતા રહે એવું કરો.

**શુભ પરિણામને કોણ રોકે છે ? આહારાદિ કે ક્રોધાદિ સંજ્ઞાની વિચારણા.**

તેથી આંતરિક સાધનામાં જવા માટે સંજ્ઞાનો નિગ્રહ કરવાનો-એ માટે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સાધનાકાળ સિવાય પણ એનો અભ્યાસ પાડવો જોઈએ.

**સંજ્ઞા-નિગ્રહ માટે ચાલુ જીવનમાં ૩ મહાન કર્તવ્ય-**

(૧) દુન્યવી ઈષ્ટ લાગતા વિષયોની ઘૃણાનો અભ્યાસ જોઈએ.

(૨) અહંત્વ-ક્રોધ-લોભાદિ કષાયો પર શક્ય એટલો અંકુશનો અભ્યાસ જોઈએ; તથા

(૩) ક્ષુધાદિ પરિષહોમાં દીન બન્યા સિવાય ઉત્સાહથી એ સહવાનો અભ્યાસ પાડ્યે જવાની ખાસ આવશ્યક્તા છે;

જેથી સાધનાકાળે સંજ્ઞાઓથી હારી ન જઈએ. સંજ્ઞાઓ ઊઠીને આપણા પર ચડી બેસે નહિ. તેમ સંજ્ઞા ઊઠવા જાય કે તરત દબાવી દેવાની જાગૃતિ અને બળ રહે.

આ તો સાધના વખતે ક્રોધ-સંજ્ઞામાં, દા.ત. પ્રભુદર્શન વખતે કોઈ આડો ઊભો, એ વખતે થતાં ગુસ્સામાં, શું કરવું એનો એક દાખલો લીધો. એમ ક્રોધના બીજા પણ પ્રસંગે બને, દા.ત. સાધર્મિક જમણ જમાડી રહ્યા છીએ, એ વખતે કોઈ બોલતું સંભળાયું, કે 'જમાડ્યું, જમાડ્યું બાપનું બુધવારું ? ડાલડાના લાડુ જમાડે છે !' ત્યાં ગુસ્સો ચડવા જાય કે 'આવાને શા જમાડવા હતા ?' પરંતુ એ વખતે એમ વિચારવું, કે 'જીવો કર્મવશ છે, કર્મના માર્યા આમ પણ બોલે. મારે તો સારા ચોક્ખા ઘીની મિઠાઈ જમાડવાના સુકૃતનો લાભ મળી જ ચુક્યો છે. પછી કોઈ ગમે તેમ બોલે, તેથી કાંઈ સુકૃતના લાભના ટકા કપાઈ જતા નથી.' આવું ગુસ્સાના બીજા પ્રસંગમાં પણ (૧) ધર્મસાધનાના નક્કર લાભ સિદ્ધ થવાનો સંતોષ માનીને, અને (૨) જીવોની કર્મવશતા પર દયા વિચારીને ગુસ્સો અટકાવી શકાય. એમ,

**(૬) માનસંજ્ઞા અટકાવવા માટે :-**

આ વિચારાય, કે દા.ત. 'સાધર્મિક જમણ જમાડતાં અભિમાન આવ્યું કે 'બીજાના જમણને આંટી મારે એવું આ મારું જમણ છે,' ત્યાં એ વિચારવાનું, કે 'જીવ ! તને આ મહાન પુણ્યાનુબંધી પુણ્યકમાણીની 'સાધર્મિક વાત્સલ્ય' જેવી મહાન સાધના મળી છે, તો એથી તારે તુચ્છ વાહવાહ અને બીજાની હલકાઈ કમાવવી છે ? વાહવાહ તો ચાર દિનકી ચાંદની પણ પુણ્ય અહીં વટવાઈ ગયેથી, પછી પુણ્ય વિના ઘોર અંધેરી રાત. **બીજાની ઈર્ષ્યામાં તારું જુનું સત્તાગત** (સિલિકમાં રહેલ) **પુણ્ય પણ પાતળું પડી જશે.'**

**મોક્ષનું કારણ મન જ કેમ ? :-**

એમ માનસંજ્ઞામાં વ્યાખ્યાનકારને એમ થાય, કે બીજાના વ્યાખ્યાનને આંટી મારું,' તો એ અભિમાન રોકવા એમ વિચારવું કે 'આ વ્યાખ્યાનમાં મહાન પરોપકારનું



સુકૃત-અદ્ભુત કર્મ-નિર્જરા અને પુણ્યને બદલે માન-કષાયને પલ્લે શા માટે પાડું ? આ તો આંધળી દળે, ને કૂતરું ચાટી જાય જેવો ઘાટ થશે ! વળી વ્યાખ્યાન તો પૂર્વ પુરુષો જે ઉચ્ચ કોટિના કરતા, એમાનું તારી પાસે શું છે ? તીર્થંકર ભગવાનનાં પ્રવચન કેવાં ? છતાં-એમને અભિમાન નહિ, ને તારે અભિમાન ?' એમ વિચારી અભિમાન અટકાવાય. એવું સુકૃતનું કે સંપત્તિનું અભિમાન આવે, ત્યાં પૂર્વ પુરુષોનાં અવ્વલ સુકૃત-સંપત્તિ વિચારી અભિમાન રોકી શકાય અથવા એમ વિચારાય કે 'છેવટે તો **મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ-'** એ તે તો શુદ્ધ મન જ મોક્ષ અપાવનાર છે; કેમકે જે શુકલ ધ્યાનથી જ કેવળજ્ઞાન અને પછી મોક્ષ મળે છે, એ શુકલધ્યાન શુદ્ધ મનનું જ કાર્ય છે. એટલે આ આવ્યું, કે

**મલિન મનથી સંસાર; અને શુદ્ધ મનથી મોક્ષ.** ત્યારે અનાદિના મલિન મનને શુદ્ધ કરવા માટે અહીં આ પવિત્ર સાધનામાં અવસર મળ્યો છે, તો પછી શા માટે એમાં જ મારે અભિમાન કરીને મનને વધારે મલિન કરવાની મૂર્ખાઈ કરવી ? આમ વિચારી અભિમાનને દબાવી મહાન નમ્રતા-મૃદુતા-લઘુતાનો ભાવ લાવી શકાય. એમ

**(૭) માયાસંજ્ઞા અટકાવવા માટે,-**

આ વિચારવું, કે "માયા તો ભવોની માતા છે, જનેતા છે,' એ સંસારના અનેક ભવોનું સર્જન કરનારી ! પવિત્ર ધર્મસાધના કરું છું તે ભવોને ટૂંકા કરવા માટે, દા.ત. ૧૦૦ ભવના ૫૦ કરવા માટે. એના બદલે માયાથી ૧૦૦ ના ૩૦૦ ભવ કાં કરું ? ધર્મસાધનામાં માયા તો ઝેર છે, એવું કે સાધનાનું ધર્મનું ચૈતન્ય જ નષ્ટ કરી નાખે !

**"આધ્યાત્મિક ઉન્નતિના પાયામાં જ્ઞાની ભગવંતો માયાનો ત્યાગ, ઋજુતા-સરળતા-નિખાલસતા અત્યંત જરૂરી કહે છે."**

"માટે તો વૈયાવચ્ચી બાહુ-સુબાહુમુનિની આચાર્યે કરેલી પ્રશંસા પીઠ-મહાપીઠ મુનિ સહી ન શક્યા, અને અંતરમાં ઈર્ષ્યા થઈ, છતાં બહાર દેખાવ અનુમોદના કરવાનો કર્યો. એ આચાર્ય આગળ માયા કરી, તો છટ્ઠે ગુણઠાણેથી નીચે ઊતરી પડ્યા ! ને સ્ત્રીવેદ બાંધી બ્રાહ્મી સુંદરીનો સ્ત્રી અવતાર પામ્યા ! આ આત્મા કેટલા ઊંચા ! અને એમની સાધના કેટલી બધી ઊંચી હતી ! કે એ ત્યાંથી તો સૌથી ઊંચા અનુત્તર વિમાનમાં દેવ થયેલા ! છતાં સહેજ માયાએ એમની શરમ ન રાખી ! નીચેના ગુણઠાણે ઉતારી સ્ત્રીવેદ બંધાવ્યું ! તો માયા આપણી શરમ રાખશે ?" આમ વિચારી માયા અટકાવવી દબાવવી. એમ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

(૮) **લોભસંજ્ઞા અટકાવવા માટે,-**

આ વિચારવું, કે-

**"લોભ એ પાપનો બાપ છે ! એક લોભ અનેક પાપોને ખેંચી લાવે.**

"ધર્મસાધના એ ધર્મની સેવા છે, સેવા નિષ્કામ ભાવે નિર્લોભતાની કરાય એનાં અમાપ ફળ ! તો એને મૂકીને અહીંના તુચ્છ ફળનો લોભ શો કરવો ? વળી ઉમદા ધર્મસાધના કરીએ ને સાથે લોભની કુટિલ પાપસંજ્ઞાને પોષીએ ?...' ઇત્યાદિ વિચારથી તુચ્છ લોભ પડતા મૂકાય.

(૯) **ઓઘસંજ્ઞા રોકવા માટે.-**

ધર્મસાધનામાં ઓઘસંજ્ઞા હોય એટલે કે ગતાનુગતિકતાથી ધર્મસાધના કરાતી હોય. તે ઓઘસંજ્ઞા રોકવા માટે આ વિચારવું કે,-

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૨૧,તા.૨-૨-૧૯૮૫

## (૧૨) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**'ધર્મસાધના અનાદિના મલમલિન આત્માને ઉજ્જ્વળ બનાવવા** માટે છે, પરંતુ એ ઉજળામણ ગતાનુગતિક ક્રિયાથી નહિ આવે; કેમકે

**'ગતાનુગતિકતામાં આત્મદૃષ્ટિ નથી.'**

'ઓઘસંજ્ઞામાં આત્માનો જડ માયામાંથી બહાર નીકળવાનો ને ધર્મસાધના આત્માને પાવન કરનારી તરીકે આદરવાનો જરાય ચિત્તોપયોગ જ નથી; તો આમ ચિત્તોપયોગ વિના ક્રિયાનો પુરુષાર્થ શા માટે વેડફી નાખું ?'

'મને મહાકિંમતી મન મળ્યું છે. એ પાપક્રિયામાં સજાગ રહેવા માટે અને ધર્મમાં સંમૂર્ચ્છિમ બન્યા રહેવા માટે નહિ; કિન્તુ ધર્મસાધનામાં ઉપયોગવંતા બન્યા રહેવા માટે મળ્યું છે.'

'મનનો આ સદુપયોગ ન કરું તો ફરીથી મન મળવાની લાયકાત ન રહે, એટલે ભવાંતરે સંમૂર્ચ્છિમ અસંજ્ઞીના ભવ મળે !' આ વિચારથી ઓઘસંજ્ઞા ટળે.

(૧૦) **લોકસંજ્ઞા અટકાવવા આ વિચાર જોઈએ, કે-**

'આત્માના ભવોની લાંબી પરંપરા છેદી નાખવા માટે સમર્થ એવી ધર્મસાધના જો લોકને રીઝવવા કરું, લોકોમાં સારા મનાવા માટે કરું, તો અરે ! પેલું ભવોચ્છેદનું મહાન ફળ મળવાનું ઊડી જાય !' દેખીતી વાત છે, કે-



'જો ધર્મસાધનાનું ફળ લોકરંજન અહીં જ લઈ લેવું છે, તો એમાં તો સાધના અહીં જ વટાવાઈ ગઈ ! હવે ભાવિ ફળ તરીકે ભવોચ્છેદ ન મળે.'

ધર્મસાધના કરતી વખતે ખરી રીતે મનને આ ભાવ જોઈએ, કે 'આના વડે આ લોકને રીઝવવાથી શું ? અનંતજ્ઞાની અનંતા સિદ્ધોને રીઝવું, અર્થાત્ એમનાં જ્ઞાનમાં હું આનાથી યોગ્ય દેખાઉં; પણ તે લોકરંજનની ભાવના છોડું તો જ બને.' માટે જ ઉપા૦ યશોવિજયજી મહારાજે લોકરંજનની સામે કહ્યું,

**"લોક લોકોત્તર વાત, રીઝ છે કોઈ જૂઈરી;**
**રીઝવવો એક સાંઈ લોક તે વાત કરે રી"**

અર્થાત્ લોકની રીઝ અને લોકોત્તર રીઝ યાને ભગવાનની રીઝ (પ્રસાદ કૃપા) એ બે જુદી જાતની રીઝ છે. કેમકે લોકની રીજ મેળવવી મુશ્કેલ છે. ત્યાં જ કવિએ લખ્યું કે, 'લોક તે દુરારાધ્ય'... કારણ, લોકોમાં કોઈ એક રુચિના, તો કોઈ બીજી રુચિના હોય છે. એ બધાને એક સરખી રીતે એક પ્રકારની પ્રવૃત્તિથી શી રીતે રીઝવી શકાય ? વળી એના એજ માણસની આજે રુચિ અમુક, અને કાલે કાંક સાંભળે કરે તો મન ફરી જતાં રુચિ ફરી જાય ! એટલે લોકને ખુશ કરવા એ કઠિન છે; તેમજ એમાંથી કશું નક્કર સારું ફળ પણ મળતું નથી. જ્યારે, ભગવાનને રીઝવવાનું તો સરળ; કેમકે ભગવાનની રુચિ એક જ પ્રકારની, અને તે પણ ફેરફાર નહીં પામનારી; ઉપરાંત નક્કર સારું ફળ આપનારી. માટે કવિએ કહ્યું કે 'મારે તો રીઝવવો એક સાંઇ.' લોકો તો વાતોડિયા છે, આજ કંઈ વાત કરે, અને કાલે બીજી વાત કરે. એના પર મદાર ન રખાય. એમ વિચારી લોકસંજ્ઞાનો ત્યાગ રાખવો.

સારાંશ, ધર્મસાધનામાં-યોગબીજસાધનામાં આહારાદિ-સંજ્ઞાની દખલ ન જોઈએ. અહીં પ્રશ્ન થાય,

**પ્ર.-** રુડી યોગબીજની, દા.ત. જિનેશ્વર ભગવાનની ભક્તિ-ઉપાસનાની સુંદર સાધના કરે છે, એમાં અનાદિના અભ્યાસવશ સંજ્ઞાની દખલ થઈ એટલામાં, શું સાધના સુંદર ન રહી ? શું એ નિષ્ફળ જાય ?

**ઉ.-** સાધના સુંદર ખરી છતાં આહારાદિ પાપસંજ્ઞા ઊઠી એટલે ચિત્તનો આશય બગડ્યો. ભગવદ્-ભક્તિરાગનો આશય-અધ્યવસાય હતો, તે આહાર-વિષયાદિના રાગમય બન્યો. આવા આશયવાળી અનુષ્ઠાન-સાધના ભલે જિનોપાસનાની હોવાથી સુંદર ખરી, અને સ્વર્ગાદિ ફળ પણ આપે એ દૃષ્ટિએ નિષ્ફળ પણ નહિ, પરંતુ મોક્ષફળ ન આપી શકે. એ સંજ્ઞાના આશય-અધ્યવસાયવાળું



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અનુષ્ઠાન સ્વર્ગાદિ પ્રાપ્તિ માટે થાય; કેમકે અનુષ્ઠાન ત્રણ લોકના રાજા તીર્થંકર ભગવાનની સ્વકીય રુચિથી આદરેલી ભક્તિનું અનુષ્ઠાન છે, એટલે એ નિષ્ફળ શાનું જાય ? ફળ તો મળે, પણ સ્વર્ગાદિ દુન્યવી ફળ મળે. મોક્ષફળ નહિ કારણ એ છે, કે આશયની નિર્મળતા નથી.

**ધર્મક્રિયામાં અશુભ આશય કેમ ખરાબ ? :-**

**પ્ર.**- આશય નિર્મળ ન હોય ત્યાં પણ ધર્મસાધનાથી સ્વર્ગ મળે, તો એમાં ખોટું શું ?

**ઉ.**- ખોટું એ કે સ્વર્ગ તો પાપાનુબંધી પુણ્યની ક્રિયાથી પણ મળી શકે છે. દા.ત. સ્વર્ગ-સુખની લાલસાથી અભવી જેવા પણ ચારિત્ર પાળે છે, ને પાપાનુબંધી પુણ્ય ઉપાર્જી સ્વર્ગમાં જાય છે. શુભ ક્રિયાનું એ મહત્ત્વ છે, કે એથી પુણ્ય બંધાય; પરંતુ સાથે આશય ખોટો એટલે પુણ્યની સાથે અનુબંધ અશુભ બંધાય, કે જેના વિપાક ખતરનાક !

**પુણ્યકર્મ સ્વર્ગ આપે, અને સાથેના અશુભ અનુબંધ ત્યાં દુર્બુદ્ધિ આપે.**

એટલે સ્વર્ગસુખ ભોગવી લીધા પછી કેમ ? તો કે એ દુર્બુદ્ધિથી આચરેલાં પાપાચરણથી ઉપાર્જેલાં પાપકર્મોથી ને પાપાનુબંધોથી ભવચક્રમાં ભટકવાનું ! ત્યાં કાંઈ મોક્ષ ન મળે, કે મોક્ષાનુકુળ સદ્બુદ્ધિ ન મળે. આમ સ્વર્ગફળ મળ્યાની શી કિંમત ? શી વિશેષતા રહી ?

ત્યારે મોક્ષફળ ન મળવાનું કારણ એ છે, કે મોક્ષ તો આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, અર્થાત્ નિર્વિકારતા-વીતરાગતામય શુદ્ધ ભાવનું સ્વરૂપ છે, અર્થાત્ નિર્વિકારતા-વીતરાગતામય શુદ્ધ ભાવનું સ્વરૂપ છે. એટલો બધો ઉત્કૃષ્ટ વિશુદ્ધ ભાવ ક્યારે પ્રગટ થાય ? કહો, પાયામાં ભાવની યાને આશયની વિશુદ્ધિ શરૂ કરી હોય ત્યારે. એટલે જ કહેવાય કે,

**મોક્ષપ્રાપ્તિ માટે ચિત્તના વિશુદ્ધ આશયનું બહુ મહત્ત્વ છે. અને આશય પૌદ્ગલિક વિષયથી પરાંગમુખ અને આત્મા તથા આત્મિક ગુણની સન્મુખ હોય, એ જ વિશુદ્ધ આશય કહેવાય.**

એમ, અધિક અધિક વિશુદ્ધ બનતાં પરાકાષ્ઠાએ શુદ્ધ આત્મમય વીતરાગતાની વિશુદ્ધિ બની જાય.

હવે સંજ્ઞાઓનો આશય જોઈએ તો પૌદ્ગલિક વિષય-સન્મુખ છે, વિષયો તરફ ઝોકવાળો છે, એટલે મલિન છે. એ ક્યાંથી અધિક અધિક વિશુદ્ધ થવાનો હતો, કે જેથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ રૂપ મોક્ષ તરફ લઈ જાય ?

મોક્ષમાં તો વિષયોના રાગાદિનો ને ભોગનો કોઈ આશય નથી. વિષયોના



ભોગ એ ભવની-સંસારની વસ્તુ છે, ભવના ભોગ છે, ભવમાં અર્થાત્ સંસારમાં એની સ્પૃહા રહે છે. ભવભોગની સ્પૃહા એ મલિન આશય છે. ભવભોગની નિસ્પૃહા હોય ત્યાં વિશુદ્ધ આશય આવે, ને એ આગળ આગળ વિશુદ્ધતર વિશુતમ બનતાં, ઉત્કૃષ્ટ વિશુદ્ધિએ વીતરાગતાનો આશય અને મોક્ષ જન્મે. માટે કહેવાય, કે

**મોક્ષ તો ભવભોગની નિસ્પૃહામાંથી જન્મે છે.**

સારાંશ, મોક્ષની ભૂમિકા એ જ કે ભવભોગની નિસ્પૃહા હોય. જ્યારે મોક્ષમાં લેશપણ વિષયાસક્તિ નથી, તદ્દન અનાસક્ત ભાવ છે, તો પછી એનો પ્રારંભ ભવભોગની આસક્તિ-આકર્ષણમાંથી શી રીતે થાય ? માટે યોગબીજ-સાધના વખતે સંજ્ઞાઓના આશય યાને ભવભોગના આશય ન નભે. એ મલિન આશય છે. સાધના મોક્ષ માટે કરવી છે, એટલે પરમ વિશુદ્ધિ માટે કરવી છે; ત્યાં આશયની મલિનતા કેમ ચાલી શકે ?

**પ્ર.**- આશય ભવના ભોગનો અનાદિનો હોઈ એની મૂળભૂત છે સંજ્ઞાઓ; તે કેમ અટકે ?

**ઉ.**- સંજ્ઞાઓ રોકવાનું અઘરું નથી, રોકવાની આ ચાવી છે,- ખાતાં અલગ પાડી દો, જેટલા ભવના ભોગ એ બધા ઇંદ્રિયોના ખાતાના છે. ઇંદ્રિયો સાથેની ભાગીદારી બંધ કરો. દુન્યવી વેપારમાં ભાગીદાર વિશ્વાસઘાતી અને ખાનગીમાં ઘણું લૂંટી ગયો માલુમ પડે, તો તરત જ એની ભાગીદારી બંધ કરી દેવાય છે ને ? બસ, ઇંદ્રિયોએ જનમ જનમ આત્માનો વિશ્વાસઘાત કર્યો છે, આત્માનું ઘણું પુણ્ય અને ઘણી ગુણસમૃદ્ધિ લૂંટી છે. એટલે ઇંદ્રિયોને વિશ્વાસઘાતી ભાગીદારી તરીકે સમજી જઈ આત્મા એનું ખાતું અલગ પાડી દે, તો સંજ્ઞાઓ પર નિગ્રહ કરવો સરળ પડે; ને ધર્મસાધનામાં એની દખલગીરી સહેજે અટકાવી શકે.

**(૩) ફળની આશંસાનો ત્યાગ**

સાધના સંશુદ્ધ યાને નિર્મળ હોવા માટે ત્રીજી શરત, ત્રીજો ઉપાય,- ફલાભિસન્ધિનો ત્યાગ છે, અર્થાત્ ભવાન્તર્ગત ફળની આશંસા નહિ રાખવાની. તાત્પર્ય, 'સાધનાથી મને પૈસા મળો, માન મળો...પરલોક દેવતાઈ સુખ મળો...' વગેરે સાંસારિક ફળની આશંસા ન રખાય, ફળની અપેક્ષા નહિ રાખવી જોઈએ. સાધનાદ્વારા પૌદ્ગલિક લૌકિક ફળની આશંસા કરવી એ બેહુદું છે; કેમકે સાધના વીતરાગ ભગવાનની કરીએ એ વખતે સાંસારિક ફળની કામના રાખીએ એમાં દિલ મુખ્યપણે સાંસારિક ફળ પર ચોંટે છે, વીતરાગ પર નહિ. પછી વીતરાગની સાધનાથી વીતરાગતા અને મોક્ષ તરફ આગળ વધવાનું થાય જ ક્યાંથી ? એ તો વીતરાગ પર મુખ્યપણે દિલ ચોંટે તો જ બને.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

મૂળ વાત આ છે, કે

**સંગ ભૂંડો છે, સંગ છે ત્યાં સંસાર છે; સંગ નથી ત્યાં મોક્ષ છે.**

ભવની અંતર્ગત પદાર્થોની કામના એટલે આસક્તિ થઈ, એ સંગ ઊભો થયો. જો એ સંગ ન ઊભો કરીએ, તો વીતરાગ તો એવા પ્રભાવવંતા છે, કે એમનાં આલંબને બધાય સંગ છૂટી જાય. કેમકે જોઈએ તો દેખાય કે વીતરાગ કેવલજ્ઞાની ભગવાન ત્રણેય જગતનું સારું-નરસું જુએ છે. છતાં એમને સારું જોઈની કોઈ મલકાટ ખરો ? નરસું જોઈને કોઈ ઉકળાટ ખરો ? ના, બંનેમાંથી કશું જ નહિ; કેમકે એમણે ઈષ્ટ વિષયોનો 'સંગ' આસક્તિ રાખી જ નથી. આવા વીતરાગને જોઈને તો એમ થાય કે 'મારા આ પ્રભુ મોટા વૈભવી અસંખ્ય ઈન્દ્ર-ઈન્દ્રાણીઓને ને એમના વૈભવ-વિલાસને સાક્ષાત્ જુએ, છતાં એમને સંગ નહિ, તો શું હું સામાન્ય વિષયોના સંગમાં પડું ? ને તે ધર્મસાધનાને વટાવીને ?'

વાત આ છે કે સાધના વખતે આ સંગ આ વિષયાસક્તિ, ન ઊભી થાય એ માટે પહેલેથી જ સાધના સિવાયના કાળમાં આ પરિસ્થિતિ ઊભી કરવાની ભારે કોશિશ જોઈએ. આ તો દેરાસરનાં પગથિયા સુધી બાહ્યની એટલે કે સાંસારિક સંગની વાતો કરવાનું કે બાહ્ય લફરાં મનમાં પલોટવાનું ચાલુ હોય, પછી મંદિરમાં પેસી શી રીતે સીધો વીતરાગમાં અને અસંગમાં આવી શકવાનો ? આ કોણ કરાવે છે ? બાહ્ય ઉપર યાને સાંસારિક પદાર્થો પર વધુ પડતી મમતા અને આસક્તિ. એ ખતરનાક છે. એટલે ખરેખર તો એ ઓછી કરી વીતરાગ ભગવાન પાસે જતાં પહેલાં કમમાં કમ ૫-૧૦ મિનિટ પણ મનને બહારમાંથી ખેંચી વીતરાગ પર જોડાય, તો જ પછી મંદિરમાં વીતરાગ પ્રભુમાં દિલ ઠરે.

**ધ્યાનમાં રહે** પ્રશ્ન થાય,

**પ્ર.**- પૂર્વે સંજ્ઞાઓની અટકાયત કહી, તે જો કરી દીધી હોય તો એમાં વિષય-પરિગ્રહની સંજ્ઞા ય બંધ થઈ. પછી સાંસારિક ફળની આશંસા થવી સંભવિત જ ક્યાં છે, તે એનો ત્યાગ એક જુદા ઉપાય તરીકે કહેવો પડે ?

**ઉ.**- વાત સાચી છે, પરંતુ સંજ્ઞાની અટકાયતમાં આ જનમના સાંસારિક ફળની આશંસાનો તો નિષેધ થઈ ગયો, એટલે એને આશ્રીને જુદો ત્રીજો ઉપાય ન બતાવવો પડે; કિન્તુ આ સિવાયના બીજા ભાવિ ભવના સામાનિક દેવપણું વગેરે ફળની આશંસાનો નિષેધ કરવા ફળાશંસાના ત્યાગને એક જુદા ઉપાય તરીકે બતાવવો જરૂરી જ છે.

**પ્ર.**- ઠીક છે, ભવાન્તરના સ્વર્ગાદિ ફળની આશંસા ન કરવા આ ત્રીજો ઉપાય પણ જરૂરી હો, કિન્તુ ભવાન્તરનું એ સ્વર્ગાદિ ફળ આગળ જતાં મોક્ષ



ફળની પ્રત્યે શા માટે બાધક હોય ? અને જો બાધક ન હોય તો એવા ફલની આશંસા છતાં ધર્મસાધનાની સંશુદ્ધતામાં ક્યાં વાંધો આવે ?

**ઉ.**- સ્વર્ગાદિ ફળ પણ ભવાન્તર્ગત ફળ છે, સંસારની અન્તર્ગત સંસારમાં સમાવિષ્ટ યાને સાંસારિક ફળ છે; એટલે એની ય આશંસા સુંદર નથી; કેમકે એ આશંસિત સ્વર્ગાદિ મોક્ષભાવની પ્રત્યે સ્વતઃ બાધક બને છે. મોક્ષ ફળ તો ભવભોગ-નિસ્પૃહ સાધનાનું ફળ છે. એની પ્રત્યે ભવભોગસ્પૃહા-આશંસા સ્વતઃ બાધક બને છે. સ્વર્ગની સ્પૃહા સ્વર્ગનો રાગ એ ભવભોગનો રાગ છે. એ હોય ત્યાં મોક્ષનો રાગ ન ઊભો રહે એ સહજ છે. પૂછો,-

**પ્ર.**- એમ તો ફળની આશંસા વિના નિરાશંસભાવે આરાધના કરે અને સ્વર્ગમાં જાય, તો ત્યાં ભવભોગ તો મળવાના; તો એ ય શું એને આગળ પર મોક્ષબાધક નહિ બને ?

**ઉ.**- ના, એણે સ્વર્ગની પૂર્વે આશંસા નથી કરી, તેથી વાસ્તવમાં સ્વર્ગસુખ યાને ભવભોગની એવી આસક્તિ નથી લઈ આવ્યો, કે જે મોક્ષબાધક બને. મૂળમાં ભવભોગ નહિ પણ ભવભોગની આશંસા જ સ્વતઃ મોક્ષબાધક છે. કેમકે મોક્ષ માટે નિર્મળ આશય જોઈએ, અને ભવભોગની આશંસા એક મલિન આશય છે. એટલે એ સહેજે પેલા નિર્મળ આશયને ઊભો થતો અટકાવે જ. એ સ્વતઃ બાધક ગણાય. દા.ત. ક્રોધનો ભાવ ક્ષમાના ભાવનો સ્વતઃ બાધક; એટલે એ હોય ત્યાંસુધી ક્ષમાનો ભાવ આવવા જ ન દે. એમ, સંસારસુખની ચાહના સાંસારિક વિષયોની આકાંક્ષા, એ મોક્ષયોગ્ય નિર્મળ આશયની સ્વતઃ બાધક ગણાય, તેથી એ સ્વર્ગમાં પણ નિર્મળ આશય ન આવવા દે. જુઓ,

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂર્વના ત્રીજા ભવે ચારિત્ર સારું પાળેલું; અને તપસ્યા જોરદાર કરેલી; પરંતુ ત્યાં સન્તકુમાર ચક્રવર્તીની પટ્ટરાણી એમને નમસ્કાર કરતાં એના સુંવાળા કેશની લટ આગળ લચી પડી, ને એમના પગને સ્પર્શી ગઈ, તો એમનું મન વિહ્વળ બન્યું; 'જેના કેશ આવા મુલાયમ, એનું શરીર કેવુંક મુલાયમ અને ગોરું ગુલાબી હશે !' એવા ચિંતનમાં આગળ વધી; 'જો આટલી બધી ચારિત્ર અને તપની કઠોર સાધના પછી જો આ સુખ ન મળે, તો શું કામનું ?' એમ વિચારી ચક્રવર્તીના સુખ લેવાનું નિયાણું કર્યું, ભવભોગની તીવ્ર આશંસા કરી. આ આશંસા નહોતી કરી ત્યાંસુધી આશય નિર્મળ હતો, મોક્ષને અનુકૂળ હતો; પરંતુ હવે આશય બગડ્યો, મલિન કર્યો, ત્યાં વાત ખલાસ થઈ ગઈ. એ મરીને દેવલોકમાં ગયો, પણ ત્યાં આશય મલિન, તે મરીને અહીં બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો તો ય આશય મલિન, તે જીવનભર મોક્ષને પ્રતિકૂળ આશય બન્યો રહ્યો. તો મરીને



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સાતમી નરકમાં ગયો.

વાત આ છે; મલિન આશય એ નિર્મળ આશય પ્રત્યે સ્વતઃ અર્થાત્ સ્વ-સ્વરૂપથી જ બાધક છે, એટલે જીવને એ આગળ ન વધવા દે. પોતાની સ્થિતિમાં જ પકડી રાખે. આ નિયમ છે,-

**જે ભાવ જેનો સ્વતઃ સ્વરૂપથી બાધક હોય અને જીવથી જે છૂટે એવો ન હોય, એ ભાવ એને એની એ જ સ્થિતિમાં રાખી મૂકે છે, પેલા બાધ્ય ભાવમાં જવા નથી દેતો.**

શાસ્ત્રકારે આનો દાખલો ગણધર ગૌતમસ્વામીજી મહારાજનો આપ્યો. એમનો મહાવીરપ્રભુ પર બહુમાન અને સ્નેહયુક્ત ભક્તિનો ભાવ. એ સ્વતઃ વીતરાગ ભાવનો બાધક હતો, તેમજ પ્રભુની હાજરી સુધી ગૌતમ મહારાજથી એ છૂટે તેમ નહોતો, તેથી એ ભાવે એમને એની એ જ છદ્મસ્થતાની સ્થિતિમાં રોકી રાખ્યા. પણ વીતરાગતા માટેની ધ્યાનશ્રેણી પર ન ચડવા દીધા ! અલબત એટલું અહીં સમજવાનું છે કે શ્રી ગૌતમ સ્વામીજી મહારાજને કોઈ ભવભોગની સ્પૃહા-આશંસા નહોતી, છતાં **એમને જે વીર ભગવાન પર સ્નેહ હતો, એ ભવાન્તર્ગત ભાવ હતો. મોક્ષાન્તર્ગત ભાવ નહિ.** મોક્ષાન્તર્ગત ભાવ તો વીતરાગતાનો ભાવ કહેવાય, અને એની ભૂમિકાનો ભાવ કષાયનિગ્રહનો ભાવ ગણાય. ગૌતમ સ્વામીજીને પ્રભુ પર પ્રશસ્ત સ્નેહ યાને પ્રશસ્ત કષાયનો ભાવ હતો. પ્રશસ્ત કેવી રીતે ?

ગૌતમસ્વામી અષ્ટાપદ પરના ૧૫૦૦ તાપસોને બૂઝવી સાધુ બનાવી વીર પ્રભુ પાસે લઈ આવ્યા; ત્યાંસુધીમાં તો એ તાપસો કેવળજ્ઞાન પામી ગયા હતા, એ પ્રભુ પાસેથી જાણી, પોતાને કેવળજ્ઞાન નહિ એનો ખેદ કરે છે. ત્યારે એમને આશ્વાસન આપવા,-

**વીર પ્રભુ પર ગૌતમનો સ્નેહરાગ પ્રશસ્ત બે કારણે :-**

(૧) ભગવાને ગૌતમ મહારાજને કહ્યું, **"ગોયમા ! ચિરસંસટ્ઠોસિ, ચિરપરિચિઓસિ;...** હે ગૌતમ ! તું મારે દીર્ઘકાળથી સંબંધમાં છું, ચિરકાળથી મારા પરિચયવાળો છું, એટલે તને મારા પર ગાઢ સ્નેહ છે; તેથી તારામાં વીતરાગતા અને કેવલજ્ઞાન આવતાં અટકે છે. પણ તું ચિંતા ન કર, ખેદ ન કર, કે 'હું જેને દીક્ષા આપું તે બધાને કેવલજ્ઞાન, અને મને જ કેવલજ્ઞાન નહિ !' આવો ખેદ ન કરીશ, કેમકે અંતે તું અને હું બંને તુલ્ય સિદ્ધ થવાના છીએ."

અહીં જોવાની ખૂબી છે, કે પ્રભુએ સ્નેહ હોવાથી કેવલજ્ઞાન ન થવા બદલ ખેદ ન કરવાનું કહ્યું, પરંતુ 'તું સ્નેહ છોડી દે' એમ ન કહ્યું. કારણ ? પ્રશસ્તરાગ હેય નથી. પ્રભુએ ગૌતમસ્વામીને એ સ્નેહરાગ છોડી દેવા ન કહ્યું, એ જ સૂચવે



છે કે એ સ્નેહરાગ પ્રશસ્ત હતો.

(૨) પ્રશસ્તતાનું બીજું કારણ એ, કે ગૌતમ મહારાજનો ભગવાન ઉપર સ્નેહરાગ નિઃસ્વાર્થભાવનો હતો. નિરાશંસભાવના ઘરનો એ સ્નેહરાગ હતો. તેમજ વીતરાગ દેવાધિદેવ પરનો એ રાગ હતો, તેથી પણ એ પ્રશસ્ત હતો.

**પ્ર.-** ભલે પ્રશસ્ત રાગ, પણ એ વીતરાગતાને અટકાવતો હોવાથી ત્યાજ્ય તો ખરો જ ને ? તો પ્રભુએ 'એને છોડ' એમ કેમ ન કહ્યું ?

**ઉ.-** દા.ત. સીડી માળ પર પહોંચવા માટે જરૂરી છે. કિન્તુ સીડીની વચ્ચે ઊભો જ રહે તો માળ પર ન પહોંચે, પણ તેથી કાંઈ સીડી અટકાવનારી ને ત્યાજ્ય ન ગણાય, માળ પર જવા માટે નકામી ન કહેવાય.

બસ, એ રીતે દેવ-ગુરુ-ધર્મ ઉપરનો પ્રશસ્ત રાગ મોક્ષ માટે જરૂરી છે, મોક્ષનો બાધક ન ગણાય. એ રાગ ત્યાજ્ય નથી, માટે એ છોડવાની જરૂર નથી; કેમકે એજ રાગ વધી જતાં જીવને દેવ-ગુરુ-ધર્મ સાથે એટલો બધો એકાકાર બનાવી દે છે કે જીવને પરમાત્મભાવસાથેનો ભેદભાવ ભુલાવી દે છે. કહો કે, **એ પ્રશસ્તરાગનો ભાવ પરાકાષ્ઠાએ પહોંચી પરમાત્મભાવમાં જઈ પરિણમે છે;**

ને એ અહીંયાં ગણધર ગૌતમ મહારાજને પ્રભુ પરનાં પ્રશસ્તરાગમાં દેખાય છે. એ પ્રશસ્તરાગના લીધે પ્રભુનું નિર્વાણ સાંભળતાં એમને ખેદ થયો; અને ખેદમાં પ્રભુએ આવા સમયે મને કેમ આઘો મોકલ્યો, એ વિચારતાં,

**પ્રભુના વીતરાગતામય પરમાત્મભાવ પર એમની નજર ગઈ, અને પ્રભુના પરમાત્મભાવ પરથી પોતાના પરમાત્મભાવ પર નજર ગઈ, અને પ્રભુ પરનાં રાગમાંથી મહાવૈરાગ્ય અને આગળ વધતાં પ્રભુ સાથેનાં સંભેદ પ્રણિધાનમાંથી અભેદ પ્રણિધાનમાં ચડી ગયા ! ને** વીતરાગતાએ પહોંચી ત્યાં જ કેવલજ્ઞાન પામ્યા.

આવો પ્રભુનાં નિર્વાણનો પ્રસંગ નહોતો બન્યો ત્યાંસુધી પ્રભુ પરના બહુમાનમાં પ્રભુ પરના સ્નેહયુક્ત ભક્તિભાવમાં સ્થિર હતા, એટલે એમને આગળ અપૂર્વકરણ વગેરેના ભાવમાં ચડવાનું નહોતું થતું. કહો, કે પ્રભુ સાથેનાં ભેદજ્ઞાન-ભેદધ્યાનમાંથી અભેદ ધ્યાનમાં જવાનું થતું નહોતું. બાકી પ્રભુપરનો રાગયુક્ત ભક્તિભાવ પ્રશસ્ત કોટિનો હાજર હતો તો જ પ્રસંગ પામીને એ આગળ વધી શક્યા, માટે એ ત્યાજ્ય નહીં પણ આદરણીય છે. છતાં પણ એ પ્રશસ્ત કષાયનો ભાવ હોવાથી મોક્ષાન્તર્ગત ભાવ ન કહેવાય, પણ ભવાન્તર્ગત ભાવ જ કહેવાય. એણે શ્રી ગૌતમ મહારાજને એની એજ સ્થિતિમાં રોકી રાખ્યા. આ તો શુભ ભાવનો દાખલો થયો.

હવે આ દૃષ્ટાન્તથી અહીં અશુભ ભાવ અંગે સૂચવે છે, કે ભવભોગના ફળની આશંસા જીવને એ જ સ્થિતિમાં રોકી રાખે છે; પછી ભલે એવી આશંસાવાલી



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ધર્મસાધનાથી એ જીવ સ્વર્ગમાં ગયો; તો ત્યાં પણ એ ભવભોગની સ્પૃહામાં રહે છે, પૂર્વની આશંસાના સંસ્કાર અને ભવાન્તર્ગત ભાવમાં જ રોકી રાખે છે, મોક્ષાન્તર્ગત ભાવની ભૂમિકામાં જવા નથી દેતા. માટે સંશુદ્ધ સાધનાનો ત્રીજો જરૂરી ઉપાય 'ફલાભિસંધિનો ત્યાગ' યાને **'સાંસારિક ફળની આશંસાનો ત્યાગ'** મૂક્યો.

**ચાલુ સાધના વખતે સાધ્ય-શુભફળનો વિચાર યોગ્ય છે ? :-**

**પ્ર.**- સાધનામાં સાંસારિક ફળની આશંસા યાને ફળનો વિચાર ન કરાય, તો શું સાધ્ય મોક્ષફળનો વિચાર કરાય ? કે ન કરાય ?

**ઉ.**- પ્રશ્ન મજેનો છે, એનું સમાધાન એ છે, કે મોક્ષની આશંસા, સાધ્ય મોક્ષનો વિચાર જરૂર કરવાનો, પરંતુ તે સાધના શરૂ કરવા પૂર્વે, સાધના શરૂ કરતી વખતે અવશ્ય કરવાનો, જેથી બીજા ભળતા ઉદ્દેશ મનમાં ન આવે; પરંતુ તે વિચાર ત્યારે જ કરવાનો, કિન્તુ સાધના ચાલુ કર્યા પછી નહિ; કેમકે સાધના વખતે સાધ્યફળનો વિચાર કરવા જતાં સાધનામાં વેગ, જુસ્સો, ને તન્મયતા લાવવાનું મોળું પડી જાય. એ તો, એકલી શુદ્ધ સાધનામાં જ મન ઓતપ્રોત રખાય, તો જ એમાં જુસ્સો વેગ, ને તન્મયતા રાખી શકાય.

**પ્ર.**- પણ જે લક્ષ્ય હોય, દા.ત. મોક્ષનું, તો એની દિશામાં પ્રયત્ન રહે એ માટે તો લક્ષ્યનો વિચાર જોઈએ ને ?

**ઉ.**- એનો વિચાર તો સાધના શરૂ કરતાં પહેલાં લક્ષ્ય નક્કી કર્યું એની સાથે નક્કી થઈ જ જાય. દા.ત. મોક્ષનું લક્ષ્ય છે એટલે વીતરાગતાનું લક્ષ્ય છે, તો મનને નક્કી કરાય કે મારે આ સાધના કરવાની છે તે વીતરાગતાનો બાધ કરે એવી કોઈ પણ સાંસારિક વસ્તુના રાગથી લાલસાથી નથી કરવાની. એમ, દા.ત. યોગબીજની સાધનાનું લક્ષ્ય અધ્યાત્મયોગમાં જવાનું રાખ્યું છે, તો મનને નક્કી કરાય, કે મારે આ સાધના કરવાની છે તે અધ્યાત્મયોગ એટલે વ્રતયુક્ત તત્ત્વ-ચિંતનમાં જવા માટે કરવાની છે; તેથી એના બાધક અવિરતિના રાગથી અને અતાત્ત્વિક વિકલ્પોથી બચતા રહેવાનું છે. આમ આ વસ્તુ નક્કી કરીને સાધનામાં જોડાયા, પછી તો એ લક્ષ્યના મંત્રજાપ કર્યા વિના શુદ્ધ સાધનામાં તન્મય થવાનું રખાશે. દા.ત. મોક્ષનો ઉદ્દેશ નક્કી કરી લઈ, જિનોપાસનામાં જિનભક્તિમાં જિનેન્દ્ર-દર્શન પૂજન કરાય એટલે તેમાં જ તન્મયતા રાખવી છે. તો વચમાં વચમાં એ વિચાર ન લવાય, કે 'આ કરીને મારે મોક્ષ જોઈએ છે, મારે મોક્ષ જોઈએ છે,' કેમકે એમ વિચાર લાવવા જતાં વીતરાગના, ખૂબ જ અહોભાવભર્યું અને આ પ્રભુ અનન્ય શરણરૂપે મલ્યાની ગદ્ગદતાથી ભર્યું, દર્શન કરવાની અને એમાં તન્મય



થવાની વસ્તુ ન બને. **સાધના દરમિયાન સાધ્યના વારંવાર વિચાર સાધનાને પ્રબળ ન બનાવી શકે.** એ તો સાધનાના વિચાર ને સાધનાની લગન જ સાધનાને જોરદાર બનાવી શકે. જુઓ એના દાખલા,-

**મહાવીર ભગવાન પર** સંગમ દેવતા ઘોર ઉપસર્ગના જુલ્મ વરસાવી રહ્યો હતો, ત્યારે ભગવાને એની દયાનો વિચાર ન કર્યો, કે 'આ બિચારો આવા ઉપસર્ગ કરીને ભયંકર કર્મ બાંધી રહ્યો છે, તો એનું શું થશે ?' આવી ચિંતા ન કરતાં પ્રભુએ સમભાવ સાથે ઉપસર્ગસહનની સાધનામાં અડગતા કેળવી. અડગતા એ, કે ન તો ઉપસર્ગ પર દ્વેષ-કંટાળો- અરુચિ, કે ન તો ઉપસર્ગ કરનાર પર દ્વેષ-અરુચિ કરવાની. સાધનામાં તન્મયતાનો હિસાબ રાખ્યો છે. સાધના છે,-ચારિત્ર લેતી વખતે જે ભીષ્મપ્રતિજ્ઞા કરી છે કે,

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૨૨,તા.૯-૨-૧૯૮૫

## (૧૩) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

'કરેમિ સામાઈયં' અને 'સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,' અર્થાત્ 'સમભાવની ક્રિયા કરું છું' અને 'સમસ્ત પાપયુક્ત વ્યાપારનો ત્યાગ કરું છું,' એ પ્રતિજ્ઞાના પાલનની સાધના છે. એટલે એ પાલનમાં જ તન્મયતા રાખવાની છે. એ માટે આત્મા સાથે એકમેક બનેલા શરીર પર ભારે અશાતાના પ્રસંગ આવે ત્યાં સહેજ પણ ક્રોધપાપ, અહંત્વપાપ વગેરે ન ઊઠે, એ માટે મન ભારે મક્કમ કરવું પડે. મનને ક્ષમા-નમ્રતા...આદિમાં ખૂબ જ ડૂબાડૂબ રાખવું પડે. હવે અહીં જો મોક્ષફળનો, કે સામા જીવની દયાનો વિચાર કરવો હોય, તો મન એમાં લઈ જવું પડે. એ કેમ બને ? દુઃખોની ઝડી વરસતી હોય ને ક્ષમા નમ્રતા આદિ અખંડ જાળવવા છે, એટલે મન એમાં જ ભારે સ્થિર કરી રાખવાનું કામ કરવું પડે.

**અર્ણિકાપુત્ર આચાર્યને** કેવળજ્ઞાન પામેલા પુષ્પચૂલા સાધ્વીએ કહ્યું છે, કે 'તમને ગંગાનદી પાર કરતાં કેવળજ્ઞાન થશે.' એટલે એ નાવડામાં ગંગા પાર કરી રહ્યા છે. ત્યાં દુશ્મન દેવતાએ નાવડું ડોલંડોલ કરી, નાવમાં બેઠેલા લોકોના મનમાં ભ્રાન્તિ ઊભી કરી, કે 'આ માથામૂંડિયા સાધુના અપશૂકને નાવ ડોલંડોલ થઈ છે,' તેથી લોકોએ એમને ઊંચકીને ગંગામાં ઊંચે ઉછાળ્યા ! અને એ વખતે વૈરીદેવતાએ આચાર્યને નીચે પડતાં ભાલાની અણીપર ઝીલ્યા. આચાર્ય ભાલે પરોવાયા.

હવે અહીં આચાર્યે ફળનો વિચાર ન કર્યો કે 'મારે કેવળજ્ઞાન જોઈએ છે,



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

મોક્ષ જોઈએ છે' તો આ શું આવ્યું ? એમણે તો પોતાની સંયમની સાધનાનો જ વિચાર રાખ્યો. તે આ રીતે, કે

'અરે ! મારે સંયમ પાળવું છે, ને અહીં મારું શરીર લોકોને અને ભાલો ભોંકનારને અસંયમમાં હિંસામાં નિમિત્ત થઈ રહ્યું છે !, તેમજ શરીરમાંથી લોહી ટપકીને નીચે પાણીના અસંખ્ય જીવોની હિંસામાં નિમિત્ત થઈ રહ્યું છે ! કેવો હું હીનભાગી ! ધન્ય છે તે સિદ્ધ ભગવંતોને, કે જેમણે શરીર જ રાખ્યું નથી, તો કોઈને ય પાપક્રિયામાં કે દુઃખમાં નિમિત્ત થતા નથી !' એમ કરી શરીર પર અને પોતાના અહંત્વ પર રાગ-આસક્તિ એટલે કે અસંયમ લેશ પણ ન થાય, તેમજ ક્રોધ-દ્વેષ આદિ સ્વરૂપ અસંયમ ન થાય, એવી મક્કમતામાં મન લગાવ્યું. તાત્પર્ય, સંયમની સાધનામાં તન્મય બન્યા, તો ત્યાં શુક્લ ધ્યાનની ધારાએ ચડી કેવળજ્ઞાન પામ્યા ! આમ એ સાધ્ય ફળની આશંસા-ઝંખનામાં મન ન લઈ જતાં સાધનામાં જ તન્મય બન્યા.

**નાગકેતુ** મહાન શ્રાવક પ્રભુની પુષ્પપૂજા કરતા હતા. શુદ્ધ પૂજા કરવા પૂર્વે એકલી મોક્ષની આકાંક્ષા છે. મોક્ષનું લક્ષ્ય નક્કી છે પરંતુ સાધનાકાળે સાધનાનો જ વિચાર છે. જિનભક્તિની સાધના છે, હવે સાધનાકાળમાં પ્રભુને પુષ્પ ચડાવવા કરંડિયામાંથી પુષ્પ લેતાં લેતાં અંદરનો છૂપાયેલ સાપ હાથે કરડ્યો, ત્યાં જિનભક્તિના ભાવની સાધના જરાય મોળી ન પડે, ઊલટું વધતી રહે, એ માટે એમણે સર્પદંશથી પીડાવાળા પોતાના શરીર પરથી આસક્તિ ઉઠાવી લીધી. શરીરની પીડા મનને ખેંચવા જાય, પરંતુ પરમાત્મામાં જ મન એવું લગાવ્યું છે કે મન શરીર પર ખેંચાય જ નહિ. એમ અનાસક્ત યોગમાં ચડી ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા ! જો આ જિનપૂજાની સાધના વખતે 'આ પૂજાથી મારે મોક્ષ જોઈએ છે, મારે મોક્ષ જોઈએ છે,' એવો ફળનો વિચાર ફળની આશંસા કરવા રહે, તો ભક્તિભાવની સાધનામાં જોસ લાવવામાં મન તન્મય શી રીતે બને ? એ તો પરમાત્મભક્તિની સાધના એટલે, જેમ નવી પરણેલી રૂપાળી શ્રીમંત કન્યાની આરાધનામાં પતિ એનામાં જ તન્મય થાય, એમ પરમાત્મામાં જ તન્મય થવાનું. ત્યાં પછી પોતાના કષ્ટ-દુઃખ-સગવડ કે માન-અહંત્વ કશાનો વિચાર નહિ. નાગકેતુ એ રીતે ભક્તિમાં એકાકાર બની પરમાત્મામાં ને પરમાત્મભાવમાં તન્મય થયા, તો પોતાના શરીર-અહંત્વ વગેરે પ્રત્યે તદ્દન અનાસક્ત બની ગયા, ને અનાસક્ત યોગથી વીતરાગ બની કેવળજ્ઞાન પામે એમાં નવાઈ નથી.

**મોક્ષ માટેની કોઈ પણ સાધનાને તેજસ્વી બનાવી અનાસક્ત યોગની સાધનારૂપ બનાવવી પડે, એટલે કેવળજ્ઞાન થાય.** અર્ણિકાપુત્ર આચાર્યે એમ બનાવ્યું,



નાગકેતુએ એમ બનાવ્યું, મરુદેવા માતાએ પણ એમ જ કર્યું.

એમણે હાથીના હોદ્દે બેઠા પુત્ર ઋષભદેવ ભગવંતાની સમવસરણ-શોભા જોઈને આનંદ તો માન્યો કે, 'વાહ ! મારા દીકરાને આ સંપત્તિ !' પણ એમને મનમાં સહેજ ઓછું આવ્યું, 'દીકરો,- હું એની પાછળ હજાર વર્ષ રોઈ. હવે એની સામે આવું છું, તો મને બોલાવતો નથી ? એક દેવતાને ય મને સામે લેવા મોકલતો નથી ?' એમ સહેજ મનને દુઃખ લાગ્યું, પરંતુ ત્યાં તરત જ મન વાળ્યું,

'દીકરાએ જો મને બોલાવવી હોત, તો એ ઘર છોડીને જંગલના કષ્ટ સહવા શું કામ જાત ? શું કામ હજાર વર્ષ જંગલમાં ભટકવાના કષ્ટ ઉપાડત ? એ તો ઘરમાં જ મને બોલાવતો બેસી રહેત. પણ મને છોડીને ગયો, કેમકે એને હું કે બીજા તદ્દન અન્ય લાગ્યા, પરાયા લાગ્યા, કોઈ બોલાવવા લાયક, રાગ કરવા લાયક લાગ્યા જ નહિ. તેથી એ છોડી ગયો. એ સૂચવે છે, કે સૌના માટે કોઈ પોતાના કરીને રાગ કરવા લાયક છે જ નહિ. આપણાથી સૌ અન્ય છે, જુદા છે...' એમ મરુદેવા અન્યત્વ ભાવનામાં ચડ્યા, તો બીજા જીવો તો શું ? પણ પોતાના શરીર પ્રત્યે ય અન્યત્વ ભાવનામાં ચડતાં અનાસક્ત યોગમાં ચડ્યા, ને ત્યાં જ કેવળજ્ઞાન પામી ગયા ! વાત આ છે, **સાધનાકાળમાં ફળનો વિચાર ન કરતાં સાધનાને જોરદાર બનાવો, એમાં જોસ વધારો.**

આમાં એક સામાન્ય સમજ (Common Sence)ની પણ આ વાત છે, કે સાધનાની વફાદારી રાખવી હોય તો, જેમ બીજા કશાનો વિચાર નહિ, **એમ સાધ્ય ફળનો ય વિચાર નહિ કરવો. દા.ત.** છોકરો ભણતો હોય, ત્યારે 'મારે ભણીને આ થવું છે, તે થવું છે' વગેરે વિચાર કર્યા કરે, તો એને ભણતરમાં એવું જોરદાર ચિત્ત અને એકાગ્રતા-તન્મયતા નહિ રહે. તેમ હીરાનું 'સોર્ટિંગ' યાને વળવાર જુદા પાડવાનું શીખતો હોય ત્યાં ફળનો વિચાર કર્યા કરે તો એ કામમાં નિષ્ણાત નહિ થઈ શકે. એ તો

**વિદ્યાના કે હુન્નરના અભ્યાસમાં જ એકતાન થાય. એ જ એમાં હોશિયાર થઈ શકે.**

સાધનાનો વિચાર એટલે સાધનાનો જ વિચાર ચાલવો જોઈએ.

ખરેખરા વિનયી શિષ્યો ગુરુના અનેક પ્રકારે વિનયને સાધવામાં મશગુલ હોય છે. ત્યાં ફળનો વિચાર કરતા નથી બેસતા, કે 'મારે આ કરીને ગુરુપ્રેમ મેળવવો છે.' એ તો પહેલેથી મનને નક્કી કરી લીધું હોય છે, કે 'વિનય કરીને મારે ગુરુપ્રેમ-ગુરુકૃપા જોઈએ છે, કર્મક્ષયનો લાભ જોઈએ છે,' પણ પછી વિનય આચરતી વખતે ફળનો કશો વિચાર નહિ. માત્ર 'સારામાં સારો વિનયધર્મ બજાવું,'



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

એ જ એક વિચાર જાગ્રત્ હોય છે, તો જ એ વિનયમાં આગળ આગળ પ્રગતિ સાધે છે.

**દેવપાલનો** પ્રસંગ કહ્યો છે. જંગલમાં ઋષભદેવ ભગવાનની પ્રતિમા મળી ગઈ, તો ભગવાનની ભક્તિમાં પ્રસંગ આવ્યે કસોટીમાં સાત દિવસ ભક્તિ ન મળતાં ભૂખ્યો રહીને, પાર ઊતર્યો. તો ચક્રેશ્વરીદેવી કહે છે 'ભક્તિના બદલામાં માગે તે આપું.' ત્યાં આ કહે છે, 'ભક્તિના બદલામાં મને ભક્તિ આપ' કેમ આ માગ્યું ? કહો, એની ભક્તિની સાધના જ ભક્તિની ક્રિયાની વફાદારી સાથે ચાલતી, નિષ્કામભાવની ભક્તિ ચાલતી, ફળની કશી આશંસા નહોતી, તેથી જ માત્ર ભક્તિ માગી.

તો એવી ફળાશંસા વિનાની નિરાશંસ ભાવની ભક્તિનું ફળ કેવું મળ્યું ? દેવી કહે છે, 'તું મારું આપ્યું નહિ લે, પરંતુ આ તારી ઉત્કૃષ્ટ પ્રભુની ભક્તિથી ઊભું થયેલ પુણ્ય આ ભવમાં ફળવાનું છે, તે તને આજથી સાતમે દિવસે આ નગરનો રાજા બનાવશે' !

**કેમ ઉત્કૃષ્ટ પુણ્ય ?**

કહો, સાધના વખતે ફળનો વિચાર નહોતો, સાધનાનો જ વિચાર હતો, તેથી ભક્તિ જોરદાર ચાલતી; એણે ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું કરી આપેલું.

ગૌતમસ્વામી મહારાજ પ્રભુની વાણી કેવી રીતે સાંભળતા ? તો કહ્યું **'વિમ્હિય હિયઓ સુણઈ સવ્વં'** અર્થાત્ પોતે આખી દ્વાદશાંગી અને ૧૪ પૂર્વોના રચયિતા છતાં જાણે પોતે કશું નથી જાણતા, અને 'અહો ! ભગવાન આવું કશુંક અવનવું અદ્ભુત કહે છે !' એમ વિસ્મય સાથે સાંભળતા. આ રીતે સાંભળતાં. આ રીતે સાંભળવાનું ક્યારે બને ? શ્રવણની સાધના વખતે 'મારે આ શ્રવણથી કર્મ ખપાવવા છે, મારે મોક્ષ જોઈએ છે, મારે મોક્ષ જોઈએ છે, એમ ફળનો વિચાર સાધનાકાળમાં લાવ્યા કરે, તો ન બને. એ તો શ્રવણ એટલે બસ શ્રવણ; એમાં ફળનો વિચાર લાવ્યા વિના અહોભાવ, ગદ્ગદભાવ અને એકાકારતા સાથે શ્રવણસાધના કરવાની હોય. તો જ જાણે નવું જ અને અદ્ભુત સાંભળવા મળી રહ્યું છે એમ વિસ્મિત હૃદયે સાંભળવાનું બને. સારાંશ, જેમ સાંસારિક પદાર્થની જરીકે આશંસા રાખ્યા વિના ધર્મની સાધના કરવાની, એમ સાધનાકાળમાં મોક્ષાદિ ફળનો પણ વિચાર નહિ કરતાં સાધના કરવાની. ફળનો નિર્ણય તો સાધના શરૂ કરતાં પહેલાં જ કરી દીધો હોય. હવે તો સાધનાકાળમાં સાધનાને વધુ ને વધુ નિર્મળ તથા તેજસ્વી બનાવવાનો જ વિચાર રાખવાનો; માટે અહીં કશું 'ફલાભિસધિ રહિતં' ફળના વિચાર વિના અનુષ્ઠાન સાધવું.



**સંશુદ્ધ સાધના કોને પ્રાપ્ત થાય ?**

**હવે અહીં** 'અત્યંત ઉપાદેય બુદ્ધિ સંપન્નતા...' વગેરે ત્રણ લક્ષણવાળી યોગબીજની સંશુદ્ધ સાધના કોને પ્રાપ્ત થાય ? એ બતાવવા ટીકાકાર મહર્ષિ લખે છે, કે એ સંશુદ્ધ સાધના **'અભિન્નગ્રન્થિ'** એટલે કે જેણે હજી ગ્રન્થિભેદ નથી કર્યો, એવા જીવને પણ ચરમ યથાપ્રવૃત્તિકરણના સામર્થ્યથી પ્રાપ્ત થાય છે. અલબત્ અહીં ગ્રન્થિભેદ નથી કર્યો એટલે પ્રશ્ન થાય,

**પ્ર.-** સમ્યક્ત્વ પ્રાપ્ત નહિ એટલે મિથ્યાત્વ હોવા છતાં સંશુદ્ધ પરિણામ કેમ થાય ?

**ઉ.-** સમ્યક્ત્વ અને એને પમાડનાર અપૂર્વકરણના શુભ પરિણામની ભૂમિકારૂપે કર્મોનો તથાવિધ ક્ષયોપશમ એવો ઊભો થાય છે કે એના બળ ઉપર સંશુદ્ધ પરિણામ અને સંશુદ્ધ સાધના આવી શકે છે. આ તથાવિધ કર્મ-ક્ષયોપશમ ચરમ યથાપ્રવૃત્તિકરણના અધ્યવસાય કરતાં ઊંચી કોટિના હોય એ સ્વાભાવિક છે, અને એ અધ્યવસાય મોહનીયકર્મ આદિના તેવા ક્ષયોપશમથી ઊભા થાય છે, એટલે જ એના બળ ઉપર સંશુદ્ધ પરિણામ આવી શકે છે.

**પ્ર.-** મિથ્યાત્વ ઉદયમાં છે એટલે મલિન-અશુદ્ધ પરિણામ હોય ત્યાં વિશુદ્ધ પરિણામ કેવી રીતે ?

ઉ.- જુઓ, સાતમે ગુણઠાણે રહેલા અપ્રમત મુનિ હજી વીતરાગ નથી બન્યા, વીતરાગ તો દશમા ગુણઠાણા પછી ૧૧ મે કે ૧૨ મે ગુણઠાણે બનેલા હોય, તેથી ૭ મે ગુણઠાણે હજી રાગનો ઉદય છે, છતાં એમની અપ્રમત્તતા એવી છે, કે જાણે એ વીતરાગ જેવા છે. જિનશાસનમાં અપ્રમત્ત ભાવને એટલો બધો ઉચ્ચ કોટિનો બતાવ્યો છે, કે ત્યાં સંશય ભ્રમ, વિસ્મરણ, ધર્મમાં અનુત્સાહ કે તેવા પ્રકારના રાગ-દ્વેષ વગેરે પ્રમાદ ન હોય, શુદ્ધ ધર્મ-અનુષ્ઠાન સ્વાધ્યાય આદિ પણ એવા સહજ ભાવે ચાલતા હોય, કે એમાં એવી આતુરતા ન થાય કે આના પછી આ કરું, આ કરું. એટલો બધો એમાં આત્મા ઠરેલો હોય, શુભની પણ આતુરતાને જિનશાસન પ્રમાદભાવે કહે છે. માટે તો જુઓ,-

જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે,

આહારક લબ્ધિવાળા ૧૪ પૂર્વધર આહારક શરીર બનાવે એમાં આહારક શરીર-નામકર્મ ઉદયમાં આવે અને તે ૬ઠ્ઠા પ્રમત ગુણઠાણે ઉદયમાં આવે, આહારકશરીર નામકર્મની પુણ્ય પ્રકૃતિ બંધાય ૭ મે ગુણઠાણે, કેમકે ઉચ્ચ પુણ્ય બાંધવા માટે અપ્રમત્તભાવ જોઈએ. ત્યારે એ ઉદયમાં આવે ૬ઠ્ઠા ગુણઠાણે કેમકે એ ઉદયમાં આવીને કામ કરવું છે આહારક શરીર બનાવવાનું, અને એ બનાવવામાં



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

જીવનો પ્રમાદભાવ છે એમ જ્ઞાનીઓ દેખે છે.

ત્યારે જ્યાં ૭ મા ગુણઠાણે આટલી પણ શુભની ય આતુરતાનો રાગભાવ નથી, એવા ૭ મા ગુણઠાણે રહેલા અપ્રમત્તમુનિ કહો વાસ્તવમાં સરાગી હોવા છતાં વીતરાગ જેવા હોય છે, બસ એ જ રીતે ચરમ યથાપ્રવૃત્તકરણમાં મિથ્યાત્વની મંદતાથી એવી અલ્પાંશે મધુરતા ઊભી થાય છે કે ત્યાં સંશુદ્ધ બીજસાધના આવી શકે છે, પછી ભલે વાસ્તવમાં મિથ્યાત્વ જનિત મલિનતા હોય. આના પર સાંખ્ય યોગાચાર્યની સંમતિ બતાવે છે, એ કહે છે,-

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૨૩,તા.૨-૩-૧૯૮૫

## (૧૪) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**ગુરુતત્ત્વ અને વૈયાવચ્ચનું મહત્ત્વ :-**

જિનોપાસનાની જેમ આચાર્યાદિની વૈયાવચ્ચ પણ ઉત્તમ યોગબીજ છે. આચાર્ય આદિમાં ઉપાધ્યાય વગેરે આવે. એમનું કુશળ ચિંતન કરાય. એમને વાચિક નમસ્કાર તથા તન-ધનથી પ્રણામ-પૂજા વગેરેથી કાયિક ઉપાસના કરાય, એ આચાર્યાદિની ઉપાસનાનું બીજું યોગબીજ છે. આચાર્યાદિના કુશળ ચિંતનમાં એમના સદ્ગુણો-સાધનાઓ-સુકૃતોનું ચિંતન આવે. જગત પર થઈ રહેલા એમના ઉપકારોનું ચિંતન આવે. **જગત પર થઈ રહેલા એમના ઉપકારોનું ચિંતન આવે.** દા.ત. 'જીવોને ધર્મોપદેશ આપી કેવા પાપ છોડાવી ધર્માત્મા બનાવે છે ! કુદેવ કુગુરુ કુધર્મની અંધશ્રદ્ધાના કેવા ઝેર ઓકાવે છે ! નાસ્તિક્તા અને અર્થ-કામલંપટતાથી નરક તરફ દોટ મૂકનારને કેવા મહા આસ્તિક તથા સમ્યગ્દૃષ્ટિ બનાવી સ્વર્ગ-મોક્ષગામી બનાવે છે ! વળી પોતાની પવિત્ર ધર્મસાધના સંયમસાધના વગેરેથી ભવ્ય જીવોને કેવા પ્રભાવિત કરે છે !...' આ બધું ચિંતવવાનું આવે. એમ મહાન પૂર્વાચાર્યો આદિના પ્રભાવક પ્રસંગો અને આત્મપરાક્રમો ચિંતવાય.

વાચિક ઉપાસનામાં 'નમો આયરિયાણં' 'નમો ઉવજ્ઝાયાણં' 'નમો લોએ સવ્વસાહૂણં નો બોલીને જાપ, એમના સ્તોત્રોનો પાઠ, ને ગુણગાન આદિ આવે.

કાયિક ઉપાસનામાં એમને વંદના, સુપાત્રદાન, સત્કાર-સન્માનાદિ કરવાના આવે. આ ત્રિવિધ આચાર્યાદિ ઉપાસના શુદ્ધ મનથી નિરાશંસભાવે અને ઉછળતા ભાવોલ્લાસથી કરવાની. પહેલી યોગદૃષ્ટિમાં આવેલો સાધક યોગી દેહદૃષ્ટિ, પુદ્ગલાનંદીપણું અને મોહમાયાની ઘેલછાને પડતી મૂકી આત્મદૃષ્ટિવાળો, આત્મહિતના



રસવાળો, અને ભગવદ્-ભજન વગેરેના પક્ષપાતવાળો બન્યો છે. એટલે સહેજે એ દેવપૂજકની જેમ ગુરુપૂજક પણ બને.

**પ્ર.-** દેવાધિદેવ પરમાત્મામાં તો બધું સમાઈ જાય; તો પછી એમની ઉપાસના કરીએ એમાં ગુરુની ઉપાસના ન આવી જાય ?

**ઉ.-** દેવાધિદેવ જિનેશ્વર ભગવાન અત્યારે આપણને પરોક્ષ છે, પ્રત્યક્ષ આપણી નજર સામે વિદ્યમાન નથી, તેથી ન તો આપણને ભગવાનની વાણી સાક્ષાત્ સાંભળવા મળે, કે ન તો આપણને ભગવાન તરફથી સારણા-વારણા મળે.

**સારણા-વારણા એટલે ?**

'સારણા' એટલે સ્મારણા; આપણે આપણા રોજિંદા કે પ્રાસંગિક કર્તવ્યો ભૂલતા હોઈએ, યા આપણા વ્રત-નિયમોના કે સદ્ગુણોના પાલનમાં સ્ખલના કરતા હોઈએ, તો આપણને યાદ કરાવે કે 'આ તારું કર્તવ્ય છે, આ તારા વ્રત નિયમ છે, એ ન ભૂલ !'

'વારણા' એટલે આપણે માર્ગ ભૂલી ઉન્માર્ગે જતા હોઈએ, આપણને ન શોભે એવા કાર્યમાં, એવી વાણીમાં, એવી વિચારણામાં પડતા હોઈએ, તો એ કરતાં આપણને વારે, રોકે.

**ગુરુની જરૂર શા માટે ? :-**

હવે આપણે અહીં કર્તવ્ય ભૂલતા હોઈએ, કે અકાર્યમાં પડતા હોઈએ તો સારણા-વારણા કરવા કાંઈ ભગવાન નથી આવતા; તેમજ એ વિના આપણને ચાલે એવું નથી, કેમકે અનાદિના કુસંસ્કારવશ અને કર્મપરાધીન આપણે સત્કાર્યો-સત્કર્તવ્યો-સદ્ગુણો વગેરેમાં સદા સ્થિર જ રહેનારા અને આગળ પ્રગતિશીલ જ બનનારા હોતા નથી. એટલે એ માટે તો આપણને મોટાની વારંવાર પ્રેરણાની જરૂર હોય છે. એમ એજ અનાદિ કુસંસ્કારવશ અને કર્મવશ આપણે ઉન્માર્ગે જનારા, તથા દોષો અને દુષ્કૃત્યોના સેવનમાં પડનારા હોઈએ છીએ, ત્યાં આપણને કોઈ મોટા રોકે એ પણ અત્યંત જરૂરી છે. ત્યારે દેવાધિદેવ જિનેશ્વર ભગવાન તો આપણને પ્રત્યક્ષ નથી, ભગવાન મંદિરમાં પ્રત્યક્ષ છે, તે મૌન છે, આપણને કાંઈ કહેતા નથી. એટલે જ સારણા-વારણા કરનાર ગુરુતત્ત્વની જરૂર છે. ગુરુ પ્રત્યક્ષ છે, આપણને હિતવાણી સંભળાવે, ધર્મનો ઉપદેશ આપે, સારણા-વારણા કરે, તે પણ ૨૪ કલાકમાં જ્યારે જ્યારે જરૂર પડે, કે પ્રસંગ આવે, ત્યારે ત્યારે ગુરુનો યોગ હાજર જ હોય, એટલે ગુરુતત્ત્વની તો પહેલી જરૂર પડે. એટલા જ માટે પ્રભુની બધી પૂજા-સ્તવના કર્યા પછી ચૈતન્યવંદનમાં અંતે 'જયવીયરાય' સૂત્રમાં



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

પહેલું આ માગ્યું, "સુહગુરુ જોગો, તવ્વયણ સેવણા, 'શુભ ગુરુનો યોગ અને તદ્‌વચન સેવા.' 'આભવમખંડા' એટલે કે આ જીવનપર્યંત, યા સંસારના અંતપર્યંત, અખંડ મળો" અને પછી આ માગ્યું કે "હે વીતરાગ મમ હુજ્જ સેવા ભવે ભવે તુમ્હ ચલણાણં" અર્થાત્ મારે ભવે ભવે તમારા ચરણની સેવા મળો. એકમાં સંસારપર્યંત મળો કહ્યું, બીજામાં ભવે ભવે મળો કહ્યું. બંનેનો ભાવ સરખો છે. આ બોલીએ ત્યારે 'પ્રણિધાન' એટલે કે જે બોલીને માગીએ છીએ એમાં મનનું સ્થાપન જોઈએ. 'ભવે ભવે' બોલીએ ત્યારે,

**'ભવે ભવે માંગીએ'નું ચિત્ર :-**

મનની સામે ભવભવના વર્તુલ આવે, આ ભવનું એક વર્તુલ, એમાં આપણે છીએ ને આપણી સામે ભગવાન છે, ને એમની સેવામાં આપણે છીએ. પછી આ વર્તુલની આગળ આગળ વર્તુલો છે, જેના છેક છેડે મોક્ષ છે. આ વર્તુલમાં કલ્પનાથી ભગવાન મળ્યા છે, ને આપણે એમની સેવામાં છીએ, એમ પ્રણિધાન કરવું જોઈએ, મનનો નિર્ધાર કરવાનો.

આ જો રોજ ને રોજ કરીએ, તો એમાં નવનવો પ્રકાશ મળે, અને એમાં આનંદ પણ કોઈ ઓર આવે. તેમજ પ્રણિધાનનો પ્રભાવ છે. ગુરુયોગ અને પ્રભુચરણ-સેવાને યોગ્ય સદ્‌ગતિ પણ મળે; અને સદ્‌ગતિ મળે એટલે કેટકેટલુ સારું મળે ! એટલે કહો, પ્રભુ પાસે આ એક 'ગુરુયોગ અને જિનચરણસેવા માગીએ એમાં કેટકેટલું મળે ? તો કે એ 'દેવી આગળ આંધળાની માગણી' જેવું છે, એક માગણીમાં સત્તર વાનાં મળે.'

**આંધળાની માગણી જેવી ભવે ભવે શરણ લેવાની માગણી :-**

એક આંધવાએ દેવી આગળ લાંઘણો ખેંચી 'ભૂખ્યો ભૂખ્યો મરીશ પણ તારા પ્રસન્ન થયા વિના નહિ જાઉં,' ૨૧ ઉપવાસે દેવી રીઝી કહે છે 'માગ, એક જ વસ્તુ માગે તે આપીશ !' આંધળો કહે, 'થોભ, જરા પૂછી આવું.' ગયો વણિક પાસે, સલાહ લઈ આવીને માગે છે 'ઝવેરાત-સોનાના દાગીનાઓથી ભરચક શણગારેલી મારી પુત્રવધુને સોના જેવા મહેલના સાતમા માળે એના દીકરાને સોનાના હિંડોળામાં હીંચોળતો હું જોઉં.' દેવી સ્તબ્ધ થઈ ગઈ ! વરદાન પ્રમાણે આપ્યું, આંધળાએ આમાં કેટકેટલું માગ્યું ? જોવાને આંખ માંગી, વળી પત્ની માગી, એ પત્નીને દીકરો માગ્યો, એ દીકરાને વહુ માગી, એ વહુને પણ દીકરો માગ્યો, સોના જેવો સાત માળનો મહેલ માગ્યો, પુત્રવધુને સોનાના ને હીરા-માણેક-મોતીના અલંકાર માગ્યા, ત્યારે એવા મહેલના માલિક તરીકે પોતાને સારી ઘરની કન્યા પત્ની તરીકે મળે એ માટે દુનિયામાં એની મોટી શાખ અને એ માટે



ભરપૂર ધન પણ જોઈએ તો તે પણ પેટામાં માગી લીધું ! એક માગણીમાં ૧૭ માંગણી !

એવી આ 'ભવે ભવે ગુરુઓની અને પ્રભુચરણની સેવા મળો,' એ માગણી છે એમાં સદ્‌ગતિ, વિપુલ નક્કર સાધના-સામગ્રી, ચરણ-સેવા કરવા માટે ઉચ્ચ ચિત્ત-સમાધિનું બળ, અને વિઘ્નોનો અભાવ... વગેરે વગેરે અવાંતરરૂપે કેટકેટલું માગી લીધું ! આ તો પ્રાસંગિક વાત થઈ.

**બીજ-૨. આચાર્યાદિ-વૈયાવચ્ચ :-**

બીજું બીજ આચાર્યાદિમાં કુશળ ચિંતનાદિ તથા વૈયાવચ્ચની આરાધના છે. આ આચાર્યાદિ એ ગુરુતત્ત્વ છે. એની જીવનમાં શી જરૂર છે ? તો કે પહેલાં જોઈ આવ્યા તેમ આચાર્યાદિ આપણને હિતની આરાધનામાં જોડવા અને અહિતકર વિરાધનાથી બચાવવા માટે છે, કેમકે આપણે આત્મહિતની યાને ધર્મની આરાધનામાં ભૂલકણા સ્વભાવવાળા છીએ, એટલે એ ઝટ ભૂલીએ ! ત્યારે વિરાધનાની બાબતમાં ચકોર જાગ્રત છીએ, કશું ભૂલનારા નહિ ! ધર્મની વિરાધના થાય છે ઇંદ્રિયોના પાપે. ઇંદ્રિયો એના વિષયોમાં લીન બની ધર્મની વિરાધના કરાવે છે, ને આપણે ઇષ્ટ ઇંદ્રિય-વિષયો પકડવામાં ક્યાંય ભૂલતા નથી. અરે ! વીતરાગનું દર્શન કરતા હોઈએ પણ બાજુમાં રૂપાળું રમકડું આવ્યું તો ઝટ એનું મુખ ને શરીર જોઈ લેવાય છે ! તે પણ મુખ બરાબર યાદ રહી જાય એમ જોઈ લેવાય છે ! ત્યારે હજી કદાચ, ભગવાનનું મુખ એવું યાદ ન આવે ! આ આપણી સ્થિતિ છે, 'ધર્મમાં ભૂલકણા, ને કર્મમાં ચકોર !' માટે ગુરુતત્ત્વ અર્થાત્ આચાર્યાદિ આપણા માથે જોઈએ.

**ગુરુતત્ત્વનું કેમ આટલું બધું મહત્ત્વ ?** કારણ સ્પષ્ટ છે

**જીવમાં મોટામાં મોટો અવગુણ અહંકાર-આપમતિ અને સ્વેચ્છાચારનો છે.**

એને નાથવો-દબાવવો-ટાળવો મહાકઠિન છે. હજી ઘોર તપસ્યા કરવી સહેલી, પરીસહ-ઉપસર્ગ સહવા સહેલા, પણ અહંકારાદિ મૂકી દેવા બહુ મુશ્કેલ છે. જુઓ,

**જિનકલ્પ પહેલાં સંલેખના એટલે ?**

એક મુનિ જિનકલ્પ-ચારિત્ર સ્વીકારવાની ઇચ્છા બતાવે છે. આચાર્ય મહારાજ કહે છે, પહેલાં સંલેખના કરો. 'સંલેખના' એટલે એમાં તન-મનને ઘસી નાખવા પડે, કાયાની સુખશીલતા અને મનની કાયરતા ફગાવી દેવી પડે, કહો, તન તોડી નાખવું પડે, ને મન મોડી નાખવું પડે. કપરા માર્ગે ચાલતાં, મનને 'નથી ફાવતું' ન રખાય. ગમે તેવા ભારે કષ્ટ પરીસહ મનને ફવરાવવા પડે. તે ય સહેજ પણ ખેદ-અરુચિથી નહિ, કિન્તુ ખુશીથી વધાવી લેવા પડે. ત્યારે મન મોડી નાખ્યું કહેવાય.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

એમ કાયાને તપસ્યાથી કસે. (૧) ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ... વગેરે કર્યે જાય. (૨) પારણે વિગઈ-રસોનો સંક્ષેપ કરે, ત્યાગ રાખે. (૩) બીજા અભિગ્રહો ધારે. (૪) રોગમાં દવા ન લે. (૫) નિર્દોષ ભિક્ષા ન મળે તો દિવસોના દિવસો ઉપવાસ ખેંચે. ડાંસ-મચ્છર વગેરે પરીસહો સહે. એમ કરી કરી કાયાને કસે. રાતના પહેલાં મકાનમાં, પછી બહાર આંગણામાં, પછી ગામ બહાર, પછી સ્મશાનમાં, જંગલમાં...કાયોત્સર્ગ ધ્યાનમાં રહે. આટલી કષ્ટમય સાધનામાં પણ સૂત્ર-અર્થનું ધીખતું પારાયણ દિવસ-રાત ચાલુ ! આ બધે મનની મક્કમતા એવી કેળવે, કે ક્યાંય મન ન બગડે. મનને કોઈ અરતિ-ખેદ-કંટાળો, કે કોઈ ઉપદ્રવ આવે તો સહેજ પણ ક્રોધ, માન વગેરે કષાય ન થાય, એમ કાયાને કસે. એ તન તોડી નાખ્યું કહેવાય, તન-મન ઘસી નાખ્યા એ સંલેખના કરી કહેવાય.

મન કેવા મક્કમ કર્યા હોય ? ગમે તેવી બિમારીમાં પણ દવા નહિ ! તમને એમ લાગશે કે

**દવા વિના તાવ મટે ? :-**

**પ્ર.**- તાવ આવી ગયો તો દવા વિના કેમ ચાલે ?

**ઉ.**- શાસ્ત્ર કહે છે, નવો તાવ આવે ત્યારે પહેલાં અઠ્ઠમ કરવો. કેમ એમ ? કારણ એ જ કે પેટના દોષને લીધે કુદરત એને પકાવવા તાવ લાવે છે. ત્રણ દિવસ ભૂખ્યા રહો એટલે દોષ બળી જાય. માટે તો આયુર્વેદ શાસ્ત્ર પણ કહે છે.- **'अभिनवे ज्वरोदीर्णे विषं जानीहि भेषजम् ।'**

'નવા તાવમાં દવાને ય ઝેર સમજ.' ત્યારે ત્રણ ઉપવાસ કરે એટલે તાવ-પિત્ત-કફના દોષ બળી જવાથી તાવ વગેરે સહજતાથી શાંત થઈ જાય. દવાની જરૂર જ શી ?

બીજી વાત એ છે, કે એવા યોગી પુરુષનો આહાર જ બહુ અલ્પ, એટલે રોગ થવાને કારણ જ ન મળે તમને લાગશે,-

**અલ્પ આહારથી કેમ ચાલે ?**

**પ્ર.**- બહુ અલ્પ આહારથી કેમ ચાલે ?

**ઉ.**- આ સમજથી ચાલે કે, 'કહેવત છે સોળે સાન, વીસે વાન.' સોળ વરસની ઉંમર થાય એટલે 'સાન'=અક્કલ આવી જાય, ને ૨૦ વર્ષની ઉંમર થતાં 'વાન'=શરીર ઊંચાઈ-પહોળાઈ-જાડાઈમાં તૈયાર થઈ જાય. હવે આગળ ખાવાની જરૂર એટલી જ કે શરીરને ટેકો મળી રહે.

આ સમજથી અલ્પ આહારથી ચલાવે. એમાં રોગ થવા સંભવ નહિ. ક્યારેક નિકાચિત કર્મના ઉદયે રોગ આવે, જેમકે સનતકુમાર ચક્રવર્તીને એકી કલમે



સોળ રોગ ઊભા થઈ ગયા, તો દવા વિના એ સહી લેવાની તૈયારી. ચક્રવર્તીએ તરત જ દીક્ષા લઈને ૭૦૦ વર્ષ સુધી વિના દવા-ઉપચારે અને ત્યાગ-તપસ્યા કર્યે રાખીને રોગો સહ્યા હતા ને ?

આમ જિનકલ્પ કે એકાકી વિહારની ઇચ્છાથી મક્કમ મને સંલેખના કરે. એમ એકત્વ ભાવના કેળવે, ભયસંજ્ઞાનો નિગ્રહ કરે, આત્માનું સત્ત્વ ખૂબ વિકસાવે.

પેલા મુનિ આ કર્યે જતા, ને વચમાં વચમાં ગુરુ પાસે જિનકલ્પમાં જવાની આજ્ઞા માગતા; પરંતુ ગુરુ કહેતા 'હજી વાર છે.' એમ કરતાં વરસો વીત્યા. ત્યાં હવે મુનિની ધીરજ ખૂટી, તે એક વાર આજ્ઞા માગતાં, જ્યાં ગુરુએ કહ્યું-'હજી વાર છે,' ત્યાં પોતાની એક આંગળીનો ટચાકો બોલાવતાં તડૂકીને કહે છે, 'હવે આમાં શી વાર છે ?'

ત્યાં ગુરુ કહે છે 'એ જ વાર છે. તમે કાયાની સંલેખના તો કરી, પણ હજી અભિમાન કષાયની ને મનની સંલેખના ક્યાં કરી છે ? એ કરવાની જરૂર છે, એટલે વાર છે.' મુનિ સમજી ગયા.

**મનની સંલેખનામાં કષાયની સંલેખના કરવી પડે.**

પોતાને અહીં અભિમાન આવ્યું, એટલે જ ગુરુના સામે આંખ જરા ચડાવીને બોલાયું કે 'હવે શી વાર છે ?' તરત એ ગુરુના પગમાં પડી ગયા. ક્ષમા માગતાં કહે છે; 'પ્રભુ ! ભૂલ્યો કે મેં અહંકાર કષાય ન દબાવ્યો. હવે કષાયની સંલેખના કરીશ.'

આ દૃષ્ટાન્ત પરથી સમજાશે, કે ત્યાગ-તપથી કાયા તોડી નાખવી સહેલી છે, પરીસહોનાં કષ્ટ સહવા સહેલા છે, પણ-

**પોતાના અહંકાર-આપમતિ-સ્વેચ્છાચાર તોડી નાખવો કઠિન છે.**

માટે જ અહંકાર સર્વ દુર્ગુણોમાં રાજા છે. એ બીજા દોષ-દુર્ગુણોને પણ છાવરે છે, ને અહંકાર દોષને દોષરૂપે નહિ માનવા દે.

**આવા જાલિમ અહંકાર-દોષને કચરી નાખવા માટે જિનશાસનમાં ગુરુતત્ત્વ છે. ગુરુને માથે ધરવાના છે.**

**ચારિત્ર-દીક્ષા લઈ ગુરુ કેમ કરવાના ? તો કે-**

(૧) એક તો 'ગુરુતીર્થ' ગુરુને તીર્થની જેમ સેવવા માટે ગુરુ કરવાના. તીર્થની આરાધના કરવી હોય તો ખેદથી મનમાં એ ન લવાય કે- 'આ તીર્થગિરિ બહુ ઊંચો, બહુ કઠિન !' એમ ગુરુની આરાધના કરવી હોય તો મનમાં એ ન લવાય, કે 'આ ગુરુનો સ્વભાવ બહુ તેજ !' ગુરુ એટલે ગુરુ, ત્યાં પોતાની સગવડ ન જોવાય. એક હિસાબ હોય, દુનિયામાં સેવા ઘણા લેભાગુ અને મોહાંધોની કરી,



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

પણ ફળમાં ભવમાં ભ્રમણ સિવાય કાંઈ દેખ્યું નહિ. હવે આ ચારિત્ર-સંપન્ન નિર્મોહી ગુરુને સેવું, આરાધું, તો મારા ભવનાં ભ્રમણ મટી જાય.' ગુરુ આટલા માટે કરવાના.

(૨) ગુરુ કરવાનું બીજું કારણ આ કે અનાદિનો મહાદુર્ગુણ અહંકાર, આપમતિ ને સ્વેચ્છાચાર તોડવો છે, તે ગુરુને માથે રાખવાથી તુટે. પૂછો,-

**પ્ર.**- ગુરુ માથે રાખ્યાથી અહંકાર કેમ તુટે ?

**ઉ.**- ગુરુને માથે રાખ્યા એનું નામ કે ગુરુને પોતાનો આત્મા સર્વેસર્વા સમર્પિત કરી દીધો. લીટર દૂધમાં ૫૦ ગ્રામ પાણી કેવી રીતે ભળે છે ? પાણીનું જુદું અસ્તિત્વ જ ન દેખાય. તે દૂધ જ દેખાય. એમ ગુરુમાં સમર્પિત થઈ જવાથી પોતાનું જુદું અસ્તિત્વ ન દેખાય. આમાં પોતાનું અહંત્વ અહંકાર ક્યાં ઊભા રહે ? પોતાની મતિ પોતાની ઈચ્છા ક્યાં ઊભા રહે ? ગુરુની મોટાઈ, એ જ પોતાની મોટાઈ; ગુરુની મતિ એજ પોતાની મતિ; ગુરુનો અભિપ્રાય એ જ પોતાનો અભિપ્રાય; ગુરુની ઈચ્છા ને અનુકૂળતા એ જ પોતાની ઈચ્છા ને અનુકૂળતા. આવું સમર્પણ કરાય, તો ગુરુને માથે ધર્યા કહેવાય. ત્યાં પછી પોતાની વડાઈરૂપ અહંકાર, પોતાની મતિરૂપ આપમતિ, પોતાની ઈચ્છા મુજબ આચરણરૂપ સ્વેચ્છાચાર યાને સ્વચ્છંદચારિતા શાના ઊભા રહે ?

આ જ વાત છે,- દેવાધિદેવ જેમ ઉપાસ્ય છે, એમ ગુરુ આચાર્યાદિ ઉપાસ્ય છે, વિશેષ ઉપાસ્ય છે અર્થાત્ ચોવીસે કલાક ઉપાસ્ય છે, મન-વચન-કાયાથી ઉપાસ્ય છે. ત્યાં પછી પોતાની સગવડ, પોતાની અનુકૂળતા, પોતાની રુચિ ન જોવાય. ગુરુસેવા આગળ પોતાની ઊંઘ ને આરામ હરામ થઈ જાય.

દુનિયામાં એક કન્યા પરણીને સાસરે જાય છે, તો દુન્યવી સુખ ખાતર પતિની સેવા-સગવડ-મોટાઈ વગેરેની આગળ પોતાની સગવડ-આરામ-વડાઈ-અહંત્વ કેવા ભૂલે છે ! પોતાનું શરીર થાકે તો થાકવા દો, પતિની સેવામાં ખામી નહિ આવવા દેવાની. પતિના રોફમાં દબાઈ જવાનું. પતિની ઈચ્છા મુજબ જ વર્તવાનું. દૂધમાં પાણી ભળી જાય એમ પતિમાં પોતે ભળી જાય છે. પતિ મિજાજી અને સુખશીલિયો મળે તો તે ય નભાવિ લે છે.

**જો દુન્યવી તુચ્છ સુખના લક્ષ્યવાળી કન્યાને પતિમાં અર્પિત થઈ જવાનું આવડે તો મોક્ષના લક્ષ્યવાળા સાધુને ગુરુમાં સર્વેસર્વા સમર્પિત થવાનું ન આવડે ?**

**ગુરુ સામે અહંત્વ ઊઠે, આપમતિ જાગે, તો એ રોકવા મહાપુરુષોને યાદ કરવા.**

મોટા ગણધર ગૌતમસ્વામી મહારાજ ગુરુ મહાવીર ભગવાનમાં કેવા અર્પિત



થઈ ગયેલા ? ત્યાં પોતાનું કશું અહંત્વ, કશું માન નહિ, પોતાનો કશો સ્વતંત્ર રસ કે કશી ઈચ્છા જ નહિ. પ્રભુએ ગૌતમ મહારાજને આણંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં દેવાનું કહ્યું, તો એ તરત તહત્તિ કરી ઊપડ્યા ! અને જઈને આણંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં દીધું ! કોણે ? પ્રભુના ૧૪ હજાર શિષ્યોમાં વડેરા અને પ્રથમ ગણધરે ! ગુરુને કેવા સમર્પિત ! 'ગુરુની ઈચ્છા એ પોતાની ઈચ્છા' એ ક્યારે બને ? અહંત્વ અહંકાર ભૂલાય ત્યારે. પ્રભુએ અંતિમ સમયે ચાલી રહેલી ૧૬ પહોરની અત્યંત મધુરી અને રસભરી દેશના વચ્ચે ગૌતમને કહ્યું, 'જાઓ ગોયમા ! દેવશર્માને પ્રતિબોધ કરો.' એવી મધુરી દેશનામાંથી ઊઠવાનું મન થાય ? પણ ઊઠ્યા ને ગયા; કેમ વારું ? ગુરુ સમર્પણમાં ગુરુની ઈચ્છા ને ગુરુની આજ્ઞાથી વધીને બીજો રસ નહિ. એવો અહંત્વ-ત્યાગ કરવાનો. એમને અહમ્ નહોતું. એટલે તો એમણે એટલો ય વિચાર ન કર્યો કે 'પ્રભુ અત્યારે દેશનાની વચમાં કેમ આમ કહે છે ?' નહિતર અવધિજ્ઞાનથી જાણી શકત કે 'પ્રભુનું હવે તરતમાં નિર્વાણ છે, એટલે કદાચ મને એથી આઘાત ન લાગે તેથી આઘો કાઢવા આમ કહે છે.' તેમ એ પણ વિચારવા ન ઊભા કે 'એ દેવશર્મા પ્રતિબોધ પામે એવો છે ?' એ તો તરત ચાલી નીકળ્યા ! કેમ વારું ? ગુરુવચન પર બીજો કશો વિચાર નહિ કરવાનો. વાત આ છે કે ગુરુમાં દૂધમાં પાણીને જેમ ભળી ગયા પછી પોતાનું જુદું અસ્તિત્વ ગૌતમ મહારાજના મન પર જ નથી.

**૩ સાધને વિશુદ્ધ ઉપાસના :-**

ગુરુ-આચાર્યાદિની ઉપાસના પણ વિશુદ્ધ કોટિની કરવાની, એટલે કે ઉપાસનામાં વિશુદ્ધિ માટે અત્યંત (૧) ઉપાદેય બુદ્ધિ, (૨) સંજ્ઞાઓનો ત્યાગ અને (૩) નિરાશંસભાવ રાખવાનો. અહીં ગ્રંથકાર કહે છે, આચાર્યાદિ કેવા લેવાના ? તો કે ભાવયોગી લેવા. 'ભાવાચાર્ય' એટલે આચાર્યના ગુણો જેનામાં હોય તે. ગુણો ન હોય અને ખાલી આચાર્ય તરીકેનું પદ લઈ બેઠા હોય એ દ્રવ્યાચાર્ય કહેવાય. કુશળ ચિંતન આવાનું નહિ કરવાનું, પરંતુ ભાવાચાર્યનું કરવાનું. તો જ એ ફળદાયી થાય. માટે એ ભાવાચાર્યનું શુભ ચિંતન જ સુંદર છે.

દ્રવ્યાચાર્યનું કુશળચિંતન, નમસ્કાર, સ્તુતિ-પ્રશંસા વગેરે સુંદર નહિ. વ્યવહારમાં દેખાય છે કે જુઠી વસ્તુમાં સાચા તરીકેનો વ્યવહાર સુંદર નથી. જૂઠા કાટલામાં સાચા કાટલા તરીકેનો વ્યવહાર કોણ સારો ગણે છે ? ને સાચા તરીકે કોણ સ્વીકારે છે ? જૂઠા કાટલે જોખાયેલ માલ લઈ આવનારો નુકશાનમાં ઊતરે છે, અને એવી રીતે માલ આપનારો લોકમાં નિંદાય છે, લોકનો વિશ્વાસ ગુમાવે છે. એમ બનાવટી કે ભેળસેળિયા માલને સાચામાં કે ચોક્ખામાં ખપાવે એ પણ, લોકને



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

જાણ થતાં, વિશ્વાસ અને ઘરાક ગુમાવે છે. તેમજ એવા માલને સાચો કે ચોક્ખો માલ સમજી એ તરીકે ખરીદનારો ઠગાય છે.

બસ, એ રીતે દ્રવ્યાચાર્યને ભાવાચાર્ય માની એને નમસ્કાર આદિ કરનારો ઠગાય છે.

**દ્રવ્યાચાર્યથી ઠગાઈ :-**

**અંગારમર્દક આચાર્ય** અભવી હતો, દ્રવ્યાચાર્ય હતો, પણ એને નહિ ઓળખતાં ૫૦૦ શિષ્યોએ એને ગુરુ કરેલો. બહારથી બીજા સુસાધુઓ આવ્યા. એમાંના મુખ્યને રાતના સ્વપ્નમાં એક મોટો ભૂંડ હાથણીઓથી પરિવરેલો દેખાયેલો. તેથી લાગેલું કે 'આજે સુસાધુઓથી પરિવરિત કુગુરુ મળશે,' અને બરાબર તેમજ બન્યું. અહીં આવી ગુરુ અંગારમર્દક આચાર્યનાં લક્ષણ અભવી જેવાં જોયાં; ખાનગીમાં ૫૦૦માંના મુખ્યોને સમજાવ્યું કે 'આ ક્યાં તમે અભવી જેવા ગુરુના પલ્લે પડી ગયા ?' ખાતરી માટે રાતના આ બતાવ્યું,-ખાનગીમાં મુકામ બહારની ભૂમિ પર કોલસી પથરાવી દીધેલી; ત્યાં અંગારમર્દક આચાર્ય રાતના માત્રુ કરવા (લઘુશંકાએ) નીકળ્યા, કોલસી પર ચાલતાં એમાંથી કીચૂડ કીચૂડ અવાજ થાય છે, એટલે આચાર્ય હસતાં હસતાં બોલે છે 'વાહ ! મહાવીરના જીવડાનું સંગીત મજેનું ચાલે છે ! લ્યો હજી સારું સંગીત ચલાવો' એમ કરી હસતાં હસતાં પગ દાબી દાબીને ચાલે છે !

આચાર્યના શિષ્યોએ આ જોયું, સમસામી ગયા કે 'અરર ? ગુરુને અહીં જીવડા છે એમ લાગવા છતાં એ આટલા બધા નિર્દય થઈ એના પર પગ દાબી દાબીને ચાલે છે ?' સવારે એમને 'તમે રાતના આવું કરનારા ને બોલનારા ? માફ કરજો, અમે તમને ગુરુ તરીકે વોસિરાવીએ છીએ. હવે તમારા અમારા સંબધ પૂરા થયા;' એમ કહીને ઘડીનો ય વિલંબ કર્યા વિના તરત જ એમને છોડી દઈ પાંચસોએ ચાલ્યા ગયા. કેમ ? જૂઠામાં સાચા તરીકેની બુદ્ધિ અને વ્યવહાર સારો નહિ, ધોખો દેનારો, નુકસાનમાં ઊતારનારો. માટે દ્રવ્યાચાર્ય ત્યાજ્ય.

**પ્ર.**- દ્રવ્યાચાર્ય લોકમાં આચાર્ય તરીકે મનાય છે, તો એનો આદર નહિ ?

**ઉ.**- ના, એ અધર્મમાંથી ઉત્પન્ન થયેલ છે, તેથી આદરણીય નથી, ઉપાસનીય નથી. દા.ત. ચોરીના માલથી ધનવાન થયો હોય એની સાથે સારા વેપારી વેપાર-સંબંધ નહિ રાખે. ભય છે 'કદાચ એ સરકારથી પકડાયો, તો આપણે ય એમાં સંડોવાઈશું,' દ્રવ્યાચાર્ય કેમ સાધુ કે આચાર્ય થાય છે ? કહો, માનપાનાદિની લાલસાથી. એ પૌદ્‌ગલિક લાલસા એ પાપ છે, અધર્મ છે. એમાંથી ઉત્પન્ન થયેલ સાધુપદ આચાર્યપદ એ સ્વ-પરનું ઘાતક યાને અપકારક હોવાથી જરાય આદરણીય નથી, ઉપાસનીય નથી.



આચાર્યાદિને વિષે માત્ર કુશળ ચિંતન વગેરે મન-વચન-કાયાથી ઉપાસના એટલું જ યોગબીજ નથી કિન્તુ એમની વૈયાવચ્ચ પણ યોગબીજ છે.

**વૈયાવચ્ચના અદ્‌ભુત લાભ :-**

આચાર્યાદિની વૈયાવચ્ચનો કેવો મહાન પ્રભાવ છે, તેમજ કેવા મહાન લાભ છે, એ જો જરા ઊંડા ઊતરીને વિચારીએ, તો લાગે કે વૈયાવચ્ચ એ ખરેખર યોગબીજ યાને યોગનું કારણ હોય એમાં શંકા નથી.

(૧) પહેલી વાત આ છે, કે વૈયાવચ્ચ વિશુદ્ધ કોટિની કરવાની છે; એટલે પૂર્વે કહ્યું તેમ (૧) અત્યંત કર્તવ્યબુદ્ધિથી કરવાની છે. જેથી મન બીજામાં જાય નહિ, ને એમાં જ તન્મય રહે. એટલે મનને બીજા ત્રીજા ભળતા વિકલ્પોથી બચાવી શકાય. આમ **રખડું મનને વૈયાવચ્ચના આ ઉત્તમ શુભ યોગમાં એકાકાર કરાય. એ શુભ ધ્યાન થયું.** વૈયાવચ્ચથી એનો મોટો લાભ થયો ! અને

(૨) ભળતા વિકલ્પો એ બરિરાત્મભાવ છે, બહિર્મુખતા છે; એનાથી આત્માને બચાવ્યો એટલે અંતર્મુખતા ટકી. **આ પણ મોટો લાભ બહિર્મુખતાના કુસંસ્કારોને દૃઢ થતા રોક્યા, આ પણ મોટો લાભ.**

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૨૪,તા.૯-૩-૧૯૮૫

## (૧૫) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

(૩) વળી વૈયાવચ્ચ વિશુદ્ધ કોટિની કરવાની. એમાં આહારાદિ સંજ્ઞાઓની અટકાયત કરવાની આવે; તેથી

**એ પાપ-સંજ્ઞાઓના કુસંસ્કાર પણ દૃઢ થતા અટકે.**

(૪) વૈયાવચ્ચ વિશુદ્ધ કોટિની એટલે કે પૌદ્‌ગલિક આશંસા વિનાની કરવાની, નિરાશંસભાવની કરવાની; તેથી એમાં ફળમાં માન-પ્રશંસા-કીર્તિ વગેરે કશું જોઈતું નથી. એટલે નિરાશંસભાવનો વૈયાવચ્ચ ગુણ એવો મહાન છે, કે એથી

**જબરદસ્ત પુણ્યાનુબંધી પુણ્યનો લાભ મળે.**

ભરત અને બાહુબલિને આપણે જાણીએ છીએ કે એમણે પૂર્વભવે ૫૦૦ મુનિઓની ભક્તિ-વૈયાવચ્ચ નિરાશંસભાવે કરેલી; તો એ અનુત્તર વિમાનમાં દેવ થઈ, અહીં એક ચક્રવર્તી અને બીજા અતુલબલી બનેલા ! અને એક એવા અઢળક ઐશ્વર્ય વચ્ચે નિર્લેપ કેવા કે આરિસાભવનમાં વીતરાગતા ને કેવળજ્ઞાન પામ્યા ! તો બીજા ચક્રવર્તીને ટપી જાય એવા અદ્‌ભુત બળવાળા છતાં યુદ્ધ-ભૂમિ પર



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

વૈરાગ્ય અને ચારિત્ર પામ્યા ! ને ત્યાં જ ૧૨ મહિના સુધી કાયોત્સર્ગધ્યાનમાં રહેવાનું સામર્થ્ય તથા અંતે કેવળજ્ઞાન પામ્યા ! આ બંનેને નિરાશંસભાવની વૈયાવચ્ચ-સાધનાનું ફળ.

આષાઢાભૂતિ મુનિ આચાર્યાદિની ગોચરીની વૈયાવચ્ચમાં લાડુની આશંસામાં પડ્યા ! તો નાટકણીમાં લોભાઈ ચારિત્રભ્રષ્ટ થયા ! એ તો સારું થયું કે એમને ચારિત્ર પર બહુમાન અને ચારિત્રના શુભ સંસ્કાર હતા. એટલે પાછળથી ઊંચે આવી ગયા, અને ભરત ચક્રવર્તીનું નાટક ભજવતાં કેવલજ્ઞાન પામી ગયા !

(૫) આચાર્યાદિની વૈયાવચ્ચમાં એક અદ્ભુત લાભ એ છે, કે વૈયાવચ્ચથી આચાર્યાદિને શાતા ઊપજે છે. તેથી બીજા જીવોને જે શાતા અપાય એના કરતાં શ્રાવકને શાતા અપાય એનો મોટો લાભ, એના કરતાં તપસ્વીને શાતાદાનનો વધુ લાભ, એના કરતાં મુનિને શાતાદાનનો વધારે,... એમ ઉત્તરોઉત્તર ગ્લાન, પદસ્થ, ઉપાધ્યાય, આચાર્યને શાતાદાનમાં ચડિયાતો લાભ ! આ લાભ વૈયાવચ્ચથી મળે, એમાં પુણ્યલાભ પણ ઉત્તરોત્તર ચડિયાતો થાય.

(૬) આચાર્યાદિને વૈયાવચ્ચથી શાતા અપાય, વિશેષ શરીર-સ્વસ્થતા અપાય, એટલે **એમનાં કાર્ય જોરદાર અને વેગબંધ ચાલે.** કામ શરીરથી લેવાનું છે, અને શાતા આપીએ એટલે એ કામ જોરદાર આપે એ સહજ છે. એમાં એક મહાન નિમિત્ત બનવાનો લાભ મળે. એ બધા સુકૃતોની સક્રિય અનુમોદનનો લાભ મળે.

**આચાર્યનાં કાર્ય કયાં ?** જગતમાં ધર્મનો ફેલાવો કરવો, જીવોને પવિત્ર પંચાચારમાં જોડવા, ઇતરોમાં શાસન-પ્રભાવના કરી એમને બોધિબીજ પમાડવાં,... વગેરે વગેરે. એમાં નિમિત્ત બનવાનો લાભ ! એમ

ઉપાધ્યાયની વૈયાવચ્ચથી એમને શાતા મળતાં એમના કાર્યમાં વેગ આવે, એ શાસ્ત્રો ભણાવી મુનિઓને બુદ્ધ-સંબુદ્ધ કરે, એ વળી પોતાના શિષ્યોને સંબુદ્ધ કરે... એમ શાસ્ત્ર-પરંપરા એટલે કે શાસન-પરંપરા ચાલે. ઉપાધ્યાયની વૈયાવચ્ચથી એમાં નિમિત્ત થવાનો લાભ મળે.

એમ તપસ્વીની વૈયાવચ્ચથી એમને શાતા મળે ને તપસમાધિમાં તથા આગળ તપમાં વેગ મળે.

એમ મુનિની વેયાવચ્ચથી મુનિને શાતા મળે. એમાં એમના ચારિત્ર-પાલન સંયમ-સ્વાધ્યાય-રમણતા વગેરે કાર્યમાં વેગ આવે.

આમ એક વૈયાવચ્ચ કેટકેટલા ઉત્તમ કાર્યોમાં નિમિત્ત થાય ? કહો, જેમ બગીચામાં નીકમાં પાણી વહેવડાવ્યું, એ ગુલાબ-ચંપો-જાસુદ-મોગરો વગેરે કેટલાયનાં પોષણમાં નિમિત્ત થાય; એમ,-



**વૈયાવચ્ચ જાણે નીકમાં પાણી ! તે એકેકના કેટલાય ઉત્તમ સત્કાર્યોના પોષણમાં નિમિત્ત બને !**

**માનસિક શાતાની વૈયાવચ્ચ :-**

જરા ઊંડું વિચારીએ તો, દા.ત. આચાર્યને વૈયાવચ્ચથી શાતા-સ્વસ્થતા આપી, એ બીજા જીવોને પાપોની આલોચનાનું પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરે. એટલે એ પ્રાયશ્ચિત્ત લેનારા નિકટ મોક્ષગામી બને ! કોઈ વળી ભાવનામાં ચઢી ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચે ! આ ફળ શાનું ? વૈયાવચ્ચથી આચાર્યને સ્વસ્થતા મળી એનું.

વૈયાવચ્ચ આચાર્યાદિની, એમાં 'આદિ' પદથી ઉપાધ્યાય, સ્થવિર, ગણી, યાવત્ મુનિની પણ વૈયાવચ્ચ યોગબીજ બને છે. આ **વૈયાવચ્ચથી શારીરિક શાતા અપાય, એના કરતાં માનસિક શાતા અપાય, એમાં વળી અલૌકિક ફળ નીપજે !**

દા.ત. **સંપ્રતિ રાજાનો જીવ** પૂર્વ ભવે ભિખારી, તે એણે આચાર્ય આર્યસુહસિત મહારાજ પાસે ખાવા માટે ચારિત્ર લીધું. પછી દિવસોનો ભૂખ્યો એટલે જરા વધારે અને ભારે ખાધું. એ જ રાતે એને અજીર્ણ પેટમાં દરદ થયું. ત્યાં આચાર્યાદિ મુનિઓએ એને નિર્યામણા કરાવવાની વૈયાવચ્ચ કરી. એને માનસિક શાતા આપી, તો એ મરીને રાજા સંપ્રતિ થયો ! અને એણે ૧ા લાખ નૂતન જિનમંદિર બંધાવ્યા ! ૩૬ હજાર મંદિરનાં જીર્ણોદ્ધાર કરાવ્યા ! ૧ા ક્રોડ જિનબિંબ ભરાવ્યા ! કેટલીય દાનશાળાઓ ચલાવી ! દૂર દેશમાં જૈન ધર્મ ફેલાવ્યો !... સંપ્રતિ રાજાનાં **આ બધા ઉત્તમ સત્કાર્યોમાં પૂર્વભવે મુનિઓએ એને અંત સમયે આપેલી માનસિક શાતા-વૈયાવચ્ચનું પાણી પહોંચ્યું ગણાય.**

**૫૦૦ ને પીલાવામાં સારાં તત્ત્વ :-**

પાલક પાપીએ ૫૦૦ મુનિઓને એક પછી એક ઘાણીમાં પીલવા માંડ્યા, ત્યાં આચાર્ય ખંધકસૂરિએ નિર્યામણાની વૈયાવચ્ચ કરવા માંડી કહેતા ગયા, "જોજો, (૧) આપણી પોતાની ચીજ આપણો આત્મા છે. એનું ધન જ્ઞાન-દર્શન-ચારિત્ર-સમતા છે. તો એ જ સંભાળજો. (૨) શરીર તો પાડોશી છે. પાડોશીને ત્યાં આગ લાગી, ત્યાં 'હાય' કરી પોતાને ત્યાં આગ ન લગાડાય. વળી (૩) આ પાલક તો મહાઉપકારી છે, કેમકે તમારા જટિલ કર્મ આ વેદના આપ્યાં વિના જાય એવા નહોતા, તે હવે એ કર્મ નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય એની પાલક સગવડ કરી આપે છે ! એના પર જરાય દ્વેષ અરુચિ ન કરાય. વળી (૪) આપણને તારણહાર મુનિસુવ્રત ભગવાને સંયમ આપવાનો મહાઉપકાર કર્યો છે. એમણે રાગ-દ્વેષની હકાલપટ્ટી કરી એ પ્રભુ વીતરાગ બનેલા; તો આવા સમયે તો ખાસ એ વીતરાગને



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અને એમની કરણી તથા ઉપદેશને નજર સામે રાખી જરાય કાયાનો રાગ શાતાનો રાગ, વગેરે રાગ ન કરતાં, કે અશાતા આપનાર પર દ્વેષ ન કરતાં, રાગદ્વેષના ભુક્કા બોલાવવાના. વીતરાગને પામીને આ ન કરીએ, તો પછી રાગ-દ્વેષ ક્યાં નષ્ટ કરવાના હતા ?

પીલાતા મુનિઓ પણ આ નિઝામણા-વૈયાવચ્ચથી મહાન માનસિક શાતા પામી ભગવાન અને એમનું શાસન તથા આવા ગુરુ મળ્યાના એટલા બધા આનંદમાં ઝીલતા હતા ! કે એ પોતાની કાયા અહંત્વ વગેરેથી ય તદ્દન અનાસક્ત બની ગયા ! શુક્લ ધ્યાનમાં ચડી જતાં વીતરાગતા અને કેવળજ્ઞાન પામી મોક્ષ પામી ગયા ! આચાર્ય મહારાજે મુનિઓને ઘાણીમાં પીલાવાની ઘોર પીડામાં પણ અદ્ભુત નિર્યામણા કરાવવાની વૈયાવચ્ચથી માનસિક શાતા આપી, તો એ શાતાનું પાણી ક્યાં સુધી પહોંચ્યું ? આમ,

વૈયાવચ્ચના કેટકેટલા મહાન લાભ ! એટલે કહેવાય, કે સંસાર પાર કરવો હોય તો આચાર્યાદિની વૈયાવચ્ચ કરવાની આ ભવમાં મળેલી મહાન તકને ગુમાવો નહિ. એક નાના સાધુની પણ કરેલી વૈયાવચ્ચ એનાં જ્ઞાન-ધ્યાન-તપસ્યા-સેવા-નિયમ વગેરેનાં પોષણમાં જશે. અને,

**નિરાશંસ ભાવની વૈયાવચ્ચ સ્વ-પરમાં મહાન પુણ્ય પ્રકૃતિઓનું ને ઊંચા પુણ્યાનુબંધોનું ઉપાર્જન કરાવશે.**

**એના ફળમાં ભવાંતરે (૧) પુણ્યથી ઉચ્ચ સદ્ગતિ, ને આરાધનાની સામગ્રી મળશે; (૨) તથા શુભાનુબંધોથી સદ્ગુણો-સુકૃતો-સાધનાઓ મળશે.**

માટે વૈયાવચ્ચ કરતાં આ ખાસ કરવાનું કે જેમની વૈયાવચ્ચ કરીએ છીએ, એમને શાતા મળવાથી એ જેટલા જેટલા સુકૃતો-સદ્ગુણો-સાધનાઓ કરે, એની એની અનુમોદના કરતાં રહેવાનું. એ અનુમોદનાથી એ સુકૃત-સદ્ગુણ-સાધનાનાં આપણામાં બીજ રોપાતા જશે, અને શુભાનુબંધ જમા થતા જશે. તેથી જ ભવાંતરે આપણને સદ્બુદ્ધિ અને સુકૃતો સદ્ગુણો ને સાધનાઓ અતિ સુલભ થવાની; તેમજ પુણ્યો ઊભાં થશે એનાથી સદ્ગતિ અને એ સુકૃતો-સાધનાઓ માટેની અનુકૂળ સામગ્રી મળવાની.

**વૈયાવચ્ચની બલિહારી છે.**

**સાધુની વૈયાવચ્ચ કરો એટલે તમારા દિલમાં સાધુના સંયમનો અને લોકોત્તર જીવનનો પક્ષપાત ઊભો થાય છે.**

જો જો, સાધુનું જીવન લૌકિક નહિ પણ લોકોત્તર જીવન છે. લોકો ખાઈને પાપ બાંધે, ત્યારે સાધુ ખાય તોય કર્મ-નિર્જરા કરે ! સાધુની ચોવીસે કલાકની



એકેક પ્રવૃત્તિ કર્મક્ષય કરનારી ! સ્વયં જીવનમાં પાપ-પ્રવૃત્તિનું નામ નહિ અને પરને પણ અનેકવિધ ઉપકાર કરનારા લોકો સાધુનાં દર્શનથી કલ્યાણ પામી જાય. કહ્યું છે **'સાધૂનાં દર્શને પુણ્યમ્'** લોકો સુપાત્ર સાધુને દાનથી પુણ્ય પામે. સાધુના મુખેથી બે હિતના અક્ષર પામી કલ્યાણ પામે. આમ સાધુ સ્વ-પર ઊભયનું કલ્યાણ કરનારા હોય છે. સાધુ પોતાના સંપર્કમાં આવનારને શું દેખાડે ? પોતાને સંયમનો બહુ રાગ છે એટલે સંયમ જ દેખાડે ને ? દુનિયામાં દેખાય છે, જેને જેનો બહુ રાગ, એ બીજાને એજ દેખાડે છે, દા.ત. પૈસા કમાવાના બહુ રાગવાળો બીજાને એ જ કહે છે. "જુઓ, પૈસા આમ કમાવાય. પૈસા કમાશો તો સુખી બનશો." એમ સાધુ જગતને સંયમ જ દેખાડે. એ કહે છે, 'જુઓ, સુખી થવું હોય તો સંયમમાં આવો-' એવા સાધુની વૈયાવચ્ચ કરતાં સાધુના ક્ષમાદિ ગુણોનો, અહિંસાદિ સત્કૃત્યોનો, તથા સંયમાદિ સાધનાઓ ને સાચા ધર્મ-ઉપકારનો યાવત્ એમના સમગ્ર લોકોત્તર જીવનનો એ વૈયાવચ્ચ કરનારના દિલમાં પક્ષપાત ઊભો થાય છે. એ ભવાંતરે એને બહુ ઊંચે મૂકી દે છે, લોકોત્તર ધર્મનો ઊંચો પક્ષપાત સુલભ કરે છે.

ત્યારે, ખૂબ ગંભીરતાથી આ મન પર લેવા જેવું છે, કે વૈયાવચ્ચથી કેટકેટલા અનુપમ લાભો ઊભા થાય ! એવા આચાર્ય-ઉપાધ્યાય-પદસ્થ-મુનિઓ-તપસ્વીઓ વગેરેની સેવા-ભક્તિ-વૈયાવચ્ચ એ તો કલિકાલમાં કલ્પતરું સમાન છે. એવી વૈયાવચ્ચની સાધના શા સારું જતી કરવી ? વળી શાસ્ત્રો કહે છે-

**વૈયાવચ્ચ એ અપ્રતિપાતી ગુણ છે.**

જ્ઞાન-તપ વગેરે આ ભવના અંતે સમાપ્ત થાય, એનો પ્રતિપાત થાય; ત્યારે વૈયાવચ્ચ ગુણ ભવાંતરે સાથે લાગે, એટલે એ અપ્રતિપાતી ગુણ બને છે. વળી જ્ઞાન તપસ્યા વગેરે કદાચ અહંત્વમાંથી ઊઠે, 'હું જ્ઞાની થાઉં, તપસ્યા કરું, તો લોકોમાં મારું માન વધે, મારી પ્રશંસા થાય; કેમકે લોક ચળકાટને પૂજે છે. જ્ઞાન-તપ વગેરેના ચળકાટ ભારે ! એથી લોક આકર્ષાય છે, માન આપે છે, પ્રશંસા કરે છે.' આમ એ જ્ઞાન-તપ વગેરેમાં માન વધે, પ્રશંસા થાય એટલે ફૂલણજી ફૂલ્યા ! પેટ ફૂલીને ફાળકો થાય, અહંકાર વધે. ત્યારે વૈયાવચ્ચથી લોકમાં એવો ચળકાટ નહિ, તેથી એ 'અહં' માંથી ઊઠવા સંભવ નહિ, તેમ એની પાછળ લોકોમાં વાહવાહ નહિ. તેથી અહંકાર પોષાવાનો પણ સંભવ નથી. એટલે કહો,

**વૈયાવચ્ચ એ આત્મસ્પર્શી ગુણ છે.**

**સીધો આત્માની ઉન્નતિ સધાવનારો ગુણ વૈયાવચ્ચ.**

ભરત-બાહુબલિ કેમ જીતી ગયા ? કેમ સહેજમાં કેવળજ્ઞાન પામી ગયા ?



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

કહો, પૂર્વ ભવે આવી 'અહં'માંથી નહિ ઊઠેલી અને અહંકારને નહિ પોષનારી મુનિઓની ભક્તિ-વૈયાવચ્ચમાં લાગી ગયા હતા માટે. એ ભરત-બાહુબળ પૂર્વભવે ચક્રવર્તીના લાડલા ભાઈઓ હતા. છતાં મુનિ બનીને સેવા-વૈયાવચ્ચ કરવામાં એ જોવા ન રહ્યા કે 'આ ૫૦૦ મુનિઓમાં તો કેટલાક સામાન્ય સ્થિતિમાંથી સાધુ થયેલા છે. એમની અમે શાની સેવા કરીએ ?' કેમ આમ ન વિચાર્યું ? કારણ આ જ, કે સેવા-વૈયાવચ્ચ-ભક્તિ 'અહં' માંથી ઊઠી નહોતી; પણ માત્ર આત્મકલ્યાણની ભાવનામાંથી ઊઠી હતી; 'વૈયાવચ્ચથી અહીં શુભાનુબંધો અને ભવાંતરે નક્કર સદ્બુદ્ધિ-સુકૃત-સત્કૃત્યો-સદ્ગુણો મળે,' એવી ભાવનામાંથી વૈયાવચ્ચ-ભક્તિ ઊઠી હતી. તેથી સેવા-ભક્તિ-વૈયાવચ્ચ કરતાં એ શાનું જોવાય કે 'આ મુનિઓ તો સામાન્ય ઘરમાંથી આવેલા ?' તાત્પર્ય, વૈયાવચ્ચ એ અદ્ભુત ગુણ છે.

**વૈયાવચ્ચ સંસારના મૂળપાયારૂપ અહંત્વનો નાશ કરે છે.**

## • વૈયાવચ્ચમાં વિધિ •

આ વૈયાવચ્ચ કરવાની તે આગળ કહેલી વિધિ સાચવીને કરવાની; અર્થાત્ જેમની વૈયાવચ્ચ કરવી છે તે પુરુષ કેવા ? ને એ અને પોતે, બંનેને વૈયાવચ્ચથી ઉપકાર-અપકાર કેવો થાય ? એ ધ્યાનમાં લઈને આહારાદિથી વૈયાવચ્ચ કરવાની છે. એટલે

**(૧) પહેલી વિધિમાં વૈયાવચ્ચમાં સ્વ-પરને થતા ઉપકાર-અપકાર જોવા.**

કેમકે આગમમાં કહ્યું છે,-

વૈયાવચ્ચમાં સ્વ-પરનો ઉપકાર અપકાર જોવો :-

**''पुरिसं तस्सुवयारं अवयारं चऽप्पणो य णाऊणं ।**
**कुज्जा वेयावडियं आणं काउं निरासंसो ॥''**

અર્થાત્ 'જેમની વૈયાવચ્ચ કરીએ તે પુરુષને જોવા, ને એમને વૈયાવચ્ચથી ઉપકાર એટલે કે જ્ઞાનાદિની વૃદ્ધિ થાય એવો ટેકો મળે એમ છે ને ? સાથેસાથે એમને વૈયાવચ્ચથી અપકાર એટલે કે તેવા પ્રકારના આહારાદિથી એમનું સ્વાસ્થ્ય બગડીને સળેખમ વગેરેનો ઉપદ્રવ તો નહિ થાય ને ?' એ સૂક્ષ્મતાથી બુદ્ધિ વાપરીને જોવું પડે. એમ પોતાને પણ વૈયાવચ્ચથી ઉપકાર એટલે કે શુદ્ધ અર્થાત્ નકરી ચિત્તસમાધિનો લાભ થશે ને ? તેમજ વૈયાવચ્ચથી પોતાને અપકાર એટલે કે આવશ્યક ક્રિયાની કે બીજા કૃત્યની હાનિ નહિ થાય ને ? થાય તો કેટલી થાય ? એ પણ જોવું પડે એ ધ્યાનમાં રાખીને વૈયાવચ્ચ કરવી.



**(૨) બીજી વિધિમાં,- વૈયાવચ્ચ એ ભગવાનની આજ્ઞા છે. એમ મનમાં લાવીને વૈયાવચ્ચ કરવી.**

**(૩) તે પણ નિરાશંસભાવે એટલે કે કીર્તિ આદિના લાભની કે સામા પાસેથી બદલાની અભિલાષા રાખ્યા વિના કરવી.**

આનો વિશેષ સ્પષ્ટતાથી વિચાર કરીએ.

**વૈયાવચ્ચમાં આચાર્યાદિને ઉપકાર-અપકાર :-**

આચાર્યાદિની વૈયાવચ્ચ કરવી છે, દા.ત. એમને આહાર વપરાવવો છે, તો એ જોવું પડે, કે આ વપરાવવાથી એમના શરીરને એવો ટેકો મળશે ને ? એવી સ્વસ્થતા-સ્ફુર્તિ આવશે ને ? કે જેથી એમને જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયની બુદ્ધિ થાય. આચાર્ય છે, એમને અનુકૂળ હોય તેવી આહાર-પાણીથી ભક્તિ કરીએ એ આહાર-પાણી એવા જોઈએ, કે એમનાં શરીરને સ્ફુર્તિ આપે, જેથી એ પોતાની આગમ-સ્વાધ્યાય ને તત્ત્વચિંતન (અનુપ્રેક્ષા) સારી રીતે કરી શકે. એથી એમના જ્ઞાન-પર્યાયની વૃદ્ધિ થાય. એમ એમની દર્શનવૃદ્ધિ એ રીતે, કે એ શાસનની પ્રભાવનાનું ને ગચ્છના સંચાલનનું કાર્ય સારી રીતે કરી શકે તેથી દર્શનવૃદ્ધિ ચારિત્રપર્યાયની વૃદ્ધિ એ રીતે, કે ચરણસિત્તરી-કરણસિત્તરીના અંગોનું સારી રીતે પાલન કરી શકે.

જેમ આચાર્યાદિની અનુકૂળ આહાર-પાણીથી ભક્તિ કરવાની, એમ એમને બેસવાની જગા પણ ઋતુના હિસાબે અનુકૂળ રખાય, એમ અજવાસવાળું રખાય. વળી એમની બેઠક એવી અલગ રખાય કે એમની પાસે મુનિઓ કે ગૃહસ્થો ગંભીર આલોચના કરવા આવે તો મુક્ત દિલે કરી શકે; એમ શાસન કે સમુદાયના હિતની એકાંતમાં કરવાની વાત-વિચારણા સંકોચ વિના કરી શકે.

આ જેમ સ્વસ્થ તબીયતમાં, એમ બિમાર સ્થિતિમાં પણ દવા, પથ્ય આહાર, જગ્યા વગેરેમાં એમને અનુકૂળ રહે એ પ્રમાણે ભક્તિ કરવાની. એમના શરીરને અને મનને સમાધિ-સ્વસ્થતા રહે તો પોતાની જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધના સમાધિવાળી કરી શકે. એમ

દા.ત. મુનિની ભક્તિ-વૈયાવચ્ચ કરવી છે, તો એમાં પણ અનુકૂળ જ આહાર-પાણીથી ભક્તિ થાય, જેથી એ જ્ઞાનવૃદ્ધિ કરી શકે. દર્શનવૃદ્ધિમાં એમને સમ્યગ્દર્શનની પોષક ચૈત્યવંદનાદિ ક્રિયામાં સારી સ્ફુર્તિ રહી શકે. ચારિત્ર-વૃદ્ધિમાં એમને સમિતિ-ગુપ્તિના પાલનમાં તેમજ બીજા સાધ્વાચારોમાં સ્ફુર્તિ રહે. આ ઉપકારની વાત.

અપકારની બાબતમાં એ જોવું પડે, કે દા.ત. આચાર્યાદિની આહાર-પાણીથી



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ભક્તિમાં. એ એમની તબીયતને પ્રતિકૂળ પડી એમને કોઈ સળેખમ-શરદી-કફ-ખાંસી-વાયુ વગેરેના ઉપદ્રવ પીડા તો નહિ થાય ને ? દા.ત. રસઝરબોળ ચણા-વાલ-વટાણા પ્રમાણથી વધુ વપરાવા જાય, તો વાયુની તકલીફ ઊભી થાય. એમ આચાર્યાદિ શરદીની પ્રકૃતિના હોય ને એમને પવન-ઝપાટાની જગામાં બેસાડે, તો શરદી વધી જાય. અથવા આચાર્યની આજુબાજુ બીજા બેઠેલા સાંભળી શકે એવી જગાએ એમને બેસાડ્યા હોય તો ત્યાં એમની પાસે કોઈ ગુપ્ત વાત કરવા આવે એ સંકોચ પામી જઈ પૂરી વાત ન કરી શકે; ને જો કરે તો એ વાત જાહેર થઈ જાય ! આ આચાર્યને અપકાર થયો કહેવાય.

ત્યારે ભક્તિ-વૈયાવચ્ચ એવી કરવી કે એમને જ્ઞાનાદિમાં વૃદ્ધિ થાય, અને એમને કોઈ અનિષ્ટ વસ્તુ ન બને. આ જેમની ભક્તિ વૈયાવચ્ચ કરવા જઈએ એમને એથી થતા ઉપકાર-અપકારની વિચારણા થઈ.

**વૈયાવચ્ચકારીને અપકાર-અપકાર :-**

હવે ભક્તિ-વૈયાવચ્ચ કરનારને પોતાને એ કરવા જતાં શા ઉપકાર-અપકાર થવાનો સંભવ ? તો જોવાનું, કે આ કરવા જતાં કે કરીને પોતાને ચોક્ખી ચિત્ત-સમાધિ રહેશે ને ? દા.ત. પોતાનું શરીર સમક્ષ હોય તેટલા પ્રમાણમાં વૈયાવચ્ચ કરે તો સમાધિ રહે. શરીર વધુ પડતા શ્રમથી થાકીને લોથ થઈ જાય તો એમાં સમાધિ ન રહે. શરીર તેવું સમક્ષ ન હોય અને બહુ શ્રમમાં શરીરે પસીનો ને પવન ભેગા થાય તો શરદી લાગી જવાથી સમાધિ ન રહે.

**કોઈ પણ આરાધનામાં ચોક્ખી ચિત્ત-સમાધિ રહે એ મુખ્ય વસ્તુ જોવાની.**

હોંશમાં ને હોંશમાં મોટી તપસ્યાનું પચ્ચક્ખાણ કરી બેસે. ને એમાં શરીર તદ્દન શિથિલ પડી જતાં તપસ્યા પૂરી કરતાં દમ નીકળી જાય ! ત્યાં ચિત્ત-સમાધિ ન રહે.

જ્ઞાનીઓએ એવો જ તપ કરવાનું કહ્યું છે, કે જેમાં

(૧) ઇન્દ્રિયોની હાનિ ન થાય,

(૨) મન અશુભ સંકલ્પમાં ન પડે, તથા

(૩) સંયમ તથા આવશ્યક યોગો અને ધર્મપ્રવૃત્તિઓ સીદાય નહિ. દા.ત. ઉપવાસો કરીને સ્વાધ્યાય ગુમાવે તો યોગ સીદાયો ગણાય. ત્યાં સમાધિભંગ થાય.

**વૈયાવચ્ચમાં ચિત્તસમાધિ :-**

ભક્તિ-વૈયાવચ્ચ કરનારે પોતાને માટે પણ આ જોવું પડે, કે એ કરતી વખતે કે કરીને પછી ચિત્તસમાધી બરાબર રહે છે ને ? અલબત્ત સાથે એ જોવાનું કે એમાં પોતાના હરામ-હાડકાપણાની વૃત્તિથી તો ચિત્તને અસમાધિ થવાનું માની



લેતો નથી ને ? ચિત્તસમાધિ 'બરાબર' એટલે એ પણ ધ્યાનમાં રાખવું પડે કે બીજા ભક્તિ-વૈયાવચ્ચ કરનાર પર ઈર્ષ્યા-અસૂયા ન આવી જાય; એમ જેમની વૈયાવચ્ચ કરે છે, 'એ મારી કદર નથી કરતા, યા મારી ભક્તિ-વૈયાવચ્ચના કાર્યમાં ખામી કાઢ્યા કરે છે,' આવું પણ મનમાં ન લવાય. તો જ સમાધિ રહે. આ માટે એક જ હિસાબ રાખવો પડે કે,-

**ઈર્ષ્યા-દીનતા રોકવા વિચારણા :-**

'હું મારા આત્મકલ્યાણ માટે જ આ કરું છું. જો શુદ્ધ નિષ્ઠાથી કરું છું તો મને રોકડો આત્મલાભ થઈ રહ્યો છે, પછી બીજા વૈયાવચ્ચકારી સામે જોવાનું જ શાનું હોય ? જોઉં તો જ ઈર્ષ્યા આવે ને ? એમ સામા મારી ખામી કાઢે એથી કાંઈ મારે શુભ નિષ્ઠાથી કરેલ વૈયાવચ્ચસુકૃતના આત્મલાભમાં હાનિ નથી થતી. એટલે ખામી-પ્રદર્શન પર મારે ઉદ્વેગ કરવાની ને દીન બનવાની કશી જરૂર નથી. આ વૈયાવચ્ચ કરતાં પોતાને સમાધિનો ઉપકાર થવાની વિચારણા થઈ.

**પોતાને અપકાર વહોરીને વૈયાવચ્ચ નહિ :-**

એમ, પોતાને વૈયાવચ્ચ કરવા જતાં અપકાર ન થાય એ જોવાનું. 'અપકાર' એ, કે પોતાને પોતાની બાકી આવશ્યક ક્રિયાઓમાં તેમજ બીજા કર્તવ્યોમાં વાંધો ન આવે એ જોવાનું. દા.ત. વૈયાવચ્ચ કરવા જતાં મનને એવું જો લાગે કે 'પ્રતિક્રમણ-આવશ્યકને હાનિ પહોંચશે, પોતે અપૂર્વ શ્રુત (આગમ) ગ્રહણ કરતો હોય એને વાંધો આવશે,' તો એમ નહિ થવા દેવાનું. આ એટલા માટે જોવાનું કે પોતે અપૂર્વ શ્રુત ગ્રહણ કરશે, તો પછીથી એ બીજાને આપી શકશે, ને એથી શ્રુતની પરંપરા ટકી રહેશે. નહિતર જો પોતે નવું શ્રુત ગ્રહણ ન કરે, ને બીજા પણ એ ગ્રહણ કરનાર ન હોય, તો એ શ્રુત ભણાવનારની સાથે જ નષ્ટ થઈ જાય. પહેલાં શ્રુત યાને આગમ મોંઢે મોંઢે ભણીને એની પરંપરા ચાલતી; પણ આગમ પુસ્તકારૂઢ થયા પછી પણ એને જો સમજી ભણીને જાણનારા સમજનારાની પરંપરા ચાલે તો એ શ્રુત ટકે; નહિતર ભણીને સમજનારા ન હોય ત્યાં પરંપરા બંધ પડી જાય. એટલે

**વૈયાવચ્ચ કરતાં શ્રુતગ્રહણ કરવામાં અપૂર્વ શ્રુતગ્રહણ મોટું કર્તવ્ય છે. ત્યાં વૈયાવચ્ચ ગૌણ થાય.**

તાત્પર્ય, આવી કિંમતી વસ્તુ માટે એ જોવું પડે કે વૈયાવચ્ચ કરવા જતાં એને હાનિ ન પહોંચે.

આમ વૈયાવચ્ચ કરવા જતાં બંને માટે જોવાનું કે વૈયાવચ્ચ લેનાર આચાર્યાદિને અને વૈયાવચ્ચ કરનાર પોતાને ઉપકાર થાય, પણ અપકાર ન થાય. આ લક્ષમાં



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

રાખીને વૈયાવચ્ચ કરવાની. આ એક વિધિ. બીજી વિધિ એ, કે-

**(૨) આજ્ઞા મનમાં લાવો**

(૨) એ વૈયાવચ્ચ પણ 'આણં કાઉં' એટલે કે **'સર્વજ્ઞ જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે'** એમ મનમાં લાવીને કરવાની એથી પોતાને જિનવચનને આગળ કરવાનો તથા જિનાજ્ઞાપાલનનો મોટો લાભ રહે, અને અનુમોદના રહે, તેમજ વૈયાવચ્ચનો પણ લાભ મળે.

**બધું જિનાજ્ઞાને આગળ કરીને કરો, તો સમકિત વધુ નિર્મળ થતું રહે. રોજ ભાવો,-**

**આ જીવનમાં જેટલું જિનાજ્ઞાનું પાલન થાય એટલો જનમ લેખે છે, બાકી જીવન એળે જાય.**

આ લક્ષમાં રાખીને દરેક ધર્મસાધના જિનાજ્ઞા યાદ કરીને જિનાજ્ઞાને આગળ કરીને કરવા જેવી છે. એથી જિનેન્દ્ર ભગવાન ઉપર શ્રદ્ધા તથા જિનવચન પર બહુમાન-પ્રીતિ પોષાતી પોષાતી રહી, તો સમ્યગ્દર્શન વધુ વધુ નિર્મળ થતું જાય; અને પોતાનું અહંત્વ પણ ઘસાતું જાય. સમ્યગ્દર્શન યાને શ્રદ્ધા નિર્મળ કરવાનો આ એક માર્ગ છે, કે એને અમલથી સક્રિય કરાય. આ બીજી વિધિ, ત્રીજી વિધિ એ, કે-

**(૩) નિરાશંસભાવ રાખો.**

(૩) **વૈયાવચ્ચ વળી નિરાશંસભાવે સત્કામનાથી કરવાની.** કીર્તિ-પ્રતિષ્ઠા-પ્રશંસા વગેરે કોઈ જ લૌકિક ફળની કામના નહિ. કામના હોય તો એક જ, કે 'સામાને શાતા મળો, સ્વસ્થતા-સમાધિ મળો, ને પોતાને ગુણાનુમોદના અને ગુણપક્ષપાત મળો.' બિમારને કે તકલીફવાળાને વૈયાવચ્ચથી શાતા સમાધિ પમાડવામાં અને અશાતા-અસ્વસ્થતા દૂર કરવામાં **'સક્રિય સહાનુભૂતિ'** નો એક મોટો ગુણ કમાવાય છે. સક્રિય સહાનુભૂતિનો ગુણ જો અધિકાધિક વિકસાવાય તો એ પરાકાષ્ઠાએ તીર્થંકરપદના પુણ્યને ઉત્પન્ન કરનારી સર્વ જીવોની ભાવ-કરુણા સુધી પહોંચે !

**વૈયાવચ્ચમાં સક્રિય સહાનુભૂતિનો મહાન ગુણ એ સર્વજીવ-કરુણાનું બીજ છે.**

**જેમ ધર્મશ્રદ્ધા ધર્મસાધનાથી સક્રિય બને. એમ સહાનુભૂતિ વૈયાવચ્ચથી સક્રિય બને.**

વળી આચાર્યાદિ કલ્યાણ-જીવન જીવે છે. એમની વૈયાવચ્ચથી કલ્યાણ-જીવનનો પક્ષપાત ઊભો થાય. એના શુભાનુબંધ પોતાને પરભવે કલ્યાણજીવન બહુ સુલભ કરી આપે. માટે તો પૂર્વના સારું ભણેલા મહાન શ્રાવકો પણ બહુ ઓછું ભણેલા



સાધુનું વ્યાખ્યાન પ્રેમથી હાથ જોડી સાંભળતા, આંખ હરખ અને વિસ્મયવાળી બનાવતા, વચમાં વચમાં બોલતા, 'વાહ કેવું સરસ કહ્યું ! ધન્ય વાણી !' અલ્પજ્ઞ સાધુ પ્રત્યે આ સહાનુભૂતિ ઉપબૃંહણા અને ગુણ-પક્ષપાતથી એ વ્યાખ્યાતા મુનિને પ્રોત્સાહન મળતું. પાવર મળતો. એમ આચાર્યાદિની વૈયાવચ્ચમાં થતી એમનાં કલ્યાણ-જીવનમાં સહાનુભૂતિ-પક્ષપાત **ઉપબૃંહણાનો આ પ્રભાવ છે કે પોતાને ભવાંતર માટે નક્કર શુભાનુબંધ બંધાઈ કલ્યાણજીવન અંકિત થઈ જાય. બોધિ અતિસુલભ થાય.**

**ગુણાનુરાગ સેવાથી સક્રિય થાય :- ભાવથી નિકટતા સક્રિય ગુણાનુરાગથી :-**

**આચાર્યાદિની વૈયાવચ્ચથી બીજો એક મહાન લાભ એમને ભાવથી નિકટ થવાનો મળે છે !**

આમ તો આચાર્યાદિની સાથે રહ્યા હોય એટલે દ્રવ્યથી નિકટતા તો થઈ, પરંતુ એમનાથી થતી ધર્મ-પ્રભાવના ને શાસન-પ્રભાવના, તથા એમના સંયમાદિ ગુણોએ બંનેના અનુરાગથી વૈયાવચ્ચ થાય એ સક્રિય અનુરાગ થયો; ને એ થવાથી ભાવથી નિકટતા થઈ ગણાય, કેમકે એથી ભાવિમાં એ ગુણો મળવાના શુભ અનુબંધ ઊભા થાય છે.

ભાવથી નિકટતા કેવી રીતે ઊભી થાય છે એ જુઓ. આચાર્યાદિમાં ને એમના ગુણોમાં મન કેન્દ્રિય કરીએ એટલે મનનો ઉપયોગ તદાકાર થવાથી 'અનુયોગ દ્વાર' સૂત્ર મુજબ ભાવનિક્ષેપ આપણે જ્ઞાનઅંશે તદ્રુપ થઈએ છીએ.

**ભગવાને** ગૌતમ મહારાજને કહ્યું-

**'गोयमा ! चिरंसंसट्ठोसि, चिर-परिचिओसि'**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૨૫,તા.૧૬-૩-૧૯૮૫

## (૧૬) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

'ગૌતમ ! તું દીર્ઘ કાળથી મારા સંબંધોમાં છે, દીર્ઘ કાળથી મારા પરિચયવાળો છે, એટલે તને મારા પર ગાઢ સ્નેહ છે, તેથી વીતરાગતા અને કેવળજ્ઞાન આવતા અટકે છે. પણ તું ચિંતા ન કર, ખેદ ન કર કે 'હું જેને દીક્ષા આપું તે બધાને કેવળજ્ઞાન ? અને મને જ કેવળજ્ઞાન નહિ ?' આવો ખેદ ન કરીશ, કેમકે આ જનમમાં અંતે તું અને હું બંને તુલ્ય (સિદ્ધ) થવાના છીએ.'



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અહીં જોવાની ખૂબી છે કે પ્રભુએ સ્નેહ હોવાથી કેવળજ્ઞાન ન થવાને લીધે ખેદ ન કરવાનું કહ્યું, પરંતુ 'તું સ્નેહ છોડી દે' એમ ન કહ્યું ! **ગૌતમ મહારાજનો ભગવાન પર સ્નેહ-રાગ એ-પ્રશસ્ત રાગ હતો. કેમકે એ તીર્થંકર ભગવાન પર નિઃસ્વાર્થ ભાવનો હતો..**

નિરાશંસ ભાવનો એ સ્નેહરાગ હતો. પૂછો,

**પ્ર.**- ભલે પ્રશસ્ત રાગ, પણ એ વીતરાગતાને અટકાવતો હોવાથી ત્યાજ્ય તો ખરો જ ને ? તો પ્રભુએ 'એને છોડ' એમ કેમ ન કહ્યું ?

**ઉ.**- દેવ-ગુરુ-ધર્મ પરનો પ્રશસ્ત રાગ છોડવાની જરૂર નથી, કેમકે એ જ રાગ વધી જતાં જીવને દેવ-ગુરુ-ધર્મ સાથે એટલો બધો એકાકાર બનાવી દે છે કે આગળ જતાં પરમાત્મા સાથે, ને પરમાત્મભાવ સાથે, અભેદ લાવી મૂકે. કેમકે એમનાં પર પ્રશસ્ત રાગ ઉત્કટ બને છે, એટલે આપણું મન એમના પર કેન્દ્રિત થાય છે. તેથી જીવ બાહ્યમુખો હતો તે હવે પરમેષ્ઠીમુખો બને છે.

વીતરાગ ભગવાનનાં દર્શન-પૂજન-સ્તવન શા માટે ? મોહના પૂતળાઓ અને મોહના રમકડાં જોયા કરનારો જીવ વીતરાગમુખો બને એ માટે.

એમ અહીં આચાર્યાદિની વૈયાવચ્ચમાં બીજું બધું જોવાનું મૂકી પરમેષ્ઠીમુખા બનાય છે, અને એમ ભાવિમાં પરમ પરમેષ્ઠિપદ સુધી પહોંચાય છે.

**સાકારથી નિરાકારની પ્રાપ્તિ :-**

જેમ ભગવાનના સાકાર દેહ અને સાકાર મૂર્તિના આલંબનથી નિરાકાર ભગવાનની પ્રાપ્તિ થાય, એમ આચાર્યાદિ પરમેષ્ઠીના વૈયાવચ્ચના આલંબનથી પરમેષ્ઠી બનાય, એમાં નવાઈ નથી.

જુઓ મંદિરે દર્શનાદિ અર્થે જવામાં શું થાય છે ? કેટલાક કહે છે,-

**પ્ર.**- મૂર્તિ તો સાકાર છે; એ સાકાર મૂર્તિને ભજવાથી વળી નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ થતી હશે ? સાકારને ભજો એટલે મન સાકારમાં જ રમ્યા કરે, એ નિરાકારમાં જઈ જ શી રીતે શકે ?

**ઉ.**- પરમાત્માની મૂર્તિના આલંબને મન સાકારમાંથી નિરાકારમાં બાદબાકી કરતો કરતો જાય છે; તે આ રીતે, -ભક્ત મંદિરે દર્શન પૂજન કરવા નીકળે ત્યારે એના મગજમાંથી દુનિયા બાદ થઈ જાય છે. મંદિર દેખતાં આંખ બીજા-ત્રીજાની બાદબાકી થઈ. મંદિરની અંદર પેસતાં ભગવાન દેખાય એટલે મંદિરની બીજી વસ્તુ બાદ થઈને આંખ ભગવાન પર ચોંટે છે. પછી ભગવાનના દર્શન કરતાં આંખ ભગવાનની કાયા પરથી મુખ પર, મુખમાંય આંખ પર, અને આંખમાં ય વીતરાગની કીકી પર ચોંટે છે. આમ એકેક બાદ થતાં થતાં કીકી ઉપર પહોંચાયું. હવે વીતરાગની



કીકીમાં ય વીતરાગતાની-નિર્વિકારતા-ઉદાસીનતા જોવાની છે.

**વીતરાગની કીકીમાં નિર્વિકારતા જોવા આમ વિચારાય.-**

"પ્રભુ ! ધન્ય તમને, કે શત્રુ-મિત્રને સમદૃષ્ટિમાં જુઓ છો ? મુશળધાર વરસાદ વરસાવી, આપને ડૂબાડી દેવા મથનાર કમઠજીવ દેવતા જેવાને માટે **'આ ખરાબ માણસ'** એટલો વિચાર પણ લાવતા નથી ! ને એમાંથી ઉગારી લેનાર ધરણેંદ્ર-પદ્માવતી જેવા ભક્તને માટે **'આ સારા ભક્તો'**- એમ સમજતા નથી ! કોઈને ય ઈષ્ટ કે અનિષ્ટ તરીકે જોવાની વાત નહિ.

પ્રભુ ! આપની નિત્ય સેવામાં રહેનાર મહા વિનયવંત ગણધર ગૌતમસ્વામી જેવા તરફ આ 'મારો સારો શિષ્ય' એવી નજર નથી ! તેજોલેશ્યા મૂકનાર ગોશાળા જેવા તરફ 'આ દુષ્ટ માણસ છે !' આવી નજર નથી ! પછી ગૌતમ જેવા પર રાગ-રુચિનો વિકાર અને ગોશાળા જેવા પર દ્વેષ-અરુચિનો વિકાર હોવાની વાતે ય ક્યાં ? આપની કીકીમાં આ નિર્વિકારતા છે.

"પ્રભુ ! ભવ્ય જીવોને આકર્ષવા માટે દેવતાઓ ચાંદી-સોના-રત્નોના ત્રણ મોટા ગઢનું સમવસરણ રચી ઉપર અશોકવૃક્ષના થડની ચારે બાજુ એકેક રત્નમય સિંહાસન રચે છે. એના પર બિરાજી આપને દેશના દેવાની હોય છે. છતાં એ સમવસરણ 'સારું હાઈક્લાસ' એમ આપ જોતા નથી ! ને દેશના માટે જમીન પરના ઓટલા પર બેસવાનું હોય તો 'એ ઓટલો માલ વિનાનો; આ સમવસરણ સારું,' એવી નજર આપની થતી નથી ! એવી આપની કીકીમાં નિર્વિકારતા છે.

"પ્રભુ ! મોટી ઈંદ્રાણીઓ અપ્સરાઓ-મહારાણીઓ આપના મુખને ટગર ટગર જોઈ રહી હોય છતાં આપ એમના તરફ કોઈ જ રાગની નજર કરતા નથી, કીકીમાં કેવી નિર્વિકારતા !

પ્રભુ ! દેશના સાંભળી બૂઝનારા ભવ્ય જીવો માટે 'આ સારા જીવો,' યા નહિ બૂઝનારા પત્થર જેવા અભવી વગેરે જીવો માટે 'આ ખરાબ જીવો' એવી રીતે રાગ-દ્વેષથી આપ જોતા નથી, કેવી નિર્વિકારતા !"

આમ કીકીમાં પ્રભુની નિર્વિકારતા જોઈ, એ એ શું કર્યું ? સાકારમાંથી નિરાકારતા પર ગયા. આખી મૂર્તિથી કીકી સુધી બધું સાકાર છે, નિર્વિકારતાદિ ગુણ એ નિરાકાર છે. આમ મંદિરે નીકળ્યા ત્યારથી બાદબાકી કરતાં કરતાં સ્થૂલમાંથી-સૂક્ષ્મ-સૂક્ષ્મતર તરફ જતા ગયા ને અંતે સાકાર કીકીમાંથી નિરાકાર નિર્વિકારતા પર પહોંચ્યા એ બતાવે છે કે,

**સાકાર પરમાત્મામાંથી નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ થાય.**

એ માટે સાકાર પ્રભુ-મૂર્તિ એ જબરદસ્ત આલંબન છે, પ્રબળ કામ કરે છે;



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

માટે પરમાત્માની મૂર્તિનાં દર્શન-પૂજન-સ્તવન-સ્મરણ આદિ ખાસ આદરવા જોઈએ. મૂર્તિપૂજા નહિ માનનારને પણ પ્રભુનું સ્મરણ કરવું હોય ત્યારે મનની સામે પ્રભુનું શરીર લાવવું પડે છે, ને એ શરીર જડ છે, સાકાર જ છે, **પછી જડ સાકાર શરીરને ભજવું, ને જડ સાકાર મૂર્તિને નહિ ભજવું એ કેવું ઘોર અજ્ઞાન ?**

**સાકારથી નિરાકાર પ્રાપ્તિના દાખલા :-**

(૧) નિરાકાર સુગંધ જોઈતી હોય તો સાકાર પુષ્પ આદિને જ ભજવું પડે છે.

(૨) નિરાકાર વિદ્યા જોઈએ છે તો સાકાર ગુરુ કે સાકાર શાસ્ત્રને વળગવું જ પડે છે.

(૩) વિદ્યાર્થીમાં નિરાકાર જાણકારી-જ્ઞાન-બુદ્ધિ છે કે નહિ, એ માટે શિક્ષક પ્રશ્ન પૂછી એના ઉત્તરમાં એ શબ્દ કેવા કાઢે છે એ જુએ છે. શબ્દ સાકાર છે. વિદ્યાર્થીના સાકાર શબ્દ પરથી એનામાં નિરાકાર બુદ્ધિ કેટલી છે એનું માપ કાઢે છે. અર્થાત્ સાકાર શબ્દથી નિરાકાર બુદ્ધિ સુધી પહોંચાય છે. એમ

(૪) કોઈનો નિરાકાર પ્રેમ જોઈતો હોય તો એના સાકાર શરીરની સેવા-ભક્તિ કરવી પડે છે, એની સાકાર વસ્તુથી અને સાકાર ક્રિયાથી સરભરા કરવી પડે છે. એમ સાકારથી નિરાકાર પ્રેમ પ્રાપ્ત થાય છે. આટલું સ્પષ્ટ છતાં એમ કહેવું 'સાકાર પ્રભુ-મૂર્તિને ભજવાથી નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ કેમ થાય ?' એ શું અજ્ઞાન મૂઢ દશા નથી ?

**જો નિરાકાર વિદ્યાની પ્રાપ્તિ સાકાર ગુરુને ભજવાથી થાય તો નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ શું સાકાર મૂર્તિને ભજવાથી ન થાય ?**

વાત આ છે, આચાર્યાદિની દ્રવ્યથી ભક્તિ વૈયાવચ્ચ કરતાં કરતાં અર્થાત્ દ્રવ્યથી એમને નિકટ થતાં થતાં, ભાવથી નિકટ થવાય; એટલે કે મન એ આચાર્યાદિ પર કેન્દ્રિત થાય. આમ પહેલા અને બીજા યોગબીજથી અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ પંચપરમેષ્ઠી પર મન કેન્દ્રિત થતાં, જીવ અત્યારસુધી જે મોહનાં પૂતળાઓ તરફ મુખવાળો એટલે કે માયામુખો હતો, તે હવે પરમેષ્ઠીમુખો બને છે. બચ્ચું કેવું માતૃમુખું હોય છે ? બીજી સ્ત્રીઓ ભલે એને રમાડવા લે ને મિઠાઈ ખાવા પણ આપે, છતાં એનું મુખ માતા તરફ રહે છે. ભક્તિ વૈયાવચ્ચથી એવા પરમેષ્ઠીમુખા બનાય.

યોગસાધનાની આજે બૂમરાડ મચે છે, પરંતુ આચાર્યાદિની આ વૈયાવચ્ચ એ કેવી મહાન નક્કર યોગસાધના છે, એ એના પૂર્વે કહ્યા તે ઉત્તમ લાભો પરથી સમજાય એવું છે, છતાં યોગસાધનાના ડોળવાળાને એ કરવાની ગરજ ક્યાં ?



વૈયાવચ્ચમાં પૂર્વે કહ્યું છે તેમ એથી સામાના ઉપર અને આપણા ઉપર ઉપકાર-અપકાર શા થાય તે પહેલેથી વિચારી લેવાના; અને અપકાર યાને ગેરલાભ ન થાય એ રીતે વેયાવચ્ચ કરવાની. એટલા જ માટે અહીં કહ્યું-

**શુદ્ધાશય-વિશેષતઃ શુદ્ધ આશય-વિશેષથી વૈયાવચ્ચ કરવી,**

અહીં શાસ્ત્રકારે શુદ્ધ આશયવિશેષનો અર્થ કર્યો, **શુદ્ધ ચિત્ત-પ્રબન્ધવિશેષ** એટલે કે વિશુદ્ધ એવું વિશિષ્ટ ચિત્તનિર્માણ કરીને વૈયાવચ્ચ કરવી અહીં 'વિશુદ્ધ' કહ્યું; એટલે પૌદ્ગલિક આશંસાવાળું મન બનાવીને નહિ; કેમકે એ અશુદ્ધ મન છે; અશુદ્ધ આશય છે. વળી શુદ્ધ મન યાને આશંસા વિનાનું ચિત્ત પણ સામાન્ય નહિ કિન્તુ વિશિષ્ટ જોઈએ 'વિશિષ્ટ' એ, કે ચિત્ત પ્રેક્ષાપૂર્વકારી હોય, કાર્ય પૂર્વે વિચારક હોય, યાને આગળપાછળનો ને આજુબાજુનો વિચાર કરીને કાર્યને ચિંતવતું હોય. એટલે જ એમાં 'વૈયાવચ્ચ કરવા જતાં સામાને એથી લાભ થશે ને ? શાતા-સમાધિ મળશે ને ? કોઈ તેવા આહાર સ્થાન આદિથી શરદી કે વાયુ આદિના પ્રકોપ નહિ થાય ને ? શાતા-સમાધિ મળશે ને ? કોઈ તેવા આહાર સ્થાન આદિથી શરદી કે વાયુ આદિના પ્રકોપ નહિ થાય ને ?'- આવો બધો વિચાર કરવો જ પડે. એમ પોતાની દૃષ્ટિએ પણ, વૈયાવચ્ચ કરવા જતાં 'પોતાને સમાધિ આદિના લાભ થશે ને ? પોતાના આવશ્યકાદિને હાનિ નહિ પહોંચે ને ?' એ પણ વિચારવું જ પડે. મનને આ વિચાર હોય એ વિશિષ્ટ ચિત્તનિર્માણ થયું, વિશિષ્ટ ચિત્તપ્રબન્ધ થયો. યાને ચિત્તપ્રબન્ધવિશેષ થયો. એનું જ નામ 'આશય-વિશેષ.' આમ,

(૧) 'ચિત્તપ્રબન્ધ' નો એક અર્થ પ્રેક્ષાપૂર્વકારી ચિત્ત.

(૨) **'પ્રબન્ધ' નો બીજો અર્થ પ્રકૃષ્ટબન્ધ તન્મયતા.**

આ હિસાબે ચિત્તપ્રબન્ધ એટલે ચિત્તને એક વિષયમાં એવું બાંધવામાં આવે, એવું સ્થિર કરવામાં આવે, કે તે સિવાયના બીજા કોઈ વિષયની મનને ખબર જ ન પડે. માણસ હજારો રૂપિયાની નોટો ગણે, યા દુકાનદાર રાતે રોજમેળ ખતવે, ત્યારે આ અનુભવ થાય છે કે એનું મન એમાં જ એવું લીન રહે છે કે એને અહીંથી કોણ ગયું, અહીં કોણ આવી રહ્યું છે, ઈત્યાદિ કશી ખબર નથી પડતી. તીર્થંકર ભગવાન સંયમના સાધનાકાળમાં આત્મતત્ત્વના ચિંતનમાં એવા લીન રહે છે. માટે 'શ્રી વીતરાગ સ્તોત્ર' માં કલિકાલ સર્વજ્ઞે વીતરાગ પ્રભુની આ સ્તુતિ કરી કે-

**तथा समाधी परमे त्वयात्मा विनिवेशितः ।**
**सुखी दुःख्यस्मि नास्मीति तथा न प्रतिपन्नवान् ॥**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

તમે તમારા આત્માને એવી ઉત્કૃષ્ટ સમાધિમાં સ્થાપિત કરેલો, કે ચિત્ત એમાં જ તલ્લીન એવું બનેલું, કે એને હું સુખી છું, કે દુઃખી છું, યા સુખી નથી, કે દુઃખી નથી, એનો વિચાર જ રહેતો નહિ.

યોગની પાયરીએ ચડતાં, પ્રત્યાહારથી ઇન્દ્રિયોને વિષયોમાંથી હટાવી લીધા પછી, શ્રુતચિંતન દ્વારા આત્મા આત્મતત્ત્વ આદિની ધારણામાં ચડે છે; તે પછી ધ્યાનમાં ચડે છે; ને તે પછી સમાધિમાં ચડે છે. આ સમાધિમાં ચિત્તને એવું ઉત્કૃષ્ટ બાંધી દીધું હોય છે, કે એ વખતે બહારથી ઉપદ્રવ આવતા હોય, છતાં ચિત્ત એમાં જાય નહિ, મનને લાગે નહિ કે 'મને દુઃખ આવ્યું. આ દુઃખ ક્યારે ટળશે ?' અથવા ઉપદ્રવ ટળે જ્યારે મનને તોષ ન થાય, કે 'હાશ ! પીડા ટળી.' ઋતુની ઠંડી પડે, ગરમી પડે, એનો કશો વિચાર નહિ. આવું ચિત્તને તત્ત્વમાં સમાધિમાં તન્મય જોડી દેવું એ ચિત્તપ્રબન્ધ કર્યો ગણાય.

અહીં પ્રસ્તુતમાં આચાર્યાદિની વૈયાવચ્ચમાં એવા ચિત્તપ્રબન્ધવિશેષથી લાગી જવાનું છે. ત્યાં પછી ચિત્તને વૈયાવચ્ચનો જ વિચાર; પોતાના સુખ-દુઃખ અનુકૂળતા-પ્રતિકૂળતાના કોઈ વિચાર જ નહિ. પૂછો-

**પ્ર.**- તો પહેલાં સ્વ-પરના ઉપકાર-અપકાર જોવાનું કહ્યું તેનું કેમ ?

**ઉ.**- એ કહ્યું, એ આત્મિક ઉપકાર-અપકાર જોવાની વાત છે. અહીં વાત એ છે, કે 'પોતાનું શરીર થાકે છે ? કે શરીરને આરામીથી કામ થાય છે ? પોતની કદર થાય છે, કે કદર નથી થતી ? માનભર્યા શબ્દ મળે છે, કે અપમાનભર્યા શબ્દ ? સામા તરફથી પોતાને અવસરે સેવા સહાય મળશે કે નહિ ?' આવા કશા વિચાર હોય નહિ એવું વૈયાવચ્ચ પાછળ ચિત્ત ઘેલું હોય. વૈયાવચ્ચનો એટલો બધો રસ હોય. આ ચિત્તપ્રબન્ધનો બીજો અર્થ કે ચિત્ત બીજા ત્રીજા વિચારથી મુક્ત રહી વૈયાવચ્ચમાં ઓતપ્રોત બન્યું હોય.

(૩) **'ચિત્તપ્રબન્ધ'નો ત્રીજો અર્થ ચિત્તની સતત ધારા :-**

પ્રબન્ધ એટલે સંતતિ, સંતાન, ધારા. વૈયાવચ્ચમાં ચિત્ત એવું પરોવ્યું કે તે એમાં ધારાબદ્ધ ચાલે. ચિત્તપ્રવાહની સતત સંતતિ ચાલે. દા.ત. આચાર્યની વૈયાવચ્ચમાં ચિત્ત લાગ્યું, પછી વચમાં વચમાં 'પેલા શું કરે છે, ઓલ્યા શું બોલ્યા ? કોણ આવ્યું ? કોણ ગયું ?' વગેરેનો કશો વિચાર જ નહિ. સવાલ થાય.

**પ્ર.**- પણ બીજા ત્રીજા વિચાર આવી જાય એ કેમ અટકે ?

**ઉ.**- એ અટકાવવા આ ધ્યાન રાખવું જોઈએ કે 'જો હું મન બીજે લઈ જઈશ, તો એની પાછળ એ પ્રમાણે બોલવા વગેરેની બીજી-ત્રીજી પ્રવૃત્તિ થવા સંભવ. અને એમાં આચાર્યાદિનું અપમાન ગણાય. મોટા રાજાની સેવામાં હોય અને



એ વખતે આડાઅવળા વિચાર અને બીજી-ત્રીજી પ્રવૃત્તિમાં પડે તો એ રાજાનું અપમાન ગણાય છે, ને એમાં કદાચ સજા આવી પડે. પંચપરમેષ્ઠીની ભક્તિ-વૈયાવચ્ચ કરતા હોઈએ, ત્યારે તન-મન-વચનને બીજે-ત્રીજે જોડીએ તો પરમેષ્ઠીનું અપમાન થાય. ભક્તિ કરીએ ને સાથે સાથે શું એમનું અપમાન પણ કરીએ ? ન કરાય,'- એ વિચાર રાખીએ તો તન-મન-વચન પર અંકુશ આવી જાય, બીજા-ત્રીજા વિચાર અટકે, બીજું-ત્રીજું બોલવાનું અટકે, ને બીજી-ત્રીજી કાયિક પ્રવૃત્તિ અટકે. પછી શુદ્ધ ચિત્તપ્રબધન્ધ અર્થાત્ આ ભક્તિ-વૈયાવચ્ચયોગમાં જ સતત સળંગ ચિત્તધારા ચાલે.

**કોઈ પણ સાધનામાં શુદ્ધ ચિત્તપ્રબન્ધ યાને સતત સળંગ ચિત્તધારા ચાલતી રહે. એ આત્માનું બળ, સત્ત્વ અને લઘુકર્મિતા વધારે છે.**

વૈયાવચ્ચમાં આવી શુદ્ધ ચિત્તધારાને સારો અવકાશ રહે છે; કેમકે એમાં 'કેવી કેવી રીતે વૈયાવચ્ચ કરું ? સામાને એથી કેમ અનુકૂળતા રહે ? કેમ એને સમાધિ સ્વસ્થતા અને પ્રસન્નતા પ્રફુલ્લિતતા રહે ?'... વગેરે વગેરેનું પાકું ધ્યાન રાખવું પડે છે; તેથી કુદરતી રીતે એમાં શુદ્ધ ચિત્તપ્રવાહ સતત અને સળંગ વહેતો જ રહેવાનો, એટલે કે શુદ્ધ આશયવિશેષ અખંડ ચાલવાનો.

આ શુદ્ધ આશયવિશેષ કેવી રીતે જાળવવાનો ? તો કહે છે,-

**अयं च तथाविधकालादिभावेनेत्युक्तप्रायम् ॥**

આ શુદ્ધ આશયવિશેષ તેવા પ્રકારના કાળ આદિ ભાવોના વિચાર સાથેનો જોઈએ; અર્થાત્ વૈયાવચ્ચનો યોગ્ય અનુકૂળ કાળ જોવાનો અનુકૂળ ક્ષેત્ર જોવાનું, સામાની પ્રકૃતિ-સંયોગ-પરિસ્થિતિ જોવાની; નહિતર જો પ્રતિકૂળ કાળ આદિ આવી જાય તો વૈયાવચ્ચ કરવા જતાં સામાને અનિષ્ટ ઊભું થાય. દા.ત. શિયાળાનો કાળ હોય અને પાણી ઠંડગાર આપે. બેસવાનું આસન પવનવાળી જગાએ નાખે,...ઇત્યાદિથી સામાને શરદી આદિ અનિષ્ટ ઊભા થાય. આ બધી વિચારણા પૂર્વોક્ત સ્વ-પરને ઉપકાર-અપકારની વિચારણામાં આવી જાય છે.

## • ૩જું યોગબીજ : સહજ ભવોદ્વેગ •

યોગના બે બીજ કહ્યાં (૧) જિનેન્દ્ર ઉપાસના, અને (૨) આચાર્યાદિની ઉપાસના સાથે એમની વૈયાવચ્ચ. હવે ત્રીજું યોગબીજ બતાવે છે,- **'સહજ ભવોદ્વેગ.'**

ભવોદ્વેગ એટલે સંસાર પર ઉદ્વેગ-ખેદ-ગ્લાનિ-કંટાળો-અરુચિ-અભાવ-વિરોધિતા-ઓરમાયાપણું-અકળામણ-વિહ્વળતા-ભય-બેચેની. આ બધાને એક શબ્દમાં



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

કહીએ તો 'વૈરાગ્ય' કહેવાય.

**'વૈરાગ્ય' એટલે રાગ ન હોય એમ નહિ, કિન્તુ રસ ન હોય; વિરસતા હોય.**

સંસાર, અને સંસારના વિષયો પરથી રાગ તો પહેલાં મન વિરક્ત વિરસ બનશે ત્યારે અમુક અંશે જશે, અને વીતરાગ બનશે ત્યારે સંપૂર્ણ જશે. કિન્તુ અહીં પ્રારંભની પહેલી યોગદૃષ્ટિમાં યોગબીજ રૂપે કેટલી પ્રગતિ ? તો કે વિષયો પ્રત્યે વિરસતા ઊભી થઈ જાય. પત્ની કુલટા માલૂમ પડે, એટલે પતિને એના પર વિરસતા ઊભી થઈ જાય છે. અલબત રાગનો વ્યવહાર તો ચાલુ છે, પરંતુ એને હવે એનામાં રસ નથી, વિરસતા છે, નફરત થાય છે. મંદવાડમાં કડવી દવા લેવાય છે તો રાગથી, પરંતુ આરોગ્યમાં જેમ મિઠાઈનો રસ, એવો અહીં એને દવા પર રસ નથી, વિરસતા છે. દવા ન છૂટકે લેવી પડે છે. એમ ભવવૈરાગ્ય-વિષયવૈરાગ્ય હોય એને વિષયોમાં રસ નથી, પરંતુ રાગમોહનીય કર્મવશ વિષયો સેવવા પડે છે.

**સંસાર-વિષયો પર કેમ વૈરાગ્ય ?**

**પ્ર.**- સંસાર પર વૈરાગ્ય થવાનું કારણ શું ?

**ઉ.**- કારણ આ જ, કે સંસાર એ જન્માદિરૂપ છે, જન્મજરા મૃત્યુરૂપ છે, જન્મની પાછળ ઊભી થતી અપાર વિટંબણાઓ સ્વરૂપ છે. આવો સંસાર એ સોહામણો ગણાય ? કે બિહામણો ? રળિયામણો ગણાય કે રાક્ષસી ? સુખાળો કહેવાય કે ગોઝારો ? ભલે ને દેવલોકમાં સુખમય જન્મ મળ્યો, પરંતુ એમાંય એક દિ' આયુષ્યનો અંત અને મૃત્યુ આવવાનું ! અને ત્યારે એના અંતિમ દિવસો કેવાં ? પાણીની બહાર કાઢેલી તરફડતી માછલી જેવા. એમાં વળી અહીં દેવલોકમાં તો ચારે બાજુ સુવાસ, પ્રકાશ, અને દિવ્ય દૃશ્યો; ત્યારે મરીને મનુષ્ય કે તિર્યંચસ્ત્રીના ગર્ભમાં પૂરાયો ત્યાં ચારે કોર કેવી દુર્ગંધ, અંધકાર અને અશુચિ ! દેવતાઈ જીવની પણ આ સ્થિતિ થાય,- એ જીવની શાબાશી થઈ ગણાય ? કે નાલેશી થઈ ગણાય ? અને પછી વિષયરંગ અને કષાયમગ્નતાવશ અધમ દુર્ગતિઓના ભવોની સિરીઝ (પરંપરા) ચાલે, એ કેટલી બધી નાલેશી ! એ મહાનાલેશી આગળ દિવ્ય ભવની શાબાશી શી વિસાતમાં ? પાંચ વરસની મહાશેઠાઈ પછી ૫૦ વરસની કારમી ગુલામી, ગરીબી અને ગડદાપાટું મળતા હોય, તો એની સામે એ શેઠાઈની કશી કિંમત ન ગણાય

**સંસાર પર વૈરાગ્ય એટલા માટે કે**

(૧) સંસારમાં અનંતા જન્મ-મરણની નાલેશી અને વિટંબણા છે. નજરકેદી રાજાને વિજેતા રાજા મહેલમાં રાખે છે, આસપાસ બગીચો છે, એમાં ફરવા દે છે.



એનો પવન ઠંડો અને સુગંધિદાર આવે છે, ગરમીમાં એને પંખો વીંઝનાર છે, મહેલમાં સુગંધિત ધૂપસળીઓ છે, તાજાં ફૂલોના ગુચ્છા છે, સંગીતશ્રવણ મળે છે, સૂવા મશરૂની શય્યા છે, દેખવા દિવાલો પર આલીશાન ચિત્રો છે, ખાનપાન રાજાશાહી મળે છે. છતાં એ નજરકેદી રાજાને આ મહેલ અને બધાય રાજશાહી વિષયો ખાવા ધાય છે ! કેમકે મૂળમાં પોતાની સ્વતંત્ર રાજાપણાની શાબાશી ઊડી જઈને નજરકેદની નાલેશી આવી પડી છે. એમ અહીં વિરાગીને કર્મની સંસારની કેદમાં જન્મ-મરણ વગેરે નાલેશીરૂપ લાગે છે.

(૨) સંસારના સુખ અપાર દુઃખમાં પરિણમનાર છે. હમણાં જ પરણેલી નવોઢાઓને **'જંબૂ કહે સુખ વિષયનું અલ્પ, અપાય અનંત !'** જેમ મધુબિંદુના દૃષ્ટાન્તમાં મધનાં ટીપા ચાટવાનું સુખ અતિ અલ્પ, અને ભમરીઓના દંશ, કષાયસર્પોના ઝેર, તથા નીચે રહેલ મોટા અજગરથી ગળાઈ જવાનું... વગેરે દુઃખ અપરંપાર !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૨૬,તા.૨૩-૩-૧૯૮૫

## (૧૭) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

તેમ દુન્યવી વિષયોમાં સુખ અતિ અલ્પ, અને એની પાછળ દુર્ગતિઓના ભવોમાં ઊભા થતાં અપાયો-અનર્થો-દુઃખો અનંત હોય છે. દા.ત. નરકનિગોદમાં અહીંના દુઃખો કરતાં અનંતગુણા દુઃખો હોય છે.

(૩) સંસારના સુખ કૃત્રિમ હોય છે, કેમકે સુખાભાસરૂપ હોય છે. વાસ્તવમાં એ સુખ નથી, પણ દુઃખનિવૃત્તિને સુખ માનવામાં આવે છે. દા.ત. ગધેડાની પીઠ ઉપર ૫૦ કિલોનો ભાર હોય, એમાંથી આગળ જતાં ૨૦ કિલો ઉતારી નાખે, એટલે એ માને છે કે 'હાશ ! હવે હું સુખી થયો !' આમાં શું ખરેખર સુખ મળ્યું ? ના, દુઃખનિવૃત્તિ થઈ. એમ જીવને લાખ રૂા. મેળવવાની તૃષ્ણા હોય, એ દુઃખ છે. એમાં ૫૦ હજાર મળી જાય, એટલી તૃષ્ણા ઓછી થઈ એને સુખ માને છે. પેંડા ખાવાની તૃષ્ણાનું દુઃખ છે તો પેંડા ખાતાં એ ટળવાથી સુખ લાગે છે. પેંડામાં વાસ્તવમાં સુખ નથી, નહિતર પેટ ભરાઈ ગયા પછી પેંડા ખાતાં સુખનો અનુભવ થવો જોઈએ, પણ થતો નથી. એ સૂચવે છે, ભૂખતૃષ્ણા છતે પેંડા ખાતાં સુખ લાગ્યું એ દુઃખનિવૃત્તિના ઘરનું કૃત્રિમ સુખ છે.

(૪) સંસારસુખો લોભામણા અને જીવને પરિણામ જોવા તરફ અંધ તથા મૂઢ બનાવનારા હોય છે. મ્લેચ્છને ત્યાં મેવા-મિઠાઈ-ફ્રુટથી ઉછેરાતો બોકડો એમાં કેવો લોભાય છે ! કેવો આનંદ આનંદ માનતો કૂદાકૂદ કરે છે ! એને ત્યાં જ એક દિવસે બીજા બોકડાને ક્રૂર રીતે કપાઈ મરતો જોવા છતાં 'પોતાને એવી જાલિમ વેદના આવવાની છે' એ જોવા તરફ અંધાપો હોય છે; ને તેથીસ્તો મૂઢ બની મેવા-મિઠાઈમાં રાચે છે ! બસ, સંસારના વિષયો આવા લોભામણા હોઈ એમાં શો રસ રહે ?

**(૫)** સંસારસુખો દુઃખમિશ્રિત હોય છે,- પૈસો છે તો પુત્ર નથી; પુત્ર છે તો પૈસા નથી; બંને છે તો પત્ની કર્કશા અને અભિમાનનું પૂતળું છે... પોતે રંગે રુડો રૂપાળો છે, તો સ્વર ભેંસાસૂર જેવો છે;... પૈસા પર પત્ની પર પુત્ર રગડો કરે છે...આમ સુખમાં કેઈ જાતનાં દુઃખનાં મિશ્રણ ! આવા સુખોમાં શો રસ રહે ?

(૬) સંસારસુખો અનેકનાં દુઃખ ઉપર ઊભા થયા છે ! દા.ત. શેઠાઈનું સુખ અનેક નોકરોના ગુલામીનાં દુઃખ પર ઊભું થાય છે. ગરમાગરમ ભોજનનું સુખ અસંખ્ય સ્થાવર જીવો અને અગણિત ત્રસ જીવોના સંહાર પર ઊભું થાય છે. એવું જ બંગલા-મકાન વગેરેનું સુખ, એટલે એ લોહીના લાડુ જેવું સુખ થયું. કસાઈનો બંગલો જોઈ મનને સૂગ સાથે એમ થાય છે કે 'હાય, આ તો લોહીનો બંગલો !' એમ જીવોની હત્યા પર ને જૂઠ-અનીતિ આદિ પાપો પર સંસારસુખો ઊભા થયેલા છે ! તો શા એના રસ રાખવા ?

(૭) સંસારસુખ અનેક વિટંબણાભર્યા છે; માટે પણ એના પર નીરસતા રહે. પત્નીનું પુત્રોનું સુખ કેટલું વિટંબણાભર્યું છે, એ નજરે દેખાય છે.

**કુમારનંદી સોની :-**

**બિચારો કુમારનંદી સોની** અપ્સરા હાસા પ્રહાસાનું સુખ લેવા માટે એમણે ચિંધ્યા મુજબ નાવિકને એક ક્રોડનું ધન આપી પંચશૈલ પર્વત પાસેના એક વૃક્ષ પર પહોંચ્યો. ત્યાં રાતના મોટા ભારંડ પક્ષી આવે. તે એકના પગે પોતાની પછેડીનો એક છેડો બાંધી, બીજો છેડો પોતાની કમરે જોડ્યો, ને સવારે પક્ષી ઊડ્યું, એના પગે લટકતો લટકતો પર્વત પર પહોંચ્યો. કેવી વિટંબણા ! હાસાપ્રહાસા કહે, 'આ તમારા ગંધાતા ઔદારિક શરીરથી અમારા દિવ્ય શરીરનો ભોગ ન થઈ શકે.' જુઓ વિટંબણા ! હવે અપ્સરાએ એને પાછો દેશમાં મૂક્યો ત્યાં શ્રાવકમિત્ર નાગિલે ના પાડવા છતાં અપ્સરા મળવાનું નિયાણું કરી ભડભડતી અગ્નિમાં જીવતો બળી મર્યો, કેવી વિટંબણા ! ને હાસાપ્રહાસાના ધણી દેવતા વિદ્યુન્માળી તરીકે જન્મ્યો.



ધાર્યું સુખ તો મળી ગયું; પણ હવે જુઓ નવી વિટંબણા ! એક વાર ઇંદ્રની સવારી નીકળી તેમાં હાસાપ્રહાસા નાચે અને પોતાને તરગારાની જેમ ગળે ઢોલ લટકાવી એ બજાવવાની ફરજ આવી. પોતે ઢોલ ગળે લેવા ઈન્કાર કરતો રહ્યો, ને ઢોલ આપમેળે ગળા પર ચીપકી પડ્યું ! કેવી વિટંબણા ! એમાં એક ૧૨ મા દેવલોકનો અતિ તેજસ્વી દેવતા એની આગળ આવી પૂછે છે,

'મને ઓળખે ?'

આ કહે 'ના'

દેવતા કહે, "તું પૂર્વે કુમારનંદી સોની, અપ્સરા માટે બળી મરવા તૈયાર; હું તારો શ્રાવકમિત્ર નાગિલ, મેં તને ના પાડી કહ્યું 'આના કરતાં અહિંસા-સંયમ-તપની આરાધના કર, આ વ્યંતરનિકાયના કરતાં ખૂબ ઊંચા વૈમાનિક દેવલોકનાં સુખ... યાવત્ મોક્ષ મળશે.' પણ તેં માન્યું નહિ, ને તું જીવતો બળી મર્યો ! મેં વિચાર્યું 'અહો ! સંસારસુખની લાલસામાં જીવની કેવી ને કેટકેટલી વિટંબણા ! મોહ જીવને કેવો પછાડે છે ! મોહ મને પછાડે એ પહેલાં એનો ત્યાગ કરું; એમ મેં વિચાર્યું. તેથી જ્યારે તું અપ્સરાના રાગ ખાતર બળી મર્યો, ત્યારે 'હું ભગવાનના રાગની ખાતર સંયમ લઈ તીવ્ર તપ કરી આતાપનાના કષ્ટ સહું,' એમ કરી મેં સંયમ લીધું, અને પાળીને આજે ૧૨ મા દેવલોકનો દેવ થયો છું." આ સાંભળીને વિદ્યુન્માળી ખૂબ પસ્તાયો. અહીં એને હવે અપ્સરાના સુખ પ્રત્યે ઘૃણા **વૈરાગ્ય થયો, ને જીવંત વીર પ્રભુની મૂર્તિ ભરાવી.**

(૮) સંસાર જન્માદિરૂપ કહ્યો, એમાં આદિ પદથી કર્મના ઉદયરૂપ અર્થાત્ ઔદયિક ભાવરૂપ છે, તેથી જ અસ્થિર છે, અને વધારામાં હૈયાના ભાવ બગાડનારો છે. માટે એના પર વૈરાગ્ય થાય. સુખ મળે તે કર્મજનિત હોવાથી કામચલાઉ જ મળે, તેમજ એ સંસારસુખ લાવવા-સાચવવા-વધારવા પાછળ હૈયામાં કેટલાય કષાયના ખરાબ ભાવો ઊભા કરવા પડે ! માણસ પૈસા કમાવવા-સાચવવા કેટકેટલો મલિન ભાવો કરે છે !

ઋષભદેવ ભગવાનના ૯૮ પુત્રો સાથે ભરત લડવા તૈયાર છે, તો પોતાની નાની રાજસંપત્તિ પરની હકુમત ટકાવવા એ ભરત સામે લડવા તૈયાર થઈ ગયા, પણ તે પૂર્વે પિતા ઋષભદેવ પ્રભુને જણાવવા આવ્યા. તો પ્રભુએ ઓળખ આપી કે,

'તમારો દુશ્મન ભરત નથી; પરંતુ અંતરના કામ-ક્રોધાદિ મલિન ભાવો દુશ્મન છે, કે જેમણે તમને અનંત અનંતકાળ આ દુઃખદ સંસારમાં ભટકાવ્યા છે. એવા મલિન ભાવોના પોષક આ રાજ્યસંપત્તિ વગેરે વિષયસુખોથી વિરક્ત નહિ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

થાઓ, એનો સંગ નહિ છોડો, ત્યાંસુધી તમારું સંસારભ્રમણ મટશે નહિ.' ૯૮ પુત્રો વૈરાગી બની ત્યાં જ સંસાર ત્યાગ કરી અણગાર બની ગયા.

**(૯-૧૫)** બાકી તો જન્મ 'આદિ'માં આદિ પદથી સંસારમાં (૯) પુણ્ય વેચી પાપ ખરીદવાનું થાય છે ! વળી (૧૦) પુણ્યપાપના કઢંગા મિશ્રણ ! (૧૧) સગાસ્નેહી તરફથી વિશ્વાસઘાત ! (૧૨) આંધળી માયા ! (૧૩) સુખલાલસામાં અમૂલ્ય સાધનાકાળ બરબાદ કરવાનું થાય ! (૧૪) આયુષ્યની ક્ષણભંગુરતા, (૧૫) શિરામણ સાટે ખેતર વેચવાની મૂર્ખાઈ ! અર્થાત્ તુચ્છ સંસારસુખ ખાતર અણમોલ માનવભવ-માનવતન-માનવવચનશક્તિ-માનવબુદ્ધિ વગેરે કે જેનાથી મોક્ષના અનંત સુખ ખરીદી શકાય, એને વેડફી નાખવાના થાય છે ! એમ,

**(૧૬)** નિર્ગુણતા વગેરે લોથ ભરેલો સંસાર છે. આપણે સંસાર ઉપર ઉપકાર કરીએ ને એ આપણા પર અપકાર કરે ! એવો નગુણો સંસાર છે. એમાં ઉપકાર આપણે બંગલો સારો સુશોભિત કર્યો, તિજોરી સારી ભરચક ભરી, પત્નીને ગમતું બધું કરી સારી રાખીએ; પરંતુ એજ બધા આપણને નરકના દરવાજા દેખાડે ! હારબદ્ધ દુર્ગતિઓના હવાલે કરે ! માટે,

સંસાર નિર્ગુણ યાને નગુણો, એટલે જ, ધન્નો, થાવચ્ચાકુમાર, જંબૂકુમાર, વગેરે વૈરાગ્ય પામી સાધુ થઈ ગયા.

**આ રીતે સંસારને ઓળખે એને સહજ ભવોદ્વેગ થાય અને તે યોગનું બીજ બને.**

અહીં ભવોદ્વેગ 'સહજ' કહીને સૂચવ્યું, કે ઈષ્ટ-વિયોગાદિ દુઃખના માર્યા સંસાર પર કામચલાઉ કંટાળો એ વૈરાગ્ય નહિ; કેમકે એ તો નકરું આર્તધ્યાન છે. દા.ત. 'હાય ! મારી બૈરી અકાળે મરી ગઈ ! હાય ! મારી સંપત્તિ લૂંટાઈ ગઈ ! બળ્યું આ ઘર અને બળ્યો આ સંસાર !' એમ સંસાર પર કંટાળો આવે એ વૈરાગ્ય નથી. કેમકે એમાં તો પછી, જો સારી પત્ની મળી, સારા પૈસા મળ્યા, તો ઘર ને સંસાર બધું જ વહાલું હેમ લાગે છે. એટલે ત્યાં ખરેખર વૈરાગ્ય ન થયો, પરંતુ ઈષ્ટ-વિયોગનું આર્તધ્યાન થયું. કહ્યું છે, ઉત્પન્ન થયેલ તાત્કાલિક દુઃખનો નિમિત્તે સંસાર પર નિર્વેદ થાય એ તો વાસ્તવમાં એક પ્રકારનો દુઃખ પર દ્વેષ છે, અરુચિ છે, નહિ કે સંસાર પર અરુચિ.' અહીં એક સમજવાનું છે કે,-

**દુઃખગર્ભિત વૈરાગ્ય એ ગુણ નહિ; કિન્તુ દુઃખ-નિમિત્તક વૈરાગ્ય જ્ઞાનગર્ભિત બનીને ગુણરૂપ થાય.**

રાજા સંપ્રતિના જીવ ભિખારીને ખાવા મળતું નહોતું, અને 'સંસાર તજી સાધુ થાઉં તો ખાવા મળે' એમ દેખાયું, એટલે સંસાર પર કંટાળો વૈરાગ્ય આવ્યો;



ને એણે ચારિત્ર લીધું; આ દુઃખ ગર્ભિત વૈરાગ્ય પરંતુ પછીથી સાધુઓની ઉત્તમ ચર્યા જોઈ, ને તે જ રાતના આચાર્ય સુધીના મુનિઓ એની સેવામાં આવી નિર્યામણા કરાવે છે ત્યાં, એને જ્ઞાન થયું કે **'અહો ! આ સાધુજીવન કેટલું ઉત્તમ,** કે એમાં ઉત્તમ ચર્યા અને આવી નિર્યામણા મળે ! ખરેખર ! સંસારમાં આમાંનું કંઈ ન મળે. સંસાર ભૂંડો.'- એમ મૂળમાં દુઃખમાંથી ઉત્પન્ન થયેલ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થઈ ગયો, ને એમાં મરીને રાજા સંપ્રતિ થયો !

મહાવીર પ્રભુના જીવને ૧૬મા ભવે વિશ્વભૂતિ રાજકુમાર તરીકે મોટા કાકા રાજા તરફથી માયા-પ્રપંચ અજમાયાનું દુઃખ આવ્યું, ત્યાં કંટાળો આવ્યો કે 'આ સંસાર ? હું કાકા રાજાને બાપાથી અધિક માની એમનો પૂરો આજ્ઞાંકિત અને વિનયવાળો થઈ વર્તુ છું, ને એ મને ઠગે ?' આ દુઃખ નિમિત્ત વૈરાગ્ય થયો; પરંતુ પછીથી 'આ આખો સંસાર જ એવો છે, કે વહાલા વૈરી થાય, ઈષ્ટ એ અનિષ્ટ થાય, વિશ્વાસપાત્ર એ વિશ્વાસઘાતક બને.' એમ સંસારની અસારતાનું જ્ઞાન થયું, ને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જાગી એમણે ચારિત્ર લીધું. તો જ પછીથી વર્ષોના વર્ષો કઠોર તપ તપવા સાથે ઉગ્ર સંયમ પાળે છે ! એટલે વૈરાગ્ય ભલે દુઃખના કારણે ઊભો થયો, પણ પછીથી જો સમસ્ત સંસાર ભૂંડો લાગે, ને મનને એમ થાય, કે-

**જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કેમ થાય ?**

**'શું દગા ભરેલી દુનિયા ખાતર મારે મારા આત્માને ખુવાર કરવો ? શું નાશવંત સગા અને સંપત્તિ પાછળ મારા અવિનાશી આત્માની હિતસાધના જતી કરું ?'** આ વિચાર આવે તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય બની જાય.

**જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં** (૧) આત્માને કર્મની કેદ સમજાય, (૨) પોતાની અનંત સુખ-સંપત્તિ પર કર્મની જપ્તી બેઠેલી દેખાય, (૩) કર્મ પર નફરત થાય, અને (૪) કર્મ બેડીઓ તોડી અનંત આત્મસંપત્તિ પ્રગટ કરવા માટે મથવાના કોડ જાગે. આ વસ્તુ દુઃખમાંથી ય ઊભી થાય, અને સુખમાંથી ય ઊભી થાય. શાલિભદ્ર સુખી હતા. પરંતુ **'મારા માથે માલિક શ્રેણિક ?** પરંતુ તે આ સુખમાં સંસારી બન્યો રહું ત્યાં સુધી આ ગુલામી રહેવાની, માટે સંસાર છોડું,' આમ સુખમાં વૈરાગ્ય ઊઠ્યો. સનત્કુમાર ચક્રવર્તીને ૧૬ રોગ ઊભા થયા, પણ એ દુઃખમાં વિચાર્યું- 'આ રોગ તો મૂળ કર્મરોગના હિસાબે છે, માટે કર્મરોગને જ અહિંસા-સંયમ-તપથી કાઢું,' એમ દુઃખમાં વૈરાગ્ય ઊઠ્યો !

મૂળમાં આપણને ભાન થવું જોઈએ કે 'હું પોતે તો અસલમાં અરૂપી, શુદ્ધ જ્ઞાન-દર્શનમય, પરંતુ આ શું ? કર્મે મારું સ્વરૂપ આવરી દબાવી અશુદ્ધ સ્વરૂપ કરી નાખ્યું ?' એમ ચોંકામણ થાય ! એમાં વળી ઈન્દ્રિયોની પરવશતામાં પોતાની

મૂઢતા દેખાય કે 'આ મારે ઈષ્ટ, આ અનિષ્ટ; આ મને ગમે, આ ન ગમે; આ મને ફાવે, આ ન ફાવે;' આ મૂઢતા પર આ મોહની વિટંબણા પર ઘૃણા થાય, સૂગ થાય, વિરસતા આવે, તો સંસાર પર જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઊભો થાય. પછી મોહની વિટંબણા નજર સામે રહે, તો ચારિત્ર-તપનાં કષ્ટ કષ્ટરૂપ ન લાગે.

**તપ-ચારિત્રનાં કષ્ટ કષ્ટરૂપ એટલા માટે લાગે છે, કે મોહની વિટંબણા વિટંબણારૂપ નહિ, પણ કર્તવ્યરૂપ ડહાપણરૂપ સુખરૂપ લાગે છે.**

**સંસાર વિટંબણારૂપ લાગે તો વૈરાગ્ય થાય.**

(૧૭) સંસાર શું છે ? જન્મ-મરણાદિ રૂપ છે. 'આદિ' પદથી સ્વઘર છોડી પરઘરમાં વસવારૂપ છે. પુદ્‌ગલ... યાવત્ પોતાની કાયા એ પરઘર છે. એની વેઠ કરવી એ પરઘરની વેઠ છે. એના પર જ આત્માને દુઃખ ભરેલી ચતુર્ગતિમય સંસારમાં આથડતા રહેવું પડે છે. દેવગતિમાં પણ લોભ, ઈર્ષ્યા, સંતાપ, મૃત્યુભય વગેરે દુઃખો છે, તો બીજી ગતિઓમાં તો પૂછવાનું જ શું ?

**ચારે ગતિનાં દુઃખ પરઘરની સરભરા પર ઊભા થાય છે.**

એ આત્માની વિભાવદશા છે. સ્વભાવદશા પૂર્વે કહ્યું તેમ પ્રગટ અરૂપીપણામાં રહી પ્રવર્તતી શુદ્ધ અનંત જ્ઞાનમય દશા છે; ને એ માટે સહજ ભવવૈરાગ્ય ઉપયોગી છે. એ જગાડવા **વસ્તુના જ્ઞાનમાં ઈન્દ્રિયોને ગમવા ન ગમવાપણું, ઈષ્ટતા-અનિષ્ટતા ન પેસે,** એવો અભ્યાસ કેળવવાનો. દીકરાને જોઈને પ્રેમ અને દુશ્મનને જોઈને દ્વેષ ઊઠે છે, તે પ્રેમ ને દ્વેષ ન ઊઠવા પામે એવી મનોવૃત્તિ કેળવવા ઉદ્યમ જોઈએ. ત્યાં વિચારવાનું એક જ કે 'આ બધો સંસાર છે. તે સંસાર નગુણો છે, દિલના ભાવ બગાડનારો છે, તો એનાથી સાવધાન રહેવા જેવું છે.

(૧૮) સંસાર જન્માદિ વિટંબણારૂપ હોઈ એમાં 'આદિ' પદથી અનેક જડ-ચેતનની ગુલામીની, જડચેતનની અપેક્ષાની વિટંબણારૂપ હોઈ સંસાર પર સહજ ઉદ્વેગ થાય. ગુલામી કેવી ? તો કે સાંસારિક સંબંધીઓના બંધનની ગુલામી ! નોકરને માથે શેઠની ગુલામી તો હોય, પરંતુ શેઠના માથે નોકરનીય અમુક પ્રકારની ગુલામી લદાયેલી હોય છે ! એવું પિતા-પુત્ર, પતિ-પત્ની, મિત્ર-મિત્ર વચ્ચે અન્યોન્યને એવી અપેક્ષા રહે છે, ને અન્યોન્યના એવા બંધનની ગુલામી રહે છે કે એની પાછળ કેટલાય સંતાપ-ચિંતા-દીનતા-હૃદયઘાત થયા જ કરે છે. ત્યારે સંસારમાં જડ વસ્તુઓની અપેક્ષા કેટલી ? કહે છે ને, કે 'તાંબાની તોલડી તેર વાનાં માગે.' વાતવાતમાં ને પળે પળે પરવસ્તુઓની અપેક્ષાઓનો પાર નહિ ! એક આપણા શરીરના અંગ પ્રત્યંગ અંગે કેટકેટલું સાચવવું પડે છે ?

**શું આ બધી સાંસારિક અપેક્ષાઓની વિટંબણા છતે મન ખૂબ નિશ્ચિન્ત, પૂર્ણ**



**પ્રફુલ્લિત, અને નિત્ય પ્રસન્ન રહે છે ? કશું જ નહિ.**

**પરાધીનતાઓ, પરની અપેક્ષાઓ,** પરના બંધનો, પરસેવાઓનો **જ્યાં પાર નહિ એવો સંસાર પર રાગ-રસ રહે ? કે વૈરાગ્ય ?** એ કશી જ વિટંબણાનું જ્યાં નામનિશાન નહિ એવા મોક્ષ પર રસવાળાને સંસાર પર રસ શાનો રહે ?

**સહજ ભવોદ્વેગ એ પાયો છે,** એના પર જ ઊભા થતા દાનાદિ એ વાસ્તવિક ગુણ છે, ધર્મરૂપ છે : માટે એને આત્માનું સૌંદર્ય કહેવામાં આવે છે. 'જયવીયરાય' સૂત્રમાં ભવનિર્વેદથી માંડીને ૮ માગણી મૂકી છે, એમાં પહેલી ૬ વસ્તુને આત્માનું લૌકિક સૌંદર્ય અને છેલ્લી બે વસ્તુ 'શુભ ગુરુયોગ' તથા 'તદ્‌વચન સેવા' ને લોકોત્તર સૌંદર્ય તરીકે. 'શ્રી લલિત વિસ્તરા' શાસ્ત્રમાં ઓળખાવેલા છે. ગણધર સૂત્રના હિસાબે પણ આત્માનું પહેલું સોંદર્ય 'ભવનિર્વેદ,' સંસારવૈરાગ્ય છે. આ સહજ જોઈએ, એટલે કે સંસારનું જન્માદિ અનેક વિટંબણામય સ્વરૂપ જોઈને જ વિરાગ કરવાનો, કિન્તુ કોઈ ધન, પત્ની, પુત્ર... વગેરે મનગમતી વસ્તુના વિયોગના દુઃખથી દુખિત થઈને વૈરાગ્ય નહિ; કેમકે એ તો વૈરાગ્ય નહિ, કિન્તુ આર્તધ્યાન છે.

**૪ થું યોગબીજ : દ્રવ્યાભિગ્રહપાલન.**

**દ્રવ્યાભિગ્રહપાલન એટલે શું ?**

અહીં દ્રવ્યાભિગ્રહ શબ્દથી બિમાર મુનિને ઔષધ લાવી આપવા આદિનો નિયમ સમજવાનો છે. દા.ત. ગામમાં સાધુસમૂહ રહેલો છે. તો પોતે એવો નિયમ કરે, કે 'મારે કોઈ સાધુ બિમાર પડે તો એમની દવા વગેરેથી સેવા કરવી,' અને પછી એવો અવસર આવી લાગ્યે એ નિયમનું પાલન કરવું. આ ૪ થું યોગબીજ છે.

**નિયમપાલનમાં વિવેક :-**

આ નિયમના પાલનમાં એક વિવેક એ જાળવવાનો છે, કે માનો કે કદાચ કોઈ સાધુ માંદા ન પડ્યા, ને તેથી માંદાની સેવાનો અવસર જ ન આવ્યો, તો મનમાં એવો ખેદ નહિ કરવાનો કે 'અરેરે ! આ વખતે સેવાનો લાભ ન મળ્યો !' કેમકે એવો ખેદ જઈને ક્યાં પહોંચે ? તો કે 'સાધુ માંદા ન પડ્યા ને મને અરેરે ! દવા કરવાનો લાભ ન મળ્યો ! સાધુ માંદા ન પડ્યા એ ખોટું થયું' એવા ખેદ પર જાય. આ ખેદ અશુભ છે, અવિવેકના ઘરનો છે. દુનિયાના સામાન્ય જીવને માટે પણ 'એને રોગની પીડા ન આવી એ ખોટું થયું. પીડા આવી હોત તો સારું,' એવું ન ઈચ્છાય, તો સાધુ મહારાજ માટે તો એવું ઈચ્છાય જ કેમ ? માટે, દવા કરવાનો લાભ ન મળ્યો તો ખેદને બદલે 'સાધુ માંદા ન પડ્યા,'- એનો



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

આનંદ માનવાનો. માટે દવા કરવાનો લાભ ન મળ્યો તો ખેદ વિવેકથી કરાય, અવિવેકથી નહિ. વિવેક આ, કે ત્યાં એમ વિચારાય કે 'હું તો માનું કે સારું થયું મારા નિયમના પ્રભાવે સાધુ મહારાજ માંદા જ ન પડ્યા ! બાકી મારે સેવાદિ સુકૃત કરવાના ઘણા માર્ગ છે.' અહીં ચોથા યોગબીજ તરીકે સીધું માર્ગ છે.' અહીં ચોથા યોગબીજ તરીકે સીધું ઔષધાદિ-સંપાદન ન કહેતાં એનો નિયમ કરીને નિયમપાલન કહ્યું,- એ સૂચવે છે, કે

## • નિયમ શા માટે ? •

**નિયમની બલિહારી છે, એ આચરણ અવશ્ય કરાવે.**

જો નિયમ ન હોય તો સંભવ છે સુકૃત આચરવાના અવસરે આચરણમાં આળસ થઈ જાય, હરામહાડકાપણું આવે, બીજા-ત્રીજા કામમાં પડ્યે સુકૃત આચરવાનું રહી જાય. નિયમ હોય તો સંભારીને આચરણ થાય. એવા નિયમબદ્ધ આચરણથી આત્મામાં સત્ત્વ વિકસે છે. પહેલું તો નિયમ કર્યો, ત્યાં જ સત્ત્વનો જન્મ થયો; પછી નિયમનું પાલન થાય એટલે સત્ત્વનો વિકાસ થાય. **યોગની ભૂમિકામાં આ સત્ત્વનો વિકાસ કરવાનો છે;** તો જ સત્ત્વ વિકાસથી આગળ પર અધ્યાત્માદિ યોગનું દૃઢપણે અર્થાત્ સ્થિરતાથી સેવન થાય. નિઃસત્ત્વ માણસ યોગ શું સાધી શકે ? એટલે અહીં ભૂમિકામાં યોગબીજ તરીકે દ્રવ્યાભિગ્રહપાલન લીધું, જેથી-

**નિયમના ગ્રહણમાં સત્ત્વ પ્રગટે, અને પાલનમાં સત્ત્વ વિકસે.**

સત્વ વિકસ્વર થતું જાય એટલા જ માટે અહીં બિમાર સાધુની દવાથી માવજતના નિયમની જેમ બીજા પણ અમુક અભક્ષ્ય આદિ ખાનપાનના ત્યાગ, હિંસાદિ પાપોમાં સંકોચ, અમુક અમુક પરોપકાર, ગુરુજનસેવા... વગેરેના નિયમ પણ ૪ થા યોગબીજ તરીકે આરાધવાના.

સામાન્ય નિયમની પણ ખૂબી છે કે અવસરે એ પ્રભાવ દેખાડે દા.ત.

**વંકચુલ લુંટારાએ** ચાર નિયમ કર્યા, કે- (૧) અજાણ્યું ફળ નહિ ખાવું, (૨) કોઈને મારતા પહેલાં ૩ ડગલા પાછું હટી જવું, (૩) રાણી સાથે દુરાચાર નહિ કરવો, અને (૪) કાગડાનું માંસ નહિ ખાવું. તો અવસરે એના પ્રભાવ કેવા સરસ પડ્યા કે (૧) જંગલમાં વિષફળ અજાણ્યું લાગતાં ન ખાવાથી જીવતો બચ્યો ! (૨) મોડી રાતના બહારથી આવી પત્ની અને પાસે પુરુષવેશમાં સૂતેલી બેન એ બંનેનો, ૩ ડગલાં પાછો હટતાં, ઘાત કરવાથી બચ્યો ! (૩) રાણીએ ભારે ભોગપ્રાર્થના અને પછી ભય પ્રદર્શિત કરવા છતાં દુરાચારમાં ન ગયો ! તો બાજુના ઓરડામાં જાગતા રહેલા રાજાએ એની કદર કરી, એને દિવાન બનાવ્યો ! તેમજ (૪)



અંતકાળે વૈદના આગ્રહ છતાં કાગડાના માંસમાં દવા ન લીધી. તો ૧૨ મા દેવલોકમાં દેવતા થયો ! આવા નિયમોનું ગ્રહણ કરી પાલન કરવું એ યોગબીજની સાધના છે.

**બ્રાહ્મણકન્યાએ** સહિયર શ્રાવિકાકન્યાની હારોહાર સાધ્વીજી પાસે સાંભળ્યું કે 'રાત્રિભોજન એ મહાપાપ છે; કેમકે જગતના નાના જીવો બે જાતના, એક દિવાચર અને બીજા રાત્રિચર. દિવાચર માખી-ભમરા વગેરે દિવસના જ ભમનારા; રાત્રિચર રાત્રિના ભમનારા; દા.ત. ડાંસ મચ્છર વગેરે રાત્રિચરને દીવાના અજવાળા સાથે કે વાદળ સાથે કાંઈ સંબંધ નહિ. સૂર્યનો અસ્ત થાય એટલે કુદરતી રીતે એ ફરવા નીકળી પડે. હવે જો રાત્રે ભોજન કરવા બેસો, તો સંભવ છે એવા સૂક્ષ્મ રાત્રિચર જીવો તમારા ભોજન પર આવીને બેસે, એટલે એને ભોજન સાથે હોઈયાં કરી જવાનું થાય ! બ્રાહ્મણકન્યાએ જીવનભર રાત્રિભોજન ત્યાગનો નિયમ લીધો. પછી પરણીને સાસરે જવાનું થયું, તો ત્યાં નિયમમાં અડગ રહેતાં, સાસુના કજિયાથી સસરો એને પિયેર કાઢી મૂકવા ચાલ્યો, એમાં વચમાં રાત પડી, રસ્તાના ગામમાં સ્નેહીને ત્યાં રાતવાસો રહ્યા. રાત્રે જજમાને દૂધપાક પૂરીની મેમાનગીરી કરી, એકલી આ કન્યા ન જમી, બીજા જમ્યા; પણ દૂધપાકમાં ઉપરના ચંદરવામાંના બફાઈ ગયેલ સર્પનું ઝેર પડેલું, તે જમીને બીજાઓ બેભાન થઈ ગયા. બ્રાહ્મણકન્યા બચી ગઈ, તે એણે વૈદને બોલાવી લાવી ઝેરની ઊલટી કરાવી, બધાને બચાવી લીધા ! સસરો દિંગ થઈ ગયો પાછી ઘરે લઈ ગયો, ને આખું ઘર જૈનધર્મી બની ગયું ! ત્યાગના નિયમની બલિહારી છે. સમજી રાખો-

**ભોગથી સંસાર છે, ત્યાગથી મોક્ષ છે.**

**આશ્રવથી સંસાર, સંવરથી મોક્ષ.** માટે કહ્યું,

**आश्रवो भवहेतुः स्यात संवरो मोक्षकारणम् ॥'**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૨૭,તા.૩૦-૩-૧૯૮૫

## (૧૮) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

ભોગ, ઉપભોગ, આરંભ, સમારંભ વગેરે આશ્રવ એ સંસારનાં કારણ; અને ત્યાગ, પરિસહ, ચારિત્ર વગેરે સંવર એ મોક્ષનાં કારણ છે. મોક્ષ જોઈએ છે ? તો ત્યાગમાં આવો.

પૂર્વના ઈતરધર્મી પણ આ સમજતા, તેથી જ્યારે ક્યારેય વૈરાગ્ય ઊછળી



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

પડતો, ત્યારે ઠેઠ સંસાર-ત્યાગ કરી વાનપ્રસ્થ જીવન યા સંન્યાસ જીવનમાં આવી જતા. એમના શાસ્ત્ર કહે છે,- **'यदहरेव विरजेत्, तदहरेव प्रव्रजेत् ।'**

અર્થાત્ જે દિવસે વૈરાગ્ય થાય, તે જ દિવસે ઘર હંમેશ માટે છોડીને ચાલ્યા જવું. દા.ત. તામલિ ગૃહસ્થે એ કરેલું. એક રાત્રિના મધ્યે જાગીને એને વિચાર આવ્યો કે,-

'અરે ! ઉત્તમ માનવજન્મ તો ભગવદ્ભજન માટે જ છે. તે ભજન મૂકીને હું કેમ આ મોહમાયાની સેવામાં વેડફી રહ્યો છું ?'

બસ, બીજી સવારે કુટુંબને બધું ભળાવી દઈ તામલિ પોતે તાપસ બની ગયેલો. તાપસ બનીને જંગલમાં જઈ છઠ્ઠ છઠ્ઠના પારણે લૂખા ભાતનું પારણું... એ રીતે તપ તપવા લાગ્યો ! અંતે સાધુનાં દર્શન પામ્યો, મરીને ઈશાન ઇંદ્ર થયો ! અત્યારે એજ ઇંદ્ર છે ઈશાન દેવલોકમાં.

ઈતર ધર્મોમાં પણ ત્યાગનો મહિમા હતો, કેમકે આ અવસર્પિણી યુગમાં નવ કોડાકોડી સાગરોપમના ધર્મ-પ્રકાશ વિનાના કાળ પછી આદિનાથ ભગવાને ત્યાગમય ધર્મનો પ્રકાશ રેલાવ્યો. એમાંથી બીજા બીજાઓએ ધર્મપંથ ચલાવ્યા, એટલે એમાં ત્યાગધર્મના વારસા ઊતરે એ સહજ છે. અહીં યોગબીજ તરીકે સેવાધર્મ અને ત્યાગધર્મને નિયમ કરીને પાળવાનું બતાવ્યું, એ 'દ્રવ્યાભિગ્રહ પાલન' શબ્દથી સૂચવ્યું.

અભિગ્રહના પ્રસંગમાં એક વસ્તુ ખાસ ધ્યાન પર લેવા જેવી છે, કે માણસ અભિગ્રહ-નિયમ-બાંધાને બંધન સમજે છે; જ્યારે ખરેખર તો

**નિયમ અભિગ્રહ એ બંધન નહિ, પણ બંધનથી મુક્તિ છે.**

જીવ અનાદિ કાળથી અસદ્ વૃત્તિઓના બંધનમાં છે, ને એમાંથી જ કર્મનાં બંધન ઊભા થાય છે, જે જીવને ચિરકાળ સંસારના બંધનમાં જકડી રાખે છે, મોક્ષ પામવા જ ન દે.

**આમ જો નિયમ નહિ, તો જીવ (૧) અસદ્વૃત્તિનાં બંધન, (૨) કર્મના બંધન, અને (૩) સંસારના બંધનમાં રહેવાનો.**

નિયમમાં આવે તો એ બંધનથી છૂટે. નિયમ માણસને ઊભો રાખે છે, અસદ્ વૃત્તિની ફસામણમાં જતો અટકાવે છે. વંકચૂલે જે તે ખાવાની અસદ્ વૃત્તિમાંથી, અજાણ્યાં ફળ ન ખાવાનો નિયમ કરીને, એટલી એનાથી મુક્તિ મેળવી; તો અવસર આવ્યે વિષફળ ખાતો અટક્યો. એના બીજા ભેરુઓને નિયમ નહોતો, તો એ ખાવાની અસદ્ વૃત્તિમાં ફસાયા, ને ખાઈને મર્યા ! એટલે કરવાનું આ છે,



કે શક્ય એટલા અભિગ્રહ, ભલે કામચલાઉ ગ્રહણ કરતા રહેવાનું, ને એને પાળતા રહેવાનું.

### • ૫ મું યોગબીજ : શાસ્ત્રોપાસના •

૫ મું યોગબીજ 'શાસ્ત્રોનું લેખન આદિ' આ શાસ્ત્ર એટલે કામશાસ્ત્ર-અર્થશાસ્ત્રાદિ નહિ, કેમકે એ તો કામવાસના ધનલોભ વગેરે જગાવનારા હોવાથી ભોગના કારણ બને, યોગના નહિ; કિન્તુ ઋષિ-મહર્ષિઓના રચેલા ધર્મશાસ્ત્ર ને તત્ત્વજ્ઞાનશાસ્ત્ર સમજવાં. આનાં લેખન-પૂજન યાને લખાવવા-પૂજવા-સત્કારવા આદિ એ યોગબીજ.

**પ્ર.**- શાસ્ત્રોના લેખનાદિ યોગબીજ શા માટે ?

**ઉ.**- શાસ્ત્રોના લેખનાદિ એ શાસ્ત્રની ઉપાસના છે, અને જગતમાં ત્રણ મહાન સેવ્ય છે, ઉપાસ્ય છે, એમાં જેમ દેવાધિદેવ ઉપાસ્ય છે; ગુરુ ઉપાસ્ય છે, એમ શાસ્ત્ર પણ ઉપાસ્ય છે; માટે શાસ્ત્રની ઉપાસના કર્તવ્ય છે. માટે તો દેવવંદનમાં 'અરિહંતચેઈયાણં ની જેમ 'સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ'નો અર્થાત્ શ્રુત (શાસ્ત્ર) ભગવાનના વંદણ નિમિત્તે, પૂજન નિમિત્તે... કાયોત્સર્ગ કરવામાં આવે છે. શું શ્રુત એ ભગવાન ? હા, 'ભગ' એટલે ઐશ્વર્ય, પ્રભાવ. શ્રુત પ્રભાવવંતુ છે; માટે ભગવાન કહેવાય. જો દેવાધિદેવ અને ગુરુ તારણહાર છે માટે જ એમની ઉપાસના કર્તવ્ય બને છે, તો શાસ્ત્રો પણ તારણહાર છે માટે એમની ઉપાસના કેમ કર્તવ્ય ન બને ? શાસ્ત્રની કેવી કેવી ઉપાસના કર્તવ્ય છે, એ હવે બતાવે છે,-

## • વિવિધ શાસ્ત્રોપાસના •

**(૧) લેખન : ૧૪ પૂર્વશાસ્ત્ર :-**

લેખન એટલે કે મહર્ષિઓનાં શાસ્ત્રો લખાવવા. એ લખાવવાથી એના આધારે શ્રુતજ્ઞાન ટકી રહે. પૂર્વના કાળે શ્રુત મોંઢે મોંઢે જ ભણાવાતું. મોટા શ્રુતના દરિયા જેવા '૧૪ પૂર્વ' નામનાં શાસ્ત્ર પણ મોંઢે જ ભણાવતા, અને ત્યાં જ કંઠસ્થ કરી લેવાતા. પરંતુ બળ બુદ્ધિ વગેરેના હ્રાસની જેમ સ્મરણશક્તિનો પણ હ્રાસ થતો ચાલ્યો. એટલે ૧૪ પૂર્વમાંથી ૧૦ પૂર્વ, ૧૦ માંથી ૯ પૂર્વ, એમ હ્રાસ થતાં થતાં દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજના કાળે ૧ પૂર્વ જેટલું જ જ્ઞાન આવીને ઊભું. 'પૂર્વ' જ્ઞાનના એ હ્રાસની સાથોસાથ આચારાંગ વગેરે ૧૧ અંગ-આગમોનાં જ્ઞાનમાં પણ હ્રાસ આવતો ગયો, દુષ્કાળ વગેરે કારણે એટલું જોરદાર શાસ્ત્રપારાયણ ચાલે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

નહિ, તેથી અમુક અમુક પાઠ કોઈ કોઈને ભુલાતા ગયા; એટલે મથુરામાં તથા વલભીપુરમાં સાધુસમુહ એકત્રિત થઈ પોતપોતાને યાદ રહેલ પાઠો મેળવ્યા. એ માથુરી વાચના, વલભી વાચના કહેવાઈ. છેલ્લે દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે શાસ્ત્રજ્ઞ સાધુસમૂહ એકત્રિત કરી પાઠો મેળવ્યા. એમાં જોયું કે આમ જો સ્મૃતિભ્રંશથી આગ્રમોના પાઠો ભુલાતા જશે, તેમજ પાઠાન્તરો પણ થતા જશે, તો પછી શ્રુત આમ મોંઢે ને મોંઢે અધ્યયન-અધ્યાપનમાં ટકશે કેટલું ? તેથી એમણે આગમોને પુસ્તકારૂઢ કરાવ્યા, તાડપત્ર આદિ પર લખાવ્યા.

સ્મરણશક્તિનો હ્રાસ કેવો થતો ચાલ્યો, કે ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી ચૌદ પૂર્વ ભણાવવા બેઠા ત્યારે પ્રારંભમાં તો અનેક મુનિઓએ એમની પાસે વાચના લેવી શરૂ કરી, પરંતુ ‘પૂર્વ’ શાસ્ત્રના જંગી સૂત્રોની મોંઢે વાચના લઈ, એ યાદ રાખવા, વળી નવી વાચનામાં નવો સૂત્ર-જથો... આમ રોજની આવી ૭ વાચના, એ બધું મોંઢે રાખવાનું ! ને રોજ પુનરાવર્તન ! બાપાના ખેલ છે કે એટલો જંગી સૂત્ર જથ્થો યાદ રહે ? એક માત્ર સ્થૂલભદ્રસ્વામી વાચનામાં ટક્યા; બીજા બધા પગે લાગી ક્ષમા માગીને ખસી ગયા. છેલ્લા ચૌદપૂર્વી સ્થૂલભદ્રસ્વામી ગણાયા.

આજે એની અપેક્ષાએ આપણી પાસે કેટલું જ્ઞાન છે ? સમુદ્રમાં બિંદુ જેટલું જ, કે બીજું કાંઈ ? છતાં જો એના પર અભિમાન કરાય કે ‘હું વિદ્વાન છું !’ તો એ કેટલું બેહુદું !

**ભાણેજ મુનિનો ગર્વ :-**

કાલિકસૂરિજી મહારાજને ભાણેજ મુનિ વર્ષો બાદ વંદન કરવા આવી રહ્યો હતો. હવે મામા મહારાજ મળવામાં એક મુકામ છેટે છે, એવામાં કાલિકસૂરિજી મહારાજ શિષ્યોને સારણા-વારણા કરવા છતાં એમનો અવિનયાદિ પ્રમાદ જોઈ પરોઢિયે એકાકી વિહાર કરીને અહીં આવી ગયા. ત્યારે ભાણેજમુનિ સાધુઓને વાચના આપી રહ્યા હતા, એટલે કાલિકાસૂરિજી મહારાજ આવીને મંડળીમાં બેસી ગયા. ઉંમર પાકી થયેલી, ત્યાગ તપસ્યાથી શરીર ઊતરી ગયેલું. તેથી ભાણેજમુનિએ ઓળખ્યા નહિ. વાચના પછી અભિમાનથી પૂછે છે,-

‘કેમ ડોસા મહારાજ ! વાચના સમજાઈ ?’ કેમ લાગી ?’

આચાર્ય મહારાજ કહે ‘સારી.’ પછી ઊતરવા રજા માગી ખૂણામાં બેસે છે. એટલામાં એમના શિષ્યો એમને શોધતાં અહીં આવી ભાણેજમુનિને પૂછે છે,-

‘અહીં આચાર્ય ભગવંત કાલિકસૂરિજી મહારાજ પધાર્યા છે ?’ આ કહે ‘ના ભાઈ !’



‘તો અહીં કોઈ જ નથી આવ્યું ?’

‘હા, એક વૃદ્ધ મુનિ આવ્યા છે. જુઓ પેલા ખૂણામાં બેઠા છે તે.’ શિષ્યો જઈ જોઈને ચોંકી ઊઠી કહે છે,- ‘અરે આ જ આચાર્ય ભગવાન છે.’ આમ કહી જઈને તરત ગળગળા થઈ આચાર્ય મહારાજના પગમાં પડી રોતા કકળતા કહે છે, ‘પ્રભુ ! ક્ષમા કરો અમારા અપરાધને. પ્રાયશ્ચિત્ત આપો, હવે ફરીથી અમે પ્રમાદ નહિ કરીએ, પધારો પાછા.’

ભાણેજમુનિ તો સમસમી જ ગયો, ‘અરે હું આચાર્ય ભગવાનના વંદનાર્થે આવ્યો, ને સામે આવેલા મેં એમને ઓળખ્યા નહિ ? ને એમની આગળ વાચનાનો ઠસ્સો બતાવ્યો ?’ એ ય પગમાં પડી અભિમાનની ક્ષમા માગે છે.

ત્યાં આચાર્ય મહારાજ એને કહે છે,-

‘જો મહાનુભાવ ! કેટલા જ્ઞાન ઉપર તને અભિમાન આવ્યું ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મહાવીર ભગવાન પાસે કેવળજ્ઞાન એટલે અનંત જ્ઞાનનો મહાસાગર હતો. એમાંથી પ્રભુએ એક ખોબો ભરી જ્ઞાન ગણધર મહારાજને આપ્યું, એમણે એ ખોબો જંબૂસ્વામીને આપ્યો, એમણે વળી એ પ્રભવસ્વામીને દીધો. એમ શિષ્ય પરંપરામાં ખોબાપાણીમાંથી ટપકતું ટપકતું ઓછું ઓછું થતું આવ્યું, તે મારા ને તારા સુધી એક ખોબામાંથી, કહે, કેટલું ઓછું થયેલું આવ્યું ? ભગવાનનું અનંત જ્ઞાન કેટલું ? ને એની સામે આ ખોબાભર્યું જ્ઞાન કેટલું ? તેમાંય ગણધર મહારાજનું કેવું-કેટલું જ્ઞાન ? ને તારું મારું કેટલું ? એ અભિમાન કરવા જેટલું જ્ઞાન છે ?’ ભાણેજમુનિએ માફી માગી.

વાત આ છે, કે સ્મૃતિભ્રંશથી જ્ઞાનનો ખૂબ હ્રાસ થતો દેખ્યો એટલે દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે શ્રુતજ્ઞાનને પુસ્તકારૂઢ કર્યું, ને એ પછી પણ જીર્ણ થયેલ શાસ્ત્રગ્રન્થો ફરી ફરી લખાતા રહ્યા, તો જ આજે આપણા સુધી શાસ્ત્રોમાં શ્રુતજ્ઞાન પહોંચી શક્યું, ને એના આધારે જ આપણને શ્રુતજ્ઞાન મળે છે, અને એથી આપણે દેખતા છીએ. હરિભદ્રસૂરિજી મહારાજ જૈન શાસ્ત્રો જૈન આગમો પર ઓવારી જઈને કહે છે,-

**‘હા અણાહા કહં હુંતા જઈ ણ હુંતો જિણાગમો !’**

‘જો જિનાગમ ન હોત તો અનાથ એવા અમારું શું થાત ?’ માટે કહો,-

**(૧) લેખન : લાખોને બોધનું નિમિત્ત :-**

જિનાગમશાસ્ત્રો લખાવનારા કેટલો ઉપકાર કરી ગયા ? અને એમણે શ્રુતજ્ઞાન પરંપરા ટકાવીને શ્રુતજ્ઞાનની-શાસ્ત્રની કેવી સુંદર ભક્તિ કરી ? એથી પુસ્તકના આવરદા પ્રમાણે સેંકડો વરસો સુધી એ ટકીને હજારો લાખો ભવ્યાત્માઓને શ્રુતજ્ઞાનનો


E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

વારસો પહોંચાડે, અને એથી એ જીવો ધર્મની આરાધનામાં જોડાય, એમાં મહાન નિમિત્ત બનવાનો લાભ શાસ્ત્ર લખાવનારને મળે. તેથી અઢળક પાપક્ષય અને અખૂટ પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ થાય. 'લેખન' શાસ્ત્રો લખાવવા-સંભાળવા એ શાસ્ત્રોની પહેલી અખૂટ લાભદાયી ઊપાસના.

**(૨) પૂજનઃ જિનમૂર્તિની જેમ જિનવાણીય પૂજ્ય :-**

પૂજન એ બીજી ઉપાસના. એમાં શાસ્ત્રોનું પુષ્પ-વસ્ત્ર-અલંકાર વગેરેથી ભક્તિ કરવાનું આવે. શાસ્ત્રની આગળ પુષ્પો ગોઠવાય, શાસ્ત્રપોથી પર સુંદર કપડું વીંટાળાય, પોથી પર મોતીની માળા ચડાવાય...

મૂળમાં સાસ્ત્ર પર અથાગ બહુમાન જોઈએ, તો એ આ રીતે પૂજનમાં છતું થાય. જિનમૂર્તિ પર બહુમાન છે, તો મૂર્તિને કેવા પુષ્પ-આંગી-અલંકારથી પૂજાય છે ! એમ જૈનશાસ્ત્ર એટલે જિનવાણી, એના પર બહુમાન હોય તો એનાં પૂજન થાય. જિનમૂર્તિ પૂજ્ય ને જિનવાણી પૂજ્ય નહિ ? સમજી રાખો, શાસ્ત્ર પર જેટલું બહુમાન એટલી એની વાતો જીવનમાં ઉતારવાનું થશે, અને એ બહુમાનનું માપ એનાં લેખન, ઊંચા દ્રવ્યોથી પૂજન વગેરે પર અંકાશે.

**પ્ર.**- સાધુ અપરિગ્રહી છે, તો એ શી રીતે શાસ્ત્રપૂજન કરે ?

**ઉ.**- સાધુ ત્યાગ-તપથી પૂજન કરે-એટલા જ માટે નવા શાસ્ત્રનું અધ્યયન કરવાનું હોય ત્યારે એના તપથી યોગોદ્વહન કરાય છે. આ ત્યાગ-તપ એ શું છે ? શાસ્ત્રનું સૂત્રનું સક્રિય બહુમાન છે, પૂજન જ છે; ને

**જેના હૈયે શાસ્ત્ર પર ખરેખર બહુમાન છે, એ શાસ્ત્રભક્તિ પાછળ શક્ય તન-મન-ધનથી ભોગ આપ્યા વિના રહે નહિ.**

માટે તો જાણવા મળે છે, કે સંગ્રામ સોની અને પેથડશા મંત્રી શ્રી ભગવતી સૂત્ર સાંભળતાં ગૌતમસ્વામીના ૩૬૦૦૦ પ્રશ્નોના ઉત્તરમાં મહાવીર ભગવાનના શ્રીમુખેથી જ્યાં જ્યાં 'ગોયમા !' શબ્દ સાંભળવા મળતો, ત્યાં ત્યાં એકેક સોનામહોર સાથિયા પર મૂકતા ! આ શું છે ? શાસ્ત્ર-સૂત્ર પ્રત્યે હૈયામાં ઉછળતા ગૌરવ-બહુમાનને એમણે સોનામહોરથી પૂજનમાં સક્રિય કર્યું, ચરિતાર્થ કર્યું. બાકી તો શક્ય પૂજન વિનાનું બહુમાન તો બૂંદી કોટાની ભાવના જેવું થાય.

**(૩) દાનઃ શાસ્ત્રદાનથી જિનવચન વહેતું રહે :-**

શાસ્ત્રઉપાસનામાં ત્રીજું દાન કહ્યું. શાસ્ત્રના પુસ્તકનું ભણનારને યા જ્ઞાનભંડારને દાન કરવું. આમાં ભણનારની ભક્તિ થઈ ? કે શાસ્ત્રની ભક્તિ ? કહો, શાસ્ત્રની પણ ભક્તિ એ રીતે થઈ, કે શાસ્ત્ર જિનવચનને વહેતું રાખી, શાસ્ત્રને અનેકનું ઉપકારક બનાવી, એનો પ્રભાવ વધાર્યો.



**(૪) શ્રવણ :-**

શાસ્ત્રનું શ્રવણ એ તો સ્પષ્ટ શાસ્ત્રઉપાસના છો, દા.ત. વડિલનાં વચનનું વિનય-ભક્તિભાવ પૂર્વક શ્રવણ કરીએ, એ વડિલની ઉપાસના છે. પૂર્વે સત્સંગનો મહિમા હતો, એમાં સત્સંગ કરનાર વ્યક્તિ સાધુની ઉપાસના કરતી. સમરાદિત્ય કેવળીનો જીવ પહેલા ભવે ગુણસેન રાજા વિજયસેન આચાર્ય મહારાજ પાસેથી ધર્મ પામી, એમ પ્રદેશી રાજા કેશી ગણી આચાર્ય પાસેથી ધર્મ પામી, પછી આચાર્ય માસકલ્પ રહ્યા, તો એ અમની રોજ ઉપાસના કરે છે. ઉપાસનામાં શું કરતા હશે ? આ જ કે એમની પાસે બેસી એમના મુખેથી ધર્મની વિચારણા સાંભળતાં. તો જેવી રીતે સાધુ પાસે આ શ્રવણ એ સાધુની ઉપાસના છે, એમ શાસ્ત્રનું શ્રવણ એ પણ શાસ્ત્રની ઉપાસના જ છે.

શાસ્ત્રશ્રવણ શી રીતે કરવાનું ? તો કે નિદ્રા (ઝોકાં) વિકથા કુથલી વગેરે પ્રમાદ ટાળીને, એક ચિત્ત બની, સંભ્રમ સાથે સાંભળવું. 'સંભ્રમ' એટલે સાંભળવામાં જે મળે છે તે જાણે કોઈ અપૂર્વ નિધાન મળ્યું એવા રોમાંચ સાથે હર્ષ થાય તે. શ્રવણ એવા સંભ્રમથી થાય.

**એવો અપૂર્વ હર્ષ શી રીતે થાય ?**

આ વિચારવાથી થાય, કે 'આ જગતમાં મોહાંધોનું અને પાપપૂતળાઓનું તથા મિથ્યાશાસ્ત્રોનું ઘણું ઘણું સાંભળ્યું, પરંતુ એથી ભવના ફેરા વધારવા સિવાય બીજું કશું ફળ ન આવ્યું. હવે અહીં ઉચ્ચભવમાં જ્યારે ઉચ્ચ શાસ્ત્રશ્રવણની દિવ્ય તક મળી છે, તો પેલાં મારણહાર શ્રવણ પડતાં મૂકી તારણહાર શાસ્ત્રશ્રવણ કરું. જગતમાં સાંભળવા જેવી ચીજ હોય તો જિનાગમ-જૈનશાસ્ત્રો છે, કેમકે એ એકાંતે કલ્યાણકારી જીવનમાર્ગ બતાવે છે; જ્યારે બીજા શ્રવણ હિંસાદિપાપનાં સમર્થક ને પાપપ્રેરક હોઈ પાપશ્રવણ છે, ત્યાજ્ય છે. જીવનમાં અવનતિમાંથી બહાર નીકળી ઉન્નતિના રાહે ચાલવાનું આવા કલ્યાણકારી શાસ્ત્રોનાં ધર્મશ્રવણ પર જ થાય છે.

**(૫) વાચના :-**

આ શાસ્ત્રોની સ્વયં વાચના કરવી. અર્થાત્ બીજાઓને શાસ્ત્ર વંચાવવા, સંભળાવવા; કેમકે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનની અત્યાર સુધી શ્રુત-પરંપરા ચાલી આવી તે, પ્રભુએ ગણધરોને અર્થથી વાચના આપી, ગણધરોએ એને સૂત્રથી ગુંથી પોતાના શિષ્યોને એ સૂત્ર અને અર્થની વાચના આપી એમણે પોતાના શિષ્યોને વાચના આપી... એમ પરંપરા અખંડ ચાલી, તો આજે પોતાના સુધી એ ચાલી આવીને પોતાને સૂત્રાર્થ-શ્રુત મળ્યું. તો હવે એ ઉપકારની કૃતજ્ઞતાની રૂએ પોતાનું પણ બીજાઓને વાચના આપવાનું કર્તવ્ય બની રહે છે. આ એક શાસ્ત્ર-ઉપાસના છે.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

(૬) ઉદ્ગ્રહ :-

એની જેમ એ શ્રુતવાચનાનું વિધિપૂર્વક ગ્રહણ કરવું એ પણ શાસ્ત્રોપાસના છે. પોતે એ ગ્રહણ કરે તો જ એ શ્રુતથી પોતાનું કલ્યાણ થાય અને આગળ પર બીજાઓને પણ શ્રુતવાચના આપી શકે. અહીં

વિધિપૂર્વક ગ્રહણ કરવાનું કહ્યું, તે વાચનાચાર્યનો વિનય, આસન-સ્થાપન, સ્થાપનાચાર્યસ્થાપના, વાચનાચાર્ય પર અતીવ બહુમાન, એમની ભક્તિ, ઉભડક આસનથી બેઠક, બે કોણી પેટ પર અને હાથ અંજલિબદ્ધ જોડેલા, તે મુખ આગળ રખાય,... ઇત્યાદિ વિધિ સાચવીને વાચનાનું ગ્રહણ કરાય. આ વિધિથી આત્મા એવો નમ્ર બને છે, કે એ શાસ્ત્ર અને વાચનાચાર્ય પ્રત્યે ઝુકેલો રહે છે. તો જ વાચનારૂપી અમૃત જળ સીધું પોતાના હૃદયમાં ઊતરે છે. વિધિ ક્યાં નથી સાચવવી પડતી ? રસોઈની એકેક ચીજ બનાવવી હોય તો દરેકમાં વિધિ સાચવવી પડે છે. દુન્યવી વિદ્યા શીખવી હોય તો વિધિપૂર્વક શિખાય છે. તો મહાપવિત્ર અને અનંત કલ્યાણકર શાસ્ત્રવાચના લેવી હોય તો અવશ્ય મહાન વિધિ સાચવવી જ પડે.

એ વિધિપૂર્વક ગ્રહણ કેવી રીતે કરે ? તો કે વાચનાચાર્યના મુખારવિંદમાંથી જાણે અમૃતની વર્ષા રેલાઈ રહી છે ! તેનો એકેક બુંદ ખૂબ એકાગ્રતા-તન્મયભાવ અને અહોભાવ સાથે ગદ્ગદ પીતો જાય. શરીરે આંતરિક અપૂર્વ હર્ષના રોમાંચ ખડા થાય ! પૂછો,-

**પ્ર.**- શાસ્ત્રની વાચના લેવામાં આટલી બધી વિધિ ?

ઉ.- હા, કેમકે, **આ કેવાં જિનાગમશાસ્ત્રોની વાચના છે ? તો કે જિનાગમ-શાસ્ત્રો જીવને પરભાવમાંથી સ્વભાવમાં લઈ આવનારાં છે. ને સ્વભાવમાં આવવાથી જ જીવનો મોક્ષ થાય છે.**

મોક્ષ શું છે ? સ્વભાવમાં રમણતા; કોઈ જ પરપુદ્ગલનો સંકલેશ નહિ. કવિ કહે છે,

**"આપ સ્વભાવે રમણ કરે પ્રભુ, તજી પુદ્ગલ-સંકલેશ,**
**જિનજી ધ્યાવોજી, મલ્લિજિણંદ મુણીંદ ગુણગણ ગાવો જી."**

મલ્લિનાથ ભગવાન દીક્ષાના દિવસે જ શુકલ-ધ્યાનમાં ચડી વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા ! એ વીતરાગ બન્યા ત્યાં એમણે જડ શરીરાદિ પુદ્ગલ પરના રાગ-આસક્તિ-મમતાના સંક્લેશનો ત્યાગ કર્યો, અને શુદ્ધ અનંત જ્ઞાન-દર્શનમય આત્મસ્વરૂપમાં જ રમનારા બની ગયા.

**જૈન શાસ્ત્રોની વાચનાનું અદ્ભુત સામર્થ્ય** આ, કે એ રાગાદિ સંકલેશોને તોડવાનું સામર્થ્ય આપે છે, તોડવાની પ્રક્રિયા આપે છે, તેથી એ પરવસ્તુના



સંકલેશથી જે પરભવમાં રખડવાનું થતું હતું, તે મટીને હવે સ્વભાવમાં જ રમણતા કરવાનું સુલભ બને છે.

'મારું ઘર સારું કરું', 'મારું શરીર સારું કરું', 'મારા શરીરને અનુકૂળ બનાવું', 'લોકોમાં મારી નામના થાઓ', 'લોકો મને ભજે-પૂજે...' આવી આવી લાલસાઓ, એષણાઓ, એ પરભાવમાં પરઘરમાં ભટકવા સ્વરૂપ છે. શાસ્ત્રો એના ભયંકર, અતિભયંકર અનર્થો બતાવે છે. એક ટૂંકા જનમની એ માનેલી લહેરમાંથી દીર્ઘ અસંખ્ય કાળનાં દુઃખદ દુર્ગતિ-ભ્રમણનાં ભયાનક સર્જન બતાવે છે. આ જૈન શાસ્ત્રોની વાચનાનું વિધિપૂર્વક ગ્રહણ કરે તો પરભાવમાંથી-પરઘરમાંથી ભટકવાની અનાદિની લત પડતી મૂકી એમાંથી ખસી સ્વભાવ-સ્વઘરમાં આવવાનું અને ઠરવાનું ઊભું થાય છે, અને એમાં જીવનું અનંત કલ્યાણ સરજાય છે.

આવી અનંત કલ્યાણકર શાસ્ત્રોની વાચના વિધિપૂર્વક ગ્રહણ કરવામાં સુજ્ઞ જીવ કેમ એવો સજાગ ન થાય, કે વાચનાચાર્યને કહી દે કે 'આપ મારા પર એ શાસ્ત્રોની માત્ર વાચના આપવાનો પરમ અનન્ય ઉપકાર કરો, બાકીનું બધું મારા માથે, આપની બધી સેવા-સગવડ-અનુકૂળતા હું સંભાળી લઈશ.' સમજે છે કે,-

**શાસ્ત્ર તો પ્રકાશ આપનારો દીવો છે. માયા-મૂઢતા ઉન્માર્ગ વગેરે અજ્ઞાનતાના અંધારપટને દૂર કરી આપે છે. એથી સ્વઘરમાં આવવાનું ને ઠરવાનું જોમ મળે છે.-**

આમ વાચના-ગ્રહણ એક શાસ્ત્રોપાસના છે.

(૭) **પ્રકાશન :-**

પ્રકાશન એટલે કે એ જ શાસ્ત્રોનું એને યોગ્ય ભવ્ય જીવોમાં પ્રગટ કરવું; એ પણ શાસ્ત્રની ઉપાસના છે. પ્રગટ કરવાથી એને યોગ્ય ભવ્ય જીવોને ભાન થાય છે કે 'વાહ ! મહર્ષિઓ આવા કલ્યાણકર શાસ્ત્ર રચી ગયાં છે !' એના પર એમને બહુમાન જાગી ગુરુ પાસે અધ્યયનમાં પ્રવર્તવા લાગે. એના પર આગળ એમના વંશવારસામાં એની પરંપરા ચાલે. પ્રકાશન વિના એની ખબર જ ન હોય તો એ યોગ્ય ભવ્ય જીવો એના લાભથી વંચિત રહી જાય. દા.ત. 'નમુત્થુણં' વગેરે ચૈત્યવંદનના સૂત્રો પર 'લલિત વિસ્તરા' શાસ્ત્ર પદેપદના અદ્ભુત ભાવ ખોલે છે, **(જુઓ 'પરમતેજ' ભાગ ૧-૨).** જો એ શાસ્ત્રની ખબર જ ન હોય તો એ ક્યાંથી જાણવા મળે ?

**૮ મી શાસ્ત્રોપાસના : સ્વાધ્યાય**

**સ્વાધ્યાયના લાભ (૧) શુભભાવ : પુણ્યબંધ :-**

એ શાસ્ત્રોનાં વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાય એ પણ શાસ્ત્ર-ઉપાસના છે. સ્વાધ્યાય એ પરમ મંગળ છે, એમ જ્ઞાનીઓ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

કહે છે; કેમકે સ્વાધ્યાયથી સુંદર શુભયોગ અને શુભ ઉપયોગ-અધ્યવસાય પ્રવર્તે છે. આ ઉત્તમ માનવજનમમાં જીવને મન-વચન-કાયાની અદ્‌ભુત આરાધના-સામગ્રી મળી છે, તો એનો શુભ મનોયોગ શુભ વચનયોગ, ને શુભ કાયયોગ અર્થાત્ શુભ વિચાર-વાણી-વર્તાવમાં સદુપયોગ કરી લેવાની ઉત્તમ તક છે. જો એ સદુપયોગ ન કરાય તો એ મન-વચન-કાયાની ઉત્તમ સામગ્રી અશુભ વિચાર-વાણી-વર્તાવમાં વેડફાઈ જવાની ! ઉપરાંત અઢળક પાપકર્મો યાને અશુભ કર્મબંધનો આત્મા પર ચડી જવાના. સ્વાધ્યાયમાં લાગવાથી અશુભયોગો અટકીને શુભયોગો પ્રવર્તવા માંડે છે. સ્વાધ્યાયમાં સૂત્ર અને અર્થ પર મન લગાવ્યું, એ શુભ મનોયોગ; એનું ઉચ્ચારણ કરાય એ શુભ વચનયોગ; અને એમાં આંખ જીભ વગેરે કાયાના અંગો પ્રવર્તે એ શુભ કાયયોગ. શાસ્ત્ર-સ્વાધ્યાયના આ શુભ યોગોને લીધે આત્મામાં અશુભ વિચારો અટકી શુભભાવ શુભ અધ્યવસાય પ્રવર્તે, એ એક બહુ મોટો લાભ છે; કેમકે આત્માને કર્મબંધનો હિસાબ આત્માના શુભાશુભ ભાવ પર છે, શુભભાવથી શુભકર્મ ને અશુભ ભાવથી અશુભ કર્મ બંધાય. **ઉપદેશમાળા શાસ્ત્ર** કહે છે,-

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૨૮,તા.૬-૪-૧૯૮૫

## (૧૯) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेणं ।**
**सो तंमि तंमि समये, सुहासुहं बंधए कम्मं ॥**

**અર્થાત્ જે જે સમયે જીવ જેવા ભાવથી યુક્ત હોય, તે તે સમયે તે તેવા તેવા શુભ યા અશુભ કર્મ બાંધે છે. શુભભાવથી પુણ્ય બંધાય, અશુભથી પાપ.**

આ હિસાબો સ્વાધ્યાયથી જનિત શુભ ભાવની ધારાએ શુભ કર્મ ધારાબદ્ધ કમાવાનું થાય એ સહજ છે; ને એની સાથોસાથ સ્વાધ્યાયાદિને બદલે અશુભ બીજી ત્રીજી પ્રવૃત્તિમાં યાને બીજા ત્રીજા વિચાર-વાણી-વર્તાવમાં અને મુખ્યપણે અશુભ વિકલ્પોમાં પડવા જતાં જે અઢળક અશુભ ભાવો, એના સંસ્કાર યાને અશુભ અનુબંધો તથા અશુભ કર્મબંધની ધારાબદ્ધ આવક ચાલત, સ્વાધ્યાયમાં પ્રવર્તતાં તે બધાથી બચી જવાય, એ પણ મોટો લાભ છે.

**(૨) સ્વાધ્યાયથી ચિત્તસ્થિરતા :-**

**જાપ કરતાં સ્વાધ્યાય કેમ બળવાન ? :-**

ધ્યાનમાં રહે કે,- પ્રભુનામનો જાપ કર્યા કરે તો, એ પણ શુભ યોગ જ છે,



પરંતુ એમાં ચિત્ત એકાગ્ર નથી રહેતું. મન બીજા ત્રીજા વિચારમાં ચડી જાય છે; ને એનું કારણ આ છે, કે મન વિવિધતા-પ્રિય છે, સતત જાપમાં વિવિધતા નથી, તેથી મન જાપમાંથી વચમાં વચમાં બીજે ચાલ્યું જાય છે. ત્યારે શાસ્ત્ર-સ્વાધ્યાયમાં તો પદે પદે વિવિધતા છે, એટલે મન એમાં પકડાયેલું રહે છે, તેથી એકાગ્ર શુભ વિચારધારા ને શુભ ભાવધારા અખંડ ચાલે છે. વચમાં કોઈ પાપ વિકલ્પ જ નહિ. મનને સ્થિરતાનો અભ્યાસ મળે છે, આ કેટલો મોટો લાભ !

**(૩) સ્વાધ્યાયથી બોધ :-**

વળી સ્વાધ્યાયથી આ એક મહાન લાભ પણ છે, કે શાસ્ત્ર-કથિત હોય અને ઉપાદેય પદાર્થનું ભાન થાય છે, ને એ હેયોપાદેયનો સતત જ્ઞાનોપયોગ ચાલે છે. આમ મન એમાં સતત ઉપયુક્ત રહે એટલે એ હેયોપાદેયની જ્ઞાનધારાથી એના શુભ સંસ્કાર સતત ઊભા થયે જ જાય, ઊભા થયે જ જાય, એ સ્વાભાવિક છે. એનો મહાન લાભ કેવો ? તો કે હેયોપાદેયના દૃઢ સંસ્કારોથી અવસરે અવસરે હેય કે ઉપાદેયનો જલ્દી ખ્યાલ આવતો જાય; એટલે હેય પ્રત્યે નફરત અને ઉપાદેય પ્રત્યે રુચિ આકર્ષણ બન્યું જ રહે. તો આનો લાભ એટલે ? લંક લાગી જાય.

**હેય પ્રત્યેની નફરત અને ઉપાદેયમાં રુચિ-આકર્ષણ સમ્યગ્દર્શનને જાગતું રાખે.**

એથી વૈમાનિક દેવલોકનાં પુણ્ય બંધાયા જ કરે; તેમજ સમ્યગ્દર્શનના સંસ્કાર ઊભા થતા જ જાય ! એથી ભાવિ દેવતાઈ જીવન પણ સહજ સમ્યગ્દર્શનોપયોગથી જ્વલંત ઉજ્જવલ બન્યું રહે ! આ કેટલો બધો ઉચ્ચ લાભ ! આવા મહાન લાભોને અપાવનાર કોણ ? શાસ્ત્ર સ્વાધ્યાય. એની હરીફમાં બીજો કયો શુભ યોગ ઊભો રહી શકે ? કહો, સતત શુભ યોગ, શુભ ઉપયોગ, શુભ અધ્યવસાય ધારા અને સતત સમ્યગ્દર્શનોપયોગની ધારા જગાવનાર શાસ્ત્ર-સ્વાધ્યાયની બલિહારી છે. આ મહાન શાસ્ત્રોપાસના આગળ કલ્પવૃક્ષ-ચિંતામણી તુચ્છ છે.

**(૯) ચિંતના :-**

શાસ્ત્રે કહેલા સૂત્રોનું અને એના અર્થતત્ત્વનું ચિંતન એ પણ એક મહાન શાસ્ત્રોપાસના છે, એ ચિંતનને **સૂત્રાનુપ્રેક્ષા-અર્થાનુપ્રેક્ષા** કહે છે. અલબત્ત એનાં પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સમાવેશ થઈ જાય, પરંતુ અહીં સૂત્ર-તત્ત્વનું ચિંતન અર્થાત્ અનુપ્રેક્ષાને જુદું પાડી બતાવ્યું, તે એની વિશેષ મહત્તા સૂચવવા, અને એના પર ભાર આપવા માટે બતાવ્યું. ચિંતન-અનુપ્રેક્ષાની મહત્તા એ, કે એ ચિંતનરૂપ હોવાથી મનને એમાં બરાબર લગાવવું પડે. એકલી માત્ર સૂત્રાનુપ્રેક્ષા પણ ચિંતનરૂપ હોવાથી એમાં મનનો જાગ્રત્ ઉપયોગ માગે છે.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**પ્ર.**- સૂત્રોનું ઉચ્ચારણ તો, સૂત્ર જો બહુ રટાઈને રીઢ થઈ ગયા હોય તો, મનના ઉપયોગ વિના ય થઈ જશે ! એટલે કે મન બીજે રખડતું હશે, ને સૂત્રો બોલાઈ જશે ! ત્યાં ક્યાં મનનો ઉપયોગ જાગતો રહ્યો ?

ઉ.- ઉચ્ચારણમાં ભલે મનનો જાગતો ઉપયોગ ન રહ્યો, પરંતુ અહીં તો અનુપ્રેક્ષાની વાત છે. **સૂત્રની અનુપ્રેક્ષા-ચિંતનમાં તો મનને સૂત્રોમાં લગાવવું જ પડશે.** તો એ સૂત્ર-ચિંતનમાં મનને શુભમાં એકાગ્ર રાખવાનો કેટલો બધો ઉચ્ચ કોટિનો લાભ ! એટલે જ જે લોકો એમ બોલે છે કે,-

**પ્ર.**- અર્થજ્ઞાન વિના કોરા સૂત્રનાં જ્ઞાનનો શો લાભ ? એ તો પોપટિયું જ્ઞાન ! 'પઢો પોપટજી ! સીતારામ' તો કે 'સીતારામ' જેવા પોપટ-પાઠનો શો લાભ ?

ઉ.- આવો પ્રશ્ન ઉઠાવે એ અજ્ઞાની છે. એમને આ ખબર નથી કે,

**એકલા સૂત્રપાઠનું ચિંતન પણ મનને એકાગ્ર શુભ ઉપયોગમાં રાખે છે. મનની શુભ એકાગ્રતાને કેળવે છે, ને પોષે છે.**

માણસ આજે ભટકતા-ચંચળ મનને એકાગ્ર કરવા ફાંફા મારે છે. એ જો સૂત્ર રટી, પછી એ સૂત્રોનું ચિંતન-અનુપ્રેક્ષા ચલાવે તો એમાં મનને એકાગ્ર થવાનો મહાન અભ્યાસ મળે છે. એટલે જ એકલો સૂત્રપાઠ બોલી જનારે પણ આ ધ્યાનમાં રાખવાનું છે, કે રટણ-ઉચ્ચારણની સાથોસાથ સૂત્રો-ગાથાઓના અક્ષર ચિંતન પણ ખૂબ જરૂરી છે. પ્રભાતે ઊઠીને એક નવકારના એકેક અક્ષરનું ચિંતન કરો, મનમાં કે મોટેથી એકેક અક્ષર બોલવાનો, 'ન...મો...અ...રિ...' એમ એકેક અક્ષર બરાબર ક્રમબદ્ધ આવે એ માટે મન એમાં લગાવવું જ પડે, તે એ ચિંતન થયું; માત્ર એક નવકાર એમ ચિંતવો જુઓ સૂત્રમાત્રનું ચિંતન પણ મનને કેવુંક સ્થિર, પ્રસન્ન અને પ્રફુલ્લિત કરે છે. ત્યારે,

**અર્થચિંતન - તત્ત્વચિંતન - રહસ્યચિંતનની ય બલિહારી છે.**

એ ચિંતન એવી રીતે કરાય, કે શાસ્ત્ર-પદાર્થોને સંકલનાબદ્ધ ગોઠવાય, કડીબદ્ધ વિચારાય; દા.ત. 'જીવવિચાર' પ્રકરણ પર વિચારણા ચાલી, તો જીવના પ્રકાર, એ દરેક પ્રકારના અવાંતર પ્રકાર, એકેક પ્રકારમાં કોણ કોણ ?... એમ પ્રકારો વિચાર્યા પછી, એ દરેક જીવના શરીરની અવગાહના, પછી દરેકના આયુષ્ય અને ભવ-સ્થિતિ, એમ દરેકની કાયસ્થિતિ,... વગેરે ક્રમસર વિચારાય. કર્મગ્રંથ વિચારે, તો કર્મના પ્રકાર, પેટા પ્રકાર, દરેકની ઓળખ,... એમ ૧૪ ગુણસ્થાનક, કેટકેટલી ઉદયમાં, ઉદીરણામાં, સત્તામાં,... આમ કડીબદ્ધ પદાર્થોનું ધારાબદ્ધ ચિંતન ચાલે, એ અર્થ-અનુપ્રેક્ષા



**ધારાબદ્ધ ચિંતન યાને અનુપ્રેક્ષા એ અલૌકિક ચીજ છે. તત્ત્વાર્થનો મહેલ :-**

એ ચિત્તને એકદમ શાંત-સ્વસ્થ-પ્રફુલ્લિત કરી દે છે. દા.ત. **તત્ત્વાર્થસૂત્રની** અનુપ્રેક્ષા કરો તો એના ૧૦ અધ્યાય એ ૧૦ માળનો મહેલ દેખાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનાં ત્રણ સ્તંભ પર ઊભેલો. એના ૧૦ માળ પૈકી દરેક માળમાં બ્લોકો અને કેબિનો. દા.ત. પહેલો અધ્યાય, પહેલા મજલામાં મોક્ષમાર્ગ-સમ્યગ્દર્શનનો બ્લોક, એમાં એની વ્યાખ્યા હેતુ વગેરેની કેબિનો.... એમ જ્ઞાનનો બ્લોક, એમાં એના પ્રકાર, પ્રમાણનયની કેબિનો... એમ બીજા અધ્યાયથી જીવ, અજીવ, આશ્રવ... વગેરે એકેક મુખ્ય વિષયના મજલા; એ દરેકના મુખ્ય મુખ્ય પ્રકારના બ્લોક; એ દરેકમાં અવાંતર વિચારની કેબિનો... આમ આખા 'તત્ત્વાર્થ' મહાશાસ્ત્રના દસે અધ્યાયનું ચિંતન ચાલે, તો આહારાદિ સંજ્ઞાઓની સતામણીના વિચારોથી બચાય, ને કષાયસંજ્ઞાઓ મોળી પડે. એમ મન શાંત થાય, અને તત્ત્વચિંતનથી મન નિર્મળ અને પ્રફુલ્લિત બને.

**ચિંતનમાં મનન એટલે તર્કસમર્થન :-**

આવી અર્થ-તત્ત્વ-રહસ્યની અનુપ્રેક્ષા યાને ચિંતનના લાભનું તો પૂછવું જ શું ? ચિંતનથી શાસ્ત્ર-પદાર્થ ને શાસ્ત્ર-તત્ત્વો નજર સામે રમે છે. એમાં ચિંતન પર મનન થાય. 'મનન' એટલે ઉહ-અપોહથી અર્થાત્ અનુકૂળ-પ્રતિકૂળ તર્કથી અન્વય-વ્યતિરેકથી તથા દૃષ્ટાન્તથી ચિંતિત શાસ્ત્રપદાર્થ અને શાસ્ત્રતત્ત્વોને દિલમાં દૃઢ કરવાનું થાય તો.

**અન્વય વ્યતિરેકથી એટલે,**- દા.ત. કહ્યું, 'અગ્નિ એ ધૂમાડાનું કારણ છે' ત્યાં તર્ક આમ થાય, કે 'જ્યાં જ્યાં ધુમાડો છે ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય છે.' આ વસ્તુની સત્તા યાને સદ્ભાવનું વિધાન એ અન્વય; જેમકે રસોડામાં, ભરવાડવાડામાં ધુમાડો-અગ્નિ બંને છે. એમ, જ્યાં અગ્નિ નથી ત્યાં ધુમાડો પેદા નથી જ થતો. વસ્તુના અ-સદ્ભાવનું અભાવનું વિધાન એ વ્યતિરેક; જેમકે સરોવરમાં. આ રીતે પદાર્થ તત્ત્વને ચિંતન-મનનથી સુનિશ્ચિત કરાય.

**ચિંતનના મહાન લાભ :-**

(૧) એક બાજુ શાસ્ત્રપદાર્થોનાં ચિંતનથી સમ્યગ્દર્શન આવે, અને દૃઢ થાય;

(૨) બીજી બાજુ ચિંતન-મનન કરતાં કરતાં નવા નવા શાસ્ત્રસંગત પદાર્થોની સ્ફુરણા થાય, ઉત્પ્રેક્ષા થાય. વળી

(૩) જિનશાસન પર અહોભાવ વધતો જાય.

(૪) આરાધવાના નવ નવા પ્રેરક માર્ગ સૂઝતા જાય;

(૫) એની આરાધનાના કોડ જાગતા જાય. તેમ તેમ સમ્યગ્દર્શન નિર્મળ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

થતું આવે. પછી તો

(૬) એ શાસ્ત્રપદાર્થ ભાવિત કરતાં કરતાં એથી રાગદ્વેષ ખૂબ ક્ષીણ થઈ જતાં ધર્મધ્યાનથી આગળ વધીને શુકલ ધ્યાનમાં પહોંચી શકાય ! જેના પ્રતાપે વીતરાગ થઈ કેવળજ્ઞાન મળે !

આમ શાસ્ત્રચિંતનના કેટલા બધા મહાન લાભ ! એ શાસ્ત્રોપાસના છે.

**૧૦ મી શાસ્ત્રોપાસના : ભાવના :-**

શાસ્ત્ર ચિંતનથી નિશ્ચિત કરેલા પદાર્થથી અંતરને-આત્માને ભાવિત કરવો એનું નામ ભાવના. એ પણ શાસ્ત્ર-ઉપાસના છે. 'ભાવિત કરવો' એટલે વાસિત કરવો. કસ્તુરીના ડાબડામાં રાતના દાતણ મૂકી રાખ્યું હોય, તો એ કેવું કસ્તુરીથી વાસિત થઈ જાય ! કહો, સવારે દાતણ ચાવતાં ચાવતાં કસ્તુરીની મહેક ઊઠે. એમ શાસ્ત્ર-પદાર્થોથી ભાવિત થયેલા અંતરમાં-આત્મામાં એ પદાર્થોની દૃષ્ટિ જ બની જાય.

**આશ્રવ-સંવરથી ભાવિતતા :-**

એટલે આત્મા કાંઈ જુએ-બોલે-વિચારે એ શાસ્ત્ર-પદાર્થની દૃષ્ટિથી જ જુએ-બોલે-વિચારે. દા.ત. હીરો દેખાયો, એમાં શાસ્ત્ર પદાર્થ આ છે કે, 'હીરો બહુ રાગ કરાવનારો, તેથી મહાઆશ્રવ છે, એટલે હેય છે, ત્યાજ્ય છે.' બસ, હીરો દેખાઈ ગયો તે આ હેય દૃષ્ટિથી જોવાય. મહા રાગ થાય માટે દુર્ગતિના મહાઅનર્થ નીપજે ! તેથી હીરો જોતાં ભડક-ભય લાગે, કે 'જો આમાં આકર્ષાયો-ફસાયો તો મર્યો સમજ !' આમ, **આશ્રવ તત્ત્વની ભાવનાથી આશ્રવ પ્રત્યે ભયભીત-અનાસક્ત બનાય. એમ,**

**સંવર તત્ત્વ-ભાવનાથી સંવર પ્રત્યે આકર્ષિત-આસક્ત બનાય.**

દા.ત. સામાયિક એ સંવર-તત્ત્વ છે, એનાથી જો આત્માને ભાવિત કર્યો હોય, તો શાસ્ત્ર એને ઉપાદેય-આદરણીય કહે છે એટલે એના પ્રત્યે ઉપાદેયતાની દૃષ્ટિ બંધાઈ જાય. સામાયિકને એ ખૂબ જ ઉપાદેય તરીકે જુએ. સામાયિકનું નામ સાંભળતાં આલ્હાદ થાય. પછી તો નવરો પડ્યો કે સામાયિકમાં બેસે.

આશ્રવ-સંવરને જોવાની જેવી દૃષ્ટિ, એવી બોલવા-ચાલવામાં દૃષ્ટિ. હીરા અંગે બોલવાનું આવે તો હેય દૃષ્ટિથી બોલે. જેમકે, 'હીરાથી વધારે સાવધાન રહેવાનું.' એમ સામાયિક અંગે બોલાય તે ઉપાદેય દૃષ્ટિથી બોલાય. દા.ત. 'વાહ ! કેવું સરસ તરણતારણ સામાયિક !' એમ 'ચાલવાનું' એટલે કે પ્રવૃત્તિ કરવાની આવે, ત્યાં હીરાને લેવા-મૂકવામાં દુર્ગતિના અનર્થોનો ભય હોય, ખુશ-ખુશાલી નહિ પણ સંકોચ હોય, 'હાય ! આમાં મારા આત્માનું શું થશે !'



વ્યાકુળતા-વિહ્વળતા હોય.

**ભરત ચક્રીની વૈરાગ્ય-ભાવના :-**

ભરત ચક્રવર્તીએ આરિસા-ભવનમાં દાગીના ઉતારતાં શું વિચાર્યું ? આ જ કે 'અરે ! આ હીરા ને માણેક કેવા ઘોર રાગાદિ કરાવી મારા આત્માને દુર્ગતિઓના ભ્રમણમાં મૂકી દેનારા ! એ પાછા અનિત્ય ! અનિત્યમાં હું મુંઝાયો ?' આત્માને જીવનમાં તત્ત્વદૃષ્ટિથી ભાવિત કર્યો હતો એટલે અહીં સહેજ વાતમાં આ ભાવના ઝગમગી, તે ભાવિતતાને લીધે એ અનિત્ય સંયોગો પ્રત્યે નફરતતા વધતી ચાલી, તે એમાં આગળ પરાકાષ્ઠાએ અનાસક્તયોગ-સમત્વયોગમાં ચડી ગયા ! વીતરાગ અને પછી સર્વજ્ઞ થયા !

ગૌતમસ્વામી મહાવીર ભગવાનની વાણી વિસ્મયભર્યા હૈયે સાંભળતા ! તે પણ સામાન્ય પદાર્થો, દા.ત. 'આ સંસાર ઘોર છે...' કષાયોની ધમાચકડી મનના ઝેર છે.' 'વિષયો વિષ તુલ્ય છે...' આવા સામાન્યથી સમજાય એવા પદાર્થ તો પ્રભુની વાણીમાં કેટલીય વાર સાંભળવા મળે. છતાં ગૌતમમહારાજ દ્વાદશાંગી આગમોના રચયિતા, એને આશ્ચર્યચકિત થઈને સાંભળતા ! કેમ વારું ? કહો, એમણે આત્માને પ્રભુકથિત તત્ત્વથી ભાવિત કર્યો હતો, માટે આત્માને હિતકર પ્રભુનાં વચન જેટલા મળે એટલા અમૃતફળ જેવા મીઠા લાગે.

(યોગબીજનું શ્રવણ થતાં સંવેગથી સ્વીકાર થાય છે, ને તે સ્થિર-દૃઢ આશયવાળો હોય છે. આ બીજ-શ્રવણનો ઉપાદેય ભાવ વિશુદ્ધ અને મહાન ઉદયને લાવનારો બને છે.)

**યોગબીજનાં શ્રવણના લાભ :-**

(૧) શાસ્ત્રમાંથી યોગબીજોનું વર્ણન સાંભળતાં સંવેગ ઊભો થાય છે.

'સંવેગ' એટલે વિશિષ્ટ શ્રદ્ધા. વસ્તુ પરની 'આ કલ્યાણકર છે' એવી શ્રદ્ધા-આસ્થા સાથે એના પર હાર્દિક રાગ, પ્રેમ તથા એ પ્રાપ્ત કરવાની લગન જાગે એ સંવેગ. સમ્યક્ત્વના પાંચ લક્ષણમાં સંવેગ અને નિર્વેદ એ બે લક્ષણ આવે છે. એમાં 'નિર્વેદ' એટલે ભવવૈરાગ્ય-વિષયવૈરાગ્ય. સંસાર, ને સંસારના બંધનો કારાગાર સમાન લાગી જેલની બેડીની જકડામણ જેવા લાગીને એ ખૂંચે; અને ઇન્દ્રિયોના વિષયો કડવા ઝેર જેવા લાગી, એથી દુર્ગતિઓના અપાર જન્મ-મરણનો ભય ઊભો થઈ, વિહ્વળતા વ્યાકુળતા થાય એ નિર્વેદ. નિર્વેદથી વિરુદ્ધ સંવેગ. 'સંવેગ' એટલે મોક્ષ અને મોક્ષના અનન્ય સાધનભૂત દેવાધિદેવ અરિહંત પરમાત્મા અને નિર્ગ્રન્થ સદ્ગુરુ તથા જિનાગમ તીર્થસંઘ અને ધર્મારાધનાઓ ઉપર કલ્યાણકર તરીકે અથાગ શ્રદ્ધા સાથે તીવ્ર રાગ-પ્રેમ-પ્રીતિ થાય, અને એમની ઉપાસનાની તીવ્ર

લગન રહે તે. સંસારની કોઈ પણ વસ્તુ પર જે શ્રદ્ધા નહિ, જે રાગ નહિ, એ શ્રદ્ધા અને રાગ દેવ-ગુરુ-શાસ્ત્ર-ધર્મ-સંઘ-તીર્થ આદિ ઉપર હોય. એ અનન્ય શ્રદ્ધાભર્યો રાગ તે સંવેગ. સંવેગના લક્ષણમાં કહ્યું,-

**"સુરતર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવ સુખ એક."**

દેવતાઈ કે માનવીય સુખ ભલે ભોગવવામાં કડવા ભૂંડા નહિ, પણ મીઠા મીઠા લાગ્યા, છતાં હૈયાથી એને દુઃખરૂપ લેખે, ભૂંડા લેખે, અને હૈયાથી એકમાત્ર મોક્ષસુખની ઝંખના કરે, એનું નામ સંવેગ, સમ્યક્ત્વનું આ ૨ જું લક્ષણ છે. આવો સંવેગ અહીં યોગબીજનાં વર્ણન સાંભળીને યોગબીજો પર ઊભા થાય. યોગબીજો બતાવી ગયા, ૧. જિનોપાસના, ૨. આચાર્યાદિની સેવા-વૈયાવચ્ચ, ૩. ભવોદ્વેગ, ૪. અભિગ્રહપાલન. અને ૫ શાસ્ત્રોપાસના;- એ પાંચે પર અથાગ શ્રદ્ધા-અનુરાગ થાય, નિકટ સંબંધની લાલસા ઊભી થાય.

## • પ્રતિપત્તિ •

આ સંવેગ ઊભો થવાથી એના બળ પર પ્રતિપત્તિ આવે. 'પ્રતિપત્તિ' એટલે 'આ તત્ત્વ આમ જ છે,' એવો, હૃદયથી સ્વીકાર. દા.ત. અહીં હૈયું કબૂલે કે 'આ અર્હદ્-ઉપાસનાદિ યોગબીજો અવશ્ય યોગની પ્રાપ્તિ કરાવે, અને તે દ્વારા મોક્ષ સુધી પહોંચાડી જનમ-મરણના ફેરા જરૂર ટાળી આપે.' પૂછો,-

**પ્ર.**- સંવેગમાં શ્રદ્ધા કરી એમાં શું પ્રતિપત્તિ યાને સ્વીકાર ન આવી ગયો ? તો પ્રતિપત્તિને અહીં અલગ કેમ બતાવી ?

**ઉ.**- શ્રદ્ધામાં આસ્થા થઈ, પરંતુ પછીથી એના પર ભારે ગૌરવ બહુમાન સાથે 'એ મને કેમ મળે !' એવી ઝંખના પ્રતિપત્તિમાં ઊભી થાય છે. જ્યાં હૈયું કબૂલે કે 'આ તત્ત્વ આમ કલ્યાણકર છે; ને કલ્યાણ તો મારે જોઈએ જ છે, તો આ યોગબીજો મારે જોઈએ જ છે,' એવો હાર્દિક સ્વીકાર થાય, એટલે સહેજ દિલમાં એ પ્રાપ્ત કરવાની ઝંખના ઊભી થાય. દા.ત. સંયમ કલ્યાણકર છે, એવી શ્રદ્ધા થઈ, પરંતુ જ્યારે એના પર અથાગ રાગ બહુમાનથી 'આ સંયમ જ મારી જાત માટે કલ્યાણકારી છે,'- એવું હૈયું કબૂલે, એટલે પ્રતિપત્તિ થઈ. ત્યાં સંયમની દિલમાં ઝંખના સળવળે. એવું અહીં જિનોપાસનાદિ યોગબીજો માટે થાય. એના પર અથાગ ગૌરવ-રાગ-બહુમાન થાય; એને એ પ્રાપ્ત કરવાની ઝંખના થયા કરે. અથવા કહો,

**શ્રદ્ધામાં આસ્થા થઈ; હવે એના પર નિશ્ચિતતા ઊભી થાય, અને એટલે જ એના પર અથાગ ગૌરવ બહુમાન ઊભા થાય, એ પ્રતિપત્તિ.**



એમાં યોગબીજોની આરાધનાની ઝંખના તો જરૂર થાય જ, ઉપરાંત એના વારંવાર શ્રવણની પણ લાલસા બની રહે. સગાઈ થયેલી નવી પત્ની પર રાગ થાય છે, તો એના અંગે વારંવાર સારું સાંભળવાનું પણ બહુ ગમે છે. એ પત્નીનો હૃદયથી સ્વીકાર-પ્રતિપત્તિ સૂચવે છે.

## • સ્થિરાશય •

યોગબીજોનો અને એનાં કલ્યાણકર શ્રવણનો દિલથી સ્વીકાર કર્યો એ પણ ચંચળ નહિ, અર્થાત્ હમણાં દિલથી એ સ્વીકારી તો લીધું, પણ પછીથી 'દુન્યવી મનગમતા રંગરાગ આવ્યા તો એને બહુ માની લીધા, અને પેલું ભૂલી ગયા' એવું નહિ; અથવા પાછળથી કોઈ શંકા-કુશંકા-સ્ખલના થઈ એમ નહિ; કિન્તુ પ્રતિપત્તિ યાને સ્વીકાર સ્થિર આશયરૂપ અર્થાત્ સ્થિર મનોભાવરૂપ બનાવવો જોઈએ.

**પ્ર.**- સ્થિર આશય-મનોભાવ કેમ બને ?'

**ઉ.**- સતત ચિત્તધારા ચાલે, ને વચમાં 'વિસ્ત્રોતસિકા' અર્થાત્ માર્ગભ્રંશ-સ્ખલના-શંકા-કુશંકા ન થાય. ચિત્ત આ શ્રદ્ધા-પ્રતિપત્તિના સ્ત્રોતસ=પ્રવાહમાંથી ખસી ન જાય. મનોભાવ પલટાઈ ન જવાની કાળજી રાખીને એ ચિત્તધારા સતત અખંડ ચલાવાય, ત્યારે સ્થિરાશય બને. પૂછો-

**પ્ર.**- સંસારી જીવને તો સંસારના અનેક લફરાં હોય અનેક આકર્ષણો આવે, ત્યાં એને યોગબીજોનાં શ્રવણનો અને એનાં ચિંતનનો આવો સ્થિર મનોભાવ કેવી રીતે ચાલી શકે કે જેમાં વિસ્રોતસિકા યાને આડુંઅવળું જવાનું ન થાય ?

**ઉ.**- સાંસારિક લફરાં-આકર્ષણ ગમે તેટલા હોય, પરંતુ યોગબીજોનાં શ્રવણ, શ્રદ્ધા અને હાર્દિક પ્રતિપત્તિરૂપ સ્વીકાર એવા ઊભા કર્યા છે, કે હૈયાનાં ઊંડાણમાં આ યોગબીજો જ તત્ત્વભૂત લાગે છે, જીવનના સારરૂપ લાગે છે. એટલે જેમ નવી આવેલી પત્નીને હૈયાનાં ઊંડાણમાં હવે પતિ જ સારા-સર્વસ્વરૂપ લાગી ગયા હોવાથી, એ પત્નીને ભલેને ઘરકામમાં અનેક લફરાં અને આકર્ષણ આવે, છતાં વચ્ચે વચ્ચે અંતરપટમાં પતિ ઝળક્યા જ કરે છે, પતિને ભૂલી શકતી નથી. એમ, મોક્ષાર્થી જીવને યોગબીજો અને એનાં શ્રવણ પર એવી શ્રદ્ધા અને નિશ્ચિતતા થયેલી હોય છે, કે એ બીજા-ત્રીજા લફરામાં એને ભૂલી શકે નહિ; અંતરમાં એ વચ્ચે વચ્ચે ઝળકાયા જ કરે; એટલે એનો આંતરિક આશય મનોભાવ અખંડ સ્થિર રહે.

મહાન સુલસા શ્રાવિકાએ આવો વિસ્ત્રોતસિકા વિનાનો પ્રભુ વીરની ઉપાસનાનો સ્થિર મનોભાવ ઊભો કર્યો હશે, તો જ અંબડ પરિવ્રાજક સુલસાના સમ્યક્ત્વની પરીક્ષા કરવામાં એણે ગમે તેવા જીવંત-જાગ્રત બ્રહ્મા-શંકર-વિષ્ણુનાં

રૂપ આકાશમાંથી નીચે ઊતાર્યા છતાં એ સુલસાને આંબી ન શક્યો, આકર્ષી ન શક્યો, એની સમ્યક્ત્વની મર્યાદાને ચૂકાવી શક્યો નહિ.

**સમકિતની મર્યાદા આ પાળવાની કે મિથ્યાદેવગુરુને મોં જ નહિ આપવાનું. કે એ જોવાની આતુરતાય નહિ કરવાની.**

પાડોશણો કે સહિયરો સુલસાને કદાચ આ આશ્ચર્ય જોવા માટે બોલાવવા ગઈ હશે. તો એમને એણે સંભળાવી દીધું હશે કે 'મારા મહાવીર ભગવાનનું જોવાનું એટલું બધું છે, કે એમાંથી બીજાનું જોવાની મને નવરાશ જ નથી. ભગવાનનું જોવામાંથી નવરી પડું તો એ જોવા આવું ને ?' શું આ ? **'પ્રતિપત્તિઃ સ્થિરાશયા'** યોગબીજ-જિનોપાસનાનાં સ્વીકારની અસ્ખલિત ચિત્તધારા. આ ક્યારે આવે ? તો કે એના તીવ્ર ઉપાદેયભાવથી આવે.

## • ઉપાદેયભાવ : પાપશ્રવણ ખોટાં •

યોગબીજોનું શ્રવણ અને ચિંતન ખાસ ઉપાદેય લાગે ત્યારે એનો સ્થિર આશય ઊભો થાય. સમજે છે કે 'દુન્યવી શ્રવણ-ચિંતન ખોટાં. દુનિયાના પાપશ્રવણ-પાપચિંતન અનંત કર્યા, એથી આત્માનું શું ભલું થયું ? કયું આત્મહિત સધાયું ? માત્ર પાપવાસનાઓ પુષ્ટ થઈ.' યોગબીજોનાં શ્રવણમાં જિનોપાસનાદિ આત્મહિત તરફ દૃષ્ટિ જાય, એની મમતા જાગે. પરમેષ્ઠીનાં ચિંતન અને ભક્તિ આદિ આરાધનાથી ઉમદા જીવન જીવાય. પરમેષ્ઠી પર હૈયું એવું ઓવારી જાય, અને એમની ઉપાસના એવી ઉપાદેય લાગે કે પછી એનું વારંવાર શ્રવણ ખૂબ ગમે. એનું એ સાંભળતાં કંટાળો ન આવે.

**વારંવાર બીજ-શ્રવણમાં કંટાળો કેમ નહિ ? :-**

માણસને 'અમુક વ્યાપારમાં મહાન લાભ' સાંભળવા મળે, પછી એમાં તીવ્ર ઉપાદેયભાવ લાગીને એને એની લગન એવી લાગે છે, કે એ વ્યાપારનું વારંવાર સાંભળવું એને ગમે છે. એમાં એને જરાય કંટાળો નથી આવતો કે 'આ શું વારંવાર એનું એ પિંજણ ?' એને તો લાગે છે કે 'આ તો સાંભળવું જ જોઈએ, જાણવું જ જોઈએ.' એમ જો એના મનને થાય છે તો, બસ, આ જ રીતે યોગબીજોનું શ્રવણ અત્યંત ઉપાદેય કર્તવ્ય લાગે. પરાણે પ્રીત નહિ એટલો બધો એને એનો રસ હોય છે ! કારણ કે એને એનો ઉપાદેયભાવ જોરદાર હોય છે, અને નિયમ છે કે-

**સાધના પર ઉપાદેયભાવ જેટલો જોરદાર, એટલો એનો રસ અને સાધના જોરદાર.**

એક નવકાર પર પણ જો ઉપાદેયભાવ જોરદાર હોય, તો નવકારસ્મરણ



જોરદાર થાય. સાપ સમડી વગેરે અંતકાળે નવકાર સાંભળતાં ને યાદ કરતાં શી રીતે ઉચ્ચ ગતિ પામ્યા ? કહો, એવા મરણાન્ત કષ્ટની પીડામાં, 'અહો ! આ શું બોલે છે ? એ તો ખાસ સાંભળવું જોઈએ.' અને એથી એના શ્રવણમાં ભારે રસ, હરખના રોમાંચ, અને આદર-અહોભાવ સાથે તલ્લીન-તન્મય બની ગયા હતા ! માટે એવા નવકારના ધ્યાનથી ઉત્તમ સદ્‌ગતિ પામ્યા. 'આવી તન્મયતા તો સહેલી અમેય લાવીએ,' એમ સમજવાનું નથી, કેમકે જુઓ કમઠના બળતા લાકડાની અંદરમાં અડધા પડધા બળેલા સાપને શરીરે લ્હાય કેટલી ઊઠી હોય ? એમાં હવે મન ન જાય એ સહેલું નથી, 'અરેરે ! હાય !' કરવું ભૂલે, ને નવકારમાં હરખભેર મન લગાડે, એ સહેલું નથી. છતાં અશક્ય નથી; કેમકે જુઓ,

**તીવ્ર વેદનામાં નવકારમાં લીનતા લાવવા ક્ષત્રિયને યાદ કરો,-**

રણે ચડેલો ક્ષત્રિય દુશ્મનના બાણે વિંધાયેલો કે તલવારથી છેદાયેલો ભેદાયેલો છતાં દુશ્મનસંહાર ઉપાદેય લાગ્યાથી દુશ્મનને શસ્ત્ર લગાવવા કેટલા પાવરથી ને કેવો હરખભેર દોડે છે ! વાત આ છે, કે યોગબીજ-શ્રવણાદિ કોઈ પણ સાધનામાં ઉત્કટ ઉપાદેયભાવ જોઈએ. એ હોય તો દેવદર્શન-પૂજા-ચૈત્યવંદન કેવા થાય ? અતિશય આદર યાને અહોભાવના સંવેદનથી તથા હરખના આંસુભરી આંખે થાય પછી ત્યાં 'તમે પ્રભુના આડે આવ્યા ?'... 'તમે મારું અપમાન કરો છો ?...' એવા એવા તુચ્છ ક્રોધ-અભિમાનના ભાવ શાના આવે ? ત્યાં તો એમ સામા પર આદર-અનુમોદના થાય, કે 'અહો ! દેવાધિદેવનું દર્શન કેવું અતિ દુર્લભ ! તે આ ભાઈ કરવા પામ્યા છે ! ભાગ્યશાળી છે.'

સારાંશ, ઉત્કટ ઉપાદેયભાવ જોઈએ, ઉત્કટ આદર જોઈએ. તે પણ 'પરિશુદ્ધ' જોઈએ, એની વિચારણા હવે કરીએ.

## • પરિશુદ્ધ •

'પરિશુદ્ધ' એટલે ફળની ઉત્સુકતા વિનાનો જોઈએ; કેમકે જો એમાં ફળની અર્થાત્ સાધ્યની ઉત્સુક્તા રહે, તો સાધનામાં ચિત્ત સર્વેસર્વા અર્પિત ન થાય. ત્યારે શાસ્ત્ર ઉચ્ચકોટિની સાધનાને પ્રણિધાનશુદ્ધ બનાવવાની કહે છે. સાધનામાં ચિત્ત એવું અર્પિત થઈ જાય, કે સાધના સિવાય બીજા કશામાં મન જાય જ નહિ. તો જ એમાં પ્રણિધાન લાગે. આરાધનામાં ફળની ઉત્સુક્તા હોય તો આરાધના શુદ્ધ કેમ બને ? કારણ આ,- કે ફળ બે જાતના (૧) અભ્યુદય અર્થાત્ સ્વર્ગાદિ પૌદ્‌ગલિક ફળ, અને (૨) મોક્ષ, અર્થાત્ અનંતજ્ઞાન-સુખાદિ આત્મસંપત્તિ. માટે અહીં કહ્યું,-



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**'તદુપાદેયભાવશ્ચ મહોદયઃ'** અર્થાત્ યોગબીજનાં શ્રવણ વગેરે કોઈ પણ સાધનાનો ઉપાદેયભાવ અનુક્રમે સ્વર્ગ અને મોક્ષરૂપી મહાન ઉદયને પમાડનારો બને છે.

હવે અહીં યોગબીજ શ્રવણ વગેરે સાધના વખતે જો ફળ એટલે કે સ્વર્ગાદિ ફળની ઉત્સુક્તા રાખે, તો મનનો વધારે ઝોક સાધના પર નહિ,

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૨૯,તા.૨૦-૪-૧૯૮૫

## (૨૦) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

કિન્તુ એ પૌદ્ગલિક ફળ પર જાય, અને એથી ઉપાદેય અર્થાત્ ગ્રાહ્ય-કર્તવ્ય એ ફળ બની બેસે ! પણ સાધના નહિ. તેથી ત્યાં ફળનો ઉપાદેયભાવ ચોક્ખો રહે ! અને સાધનાનો ઉપાદેયભાવ અશુદ્ધ બને.

**વળી પૌદ્ગલિક ફળની કામનામાં મન મલિન થાય.**

એવા મલિન મનથી સાધનાનો ઉપાદેયભાવ રખાય તે અશુદ્ધ બને.

ત્યારે સાધના વખતે મોક્ષફળનો વિચાર લાગ્યા કરે તોય સાધનાનો ઉપાદેયભાવ મોળો પડે એ કેવી રીતે એ પછીથી વિચારીએ; પણ પહેલાં એ જોઈએ, કે

**દુન્યવી સુખની કામનાથી સાધના તો અશુદ્ધ બને છે, કિન્તુ સાધનાનો કર્તવ્યભાવ પણ અશુદ્ધ બને છે.**

**સંજ્ઞા એ ધર્મપ્રજ્ઞાની વિરોધી છે.**

કારણ, દુન્યવી સુખની કામના એ સક્રિય વિષય-સંજ્ઞા છે, અને આહારસંજ્ઞા-વિષયસંજ્ઞા વગેરે સંજ્ઞા એ ધર્મપ્રજ્ઞાના વિરોધીભાવ છે. 'તપ કરું તો પારણું સારું મળે' એ ભાવ હોય ત્યાં તપધર્મની પ્રજ્ઞા સારા આહારની સંજ્ઞાથી દબાઈ કચરાઈ જવાની. 'જિનભક્તિ કરું તો સ્વર્ગનાં સુખ મળે' એ કામના રહે ત્યાં દેવતાઈ સુખની તીવ્ર લાલસામાં શુદ્ધ ભક્તિનો ભાવ કચરાઈ જવાનો. એટલું જ નહિ, પણ ધર્મસાધના વખતે એના પર ઉપાદેયભાવ પણ એવો શુદ્ધ અર્થાત્ અન્ય ઉપાદેયભાવથી અ-મિશ્રિત નહિ રહે, પણ ફળના ઉપાદેય ભાવથી મિશ્રિત રહેવાનો. એમાં ય મનનો ફળ પર મુખ્ય ઝોક છે એટલે ફળનો જ ઉપાદેયભાવ મુખ્યપણે ઝળકતો રહેશે, ને સાધનાનો ઉપાદેયભાવ તો ત્યાં ગૌણ-મામુલી જેવો બની જશે.



**નાગકેતુનો સાધનામાં શુદ્ધ ઉપાદેયભાવ :-**

નાગકેતુ પુષ્પપૂજામાં સર્પ કરડતાં કેમ હાયવોય કે 'અરેરેરે !'માં ન પડ્યા ? ઊલટું વધુ ને વધુ પ્રભુભક્તિના સંવેગભાવમાં ઉછાળો લાવી ઠેઠ શુકલધ્યાન-ક્ષપકશ્રેણિ-વીતરાગતા અને કેવળજ્ઞાન પર પહોંચી ગયા ! કહો, કે પુષ્પપૂજાથી ફળની આશંસા વિના વીતરાગભક્તિની સાધનાનો ઉપાદેયભાવ તીવ્ર રાખેલો, તેથી અનુક્રમે કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા. આ તાકાત છે સાધના અંગેનો શુદ્ધ ઉપાદેયભાવની.

એક દર્શન પણ કરતા હોઈએ ત્યાં આ વિશુદ્ધ ઉપાદેયભાવ હોય કે 'અહો આ વિશ્વવ્યાપી વિરાટ તમોમય વિષયજગતમાં કેવું અતિ દુર્લભ વીતરાગ-દર્શન મને મળ્યું !' વીતરાગદર્શન પ્રત્યે એવા જ્વલંત અહોભાવ અને આદરભાવના સંવેદન સાથેનું દર્શન થાય એમ વીતરાગ દેવાધિદેવની પ્રણામ-પૂજા વગેરે લાખેણી ભક્તિ થાય તે પણ શુદ્ધ ઉપાદેયભાવથી થાય. કોઈ પૂછે 'તું આ ભક્તિ કેમ કરી રહ્યો છે ? તારે આ કરીને શું જોઈએ છે ?' તો કહે 'કશું જ નહિ, વીતરાગની ભક્તિ જ જોઈએ છે. કેમકે,

**અનંતકાળથી વીતરાગભક્તિ વિહોણી કીટ-પશુતાની કેદમાંથી માંડ છૂટીને માનવતાની મહાન રાજેશ્રીપણાની સમૃદ્ધિમય સ્વતંત્રતા પામ્યા છીએ તો વીતરાગભક્તિ જ કર્તવ્ય છે.**

એમ શુદ્ધ કર્તવ્ય-ભાવનાથી જ ભક્તિ થાય. અંતરમાં ભક્તિની જ આ શુદ્ધ કર્તવ્યતા રમે, જો આ શુદ્ધ ઉપાદેયભાવ રમતો રહે તો ત્યાં બાહ્યથી કોઈ આપણાં દર્શન ચૈત્યવંદન વખતે ભગવાનની સામે વચ્ચે ઊભો રહી પ્રભુને ઢાંકે છતાં ત્યાં **આપણાં અંતરમાં રમતો સમર્થ ભક્તિભાવ પેલાની ઉપરના રોષણભાવને ન જાગવા દે.**

નાગકેતુને શું થયું ? આ જ, કે પુષ્પપૂજા વખતે અંતરમાં જે વીતરાગ પરનો ભક્તિભાવ ઉછળં ઉછળા થઈ રહ્યો હતો. એણે સર્પદંશથી શરીરમાં ઊઠેલી ઝણઝણાટી વખતે શરીર પરના આસક્તિભાવને જાગવા જ ન દીધો. કાયા પરની આસક્તિભાવને જાગવા જ ન દીધો. કાયા પરની આસક્તિથી જો કાયા પર મન જાય તો વીતરાગના ભક્તિભાવની ધારા તૂટે ને ? માટે પ્રભુ પરના ભક્તિભાવે કાયા પરની આસક્તિ ઊઠવા જ ન દીધી. પછી મન શાનું કાયામાં કે કાયાની વેદનામાં જાય ?

**પરસ્ત્રી પર દૃષ્ટિ રોકવા વીતરાગ પર ભક્તિભાવ :-**

પરસ્ત્રી પર આંખ કેમ જાય છે ? હૈયામાં પરસ્ત્રી પ્રત્યે આસક્તિભાવ-



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

આકર્ષણભાવ છે માટે. આવા ગંધા-ગલીચ આસક્તિભાવો-આકર્ષણભાવોને હૈયામાંથી હટાવવા હોય, તો હૈયામાં વીતરાગ દેવાધિદેવ પ્રત્યેની પવિત્ર લાખેણી ભક્તિનો ભાવ શ્રેણિક-સુલસા-ચંદનબાળાની જેમ ઉછળં ઉછળા રાખવો જોઈએ, ને સાથોસાથ 'એ જ ઉપાદેય છે, કર્તવ્ય છે, જીવનસાર છે,' એ ભાવ પણ જ્વલંત જાગતો રહેવો જોઈએ.

**૧૫૦૦ તાપસ** શી રીતે ગૌતમસ્વામી મહારાજથી પ્રતિબોધ પામી સહેજમાં અલ્પકાળમાં જ કેવળજ્ઞાન પામી ગયા ? કહો, જ્યાં ગૌતમ મહારાજે એમને સમજાવ્યું કે 'કૈલાસ અષ્ટાપદ ઉપર તો ભગવાન મૌન છે, પણ તમને બોલતા જીવંત કૈલાસનાથ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરાવું, જેમની ૬૪ ઈંદ્રો સેવા કરે છે ! જે રજત-સુવર્ણ-રત્નના ત્રણ ગઢ પર બિરાજે છે ! જેમની દેશના સાંભળવા સિંહ-હરણ-વાઘ-બકરી, મોર-સાપ જેવાં પણ સાથોસાથ બેસી જાય છે, અને જે આપણા મનના સંદેહના જવાબ આપી સંદેહ હટાવે છે. ત્યાં તાપસોને મનમાં અતિશય આનંદ ઊછળવા સાથે વીતરાગ દર્શનનો ઉપાદેયભાવ જોરમાં ભભૂકી ઊઠ્યો. અને એમાં ચારિત્ર પણ લઈ લીધું, ને એ ઉપાદેયભાવને ચકાવતા ગયા તે એટલે જોરમાં ચકાવ્યો કે ૫૦૦ તાપસ મુનિઓને તો ત્યાં પારણું કરતાં કરતાં જ સર્વ અનાસક્તભાવ જાગી કેવળજ્ઞાન થઈ ગયું ! ૫૦૦ ને પારણા પછી ચાલી સમવસરણ દેખતાં, ને ૫૦૦ ને સમવસરણના પગથિએ પ્રભુની અમૃતવાણીનો શબ્દ કાને પડતાં કેવળજ્ઞાન !

**પ્ર.**- **'વીતરાગને ભેટવું છે'**- એટલા ઉપાદેયભાવ માત્રમાં અનાસક્ત ભાવ કેમ જાગે ?

**ઉ.**- આ રીતે કે એમાં ફળની ઉત્સુક્તા જ નહોતી, એટલે કે વીતરાગને ભેટવાની સાધના વખતે મોક્ષફળની ઉત્સુક્તા નહોતી, તેથી જાણે 'આ વીતરાગ ભેટ્યા ! એમનામાં જાણે અમે એકમેક થઈ ગયા !' એમ વીતરાગને ભેટવાની સાધના જોરદાર થતાં વીતરાગ સાથે એકાકાર મીલનના અનુભવ સુધી પહોંચી ગઈ. ત્યાં કોઈ ફળ વગેરેની આશંસા ઉત્સુક્તા હોત, તો સાધના જોરદાર બનવામાં અટકાયત થાય; પરંતુ એ અટકાયતકારી આશંસા નહોતી એટલે ઠેઠ અનાસક્ત ભાવે પહોંચતા વાર ન લાગી.

**શુદ્ધ સાધના ગુણસ્થાનકની ઊંચી સ્થિતિ પમાડે એમાં શી નવાઈ ?**

**ગુણસાગર** ચોરીમાં હસ્તમેલાપ કરતી વખતે કેવળજ્ઞાન કેવી રીતે પામ્યા ? કહો, શુદ્ધ ઉપાદેયભાવ હતો તેથી, સંયમ સહિત સમત્વભાવનો ઉપાદેયભાવ હતો તેથી. એમને તો પૂર્વ ભવના સ્મરણથી સીધું સંયમ જ લેવું હતું, પરંતુ માતાપિતાએ



એક વાર લગ્ન કરી લેવા આગ્રહ કર્યો, તેથી પરાણે લગ્નની ચોરીમાં બેસવું પડ્યું. ત્યાં કન્યા સાથે હસ્તમેલાપ ચાલ્યો, પરંતુ એમના અંતરમાં તો એક જ છે કે 'કાલે સવારે સંયમ લઈ લઈશ; અને સાધનામાં લાગી જઈશ.' એમ 'માનવ ભવમાં એકમાત્ર સંયમ-સમત્વસાધના જ કર્તવ્ય છે,' એવો સાધનાનો જ ઉપાદેયભાવ મનમાં ઝગમગી રહ્યો, એટલે કે ફળની કોઈ પણ આતુરતા-ઉત્સુક્તા વિનાનો શુદ્ધ ઉપાદેયભાવ. તેથી ઉપાદેય સંયમ અને સમત્વસાધનાની ભાવનામાં ચડ્યા કે, 'ગુરુ પાસે આવી રીતે સંયમ લઈશ, લઈને હંમેશા ગુરુ-વિનય સાથે આગમ ભણીશ, સમતા-સમાધિના સાગરમાં ઝીલીશ, તપ તપીશ, કામ-કષાયોને રોકીશ, ગોચરીના દોષ ટાળીશ, સાથે માયા-લોભ નિવારીશ, જીવન-મરણ, તૃણ-મણિ-માણેક, કાંકરો-કંચન, શત્રુ-મિત્ર,... વગેરેને સમાન ગણીશ' બસ, આમ વિચારતાં જાણે ઈષ્ટ અનિષ્ટ પ્રત્યે સાક્ષાત્ સમભાવમાં ચડ્યા ! સમત્વ યોગ યાને અનાસક્ત યોગમાં આવી ગયા ! પૂછો,-

**પ્ર.**- એમ એટલું ચિંતન કરવામાં શી રીતે સમત્વભાવ આવી ગયો ?

**ઉ.**- આ ચિંતન સામાન્ય ચિંતન નથી, પરંતુ આબેહૂબ તે તે ક્રિયા કરી એવો અનુભવ છે. 'જાણે મેં સાક્ષાત્ સંયમ લીધું ! જાણે હું સાક્ષાત્ શાસ્ત્રો આગમો ભણ્યો ! એટલે જાણે મમતા કાઢી, અને સમતા આવી !'.

**આગમો ભણ્યાનું ફળ આ, કે ઈષ્ટની મમતા છોડાય ને સમતા આવે.**

**જગતના કોઈ પણ પદાર્થની મમતા હોય ત્યાંસુધી સમતા અર્થાત્ ઈષ્ટ-અનિષ્ટ પ્રત્યે સમદૃષ્ટિ-ઉદાસીનપણું ન આવે.**

મમતા જ કહે છે કે ઈષ્ટ પ્રત્યે આકર્ષણ છે. રાગ છે. ત્યાં ઉદાસીનભાવ શાનો રહે ? વીતરાગ-પ્રભુનાં શાસ્ત્ર ભણવા એટલે વીતરાગને ભજવાનું. ત્યાં મનને એમ થાય, કે 'હું વીતરાગને ભજનારો રાગદ્વેષમાં ડૂબ્યો રહું ?'

**વીતરાગને ભજીને વીતરાગને લટકતી સલામ નથી કરવાની, પણ એમની નિકટ જવાનું છે.**

એ તો જ બને, કે દુન્યવી રાગદ્વેષ ઓછા કરતા આવી, વીતરાગ પર રાગ વધારતા રહીએ. જો આપણે વિષયોના રાગદ્વેષ ઓછા કરતા ચાલીએ અને વીતરાગ-ભગવાન પર રાગ વધારતા આવીએ. તો વીતરાગની નિકટ થતા જઈએ છીએ; ને જો એમ નથી કરતા, તો ભલેને મહાવિદેહક્ષેત્રમાં વીતરાગ સીમંધર ભગવાનની નજીક હોઈએ, તોય વાસ્તવમાં એમનાથી દૂર છીએ. કહિ કહે છે,

**એક નિકટ પણ વેગળા, જેહને ન ગમે એહ રે.**
**અળગા તો પણ ઢુંકડા, જેહને અધિક સ્નેહ રે..**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**જેને વીતરાગ ગમે એને વીતરાગતા ગમે.**

**વીતરાગતા ગમે તો વીતરાગને ભજ્યા કહેવાય.**

જેને વીતરાગ જેવા નથી ગમતા એવા વિષયોરૂપી કચરા ને ભૂસા ગમે છે, એણે વીતરાગને શું ભજ્યા ?

ગુણસાગરને લગ્ન વખતે સંયમ-સમત્વના અત્યંત ઉપાદેયભાવથી ચડેલી ભાવનામાં વીતરાગ ભગવાન ખૂબ ગમ્યા, ભાવનામાં વીતરાગ ભગવાન ખૂબ ગમ્યા ખૂબ ગમ્યા, વીતરાગતા ગમી, એવી ગમી કે કામક્રોધાદિ કષાયો ફગાવી દીધા ! દુનિયાની મમતા ગઈ, ને સમતાભાવ આવી ગયો, એમાં એ કેવળજ્ઞાન પામી ગયા ! મૂળમાં સંયમ-શાસ્ત્રાધ્યયન આદિનો ઉત્કટ ઉપાદેયભાવ કામ કરી ગયો, આ તાકાત છે યોગબીજ શ્રવણ આદિના શુદ્ધ ઉપાદેયભાવની, કે જેમાં ફળની ઉત્સુક્તા નહિ. આ એક પ્રકારના સ્વર્ગાદિ સુખરૂપ ફળની વિચારણા કરી કે સાધના વખતે એની આશંસા-ઉત્સુક્તા ન હોય.

**સાધનાનો શુદ્ધ ઉપાદેયભાવ એટલે ? :-**

હવે બીજા પ્રકારનું ફળ મોક્ષફળ, એની પણ ઉત્સુક્તા સાધના કરતી વખતે ન હોય; માત્ર 'સાધના જમાવું' એટલા જ વિચાર, વચમાં મોક્ષફળની પણ ઉત્સુક્તાનો વિચાર નહિ, એ સાધનાનો પરિશુદ્ધ ઉપાદેયભાવ આવ્યો કહેવાય. આ એટલા માટે જરૂરી છે, કે-

**જો ફળ તરફ દૃષ્ટિ જાય, તો સાધનામાં વધતો ઉત્સાહ, વધતી હોંશ, ને વધતું જોશ જે રાખવા જોઈએ, તેમાં મંદતા આવે. દૃષ્ટિ માત્ર જ્વલંત સાધના પર રાખવાની.** તેથી સાધના ઉત્કર્ષે પહોંચે પછી સાધ્ય ફળ સિદ્ધ થવાનું જ છે. બાકી 'મારે મોક્ષ જોઈએ છે ?' શું એટલું બોલવા માત્રથી કે વિચારવા માત્રથી મોક્ષ મળે છે ? **મોક્ષ શુદ્ધ સાધનાથી મળે.**

**અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજને** કેવળજ્ઞાની સાધ્વીજી પુષ્પચુલા મહારાજે કહ્યું છે, 'તમને ગંગા પાર કરતાં કેવળજ્ઞાન મળશે.' એથી એ નાવડામાં ગંગા પાર કરી રહ્યા છે, ત્યાં કેવળજ્ઞાન પામવાની ઉત્સુક્તા જરૂર છે, પરંતુ સાધના વીસરીને નહિ. તેથી જ્યાં લોકોએ એમને નાવમાંથી ઊંચકીને ગંગા પર ઉછાળ્યા, ત્યાં સાધનાનો શુદ્ધ ઉપાદેયભાવ હોવાથી ફળ-કેવળજ્ઞાનની ઉત્સુક્તા મનમાં ન લાવ્યા, સાધનાનો જ વિચાર રાખ્યો કે 'અરે ! આ મારું શરીર પાણી પર પછડાતાં કેટલાં બધા અપકાયાદિ જીવોનો કચ્ચરઘાણ નીકળશે ! હાય ! મારું શરીર હિંસામાં નિમિત્ત ? કેવો હું હીનભાગી !' અહીં શરીરની આસક્તિ મૂકી, દેવતાએ એમને નીચે પડતા પહેલાં જ ભાલે વીંધ્યા, લોહી નીચે ટપકવા માંડ્યું, ત્યાં પણ શરીર



પરની અનાસક્તિથી શરીરને તીવ્ર પીડા છતાં એ વેદનાદિ બધું ભૂલી ગયા. માત્ર સાધનાનો અર્થાત્ 'દયા=સંયમ' નો જ વિચાર, 'અરે મારું શરીર કોઈને ભાલો ભોંકવાના પાપમાં નિમિત્ત ? અને નીચેના પાણીના જીવોને મોતમાં નિમિત્ત ?...' બસ, સાધનામાં જ જોશ એટલે સંયમ-અપ્રમત્ત ભાવ-અપૂર્વકરણ વગેરે ગુણસ્થાનકોના સોપાન સર કરતા ચાલ્યા, તે અનાસક્ત યોગી બની કેવળજ્ઞાન પામ્યા ! જો સાધ્ય ફળ કેવળજ્ઞાનનો વિચાર કરતા હોત તો સાધનામાં આ જોશ શી રીતે આવત ?

**સાધનામાં જોશ લાવવા માટે સાધનાનો વિચાર જોઈએ.**

અહીં જોવા જેવું છે કે મુનિ પોતે હિંસા નથી કરતા, પરંતુ સમજે છે કે 'આવા અવસરે જો શરીરથી-શરીરપીડાથી અલિપ્ત ન રહ્યા ને શરીર પર મમતા કરી, તો ભલે પોતે દ્રવ્યથી હિંસા ન કરી, પરંતુ ભાવથી હિંસા થાય. આ વસ્તુ છે.-

**શરીર પર મમતા થાય તો ભાવથી હિંસાનું પાપ લાગે.**

એટલે ભાલેથી વિંધાયાની ઘોર પીડામાં પણ આચાર્ય મહારાજ કેવા અલિપ્ત રહ્યા છે !

**'મહોદય'**

અહીં ઉપાદેયભાવને પરિશુદ્ધની જેમ 'મહોદય' કહ્યો, ને 'મહોદય'નો ટીકામાં અર્થ કર્યો- 'આનુષંગિક ફળ તરીકે અભ્યુદય યાને સ્વર્ગાદિ સદ્ગતિ મળવા દ્વારા મોક્ષનો સાધક;' એવો ઉપાદેયભાવ.

જેમ ખેડુત બીજ વાવે એમાંથી મુખ્ય ફળ પાક થવાનો, પરંતુ તે પહેલાં બીજમાંથી અંકૂર ફૂટી ઘાસ ઊગે છે, એ આનુષંગિક ફળ પ્રાસંગિક ગૌણ ફળ કહેવાય. એમ અહીં નિરાશંસભાવ સાથે ઉત્કટ ઉપાદેયભાવ રાખીને સાધના કરે છે, એટલે અસંકિલષ્ટ ભોગનું પુણ્ય ઊભું થઈ એનાથી પહેલાં આનુષંગિક ફળ તરીકે સારી સ્વર્ગગતિ આદિ મળે છે. એટલે જો પ્રશ્ન થાય કે,-

**ધર્મથી ભોગસામગ્રી મળવામાં મોત કેમ નહિ ?**

**પ્ર.-** ધર્મસાધનાથી સ્વર્ગે જઈ ત્યાંના ભોગ ભોગવવાના હોય, તો તો 'મિંયા ઠેરના ઠેર' જેવું થાય. અહીં તો ભોગો ત્યજીને ત્યાગધર્મની સાધના કરી સ્વર્ગે ગયા, પણ ત્યાં વળી ભોગો ભોગવાય એટલે મોત જ ને ? પાછા નીચે જ પડવાનું થાય ને ?-

**ઉ.-** ના, **ભોગ બે જાતના** હોય છે,

(૧) સંકિલષ્ટ ભોગ. બને,

(૨) અસંકિલષ્ટ ભોગ.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

એમાં પૌદ્‌ગલિક સુખની આશંસાથી કરેલા ધર્મના ફળમાં સંકિલષ્ટ ભોગ-સુખો મળે છે, કેમકે આશંસાના સંસ્કાર યાને અશુભ અનુબંધ ઊભા થયેલા હોય. એ આગળ જઈને એનું કામ કરે જ, એટલે એ પુણ્ય ભોગવતાં,

**અશુભ અનુબંધોથી આત્મા રાગાદિના ચીકણા સંકલેશમાં પડે છે.**

તેથી દેવ-ભવ પછી નીચે ઊતરી જાય છે; પરંતુ નિરાશંસ ભાવની સાધનાથી જે અસંકિલષ્ટ ભોગ-સુખો મળે છે, એમાં જીવને રાગાદિ સંકલેશ થતા નથી. જળમાં કમળ નિર્લેપ રહે છે ને ? એમ રાગરહિત નિર્લેપ.

**અસંકિલષ્ટ ભોગના પુણ્યવાળા તો કર્મસત્તાના મેમાન બની ગયા.**

સારો મેમાન ઘરે આવ્યો હોય, એ ઘરમાં ફેન્સી ફરનીચર વગેરે જુએ, ભોગવે, પણ મનમાં સમજે, કે 'આની સાથે મારે કશી નિસ્બત નહિ.' મેમાન માગીને કશું ભોગવે નહિ. સામેથી વિનંતિઓ થાય, 'આ ખાઓ, આ વાપરો,' પરંતુ એને કશી આતુરતા નહિ, બહુ આનંદ સાથે માગવાનું નહિ, ઘરનો ખાવકલો માણસ માગ માગ કરશે પણ મેમાન નહિ. એમ સંકિલષ્ટ ભોગનાં પુણ્યવાળો સ્વર્ગમાં દેવીઓની ચાપલુસી કરે- 'અલી બા ! તું સારું ગીત ગા ને ? સારું નૃત્ય બતાવ ને ?' ત્યારે અસંકિલષ્ટ પુણ્યવાળાની ચાપલુસી દેવીઓ કરે,'સ્વામિનાથ ! જરાક અમારું ગીત સાંભળોને ? અમારું નૃત્ય જુઓને ?' સ્વર્ગસુખો ભોગવનારા બંને, પણ એક એમાં લેપાઈને લંપટ થઈને ભોગવે, ત્યારે બીજો અલિપ્ત રહીને ભોગવે, એને રાગદ્વેષના સંકલેશ જ નહિ, એટલે અધોગતિમાં તાણી જનારા એવા ચીકણાં અશુભ કર્મ જ ન બંધાય. ઊલટું ત્યાં તો મોક્ષ તરફ પ્રયાણ છે, તેથી ધર્મ પ્રત્યે ફળની ઉત્સુક્તા વિનાના ઉપાદેયભાવથી ધર્મ સધાતાં સ્વર્ગનાં પુણ્ય બંધાય. તેથી એમાં ચિંતા નહિ કરવાની. તો પૂછો,-

**પ્ર.**- એ રીતે ધર્મ સાધતાં માત્ર પાપક્ષય થાઓ, પણ પુણ્ય શું કામ બંધાય ?

**ઉ.**- પુણ્ય બંધાવાનું કારણ એ છે, કે એ ધર્મસાધના સરાગ સંયમધર્મની સાધના છે. ત્યાં અલબત્ત બીજા અપ્રશસ્ત કહેવાય એવા વિષયરાગ નથી, છતાં સંયમ-ક્ષમાદિ ધર્મનો પ્રશસ્ત રાગ છે, તેથી રાગના યોગે શુભકર્મ-પુણ્ય તો બંધાય જ ને ? હા, સરાગને બદલે વીતરાગ સંયમ આવે ત્યારે સ્વર્ગનાં પુણ્ય નહિ બંધાવાના.

## • જૈન શાસનનો પંચકારણવાદ •

આ હિસાબે જોઈએ તો દેખાય, કે આ કર્મપુદ્‌ગલાદિ-સંબંધની યોગ્યતા યાને



ભાવમલ ઘણો ક્ષીણ થવામાં મુખ્ય કોણ કામ કરે છે ? તો કે ભવિતવ્યતા નહિ, કર્મ નહિ, પુરુષાર્થ નહિ, પરંતુ 'કાળ' કામ કરે છે. અ-ચરમાવર્તના અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તનો કાળ પસાર થઈ જાય ત્યારે જ એ ભાવ-મળનો ઘણા પ્રમાણમાં ક્ષય થયો હોય છે, એટલે જ એકલા કર્મવાદી કે એકલા પુરુષાર્થવાદી યા એકલો સ્વભાવવાદી કે એકલી ભવિતવ્યતાને જ કારણ માનનારા વાદી અહીં ભાવમલના નોંધપાત્ર ક્ષય પ્રત્યે એ ચારમાંથી કયું કારણ બતાવી શકે અને કહી શકે કે એ કારણ પૂર્વે નહોતું, અને હવે ઉપસ્થિત થયું, તેથી ભાવમલનો વિપુલ ક્ષય થયો ? જૈનદર્શનનો પંચકારણવાદી અનેકાંતવાદ આમ જ વિજયવંતો છે, એક જ કારણ ક્યાંક તો મુખ્ય કારણ બને છે, અને કારણ મુખ્ય બને છે; ત્યારે બીજે બીજું જ કારણ મુખ્ય બને છે.

**પાંચ કારણના દૃષ્ટાન્ત :-**

(૧) ભવ્ય જ મોક્ષ પામી શકે, અભવ્ય નહિ, એમાં **સ્વભાવ** મુખ્ય કારણ છે. ભવ્ય જીવનો તથાસ્વભાવ જ એવો કે એજ મોક્ષમાર્ગની સાધના કરીને મોક્ષ પામી શકે. અભવ્યનો એવો સ્વભાવ જ નહિ.

(૨) પાર્શ્વનાથ ભગવાનના જીવને ભવેભવે ઉપદ્રવ આવ્યો એ અલબત્ત પોતાના અશાતા વેદનીય કર્મના લીધે, કિન્તુ ઉપદ્રવ કરનાર તરીકે કમઠનો જ યોગ આવી મળ્યો, એ તેવી **ભવિતવ્યતાને** જ લઈને.

(૩) ધવલશેઠે કેઈ પ્રયત્નો શ્રીપાળકુમારને મારવાના કર્યા, છતાં શ્રીપાળનો એક વાળ વાંકો ન થયો, એ શ્રીપાળના **પુણ્યકર્મના** જ પ્રભાવે.

(૪) પુણ્ય-પ્રભાવે મનુષ્ય જન્મ આદિ ઉત્તમ ધર્મ-સામગ્રી મળી, છતાં ધર્મ નથી થતો તે **પુરુષાર્થ** ન હોવાને લીધે જ. એમ

(૫) અચરમાવર્તમાં ભાવમલનો વિશિષ્ટ ક્ષય નહિ અને ચરમાવર્તમાં એ હોય, એમાં કારણ **કાળ** જ કહેવાય. અરે ! જીવ ચરમાવર્તમાં આવે એમાં પણ મુખ્ય કારણ કાળ જ કહેવાય. એટલા અચરમાવર્તકાળ પસાર થઈ જાય તો જ ચરમાવર્તમાં પ્રવેશ મળે.

સારાંશ, ભવ્ય જીવને એ ચરમાવર્ત-પ્રવેશ કરવામાં કયું સાધન ? સ્વભાવ નહિ, ભવિતવ્યતા નહિ, શુભકર્મ નહિ, કે પોતાની ઈચ્છાપૂર્વકનો પુરુષાર્થ નહિ. કિન્તુ સમસ્ત અચરમાવર્તકાળ પસાર થઈ જાય એ જ મુખ્ય સાધન. એ પ્રવેશ થવામાં ઘણો બધો ભાવમલ ક્ષીણ થઈ ગયો ત્યારે એને યોગબીજની પ્રાપ્તિ થાય, બીજ-સાધના થાય.

**પ્ર.**- યોગબીજની સાધનામાં તો પુરુષાર્થ કારણ છે, એમાં ચરમાવર્તકાળ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અને બહુ ભાવમલ-ક્ષયનું શું કામ છે ?

ઉ.- કામ એ છે, કે બહુ ભાવમળ ક્ષય ન થયો હોય ત્યાં એવો પુરુષાર્થ સૂઝતો જ નથી, એની ઇચ્છા જ થતી નથી. એટલે અચરમાવર્ત કાળમાં તો બહુ ભાવમલ ઊભો હોવાથી બીજ-સાધનાનો પુરુષાર્થ શાનો થાય ?

**એકલી વિષયસુખ-લંપટતા એ મૂઢતા :-**

**અચરમાવર્ત કાળમાં જીવની દશા હિતાહિતના વિવેક વિનાના મૂઢ બાળ જેવી હોય છે.**

બાળકનું ચૈતન્ય હજી વિકસ્યું નથી, એટલે એને મોટું કામ કશું આવડે નહિ, દા.ત. અર્થાનુષ્ઠાન અર્થાત્ પૈસાની કમાઈ કરવાનો ધંધો, નોકરી એને આવડે નહિ, યા કામ, અનુષ્ઠાન,... સારાં ખાનપાન... મકાન,... વગેરે કેમ ઊભા કરવા, એ ન આવડે; કેમકે એમાં હિત ક્યાં, અહિત ક્યાં, વગેરેની એને ગમ નથી, એનો વિવેક નથી હોતો. એ કામ તો પુખ્ત ઉંમરવાળાનું છે, વ્યક્ત (વિકસિત) ચૈતન્યવાળાનું છે, બાળક મટી યુવાન થાય, ધંધાદિમાં હિતાહિત સમજતો થાય, ત્યારનું એ કામ છે. એમ અહીં અચરમાવર્ત કાળમાં ભાવમલની પ્રચુરતા હોઈ જીવનું ચૈતન્ય વિકસ્વર નથી, વ્યક્ત નથી, પુખ્ત નથી, તેથી એને પોતાના આત્માના હિત-અહિતની એને ગમ નથી, વિવેક નથી, ને એકલા વિષયસુખની લંપટતા હોઈ મૂઢતા છે. એટલે જ ભવાભિનંદી જીવનાં આઠ અપલક્ષણમાં **'અજ્ઞો ભવાભિનંદી સ્યાત્'** એને અજ્ઞ-મૂઢ-મૂર્ખ કહ્યો છે. એને પોતાના આત્માનું હિત ક્યાં, અહિત ક્યાં, એનો વિવેક જ ન મળે.

'વિવેક' એટલે વહેંચણ. 'આમાં મારું હિત, આમાં અહિત' એવો વિભાગ કરાય તે. દા.ત. હંસ દૂધ-પાણીનો વિવેક કરે છે, એની ચાંચ જ એવી ખાટી છે કે દૂધને અડાડે ત્યાં દૂધ ફાટી જાય, દૂધ અલગ, પાણી અલગ દેખાય. એ વિવેક કર્યો, વહેંચણ કરી ગણાય. પછી એ હંસ દૂધ-દૂધનો ભાગ લઈ લે છે, ને પાણી પડ્યું રહે છે. એમ અહીં આત્માના હિત-અહિતને અલગ પાડી હિત-અહિતને અનુરૂપ માનસિક વલણ ઊભાં કરે તે વિવેક કર્યો કહેવાય. આ વિવેક આવે એટલે અનુરૂપ મનોવલણ ઊભું થાય, પછી **હિતનો રસ અને પ્રવૃત્તિ, તથા અહિતની ઘૃણા અને ત્યાગ** લાવવા કઠણ નથી.

**હિત-અહિત પ્રત્યે અનુરૂપ વલણ એટલે :-**

હિતકારી તત્ત્વો,- દા.ત. દયા, દાન, શીલ, સદાચારો, પરમાત્મભક્તિ, સાધુસેવા વગેરે, એની પ્રત્યે હૈયાનું આકર્ષણ, હૈયાને એનો રસ, એ સાધવાની લગન, કોડ, એમાં ભાવિ સલામતીનો અખૂટ વિશ્વાસ... વગેરે હોય, એ હિતનું



માનસિક વલણ કહેવાય. ત્યારે અહિતકારી તત્ત્વો, દા.ત. હિંસાદિ પાંચ મોટા પાપ; એવા બીજા કષાયોનાં પાપ, રાગદ્વેષ-કલહ ઈર્ષ્યા વગેરે પાપ, દુન્યવી પદાર્થોની તૃષ્ણા-મમતા-આસક્તિનાં પાપ, વગેરે વગેરે દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યો પ્રત્યે હૈયામાં ઘૃણા નફરત રહે. એનાથી પરલોકનો મોટો ભય રહે, એમાં મનમાં આકુળતા-વ્યાકુળતા રહે, એ અહિતને અનુરૂપ માનસિક વલણ ગણાય. આત્માના હિત અને અહિતનો અંતરમાં સાચો વિવેક જાગે, તો જ આ બને; અને પછી તો શક્ય એટલી હિત-પ્રવૃત્તિ હોંશથી અને રસથી થાય. તેમ શક્ય એટલા અહિતનો નિયમબદ્ધ-પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ થાય. આજે ફરિયાદ કેમ થાય છે કે,

**પ્ર.**- અમને ધર્મમાં સ્થિરતા કેમ નથી રહેતી ? કેમ બીજા-ત્રીજા વિચાર આવે છે ? ધર્મમાં ને નિયમો લેવામાં રસ કેમ નથી જાગતો ? કેમ આલ્હાદ નથી આવતો ?

ઉ.- આનું કારણ મૂળ પાયાની ખામી છે. **સારી ધર્મસાધના અને ત્યાગ-નિયમનો મૂળ પાયો હિતાહિતનો વિવેક છે, હિતાહિત પ્રત્યે ઉપરોક્ત માનસિક વલણ છે.**

વિવેકથી 'આ સાધના મારે હિતકર છે, મારી તારણહાર છે,' એવો હિતનો ખ્યાલ આવે તો એનો સહેજે રસ જાગે, આલ્હાદ જાગે, અને સાધવાની હોંશ થાય. માણસને જો એવો વિવેક છે કે 'પૈસા હોય તો ઘર ચાલે, પૈસા વિના તો ભીખ માગવી પડે,' પછી એને પૈસા માટે ધંધો ધાપો કરવાનો કેટલો બધો રસ ! એમાં કેટલો બધો આલ્હાદ ! અને એની કેટલી બધી હોંશ થાય છે ! આત્મહિત અંગે પણ આવું જ છે. અંતરમાં હિતાહિતના વિવેકનો દીવો પ્રગટી જવો જોઈએ. કહેશો, 'હિતાહિતનો ખ્યાલ તો અમને છે જ,' પરંતુ એ તપાસો, કે-

**પૈસા ને વેપારમાં હિત જાણ્યા પછી પૈસા અને વેપાર પ્રત્યે જે માનસિક વલણ છે, એવું આત્મહિત પ્રત્યે છે ?**

**હિતાહિતનો 'ખ્યાલ' એટલે ?** કોરું જ્ઞાન, કોરી જાણકારી ન ચાલે; પણ વિવેકરૂપે ખ્યાલ જોઈએ. મિષ્ટાન્ન અને વિષ્ઠા પ્રત્યે કેવો વિવેક છે ? મિષ્ટાન્નનું નામ સાંભળતાં આલ્હાદ સાથે આકર્ષણ થાય છે. વિષ્ઠા દૂરથી દેખાતાં પણ ઘૃણા અને મુખસંકોચ-નાકસંકોચ થાય છે. એવું હિત-અહિતનું નામ પડતાં થાય છે ખરું ? હિત પ્રત્યે આલ્હાદ-આકર્ષણ ને અહિત પ્રત્યે ઘૃણા થાય છે ? થાય એ વિવેક છે.

સમજી રાખવું જોઈએ, કે આ તો અહીં જૈનશાસન સાથે મનુષ્યભવ મળ્યો છે તો જ અહીં વિવેક અને વિવેકને અનુરૂપ પ્રવૃત્તિ આવી શકે છે. બાકી,



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

દેવતાને જ્ઞાન કેટલું ? દિવ્યજ્ઞાન-અવધિજ્ઞાન ? આપણા કરતાં વધારે જ્ઞાન; પણ બિચારાં કરે શું ? મિથ્યાદૃષ્ટિ દેવને વિવેક જ ન મળે; ને સમકિતી દેવને વિવેક છતાં એને અનુરૂપ એ પ્રવૃત્તિ ન કરી શકે ! એક નાનો નવકારશીનો ય નિયમ ન કરી શકે ! ત્યારે અબૂઝ તિર્યંચને વિવેક ક્યાંથી લાવવો ? કીડા-મંકોડાનાં ય જીવન તો ગણાય, પણ વિવેકની વાત જ શાની ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૩૦/૩૧,તા.૪-૫-૧૯૮૫

## (૨૧) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

જૈન મનુષ્યને વિવેકનું વરદાન છે. છતાં એનો ઉપયોગ ન કરે એ મૂઢતા કેવી ?

'ધર્મ કેમ નથી કરતા ?' તો બહાનું કઢાય છે 'પ્રમાદ છે' જંગલમાં મિજબાન પાર્ટી કરતા હો, ને બૂમ પડે 'લૂંટારાનું મોટું ટોળું આવી રહ્યું છે, ને ૩ માઈલ છેટે આવી ગયું છે,' તો ત્યાં પ્રમાદનું બહાનું કાઢી બેસી રહો ? કે તરત ભાગો ? ૩ માઈલ દૂર છે તો ય ભાગો ? તો અહીં મૃત્યુ બહુ દૂર નથી તો ય પાપથી ભાગવાનું નહિ ? છતાં અહીં પ્રમાદને જો અહિતકર હૈયાથી જાણ્યો છે, તો એ પ્રમાદ પ્રત્યે ઘૃણા કેટલી ? મૂળમાં ચોંટ લાગવી જોઈએ કે 'મને અહીં કેવો વિવેકનો ધન્ય અવસર મળ્યો છે !'

**'વિંશતિ વિંશિકા' શાસ્ત્ર કહે છે,** કે જીવને આ વિરાટ સંસાર-સાગરમાં ભમતાં, પહેલાં લોકધર્મ યાને લોકો ગતાનુગતિકતાથી આચરતા આવ્યા હોય એવો ધર્મ મળે છે; પરંતુ ત્યાં હેય-ઉપાદેયની બુદ્ધિ નથી હોતી, વિવેક નથી જાગ્યો હોતો. એ તો કાળના કાળ વીતે પછી જાગે છે. ત્યારે વિવેક કેટલો બધો દુર્લભ ! એ તમને અહીં અતિ દુર્લભ હિતાહિતનો ને હેયોપાદેયનો વિવેક કરવાની અદ્ભુત તક મળી ! એની કદર કેટલી ?

**હૃદયમાં આ વિવેક જગાડવા શું કરવું ? મનનું સંશોધન કરો : અવળી ચાલ બદલો.**

અનાદિ કાળથી મન બગડેલું અવળી ચાલે ચાલે છે. દા.ત. 'કોઈ વાંકું બોલતું આવ્યું, તો એને જોરથી સંભળાવી દેવું, 'થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ,' 'જીવ્યા કરતાં જોયું ખાધું ભલું.' 'જીવતા જીવે ખાધું ભલું, મર્યા પછી ક્યાં મળવાનું છે ?'... આવા બધા નાસ્તિકના હિસાબ માંડી મૂક્યા છે એ અવળી



ચાલના હિસાબ છે.

**ઉત્તમ માનવ અવતારે પણ જો આ ક્રોધ કલહાદિના જ હિસાહ હોય, તો પછી ક્ષમા, ત્યાગ, વ્રત, દેવાધિદેવની ભક્તિ... વગેરેના હિસાબ બીજા કયા અવતારે માંડી શકાશે ?**

વિવેક જગાવવા શું કરવું ?

વિચારો,-

ત્રણલોકના નાથ મહાવીર પ્રભુ જેવા પાસે અનાડીનો સામનો કરી એને દબાવી દેવાની અનંત શક્તિ છતાં પ્રભુએ હાલી-મવાલીનુંય ભારે સહન કર્યું છે ! પોતાના કાન ફાડી નાખે એવા વાંસના ખીલા પોતાના કાનમાં ગોવાળિયાને ઠોકવા દીધા ! કયા હિસાબ પર ? કહો, 'થાય તેવા થઈએ' એવા અનાદિની અવળી ચાલના હિસાબ પર નહિ. કેમકે એમાં તો પછી ભંગી સામે ભંગી થવું પડે. વિષ્ઠા ફેંકનાર સામે વિષ્ઠા ફેંકનાર થવું પડે ! કિન્તુ

**'ખપે તેટલા કર્મ ખપાવીએ' 'મારીએ તો આંતર દુશ્મન રાગ-તૃષ્ણાદિને મારીએ.'**

આવા સવળા હિસાબ પર પ્રભુએ હાલી-મવાલીનુંય ક્ષમાથી સહન કર્યું, **'એસ ખમા સવ્વસાહૂણં'** આ ક્ષમા સર્વ સાધુને કર્તવ્ય કહી.

**કડવા ઘુંટડા પીતાં આવડે, એને ક્ષમાદિ સવળી ચાલ સહેલી.**

દવા કેમ કડવી પી જઈએ છીએ ? કહો, આરોગ્ય માટે. એમ આત્માના આરોગ્ય માટે સામાના વાંકા રોફભર્યા પ્રતિકૂળ-વચન-વર્તાવના કડા ઘુંટડા મન બગાડ્યા વિના પી જવાના. વીર પ્રભુએ ક્ષમાભાવ અહિંસક ભાવ કેટલો બધો કેળવ્યો ? તો કે પોતાના આત્મામાં અહિંસાની એવી પ્રતિષ્ઠા થઈ, કે એમના સમવસરણમાં ઉંદર-બિલાડી, સાપ-નોળિયો વગેરે મિત્ર જેવા થઈને સાથે સાથે બેસી જતા ! જંગલમાં બળદેવ મુનિના સીમાડામાં આવનારા વાઘ-વરુ જેવા શિકારી પ્રાણી હરણ-સસલા જેવા પણ શિકારની સાથે મિત્ર જેવા બની જતા ! મુનિના સિદ્ધ અહિંસકભાવ અને આત્મસિદ્ધ દયાભાવનો આ પ્રભાવ હતો. એમણે સમજી રાખ્યું હતું કે **'હિતાહિતનો વિવેક કરવાનો ઉત્તમ અધિકાર અહીં મળ્યો છે, તો એને બરાબર અમલી કરવો.** હિંસા-નિર્દયતા અહિતકારી છે, સર્વથા ત્યાજ્ય છે. દયા-અહિંસા મહાહિતકર છે, એ જ ઉપાદેય છે, તો-

**હિંસાને મનમાંય અડવા દેવી નહિ. દયા અહિંસાને શ્વાસમાં વણી લેવી.'**

આ હિતાહિતના વિવેક દયા-અહિંસા આત્મસિદ્ધ કરવા સુધી પહોંચી ગયા. ભાવમળ ખૂબ ક્ષીણ થઈ ગયો હોય ત્યારે આ આ હિતાહિતનો વિવેક જાગે છે,



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ને યોગબીજની સાધનામાં આવે છે. હિતાહિતના વિવેકની બલિહારી છે.

**વિવેક એટલે મનમાં હિતાહિતનું વસવું-ઠસવું-રસવું.**

વિવેક આવ્યો એટલે હિતાહિત (૧) મનમાં વસી ગયા, (૨) મનમાં ઠસી ગયા, અને (૩) મનને રસી ગયા, અર્થાત્ મન હિત-આદર અને અહિત-ત્યાગનું રસિયું બની ગયું.

**(૧) મનમાં હિતાહિત વસી ગયા એટલે ?**

બીજું હાલતું ફાલતું મનમાં આવે જ નહિ. હિતહિતના ને હેય-ઉપાદેયના વિચાર આવે તો જ એ વ્યક્ત (પુખ્ત) ચૈતન્યવાળો યુવાન કહેવાય. હિતાહિત મૂકીને હાલતું ફાલતું વિચાર્યા કરે તો એ મોટી ઉંમરનો છતાં અવ્યક્ત ચૈતન્યવાળો ગણાય, ગતાગમ વિનાનો બાળ ગણાય. વેપાર અંગે શું છે ? મોટાને વેપાર કેમ કરવો, એમાં નફો કેમ થાય, નુકશાન કેમ ન થાય, વગેરે વગેરે દુન્યવી હિતાહિતની મોટાને ખબર પડે છે, ને મનમાં એ એવું વસી ગયું હોય છે કે એને એના જ વિચાર આવ્યા કરે છે, હાલતું-ફાલતુના નહિ. બાળકને દુકાન પર વેપાર અર્થે બેસાડ્યું હોય તો એ વેપાર કરવામાં ને નફાનુકસાનનો વિવેક કરવામાં શું સમજે ? કે બાળકના મનમાં વેપાર નફા-તોટાના શા વિચાર ચાલે ? કશા જ નહિ, કેમકે એમાં મનમાં એ વસી ગયું નથી. એમ આત્માના હિતાહિત-હેયોપાદેય જેના મનમાં વસી ગયા નથી, તેથી જ તેને એના વિચાર ચાલતા નથી, દા.ત. અચરમાવર્તી જીવને. એ બાળ છે.

**એના જ વિચાર ચાલે, બીજા વિચાર નહિ; એ દિલમાં વસી ગયું ગણાય.**

**(૨) હિતાહિત મનમાં ઠસી ગયા એટલે ?**

હિતહિત-હેયોપાદેયને મનમાં વસાવવા ઉપરાંત મનમાં ઠસાવવાની જરૂર છે. 'ઠસાવવા' એટલે શ્રદ્ધા સાથેના એના દૃઢ સચોટ નિર્ધાર. આ નિર્ધાર એવા કે ગમે તેવા સંયોગ-પરિસ્થિતિમાં એ બદલાય નહિ. દા.ત. 'ક્ષમા હિતરૂપ ક્ષમા તારણહાર, ક્ષમા જ કર્તવ્ય'- આ નિર્ધાર અફર; પછી ભલે સામેથી માથાવાઢ ઘા આવે તો પણ ત્યાં દિલને ક્ષમા જ કર્તવ્ય લાગે, ક્રોધ નહિ. આ દિલને ક્ષમા તારણહાર તરીકે ઠસાવી ગણાય.

**(૩) હિતાહિત મનમાં રસી ગયા એટલે ?**

હિતહિતને દિલમાં વસાવવા, ઠસાવવા, ઉપરાંત રસાવવાની જરૂર છે; અર્થાત્ દિલ એનું રસિયું બની જાય. દા.ત. ભગવાનની ભક્તિ દિલમાં વસી, અને દિલને ઠસી ગઈ, પછી હવે દિલ પ્રભુભક્તિનું રસિયું બનાવી દેવાનું. બીડીના વ્યસનીનું દિલ એનું રસિયું બની ગયું હોય છે, એટલે આઘો જાય પાછો જાય,



બીડી પીવાનો રસ એવો કે ઝટ બીડી ફુંકવા માંડે છે. બીડી ન મળે ત્યાં સુધી એને ચેન પડતું નથી, ને એને શોધવા માંડે છે, ને મળતાં ને ફૂંકાતા અવર્ણનીય આનંદ અનુભવે છે. બસ, એ પ્રમાણે ભક્તિના રસિયાને પ્રભુભક્તિ ન મળતાં ચેન ન પડે, ભક્તિની ઝંખનામાં રહે છે કે 'ભક્તિ ક્યાં મળે ? ક્યારે મળે ?' અને પ્રભુભક્તિ કરવાની મળી જતાં અને ભક્તિ કરતી વખતે એને અવર્ણનીય આનંદ થાય છે. આ ભક્તિના રસિયાનું લક્ષણ.

સારાંશ આ છે કે હિતાહિતનો વિવેક લાવવા આ કરવાનું. હિતાહિતને દિલમાં વસાવી-ઠસાવી-રસાવી દેવાના. દિલમાં હિતપ્રવૃત્તિ અને અહિતત્યાગનો ભારે રસ ઊભો કરવાનો. દિલ એનું રસિયું બની જાય. દિલમાં એ સિવાય બીજું આવે નહિ; તેમજ હિત જ તારણહાર, અહિત મારણહાર,- એવું દિલને નિશ્ચિત ઠસી જાય; અને હિતના આદર અને અહિતના ત્યાગનો રસ જાગી જાય.

**પ્ર.**- અહીં ગાથામાં **'જાયતે નૃણાં'** પરથી યોગબીજ ગ્રહણ મનુષ્યોને જ થવાનું કેમ કહ્યું ? શું બીજા જીવોને ન થાય ?

**ઉ.**- મનુષ્યોને થવાનું એટલા માટે કહ્યું, કે પ્રાયઃ એ યોગબીજ-સાધના મનુષ્યોને હોય. બાકી તો ચારે ગતિનાં પંચેન્દ્રિય જીવોમાં ક્વચિત એ હોવાનો સંભવ છે. વિવિધ જિનોપાસના, આચાર્યાદિ-વૈયાવચ્ચ, અભિગ્રહ-પાલન, શાસ્ત્રની લેખનાદિ ઉપાસના, એ યોગબીજોની સાધના તિર્યંચ પશુ કે નરકના જીવ શું કરી શકે ? દેવતા રંગરાગ-સુખમાં પડેલા, તેમજ એમને તેવી સામગ્રી નહિ એટલે એ પણ શું કરી શકે ? જોવાની ખૂબી છે કે ચારે ગતિમાં સમ્યક્ત્વ ઉત્પન્ન થઈ શકે છે, પરંતુ મનુષ્યને સમ્યક્ત્વ ઉત્પન્ન અને સ્થિર કરવા માટે જેવી યોગબીજ-સાધનાની સામગ્રીની સગવડ મળી શકે છે, એવી બીજી ગતિના જીવોને નથી મળી શકતી. આ સૂચવે છે કે-

**મનુષ્ય યોગબીજ-સાધનાનો અધિકારી છે.**

**કેમ જાણે મનુષ્યને એ આરાધનાનો સોલરાઈટ એકાંગી અધિકાર મલી ગયો !**

માણસ બીજા-ત્રીજા અધિકારના ફાંફા મારે છે ! એ અધિકાર મળ્યાના સંતોષ માને છે ! અભિમાન કરે છે ! પરંતુ

**એ સત્તા-સંપત્તિ આદિના અધિકાર અંતે દુર્ગતિના અધિકારી બનાવનારાં છે.**

**કેવા આપણને સુખદ અધિકાર ! :-**

સત્તા-સંપત્તિના અધિકાર બજાવ્યાથી દુર્ગતિના અધિકારી બનવાનો એને વિચાર જ નથી ! ત્યારે યોગબીજ-સાધનાનો અધિકાર મળી ગયાની પરવા



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

નથી ! વસ્તુસ્થિતિ જોઈએ તો દેખાય કે કેવી કેવી સદ્ વસ્તુના ને કેવી કેવી આત્મ-સંપત્તિના આપણને અધિકાર મળી ગયા છે ! (૧) પહેલાં તો કેવો મનમાં અરિહંતને અને નવકારને રાખવાનો અધિકાર ! (૨) કેવા દયા-દાન-શીલ-તપના અધિકાર ! (૩) કેવાક શુભવૃત્તિ-જિનભક્તિ-સાધુસેવા-પરોપકારના અધિકાર ! કેવોક શુભ અધ્યવસાય-શુભભાવની સતત ધારા ચલાવવાનો અધિકાર ! આ મનુષ્ય-સુલભ ભાવો છે. ત્યારે પશુસુલભ ભાવોમાં શું આવે ?

**પશુસુલભ ભાવોમાં ચિંતા-સંતાપ અને સંજ્ઞાઓના ભાવોની વિટંબણાઓ આવે.**

પરંતુ ગમાર જીવને આ અનંત કલ્યાણ-સાધક ને પરલોક-ઉજાળક અધિકારની કિંમત નથી ! અધિકાર અમલી કરવાની પરવા નથી ! ગરજ નથી ! એટલે એ ક્ષમાદિ છોડી પશુસુલભ ક્રોધ, કષાય, આહારસંજ્ઞાઓ ને દુનિયાદારીમાં રચ્યો-પચ્યો રહે છે. એને વિચારો એના, બોલ એના, ને વર્તાવ-પ્રવૃત્તિ એની ને એની જ ! પરંતુ એથી શું પામે છે ? ચિંતાઓ, સંતાપ, ને વિટંબણાઓ ! અને અંતે દુઃખમય મોત ! નહિતર એક શુભ ભાવનો અધિકાર બજાવનારો તો જુલ્મગારની સામે પણ વિચારી શકે છે કે, 'આ બહુ બહુ કરે તો મારા પ્રાણનો વિયોગ કરાવી શકે, પરંતુ મારા શુભભાવ ને નવકાર તથા અરિહંત સ્મરણને તોડવાની એની તાકાત નથી.

ભાવમલ બહુ ક્ષીણ થયે માણસને યોગબીજની સાધનાનો અધિકાર મળી જાય છે. એને બરાબર બજાવી લેવો જોઈએ. હવે આ ભાવમલ ક્યાં બહુ ક્ષીણ થયો હોય છે, તો કે ચરમાવર્તકાળમાં.

જીવોને ભાવમલનો બહુ ક્ષય ચરમ પુદ્ગલપરાવર્તકાળમાં પ્રવેશતાં થયો હોય છે. બહુ ક્ષય થયો હોય તો જ એ ચરમાવર્તમાં છે, તે પૂર્વે અચરમાવર્તમાં બહુ થાય નહિ; ને ચરમાવર્તમાં જ યોગબીજ-ગ્રહણ થાય.

**પ્ર.**- અચરમાવર્તમાં કેમ યોગબીજ-ગ્રહણ નહિ ?

**ઉ.**- જેમ બાલ્યવયમાં ચૈતન્ય અવ્યક્ત અર્થાત્ વિવેક-ગતાગમ વિનાનું હોય છે, એમ અચરમાવર્તકાળમાં જીવનું ચૈતન્ય અવ્યક્ત હોય છે, પુખ્ત પરિપક્વ નહિ. એટલે કે વિવેક-ગતાગમ વિનાનું હોય છે, તેથી જેમ અવિવેકી બાળક વેપારાદિ શું ? એ ન સમજી શકે. એમ આ અવિવેકી અચરમાવર્તી જીવ 'યોગ શું ? યોગબીજ શું ? યોગબીજ ગ્રહણ કેવી રીતે ?' એ કશું સમજી શકતો નથી. એ તો

**જેમ બાળકને રમકડાં ને ખેલવાનું જ ગમે. એમ અવિવેકીને ઈન્દ્રિયોના વિષયો અને એ ભોગવવાનું જ ગમે છે,** કે જે સરાસર આત્માને અહિતરૂપ છે.



**हिताहितविवेकशून्यो बालः ।** અચરમાવર્તી જીવ હિત-અહિતના વિવેક વિનાનો હોઈ બાળ જ છે. એને ગમે તેટલા ઉપદેશ મળે છતાં એ બૂઝે નહિ, એની એને અસર જ ન થાય. બાળકની આગળ 'વેપાર કેમ થાય, એના લાભ કેવાં...' વગેરે ગમે તેટલો ઉપદેશ આપેલો એને સંજ્ઞાન ન કરી શકે. બાળકને એની કશી અસર નહિ. કેમ ? તો કે બાળકની અવ્યક્ત અપક્વ વયનો કાળ જ એવો; એમ અચરમાવર્તી જીવની અવ્યક્ત-અપક્વ ચૈતન્યદશાનો કાળ જ એવો, કે એને હિતમાર્ગ-સંવરાદિનો અને અહિતમાર્ગ-આશ્રવાદિનો બોધ જ ન થાય. આશ્રવ-સંવરનો વિવેક જ ન આવે. એટલે કે એને વિચાર જ નહિ, કે ઈન્દ્રિય-કષાય-અવ્રત વગેરે અહિતકારી આશ્રવો છોડવા યોગ્ય છે; ને વૈરાગ્ય, ત્યાગ, ઈન્દ્રિય-નિયંત્રણ, ક્ષમાદિધર્મ, વ્રત-નિયમો... વગેરે હિતકારી સંવર જ આદરવા જેવા છે.

**અવિવેકીને ઉપાદેયભાવ અને મનનો ઢાળ જ ઊંધો,-**

સારાં સારાં ખાનપાનમાં ઉપાદેયભાવ, પણ તપસ્યામાં નહિ ! દુન્યવી મનોહર પદાર્થોના ભોગવટામાં ઉપાદેયભાવ, ત્યાગમાં નહિ ! વેપાર-સંપત્તિ-પરિગ્રહમાં ઉપાદેયભાવ, દાનાદિ ધર્મમાં નહિ ! નિદ્રા-આરામીમાં ઉપાદેયભાવ, પણ સ્વાધ્યાય-સદ્ભાવના-સત્ચિંતન-મનમાં નહિ ! પછી એ તપ વગેરે આત્માને હિતરૂપ સમજી આદરવાની વાત જ ક્યાં ? હૈયાનો ઢાળ જ આશ્રવો તરફ, દુનિયાદારી તરફ; પછી હૈયું ભગવાન તરફ કે ભગવાને કહેલા ધર્મ તરફ ઢળે જ શાનું ? કદાચ દેખાવમાં એ ભગવાનને ભજતો ય દેખાય, યા ધર્મ સાધના કરતો ય દેખાય, પણ બધું દુન્યવી સુખની સ્વાર્થ-માયાથી કરતો હોય.

આ બધાનું કારણ છે ભાવમળની અધિકતા. એનો પ્રભાવ એ છે, કે એ દુન્યવી વિષયો અને દુન્યવી પ્રવૃત્તિને જ સારરૂપ દેખાડે. ત્યારે યોગબીજની સાધના તો 'જિનોપાસનાદિ યોગબીજ જ સારભૂત, અને દુન્યવી પદાર્થ-પ્રવૃત્તિ અસાર' માનીને કરવાની છે.-

**ધર્મસાધના, બીજું બધું અસાર લેખીને કરો તો જ, એ આત્મહિતકર બને.**

દા.ત. ગુરુસેવા કરવી હોય, ત્યાં મનને એમ થાય કે આ સંસારમાં અનંતાની સેવાઓ કરી, સેવામાં કમ્મર તોડી નાખી, પરંતુ ફળમાં ભવના ફેરા ઊભા રહ્યા, માટે-

એ બધી દુન્યવીની સેવા અસાર ! ને ગુરુસેવા મહાસારભૂત !

કેમકે ગુરુ દીવો છે, હિતાહિતનો પ્રકાશ આપે, ને સન્માર્ગે ચડાવે, માટે મહા ઉપકારી. આમ બીજું બધું અસાર લેખીને નિષ્કામ ગુરુસેવા કરે તો એ આત્મહિતકર થાય. પરંતુ એ ભાવમલ બહુ ક્ષીણ થઈને જીવ ચરમાવર્તમાં આવ્યો


E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

હોય તો જ બને. ચરમ (અંતિમ) પુદ્ગલ પરાવર્તકાળમાં જ ભાવમલ બહુ ક્ષીણ થયો હોવાનું યુક્તિસિદ્ધ છે.

હવે ભાવમલ બહુ ક્ષીણ થવાથી જીવોનું સ્વરૂપ કેવું હોય તે માટે કહ્યું છે,-

## • ભાવમલ ક્ષયનાં ૩ લક્ષણ •

ભાવમલ બહુ ક્ષય પામ્યો અને જીવ ચરમાવર્તમાં આવ્યો એના સ્વરૂપમાં ૩ લક્ષણ-

**दु:खितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च ।**
**औचित्यात्सेवनं चैव सर्वत्रैवाविशेषतः ।।३२।।**

(૧) દુ:ખિત જીવો પર અત્યંત દયા,

(૨) ગુણવાન પર ઈર્ષ્યા નહિ, ને

(૩) દીન આદિ પ્રત્યે ઔચિત્યપૂર્વક સમાન વ્યવહાર.

આ ત્રણ લક્ષણ એવાં બતાવ્યાં છે, કે આપણને આપણી જાતનું માપ કાઢી શકીએ, કે આપણો ભાવમલ બહુ ક્ષય પામ્યો છે ને ? ધ્યાનમાં રાખવાનું છે કે દુન્યવી સુખની ઈચ્છાથી ધર્મનાં કષ્ટો ઘણાં ઉપાડીએ, પરંતુ જો આ મૂળભૂત લક્ષણોની પરવા-ગરજ ન હોય, તો ભાવમલનો બહુ ક્ષય થયો નહિ માની લેવાનો અને એ વિના ધર્મકષ્ટ માત્ર કાય-ક્લેશરૂપ થાય. એનાથી આત્મિક લાભના વાંધા. માટે, આ ત્રણ લક્ષણો જીવનમાં જીવંત રાખવાની પહેલી જરૂર છે. એમ કહેતા નહિ,-

**પ્ર.**- તો શું આ લક્ષણો જીવનમાં ન ઊતરે ત્યાંસુધી ધર્મકષ્ટ ઉપાડવાનું છોડી દેવું ?

**ઉ.**- ના, છોડી નહિ દેવાનું, પણ કષ્ટમય ધર્મસાધના સાધતાં આ ધ્યાન રાખવાનું, કે મારે ધર્મ કરીને મારા આત્મામાં આ ત્રણ લક્ષણ લાવવા છે.

**પ્ર.**- ધર્મસાધના ન કરીએ તો પણ દુ:ખી પર અત્યંત દયા વગેરે આ ત્રણ લક્ષણો પર મન લગાવવાથી લક્ષણ પ્રાપ્ત થઈ શકે છે, તો પછી એમાં ધર્મસાધનાનો વિશેષ ઉપયોગ શો રહ્યો ?

**ઉ.**- ઉપયોગ આ છે કે જેવું ધર્મસાધનામાં રહેવામાં મનને આ દયાદિ લક્ષણો પર લગાવવાનું અનુકૂળ રહે છે; એવું દુન્યવી વિષયોની પ્રવૃત્તિમાં અનુકૂળ નહિ. ધર્મનો સંપર્ક રહે છે ત્યાં, એથી દિલ કૂણું તથા શુભ ભાવભર્યું રહે છે, એટલે એમાં ત્રણ લક્ષણ સિદ્ધ કરવાનો સારો અવકાશ રહે છે. ધર્મસાધનાને બદલે સ્વાર્થ-માયા અને વિષય-વિલાસ તથા આરંભ-સમારંભમય દુનિયાદારીમાં એવી હૈયાની કુણાશ અને શુભ અધ્યવસાયો ક્યાંથી લાવવા ? એટલે જ આ ત્રણ લક્ષણ



સિદ્ધ ન થયા હોય તોય ધર્મસાધના કરતા રહેવાથી એને સિદ્ધ થવાનો જે અવકાશ રહે, એ ધર્મસાધનાને બદલે દુનિયાદારીમાં રચ્યાપચ્યા રહેવામાં ન રહે.

### (૧) દુ:ખિત પર અત્યંત દયા

પહેલું લક્ષણ છે, શરીર કે મનથી દુ:ખિત જીવો પર આપણા દિલમાં અત્યંત દયા; અર્થાત્ દુ:ખિતને જોઈને દિલ દયાળુ હોય, દયાર્દ્ર બને. (૧) શરીરથી દુ:ખિત હોય, રોગની પીડાવાળા હોય, યા ગુલામીના ત્રાસ-અપમાન-તિરસ્કાર-મારપીટ વગેરેથી દુ:ખિત હોય, ત્યારે (૨) મનના દુ:ખિત યાને કોઈ ચિંતા-શોક-સંતાપ-ભય-શંકા રોગ વગેરેથી પીડિત હોય; એમને જોતાં દિલ દયાથી દ્રવી જાય 'બિચારાને કેવીક પીડા છે !' ત્યાં દિલ કઠોર ન રહે, પછી ભલે એ દુ:ખિત પીડાઈ રહેલો માણસ શત્રુ હોય યા દુષ્ટ કે ચોર વગેરે ગુનેગાર હોય. દા.ત. એક શ્રાવકનો પ્રસંગ આવે છે.

**શ્રાવકની ચોર પર દયા :-**

રાજાએ કોઈને ચોર તરીકે શૂળિયે ચડાવ્યો છે. ત્યાં થઈને જતાં એક શ્રાવક પાસે ચોર તરસ્યો થયેલો પાણી માગે છે. શ્રાવકને દયા આવી જાય છે, એટલે દયાથી એને કહે છે,

"ભાઈ ! તું 'નમો અરિહંતાણં' રટ, હું પાણી લાવી આપું છું."

પાણી લઈને આવતા પહેલાં પેલો મરે છે, પણ નવકારની રટણામાં ! તે મરીને દેવ થાય છે ! અહીં શ્રાવક ચોરને પાણી લઈને આપવા આવે છે, એટલે એને ચોરનો સાગ્રીત માની રાજા એને મારવા લે છે, ત્યાં પેલા દેવતાએ નગર પર મોટી શિલા વિકૂર્વી ને નીચે ઉતારવા માંડી ! દેવે ચમત્કાર બતાવતાં રાજા શ્રાવકની ક્ષમા માગે છે. ચોર પણ જો પીડાતો છે તો એના પર દયાનું આ ફળ.

**શ્રાવિકાની સાપ પર દયા :-**

સાપ ઝેરી પ્રાણી છે, પરંતુ એને કોઈ મારી નાખવા જતું હોય, તો એના પર પણ દયા આવે. રાધનપુરમાં નગર બહાર મુસ્લિમો એક સાપ જતો જોઈ લાકડીઓ ઉગામી મારી નાખવા તૈયાર થયેલા. એવામાં એક શ્રાવિકા બેન ત્યાં જતા હતા. એમણે કહ્યું, 'બિચારા આ જીવને શું કામ મારી નાખો છો ?'

પેલા કહે, 'સાપને શું મારી ન નાખે તો પૂજા કરે ? તારે જોઈએ તો લઈ જા, નહિતર અમે તો મારી નાખવાના !'

શ્રાવિકાને ખાતરી કે 'આપ ભલા તો જગ ભલા.'

શ્રાવિકા બેને જમીન પર સાડલાનો પાલવ પાથરી સાપને કહ્યું, 'આવો નાગમામા ! આમાં આવી જાઓ. તમને જંગલમાં મૂકી દઉં.'



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સાપને સંજ્ઞા કેવી કે વાતાવરણ સમજી જઈ સીધો પાલવમાં આવી ગુંચળું વળી બેઠો. શ્રાવિકા બેને પાલવ સંકોરી પોટલીની જેમ ઉપાડી જંગલમાં લઈ જઈ એને છોડી દીધો.

**શ્રીપાલની દુશ્મન કાકા પર દયા :-**

બાળ શ્રીપાળકુમારના પિતાનું ખૂન કરાવી કાકો અજિસેન ચંપાનગરીનો રાજા બની બેઠેલો. માતા રાણી બાળને લઈને ભાગેલી. ક્રમશઃ શ્રીપાળ મોટો થઈ મયણાસુંદરી અને બીજી આઠ રાજકન્યાઓ પરણ્યો. દશ રાજાઓ એની આજ્ઞામાં આવી ગયા છે. પિતાનું રાજ્ય લેવા એ લશ્કર સાથે આવે છે. કાકા અજિતસેન રાજાને કહેવાડ્યું,-

'તમે અત્યાર સુધી રાજ્ય સંભાળ્યું- સાચવ્યું એ તમારો ઉપકાર. હવે હું મોટો થઈ ગયો છું, રાજ્યભાર સંભાળી શકીશ. તમે મને રાજ્યભાર મારા માથે મૂકી નિવૃત્તિ લઈ લો.'

કાકો એમ શેનો માને ? લડવા આવ્યો, પણ હાર્યો; એ ત્યાં જ યુદ્ધભૂમિ પર સંસારના કર્મની વિટંબણા દેખી, વૈરાગ્ય પામીને મનથી ચારિત્ર લઈ કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહી જાય છે ! શ્રીપાળ સમજ્યા કે, 'કાકાને અપમાન લાગ્યું, તેથી રીસમાં આમ ઊભા છે.' બસ, જો કે કાકા ભયંકર દુશ્મન છે, છતાં એમને અપમાનથી દુઃખિત જોઈ શ્રીપાળનું દિલ દયાથી દ્રવિત થઈ ગયું ! તે કહે છે-

'કાકા ! ક્ષમા કરો મારો અપરાધ. જાઓ સુખેથી રાજ્ય ભોગવો. મારે તમારું રાજ્ય નથી જોઈતું. પૃથ્વી ઘણી મોટી છે, હું બીજે રાજ્ય સ્થાપી લઈશ !'

દુઃખિત જીવો પર દિલમાં અત્યંત દયા આવે, તો આપણને ભાવમલ બહુ ક્ષીણ થવાનો સિક્કો લાગી જાય.

**અત્યંત દયા એટલે** 'સાનુક્રોશત્વ' અર્થાત્ દયાર્દ્રતા. એમાં (૧) દયા કરીને કોઈ સ્વાર્થ સાધી લેવાની લેશ પણ ઈચ્છા ન હોય, પણ સામાનું દુઃખ જોઈને સહજ ભાવે દિલ દયાથી પીગળી જાય. એમ (૨) દયાના ભાવની અખંડ ધારા-પરંપરા ચાલે; પરંતુ એમ નહિ કે હમણાં તો દિલમાં દયા ઊભરાઈ, પરંતુ પછી સામો કોઈ અજુગતું બોલ્યો-ચાલ્યો, એટલે એના પર દયા મટીને કઠોરતા આવે યા દ્વેષ થાય. ના, દયાની ધારા ચાલી તે ચાલી, અખંડ ચાલે, પણ તૂટી ન જાય. આ ત્યારે જ બને કે દયા અંતરમાં ગુણરૂપે પ્રગટ થઈ હોય કે અત્યંત દયા એટલે બસ દયા જ, દ્વેષ કે કઠોરતા નહિ. નરકના જીવો પોતાના પાપે પીડાઈ રહ્યા છે, છતાં એના પર પણ દયા ઊભરાય કે 'બિચારા કેવી ઘોર યાતનાઓ વેઠે છે !' એમ એને મારનારા પરમાધામી પર પણ દ્વેષ નહિ, કિન્તુ દયા આવે કે 'બિચારા કેવા તીવ્ર



મોહનીય કર્મથી અને પાપબુદ્ધિથી પીડાઈ રહ્યા છે ને આવા ઘોર કૃત્ય કરે છે !' પૂછો-

**પરમાધામી પર દયા કેમ આવે ? :-**

**પ્ર.-** આવા ઘોર ઘાતકી પરમાધામી પર દયા શી રીતે આવે ?

**ઉ.-** એ સમજીને આવે, કે (૧) એક તો અહીં બેઠા આપણે મારનાર પરમાધામી વગેરે પર દ્વેષ કરીએ એથી કાંઈ એ સુધરી જવાના નથી, ને દ્વેષથી આપણું બગડે છે. એ પોતાનાં ક્રૂર કાળાં કામ મૂકવાના નથી, ને આપણા દ્વેષથી આપણી પરિણતિ કઠોર થાય છે.

(૨) બીજું એ, કે આપણે જો મોક્ષના અર્થી છીએ એ માટે આપણા આત્માને ઊંચા ગુણસ્થાનકે ચડાવવો જોઈશે; અને એ તો જ બને, કે જો આપણે કૂણા મુલાયમ દિલવાળા બન્યા રહીએ, પણ નહિ કે દ્વેષિલા કઠોર દિલવાળા બનીને. એક વાર પણ દિલ દ્વેષિલું કરીએ એટલે એ કઠોર બની જાય. પછી એને કોમળ કરવા માટે નવેસરથી ઘણી જહેમત ઉઠાવવી પડે; કેમકે એક વાર પણ દ્વેષિલા બનવામાં અનાદિના દ્વેષના કઠોરતાના સંસ્કાર દૃઢ થઈ જાય છે.

**દૃઢ થયેલા દ્વેષ-સંસ્કાર કોમળતા જલ્દી ન આવવા દે.**

એટલા જ માટે. કુમારપાળ મહારાજાએ નવરાત્રિમાં એક બોકડાનો પણ ભોગ આપવાનું ન કર્યું, ને જાત પર કંટકેશ્વરી દેવીનો ગુસ્સાભર્યો ત્રિશૂળ-પ્રહાર વધાવી લીધો ! યાવત્... જીવંત બળી મરવા સુધીની તૈયારી કરી ! સમજતા હતા કે 'એક વારની પણ એવી હિંસામાં અનાદિના કઠોરતાના કુસંસ્કાર દૃઢ થાય, એને ભૂંસવાનું અને પુનઃ કોમળતાની પરિણતિ ઊભી કરવાનું ઘણું મુશ્કેલ;' માટે એમણે દયા પકડી રાખી. ધ્યાનમાં રહે,-

**ક્રૂરતા-કઠોરતા-દ્વેષ એ આત્માનો ભાવરોગ છે.**

એ મિટાવવા હજારોવાર દયારૂપે દયાનો પ્રયોગ કરતા રહેવાનું છે, તો એ રોગ મટીને દયા આત્મસાત્ થાય, સહજરૂપે સ્ફુરનારી બને, આત્મસ્વભાવ દયાનો બની જાય. ત્યારે આત્માને કંઈક આરોગ્ય પ્રાપ્ત થયું ગણાય. માંદા શરીર પર, આરોગ્ય લાવવા કેટકેટલીવાર દવાદિના પ્રયોગો કરવા પડે છે ? સ્વાર્થ હોય ત્યાં એ સાધવા કેટલીય વાર પ્રયોગો કરીએ છીએ ? તો પછી

**આ ઊંચા જનમમાં દુઃખિત પર દયાના પ્રયોગ કરતા રહેવામાં બાકી રાખીએ ?**

❖ ❖ ❖



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

## જૈનશાસનની અસાધારણ વિશેષતા નયવાદ-અનેકાંતવાદ

(૨૨)

# નિશ્ચય અને વ્યવહાર

(સોનગઢથી પ્રસિદ્ધ થતા **‘આત્મધર્મ’** નામના માસિકના એક અંકમાંના ‘વ્યવહારમૂઢ જીવોનો અભિપ્રાય’ એ શીર્ષકના લેખ તરફ પૂ. મહારાજશ્રીનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. એમાં પણ કહેવામાં આવ્યું હતું કે આજસુધી યદ્યપિ એમા શ્વેતાંબર મતનું ખંડન આવતું, પણ નામ દઈને નહોતું આવતું. જ્યારે આમાં પ્રખર વિદ્વાન ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી મહારાજનું નામ લઈને, એમની અધુરી પંક્તિઓનું અન્યાયી ઉદ્ધરણ કરી, એમને વ્યવહારમૂઢની કોટિમાં ચિતરવામાં આવ્યા છે. માટે એના પર સત્ય પ્રકાશ પાડવાની જરૂર છે. આ હિસાબે પૂજ્યશ્રીએ એ અંક વાંચ્યો. ત્યાં તો વધારામાં એ જોયું કે એમાં તો ખુદ મહાવીર પ્રભુના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામીજીને પણ વ્યવહારમૂઢ ઠરાવ્યા છે. તેથી પૂજ્યશ્રી તરફથી એનો પ્રતિકાર કરવા સાથે સોનગઢના **એકાંતવાદના બનાવટી નિશ્ચય-વ્યવહાર** અને જૈન શાસનના **અનેકાન્તવાદના સાચા નિશ્ચય-વ્યવહારનું** વિવેચન તૈયાર કરવામાં આવ્યું છે. તે અહીં આપવામાં આવે છે.)

**જૈનશાસન અનેકાંતવાદી છે; તેથી એ વ્યવહારયુક્ત નિશ્ચયને અને નિશ્ચયયુકત વ્યવહારને માને છે, પણ નહિ કે એકાંત વ્યવહારને કે એકાંત નિશ્ચયને.**

છેલ્લા કેટલાક વર્ષોથી સોનગઢમાં કાનજીમતે એક નવીન ઢબનો નિશ્ચયનય ઉપદેશવામાં આવે છે. એમાં આગળ વધીને **શ્રી સર્વજ્ઞ કથિત વ્યવહારયુક્ત નિશ્ચયનયને** પ્રચારનારા શ્રુતકેવલી ભગવંત પૂ. ગણધરદેવને તથા મહાન તાર્કિક-શિરોમણિ પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજને વ્યવહાર મૂઢ કહેવાની ધૃષ્ટતા કરવામાં આવે છે. તેથી એનો પ્રતિકાર આવશ્યક છે. એમાં પહેલું એ જુઓ કે ‘એ ઉપદેશનો મૂળભૂત મુખ્ય વિષય જે કહેવાતો નિશ્ચય છે, તે કેવા પોકળ છે ! અને જો એ પોકળ છે, તો એના જોર પર વ્યવહારમૂઢતાનો આક્ષેપ કરવો એ પણ કેવો પોકળ છે !’ એમનો નિશ્ચયનય પોકળ છે. માટે જ એને આપણે નવીન ઢબના નિશ્ચયનય તરીકે ઓળખવાનો છે. આ ઓળખાણ સપ્રમાણ છે. આ



રહ્યા એના સચોટ પ્રમાણ :-

**કાનજીમતનો નિશ્ચયનય નવીન ઢબનો અને પોકળ એટલા માટે છે કે,**

**(૧) એને મોં-માથું નથી.**

**(૨) એ જૈનશાસન માન્ય અનેકાન્તવાદની શૈલીથી તદન વિરુદ્ધ જઈ એકાંતવાદમાં ઠરી બેસે છે.**

**(૩) એ મતવાળાના પોતાના જ શબ્દો પરસ્પરમાં વિરોધ કરે છે.**

**(૪) એ મતવાળાની પ્રવૃત્તિ પણ પોતાના જ મતના વિરોધમાં ઉતરે છે.**

**(૧) સોનગઢના કાનજીમતને મોં-માથું નથી :-** અહીં પહેલી વાત જોઈએ. ‘એને મોં માથું નથી’-એનો અર્થ એ છે કે વાતવાતમાં એ નિશ્ચય નિશ્ચય કહ્યા કરે છે. **એ કહે છે કે “નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ. નિશ્ચયના આશ્રયે જ મોક્ષમાર્ગની શરૂઆત છે. નિશ્ચયની દૃષ્ટિ વિના બધું વ્યર્થ છે. નિશ્ચય મુખ્ય છે, વ્યવહાર ગૌણ છે. વ્યવહારને મુખ્ય માર્ગ માની લેનારા વ્યવહારમૂઢ છે...” વગેરે વગેરે.** પણ આમાં ખરું તો એજ વિચારવામાં નથી આવતું કે **‘નિશ્ચય એટલે શું ?’** એ તો જાણે એમ સમજે છે કે નિશ્ચય એટલે શુદ્ધ આત્મા કે એવી કાંઈ એક ચોક્કસ વસ્તુ. જ્યારે ખરું જોતાં ‘નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ’ એ વાક્યમાં ‘નિશ્ચય’ શબ્દનો અર્થ ‘નિશ્ચયનયની વસ્તુ’ કરવાનો છે. અર્થાત્ નિશ્ચયનયની વસ્તુ વિના વ્યવહારનયની વસ્તુ સફલ નથી. અહીં જુઓ કે નિશ્ચય એ કોઈ માત્ર એક જ નિયત વ્યક્તિ નથી; પણ જુદી જુદી અનેક વ્યક્તિ છે. તે એ રીતે;-નય એટલે મત, નય એટલે દૃષ્ટિ. નિશ્ચયનય એટલે નિશ્ચયદૃષ્ટિ. વસ્તુએ વસ્તુએ નિશ્ચયદૃષ્ટિ જુદી પડે છે. નિશ્ચયથી એક વસ્તુ કરતાં નિશ્ચયથી બીજી વસ્તુ જુદી હોય છે. બીજી રીતે કહીએ તો એક વસ્તુના નિશ્ચય કરતાં બીજી વસ્તુનો નિશ્ચય જુદો. દા.ત. નિશ્ચયનયે આત્મા એ જુદી ચીજ અને નિશ્ચયનયે મોક્ષ જુદો; નિશ્ચયનયે મોક્ષમાર્ગ જુદો; ત્યારે નિશ્ચયદૃષ્ટિએ ધર્મ વળી જુદી જ વસ્તુ છે.

**પ્રમાણજ્ઞાન અને નયજ્ઞાન :-** આને સમજવા માટે પહેલાં નય, દૃષ્ટિ કે મત એ શું છે એ જાણવું જરૂરી છે. જગતમાં કોઈપણ વસ્તુને આપણે જ્ઞાનથી જાણીએ છીએ, એ તો ખરું ને ? ત્યાં વસ્તુને જણાવનારું જ્ઞાન બે પ્રકારનું હોય છે. એનું કારણ એ છે, કે વસ્તુ પોતે કાં તો સમગ્રભાવે જોવાય છે. અગર એના અમુક અંશે જોવાય છે. એ બે રીતે જોવાના હિસાબે જ્ઞાન બે પ્રકારે. એમાં **વસ્તુને સમગ્રરૂપે બતાવનાર જ્ઞાન પ્રમાણ કહેવાય છે; અને અંશે બતાવનાર જ્ઞાન નય કહેવાય છે.** ચક્ષુથી સમગ્રપણે ઘડો જોયો એ પ્રમાણ જ્ઞાન થયું. પણ ઘડો અનિત્ય તરીકે જાણ્યો, તે નયજ્ઞાન થયું. કેમકે અનિત્યતા એ ઘડાનો એક અંશ છે; અને



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

વસ્તુનું અંશે થતું જ્ઞાન એ નયજ્ઞાન છે. નયજ્ઞાનની જેમ નયનું કથન પણ હોય છે.

**નિશ્ચય : વ્યવહારદષ્ટિ :- નયજ્ઞાન થવા માટે અપેક્ષાની જરૂર રહે છે.** કોઈને કોઈ અપેક્ષા મનમાં રાખીને જ આપણે વસ્તુને અમુક અંશે જોઈએ છીએ-સમજીએ છીએ. દા.ત. ઘડાને એની ચોક્કસ આકૃતિની અપેક્ષાએ આકૃતિ સદા ટકવાની નથી. એમ જો કહેવાય કે 'આ ઘીનો ઘડો છે,' તો એ કથન નયજ્ઞાનમાંથી જન્મ્યું છે. ત્યાં ખાસ કરીને ઘી ભરવાની અપેક્ષાએ જાણીએ છીએ કે ઘડો ઘીનો છે, પાણીનો કે તેલનો નહિ. ઘડામાં ઘણા અંશ છે, એમાં ઘડાનો શું સંગ્રહવાનો ઉપયોગ છે, એ અપેક્ષાએ વિચારતાં દેખાય છે કે એ ઘી ભરવાને કામ લાગે છે, તો એ પણ એક અંશ છે. એ અંશે ઘડાને જોતાં 'ઘીનો ઘડો ! એવું જ્ઞાન થાય છે. આ **વ્યવહાર-દષ્ટિની** વાત છે. પણ અહીં કોઈ સામું પૂછે કે શું ઘીમાંથી ઘડો બનાવ્યો છે ? અર્થાત્ ઘડો શું નરદમ થીજ્યા ઘીનો બનેલો છે ? તો કહેવું પડે કે 'ના, એમ તો ઘડો ઘીનો નહિ પણ માટીનો બનેલો છે.' આમાં ઘડો ઘીનો નહિ પણ માટીનો છે.' એમ જે દેખાય છે, એ નયજ્ઞાન છે. એમાં પણ પ્રશ્ન થાય કે ઘડો ઘીનો નહિ પણ માટીનો લીધો તે વસ્તુના સ્વરૂપનો અંશ લીધો. એ અંશને લઈને 'ઘડો માટીનો છે' એમ જે દેખાય છે, એ નયજ્ઞાન છે. એમાં પણ પ્રશ્ન થાય કે ઘડો માટીનો કહો છો ત્યાં શું ઘડો અને માટી જુદા છે ? તો કહેવાય કે 'ના ભાઈ ! ના, ઘડો અને માટી જુદા નથી.' **ઘડો માટીનો** છે. એનો અર્થ એ છે કે ઘડો **માટીમય** છે. આ કથન **ઘડાના વસ્તુસ્વરૂપની** દષ્ટિએ અર્થાત્ નિશ્ચયની દષ્ટિએ છે. પૂર્વે 'ઘડો ઘીનો છે' એમ કહ્યું હતું તે વ્યવહાર દષ્ટિની વાત હતી.''

**બીજી દષ્ટિઓ :-** આના પરથી એ આવ્યું કે વસ્તુનું જ્ઞાન **અંશે** કરવાનું જે થાય છે તે વ્યવહારદષ્ટિએ પણ હોઈ શકે, તેમ વસ્તુ સ્વરૂપની દષ્ટિએ પણ હોઈ શકે છે; વસ્તુ સ્વરૂપની દષ્ટિ એટલે મૂળ ઉપાદાનની દષ્ટિ, અર્થાત્ નિશ્ચયદષ્ટિ. એ રીતે વ્યવહારદષ્ટિ અને નિશ્ચયદષ્ટિ,-એમ બે દષ્ટિ જોઈ. આ સિવાય બીજી પણ દષ્ટિઓ છે, જેવી કે, દ્રવ્યદષ્ટિ-ભાવદષ્ટિ, શબ્દદષ્ટિ-અર્થદષ્ટિ, જ્ઞાનદષ્ટિ-ક્રિયાદષ્ટિ વગેરે વગેરે. પ્રસ્તુતમાં આપણે નિશ્ચયદષ્ટિ અને વ્યવહાર દષ્ટિનો પ્રસંગ વિચારવાનો છે.

**નિશ્ચયમૂઢ એકાંતવાદી :-** પ્રખર ન્યાયાચાર્ય પૂ. ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજને વ્યવહારમૂઢની ગાળ દેનાર પહેલું પોતાને માટે જોવું ભૂલી જાય છે કે 'હું **નિશ્ચયમૂઢ** ખરો કે નહિ ?' **જૈનશાસન અનેકાંતવાદી છે, તેથી એ વ્યવહારયુક્ત નિશ્ચયને અને નિશ્ચયયુક્ત વ્યવહારને માને છે, પણ નહિ કે એકાંત વ્યવહારને કે એકાંત નિશ્ચયને.** તેથી એકલા નિશ્ચયના પક્ષપાતીઓ જો સાચા



અનેકાંતવાદી મૂર્તિપૂજક શ્વેતામ્બરોને માત્ર વ્યવહારમાર્ગના એકાંતવાદી સમજીને એમના પર 'વ્યવહારમૂઢનો આક્ષેપ કરવા તૈયાર થાય છે, તો તે તેમનો અન્યાય છે. તેમની ભ્રમણા જ છે. કેમકે એકાંતે વ્યવહારને મુખ્ય કરતા નથી. એ તો નિશ્ચય અને વ્યવહાર બંનેને માને છે. પણ ઊલટું આક્ષેપકો પોતે નિશ્ચયનો એકાંત પકડતા હોવાથી નિશ્ચયમૂઢ સાબિત થાય છે.'

**ક્યાં ભૂલે છે ? :-**

''વસ્તુના સ્વરૂપ તરફ દષ્ટિ રાખનારો 'નિશ્ચયમત' છે, માટે તે તો મુખ્ય છે; એ વસ્તુના બાહ્ય ઢંગ તરફ જોનારો **વ્યવહારમત** છે, માટે તે ગૌણ છે. તે ઔપચારિક છે.-'' એવું કહેનારા કે માનનારા આ નિશ્ચયવાદીઓ વ્યવહારને જાણે આભાસરૂપ સમજે છે, નિરુપયોગી સમજે છે, વસ્તુના સ્વરૂપની સાથે બીલકુલ લેવાદેવા વિનાનો સમજે છે. ખરી રીતે **વ્યવહાર મતના હિસાબે જે વસ્તુસ્થિતિ બને છે તે પણ એક નક્કર હકીકત છે.** એની ઉપેક્ષા થાય નહિ. દા.ત. **નિશ્ચયથી આપણો આત્મા અનંતજ્ઞાનાદિગુણમય છે; પણ વ્યવહારથી** એજ આપણો આત્મા **કર્મબદ્ધ** છે, **અજ્ઞાની** છે, ને **મનુષ્યત્વાદિ પર્યાયવાળો છે.** હવે જો આ વ્યવહારમતની વસ્તુ-સ્થિતિને એક નક્કર મોજુદ હકીકત ન સમજતાં કાલ્પનિક બાબત સમજીએ તો તો પહેલો જ પ્રશ્ન એ થાય કે એ હિસાબે તો **આત્મા અનંતજ્ઞાનાદિમય ને શુદ્ધ જ છે,** (કેમકે કાલ્પનિક વ્યવહારથી વસ્તુ સ્વરૂપને વાંધો નથી આવતો,) તો **પછી મોક્ષમાર્ગની આરાધના કરવાનું કામ જ શું છે ?** આરાધના તો અશુદ્ધને શુદ્ધ કરવા માટે હોય; પણ **વ્યવહારિક મનાતી અશુદ્ધતાની જો વસ્તુસ્થિતિ જ ન હોય, તો તો** અશુદ્ધતા અસત્ થઈ. કલ્પિત થઈ; **એને શું દૂર કાઢવી'તી ?**

બીજું એ પણ છે કે અશુદ્ધપણાની જો વસ્તુસ્થિતિ જ ન હોય તો આત્માઓના **'મુક્ત'** અને **'સંસારી'** એવા બે ભેદ શાના ? ત્યારે જો એમ કહો કે ''ભેદ પણ **કલ્પિત** છે કિન્તુ **વસ્તુસ્થિતિ** નથી.'' તો તો પછી એવા પ્રકારનું નિર્મલ દર્શન થયેલા પુરુષને કશું કરવાનું રહેતું નથી. પછી ઉપદેશ શા ? દ્રવ્યદષ્ટિ શી ? શુદ્ધ પર્યાયનું લક્ષ રાખવાનું શું ? કલ્પિત સંસારને માત્ર કલ્પનામાંથી કાઢી નાખવાનો એટલું જ કર્તવ્ય રહે. તે તો વ્યવહારની વસ્તુને ખોટી માનો એટલે સંસાર નીકળી જ ગયો. એમ વ્યવહારના લોપકને બધું ઊડી જાય. માટે એ નિશ્ચયની વાત વાહીયાત છે.

આપણે જરા દૂર નીકળી ગયા. વાત એ હતી કે સોનગઢવાળાના મતમાં નિશ્ચય-વ્યવહારને મોં-માથું નથી. કેમકે એ 'નિશ્ચય' એટલે જાણે કોઈ એક નિયત વસ્તુ સમજે છે. પછી ચાહ્ય ધર્મની વાત હો, કે સાધનાની વાત હો, ચાહ્ય



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

મોક્ષમાર્ગની વાત હો, કે આત્મ-ઉન્નતિની વાત હો, બધે જ અદ્ધરથી નિશ્ચય-નિશ્ચય શબ્દની રટણામાં 'નિશ્ચય કામનો' 'નિશ્ચય કામનો' એમ બોલ્યા કરે છે.

ત્યારે પૂછો ને, કે

**વ્યવહારને તુચ્છકારાય ? :-**

**પ્ર.**- 'નિશ્ચય કામનો'-કહે એમાં ખોટું શું ?

**ઉ.**- એ જે કહે છે એમાં વ્યવહારને સરાસર ધૂતકારી કાઢવા જેવું કરે છે; તે ખોટું છે. એમને ખબર નથી કે **જેમ નિશ્ચય મોક્ષમાર્ગ આરાધ્યા વિના મોક્ષપ્રાપ્તિ થાય નહિ, તેમ વ્યવહાર મોક્ષમાર્ગ આરાધ્યા વિના નિશ્ચય મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય નહિ.** આની સાબિતિ આગળ કરીશું. પણ ખરી વાત તો પહેલી એ છે કે 'નિશ્ચય ઉપયોગી, નિશ્ચય મુખ્ય' એમ કહ્યા કરવા છતાં નિશ્ચયને ચોક્કસ રૂપમાં એ કાં તો સમજી શકતા નથી, અગર તો સમજવા-માનવા તૈયાર નથી. એમને પૂછીએ કે 'નિશ્ચય ઉપયોગી' ના કથનમાં ઉપયોગી તરીકે નિશ્ચયથી આત્મા લો છો, કે નિશ્ચયથી મોક્ષમાર્ગ લો છો ? નિશ્ચયથી આંતરદષ્ટિ લો છો કે નિશ્ચયથી ધર્મ લો છો ? આવા એમને અનેક પ્રશ્ન કરી શકાય. એ જો આમાં 'નિશ્ચયથી આત્મા ઉપયોગી' આવો ભાવ લે, તો એની સામે એમના મતે 'વ્યવહારથી આત્મા નકામો, ગૌણ, કે ઔપચારિક-આવો અભિપ્રાય ઊભો થાય. આ અભિપ્રાયની સત્યતા વિચારવાનું બાજુએ રાખીએ, છતાં નિશ્ચય-નિશ્ચયની અજ્ઞાન રટણાવાળાને પ્રશ્ન છે કે તમારે માનેલા નિશ્ચય આત્માને આરાધના સાથે શો સંબંધ તો, 'નિશ્ચયથી મોક્ષ માર્ગે ઉપયોગી...' એવું કાંઈક કહે, ત્યાં થાય. અને કદાચ જો એવું કહે, તો ત્યાં એ કહેવાનો ભાવ 'વ્યવહારથી મોક્ષમાર્ગ અનુપયોગી, ગૌણ, હેય,' એવો નીકળે, તે ભાવ ખોટો છે. એ આગળ જોઈશું. બાકી નિશ્ચયથી **આત્માને** ગ્રહણ કરનારને તો શુદ્ધ પર્યાયનું લક્ષ રાખવાનુંય શું કામ ? કેમકે નિશ્ચયથી આત્મા અનંતજ્ઞાનાદિમય છે જ. નિશ્ચયથી મોક્ષમાર્ગ ગ્રહે તો આરાધવાની વસ્તુ ઊભી થાય.

અહીં આપણી વાત આટલી છે કે વસ્તુએ વસ્તુએ નિશ્ચય-વ્યવહાર જુદા છે. તેથી જ્યાં જે વસ્તુની વિવક્ષા હોય ત્યાં તેજ વસ્તુના નિશ્ચય-વ્યવહાર લેવાય. **બીજાના નહિ. એમ કર્યા પછી** જુદા જુદા નિશ્ચય-વ્યવહારમતની ભિન્ન ભિન્ન વસ્તુને અંદર અંદર એકબીજા સાથે, અને એ બધાને આપણા પ્રયોજન સાથે કેટલો સંબંધ છે, તે જોવાય. એ હિસાબે નિશ્ચયથી ધર્મ શું, ને વ્યવહારથી ધર્મ શું ? નિશ્ચયથી સમ્યક્ત્વ શું, અને વ્યવહારથી સમ્યક્ત્વ શું ? નિશ્ચયથી મોક્ષ શું ? વ્યવહારથી મોક્ષ શું ? નિશ્ચયથી કર્મ શું અને વ્યવહારથી કર્મ શું ? નિશ્ચયનયે



સંસાર શું અને વ્યવહારનયે સંસાર શું ? એમ આશ્રવ સંવર શું ? નિશ્ચયનયે બંધ-નિર્જરા શું ? ઈત્યાદિમાં નિશ્ચય-વ્યવહારના દૃષ્ટિબિંદુથી તે તે વસ્તુ કોને કહેવી? અને તે કેવા કેવા સ્વરૂપવાળી હોય ? એ યુગલોને પરસ્પરમાં શો મળે છે ? તેમજ આપણા ઈષ્ટ સાથે કેટલો સંબંધ છે ? એ બધું જોવાનું હોય છે. એમાં નિશ્ચયનયથી આત્મા શી ચીજ, તથા વ્યવહારનયથી આત્મા શી ચીજ ? બંનેને કેટલો મેળ ? અને આપણા ઈષ્ટ પ્રયોજન સાથે એ બેને શી નિસ્બત ? એ વિચારણા અને વસ્તુ જુદી થવાની; અને ધર્મ કે મોક્ષમાર્ગ માટેની વિચારણા-વસ્તુ જુદી થવાની. એજ રીતે બીજા પણ પદાર્થો અંગેની વિચારણા અને વસ્તુ જુદી પડવાની. આ રીતે વિચારણા થાય તો એ વિચારણા મોંમાથાવાળી વિચારણા ગણાય. બાકી તો શંભુમેળો. સાચી વિચારણામાં આત્મા અંગેની નિશ્ચયનયની વાત અને ધર્મ અંગેના નિશ્ચયનયની વાતનો સંભેળ ન કરાય, શંભુમેળો ન કરાય. સોનગઢવાળાના નવીન ઢબના નિશ્ચયનયની વિચારણામાં આવાં શંભુમેળો મળે છે. એમાં શ્રી સર્વજ્ઞકથિત વાસ્તવિક પદાર્થ હાથમાં આવતા નથી.

**મુદ્દો-૨. કાનજીમતનો નિશ્ચય એ એકાંતવાદમાં ઉતરી જવાથી જૈન અનેકાંતની વિરુદ્ધ જાય છે :-** કદાચ એ એમ કહે કે, 'અમે કાંઈ શંભુમેળો નથી કરતાં.' જો કે એમ કહેવા માત્રથી કાંઈ સરે એવું નથી, છતાં એ શંભુમેળાનો મુદ્દો જતો કરીએ, તો પણ બીજો મુદ્દો એ છે કે એ **એકાંતવાદમાં ઉતરી જતા હોવાથી જૈનશાસનના સ્યાદ્વાદ સિદ્ધાન્તથી વિરુદ્ધ જાય છે.**

દા.ત. એ કહે છે કે **'ચૈતન્યની પ્રતીતિપૂર્વક સાંભળે તેને જ સાંભળ્યું કહેવાય.'** આ એકાંત પકડ્યો. પણ તે ખોટો છે. પ્રતીતિપૂર્વક એટલે પ્રતીતિ થયા પછી. પરંતુ એ પૂર્વે પણ સાંભળ્યું સાર્થક બને છે. કેમકે માનો કે કોઈ આત્માને શુદ્ધ ચેતનની કાંઈ ગમજ નથી કે 'એ શું હોય કે કેવું હોય.' ગમ નથી તેથી પ્રતીતિ શાની જ હોય ? પરંતુ હવે એને કોઈ સમજાવે છે કે 'જુઓ મહાનુભાવ ચૈતન્યનું સ્વરૂપ જ્ઞાનાદિમય છે...' વગેરે વગેરે. તો તે સાંભળીને એને ચૈતન્યની ગમ શું નહિ પડે ? ને પ્રતીતિ શું નહિ થાય ? જો થશે, તો આ પ્રતીતિ થવા પહેલાનું એ સાંભળેલું તો ચૈતન્યની પ્રતીતિ વિનાનું હતું; પ્રતીતિપૂર્વક નહિ તો પછી શું એ સાંભળેલું સાંભળ્યું ન ગણાય ? પહેલા ભવમાં શ્રી મહાવીર પરમાત્માના જીવ નયસારને, જંગલમાં મુનિને રસ્તે ચઢાવવા ગયો ત્યાં સુધી, શુદ્ધ ચૈતન્યની ખબર સરખી નહોતી. હા, એટલી ખબર હતી કે અતિથિને ખવરાવીને ખાવું. પરંતુ એમાં કાંઈ શુદ્ધ ચૈતન્યની ખબર ન ગણાય. આમ ખબર નહોતી છતાં પણ ખબર વિનાય મુનિ પાસેથી જો એનું સ્વરૂપ સાંભળ્યું તો એની રુચિ થઈ. તો ત્યાં



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સાંભળતી વખતે તો શુદ્ધ ચૈતન્યની રુચિ હતી નહિ, પણ પછી થઈ; તો શું પૂર્વે રુચિ વિનાનું સાંભળેલું 'સાંભળ્યું' નહિ ગણાય ?

અહી જુઓ, કેવી એમની ગંભીર ભૂલ થઈ ? 'સાંભળ્યું શેને ગણવું' એ એક વિચારણા ઊઠી એમાં 'ચૈતન્યની પ્રતીતિપૂર્વક સાંભળેલું એ નિશ્ચયથી સાંભળ્યું ગણ્યું, અને ચૈતન્યની પ્રતીતિ વિના સાંભળેલું એ વ્યવહારથી સાંભળેલું ગણ્યું; અને એને નકામું માન્યું.' પણ ખરી રીતે તો ચૈતન્ય પર દ્વેષ, અરુચિ કે વ્યુદ્ગ્રહ વગેરે વિના સાંભળેલાથી પણ ચૈતન્ય પ્રતીતિ થઈ લાભ થાય છે. એમજ, વકતા પ્રત્યેના અદમ્ય દ્વેષ વગેરે ભાવો વિના સાંભળેલાથી પણ લાભ થાય છે. અલબત એ ચૈતન્ય પ્રતીતિ વિના સાંભળેલું ગણે છે. તોય એ રીતે લાભ જરૂર થાય છે. માટે એ સાંભળેલું સાંભળ્યું ગણાય છે. એવા તો ઘણા પ્રસંગ બને છે. એમ લાભ થવાથી એ બધું કામનું છે, નકામું નથી. નયસારને એમ જ લાભ થયો છે. અત્યારે પણ ઘણા નવા અજાણ માણસો કાંઈ ખાસ ખ્યાલ વિના પણ તત્ત્વને જો સાંભળે છે, તો ચૈતન્યની પ્રતીતિવાળા બને છે. એ શું ? વ્યવહારની ઉપયોગિતા ત્યાં જરૂર લાભ થયો છે. પરંતુ આ એકાંતવાદીઓ એવું વ્યવહારથી સાંભળેલું નકામું માને છે. આ એકાંતવાદ જૈનશાસનના અનેકાંતવાદના સિદ્ધાંતથી વિરુદ્ધ છે.

## 'શુભ નકામું છે, શુદ્ધ જ કામનું છે' નો એકાંત

એકાંતતાનો બીજો દાખલો લો. એ કહે છે કે 'શુભ તો મોક્ષનું કારણ નથી, પણ શુદ્ધોપયોગથી જ મોક્ષ થાય છે,'-આ એકાંત પણ ખોટો છે. આ એકાંત કહેવાનો ભાવ એ છે કે 'શુભ તો મોક્ષમાં જરૂરી નથી. નકામું છે. માત્ર શુદ્ધોપયોગ જરૂરી છે, તેથી એને જ સેવો. શુભને છોડો.'

કાનજીમતનું આ કથન એમ કહેવા માગે છે કે "બધા ધાર્મિક વ્યવહાર જે શુભ છે, તે આચરવા નકામા છે. શુભનો રાગ કરી કરી શુભને અનંતીવાર આચર્યા છતાં ભવભ્રમણ ઊભું જ છે. એ સૂચવે છે કે હવે એનો પક્ષ છોડો ને શુદ્ધનો ખપ કરો." અહીં શુભમાં જિનપૂજા, સામાયિક, વ્રત, દાનાદિને ગણે છે. યાવત્ ઉપદેશ શ્રવણને પણ શુભમાં ગણે છે. એટલે કે ઉપદેશ શ્રવણરૂપી શુભથી ભલીવાર વળે એમ માનવું એ કાનજીમતે મિથ્યાત્વ છે. એનો અર્થ એ કે 'ઉપદેશશ્રવણ પણ આત્મોન્નતિમાં કારણ નથી.' એવો એમનો અભિપ્રાય છે.

હવે એમને પૂછીએ કે બધાયને તમે જે તત્ત્વ સમજો છો અને એને મોક્ષ હેતુ તરીકે માનો છો. એ કોઈને સમજવું હોય તો તે કેવી રીતે સમજી શકે ? શું તમારી પાસેથી ઉપદેશદ્વારા એને સાંભળ્યા-જાણ્યા વિના હાથમાં આવે ? ના, કેટલાયને તમારી પાસેથી એ સાંભળીને અને કેટલાયને વાંચીને આવે છે, એવો તો



તમારો અનુભવ છે. તેથી જ તમે સંભળાવવા રોજ ભાષણ કરવાનો શ્રમ લો છો, અને વંચાવવા છાપું કઢાવો છો. તો પછી જો એ સાંભળવાની જાણવાની ક્રિયારૂપી શુભથી આત્મા તમે માનેલા સત્ય તત્ત્વનો જ્ઞાતા બને છે, અને શુદ્ધોપયોગ તરફ પ્રયાણ આદરી શકે છે. તો શુભથી શુદ્ધોપયોગ થઈને મોક્ષ થાય એવું બન્યું કે નહિ ? અર્થાત્ શુભ એ મોક્ષનું કારણ ન બન્યું ? કદાચ તમે અહીં કહેશો કે :-

**પ્ર.-** શુભ એ તો પરંપરાએ કારણ બન્યું તો ખરું ને ? માટે એની જરૂર ખરી કે નહિ ? ભલે પરંપરાએ પણ દૂધમાંથી ઘી બને છે કે નહિ ? જો બને છે અને પાછું એ પણ જો દેખાય છે કે દૂધ વિના ઘી બનતુ નથી. તો પછી દૂધ એ ઘીમાં કારણ ખરું કે નહિ ? જો તમે કહેશો કે :-

**પ્ર.-નિશ્ચયથી તો ઘીમાં માખણ કારણ છે, દૂધ ક્યાં કારણ છે ?**

ઉ.- તો એનો અર્થ શું એ છે કે :-

**(૧) 'ઘી માટે દૂધ કામનું જ નથી ?' તેમ,**

**(૨) શું એ કહેવું છે કે 'તેથી જ ઘીના અર્થીએ હવે દૂધ હાથમાં આવે તો ઢોળી દેવું ? કેમકે એ ઘીમાં કારણ નથી.'**

**(૩) ત્યારે શું તમે એમ કહો છો કે 'ઘીને માટે દૂધને અવગણી માત્ર માખણની રાહ જોયા કરવી ?** કેમકે ઘીમાં એજ કારણ છે.'

**આવું કરનારો તો મૂર્ખ ગણાય. તેમ મોક્ષ માટે 'શુભ આલંબનો કામના નથી, શુભને ત્યજી દેવા. માત્ર શુદ્ધની રાહ જોવી.'**- આવું કરનારો મૂર્ખ અને એકાંતવાદી કહેવાય. અહીં એક પ્રશ્ને અવકાશ છે.

**પ્ર.- 'પણ શુભ જો મોક્ષમાં કારણ હોય તો શુભ તો અનંતવાર સેવ્યાં; છતાં કેમ મોક્ષ થયો નહિ ?'** (આનો ઉત્તર સરળ છે.)

ઉ.- એ સેવ્યાં તે શુદ્ધના લક્ષ્ય વિના માત્ર સંસારસુખના અશુદ્ધ લક્ષ્યથી સેવ્યાં. માટે નકામા ગયાં. તેથી શુદ્ધોપયોગ જાગ્યો નહિ, અને મોક્ષ થયો નહિ. જેમ કોઈના હાથમાં દૂધ તો આવ્યું, પણ એમાંથી ઘી બનાવવા માટે દહીં કે છાશ-માખણ પેદા કરવાનું લક્ષ્ય રાખ્યું નહિ, પરંતુ માવો બની જાય એ રીતે દૂધને ઉકાળ્યા કર્યું. તો ઘી ક્યાંથી બને ? અને એમ ઘી ન બને એટલા માત્રથી કોઈપણ માણસ ઘી માટે દૂધ નકામું એમ કહે, તો તે ગાંડો જ કે બીજું કાંઈ ?

ત્યારે જો એમ કહો કે :-

**પ્ર.- એકલા શુભથી કદી મોક્ષ નથી. એટલે કે શુદ્ધોપયોગ કેળવ્યા-જાળવ્યા વિના કદાપી મોક્ષ નથી થતો. શુદ્ધોપયોગ જાળવ્યા વિનાના શુભ તો નકામાં જાય છે. માટે શુદ્ધોપયોગ એજ ખરું કારણ કેમ નહિ ?**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ઉ.-તો આનો તો અર્થ એ થયો કે ભલે એકલા શુભથી નહિ, પણ શુદ્ધની સહાયથી મોક્ષ થાય છે. છતાં શુદ્ધને લાવવા માટે શુભની જરૂર તો પડે જ છે. શુભ સેવતાં સેવતાં શુદ્ધભાવ અને શુદ્ધઉપયોગમાં જવાય છે. એ હિસાબે તો તમે આલીશાન પ્રવચનમંડપમાં સમયસારાદિના પ્રવચનશ્રવણ, સત્સંગ વગેરે વિવિધ શુભ આલંબનો, સેવરાવો છો. એનો અર્થ જ એ આવીને ઊભો રહે છે કે **શુભને સેવીને શુદ્ધોપયોગ કેળવવા દ્વારા અવશ્ય મોક્ષ થાય છે.** તેથી પણ શુભ એ કારણ તો ગણાશે જ. તો એમ કહોને કે,

**પ્ર.- શુભ એ નિમિત્ત ખરું. અર્થાત્ એની માત્ર હાજરી અવશ્ય હોય છે એટલું જ પણ એ કારણ નથી.**

ઉ.- તો એ રીતે તો એમ પણ કહી શકાશે કે ''ઉપાદાન પણ માત્ર હાજર હોય છે એટલું જ; બાકી કાર્યમાં એ કશું કરતું નથી, કાર્ય બનવામાં કશો ફાળો નથી આપતું. તેથી એ કાંઈ કાર્યનું કારણ નથી.''

**પ્ર.**- આમ કેમ કહી શકાય ? **ઉપાદાન તો ખુદ કાર્યરૂપ થાય છે. તેથી કાર્ય કરે છે. એમ માનવું જ જોઈએ. નિમિત્તનો નિયમ નથી કે કાર્યને કરે જ. અનંતીવાર નિમિત્ત હાજર છતાં કાર્ય થયાં નથી.** એ જ બતાવે છે કે નિમિત્ત એ કાર્યમાં કશું કરતું નથી.

ઉ.- એમ તો ઉપાદાન પણ અનંતકાળથી હાજર છતાં, કાર્ય થયું નથી. તેથી એ કાર્યમાં કશું કરે છે એમ શા માટે માનવું ?

**પ્ર.- ઉપાદાનનેય કારણ ન કહીએ તો પછી કાર્ય થાય જ કેવી રીતે ?** કાર્યમાં કારણ કોણ રહેશે ?

ઉ.- જો એમ જ હોય કે કાર્યમાં કોઈ કારણ જોઈએ જ; તો ત્યાં ઉપાદાન અને નિમિત્ત બંનેય કારણ તરીકે ઊભા છે. ઉમેદવાર બંનેય છે. એમાંથી ઉપાદાનનેજ કારણ માનવું અને નિમિત્તને નહિ;-આવો તમારો આગ્રહ શા માટે ?

**પ્ર.**- આગ્રહ એટલા માટે છે કે ઉપાદાન ખુદ કાર્યરૂપ બની જાય છે. માટે એને કાર્યમાં કારણ માનીએ છીએ.

ઉ.- તો તો એ પણ સાથે જ નક્કી છે કે ઉપાદાન કાંઈ સહજભાવે કાર્યરૂપ બનતું જ નથી. એને કાર્યરૂપ બનવા માટે નિમિત્ત અવશ્ય જોઈએ જ. **જગતમાં જેમ ક્યાંય એ નથી જોયું કે ઉપાદાન વિના કાર્ય હોય. તેમ એમ નથી જોયું કે કાર્યને થવા માટે નિમિત્તની જરૂર ન પડી હોય, કાર્યમાં જેની જરૂર પડે, જેના વિના ક્યાંય કાર્ય બન્યું એમ દેખાય નહિ, કાર્ય બનવાની પૂર્વ ક્ષણે જે અવશ્ય હાજર હોય, તે કારણ કહેવાય. માત્ર નિમિત્ત એ ઉપાદાન કરતાં જુદી જાતનું**



**કારણ છે. માટે તો આ નિમિત્તકારણ કહેવાય છે. પણ એ કાર્યરૂપ નથી બનતું, કે ઉપાદાનની ગેરહાજરીમાં કાર્ય નથી સાધતું, એટલા માત્રથી એ નિમિત્ત કશું કરતું નથી એમ નહિ કહી શકાય. નહિતર માત્ર ઉપાદાનને કારણ માનવા પહેલાં એ પ્રશ્ન થશે કે 'નિમિત્તની ગેરહાજરી સુધીમાં ઉપાદાન એમ જ પડી રહે છે કશું કરતું નથી માટે ઉપાદાનને કારણ કેમ કહેવાય ?' છતાં ઉપાદાનને એકલાને કારણ માનવું છે, તો એકાંતવાદ થશે.**

**એકાન્ત વચનોના દૃષ્ટાન્ત :-** વાત એ ચાલે છે કે શુભ આલંબન અને શુભ વ્યવહાર એ મોક્ષમાં નિમિત્તકારણ છે, એમ માનવું જોઈશે જ. જો એકલા શુદ્ધ ઉપયોગને જ કારણ કહેશો, અર્થાત્ **'માત્ર શુદ્ધભાવ એજ મોક્ષ થવામાં કારણ છે, પણ શુભભાવ નહિ,' એમ કહેશો તો એ એકાન્ત સિદ્ધાન્ત થશે.** તે સ્યાદ્વાદથી વિરુદ્ધ છે. વળી **'એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કારણ બનતું જ નથી એય એકાન્ત-સિદ્ધાન્ત છે.' 'બાહ્ય ક્રિયાઓ નકામી છે.' 'દ્રવ્યકર્મની આત્મા પર કોઈ અસર નથી...' આવા આવા તો કેટલાય એકાન્ત કથનો આ નવા ઉપજાવી કાઢેલા મતમાં છે.** એ બધું ચર્ચવાનો અહીં અવસર નથી. અહીં તો એ વાત છે કે કાનજીમતના નિશ્ચય-વ્યવહાર અનેકાન્તવાદની વિરુદ્ધ જાય છે. કેમકે એમાં એકાન્ત પ્રતિપાદનો છે, એકાન્ત-નિરૂપણો છે. અને એકાન્ત નિરૂપણો જૈની સ્યાદ્વાદ શૈલીથી તદ્દન વિરુદ્ધ છે. માટે એ જૈનશાસનથી બાહ્ય થઈ જાય છે.

**અનેકાન્તના દૃષ્ટાન્તો :-** અનેકાન્ત નિરૂપણમાં તો નિશ્ચય અને વ્યવહાર બંનેને કારણ કહેવા જોઈએ. બંનેની ઉપયોગિતાને ન્યાય મળવો જોઈએ. **શુદ્ધ અને શુભ બંનેને ઉપયોગી માનવાજ પડે. એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં કારણ અકારણ બંનેય કહેવું જોઈએ. ભાવકર્મની જેમ દ્રવ્ય-કર્મનીય અસર આત્મા પર માનવી જ રહી. બાહ્ય ક્રિયાઓ આંતરિક વિરુદ્ધ ભાવપૂર્વક હોયતો નકામી છે. નહિતર કામની છે.** સાચી જૈન શૈલી અતિ ઉદાર અને ગંભીર છે. ક્ષુદ્રમતિ એને સમજી ન શકે.

**પરસ્પર સાપેક્ષ નયો એ સુનયો :-** જૈનદર્શન તો નિશ્ચયનય-વ્યવહારનય, શબ્દનય-અર્થનય, જ્ઞાનદૃષ્ટિ-જ્ઞેયદૃષ્ટિ, દ્રવ્યાર્થિકદૃષ્ટિ-પર્યાયાર્થિકદૃષ્ટિ, જ્ઞાનમાર્ગ-ક્રિયામાર્ગ વગેરે **ઉભયનયને** માને છે. એ દ્વન્દ્વમાંના બે નય પૈકી કોઈ એક નયને ખોટો કહેનાર અન્ય નયને એ કુનય-જુઠોનય કહે છે. દા.ત. વ્યવહારના લોપક નિશ્ચયનયને કુનય કહેવાય છે. ક્રિયામાર્ગનો વિરોધી જ્ઞાનમાર્ગ કુમાર્ગ છે. પરસ્પર સાપેક્ષ નયને, અર્થાત્ અન્યના અવિરોધક નયને સુનય કહેવાય છે. એનો અર્થ એ છે કે વ્યવહારનય સાપેક્ષ નિશ્ચયનય એ સાચો નય, અને નિશ્ચયનય-સાપેક્ષ વ્યવહારનય એ સુનય. એટલા જ માટે આ પ્રસિદ્ધ અતિપ્રાચીન મહર્ષિ વચન છે કે,



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**''जइ जिणमयं पवज्जह ता मा ववहार निच्छए मुयह ।**
**एगेण विणा तित्थुच्छेओऽतत्तं परेण विणा''॥**

જો જિનમતે અંગીકાર કરતા હો તો વ્યવહાર અને નિશ્ચય બંનેને છોડો નહિ. કેમકે વ્યવહારના લોપથી તીર્થ (શાસન) નો ઉચ્છેદ થાય છે, અને નિશ્ચયના લોપથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

**પ્ર.- તો જો તત્ત્વની પ્રાપ્તિ નિશ્ચયથી થાય છે. તો પછી વ્યવહારનું કામેય શું છે ?**

**તત્ત્વપ્રાપ્તિ નિશ્ચયમાર્ગે થાય છે. છતાં વ્યવહાર બહુ કામનો છે :-**

ઉ.- અરે, ભલાભાઈ ! પણ એ તો વિચાર કરો કે પહેલું તો આ નિશ્ચય તમને બતાવનાર કોણ છે ? જૈનશાસન ને ? એ વ્યવહાર માર્ગ વિના આજ સુધી ચાલી આવત ખરું ? જે જૈનશાસન શ્રી તીર્થંકર ભગવાને ઉપદેશ્યું, સ્થાપ્યું અને એ દ્વારા જગતને સત્ય તત્ત્વનું દર્શન કરાવ્યું. એ જિનશાસનનો પ્રવાહ આજસુધી જગત પર ચાલ્યો આવ્યો. તે શી રીતે ? કહો કે પ્રભુએ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાનો ચતુર્વિધ સંઘ નક્કી કર્યો. એ સંઘને માટે આંતરિક આત્મવિકાસ ઉપરાંત બાહ્યથી તેને તેને માટે ઉચિત ધાર્મિક આચારો-અનુષ્ઠાનો, વ્રત-ક્રિયાઓ વગેરે નક્કી કર્યા; અને શ્રી સંઘે તે પ્રમાણે વર્તવાનું ઉઠાવી લીધું તેથી શાસન ચાલી આવ્યું છે. એમાં સંઘ પૈકીના જૂના જૂના સાધુના ઉપદેશરૂપ વ્યવહાર, તથા જિનના અનુયાયીઓ અને આરાધકોના બાહ્ય ધર્મવ્યવહાર જોઈ જોઈને નવા નવા અનુયાયીઓ અને આરાધકો તૈયાર થતા ચાલ્યા. એમ વ્યવહાર પર સંઘ પ્રવાહ ચાલ્યો આવ્યો; જિનશાસનની ધારા વહી આવી. હજી પણ વ્યવહાર પરજ ધારા ચાલુ રહેશે. પૂર્વની તેજસ્વી બુદ્ધિના કાળે કેવળ મુખપાઠથી સૂત્રવાચનાનો વ્યવહાર ચાલ્યો, તે પછી લખેલા પુસ્તકોના આધારે ભણવા-ભણાવવાનો વ્યવહાર ચાલ્યો. આ રીતે વ્યવહારના બળ ઉપર શ્રી જિનશાસન, જિનસંઘ, જિનઆગમ અવિચ્છિન્ન પ્રવાહે ચાલી આવ્યા છે; ત્યારે આજે 'જૈન ધર્મ શું,'-ઈત્યાદિ જાણવા મળે છે. એના પર વિચાર થાય છે કે નિશ્ચય માનવો કે વ્યવહાર ? વ્યવહારથી આટલે સુધી આવી ચઢ્યા છો તો કહો છો 'નિશ્ચયથી તત્ત્વની પ્રાપ્તિ થશે; વ્યવહારનું શું કામ છે ?' પણ હવે સમજ્યા હશો કે વ્યવહારની સલામતી ઉપર નિશ્ચય ટકાવી શકીએ છીએ.

ત્યારે એ તો જુઓ કે પ્રભુની વાણીનો પ્રકાશ એ શું છે ? વ્યવહાર જ ને ? તેમ સંઘસ્થાપના, ને સંઘના આચારો અનુષ્ઠાન એ પણ વ્યવહાર જ ને ? તો પછી ભણવું-ભણાવવું, વ્યાખ્યાન કરવા-સાંભળવા, એ પણ વ્યવહારમાર્ગ કે



બીજું કાંઈ ? કેવી રીતે શાસ્ત્રો લખાયા, રક્ષાયા એ પણ વ્યવહાર જ ને ? નિશ્ચયથી જે મોક્ષમાર્ગ છે, એની નજીક લઈ જનારો આ બધો વ્યવહારથી મોક્ષમાર્ગ છે. એના વિના ક્યાં ચાલી શકે એમ છે ? તેથી એ નક્કી થયું કે વ્યવહારના પ્રવાહથી શાસનનો પ્રવાહ ચાલી આવ્યો અને એણે નિશ્ચયદૃષ્ટિ શિખવાડી, તો આમાં તો વ્યવહારની મહાન ઉપયોગિતા સાબિત થઈ; પણ એની જરૂરિયાત ઊડી ક્યાં ?

**પ્ર.- પણ હવે ઓળખ્યા પછી તો એકલો નિશ્ચય સાચો ને ? એકલા નિશ્ચયમાં તો વેદાન્તી કે બૌદ્ધ વગેરે થવું પડે :-**

ઉ.- ના, અહીં પણ પ્રવચન-શ્રવણ, મિથ્યાચારના વાતાવરણનો ત્યાગ, વગેરે વ્યવહાર સેવવા પડે છે. એમાં પણ આગળ વધીને તત્ત્વની વિચારણાનો વ્યવહાર આદરવો જ પડે છે. પાછું આવા તત્ત્વ વિચારકોના સંયોગ રાખવા મન ખુશી રહે છે. એય વ્યવહાર છે. માટે એકલા નિશ્ચયની વાત કરે છે તે ખોટી છે. ખરી રીતે તે તો ઓળખ્યા પછી વ્યવહારનો મોટો ભાર ઉઠાવવા રહે છે. વીરપ્રભુએ ઘોર તપ-ઉપસર્ગ સહન કર્યા. **વ્યવહારનયસાપેક્ષ નિશ્ચયનય સાચો. જૈનશાસનને માન્ય ઉભય નય છે.** દ્રવ્યાર્થિકનયનો અવિરોધી, અર્થાત્ વિરોધ ન કરનારો પર્યાયાર્થિકનય સાચો; પર્યાયર્થિકનયનો અવિરોધી દ્રવ્યાર્થિકનય સાચો. નહિતર તો એકલા દ્રવ્યાર્થિકનયવાળો અદ્વૈતમત કે એકલા પર્યાયાર્થિકનયવાળો બૌદ્ધમત સાચો ઠરી જાય. પણ જૈન દર્શન એ સ્વીકારતું નથી. એવું જ જ્ઞાનનય-ક્રિયાનય વગેરેમાં પરસ્પરની સાપેક્ષતામાં જ સુનયપણું સમજવાનું છે. તાત્પર્ય એ આવ્યું કે 'એકાંતે નિશ્ચય એજ વસ્તુ સાધક છે,'-એમ કહેવું એ મિથ્યાવાદ છે. એ એકાંતવાદ હોવાથી અજૈનમત છે; અનેકાંતવાદી જૈનમતથી બાહ્ય છે, અતિ દૂર છે.

**મુદ્દો (૩) :-** ત્રીજી વસ્તુ એ છે કે **સોનગઢવાળાના કેટલાંય કથનો ખુદ સ્વકીય નવીન મતની વિરુદ્ધ જાય છે; તેથી એમના નિશ્ચય-વ્યવહાર એમના જ છે. પોતાના જ પરસ્પર વિરુદ્ધ વચનનો નમુનો :-**

એક બાજુ એ કહે છે કે **'દરેક વસ્તુ સ્વતંત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકતું નથી.'**

બીજી બાજુ એમનું શિખેલા ભક્તો કહે છે કે **'ધર્મપિતા ગુરુદેવે અનેક બાળકોને ઉગારીને સંસારમાં ડૂબી જતા બચાવ્યા.'**

આ કથન વસ્તુની સ્વતંત્રતાના સિદ્ધાન્તની વિરુદ્ધ નથી શું ? 'બાળકોરૂપી દ્રવ્યો સ્વયં તો ડૂબતા હતા. પણ ગુરુદેવરૂપી પર દ્રવ્યે એમને ઉગાર્યા.' આમાં ગુરુદ્રવ્યે બાળકદ્રવ્ય ઉપર અસર કરીને ? હવે અહીં કદાચ બચાવ કરશે કે,



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**પ્ર.- ગુરુદેવે બચાવ્યા એ તો ઉપચારથી કહેવાય છે. બાકી મુખ્યપણે બાળકે સ્વયં બચવાનું છે. એમાં પરદ્રવ્યની અસર ક્યાં આવી ?**

ઉ.- ઉપચારથી એટલે શું ? વસ્તુગત્યા ગુરુએ કાંઈ કર્યું કે નહિ ? જો ના કહો, તો એ બતાવો કે ગુરુના માર્ગદર્શન પહેલાં બાળકમાં કાંઈ નહોતું, અને ગુરુ મળ્યા બરાબર બાળક ઊંચો આવ્યો તે શાથી ? અહીં જો કહો કે 'બાળકના ઉપાદાનનો કાળ પાક્યો નહોતો,' તોય.

(૧) કાળ પાકવા રૂપે પરદ્રવ્ય કાળની જરૂર પડીને ?

(૨) કાળ પાકવાનું ગુરુ મળતાં જ કેમ થયું ? તે પૂર્વે કેમ નહિ ? તેથી ગુરુની બાળક ઉપર સચોટ અસર કહેવી જ જોઈશે.

બીજી વાત એ છે કે **એ જે ઉપચારથી ઉગારવાનું માને છે એ ઉગારવાનું ત્યાજ્ય છે કે ઉપાદેય ? જો ત્યાજ્ય હોય તો શા માટે આચરો છો ? જો ઉપાદેય હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કાંઈજ કરી શકતું નથી એ ડિંડિમ પીટવાનો શો અર્થ રહ્યો ?** એમ જે કહ્યા કરો છો કે 'પરદ્રવ્ય કાંઈ જ ન કરી શકે, પરદ્રવ્ય કાંઈ જ ન કરી શકે,' એનું તો પરિણામ ઊલટું એ આવે કે સદ્ગુરુ સત્શાસ્ત્ર વગેરે પરદ્રવ્ય હોવાથી એમનું આલંબન કાંઈ ન કરે, એમ માની લોક એને ન સેવે ત્યારે જો તમે કહો કે અમારે તો એ આલંબન કામ કરે જ છે, તો એનો અર્થ જ એ છે કે એ ગુરુ તરીકે તમારા શાસ્ત્રોનું જે આલંબન કરે છે તે સમજી ને જ કે આનાથી જ આપણું ઠેકાણું પડશે. તેમ પણ કહો છો કે **'સત્સંગ કરી કુતર્ક કર્યા વિના બરાબર સાંભળો તો તત્ત્વ સમજાશે.'** આ કથનનો શો અર્થ છે ? આ તત્ત્વસમજુતી એ એક આત્મ દ્રવ્ય ઉપર અસર છે. એ અસર કોણે કરી ? ગુરુ અને શાસ્ત્રરૂપી પરદ્રવ્યે. એમ પરસ્પર કથનનો વિરોધ આવ્યો છતાં સિદ્ધાન્ત એ કહ્યા કરો છો કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શક્તું નથી.

**પ્ર.- સિદ્ધાન્તનો અર્થ એ છે કે આત્મા સાવ પરાશ્રિત બની પોતાના પુરુષાર્થને ફોરવવામાં મંદ ન પડી જાય.** માટે આત્માને પુરુષાર્થ કરાવવા માટે એ સિદ્ધાન્ત સાર્થક કેમ ન મનાય ?

ઉ.- જો એમ જ કહેતા હો તો તો એ માટે ખોટા સિદ્ધાન્ત ઊભા કરવાની કાંઈ જ જરૂર નથી. માત્ર ત્યાં એમ કહી શકાય કે **"નિશ્ચયથી એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર ન મનાતી હોય, છતાં વ્યવહારથી જરૂર મનાય છે. તેથી જ ખુદ નિશ્ચયમૂર્તિ જિનેશ્વરદેવ શાસનની સ્થાપનારૂપ વ્યવહાર કરે છે.** તે બીજા આત્મદ્રવ્યો પર અસર કરે એટલા માટે કરે છે. પરંતુ બીજા શુભદ્રવ્યના આલંબન મલ્યા પછી પણ, **અસર થવામાં વેગ આવવાનો આધાર સ્વદ્રવ્યના પુરુષાર્થ ઉપર છે. માટે પુરુષાર્થ વધારો.** જો જો કે માત્ર પુરુષાર્થના ઘમંડમાં શુભ આલંબનને તરછોડી દેતા નહિ." શ્વેતામ્બર શાસ્ત્રો આત્મપુરુષાર્થનો ઉપદેશ ક્યાં ઓછો આપે છે ? નિશ્ચયની દૃષ્ટિ રાખવાનું એ ક્યાં નથી કહેતા ? તેથી કાંઈ નિશ્ચયને જ પકડી વ્યવહારની અગત્ય ઉરાડાય ? વ્યવહારમાર્ગના આદર છોડાય ? પ્રેરક એવા સદ્ગુરુસત્શાસ્ત્રરૂપી પવિત્ર પરદ્રવ્યોના અવલંબન મૂકી દેવાય ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૪૦,તા.૨૬-૬-૧૯૫૪

## (૨૩) નિશ્ચય અને વ્યવહાર

**વિરુદ્ધ વચનનો બીજો નમુનો :-** એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ જ કરતું નથી, એ એમના જ સિદ્ધાન્ત સામે એમના જ બીજા પણ વિરોધી વચનો જુઓ.- **"આ કળિયુગમાં આપશ્રી જેવા પવિત્ર સંતની શીતલ છાયા જ મુમુક્ષુ જીવોને જીવનનો આધાર છે."** એવું એમના ભક્તો કહે છે. એનો અર્થ એ છે કે, મુમુક્ષ પર સંતરૂપી પરદ્રવ્યની સારી અસર પડે છે. અહીં છાયા સાથે પાછો 'જ' કાર મૂક્યો છે. જો સંતરૂપી પરદ્રવ્યને માટે એમ કહો કે,

**પ્ર.-** "એ તો ઉપચારથી આધાર છે. મુખ્યપણે તો મુમુક્ષુને સ્વકીય આત્મદ્રવ્યનો આધાર છે," તો,

ઉ.- 'જ' કારનો શો અર્થ છે ? ઊલટું 'જ' કારથી તો એમ ભાસે છે, કે સંતરૂપી પરદ્રવ્યની છાયા સિવાય બીજો કોઈ આધાર નથી, અર્થાત્ સ્વદ્રવ્ય કે સ્વપુરુષાર્થ પણ આધાર નથી. ત્યારે જો એમ કહો કે,

**પ્ર.-** "એ તો ઉપકારી ગુરુના ગુણાનુવાદ વ્યવહારથી કરાય, એમાં નિશ્ચયને શો વાંધો આવ્યો ?"

ઉ.- આની સામે ત્રણ પ્રશ્નો છે :-

(૧) મુમુક્ષુને ગુરુ ઉપકારી કે સ્વદ્રવ્ય ઉપકારી ? સ્વદ્રવ્ય જ ઉપકારી હોય તો સંતની છાયા શી ?

(૨) ગુણાનુવાદ વ્યવહારથી કરવાનું પણ શું કામ છે ? જો કરે તો મિથ્યાત્વ લાગે કે નહિ ? કેમકે ગુરુમાં ઉપકારકતાનો ગુણ માનતા નથી અને ગુણાનુવાદ કરે છે; એ મિથ્યા ભાષણ છે.

(૩) વ્યવહારથી ઉપકારકતા છે. એમ કહો તો પ્રશ્ન એ છે કે ઉપકારકતા વાસ્તવિક સમજવી કે કાલ્પનિક ? કાલ્પનિક ઉપર કાંઈ કરવાનું હોય ખરું ?

આ બધું સૂચવે છે કે વ્યવહાર-પ્રવૃત્તિ ઉપયોગી છે, લાભકારી છે. વળી બીજું વિરોધી વચન જુઓ :-

**"આપના મહાન પ્રતાપે જ ભવ્યજીવોને કલ્યાણનો ધોરી માર્ગ પ્રાપ્ત થયો છે,"** એમ એમને એમના સિદ્ધાન્તાનુયાયી કહે છે. આમાં પણ 'જ' કાર છે; તે પણ સૂચવે છે કે 'ગુરુરૂપી પરદ્રવ્યનો પ્રતાપ કલ્યાણમાર્ગની પ્રાપ્તિમાં અસાધારણ કારણ છે.' એમના સિદ્ધાન્તે એ કેટલું જૂઠું ?

**ક્યાં સિદ્ધાન્ત ? અને ક્યાં જૂઠો વ્યવહાર ? :-** અહીં 'સંતની શીતલ છાયા' એ, અને 'એમના પ્રતાપનું આલંબન' એ બંનેય વ્યવહાર છે, નિશ્ચય નથી. એક બાજુ

**ગુરુરૂપી પરદ્રવ્યનો આધાર લેવો અને એ વ્યવહારને જ કલ્યાણમાર્ગ એટલે કે મોક્ષનો ધોરી માર્ગ કહેવો,** અને બીજી બાજુ,

**'પરદ્રવ્ય કશું કરતું નથી' એમ પ્રરૂપી નિશ્ચય સ્વભાવના આશ્રયે જ મોક્ષમાર્ગ છે,** એમ કહેવું.

એ શું પરસ્પર વિરુદ્ધ નથી ?

'નિશ્ચય સ્વભાવના આશ્રયે જ' એટલે 'વસ્તુના પોતાના જ મૂળ સ્વરૂપના જ આશ્રયે.' આ અર્થ છે. આમાં વસ્તુના સ્વસ્વરૂપ સિવાય બીજાનો નિષેધ કર્યો. એમાં વસ્તુના ઔપાધિક (ભાડુતી) રૂપનો પણ નિષેધ આવ્યો, તેમ પર વસ્તુના સ્વરૂપનો પણ નિષેધ આવ્યો. **એથી વસ્તુના ઔપાધિકરૂપ પર તથા પર વસ્તુના આધાર પર મોક્ષમાર્ગ ન જ હોય** એમ આ કથનનો ભાવ છે. ત્યારે પૂર્વે કહ્યું, કે 'ગુરુના મહાન પ્રતાપે જ ભવ્ય જીવોને કલ્યાણમાર્ગ-મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો છે.' આનું નામ સ્વવચનોમાં સામસામો વિરોધ છે.

**વળી 'એક દ્રવ્ય પર બીજા દ્રવ્યની અસર ન જ થાય'** એવા એમના જ સિદ્ધાન્ત વિરુદ્ધ એમનું જ બીજું એક લખાણ જુઓ. એ કેવું નીતરતા વ્યવહારનું સમર્થક છે, તે પણ સાથે જ જણાશે. એ કહે છે કે,

**'જે પોતાનું કલ્યાણ કરવા માગે છે, તેને મંદ કષાય અને જ્ઞાનનો ઉઘાડ તો હોય જ. એ ઉપરાંત પહેલા તો જ્ઞાની પાસેથી સાચો ઉપદેશ મળવો જોઈએ, અજ્ઞાની કુગુરુઓના ઉપદેશથી યર્થાથ તત્ત્વ નિર્ણય થાય નહિ.** (અર્થાત્ જ્ઞાનીના ઉપદેશથી જ યર્થાથ તત્ત્વનિર્ણય થાય)'

આ સ્પષ્ટપણે **જ્ઞાનીના ઉપદેશની પ્રાપ્તિના વ્યવહારથી તત્ત્વનિર્ણય થવાનું કહે છે.** ત્યાં શું (૧) વ્યવહારમૂઢતા નહિ આવે ? વળી, (૨) પોતાના જ નિશ્ચય મતના સમર્થક બીજા કથન સાથે વિરોધ નહિ આવે ?



આ રહ્યું તે કથન :-

**"ભૂતાર્થ સ્વરૂપનું અવલંબન તેજ ભેદજ્ઞાનનું (તત્ત્વનિર્ણયનું) કારણ છે. જુઓ નિશ્ચયને જાણતા નથી, ને વ્યવહારની રુચિ કરીને કુગુરુના ઉપદેશથી તત્ત્વનિર્ણય થાય નહિ, સુગુરુના ઉપદેશથી જ તત્ત્વ નિર્ણય થાય,-એમ કરી તેની ઉપર જોર આપે છે, તેમને કદી ભેદજ્ઞાન કે મોક્ષમાર્ગ થતો નથી."**

શું પોતાના જ આવા કથનનો પૂર્વના વ્યવહાર ઉપદેશની સાથે, હડહડતો વિરોધ નથી ? નિશ્ચયના આશ્રયે જ મોક્ષમાર્ગ કહેનાર કાનજીમત અહીં જ્ઞાનીના ઉપદેશની આવશ્યકતા માનવામાં કેવો વ્યવહાર પોષે છે ! "મંદ કષાય હોવા ઉપરાંત જ્ઞાની પાસેથી સાચો ઉપદેશ મળવો જોઈએ. કુગુરુના ઉપદેશથી યર્થાથ તત્ત્વનિર્ણય થાય નહિ. સાચા તત્ત્વનો નિર્ણય થયા વિના કલ્યાણ કરવાનું બની શકે નહિ." આમ કહેવામાં તો ચોકખી ગુરુરૂપી પરદ્રવ્યની અસર માની ! ને ચોકખા જ્ઞાનીના ઉપદેશરૂપી વ્યવહારના આશ્રયે કલ્યાણ થવાનું કહ્યું ! હવે જે એમ કહેવું કે જેઓ નિશ્ચયને જાણતા નથી, ત્યાં **'જેઓ'** એટલે કોણ ? પોતે જ ને ? "વ્યવહારની રૂચી કરીને તેના પર જોર આપે છે, તેને મોક્ષમાર્ગ થતો નથી," એવું કથન પોતાને જ લાગુ નહિ પડે ?

**મૂઢ કોણ ? :-** ખરી વસ્તુસ્થિતિ એ છે કે એમને પરસ્પર મેળવાળા નિશ્ચય અને વ્યવહારની ગમજ નથી. તેથી ક્યાંક તો ન છૂટકે જાણે અજાણે વ્યવહારમાં તણાય છે; અને ક્યાંક નિશ્ચયને એકલાને વળગે છે. મૂઢતા આનું જ નામ છે. **પોતે ક્યારે શું બોલે છે એનું જેને ભાન નથી એ મૂઢ છે. પોતાના જ એક કથન સાથે બીજા કથનનો વિરોધ આવે, એવાં કથન મૂઢતાના ઘરના છે.** આવાં અગડં-બગડં કથનો કર્યા જવાં તથા ગાઢ મિથ્યાત્વની મૂઢતામાં જાતે રમ્યે જવું, અને ઉપરથી મહા જાગ્રત ઉચ્ચ જ્ઞાની, વિવેકી, અને સંગતભાષી ઉત્તમ પુરુષોને મૂઢ તરીકે ઓળખાવવા એ કેટલી અધમ બાલિશતા છે ! એવા બાલિશ કથનની પાછળ અંધ ભક્ત થવું એ પણ કેવીક મહામૂઢતા છે !

હજી પોતાના જ પરસ્પર વિરોધી વચનનો ઓર એક નમુનો જુઓ.

એક સ્થાને એમ કહે છે, કે

**"વ્યવહારના આલંબનથી મોક્ષમાર્ગમાં થવાનું માને એ જીવો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે. તેમને તો સમ્યક્ત્વ થવાની પાત્રતા જ નથી."** ત્યારે બીજી બાજુએ એ કહે છે કે,

"પાત્ર જીવને નિમિત્ત તરીકે જ્ઞાનીનો ઉપદેશ જ હોય છે."

એટલે ?

જ્ઞાનીના ઉપદેશના નિમિત્ત વિના પાત્ર જીવને મોક્ષમાર્ગ ન થાય. **'જે પોતાનું કલ્યાણ કરવા માગે છે, તેને પહેલાં તો જ્ઞાની પાસેથી સાચો ઉપદેશ મલવો જોઈએ.'** આ કથન પણ એમનું જ છે. **'ઉપદેશ મળવો જોઈએ,' 'નિમિત્ત ઉપદેશ જ છે,'** એ શબ્દો ઉપદેશના અવલંબનની જરૂરીયાત દર્શાવે છે. **અહીં ઉપદેશનું અવલંબન એટલે વ્યવહારમાર્ગનું અવલંબન છે; એને કલ્યાણમાં જરૂરી માન્યું !** તો શું આવું કહેનાર પોતાને પોતે જ તીવ્ર મિથ્યાદૃષ્ટિ કહે છે !!! ના, ના, અથવા એમનો મત એવો હશે કે "માનવાનું જુદું અને આચરવાનું જુદું." વ્યવહારનું આલંબન કર્યા વિના મોક્ષમાર્ગ નહિ. માટે વ્યવહારનું આલંબન અવશ્ય કરવાનું ખરું; પણ ખાવાથી ભૂખ મટે એમ માનવાનું નહિ !! જો માન્યતા સાચી ધરવાની હોય, તો તો એની શ્રદ્ધા હૃદયે એવી સચોટ વસે કે એનો જ પક્ષપાત જામી જાય. પછી તો એની પ્રતિપક્ષી વસ્તુ તરફ ભારે અરુચિ થાય; શક્ય પરિહાર થાય, અને કદી એનું સમર્થન થાય નહિ. ત્યારે અહીં શ્રદ્ધા નિશ્ચયની કરે છે, ને સમર્થન વ્યવહારનું કરે છે. કહે છે **"સાચો ઉપદેશ મળવો જોઈએ, નિમિત્ત ઉપદેશ જ છે."**

**જો નિમિત્ત અને વ્યવહાર ઉપયોગી નથી. જો એ મોક્ષમાર્ગના વિરોધી છે,- એવી શ્રદ્ધા કરો છો, તો પછી એનું સમર્થન કરવામાં તો એ શ્રદ્ધાથી વિરુદ્ધ વર્તીને તમે જાતે જ તીવ્ર મિથ્યાદૃષ્ટિ થવાનું કરો છો,** અહીં પૂછી શકો કે,

**પ્ર.**- તો પછી સાચા જૈનમતેય નિશ્ચયનું લક્ષ્ય તો છે જ, છતાં વ્યવહારનું સમર્થન કેમ કરો છો ?

**ઉ.**- સાચા જૈનમતે એકાંત નિશ્ચયની શ્રદ્ધા નથી કરાતી; પણ વ્યવહાર યુક્ત નિશ્ચયની શ્રદ્ધા કરાય છે. તેથી ત્યાં તો બંનેના સમર્થન કરવામાં જરાય વાંધો નથી. વાંધો તો તમારા એકાંતમતમાં છે. **શ્રદ્ધા જુદી અને આચરવાનું જુદું. પછી પરસ્પર વચન વિરોધ કેમ ન આવે ?**

**જો શ્રદ્ધા એકલા નિશ્ચયની કરવી છે, તો આચરણ એનું જ કરો.**

**જો આચરણ વ્યવહારનું જરૂરી માની કરો છો, તો શ્રદ્ધા વ્યવહારની કરવામાં શું નડે છે ?** વ્યવહારનું આચરણ જરૂરી ન હોય તો આચરવું જ શા માટે ?

વળી પણ એમના જ અન્ય વિરોધી વચન જુઓ. એક સ્થાને કહે છે કે,

**"જેને દ્રવ્યગુણ-પર્યાયની સ્વતંત્રતાની ખબર ન હોય, ને કર્મના ઉદયને લીધે વિકાર થાય એમ માનતા હોય તેને તો મુનિદશાની ગંધ પણ ક્યાંથી હોય ?"**

ત્યારે બીજે ઠેકાણે કહે છે, કે

**"પૂર્વે અજ્ઞાનપણે અનંત અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થઈ શુભભાવથી નવમી**



**ગ્રૈવેયક સુધી ગયો છતાં ચૈતન્ય વસ્તુ ખ્યાલમાં ન આવી."**

**આત્મામાં કર્મના ઉદયથી વિકાર થવો, અને વિકાર ન થવો એ બંનેનો વિરોધ :-** હવે પૂછો, આમાં વિરોધ શો છે ? એ જ વિરોધ કે પહેલાં જે સૂચવ્યું કે 'કર્મના ઉદયને લીધે આત્મા પર વિકાર ન થાય;' તેની સામે બીજામાં કહ્યું કે "આત્મા શુભભાવથી ગ્રૈવેયક દેવલોક સુધી ગયો,' એમ કહીને સૂચવ્યું કે આત્મા જે અહીં દ્રવ્યલિંગી સાધુપણાના પર્યાયવાળો હતો, તે શુભભાવથી શુભકર્મ ઉપાર્જી એના ઉદયે ગ્રૈવેયકદેવપણાના પર્યાયવાળો બન્યો. એટલે કે **આત્મા કર્મના ઉદયથી વિકારી બન્યો.** તે આ રીતે- આત્માના મૂળ શુદ્ધ સ્વરૂપમાં દ્રવ્યલિંગી સાધુપણું નથી, **તેથી દ્રવ્યલિંગી સાધુપણું એ આત્મામાં એક પ્રકારનો ફેરફાર થયો. તેમ દેવપણું એ પણ આત્માનું કાયમી સ્વરૂપ નથી, તેથી એ આગન્તુક ફેરફાર થયો ગણાય.** મૂળ શુદ્ધ વસ્તુને 'પ્રકૃતિ' કહેવાય છે, અને તેમાં આગંતુક ફેરફાર થાય તે **'વિકૃતિ' - 'વિકાર'** કહેવાય છે. આ વિકાર પુદ્ગલના શરીરનો જ નહિ મનાય, કિન્તુ જીવનો માનવો પડશે. કેમકે જીવના આધારે એ શરીર રચાય છે; અને દેવપણું, મનુષ્યપણું વગેરે ફેરફારની અસર જીવ પર પડે છે; જીવને તેવું જ્ઞાન, તેવી સંજ્ઞા, તેવા સંસ્કારોનું જાગરણ થાય છે.

**પરદ્રવ્યની અસરનો કર્મમાં સચોટ દાખલો :-** હવે એમને પૂછો કે **એ વિકાર શાથી થયો ?** એકલા શુભભાવથી કે શુભભાવ દ્વારા ઉત્પન્ન થયેલા પુણ્યકર્મના ઉદયથી ? એકલા શુભભાવથી જો થતું હોય તો તો અહીં શુભભાવ કરતાંની સાથે દેવપણાનો વિકાર થવો જોઈએ. ત્યારે જો કહો કે,

**પ્ર.**- 'શુભભાવથી આત્મામાં ભાવકર્મ ઉત્પન્ન થયું, તેના ઉદયથી વિકાર માનીએ છીએ, તો ?'

**ઉ.**- નિશ્ચયનયના શુદ્ધ આત્માના સ્વભાવમાં ભાવકર્મ જેવું કાંઈ હોય ?

**પ્ર.**- વ્યવહારમતે હોય; અને વ્યવહાર પણ અમે માનીએ છીએ. તો ?

**ઉ.**- સાથે એ સમજી લો, કે એ આંતર વ્યવહારની સાથે બાહ્યવ્યવહાર સંકળાયેલો જ છે, તો પછી એ વ્યવહારની જેમ અવશ્ય જરૂરી એવા બાહ્ય વ્યવહારની અસરનો અપલાપ કેમ કરો છો ? આમ તો તમે કહો છો જ, કે દ્રવ્યલિંગી જીવ સાધુપણાથી શુભભાવ દ્વારા ગ્રૈવેયકમાં જાય છે. આત્મામાં ગ્રૈવેયક દેવપણાનો પર્યાય શા ઉપર ? દ્રવ્યલિંગના વ્યવહાર ઉપર ને ? એ વ્યવહારની અસર જીવ પર એટલે પરદ્રવ્ય પર જ થઈ ને ?

બીજી રીતે વિચારતાં પ્રશ્ન એ છે, કે બાહ્યદ્રવ્યકર્મ પુદ્ગલની અસર ભલેને ન માનો પણ આંતરિક ભાવકર્મની અસર તો માનો જ છો. તો એ બતાવે કે એ

ભાવકર્મમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ સંક્રમણ-ઉદ્વર્તનાદિની શી વ્યવસ્થા છે ? અગર તો કહો કે, **ભાવકર્મ એ દ્રવ્યકર્મના પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશના સાથે સંબંધ ધરાવે છે કે નહિ ?** જો ન ધરાવતું હોય, તો

**(૧) સમ્યક્ત્વ એ કર્મોની અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિને પ્રાપ્ત થાય છે, એ કથનનો શો અર્થ ?** એનો અર્થ જ એ છે કે દ્રવ્યકર્મોની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમની અંદર અંદરની થાય, ત્યારે દ્રવ્ય મિથ્યાત્વકર્મનો ક્ષયોપશમ થવાથી ભાવકર્મનું, પણ તેમ જ થાય, અને આત્મામાં સમ્યક્ત્વ ગુણ પ્રગટે. આમાં આત્મગુણ સમ્યક્ત્વની સ્વતંત્રતા ક્યાં રહી ? તેમજ,

**(૨) ભાવકર્મ કેમ દ્રવ્યકર્મના પ્રકૃતિ-સ્થિતિ-રસને બરાબર અનુસરે છે ?** અને અનુસરે છે એ સ્પષ્ટ જણાય છે. દ્રવ્યકર્મની **પ્રકૃતિ** જો જ્ઞાનને આવરવાની છે તો ભાવકર્મનું પણ પરિણામ જ્ઞાન દબાઈ જવામાં આવે છે. એવું **સ્થિતિમાં.** દ્રવ્યકર્મ જ્યાંસુધી અપક્વ ને અનુદિત હોય છે, ત્યાંસુધી ભાવકર્મ પણ સ્થગિત રહે છે. એમ દ્રવ્યકર્મનો રસ જો ઊગ્ર તો ભાવકર્મનોય ઊગ્ર. પેલો જો મંદ, તો આ પણ મંદ. આ ઉપરથી ભાવકર્મ જો દ્રવ્યકર્મ સાથે સંબંધ ધરાવતું હોય, તો તો એ આવ્યું કે દેવપણાના આયુકર્મ પુદ્ગલના હિસાબે જ આત્મા દેવપણાનો વિકાર પામ્યો. આ એક દ્રવ્યની બીજા પર સ્પષ્ટ અસર થઈ. પછી "દ્રવ્યગુણ-પર્યાયની સ્વતંત્રતાની ખબર ન હોય, ને કર્મના ઉદયને લીધે વિકાર થાય, એમ માનતા હોય..." વગેરે જે એ કહે છે, તે પોતાને જ લાગુ નહિ પડે ? અથવા એ કથન પોકળ નહિ ઠરે ? ત્યારે જો એમ કહે, કે 'અમે દેવત્વ-મનુષ્યત્વ વગેરે વિકારની વાત નથી કરતા, અમે તો રાગાદિ વિકારની વાત કરીએ છીએ.' તો પણ એટલું તો સ્વીકારી લીધું કે આત્મામાં દેવ-મનુષ્યપણાના વિકાર કર્મના ઉદયથી થાય છે. તેથી તમારું જે સામાન્ય વચન- 'કર્મના ઉદયથી આત્મા વિકારી નથી થતો,' એ વચનનો વ્યાઘાત આવ્યો. છતાં ખેર !

હવે **રાગાદિ** અંગે જુઓ-એમાં પણ પૂર્વના જેવા પ્રશ્ન થશે કે,

**પુદ્ગલ દ્રવ્યની આત્મા પર અસર છે, એ માટેના પ્રશ્નો :-**

**(૧) આત્મામાં થતા રાગાદિ ભાવોને રાગમોહનીય આદિ દ્રવ્યકર્મની પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ સાથે કાંઈ મેળ છે કે નહિ ? અર્થાત્ રાગાદિ ભાવો એ કર્મની પ્રકૃતિ આદિને અનુસરે છે કે નહિ ? એના પર આધાર રાખે છે કે નહિ ?**

**(૨) જો રાગાદિકર્મ પુદ્ગલો ઉગ્ર રસવાળા તો જીવમાં રાગપરિણતિ તીવ્ર; અને પુદ્ગલો જો મંદ રસવાળા તો આત્માની રાગાદિ-પરિણતિ મંદ; એવું ખરું કે નહિ ?** જો ના, તો



(૩) કાર્મણ વર્ગણામાંથી કર્મ પુદ્ગલ થવાની જરૂર જ શી ?

(૪) આત્માના સહકાર વિના કાર્મણ પુદ્ગલમાંથી કર્મ કેમ નથી બનતા ?

(૫) કર્મ-પુદ્ગલના પ્રકૃતિ વગેરેના ઉદયને બરાબર અનુસરીને જ સાથે જ આત્મામાં કેમ **ઔદયિકભાવ** કામ કરે છે ?

(૬) રાગાદિ ભાવો જો કેવળ આત્માના જ ધર્મભૂત એવા ભાવકર્મને અનુસરતા હોય, તો એ ભાવકર્મમાં પ્રકૃતિની વિવિધતા શી રીતે ? અને એના રસ અને પ્રદેશ શું ચીજ ? ખુદ ભાવકર્મને શું સમજો છો ?

(૭) કર્મના સ્થિતિ-રસમાં ઉદ્વર્તના-અપવર્તના થાય છે. એ દ્રવ્યકર્મમાં તો ઘટે છે, પણ એકલા સ્વતંત્ર ભાવકર્મમાં કેવી રીતે ઘટાવશો ? કેમકે એમાં અપવર્તનામાં તો આત્માના પરિણામની વિશુદ્ધિના હિસાબે ઉપરની સ્થિતિના કર્મદળીયાંને નીચેની સ્થિતિના દળીયાં ભેગા નાખવાના હોય છે; તે વસ્તુ તો દળીયારૂપ દ્રવ્યકર્મમાં ઘટે; પણ ભાવકર્મમાં શી રીતે ઘટે ? તેમ,

(૮) ભાવકર્મમાં સંક્રમણની યોજના શી રીતે ઘટાવશો ? કેમકે **સંક્રમણમાં** પણ પૂર્વબદ્ધ કર્મ દળીયાંને વર્તમાનમાં બધ્યમાન કર્મદળીયામાં નાખવાના હોય છે. એવું સંક્રમકરણ દ્રવ્યકર્મમાં તો ઘટે, પણ દ્રવ્યકર્મથી તદ્દન નિરપેક્ષ એવા સ્વતંત્ર ભાવકર્મમાં કે રાગાદિભાવમાં ક્યાંથી સંગત થવાનું હતું ? કેમકે એમાં તો દળીયાં જ હોતાં નથી. ત્યારે,

(૯) સમ્યક્ત્વ પામવા માટે જે અપૂર્વકરણ કરાય છે. તેમાં ગુણશ્રેણિ થાય છે, તે કેમ ઘટે ? કેમકે ગુણશ્રેણિનો અર્થ અસંખ્યાતગુણ-અસંખ્યાતગુણ કર્મદળીયાંની એવી ક્રમિક રચના છે, કે જે અપૂર્વ-કરણના શુભ આત્મ-પરિણામથી નીપજે છે. એ ગુણશ્રેણિ તમારા મતે કેવી રીતે ઘટાવશો ? તમારે તો ગુણશ્રેણિને ભાવકર્મની સાથે સંબંધ છે; અને કર્મ-દલિકની રચના એ તો કર્મપુદ્ગલનો પર્યાય છે, તે સ્વતંત્ર છે. એવી દ્રવ્યકર્મની ગુણશ્રેણિના આધાર પર સમ્યક્ત્વેય શી રીતે થાય ? અને એ ગુણશ્રેણિ પર અપૂર્વકરણ પર શી રીતે જન્મે ? કેમકે આત્માનો સમ્યક્ત્વ અને અપૂર્વકરણનો જે પરિણામ, તે પણ સ્વતંત્ર છે. તો એકમાં બીજું કારણ કેમ બની શકે ?

(૧૦) કર્મથી આત્મામાં વિકાર ન હોય, તો **સંસાર શું ? સંસાર કોનો ? સંસાર કેમ થયો ? સંસાર કેમ મીટે ?** સંસાર મીટે એટલે શું ? આના શા જવાબ છે ? અહીં સંસાર આત્માનો જ માનવો પડશે; કર્મનો નહિ, પુદ્ગલ શરીરાદિનો નહિ. **સંસાર એટલે કર્મસંયોગથી થયેલી આત્માની અશુદ્ધ અવસ્થા કહેવી જ જોઈશે.** તો તેમાં,



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

(૧૧) **કર્મસંયોગથી અશુદ્ધ અવસ્થા, અને કર્મના વિયોગથી શુદ્ધ અવસ્થા.** એવું માનો કે નહિ ? ન માનો તો જૈનદર્શનના **'કૃત્સ્ન (સકલ) કર્મક્ષયથી મોક્ષ.'**- એ સિદ્ધાન્તનો કોઈ અર્થ નહિ રહે. કર્મ સંયોગે જ સંસાર છે. તેથી જ કર્મના કારણે આત્મા પર સંસાર નામનો વિકાર માનવો પડશે. એ વિકાર તોજ મીટે કે જો સર્વ કર્મનો વિયોગ થાય.

(૧૨) આત્મામાં કર્મથી વિકાર નહિ માનો તો **ઔદયિકભાવ** કોનો કહેશો ? અને શાથી કહેશો ? એકલા કર્મનો નહિ કહેવાય, કેમકે કર્મ તો પુદ્ગલ છે, ને તેનો તો **સાદિ પારિણામિક ભાવ** માન્યો છે. પાંચ ભાવની અંતર્ગત ઔદયિકભાવ તો આત્માનો માન્યો છે. હવે પૂછો કે "એ શાથી નીપજે છે ?" તો કહેવું પડશે કે કર્મના ઉદયથી નીપજે છે. એનું જ નામ 'કર્મના ઉદયથી વિકાર આત્મામાં થયો.' આ માટે જો બાહ્ય દ્રવ્યકર્મ ન લો, તો 'ઔદયિકભાવ' એ પદમાં **'ઉદય'** શબ્દ છે તેનું શું ? આત્માની કઈ એવી વસ્તુ લેશો કે જેને 'ઉદય' શબ્દ લગાડી એનો ઔદયિકભાવ કહી શકો ?

(૧૩) એવી રીતે બાહ્ય કર્મપુદ્ગલની અપેક્ષા ન રાખો, તો આત્મામાંની કઈ વસ્તુને જૈનદર્શનનો ખાસ પારિભાષિક શબ્દ **'ક્ષાયોપશમિકભાવ'** કેવી રીતે ઘટાવી શકો ? માટે જ, **આત્મામાં થતા આ બે વિકાર પ્રત્યે બાહ્ય કર્મના ઉદયની અને ક્ષયોપશમની અસાધારણ કારણતા માનવી જ પડશે.**

(૧૪) વળી એ પણ વાત છે, કે કર્મના ઉદયથી આત્મામાં જો વિકાર ન માનો તો **પુદ્ગલવિપાકી, જીવવિપાકી, ભવવિપાકી** વગેરે કર્મોની જુદી જુદી અસર શી રીતે વર્ણવશો ? એમાંય ખાસ જીવવિપાકી કોને કહેશો અને શાથી ? નથી, તો **'જીવવિપાકી કર્મ એટલે જીવ પર સીધો વિપાક દેખાડનાર કર્મ,'** એ વસ્તુ જ ખોટી ઠરશે.

(૧૫) વળી દ્રવ્ય-ગુણ-પર્યાયનું જો એકાંત સ્વાતંત્ર્ય છે, તો તેથી ન તો આત્માની એ સ્થિતિની અસર બાહ્ય પુદ્ગલ પર મનાય, કે ન બાહ્યની અસર આત્મા પર મનાય. તેથી જ પ્રશ્ન એ થશે, કે આત્માનો દેવ કે માનવભવનો પર્યાય થવામાં હેતુ કોણ ? ઉત્તરમાં, આયુષ્ય કર્મને જ ખાસ હેતુ કહેવો પડશે. એજ આત્મપર્યાયની પરતંત્રતા અને એજ કર્મથી વિકાર !

(૧૬) ત્યારે દેવતાઈ કે માનવી શરીર બનવામાં મુખ્ય કારણ કોને કહેશો ? જો આત્મા કહો, તો તે તો પરદ્રવ્ય છે. જો બાહ્યકર્મને કારણ કહો, તો તે પણ શરીરનાં પુદ્ગલ કરતાં સ્વતંત્ર દ્રવ્ય છે. તેથી તેને કારણ નહિ કહી શકો. ત્યારે,



(૧૭) જીવને શરીરાકાર કેમ પરિણમવું પડે છે ?

આ બધું સૂચવે છે કે **દ્રવ્યગુણ-પર્યાયની એકાંતે સ્વતંત્રતાની વાત ખોટી છે. તેથી કાનજીમતના વચનો પરસ્પર વિરુદ્ધ હોઈ એકાંતવાદમાં ઠરી બેસે છે.** એવાં વચનો મહાપુરુષ પર વ્યવહારમૂઢતાને આક્ષેપ કરે, એ બેહુદું છે.

(૧૮) તીર્થંકર નામકર્મના ઉદયનું કાર્ય શું ? ઉદયની અસર કોના ઉપર ? જો કહો કે આત્મા પર નહિ, તો કૃત-કર્મનાશની આપત્તિ ઊભી થશે. આત્માએ કર્મ બાંધેલું ખરું, પણ તમારા હિસાબે તે ભોગવ્યું તો નહિ. તેથી કરેલા કર્મનો એમ જ નાશ થવાનો દોષ આવ્યો, ત્યારે જો એમ કહો કે,

**પ્ર.**- આત્માએ કર્મ કર્યું જ નથી, તો ?

**ઉ.-સમ્યક્ત્વના ષટ્સ્થાનનું** કેમ થશે ? એમાં તો ત્રીજા સ્થાનમાં આત્માને કર્મકર્તા કહ્યો છે.

આ રહ્યા છ સ્થાન :-

(૧) જડ દેહથી જુદું દ્રવ્ય આત્મા છે.

(૨) આત્મા નિત્ય છે.

(૩) **આત્મા કર્માદિનો કર્તા છે.**

(૪) તે ભોક્તા છે.

(૫) આત્માનો મોક્ષ છે; અને

(૬) મોક્ષના ઉપાય સંયમાદિ છે.

એમ છ સ્થાન ઉપર શ્રદ્ધા રાખે તે આસ્તિક અને સમકિતી છે. એમાં તો આત્માને કર્મનો કર્તા કહ્યો છે. જ્યારે તમારે તો આત્માને કર્તા માનવો નથી ! તો ષટ્સ્થાનની શી સંગતિ કરશો ? ત્યારે જો કહો કે,

**પ્ર.**- "એ તો વ્યવહારથી કર્મનો કર્તા-ભોક્તા છે; નિશ્ચયથી તો આત્મા કર્મનો કર્તાય નથી કે ભોક્તાય નથી."

**ઉ.- તો હવે નીચેના ટંકશાળી પ્રશ્નોના ઉત્તરો આપો.**

## • સોનગઢમતીને પ્રશ્નો •

**(૧) શું વ્યવહારનય અપ્રમાણિક છે ? અસત્ય છે ?**

**(૨) વ્યવહાર-સિદ્ધ વસ્તુને કહેનારા પ્રભુએ શું અસત્યનું પ્રતિપાદને કર્યું છે ?**

**(૩) શું વ્યવહારનયનું અભિધેય ખોટું (અલિક-અસત્) છે ?**

**(૪) શું વ્યવહારનયની વસ્તુ અકરણીય છે ? એમાં ત્યજવાનું કે આદરવાનું**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

કાંઈ જ નથી ?

**(૫) ત્યારે, શું વ્યવહારના આચરણથી એકાંતે આત્માની અશુદ્ધિ વધે છે ?**

આમાં એકેયના ઉત્તરમાં 'હા' નહિ કહી શકાય. વ્યવહારનય પ્રામાણિક છે, તો જ સ્યાદ્વાદ ઘટી શકે છે. વ્યવહારનું અભિધેય સત્ છે. નિશ્ચયની દૃષ્ટિએ વ્યવહારનય ઔપચારિક છે, એનો અર્થ એ નથી, કે 'એ જૂઠો છે; એનાથી અશુદ્ધિ વધે છે.' કેમકે વ્યવહારને કહેનારા શ્રી સર્વજ્ઞ ભગવાન છે તે જૂઠું કહે જ નહિ. તેમજ અશુદ્ધિ તેને વધી ગણાય જેનાથી આત્મા મોક્ષથી વધુ આઘો પડે. અહીં તો વ્યવહાર ચારિત્રતપથી સ્વર્ગ સાધવા દ્વારા સીધો મહાવિદેહ જેવામાં જઈ મોક્ષ સાધનારો બને છે.

**પ્ર.**- નિશ્ચયનયની દૃષ્ટિએ વ્યવહાર જૂઠો ખરો ને ?

ઉ.- એમ તો વ્યવહારનયની દૃષ્ટિએ નિશ્ચયનય જૂઠો, માટે નિશ્ચયને જૂઠો કહેશો ? ત્યારે ખરી વસ્તુ એ છે, કે **નિશ્ચયનય અને વ્યવહારનય એ મધ્યસ્થદૃષ્ટાની બે આંખ છે.** એ બે આંખોમાંથી એક આંખે જ જોઈ શકનારો કાણો કહેવાય છે. એકાંતવાદી મતોની આવી દશા છે ! એવી જ આ સોનગઢીમતની પણ દશા છે. **વ્યવહારનય એ નિશ્ચયની દૃષ્ટિએ ઔપચારિક છે, પરંતુ પોતાની દૃષ્ટિએ ઔપચારિક નહિ, પણ મુખ્ય છે.** એ વસ્તુ તત્ત્વને અનુલક્ષીને તો તમે પણ મુખ્યપણે તમારા માનેલા મત ઉપર વિચાર, પ્રચાર અને પ્રસિદ્ધિ વગેરેની બહોળી યોજનાઓ ઘડો છો ! અને એને અમલમાં મૂકો છો ! **જો વ્યવહારના અભિપ્રાયની ઉપયોગિતા ન સમજતા હોત, તો આટલો બધો વિચાર, પ્રચાર અને પ્રસિદ્ધિ વગેરે કરવા પાછળ તમે બાહ્ય ઉદ્યમરૂપી વ્યવહાર** શા માટે કરત ? ઉદ્યમ કરો છો. એ સાબિત કરે છે, કે "વ્યવહારને તમે ભલે ઔપચારિક કહો, પણ એની ખૂબ જ ઉપયોગિતા ગણો છો.**'વ્યવહારના આલંબનથી જ નિશ્ચયની વસ્તુ પ્રગટ થાય છે,'**- એમ હૃદયમાં સમજી જ રહ્યા છો."

## વ્યવહારની અસર છે, એમાં પ્રવચન સારનું પ્રમાણ.

વ્યવહારની આત્મા પર જો અસર ન માનો, તો એ કહો, કે **શાથી પ્રવચનસારની ૬ ઠ્ઠી ગાથાની ટીકામાં**

**"આત્માને સરાગ ચારિત્રના ફળરૂપે દેવેન્દ્રાદિના વૈભવરૂપી કલેશ મળે છે." એમ કહ્યું છે ?** ત્યાં પ્રશ્ન થાય છે, કે

(૧) વૈભવ તો બાહ્ય ચીજ છે, એને આત્મા સાથે શો સંબંધ ? જો સંબંધ છે, તો તે સંબંધ વ્યવહારથી કે નિશ્ચયથી ? જો નિશ્ચયથી સંબંધ ન હોય, તો એમાં



**આત્માને માટે ખરાબ શું ?** કે જેથી આત્માને મળતા વૈભવ માટે **"કલેશ મળે છે," એમ કહ્યું ?** તેવી જ રીતે.

(૨) આત્માના સરાગચારિત્રના કાર્ય તરીકે દેવેન્દ્રાદિના વૈભવને કહો છો, તેમાં તો 'એક દ્રવ્ય બીજાપર અસર નહિ,' એવા તમારા એકાન્તિક સિદ્ધાન્તથી વિરુદ્ધ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કારણ બન્યું ! સરાગચારિત્રનો અશુદ્ધપર્યાયી **આત્મા** એ દેવાદિવૈભવરૂપ **પુદ્ગલ** દ્રવ્યનું કારણ બન્યો. તે તમારા મતે કેમ ઘટે ?

આ એક સમજવાની વસ્તુ છે. "વ્યવહાર તો ઔપચારિક છે"-એમ કહી વ્યવહારને કિંમત વિનાનો ગણો છો, "વ્યવહારથી વસ્તુને કાંઈ અસર ન થાય" એમ માનો છો, છતાં "સરાગચારિત્રથી સ્વર્ગીયવૈભવનો કલેશ આત્માને મળે છે," એમ કહો છો ! પરંતુ એ કહો કે કિંમત વિનાની ઔપચારિક વસ્તુથી શાબાશી યે શી ? અને નાલેશીયે શી ? ત્યારે જો કહો કે,

**પ્ર.**- "કલેશ મળે છે, તે પણ ઔપચારિક છે." તો,

ઉ.- સરાગચારિત્ર અને વૈભવ, એ બંને ઔપચારિક. તેમાં એક ઔપચારિક 'સ૦ ચા૦' થી બીજું ઔપચારિક 'વૈભવ' નીપજ્યું; તો ભલે નીપજ્યું, તેમાં નિશ્ચયશુદ્ધ આત્માને શી ચિંતા ? શા માટે એણે સરાગચારિત્રને વીતરાગચારિત્ર બનાવાની મહેનત કરવી જોઈએ ? ઈન્દ્રાદિવૈભવના કલેશ મળવાનું પણ વ્યવહારિક હોવાથી, ઔપચારિક હોઈને, જો મુખ્ય નથી, તો પછી **એ કલેશ ન મળે અને અનંતજ્ઞાન સુખાદિમય મોક્ષ દશા જ મળે,** એ માટે આત્માએ શા માટે પુરુષાર્થ કરવો ? આત્મા તો નિશ્ચયથી સદા અનંત જ્ઞાનાદિમય છે જ.

ત્યારે, સરાગ ચારિત્ર પણ શું વસ્તુ છે ? શું એને શુદ્ધ નિશ્ચયનયે આત્માનું સ્વરૂપ કહી શકાય ? જો ન કહેવાય, તો જે આત્માનું સ્વરૂપ જ નથી એને દૂર કરવાની ચિંતા કે પ્રયત્ન પણ શા માટે જ કરવા જોઈએ ? જો કહો કે,

**પ્ર.**- આત્માનું એ સ્વરૂપ જ છે, પણ અશુદ્ધ સ્વરૂપ છે. તો

ઉ.- પ્રશ્ન એ થાય છે, કે શું શુદ્ધ નિશ્ચયનયે આત્મામાં રાગાદિ-સ્વરૂપ હોઈ શકે ? અશુદ્ધનયે જે રાગાદિ-સ્વરૂપ હોય તે મુખ્ય કે ઔપચારિક ? મુખ્ય હોય તો સ્વાભાવિક થવાથી શાશ્વતિક કેમ નહિ ? ઔપચારિક હોય તો વ્યવહાર જેવું થયું.

## વ્યવહારમૂઢતાના સ્વવચનની વિરુદ્ધ પોતાનું જ વચન.

આ બધાનું તાત્પર્ય એ છે, કે જેટલી નિશ્ચયનયની અગત્યતા છે, તેટલી જ અગત્યતા વ્યવહારનયની છે. શુદ્ધનિશ્ચયે પહોંચવાનો રસ્તોજ વ્યવહાર છે. આટલી પ્રમાણસિદ્ધ વસ્તુને અવગણી જ્યારે એ વ્યવહાર-મૂઢતાનો આક્ષેપ કરે છે, ત્યારે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

એમનો વ્યક્તિ-દ્વેષ અને અહંભાવ સાબિત થાય છે. કેમકે, એ કાંઈ સ્વયં વ્યવહારને સંપૂર્ણ તરછોડતો નથી. અલબત શ્વેતામ્બરમાન્ય પવિત્ર ધર્મક્રિયા તરફ દ્વેષના હિસાબે વ્યવહાર મૂઢતાનો આક્ષેપ કરી નાખે છે.

વ્યવહારમૂઢતાના પ્રસ્તુત આક્ષેપ અંગે જુઓ, કે

એક બાજુ એ કહે છે ખરા કે **"વ્યવહારમાર્ગના અવલંબને મોક્ષ માને, તે વ્યવહારમૂઢ છે."** આનો શો અર્થ છે ? એજ, કે "કોઈ મોક્ષનો માર્ગ (ઉપાય) દર્શાવતો હોય, એમાં જો એ 'વ્યવહારમાર્ગના આશ્રયે મોક્ષ થાય છે.' એવું કહે તો તે ખોટું છે. એમ નહિ કહેવું જોઈએ. અર્થાત્ વ્યવહાર-માર્ગને મોક્ષના ઉપાય તરીકે નહિ બતલાવવો જોઈએ." આવું એ કહે છે. એટલે એ એમ કહેવા માગે છે ખરા, કે "વ્યવહારમાર્ગ એ મોક્ષનો ઉપાય નથી. મોક્ષ માટે ઉપયોગી જ નથી."

પરંતુ બીજી બાજુ પાછા એજ લખે છે, કે **"જે પોતાનું કલ્યાણ કરવા ચાહે છે, તેને પહેલો તો જ્ઞાનીનો ઉપદેશ મળવો જોઈએ. પાત્ર જીવને નિમિત્ત તરીકે જ્ઞાનીનો ઉપદેશ જ હોય છે."** આમાં જુઓ, કે વ્યવહારમાર્ગને ઉપાય તરીકે કહ્યો કે નહિ ? "પહેલો તો જ્ઞાનીનો ઉપદેશ મળવો જોઈએ." એમ કહેવાનો અર્થ જ એ છે, કે **જ્ઞાનીના ઉપદેશની પ્રાપ્તિ એ જે વ્યવહારમાર્ગ છે, તે કલ્યાણાર્થી માટે પહેલો જરૂરી છે.** વળી જે કહે છે, કે "પાત્ર જીવને નિમિત્ત તરીકે..." એમાં નિમિત્તનો અર્થ આલંબન છે. તેથી એમનું કહેવું એ થયું કે 'પાત્ર જીવને એટલે કે મોક્ષાર્થી જીવને આલંબન તરીકે ઉપદેશ જ હોય છે.' આમાં 'ઉપદેશ જ' એમ ઉપદેશ સાથે "જ" કાર મૂક્યો. તેથી સૂચવ્યું કે 'ઉપદેશ વિના ન જ ચાલે.' વાત પણ સાચી છે ! એમને ત્યાં પણ ઉપદેશથી જ લોક ખેંચાય છે; અને એમનું સમજતા થાય છે. એવું જ સન્માર્ગમાં પણ લોક ઉપદેશથી ખેંચાય છે, અને સન્માર્ગ સ્વીકારી મોક્ષના આરાધક બને છે. **એથી જ "જાગતા કે ઉંઘતા એમણે મોક્ષાર્થી જીવને અવશ્ય વ્યવહારના આલંબન જોઈએ." એમ કહ્યું.** તેથી વ્યવહારના આલંબને મોક્ષમાર્ગ માન્યો. જ્યારે આક્ષેપ એવો કરે છે, કે "વ્યવહારમાર્ગના આલંબને મોક્ષ માને તે વ્યવહાર-મૂઢ." તો શું પોતે પોતાને જ વ્યવહાર-મૂઢ ઠરાવે છે ? આમ કેવો પરસ્પર વિરોધ એમના પોતાના જ વચનોમાં ઠામઠામ રહેલો છે !

### "દરેક દ્રવ્ય સ્વતંત્ર છે." એની અને 'વ્યવહાર એ કારણ નથી,' એની વિરુદ્ધ પોતાનું જ વચન

હજી ઓર એમના જ વચન જુઓ કે જે એમના પોતાના જ સિદ્ધાન્તો સ્પષ્ટ



વિરોધી કરી રહ્યા છે :- **"જુઓ આ સમ્યગ્દર્શન પામવાની તૈયારીવાળા જીવની પાત્રતા ! હજી સમ્યગ્દર્શન પામ્યા પહેલાં આવો નિર્ણય કરે છે, કે હું આત્મા અનાદિ-અનંત છું ને આ શરીરની સ્થિતિ તો અલ્પકાળની જ છે, માટે મારે તત્ત્વનિર્ણય કરીને મારું આત્મહિતનું પ્રયોજન સાધી લેવું."**

આમ કહીને એ સૂચવ્યું, કે આવો વિચાર કરનાર જીવમાં **પાત્રતા** છે. અર્થાત્ એ પાત્ર જીવ હોવાથી એનો આ વિચાર યોગ્ય વિચાર છે. વિચાર એવો કર્યો કે "શરીરની સ્થિતિ અલ્પકાળની છે, **માટે** મારે તત્ત્વનિર્ણય કરીને..." એમાં એમ સૂચવ્યું કે "તત્ત્વનિર્ણય તો, શરીર સ્થિતિ છે, ત્યાં સુધી જ, શક્ય છે. આત્મહિત પણ ત્યાંસુધી જ શક્ય છે, અર્થાત્ શરીરસ્થિતિ નષ્ટ થયા પછી તત્ત્વનિર્ણય અને આત્મહિત નહિ થઈ શકે." એનો અર્થ જ એ છે કે **'શરીરસ્થિતિ એ તત્ત્વનિર્ણયમાં કારણ છે.'** એટલે.

**પરસ્પર સ્પષ્ટ વિરોધ :-** (૧) **શરીરરૂપી એક પુદ્ગલ દ્રવ્યને બીજા આત્મદ્રવ્યના પર્યાયમાં કારણ માન્યું.** ત્યારે બીજી બાજુ પાછા આ જ નિશ્ચયવાદી કહે છે કે **'દ્રવ્યગુણ-પર્યાય સ્વતંત્ર છે.** એક દ્રવ્ય બીજામાં કારણ ન બની શકે.'

(૨) વળી **તત્ત્વનિર્ણય અને આત્મહિત માટે શરીરદ્વારા સાધના જરૂરી માની, એમાં વ્યવહારમાર્ગની ઉપયોગિતા કહી. જ્યારે બીજી બાજુ વ્યવહારમાર્ગને મોક્ષ માટે જરૂરી નથી માનતા ! ! કેવા કેવા આ પોતાના જ વચનોના સામસામા વિરોધ છે !** હવે એમને કહો, કે જો વ્યવહારમાર્ગની ઉપયોગિતા છે; તો પ્રભુ-પૂજા, સામાયિક, વ્રતપચ્ચક્ખાણ, ત્યાગ-તપસ્યા વગેરે ધર્મ-ક્રિયાના વ્યવહાર પ્રત્યે કેમ દ્વેષ કરો છો ? એ તો તારક વ્યવહાર છે. ઊલટું આરંભ-પરિગ્રહાદિ પાપક્રિયાનો વ્યવહાર જે મારક છે, એના તરફ તો કોઈ દ્વેષ તમે કરતા નથી ! એને છોડવાનું તમે કહેતા નથી. અને ધર્મ-વ્યવહારને છોડવાનું કહો છો ! **ધર્મદેશનાના નામે કેવીક આ અધર્મ દેશના !** ભોળા-અજ્ઞાન લોક પાસે ધર્મ વ્યવહાર છોડાવી એને પાપ-વ્યવહારમાં વધુ લીન બનાવવાનું કરો છો ! આ તમારી કેવી મહાઅજ્ઞાન અને પાપભરી લીલા છે !! **પાછું તમારું પ્રવચન, શ્રવણ, માસિકવાંચન-મનન, સમયસારાદિનું વાંચન વગેરે વ્યવહાર તો જાણી-બુઝીને કરાવો છો ?** ત્યારે તમારી દયા આવે એવું છે, કે તમને કેટલું ઘેરું મિથ્યાત્વ વળગ્યું છે ! કેવા તમારા બોલ ઢંગધડા હિન છે ! અને તમારી ચાલ માયાભરી છે !

**આ તો, 'આત્મધર્મ' નામના માસિકના માત્ર એક અંક અંગેની મોટે ભાગે વિચારણા કરી છે. પરંતુ જો વર્ષોના એના અનેક અંકોની વિચારણા કરવામાં આવે તો એમાંને એમાં અપાર વચનોની પરસ્પરમાં જ અથડામણ મળે છે. એમના જ**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**વચનો અંદર-અંદર એક બીજાને બાધક બને છે. એવા પાર વિનાના વિરુદ્ધ વચનોની સમાલોચના અહીં શે થાય ! અસ્તુ.**

**મુદ્દો - ૪ :**

**નવીન ઢબના નિશ્ચયવાદીઓની પ્રવૃત્તિ જ પોતાના વચનના વિરોધમાં ઉતરે છે.**

**દ્રવ્ય સ્વાતંત્ર્ય એટલે શું ? :-** હવે આને વિચારીએ. સોનગઢપંથી એકબાજુ દ્રવ્ય-ગુણ-પર્યાયનું એકાંત સ્વાતંત્ર્ય માને છે. અર્થાત્ **એક દ્રવ્ય કે એના ગુણ-પર્યાય, એ બીજા દ્રવ્ય કે એના ગુણ-પર્યાયમાં કારણ નથી, તેમ પોતેય બીજાની અપેક્ષા રાખતા નથી.** એટલે એમનું કહેવું એ છે, કે **"દ્રવ્યમાં જન્મતા ગુણ-પર્યાયને જન્મવા માટે કારણ તરીકે માત્ર ઉપાદાન જ કારણ હોય છે.** અર્થાત્ એ દ્રવ્ય જ, અથવા એ દ્રવ્યોના જ ધર્મો કારણભૂત હોય છે, પણ બાહ્ય કોઈ બીજું દ્રવ્ય કે એના ગુણ-પર્યાય કારણભૂત હોતા નથી. એવું જ એ દ્રવ્ય સ્વયં પણ બીજા દ્રવ્ય કે એના ગુણો કે પયાયો પ્રત્યે કારણભૂત નથી જ. દરેક દ્રવ્ય અને એના ગુણ-પર્યાય પોતેજ પોતાનું કાર્ય નિપજાવી લે છે. એ નિપજાવવામાં બહારનાની કોઈ જ જરૂર રાખતા નથી." આ છે એમનો 'દ્રવ્ય-ગુણ-પર્યાય-સ્વાતંત્ર્ય'નો મત. આનાથી પણ એ લોકો આગળ વધી 'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ' માને છે. પણ આપણે હમણાં એનો વિચાર રહેવા દઈ, દરેક દ્રવ્ય અને એના ગુણ-પર્યાયનું સ્વાતંત્ર્ય જે એ એક બાજુ કહે છે; પરંતુ બીજી બાજુ એમની ઢગલાબંધ પ્રવૃત્તિ જોઈએ તો એ કેવી સ્વાતંત્ર્યના પોતાના જ સિદ્ધાન્તની સરાસર વિરુદ્ધ જાય છે, એ જોઈએ.

**"દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, એકબીજામાં કારણ નથી."**

**આ એમના સિદ્ધાન્તની વિરુદ્ધ એમના જ વર્તાવના દાખલા :-**

(૧) એ મતવાળાને એમનો **પ્રવચન-હૉલ બંધાવવો હતો.** એ હૉલ માત્ર તેમાં ઉપાદાન તરીકે વપરાયેલ માટી-ચૂનો-ઈંટ વગેરે પુદ્ગલ દ્રવ્યનો જ પર્યાય હતો. હૉલ માત્ર ઈંટ ચૂના વગેરેનું જ કાર્ય હતો. તેથી એમાં એ જ જરૂરી હતા, પણ બાહ્ય દ્રવ્યો જેવાં કે, કડીયા, સુથાર, મજૂર, કોશ, કુહાડા, પાવડા, પાણી, તગારા, દોરડા વગેરે કારણભૂત હતા જ નહિ. છતાં શા માટે આ બાહ્યદ્રવ્યોની એમને જરૂર પડી ? શા માટે એમણે એ ભેગાં કર્યાં, કે કરાવ્યાં ? આ **પરદ્રવ્યો** ભેગું કરવાની, અને એના દ્વારા હૉલ બંધાવવાની પ્રવૃત્તિ પોતાના મતથી જ વિરુદ્ધ થઈ !

(૨) એમ **ક્ષુધા-નિવૃત્તિને** એ અશુદ્ધ આત્માનો કે શરીર પુદ્ગલનો પર્યાય કહેશે. તો એનું ઉપાદાન તો આત્મા કે શરીર છે; તેથી એની જ જરૂર રહેશે.



પછી એના માટે કેમ બાહ્ય આહાર પુદ્ગલરૂપી બીજા દ્રવ્યની સહાય લેવાય છે ? શું ક્ષુધા-નિવૃત્તિમાં બહારનું બીજું દ્રવ્ય કારણ બની શકે ?

(૩) ત્યારે એ મતવાળા ગામેગામ **દિબંગર મંદિરો શું સમજીને ઉભા કરે છે ?** શું એ મંદિરો બીજા જીવદ્રવ્યોને ઉપયોગી થવાનાં છે ? જો હા, તો તો બીજાં જીવદ્રવ્યોના શુદ્ધિ વગેરે કાર્યમાં ઉપાદાન ઉપરાંત આ બાહ્યમંદિરો પણ ઉપયોગી થયા. તેથી તો દરેક દ્રવ્ય અને એના ગુણપર્યાયનું સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ? એટલે આ મંદિરો બંધાવવા, એની પ્રતિષ્ઠા કરવી, એ બધું સ્વમતવિરુદ્ધ છે. વળી એ મંદિરમાં ચક્ષુ વિનાની દિગમ્બરમૂર્તિ શા માટે ? મૂર્તિને અને પરમાત્માને શો સંબંધ ? મૂર્તિથી પૂજકને શું ? આ બધી સ્વમતથી વિરુદ્ધ પ્રવૃત્તિ છે.

(૪) વળી એમનું **'આત્મધર્મ' માસિક,** કે એમના સમયસારાદિ પુસ્તકોનું ઉપાદાન તો માત્ર કાગળ અને મષી છે. એટલે પુસ્તક તૈયાર થવામાં કારણભૂત માત્ર એ જ બને. પણ બાહ્ય ટાઈપો, મુદ્રણયંત્ર, કારીગરો વગેરે ન બને. એવો એમનો મત હોવા છતાં પ્રવૃત્તિમાં તો પાછો એમણે એ અકારણભૂત બાહ્યદ્રવ્યોનો આશ્રય તો લીધો જ ! એમને કહીએ, કે "અલ્યા ભાઈ ! જે બાહ્યનિમિત્તોને તમે અ-કારણ સમજો છો, 'એ કારણ નથી.'- એમ બાપોકાર જાહેર કરો છો, એની અપેક્ષા (એની જરૂરીયાત) શા માટે રાખો છો ? કેમ તમે મુદ્રણક્રિયાના વિલંબે અંકનો વિલંબ થવાનું માનો છો ? માટે જ કેમ મુદ્રણની નિયમિતતાથી જ અંકને નિયમિત થવાનું સમજો છો, અને નિયમિત કરો છો ? અંકના ઉપાદાનમાં મુદ્રણયંત્ર નથી, માટે અંક સ્વતંત્ર, મુદ્રણયંત્ર સ્વતંત્ર. બંનેને કાર્ય કારણભાવ ન હોય. **શાહીથી અક્ષરનું મુદ્રણ બરાબર ટાઈપ પ્રમાણે જ થવાનું કેમ સમજો છો ?** તેથી તો મુદ્રણમાં દા.ત. "આત્મા" શબ્દ લાવવો હોય તો ટાઈપો, 'અ', કાનો, અર્ધ "ત્", 'મ', કાનો, એવાજ લેવરાવો છો. પરંતુ એમાં સહેજ પણ ફેરફાર ચલાવી લેતા નથી. એટલે કે 'અ' ને બદલે 'ઈ' નો કે કાનાને બદલે માત્રાનો ટાઈપ ચલાવી લેતા નથી. મુદ્રિત પાના પર અક્ષરનું ઉપાદાન તો માત્ર શાહી છે. પછી બાહ્યનિમિત્ત એવા આ ટાઈપને નિયમસર કેમ અનુસરો છો ? આ બધું સૂચવે છે, કે ટાઈપો, યંત્ર વગેરે બાહ્યદ્રવ્યો પણ અત્યંત અપેક્ષિત છે, ખાસ કારણ છે. જેમ શાહી વિના નજ ચાલે, તેમ ટાઈપ વિના નજ ચાલે. તેથી જેમ શાહી એ અવશ્ય કારણ છે, તેમ ટાઈપ પણ અવશ્ય કારણ છે જ. બલ્કે શાહી તો 'અ'-'ઈ'-'ક' વગેરે બધાં અક્ષરમાં સાધારણ કારણ છે; ત્યારે નિમિત્તભૂત ટાઈપ તો અસાધારણ કારણ છે. 'અ' ટાઈપથી જ 'અ' અક્ષર પડે છે.

(૫) એમનાં કાચાં **લખાણમાં પણ ઉપાદાનભૂત તો કાગળ અને મષી છે;**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

પણ લેખક કે કલમ નથી. ત્યારે એમને પૂછીએ કે "તો પછી લખવા માટે કેમ તમે ઉદ્યમ કરો છો ? શા માટે હાથમાં કલમ પકડો છો ?" આ તમારી પ્રવૃત્તિ જ સૂચવે છે, કે તમારો માનેલો દ્રવ્ય-ગુણ-પર્યાયના એકાંત સ્વાતંત્ર્યનો વાદ એ પ્રમાણિક છે. માત્ર તમારે મોંઢે બોલવાનો છે, આચરવાનો નથી. આચરવામાં તો તમે એક દ્રવ્યના કાર્યમાં બીજા દ્રવ્યની સહાય આપવા-અપાવવાની ખૂબ ખૂબ રાખી છે !

**અહીં એ ખાસ જોવાનું છે, કે નિમિત્તભૂત યંત્ર, ટાઈપ, કલમ વગેરે દ્રવ્યો હાજર છતાં કેટલીકવાર કારણ નથી થતું, એવુંયે બને છે. છતાં કાર્ય સાધવા માટે એ નિમિત્તોની પૂંઠ પકડાય છે. ગમે ત્યાંથી નિમિત્તો ખાસ ભેગાં કરાય છે. જાણે છે, કે કાર્ય એનાથી જ થવાનું છે. પાછી એમાં ખામી હોય તો દૂર કરાય છે. દા.ત. યંત્ર ખોટકાઈ ગયું હોય, ટાઈપ તૂટી ગયો હોય, કલમ ભાગી ગઈ હોય તો સુધારો-વધારો કરાય છે. પછી જ કાર્ય નીપજે છે. એવું પોતે પણ સમજે છે. તેથી જ નિમિત્તોના સુધારા-વધારા પર ખાસ પ્રયત્ન રાખે છે. તો પછી એવી જ રીતે મૂર્તિ, દર્શ પૂજન, સામાયિક, દાનશીલાદિ ધર્મક્રિયા, વ્રતનિયમો વગેરે એવાં નિમિત્તો છે, કે આત્મધર્મ પ્રગટાવવા એને અવશ્ય સેવવા જોઈએ. ભલે એ ક્યાંક હાજર છતાં કાર્ય ન થયું હોય તો ત્યાં ઉપાદાનની ખામી હશે, પુરુષાર્થની ખામી હશે, છતાં આત્મધર્મનું કાર્ય સિદ્ધ કરવા માટે એ નિમિત્તોની પૂંઠ પકડવી જ જોઈએ. અર્થાત્ એને ખૂબ જ સેવવાં જોઈએ. કાર્ય એ જ રીતે સધાશે. આવી સ્પષ્ટ વસ્તુસ્થિતિ છતાં મુદ્રણ-લેખક વગેરેમાં તો નિમિત્તો પર ખૂબ તકેદારી ! અને મહામૂલા ધર્મમાં નિમિત્તનો તિરસ્કાર, આ કેવો અન્યાય !**

**નિમિત્તની બળવત્તાનું હજી દૃષ્ટાન્ત જુઓ :-**

(૬) શબ્દો એ ભાષાવર્ગણાના પુદ્‌ગલરૂપી ઉપાદાનમાંથી બને છે. એની પ્રત્યે આત્મા શરીર, કે કામયોગ એ પરદ્રવ્ય હોઈ કારણ નથી. તો આ નવીન નિશ્ચયવાદીને શબ્દોત્પત્તિ માટે કેમ આત્મપુરૂષાર્થ અને શરીરક્રિયા કરવાની અપેક્ષા રહે છે ? શબ્દનું ઉપાદાન કારણ જે ભાષાવર્ગણા, તેમાંથી શબ્દરૂપી પર્યાયો ઉત્પન્ન થઈ જશે. પછી પ્રયત્નનું અને કંઠ, જીભ વગેરેના હલન-ચલનનું કે સંયોગનું શું કામ છે ? એમાં વળી, જો કંઠમાં કફ ભરાયો, તો કેમ શબ્દ નથી નીકળતો ? તેમજ, શબ્દ કાઢવા માટે કેમ કફને ખસેડી ગળું ચોક્ખું કરવું પડે છે ? ગળું જુદું દ્રવ્ય છે, શબ્દ જુદું દ્રવ્ય છે; તેથી એકબીજામાં કારણ ન બની શકે. **જે કારણ નહિ, તેની અપેક્ષા રાખવાની હોય નહિ.** છતાં જરૂર અપેક્ષા રહે છે. માટે તો કહેવાય છે, "આજે પ્રવચનકાર મહાત્માનું ગળું બેસી ગયું છે, તેથી પ્રવચન બંધ છે !" ગળું એ કાંઈ પ્રવચનનું ઉપાદાન નથી, નિમિત્ત છે. છતાં પદ્રરવ્ય એવા નિમિત્તની



કેમ આટલી બધી અપેક્ષા ? કહો કે એ પણ ઉપાદાનની જેમ કારણ છે જ. ને કારણ વિના કાર્ય થાય નહિ. માટે જ એની એટલી બધી અપેક્ષા કરાય છે.

**પોતાની જ સ્વસિદ્ધાન્ત વિરુદ્ધ પ્રવૃત્તિઓના બીજા દાખલા.**

વળી જુઓ, કે એક બાજુ તો એ કહે છે કે, **"સ્વભાવના આશ્રયે જ મોક્ષમાર્ગની આરાધના છે, વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી." વળી એમ પણ કહે છે કે, "બહારના ક્રિયાકાંડ કે વિકલ્પોથી સમ્યગ્‌દર્શન પમાતું નથી. એટલે તેને સહજ કહ્યું છે; અર્થાત્ સમ્યગ્‌દર્શન પામવા માટે બહારની પ્રવૃત્તિ કારણભૂત નથી જરૂરી નથી."** આ એમનો પ્રમાણસિદ્ધ અને એકાંતે આદરણીય સિદ્ધાન્ત છે.

હવે આની સામે એમની જુદી જુદી વિરુદ્ધ પ્રવૃત્તિઓ જુઓ :-

(૮) પોતાના માનેલા શુદ્ધ મોક્ષમાર્ગનું પ્રવચન કરવાનો વ્યવહાર તો તે રોજ કરે છે. તો તે પ્રવૃત્તિ શા માટે ભાઈ ? "એથી સમ્યક્ત્વ પમાડવા હું નથી ઈચ્છતો, તેમજ જીવ એને સાંભળવાનો જે વ્યવહાર કરે છે, તે કાંઈ સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિનું કારણ નથી." આવું જો એ કહે તો પછી એમને સીધો જ પ્રશ્ન છે, કે ચાહીને તમારી પ્રવચનની અને શ્રોતાની શ્રવણની બાહ્યક્રિયા જે કરાય છે, તે શા માટે ? મિથ્યાત્વ ટકાવવા કે છોડાવવા ? સમ્યગ્‌દર્શનથી વંચિત રાખવા-રહેવા કે સમ્યગ્‌દર્શનથી યુક્ત બનાવવા-બનવા ? અથવા શું પ્રવચન કરવાની કે સાંભળવાની પ્રવૃત્તિ વીતરાગ-આત્માની છે ? અગર તો સંમૂર્ચ્છિમ-અસંજ્ઞી આત્માની છે ? આત્મા બેભાન હોય છતાં સહેજ ભાવે એનામાં જેમ કાળસંબંધ થાય છે એવી કાંઈ આ પ્રવૃત્તિ સહજ નથી. આ તો ઈરાદાપૂર્વક નિયત સમય સાચવીને તેમજ મન એકાગ્ર કરીને ક્રિયા થાય છે. તો તે શા માટે ?

(૧) જો એ એમ કહે કે અમારી ક્રિયા તો જડની છે, આત્માની નહિ, તેથી આત્માની નહિ, તેથી આત્માના પ્રયોજન વિનાની છે. તો તે ખોટું છે, કેમકે તો પછી "મડદામાં કેમ એવી ક્રિયા નથી થતી ?" એવો પ્રશ્ન ઊભો થાય છે. વળી ભલે એ જડની ક્રિયા કહે. તો પણ એનું કોઈ પ્રયોજન તો જોઈએ ને ? ભલે જડનું પ્રયોજન કહો, પ્રવચન કરવા-સાંભળવાની ક્રિયાનું શું પ્રયોજન છે ? કયા હેતુએ પાછળ એ કરાય છે ? ત્યારે

(૨) જો એમ કહે, કે અમારી પ્રવૃત્તિનું કોઈ પ્રયોજન નથી. તો એ પ્રવૃતિ ઉન્મત્તની પ્રવૃત્તિ જેવી થવાથી ઉપેક્ષણીય ઠરે છે.

(૩) જો કહે કે "ક્રિયા-પ્રવૃત્તિ તો તે તે દ્રવ્યના પરિપાકે અવશ્ય થવાની છે. નિમિત્તની તો માત્ર હાજરી હોય, એટલું જ. બાકી શરીરાદિની ક્રિયા નિયત થયેલી છે, તે તે પ્રમાણે થયા કરે છે." આવું જો એ કહે તો તેમાં તો માત્ર


E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ગોશાળાનો **એકલો ભવિતવ્યતાવાદ** થયો. એ જો એમ કહે કે "ભલે એમ માનો." તો પ્રશ્ન થશે, કે તો પછી આત્મદ્રવ્યમાં સમ્યગ્દર્શન પણ એમજ નિયતિ મુજબ થઈ જશે. એ માટે પરદ્રવ્યની બાહ્યક્રિયા તો શું, પણ આત્માની પુરુષાર્થરૂપ ક્રિયાની પણ જરૂર નહિ રહે. તેથી પુરુષાર્થ કરાવવા માટે જ "શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ કેળવો, આત્મ-પર્યાયની શુદ્ધિ તરફ લક્ષ રાખો. રાગદ્વેષ મૂકી શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા બનો..." વગેરેની તમારી બાંગ, તે પોકળ ઠરશે, નકામી ઠરશે.

કહેવાનો સાર એ છે, કે સમયસાર વગેરેના પ્રવચન કરવાના અને સાંભળવાના વ્યવહારનું ચોક્કસ પ્રયોજન છે. તે પ્રયોજનનો ખ્યાલ ભ્રાન્ત નથી; ખોટો નથી, સાચો જ છે. 'આ વ્યવહાર સફલ થાઓ' એમ હૈયે ચોક્કસ વસ્યું છે. નહિતર અમે પૂછીએ છીએ કે, કહો,

તત્ત્વનો ઉપદેશ સાંભળતાં સમ્યગ્બોધ થવાથી શુદ્ધ અધ્યવસાય પ્રગટે કે નહિ ? અને તે દ્વારા સમ્યગ્દર્શન થાય કે નહિ ?

જો કહો, કે "ના, સમ્યગ્દર્શન તો આત્માના આંતરપુરુષાર્થથી થાય, બાહ્ય-વ્યવહાર કારણ નથી, બાહ્યવ્યવહારની જરૂર નથી."

તો તો તમને પ્રશ્ન છે, કે તમારા પ્રવચનમાં એક સ્થાને તમે જ કહ્યું છે, કે **"સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પૂર્વે જીવને સદ્ગુરૂનો ઉપદેશ મળવો જોઈએ."** આ શું ? ઉપદેશ મળવો જોઈએ એ વ્યવહાર છે, એને જરૂરી કહ્યો. આનું જ નામ સિદ્ધાન્ત જુદો, અને પ્રવૃત્તિ જુદી ! પ્રવચન કરવા-સાંભળવાની પ્રવૃત્તિ એ તમારા સિદ્ધાન્તથી અને વચનથી વિરુદ્ધ જાય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૪૧,તા.૩-૭-૧૯૫૪

## (૨૪) નિશ્ચય અને વ્યવહાર

(૯) એમની પર્ષદામાંથી કોઈ જિજ્ઞાસુ પ્રશ્ન પૂછે, તો એને કહેવામાં આવે છે, કે 'એમ એકદમ પ્રશ્નોત્તર માત્રથી નહિ સમજાય. તત્ત્વ બહુ ગંભીર છે. અહીં રહીને શાંતિથી રોજ સાંભળ્યા કરો. પછી સમજાશે. નવા આવનારને એમ જ તરતમાં પ્રશ્નો ઉઠે છે. પણ શાંતિથી રોજને રોજ સાંભળે છે, એટલે તત્ત્વ સમજી જાય છે. તે પછી પ્રશ્ન ઉઠતા નથી. માટે હમણાં એકલું શ્રવણ-મનન રાખો. એથી જ તત્ત્વબોધ થશે...' હવે કહો જોઈએ, કે આમાં શું કહ્યું ? એજ, કે **સમજવાનું**



**એટલે કે તત્ત્વનિર્ણય કરવાનું પુનઃ પુનઃ રોજને રોજ સાંભળવાથી બની શકે.** સાંભળવું એ બહારની ક્રિયા છે. સાંભળવું એ વ્યવહાર માર્ગ છે. એના આશ્રયે તત્ત્વજ્ઞાનરૂપી મોક્ષ માર્ગ માન્યો !! એમાં એમની વ્યવહાર-મૂઢતા ખરી કે નહિ ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં, સમ્યગ્જ્ઞાન એટલે કે તત્ત્વજ્ઞાન, એ પણ મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ માટે સામાને સાંભળવાના વ્યવહારનો આગ્રહ કરવાની પ્રવૃત્તિ સ્વસિદ્ધાન્તથી વિરુદ્ધ થઈ કે નહિ ? ત્યાં જો કહે, કે "એ જે આગ્રહ કરાય છે, તે વ્યવહાર છે." તો શું વ્યવહાર એટલે ઢોંગ ?

(૧૦) ત્યારે, એમના ભક્તો ગુરુઉપકારને ગાવાની સંગીતધૂન કરે છે. તે બાહ્યક્રિયા અને વ્યવહાર-માર્ગ છે. તેથી એમના સિદ્ધાન્ત મુજબ એ ક્રિયા બકરીના ગળામાં આંચળ જેવી નિષ્ફળ છે. એવું જાણવા છતાં એ ક્રિયા જો એ કરે છે તો તે પાગલતા કે બીજું કાંઈ ?

(૧૧) કુંદકુંદને 'શ્રીમદ્ભગવંત આચાર્ય દેવ' કહેવા, તે વ્યવહાર માર્ગ છે. એમનો ઉપકાર માનવો, એય વ્યવહાર-માર્ગ છે. હવે જો તમારો સિદ્ધાન્ત તો એ છે, કે "વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી;" તો પછી એ બધી બાહ્ય-વ્યવહાર પ્રવૃત્તિ કરવી જ શા માટે ? **અને કરો છો, તે ઉંઘતા કે જાગતા ? ઉપયોગી સમજીને કરો છો કે નિરુપયોગી ?** નિરુપયોગી જાણવા છતાં જો કરતા હો તો એ બાલકની ધૂલિચેષ્ટા જેવી થશે. નવરાના ધંધામાં ગણાશે.

(૧૨) "મોક્ષમાર્ગના બીજભૂતજ્ઞાનને આગમોમાં (સમયસાર-પ્રવચનસાર-નિયમસારમાં) સંઘરી રાખીને ભવ્યજીવો પર અમાપ ઉપકાર કર્યો છે..." એમ એ જે કહે છે, તે કહેવાનો શો અર્થ છે ? શું ગ્રન્થકર્તા જીવ બીજા જીવ ઉપર ઉપકાર કરી શકે ? એવો શું એમનો સિદ્ધાન્ત છે ? ના, માટે એ પ્રવૃત્તિ સિદ્ધાન્ત વિરુદ્ધ થઈ. વળી આ કહેવાની પ્રવૃત્તિ શા હેતુથી ? શું મોક્ષમાર્ગનું બીજભૂતજ્ઞાન કે જે આત્મધર્મ છે, તે જ્ઞાનને પુસ્તકમાં કે શબ્દમાં સંઘરી શકાય ? શબ્દ કે પુસ્તક તો પરદ્રવ્ય છે, વળી શું ભવ્યજીવને એ પરદ્રવ્યભૂત બાહ્યઆગમથી અને એના વાંચન-શ્રવણરૂપી બાહ્યક્રિયાકાંડથી ઉપકાર થઈ શકે ? અર્થાત્ મોક્ષમાર્ગ નીપજે ખરો ? જો નીપજે તો ઉપકાર શો ? **જો ઉપકાર નહિ, તો 'અમાપ ઉપકાર કર્યો છે' એવું કહેવામાં તમે અસત્ય બોલી રહ્યા છો. મૃષાવાદી છો.** જો કહેશો, કે

**પ્ર.**- ના સાચું કહીયે છીએ. વ્યવહારથી ઉપકાર છે ને ?

**ઉ.**- તો એવો ઉપકાર પણ મોક્ષમાર્ગ માટે જરૂરી માન્યો ને ? બસ, એ જ રીતે પ્રભુભક્તિ, સામાયિક, વ્રત-પચ્ચક્ખાણ, દાન, શીલ, તપ વગેરે ધર્મક્રિયારૂપી વ્યવહારોનો તથા આચારાંગાદિ શાસ્ત્રકારોનો ઉપકાર માનવામાં ક્યાં વાંધો આવે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

છે ? મોક્ષમાર્ગ પ્રત્યે ભલે વ્યવહારથી ઉપયોગી એવા પણ એ ધર્મક્રિયાના વ્યવહાર તરફ દ્વેષ શા માટે કરી રહ્યા છો ?

**ત્યારે શું તમારો માનેલો અને તમારાથી આચરાતો વ્યવહાર એ ઉપયોગી ? અને શ્રી સર્વજ્ઞકથિત વ્યવહાર અનુપયોગી ?**

અથવા શું તમારે ત્યાંનો વ્યવહાર નિંદવા યોગ્ય નહિ ? ને શ્રી જિનોક્ત પવિત્ર પંચાચારનો વ્યવહાર પેટભરીને ગાળો દેવા યોગ્ય ? તમે શ્રોતાને એમ કહો છો, કે **"જો, જો, બાહ્ય તપ-જપ-સામાયિક-પ્રતિક્રમણાદિ પુણ્યક્રિયાઓથી મોક્ષ મળે છે."- એવું માની માનીને મિથ્યાત્વ બહુ પોષ્યું. અને એ જડ ક્રિયાઓમાં બહુ રાચ્યા હવે એ છોડો.**

**પરંતુ એમ કેમ કહેતા નથી કે "જો, જો હોં, બાહ્યક્રિયાઓ જેવી કે સોનગઢમાં આવવું, પ્રવચનો સાંભળવા, સમયસારાદિ વાંચવા, ધૂન જગાવવી, બીજાને આકર્ષવા... ઈત્યાદિમાં રાચી રાચીને મિથ્યાત્વ બહુ પોષ્યું. હવે આ વ્યવહારો છોડો. હવે સોનગઢ આવો નહિ. પ્રવચનો સાંભળો નહિ, આત્મધર્મ સમયસારાદિ વાંચવાનો વ્યવહાર મોક્ષમાર્ગ માટે નકામો છે. તો તે છોડો."** શું શ્રોતાને એમ કહો છો ખરા ? ના, પુણ્યક્રિયાઓ અર્થાત્ તારક ધર્મક્રિયાઓ છોડવાનું કહો છો. આ કેવો તમારો માયાચાર ? તમે સેવરાવતા વ્યવહાર માટે તો ઊલટું ભોળા લોકોને એમ ઠસાવો છો, કે "જો, જો હોં, બીજા કહેવાતા આગમો મોક્ષશાસ્ત્રો નથી. આ કુંદકુંદ ભગવાનના આગમ એ સાચાં મોક્ષશાસ્ત્ર છે. એનાથી ભવ્યજીવને બહુ ઉપકાર છે, માટે એને ખૂબ ખૂબ સાંભળો, વાંચો અને વિચારો..." કહો જો, આમ એનો આગ્રહ કેમ કરો છો ? ત્યારે જો એમ કહો કે 'એય વ્યવહારથી, અર્થાત્ ઉપચારથી.' તો એનો અર્થ એ થયો કે એનું કોઈ પ્રયોજન નથી. તો એવા આગ્રહપૂર્વકના કથનનું સાચું પ્રયોજન ન રહેવાથી, એ કથન બકવાટ જેવું થશે ! **'प्रयोजनमन्तरेण न मन्दोऽपि प्रवर्तते'** એ ન્યાયે એ કહેવાની પ્રવૃત્તિ ઉન્મત્તપ્રલાપ જેવી ઠરશે ! એ પ્રવૃત્તિ માત્ર મન્દ નહિ, પણ મન્દતર, અર્થાત્ અત્યંત મહામૂર્ખની પ્રવૃત્તિની કોટિમાં જશે.

## નિશ્ચયના વાડામાં વ્યવહારની -: થોકબંધ લીલા :-

(૧૩) સમયસાર વગેરે ગ્રન્થોના ભભકાબંધ આકર્ષક પ્રકાશન, દૈનિક-માસિક પત્રના સંચાલન, ગામેગામ પ્રચાર અર્થે આડંબરી પર્યટન અને ભાષણ; નવી નવી યોજનાના આયોજન, રચના, ગામેગામ સ્વાધ્યાયમંદિર અને દિગંબર દેરાસરોના નિર્માણ, સોનગઢમાં પ્રવચન સાંભળવા આવીને રહેનારને શીરાપુરીના જમણ-આ



બધો ભરપૂર બાહ્ય ક્રિયાનો ઠઠારો અને બહારનો પૌદ્ગલિક વ્યવહાર શા સારું ? મોંઢે બોલવામાં તો 'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ માને તે વ્યવહાર મૂઢ,' પણ કરણીમાં વ્યવહારના જ અનેકાનેક માર્ગોનું સેવન !! કેવો આ માયાચાર ! પરંતુ એ ન સેવો તો જાઓ ક્યાં ? કેમકે મનમાં એ ભય છે કે,

"રખેને આવો બધો વ્યવહાર ન કરીએ, તો જીવો આ જાણવા સાંભળવા આવે નહિ; તો આપણું નવું તત્ત્વ (!) સમજે નહિ; તો આપણું માનેલું સમ્યગ્દર્શનાદિ પામે નહિ. તેથી આપણો વાડો જામે નહિ. એમને એમ ખાલી જંગલમાં ઝાડ નીચે બેસી પ્રવચન કરીએ તો કોઈ આવે નહિ. એ તો આજનો નવો યુગ છે. માટે ભભકાબંધ હૉલ, તેય રેલ્વે સ્ટેશનની નજીકમાં જોઈએ. એમ આવનારને જમવા કરવાનું બધું પોતાના માથે હોય તો ન એટલા બધા લોક આવે, કે આવેલા ન લાંબુ રહે. તેમ ખાલી ખીચડી-શાક કે રોટલો-શાક હોય તોય ન રહે. માટે શીરાપુરીના આકર્ષણ-અથવા આપણું સાંભળતા હોય, માનતા હોય, એની ભક્તિ તો કરવી જ જોઈએ ને ? તો એ બીજાને પણ ખેંચી લાવે, અને પોતાને ય માર્ગ સ્થિરતા રહે. આવેલા બીજાને ય આપણા માર્ગની પ્રાપ્તિ થાય, તો આપણા ટોળામાં ભળે..."

આવું આવું નાભિમાં બેઠું છે, માટે એ બધો વ્યવહારમાર્ગ પૂરજોશથી આદરો છો. અરે ! માર્ગને સમજાવનારી મુખ્ય ક્રિયા જે પ્રવચન કરવું, એય જો બાહ્ય ક્રિયા અને વ્યવહાર છે, તેથી જ એના આશ્રયે મોક્ષમાર્ગ નથી, એટલે કે એ પ્રવચન પણ જો મોક્ષ માટે નથી, તો એ પ્રવૃત્તિ શું પોતાના સંસાર માટે છે ?

## હજી સ્વસિદ્ધાંત વિરુદ્ધ પ્રવૃત્તિનું વળી એક દૃષ્ટાન્ત જુઓ

(૧૪) આજ અંકમાં એ લખે છે કે **'જૈનદર્શનના અભ્યાસ માટે શિક્ષણવર્ગ ખોલવામાં આવશે. (કાનજીમઠમાં) વળી જમવાની તથા રહેવાની વ્યવસ્થા ટ્રસ્ટ તરફથી થશે.'** જૈનદર્શનનો અભ્યાસ એટલે ? તત્ત્વનિર્ણય; એના માટે શિક્ષણ વર્ગ !! સ્વસિદ્ધાન્ત વિરુદ્ધ કેવી આ પ્રવૃત્તિ !! તત્ત્વનિર્ણય કે જે જડનો નહિ પણ આત્મિકધર્મ છે, શું તે બહારના શિક્ષણવર્ગના વ્યવહારથી નીપજે ? જો નીપજતો હોય તો પછી પંચાચારની મહાપવિત્ર વ્યવહાર ક્રિયાથી સમ્યગ્દર્શનાદિ આત્મગુણ કેમ ન સંપજે ? ત્યારે જો ન નીપજે, તો 'એના માટે શિક્ષણવર્ગ...' એ કહેવાનો શો અર્થ ? કહેશો કે

**પ્ર.**- વ્યવહારથી કહીએ છીએ, તો ?

ઉ.- 'વ્યવહારથી' એટલે શું જૂઠ કહો છો ? ખરી રીતે તત્ત્વનિર્ણય



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

શિક્ષણવર્ગથી નથી, છતાં કહેવું પડે છે 'તત્ત્વનિર્ણય માટે શિક્ષણવર્ગ,' એટલે જૂઠજ ને ? જે વસ્તુ જે રીતે નથી, તેને તે રીતે કહેવી એ જૂઠ છે, જો કહો કે,

**પ્ર.**- 'જૂઠ નથી, વ્યવહારથી તે રીતે જ છે, તેજ રીતે કહીએ છીએ.'

**ઉ.**- તો જૂઠ નહિ એટલે સત્ય. 'વ્યવહારથી શિક્ષણવર્ગ કારણ છે જ, જરૂરી છે જ. માટે ભાર મૂકીને આમંત્રીએ છીએ. પાછી બધી સગવડ રાખીએ છીએ.' આમ કહો તો સ્વસિદ્ધાંત વિરોધ, અથવા વ્યવહારથી ધર્મક્રિયાઓ પણ તેમજ જરૂરી છે. જેમ તમે સમજો છો કે શિક્ષણવર્ગમાં અભ્યાસ કરાવવાથી તત્ત્વ સમજ થતી જશે, તેથી અતત્ત્વના ગ્રહ છૂટી જશે, માટે જ તમે વર્ગ ચલાવો છો. તેવી રીતે એ અનુભવસિદ્ધ વસ્તુ છે કે ધર્મક્રિયાના બહોળા અભ્યાસથી આત્મા ગુણસ્થાનકમાં ચઢે છે અને સ્થિર થાય છે. દા.ત. આહાર સંજ્ઞા અને રસનાની અવિરતિને તોડવા માટે જે રસત્યાગ સહિત તપસ્યાનો સારો અભ્યાસ કરે છે એને એ ગુલામી અને આકર્ષણ માત્ર બોલવામાં નહિ પણ વાસ્તવિક રીતે ઓછા થાય છે. તેમ આરંભસમારંભ-પરિગ્રહની ઓછાશનો અભ્યાસ વ્રતથી કરે છે, તેને એના આકર્ષણ હૃદયથી ખસે છે, આમ વાસ્તવિક પાંચમું, છઠ્ઠું, ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. એમાંય સ્વાધ્યાયાદિના અભ્યાસથી સાચો અપ્રમત્તભાવ અને ૭મું ગુણસ્થાનક મળે છે. તો પછી શિક્ષણવર્ગની જેમ એય ધર્મક્રિયાઓ કેમ લાભકારી નહિ ?

**આત્મા પર રાગ દશા જરૂરી કે નહિ ?**

(૧૫) વળી જુઓ કે, **આમ તો એ કહે છે કે 'રાગના આલંબને કદી મોક્ષમાર્ગ હોય નહિ.' પણ પ્રવૃત્તિ આત્મચૈતન્ય ઉપરના દૃઢ રાગની કરે છે, કરાવે છે,** શું એ પ્રવૃત્તિ સ્વવચન વિરુદ્ધ નથી ? તો શું નવા જીવને પહેલે તબક્કે જડ જગતની પ્રત્યે તેમજ સ્વાત્મચૈતન્ય પ્રત્યે પણ **વીતરાગભાવ** થવાનો હતો ? ના, પહેલ પહેલાં તો આત્મા તરફ આકર્ષાવું પડશે. ત્યાં દેહાદિ પર વસ્તુના આકર્ષણ મૂકીને આત્મા પ્રત્યે આકર્ષાશે, તે **રાગથી,** પ્રારંભે તો એવાં આકર્ષણથી જ દેહસૌંદર્ય અને દેહસ્વાસ્થ્યના બહુ ચિંતન મૂકી આત્મભાવનામાં ને આત્મનિરીક્ષણમાં બહુ ચિંતન મૂકી આત્મભાવનામાં ને આત્મનિરીક્ષણમાં ટકશે. પછી એમાં આગળ વધતાં વધતાં ક્ષપકશ્રેણિએ રાગનેય નિર્મૂલ કરી એ વીતરાગ થશે. જૈનદર્શનની ગુણસ્થાનકોની આ મુજબની પ્રક્રિયા છે :- દશમા ગુણઠાણાને અંતે આત્મા વીતરાગ બને છે. તે પહેલાં વીતરાગી દશાની વાતો કરવી તે વાહીયાત છે. જગત પરના મમત્વ અને રાગ મૂકીને 'મારો આત્મા !' 'સ્વરૂપે એ આવો સુંદર અનંતજ્ઞાન ભર્યો !' આવી આત્મા માટે મારાપણાની લાગણી થઈ તે મમત્વ છે, આવો સુંદર અનંતજ્ઞાનભર્યો. એવી સુંદરતાની લાગણી થઈ તે રાગ છે. એ થાય તો જ આત્મા



સ્વ તરફ ખેંચાયો રહી, દેહાદિ પર ભાવોના મમત્વ અને રાગમાં નહિ ખેંચાય. તો જ ક્રમશઃ આત્મગુણમાં સ્થિર થઈ દેશવિરતિ-સર્વવિરતિ ભાવમાં ચઢશે., પછી અપ્રમત્તભાવમાં ચઢશે, શ્રેણિ માંડશે; ત્યાં આત્મા અંગેનાય મમત્વ તથા રાગને વસ્તુગત્યા નાશ પમાડશે. પણ ક્રમિક વિકાસમાર્ગને છોડી 'રાગના આશ્રયે મોક્ષમાર્ગ નહિ' એમ માત્ર મોંઢે બોલ્યા કરવાથી સમ્યક્ત્વ વિરતિ-અપ્રમાદ વગેરેની વાસ્તવિક સ્થિતિ તો નહિ ઊભી થાય, પણ ઊલટું આત્મગુણો અને સ્વચૈતન્યનું સાચું આકર્ષણયે નહિ રહે, અને કેવળ મહા મિથ્યાત્વ સાથે અવિરતિનું પોષણ રહ્યા કરશે.

**ઉન્નતિના માર્ગ ક્રમિક કે ઉડઝુડીઓ ?**

**ટાઈફોઈડ તાવનું દૃષ્ટાન્ત :-** ત્યારે ખરી વસ્તુ અહીં એ સમજવાની છે કે કોઈપણ સ્થાને સુધારો કે ઉન્નતિ કાંઈ એકાએક પ્રાપ્ત થાય છે. દા.ત. દીર્ઘકાળના રોગીનો રોગ ધીમે ધીમે જુદી જુદી પ્રક્રિયાથી નાબુદ કરવામાં આવે છે. એવું કરનારો વૈદ સુજ્ઞ ગણાય છે. ત્યારે ઉડઝુડીયું કરનારો વૈદ ઊંટવૈદ ગણાય છે. એથી તો રોગીનું મોત પણ નીપજે છે. ટાઈફોઈડ તાવમાં એકદમ કોઈ ઈંજેન્કશનો આપીને તાવ મટાડવા જાય, અગર જુલાબો આપી પેટ સાફ કરવા જાય, તો તાવ કે પેટને બદલે અવસરે પ્રાણ જ સાફ કરી નાખે છે ! સોનગઢપંથમાં આવું વૈદું ચાલે છે. એમને એકદમ રાગનો રોગ કાઢી નાખવો છે, માટે કહે છે કે "ધર્મક્રિયાઓ એ આત્માનો મળ છે, એને હઠાવો તો નિરોગી થશો." પણ એ અજ્ઞાનીને ખબર નથી લાગતી કે કદાચ એને મળ ગણો તોય કેટલાક મળ એવા હોય છે કે જે પ્રાણટકાવમાં કારણભૂત ગણાય છે. એને કાચો મળ કહે છે; અને એ કાચો મળ તોડી નાખવામાં આવે તો સાથે પ્રાણ પણ તૂટી જાય, એમ કહે છે. એટલે ટાઈફોઈડ તાવમાં અંદર રહેલા મળથી કે તાવથી આંતરડાના ક્ષત રૂઝાવા લાગે છે. એ રૂઝાતા, આરોગ્ય પ્રાપ્ત થાય છે. પછી ધીમે ધીમે હળવા ખોરાક અને ઔષધ ઉપર ચઢવું પડે છે; પણ નહિ કે એકદમ પૌષ્ટિક પકવાનો અને ઊંચી રસાયણ-ભસ્મો લઈ નાખવાની હોય. એમ કરે તો તો નિરોગી થયેલો છતાં ફરી મહારોગી કે મૃત્યુવશ બની જાય. બરાબર એ પ્રમાણે **રાગદ્વેષના તત્ત્વ કાઢવા માટે અને વીતરાગતાનું આરોગ્ય મેળવવા માટે પહેલાં પૌદ્ગલિક રાગ-દુન્યવી રાગ-દેહાદિના રાગના ક્ષત (ઘા) રૂઝવવા જોઈએ. એ માટે આત્મિક રાગ-પરમાત્મશાસન રાગ-મોક્ષરૂચિ વગેરે વધારનારી ધર્મક્રિયાઓ કક્ષાનુસારે ખૂબ આચરવી જોઈએ.** 'કક્ષાનુસારે' નો વિચાર ગંભીર છે. એને આગળ વિચારશું. પણ એટલું ચોક્કસ કે ધર્મક્રિયાઓ ખૂબ જરૂરી છે. બાકી 'ધર્મક્રિયા પર પણ રાગ થાય તેય ખોટો છે, માટે સર્વથા રાગ છોડો' એમ કરવા જાય તેના ક્ષત અંદરખાને જતાં ભાવમૃત્યુ થાય.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**જ્ઞાનાભ્યાસનું દૃષ્ટાન્ત :-** નિશાળમાં વિદ્યાર્થી પણ ક્રમસર આગળ વધતાં વધતાં મોટી ડીગ્રી મેળવે છે. એને બદલે 'એકદમ જ મોટી ડીગ્રી લેવા ઊંચો અભ્યાસ કરી લઉં,' એમ કરી બાળપોથીની કક્ષામાં મેટ્રિકનો ચોપડો લઈ મહેનત કરવા લાગે તો જિંદગીભર મૂર્ખ રહે કે બીજું કાંઈ થાય ? એવું જ વીતરાગની ડીગ્રી લેવા અંગે સમજવાનું છે, બાળ વિદ્યાર્થીને, 'બાર દુ ચોવીસ' શા માટે, 'બાર દુ પચ્ચીસ' કેમ નહિ, એના હેતુ વગેરેનું જ્ઞાન ન કરાવાય, એનું અજ્ઞાન રખાય, તો જ એનું કોમળ નાજુક મગજ વગર કંટાળ્યે, પહેલાં આંક એમને એમ મોંઢે ગોખી તૈયાર કરી શકે. પછી એમ જ ક્રમસર ગણિતશાસ્ત્રમાં આગળ વધતાં વધતાં હેતુ-યુક્તિ વગેરે સમજી, અજ્ઞાન ટાળી શકે. **એ પ્રમાણે ધર્મખાતામાં બાળજીવોને વીતરાગતાની ડીગ્રી લેવા પૂર્વે શુભઆલંબનનો રાગ રાખવો જ પડે.** તોજ એ અશુભ રાગ ને તોડતો તોડતો આગળ વધી શકે. પછી જ સંપૂર્ણ રાગનો નાશ કરી શકશે. **અનંતકાળનો અભ્યસ્ત અશુભ રાગ એમ એકદમ જાય એવો નથી.** કેમકે અશુભ આલંબનોથી એ તોષાયો-તોષાયો છે; અને અહીં અશુભ આલંબનો સેવવાનું ચાલુ છે, પછી શી રીતે રાગ હટે ? એને હટાવવા માટે અશુભ આલંબનો છોડવા જોઈએ. એ માટે શુભ આલંબનો દૃઢપણે સેવવાં જોઈએ. એ સેવવાનું એના પર દૃઢ રાગ થયા વિના ન બને. માટે જ શુભનો રાગ અતિ આવશ્યક છે. સોનગઢમાં આવનારા રાગથી જ આવે છે. નવાને લાવવા માટે રાગ જગાવવાના પ્રયત્ન થાય છે. રાગ અંતે ત્યાજ્ય છતાં નીચેની કક્ષામાં શુભરાગ ઉપાદેય છે.

**કળા-કારીગરીનું દૃષ્ટાન્ત :-** ત્યારે શિલ્પી-ચિતારા વગેરેની કળા-કારીગરી શીખવામાંય શું છે ? પહેલે તડાકે અતિ સૂક્ષ્મ વસ્તુ નથી શિખવાતી, કે નથી શીખાતી. અતિ સૂક્ષ્મ કારીગરીમાં ટાંકણો-હથિયાર વગેરે બહુ કોમળતાથી ચલાવવાના હોય. પણ પહેલેથી જ જો એવી કોમળતા શિખવે, તો કારીગરીમાં પહેલ પહેલું તો જે મજબૂત સ્થિર હાથ તૈયાર થવો જોઈએ તેજ ન થાય એ માટે તો પહેલાં સ્થૂલ કળા શિખવાય છે, પછી ક્રમસર સૂક્ષ્મ-સૂક્ષ્મ કળાઓ શિખવાતી જાય. એમ વીતરાગતાની કળા એ સૂક્ષ્મ કળા છે. એ માટે પહેલાં તો દુન્યવી પૌદ્‌ગલિક રાગ તોડવા વૈરાગ્યની સ્થૂલ કળા શિખવવી પડે. એ માટે ધર્મક્રિયાઓ રૂપી સ્થૂલ હથિયારો જોઈએ. એમાં આગળ વધતાં વધતાં શુકલધ્યાનના અને ભવ-મોક્ષ ઉપર સમતાયોગના સૂક્ષ્મ હથિયારની કળા હસ્તગત થાય છે, અને વીતરાગતાની નિષ્ણાતગિરિ મળે છે.

આવાં તો કેઈ દૃષ્ટાન્તો દુનિયામાં નજરે અનુભવાય છે, ધર્મસિદ્ધિમાં એ



રીતે જ આગળ વધાય છે. એમ ઉન્નતિ સાધેલાઓના પૂર્વના અનંત દૃષ્ટાન્ત છે. વર્તમાનમાં સેંકડો હજારો દૃષ્ટાન્તો છે.

## • સાધના જીવની કક્ષાને યોગ્ય જ જોઈએ •

**એકનું અમૃત એ બીજાનું ઝેર :-** ઉન્નતિ સાધવામાં આ ખાસ ધ્યાન રાખવાનું છે કે **ઉન્નતિનો ઉપાય જીવની કક્ષા મુજબનો હોવો જોઈએ.** શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રભુએ પણ કક્ષા મુજબના ઉપાય ઉપદેશ્યા છે, એનો અભ્યાસ કરીએ તો દેખાય કે નીચેની કક્ષાના બાળ જીવને માટે જે વસ્તુ અમૃત સરખી આદરણીય છે તે ઉપરની કક્ષાના ઉન્નત જીવને માટે ઝેર સરખી ત્યાજ્ય છે. **દુનિયામાં પણ આવું બહુ અનુભવાય છે.**

(૧) નરમ હોજરીવાળાને મગના પાણી જેવું જે સેવવા યોગ્ય છે, તે એની જ હોજરી સતેજ બન્યા પછી ત્યાજ્ય બને છે, અને હવે સારાં ઘી-દૂધ સેવ્ય બને છે. એ ઘી-દૂધ જો પૂર્વાવસ્થામાં અપાય તો હોજરી વધુ ખરાબ થઈ મહારોગ નીપજે, એજ પ્રમાણે,

(૨) ગુજરાતી ચોથીમાં ઈતિહાસશિક્ષણની રીત જુદી, મેટ્રિકમાં જુદી, અને પી.એચ.ડી. માં જુદી. ત્યાં પરસ્પરમાં શંભુમેળો કરે તો લાભને બદલે નુકસાન થાય. ગુજરાતીમા કથાશૈલી હોય છે. મેટ્રીકમાં પ્રસંગો તથા મોટી મોટી રાજનીતિના શિક્ષણ હોય છે, પી.એચ.ડી.માં રીસર્ચ એટલે કે સંશોધન દૃષ્ટિથી સૂક્ષ્મ નીતિઓ, લોકપદ્ધતિ, માનસ અધ્યયન વગેરેના શિક્ષણ હોય છે, ત્યારે.

(૩) નાનું બાળક જે રીતે માતાનો ખોળો ખૂંદે છે, તે રીતે કુમાર થયા પછી નહિ. તેમ નાની કુમાર અવસ્થામાં જે રીતે માતાને ભેટે છે, તે રીતે યુવાન બન્યા બાદ નહી. યુવાનીમાં તો માતાની સામે બહુ વિનયથી ગંભીરતાએ મર્યાદાશીલ વર્તાવ રાખે તો શોભે છે. ત્યાં પૂર્વાવસ્થા જેવા ચાળા કરે તો કઢંગો લાગે. તેમ બાળ અવસ્થામાં જો ગંભીર બની માતાથી મર્યાદાસર આઘોને આઘો રહે તો માતાનો પ્રેમ નહિ મેળવી શકે.

**પોતાના કુમતમાં સ્થિરતા સાધવા કક્ષાને યોગ્યસાધના સ્વીકારે છે :-** બસ, આ રીતે સાધક આત્માની કક્ષાની મુજબ સાધનાની રીતિભાતિ હોય છે. એમણે પણ શું રાખ્યું છે ? એજ કે "નવો માણસ આવે એની કક્ષા અત્યંત નીચી છે, માટે એણે એકવાર તો **'બાબા વાક્યં પ્રમાણ'** કરી સાંભળ્યે જ જવું જોઈએ. તો જ એ તત્ત્વ દૃષ્ટિની નજીક આવી શકે, એમ એ કહે છે. પછીની કક્ષામાં એણે સમયસારાદિનું ખૂબ વાંચન કરવું જોઈએ. તે પછી ઉપરની કક્ષામાં એના પર મનન



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અને અવસરોચિત તર્કણપૂર્વક શ્રદ્ધાન કરવું જોઈએ. તે પછીની કક્ષામાં બીજા સાથે જરૂર પડે તો ચર્ચા કરે. પણ તે પૂર્વની કક્ષામાં ક્યાંય વિરુદ્ધમતવાળા સાથે ચર્ચા ન કરે. કેમકે એ એને તત્ત્વશ્રદ્ધાનમાંથી ચલિત કરી નાખે એવો પૂરો સંભવ છે, કહો કેવી કક્ષાઓ ગોઠવી છે ? ત્યાં સૌથી પહેલી કક્ષામાં તર્કણ, ચર્ચા વગેરે નથી મૂક્યું. ઊલટું એને ઝેર સમાન ગણી એ અવસ્થામાં તો ત્યાજ્ય માન્યું છે. યદ્યપિ મુખ્ય લક્ષ્ય તર્કયુક્તિ સહિત શ્રદ્ધા કરવાનું છે. છતાં એને પ્રાથમિક અવસ્થાનું લક્ષ્ય ન ગણ્યું. ત્યાં તો તર્ક-યુક્તિનો વિચાર ન કરતાં માત્ર સાંભળી મગજમાં બંડલ એમ જ ઉતારી દેવાનું લક્ષ્ય માન્યું.''

**કક્ષાબાહ્ય સાધનાના ઉપદેશથી ભાવ કતલ :-** છતાં મોક્ષસાધનાની વાત આવી ત્યાં **અંતિમ** કક્ષાએ મુખ્ય લક્ષ્ય જે વીતરાગ થવાનું, ને નિશ્ચય માત્રને અવલંબવાનું, તે લક્ષ્યને **પ્રાથમિક** અવસ્થામાં જ લક્ષ્ય માન્યું ! આ એમનો સિદ્ધાન્ત ઉપર કહેલી એમની જ પ્રવૃત્તિથી કેટલો વિરુદ્ધ પડે છે ? અથવા એમના સિદ્ધાન્તથી પ્રવૃત્તિ કેટલી વિરુદ્ધ જઈ રહી છે ? પ્રાથમિક અવસ્થામાં તો બાળ જીવને હૃદયમાં ભરી રાખેલા પ્રિયાના ગાઢ રાગને દૂર કરી પરમાત્માના રાગને કેળવવો પડશે. તો પછી ધીમે ધીમે એ પરમાત્મભાવરૂપી વીતરાગતા તરફ જઈ શકશે. નહિતર તો 'રાગ ખરાબ' એમ કરી પરમાત્માના રાગથી આઘો રહેશે, અને પ્રિયાનો રાગ હૈયામાં રમ્યા કરવાનો. કેમકે સોનગઢીપંથે તો એવું શિખવ્યું છે કે 'ધર્મક્રિયાનો રાગ, પ્રભુનો રાગ એ બધા ભયંકર છે' તેથી, એનાથી અલગ રહેવાનું એ કરશે; પણ ધનરાગ, કુટુંબ રાગ, કામરાગ ભયંકર નહિ મનાવાથી એને કાઢવાના નહિ. તેથી હૈયાના ઊંડાણમાં એ રમ્યા કરશે. પછી ત્યાં વીતરાગભાવ કદીય ક્યાંથી આવે ? એ તો પ્રાથમિક અવસ્થામાં પ્રભુનો રાગ, પ્રભુના દર્શન-પૂજન-ઉત્સવ કરવાનો ઝળહળતો રાગ કેળવશે. તો પેલા ધનાદિના રાગ ઓછા થશે; તો કોક દિ' ઠેકાણું પડશે. માટે દરેકને જે એ વીતરાગી-દશા, નિરાલંબન-દશા, નિર્વિકલ્પ-દશા, વગેરે ઉપદેશ્યા કરે છે, તે સામાની ભાવકતલ કરવાનું કાર્ય છે; શાસ્ત્રીય રીતિ-નીતિનું સરાસર અજ્ઞાન છે, એથી જીવમાં કક્ષા મુજબ કેવી કેવી રીતે શી શી પ્રગતિ શક્ય છે એનું ભાન નથી.

**કક્ષાઓ કઈ કઈ ? :-** અસલ જૈનમત મુજબ સાધક આત્માઓની જુદી જુદી કક્ષાઓ અર્થાત્ અવસ્થાઓ અને તેને તેને યોગ્ય આરાધનાઓ સ્વીકારેલી છે. દા.ત. અપુનર્બંધક અવસ્થા, માર્ગાનુસારી અવસ્થા, સમ્યક્ત્વ અવસ્થા, દેશવિરતિ અવસ્થા, સર્વવિરતિ અવસ્થા વગેરે. પાછી એકેકમાંય અવાન્તર અવસ્થાઓ હોય છે. દા.ત. દેશવિરતિ (શ્રાવક) અવસ્થામાં પ્રભુપૂજન-અવસ્થા, સામાયિક-પૌષધ



અવસ્થા, ગૃહસ્થ શ્રાવક અવસ્થા, વગેરે. આ દરેક અવસ્થાને યોગ્ય જુદી જુદી ફરજ અને આરાધનાઓ છે. એનો શંભુમેળો ન કરાય.

**કક્ષાભેદે સાધનાભેદના દૃષ્ટાન્ત :-** દા.ત. પ્રભુપૂજનની અવસ્થા વખતે અર્થાત્ જિનમંદિરમાં હોય ત્યારે મંદિર અને પ્રભુપૂજા અંગેની પ્રવૃત્તિ આદરણીય છે, પણ ઘર સંબંધી પ્રવૃત્તિ ત્યાજ્ય છે. એટલે ત્યાં કોઈ સાધર્મિક મેમાન આવી ચઢે તો એના સન્માનનું કાર્ય ભલે ધાર્મિક કાર્ય હોવા છતાં એ ત્યાં નથી કરવાનું. પરંતુ જ્યારે દેરાસરની બહાર ઘરબારી અવસ્થામાં છે, ત્યારે એ સાધર્મિકના સન્માનાદિનું કાર્ય અવશ્ય આદરણીય છે. એવું જ પ્રભુને પ્રક્ષાલ-પુષ્પપૂજા વગેરે પોતે પૂજાર્થ મંદિરમાં હોય ત્યારે ખાસ આદરવા યોગ્ય છે, પણ એ જ પૂજાદિ સામાયિક-પૌષધ અવસ્થામાં કર્તવ્ય નથી; એટલું જ નહિ પણ સામાયિકમાં એ કરવા જાય, કે 'પછી કરીશ' એવો વિચાર સરખોય કરે તો દોષપાત્ર છે. એક અવસ્થાનું કર્તવ્ય બીજી અવસ્થામાં હેય પણ હોય. 'કાચું પાણી, સચિત્ત ફૂલ વગેરેથી પૂજા કરવામાં હિંસા છે' એમ માનીને મંદિરમાં પૂજા ન કરે તો ગુનેગાર છે, ત્યારે 'શ્રાવકનું તો એ કર્તવ્ય છે ને,' એમ માનીને સામાયિક અવસ્થામાં રહ્યો પૂજા કરે તો ગુનેગાર છે.

**કર્તવ્યના ભેદ :-** આત્માને જુદી જુદી સાધક અવસ્થામાં શું શું કર્તવ્ય છે, અને શું શું ત્યાજ્ય છે, એ એની કક્ષા જોઈને શ્રી જિનેશ્વરદેવોએ પૃથક્ પૃથક્ નિયત કરેલું છે. એમાં **ઉત્સર્ગ-અપવાદ** સ્થાપ્યા છે, એમાં **નિત્યકર્તવ્ય, નૈમિત્તિક કર્તવ્ય અને કામ્ય કર્તવ્યોના** સ્પષ્ટ વિભાગ દર્શાવ્યા છે.

**નિત્યકર્તવ્યમાં** દા.ત. ગૃહસ્થ શ્રાવકને શક્તિ અનુસાર શ્રી જિનેન્દ્રનો દ્રવ્યસ્તવ (દ્રવ્યપૂજા) રોજ અવશ્ય કરવા ફરમાવ્યું છે, ન કરે તો ગુનેગાર. **નૈમિત્તિક કર્તવ્યમાં** દા.ત. જ વ્રતભંગાદિ થઈ જાય તો તે નિમિત્તે ગુરુ આગળ આલોચના-પ્રાયશ્ચિત્ત કરવા જોઈએ છે. ન કરે તો પાપભાગી રહે છે. **કામ્યકર્તવ્યમાં** વિશેષ પ્રકારના દાન, તીર્થયાત્રા વગેરે સુકૃત આવે છે; તે પોતાની ભાવના અનુસાર કરાય છે. અર્થાત્ કોઈ રૂ. દસનું દાન કરે, કોઈ સોનુંય કરે. કોઈ મંદિર બંધાવે, તો કોઈ જ્ઞાનશાળા બંધાવે. એ સુકૃત પોતાની ભાવના મુજબ અને જે કાર્યમાં ઉત્સાહ વધે તે થાય છે. પરંતુ એમાં શક્તિ ગોપવે તો અંતરાયકર્મ ઉપાર્જે છે. આ થઈ નિત્ય-નૈમિત્તિકાદિ કર્તવ્યોની વાત.

**ઉત્સર્ગ અપવાદમાં** એવું છે કે શક્યતાએ ઉત્સર્ગમાર્ગે આરાધના કરવી, પણ કારણવશાત્ તે ન બની શકે તો અપવાદની રીતે પણ અવશ્ય કરવી. દા.ત. ઉત્સર્ગથી જિનપૂજા મધ્યાહ્નકાળે, અને પ્રતિક્રમણ સંધ્યાકાળે કરવાના છે. પરંતુ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ધારો કે એ વખત મૂર્છામાં કે કોઈ ગાઢ કારણમાં ગયો. તો પછી અપવાદથી પૂજા-પ્રતિક્રમણ આગળ-પાછળના સમયમાં કરવા. આમ પણ કરે તે આરાધક કહેવાય. અને ઉત્સર્ગ પકડીને ન કરે તો દોષભાગી થાય. એમ માત્ર અપવાદને પકડી કોઈ કારણ વિના ક-વખતે કરે તોય દોષપાત્ર થાય. અર્થાત્ **ઉત્સર્ગના સ્થાને અપવાદ ન સેવાય, અપવાદના સ્થાને ઉત્સર્ગ ન પકડી રખાય;** એટલે કે ઉત્સર્ગમાં જ આરાધના છે, અપવાદમાં આરાધના નથી, એવું એકાંત ધોરણ ન ઘડાય, કે ન પકડી રખાય. સંસાર-વ્યવહારમાં પણ એમ જ ચાલે છે. ઉત્સર્ગથી જમવાના સમય નિયત છે. અપવાદે અન્ય સમયે પણ જમવું જ પડે છે. આ થયો સંસાર વ્યવહારમાં ઉત્સર્ગ-અપવાદ. એવી રીતે ખાનપાન એ નિત્ય કર્તવ્ય; અને બિમારીમાં ઉચિત ઔષધ સેવન એ નૈમિત્તિક કર્તવ્ય; તથા સાલગીરીમાં મિજબાની વગેરે કામ્ય-કર્તવ્ય. આ કર્તવ્યોના નિયમન અને લાભ અલગ અલગ હોય છે.

**મગ-અડદ ભેગા ભરડે તે ફુવડ :-** આ બધો ઉત્સર્ગ, અપવાદ...વગેરે કર્તવ્યોનો ભેદ અને એની જુદી જુદી મર્યાદાઓ શું સૂચવે છે ? એ જ કે મગ-અડદ બધું ભેગું ન ભરડાય. એવું કરનારી **પટલાણી** ફુવડ કહેવાણી; હાડકાની હરામ ગણાઈ; અને પટેલથી પીટાઈ. એમ આરાધનાના જુદા જુદા પ્રકારોને 'આ તો બધા વ્યવહાર છે; અને વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોય નહિ' એમ કરી એ બધાએ એક જ **'ત્યાજ્ય'** ની ઘંટીમાં ભેગાં ઘાલે, એટલે કે એને આરાધવા છોડી દે, એ ફુવડ અને હાડકાના હરામ ગણાય; અને કર્મનો માર ખાય.

એવું જ **એક જ દવાએ બધા રોગ ન જાય.** ગૌરીશંકર વૈદ એકમાત્ર નેપાળાની ગોળીઓ લઈ ગામડામાં વૈદું કરવા બેઠો તો મૂર્ખ ઠર્યો. એમ એક માત્ર 'નિશ્ચયદૃષ્ટિ' 'વીતરાગી દશા' બધાને પકડાવે, અને નિરનિરાળી કક્ષાના જુદા જુદા વ્યવહારના ઔષધ છોડાવી દે, અગર લેવા ન દે, એ મૂર્ખ ઠરે; સામાનું નિકંદન કાઢનારો બને. ત્યારે પૂછો કે,

**પ્ર.- નિરનિરાળી કક્ષાના જુદા જુદા વ્યવહારના ઔષધ શી રીતે ?**

ઉ.- મિથ્યાદૃષ્ટિ માર્ગાનુસારી જીવ માટે વ્યવહાર જુદો છે. ને સમ્યગ્દૃષ્ટિ જીવ માટે જુદો છે. એથી આગળ, સામાયિકાદિમાં રહેલાનો વ્યવહાર જુદો. અને સાધુનો વ્યવહાર જુદો. એમાં એકને માટે જે આચરણીય વ્યવહાર છે, તે ઉપરની કક્ષાવાળાને ત્યાજ્ય પણ બને છે. પણ ઉપર જઈને ય ત્યજવાનો છે ને, એમ કરી જો નીચેની કક્ષાવાળો પણ એને ત્યજી દે તો એ ઊંચો જ ન આવી શકે. દા.ત. યોગની પૂર્વ સેવામાં મિથ્યાદૃષ્ટિ જીવને ફરમાવવામાં આવ્યું કે દુરાગ્રહથી એક દેવ



અને એક જ ધર્મની ખોટી વ્યુદ્ગ્રહવાળી પકડ ન રાખતાં **મધ્યસ્થભાવે ચારિસંજીવની ન્યાયથી** સર્વ દેવ ભજવા, અને સત્યની ગવેષણા ચાલુ રાખવી; એમ કરતાં એકવાર સત્યદેવ સત્ય ધર્મ હાથ લાગી જશે. હાથ લાગ્યા પછી એની શ્રદ્ધા બેઠી એટલે હવે એને જ પકડી બીજા મિથ્યા ધર્મો ત્યજી દેવા. જૈનધર્મની જ શ્રદ્ધારૂપી સમકિત થયા પછી હવે બીજા દેવાદિને મનાય-પૂજાય નહિ. હવે તો જો મિથ્યા દેવાદિને માને તો સમ્યક્ત્વ ગુણ ગુમાવી દે; આગળ વધવાને બદલે પાછો મિથ્યાત્વમાં પડે. પરંતુ એની માફક 'મિથ્યાદેવો તો ત્યાજ્ય છે,' એમ કરી પહેલે ગુણસ્થાનકે રહેલો જૈનેતર મધ્યસ્થ મિથ્યાદૃષ્ટિ, પાછી સાચાની ખબર નથી માટે બધા દેવને માનવાનું મૂકી દે તો ધર્મરહિત બનવાથી સાચા દેવગુરુનેય પામવાનો અવસર શી રીતે મેળવે ? સમકિતીના હાથમાં તો સાચા દેવાદિ આવી ગયા છે, પણ મિથ્યાદૃષ્ટિએ એની પ્રાપ્તિ કે પિછાણ નથી. એટલે એને તો બધા સમાનનો સમૂહ છે ત્યાંસુધી એને એ છોડ્યે પાલવે નહિ. એને માટે એ ઔષધરૂપ છે. ત્યાં એ બધાના ભેગા મિથ્યા દેવાદિને નમે-માને એ એના માટે ધર્મરૂપ છે, પણ સમકિતી માટે પાપરૂપ છે. તેથી સમકિતીને એ ઔષધિ નહિ.

એવી રીતે સમકિતીને સાધર્મીભક્તિ કરણીય છે; એને માટે એ રસોઈ વગેરેના મોટા સમારંભ પણ કરે તોય તે એને ધર્મકર્તવ્યમાં જાય છે; પણ નહિ કે પાપમાં. પરંતુ શ્રાવકપણે સામાયિક-પૌષધ લઈ બેઠો હોય ત્યારે એ અકરણીય છે. ત્યાં જો સામાયિકમાં રહ્યો સમારંભ કરવા જાય તો તે પાપરૂપ થાય. અર્થાત્ અસામાયિકમાં જે વ્યવહાર ઔષધરૂપ છે, તેજ વ્યવહાર સામાયિકમાં પાપવર્ધક-રોગવર્ધક બને છે. એમ ગૃહસ્થને પૌષધમાં સાધુની જેમ ઠામઠામ ગોચરી વહોરવા જવાની નથી હોતી. કેમકે તેથી 'ગૃહસ્થ થઈ ભીખ માગે છે !' એવી લોકનિંદા થાય, એને તો કાં ઘરેથી પૌષધશાળાએ મંગાવીને અગર ઘરે જઈને ભોજન કરવાનું હોય છે. એમ કરે એ પોતાને માટે ઔષધરૂપ છે. પરંતુ સાધુ એમ ભોજન મંગાવે કે કરવા જાય તો એ એના માટે પાપરૂપ છે; ઔષધ નહિ પણ ઝેર છે.

આનું તાત્પર્ય શું ? એ જ કે ઉપરની સાધુની કક્ષામાં ભિક્ષાચર્યા એજ માર્ગ છે, એ જ આરાધ્ય છે. અને સ્વયં પચન એ ત્યાજ્ય છે. તેથી નીચેની કક્ષાવાળા ગૃહસ્થને એ ન ફરમાવાય. એને આરંભ ત્યજાવી ભિક્ષા ન આદરાવાય. કક્ષા પ્રમાણેની સાધના હોય તો સાધક ઊંચે ચઢી શકે; નહિતર ઊલટો નીચે પડે. બાળ જીવો બહારના અશુભ દુન્યવી નિમિત્ત કારણો અને આલંબનોના અશુભ ભાવમાં તણાઈ જ જાય છે. એનું મન કાર્ય કરતું જ રહે છે. તો એની કક્ષા એ ગણાય કે એથી

એને બચાવવા શુભ ધાર્મિક વ્યવહાર અને આલંબનોમાં એને જોડો, તો પેલી અસર ઓછી થશે. પછી ભલે અહીં શુભભાવ જાગે, પણ પછી એ શુભ ભાવને તત્ત્વ-સમજણના બળ ઉપર શુદ્ધભાવમાં લઈ જશે. છતાં એટલું ચોક્કસ છે કે શુદ્ધભાવમાં જવાનું ત્યારે જ શક્ય છે કે જો અશુભ ભાવથી તદ્દન છૂટકારો મળે;અને બાળજીવને અશુભ ભાવથી બચવા માટે શુભ નિમિત્તો શુભ આલંબનો અને શુભ વ્યવહાર એ જ શરણ કરવા યોગ્ય છે, બીજો રસ્તો જ નથી. એ જ્યારે ઊંચી કક્ષાએ ચઢે પછી મહાયોગી બની જીવિત મરણે સમપણું, ભવે-મોક્ષે સમવૃત્તિ કેળવવાની કક્ષા અને સામર્થ્ય આવે ત્યારની સાધના જુદી, બાકી નીચેની કક્ષાએ તો એને યોગ્ય જ આરાધનારીતિ રહેવી જોઈએ. કાનજીમતમાં પણ પોતાનું ઠસાવતાં એવું જ કરાય છે. પણ ત્યાં એ ભાન ભૂલી જાય છે કે આ બધો વ્યવહાર શા માટે ?

(૭) **સ્વસિદ્ધાન્ત વિરુદ્ધ સ્વપ્રવૃત્તિનો સાતમો દાખલો :-** ખરી વાત એવી છે કે એમનામાં અજ્ઞાન પણ મોટું પ્રવર્તે છે. તેથી નિશ્ચય મુખ્યની વાત કરનારા એથી વિરુદ્ધ રીતે શુભ સંકલ્પોના વ્યવહારમાં દોડે છે. નહિતર એક બાજુ **'વિકલ્પના આશ્રયે સમ્યગ્દર્શન નથી.'** એમ બોલવું, અને બીજી બાજુ ચૈતન્યના વિકલ્પ જાતે કરવા અને બીજાને કરાવવા, શું એ વિરુદ્ધ નથી ? જુદો ચૈતન્યનો વિકલ્પ કરવાનો આ રહ્યો. એ લખે છે કે 'જીવ ચૈતન્યને પકડવા માટે એકાંતમાં વિચાર કરે છે કે અહો ! ચૈતન્યવસ્તુનો મહિમા કોઈ અપૂર્વ છે.' આ વિચાર એ જ વિકલ્પ-એ વિકલ્પને ઊંચે ચઢવામાં પગથીયાભૂત માની આદર્યો તેથી વિકલ્પરૂપી વ્યવહાર એમને પણ જરૂરી લાગ્યો. છતાં સિદ્ધાન્ત એ બાંધ્યો કે વિકલ્પના આશ્રયે સમ્યગ્દર્શન નથી. વળી એમાં ચૈતન્યને પકડવાનું બીજા મમત્વ મૂકી ચૈત્યન્યનું મમત્વ કરવાથી જ થશે. ત્યારે 'અહો !' એ આશ્ચર્ય ચૈતન્યનો રાગ સૂચવે છે. આમ જો મમત્વ અને રાગના આશ્રયે મોક્ષમાર્ગની ભૂમિકા જ નથી, તો ચૈતન્ય ઉપર એ કરો છો શા માટે ? એ જ સિદ્ધાન્ત વિરોધી પોતાની જ પ્રવૃત્તિ. એવી તો કેઈ પ્રવૃત્તિઓ એ કરે છે.

ટૂંકમાં પોતે બોલે છે શું, અને પાછું આચરે છે શું, એની આ નવીન ઢબના નિશ્ચયવાદીને ખબર જ નથી ! 'બિલ્લી આવે તો ઉડ જાના' એવું ગોખતા ફકીરના પોપટની જે સ્થિતિ હતી, તેવી આમની સ્થિતિ છે. પોપટને ખબર નથી કે 'બિલ્લી આવે' નો અર્થ શું. 'ઊડ' નો અર્થ શું ? તેમ આમની દશા છે.





# (૨૫) નિશ્ચય અને વ્યવહાર

## શ્રી ગણધર ભગવાનના શબ્દો -: આક્ષેપની પોકળતા :-

હવે પ્રસ્તુત લેખનું ખાસ કારણ જે શ્રુતકેવલી પરમગુરુ શ્રી સુધર્મા ગણધર ભગવાન અને પૂ.પ્રખર ન્યાયાચાર્ય ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ તથા શ્વેતાંબર સંઘ પર એમણે આક્ષેપ કર્યો છે, તેનો વિચાર કરીએ :-

શ્રી ગણધર ભગવંતની રચેલી દ્વાદશાંગીમાં શ્રી જ્ઞાતાધ્યયન નામનું છઠ્ઠું અંગ છે. એમાં શ્રી સુધર્માસ્વામી ભગવંત શ્રી જંબુસ્વામિજીને ઉદ્દેશીને કહે છે કે, "પ્રભુ શ્રી મહાવીરદેવ પાસેથી જે મેં સાંભળ્યું તે હું કહું છું." એમ કરી પ્રભુના જ વચન તરીકે વક્તવ્ય રજૂ કરે છે. એમાં પહેલું અધ્યયન મેઘકુમાર મહામુનિનું છે. મેઘકુમાર મુનિને ચારિત્રમાં શિથિલ પરિણામ થયેથી એમને પ્રભુ શ્રી મહાવીરદેવ, એમનો પૂર્વનો હાથીનો ભવ યાદ કરાવીને કહે છે કે, **'एवं खलु मेहा ! ताए पाणाणुकंपाए संसारे परित्तीकए ।'** 'હે મેઘકુમાર ! તિર્યંચ હાથીના ભવમાં સસલાની દયાથી તેં સંસારને લગભગ સમાપ્ત-મર્યાદિત કરી લીધો.' (તો પછી આ મનુષ્યભવમાં ચારિત્રજીવનમાં સંયમી મુનિઓ પ્રત્યેના ભક્તિભાવથી શું સારું નહિ નીપજે ? તો તું એને કેમ ચૂકે છે ?)

ધ્યાન રાખજો, કે આ પ્રભુના જ શબ્દ છે. હવે આના પર જુઓ નવીનમતીનો વ્યવહારમૂઢતાનો આક્ષેપ. નવી ઢબના સ્વકપોલકલ્પિત નિશ્ચયનયને પ્રરૂપનારા આક્ષેપ આ રીતે કરે છે :-

**"મેઘકુમારે હાથીના ભવમાં સસલાની દયા પાળી તેથી તેને સંસાર પરીત થઈ ગયો, - એમ કહે છે, તેમજ શુભરાગથી પરીત સંસાર થવાનું મનાવે છે, પણ તે મોટી ભૂલ છે... ચૈતન્ય સ્વભાવના અવલંબને જ પરીત સંસાર થાય છે, તેને બદલે દયા-દાનના શુભરાગથી પરીત સંસાર થવાનું માનવું તે પણ વ્યવહારમૂઢતા જ છે... દયા-દાનના શુભભાવ તો અનંતવાર કર્યા છે છતાં પરીત સંસાર કેમ ન થયો ?... દયા-દાનનો શુભભાવ તો ઔદયિકભાવ છે, તે પોતે સંસાર છે, તો તેનાથી સંસારનો નાશ કેમ થાય ? ન જ થાય... એકલી વ્યવહારના આશ્રયથી જે મોક્ષમાર્ગ માને છે તે વ્યવહારમૂઢ છે."**

**ખોટા આક્ષેપનો રદીયો :-** સોનગઢપંથીએ ઊભો કરેલો આ આક્ષેપ જૂઠો



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

છે, અપ્રમાણિક છે, સમજ અને વજુદ વિનાનો છે. કેમકે પહેલાં તો 'દયાદાનના શુભરાગથી સંસાર પરીત થવાનું માન્યું' એમ જે લખ્યું તેમાં 'પરીત' શબ્દ જ ખોટો છે, 'પરીત્ત' શબ્દ જોઈએ. પરીત્ત એટલે 'બસ,''સમાપ્તિને પ્રાપ્ત,' 'મર્યાદિત' એવો અર્થ અહીં લેવાનો છે. સંસ્કૃતમાંના **'પર્યાપ્ત'** શબ્દ ઉપરથી **'પરિત્ત'** શબ્દ બને છે. હવે અહીં ખરી વસ્તુ તો એ છે કે ગણધર ભગવાનના લેખમાં તો પ્રભુએ 'પાણાણુકંપાએ' એટલે કે જીવની **દયાથી** સંસાર પરિત્ત થવાનું કહ્યું છે, માન્યું છે, પણ નહિ કે **દયાના શુભરાગથી.** ત્યારે આ કુમતી કહે છે કે **'દયાદાનના શુભરાગથી** સંસાર પરીત્ત થવાનું માન્યું.' કેવું ખોટું કથન ! આવું માન્યું જ ક્યાં છે ?

તો પછી જો એમ કહેવામાં આવે કે **"દયાદાનના શુભરાગથી"**નો અર્થ 'દયાદાન **સંબંધી** શુભરાગથી' એવો નથી, પરંતુ 'દયાદાન કરવાનો જે શુભ પરિણામ શુભભાવ આત્મામાં જાગે છે એ શુભભાવરૂપી શુભરાગથી' એવો અર્થ લેવાનો છે."

તો તો પછી એમ કહેવું કે લખવું જોઈએ કે 'દયાદાનરૂપી શુભ રાગથી.' છતાં ખેર ! એ એમનું ભાષાશાસ્ત્રના નિયમ બહારનું સ્વતંત્ર લખાણ સમજી લઈએ તો પણ એનો ભાવ ખોટો છે. કેમકે જેવી રીતે 'અહો ! કેવો અનંતજ્ઞાનાદિઋદ્ધિમાન મારો આત્મા' એમ તત્ત્વરુચિ થવી એ મિથ્યાત્વના ક્ષયનો પરિણામ છે, એવી રીતે હાથીને થયેલ દયાનો પરિણામ પણ મિથ્યાત્વની મંદતાનો પરિણામ છે. એને શુભ રાગ એટલે કે શુભકષાય મનાવવો એ કેવી અજ્ઞાનદશા છે !

છતાંય જો કહો કે મિથ્યાત્વની મંદતાની સાથે શુભરાગ ભળેલો છે માટે અમે શુભરાગને આગળ કર્યો છે,

"તો તો શું અહો ! અનંત જ્ઞાનવાન મારો આત્મા" એવું થવામાં શુભરાગ નથી ભળ્યો ? આ પણ શુભરાગનો વિકલ્પ હોવા છતાં મોક્ષાર્થીને આ આદરણીય માનો છો; તો પછી દયાદાન પણ કેમ આદરણીય નહિ ?"

**દયાદાન એ આદરવા યોગ્ય આ રીતે છે :-** અનાદિ કાળથી જીવમાં ક્રૂરતા, નિર્દયતા, કઠોરતા ભરી છે. એને જો પહેલાં દયાની કોમળતાથી દૂર કરવામાં આવે, તો જ આગળ વધીને ઠેઠ વીતરાગદશા સુધી પહોંચી શકાય. અનાદિના કસાઈ જેવા ક્રૂર હૃદયવાળાને કાંઈ પહેલે તડાકે વીતરાગદશા નહિ આવે. માટે તો એ કઠોરતારૂપી જે અનાદિ **ભાવમલ,** તેની અલ્પતા, હ્રાસ થવાનું લક્ષણ એવું કર્યું કે,

**दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च ।**

દુ:ખી જીવો પર અત્યંત દયા અને ગુણવાન આત્માઓ ઉપર અદ્વેષ. દયા આવ્યા વિના ભાવમળ જાય નહિ. ભાવમળ ગયા વિના સમ્યક્ત્વાદિ શુદ્ધ પરિણામો જાગે નહિ. જૈનદર્શનની આ પ્રક્રિયાના અજ્ઞાનને લીધે કેવા છબરડા વળાય છે !



સહજ એવા અનાદિના ભાવમળનો નાશ થાય, ત્યારે મોક્ષરુચિ-સમ્યક્ત્વ વગેરે ગુણસ્થાનકે ચઢાય છે. દયાપૂર્વકના કે દયાવાળા ભાવમળના નાશથી પરંપરાએ મોક્ષ થાય છે. તેમ દયાથી મોક્ષ થાય છે, એમ કહી શકાય.

આ દયાદાનની કોમળતા એ આત્માના શુદ્ધ સ્વભાવે પહોંચવાનો પાયો છે; અને પાયો એ ઈમારતનું અંગ જ ગણાય છે, ઈમારતમાં જરૂરી ગણાય છે. તો પછી દયાદાનથી મોક્ષ થવાનું અર્થાત્ સંસાર સમાપ્ત થવા આવવાનું કહેવું શું ખોટું છે ? અલબત આ કથનમાં વચલા પગથીઆ અધ્યાહારથી લેવાના છે. અને એવું તો સમ્યગ્દર્શનથી મોક્ષ થાય છે 'એવા કથનમાંય ક્યાં' અધ્યાહાર નથી ? એમાંય વચમાં સમ્યક્ચારિત્ર, અપ્રમત્તભાવ, ક્ષપકશ્રેણિ અને ઠેઠ શૈલેશી કરણ સુધીનાની જરૂર તો છે જ. ત્યારે જેમ પ્રારંભિક સમ્યક્ત્વ મિથ્યાત્વની સામે પ્રશસ્તપરિણામ હોવાથી જરૂરી છે, તેમ દયા પણ ક્રૂરતાની સામે પ્રશસ્ત ભાવ હોવાથી પ્રારંભમાં જરૂરી છે જ. એનાથી આત્મામાંની બીજી કેટલીય મિથ્યા રાગની જડ દૂર થાય છે, અને તેથી વીતરાગી દશાની ભૂમિકા રચાય છે. તો પછી સમ્યક્ત્વની જેમ એનાથી સંસાર પરિત્ત થવાનું કહેવું શું ખોટું છે ? ઊલટું પરિત્ત ન થવાનું કહેવું એ ખોટું છે.

અસ્તુ. હવે એ જોઈએ કે ભાઈએ પોતે પોતાના કુમતને પ્રચારવા શુભરાગના આલંબન લીધા છે કે નહિ અને શુભરાગથી મોક્ષસાધના માની છે કે નહિ. જો કે આના અંગે, એમના જ વચનોમાં પરસ્પર વિરોધ અને એમના વચન-વર્તાવના વિરોધ પૂર્વે જે બતાવ્યા છે, એમાં એ સ્પષ્ટ છે કે શુભરાગ એમણે પણ ઠામઠામ જરૂરી લેખ્યો છે, છતાં પ્રસ્તુત વિચારણાને અનુરૂપ થોડો વિચાર અહીં કરી લઈએ.

એમણે કહ્યું છે કે **'સમ્યગ્દર્શન પૂર્વે ગુરુનો ઉપદેશ મળવો જોઈએ,'** અર્થાત્ 'ગુરુનો ઉપદેશ મળે એટલે સમ્યગ્દર્શન દ્વારા ભવકટ્ટી થાય, સંસાર પરિત્ત થાય.' એમ એ કહે છે. ત્યારે અહીં કહે છે કે, **'શુભરાગથી સંસાર પરિત્ત થવાનું માનવું તે વ્યવહારમૂઢતા છે.'** પ્રશ્ન એ થાય છે કે એ જીવને ગુરુનો ઉપદેશ મળે અને રુચે એ શું શુભરાગ નથી ? વળી એ ઉપદેશને શ્રવણના રાગ વિના લેવા જશે ? જો ઉપદેશ લેવાનો રાગ નહિ, તો એને જ લેવા જાય શા માટે ? આમ એમણે શુભરાગ જરૂરી ગણ્યો જ છે. જો કહો કે,

**પ્ર.**- શ્રવણનો એને રાગ તો ખરો, પણ રાગથી સંસાર પરિત્ત થવાનું માને નહિ.

**ઉ.**- તો અહીં હાથીએ દયા કરી એમાં એ એવું ક્યાં માનવા બેઠો હતો કે શુભરાગથી સંસાર પરિત્ત થાય ! એણે તો માત્ર પોતાના આત્માની જેમ બીજા



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

જીવને ય દુઃખ નથી ગમતું એ હિસાબે સસલા ઉપર પગ મૂકવાની ક્રૂરતા ન કરી. પણ દયા રાખી. આ કોમળતાથી એવું માનવભવનું પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું કે જેથી ચારિત્રરૂપી મોક્ષમાર્ગ મળ્યો અને સંસાર લગભગ છેદાયો. આ પરિણામની દૃષ્ટિએ. **દયાથી સંસાર પરિત્ત થયાનું પ્રભુએ ફરમાવ્યું.**

હવે આ નવા મતવાળાને થોડું પૂછીએ.

સંસાર પરિત્ત થવા માટે સમ્યગ્દર્શન સહિત ચારિત્ર જરૂરી ખરું ? **એ ચારિત્ર મનુષ્યભવમાં જ મળે એ વાત ખરી ?** એટલે ચારિત્ર માટે મનુષ્યભવ જરૂરી, અર્થાત્ કારણ બન્યો ? ના નહિ કહી શકો, કેમકે તમે જ કહો છો કે **'આ શરીરની સ્થિતિ અલ્પકાળની છે, માટે તત્ત્વનિર્ણય કરીને સાધી લેવું,' અર્થાત્ 'મનુષ્યભવ છે તો જ તત્ત્વનિર્ણય થાય.'**-એમ માનો છો. તેથી મનુષ્યભવ કારણ બન્યો જ. હવે આગળ રહો.

**મનુષ્યભવ દયાદાનાદિથી મળે, એ વાત સાચી ?** જો સાચી તો, એનો અર્થ એ થયો કે દયાદાનાદિથી **મનુષ્યભવ, અને મનુષ્યભવથી ચારિત્ર તેમ જ ચારિત્રથી સંસાર પરિત્ત.** એટલે ? દયાદાનાદિ એ મનુષ્યભવ અપાવવા દ્વારા ચારિત્રની સગવડ કરી આપીને સંસાર પરિત્ત કરે જ છે. માટે સંસાર પરિત્ત થવામાં દયાદાનાદિ કારણભૂત બન્યા જ. જો કહો કે,

**પ્ર.**- એ તો પરંપરાએ ને ?

**ઉ.**- તો સમજો કે કારણનું કારણ પણ **'કારણ'** કહેવાય છે. નહિતર સમ્યગ્દર્શનને પણ મોક્ષ પ્રત્યે કારણ શી રીતે કહી શકશો ? કેમકે એ ચારિત્ર-અપ્રમત્તભાવ-શુકલધ્યાન-ક્ષપપકશ્રેણિ વગેરે દ્વારા **પરંપરાએ** મોક્ષ પ્રત્યે કારણ છે; નહિ કે એ ચારિત્રાદિ વિના **સીધું** મોક્ષ પ્રત્યે કારણ છે. ત્યારે જો એમ કહો કે,

**પ્ર.**- દયાદાનના શુભભાવ તો અનંતવાર કર્યાં; છતાં સંસાર પરિત્ત કેમ ન થયો ? એમ મનુષ્યભવ ઘણાનેય મળે છે, છતાં ક્યાં એ બધાને સમ્યગ્દર્શન અને મોક્ષ થાય છે ? માટે દયાદાનના શુભરાગથી કે મનુષ્યભવથી મોક્ષ થાય છે એમ માનવું એ વ્યવહારમૂઢતા છે.

**ઉ.**- તમારા આ પ્રશ્નની સામે પહેલી વાત તો એ છે કે એમ તો સમ્યગ્દર્શનથી પણ મોક્ષ થાય છે એમ નહિ કહી શકાય. કેમકે તમે તો એવો નિયમ સમજ્યા લાગો છો કે 'જેનાથી અવશ્ય કાર્ય નીપજે જ, એને જ કારણ કહેવું.' તેથી જ મોક્ષ પ્રત્યે દયાદાન વગેરેને તમે કારણ કહેવા તૈયાર નથી. હવે આ હિસાબે તો સમ્યગ્દર્શનને પણ મોક્ષ પ્રત્યે કારણ નહિ કહી શકો. કેમકે સમ્યગ્દર્શન પણ કેટલાયને મળે છે છતાં એ ભવમાં એ નથી તો ચારિત્ર પામતા,



કે નથી તો મોક્ષ પામતા. બલ્કે સમ્યગ્દર્શન હારી જવાનું પણ એમને બને છે. તો શું સમ્યગ્દર્શનથી મોક્ષ થાય એમ નહિ કહો ?

**કુમતીનો બચાવ :-** ત્યારે ત્યાં બચાવ કરશો કે "સમ્યગ્દર્શન પામવા છતાં હજી એને રાગદ્વેષના તેવા જોરને લીધે વિરતભાવ-અનાસક્તભાવ નથી આવતો અને કહી શકાય છે. તેથી જ એ મનુષ્યત્વાદિ મોક્ષ માટે ઉપયોગી છે. એનાથી મોક્ષ થાય છે, એમ કહેવું યુક્તિયુક્ત છે. અલબત જેમ સમ્યક્ત્વ પામવા છતાં રાગાદિની પ્રબળતાથી ત્યાં જ ચારિત્ર કે મોક્ષ નથી મળતો, તેમ મનુષ્યભવમાં આવવા છતાં તીવ્ર મિથ્યાત્વના ઉદયે અને આત્મપુરુષાર્થની ખામીને લીધે સમ્યક્ત્વ સહિત ચારિત્રાદિ ન પામી શકે, એવું બની શકે છે. એટલા માત્રથી મનુષ્યભવથી ચારિત્ર કે મોક્ષ નથી થતો એમ નહિ જ કહી શકાય. નહિતર અમે પૂછીએ છીએ કે મનુષ્યભવ વિના બીજા કોઈ ભવોમાં ચારિત્ર કેમ નથી મળતું ? મોક્ષ કેમ નથી થતો એ સૂચવે છે કે મનુષ્યભવ એમાં જરૂરી છે, કારણ છે."

એવું જ દયાદાનના શુભરાગથી પરંપરાએ મોક્ષ થાય છે જ. કેમકે પૌદ્‌ગલિક સુખની આશંસા રાખ્યા વિના કેવળ જીવ પરના કરુણાભાવથી કોમળ હૃદય થયે અનુકંપા અને અભયદાન કરાય, તો તે કોમળતામાંથી સારી સામગ્રીવાળો મનુષ્યભવ નીપજે છે, અને ત્યાં પૂર્વભવની કોમળતાના હિસાબે સર્વ જીવ પર દયા અને અભયદાનના શુભ પરિણામ જાગી ચારિત્રભાવ પ્રગટે છે. એમાં આગળ વધતાં અપ્રમત્તભાવ, વીતરાગદશા અને મોક્ષ નીપજે છે. પછી મૂળ કારણભૂત દયાદાનને કારણ કહેવામાં શો વાંધો ?

**પ્ર.**- દયાદાનનો શુભરાગ જો કારણ હોય તો તે તો અનંતવાર કર્યા હતા; છતાં નકામા કેમ ગયા ?

**ઉ.**- દયાદાનના શુભરાગ અનંતવાર કર્યા તે નકામા ગયા એનું કારણ એ છે કે, નકામા ગયા તે દયાદાન પોતે સ્વરૂપે નકામા હતા માટે નહિ, કિન્તુ દયાદાન સંસારના પૌદ્‌ગલિક સુખની આશંસાથી કર્યા હતા માટે, એથી મોહ વધ્યો, અને દયાદાનના પ્રતાપે મળેલા ઉત્તમ મનુષ્યભવનો ઉપયોગ પાછો મોહની ચેષ્ટાઓમાં કર્યો. એથી ભવનો અંત નથી આવ્યો. પરંતુ જો નિરાશંસભાવે દયાદાન કરે તો એવો અકલંક મનુષ્યભવ મળે કે જેમાં જીવ નિશ્ચયધર્મના સચોટ લક્ષ સાથે વ્યવહારધર્મનો સાધક બની ચારિત્ર-અપ્રમત્તભાવ-વીતરાગતા અને મોક્ષ પામે. એટલે સંસારવૃદ્ધિનું કારણ પૌદ્‌ગલિક તૃષ્ણા છે, દયાદાન નથી. દવા સાથે કુપથ્ય ખાતાં રોગ વધે, તેથી દવા રોગમાં નકામી નથી ગણાતી. દવા તો રોગ કાઢનારી છે. એમ દયાદાન પણ સંસારરોગ કાઢનાર જ છે. માત્ર પૌદ્‌ગલિક સુખની આશંસાનું



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

કુપથ્ય નહિ સેવવું જોઈએ.

વળી જે એ કહે છે કે **'દયાદાન તો ઔદયિકભાવ હોવાથી સંસાર છે, સંસારથી સંસારનો નાશ કેમ થાય ?'** પણ જગતમાં ઘણાય દાખલા આવા મળે છે. દા.ત. વનમાં દાવાનળ સામેના દાવાનળથી નાશ પામે છે; કાંટો કાંટાથી નીકળે છે; એક ઝેર બીજા ઝેરને મારે છે; લોઢાની છીણી લોઢાને કાપે છે. તો અહીં શો વાંધો છે ? બીજી વાત એ છે કે સંસારનો નાશ એટલે કર્મનો નાશ. એ માટે જેમ માનવભવ, શરીર, આયુષ્ય વગેરે જરૂરી છે, તેમ દયાદાનાદિ પણ જરૂરી છે. નહિતર તો જો દયાદાન જરૂરી નહિ, તો તમારા મતે તો હિંસાથીય સંસાર, અને દયાથીય સંસાર ! ચોરીથીય સંસાર અને દાનથીય સંસાર ! ખરી રીતે દયા આત્માના અધ્યવસાય મલિન ન બનતાં નિર્મળ થાય છે. પછી એના પર અધિક વિશુદ્ધિ કરવાની તક મળે છે. નહિતર તો જે અજ્ઞાનીને બાહ્ય દયાદાન, પ્રભુની પૂજા-ભક્તિ-વિનય, વ્રત-પચ્ચક્ખાણ વગેરે શુભવ્યવહારનું આલંબન નથી, એને કાંઈ મોક્ષ, અયોગીપણું, કેવળજ્ઞાન કે વીતરાગતા તો છે નહિ; એટલે કે રાગાદિ વશ અને મન-વચન-કાયાના યોગને વશ કાંઈને કાંઈ કરતો તો રહેવાનો. તેય શું કરતો રહેવાનો ? દયા-દાનને બદલે આરંભ-પરિગ્રહ, પ્રભુભક્તિને બદલે કુટુંબસેવા, વ્રત-પચ્ચકખાણને બદલે ખાનપાન-વિષયભોગ-ઈન્દ્રિય ગુલામી વગેરે વગેરે. કેવી ખૂબી થઈ ! પવિત્ર પ્રવૃત્તિ મૂકીને ગલીચ ક્રિયાને વળગી રહ્યો. એનું સેવન કરી કરીને અંતરના અશુભ રાગને એ સુદૃઢ કરવાનો. અશુભ રાગોત્પાદક પ્રવૃત્તિ થયા કરે તેથી અશુભ રાગ વધે, ને દૃઢ થાય, એમાં નવાઈ નથી. આમ શુભને ઉવેખીને કરેલી અશુભ રાગની દૃઢતા દીર્ઘ સંસાર નિપજાવે છે.

### વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોય જ નહિ'<br>એવો સિદ્ધાન્ત છતાં બે ભયંકર ખામી.<br>૧. અશુભ પાપવ્યવહારની ભરપૂરતા.

**વ્યવહારને નિંદવામાં ખૂબી એ થઈ કે શુભ પવિત્ર વ્યવહાર ગુમાવ્યો અને અશુભ પાપક્રિયા અખંડ ચાલુ રહી :-** વધારામાં એ પોપટપાઠ કર્યા કરશે કે 'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોય જ નહિ;' પણ એ ભાન નહિ રાખે કે ''આ પાઠ પણ વ્યવહાર છે, અને એનો વિચાર (વિકલ્પ) એ પણ વ્યવહાર છે; તો એવા વ્યવહારનો આશ્રય કરાય જ શા માટે ?'' વળી 'વ્યવહારના આશ્રયે-વ્યવહારના આશ્રયે...' એમ વ્યવહારની નિંદા કર્યે જવામાં ગર્ભિત રીતિએ

**નજર સામે એટલું જ તરવરે છે કે**



'વ્યવહાર એટલે **શુભ** વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નહિ. તેથી શુભ પવિત્ર વ્યવહાર બધો નકામો. અજ્ઞાનપણામાં એને અનંતવાર સેવ્યો. હવે સજ્ઞાન બની એને છોડી દેવાનો. સામાયિક, પ્રતિક્રમણ, વ્યવહારચારિત્ર, દેવગુરુભક્તિપૂજા, બાહ્યત્યાગ, તપસ્યા, ઈન્દ્રિયનિરોધ વગેરે ઘણું ઘણું કરી સંસારમાં આથડ્યા. તોબા એનાથી. હવે એમાં ફસાવું નહિ,'- નજર સામે આટલું જ તરવરે છે, તેથી એનો ત્યાગ કરાય છે.

**પણ 'વ્યવહાર' શબ્દથી એ ધ્યાનમાં નથી કે,**

'અશુભ પાપક્રિયાઓ પણ બધી નકામી છે. આરંભ-સમારંભ, ઘર-દુકાન, કુટુંબકબીલા, સગાં-સ્નેહી, ખાનપાન, વિષય-પ્રવૃત્તિ, પૈસાટકા વગેરે ઘણું કર્યું, અનંત કાળ કર્યું. તેથી સંસારમાં ભટકતા રહ્યા. તોબા એનાથી. ભલે અજ્ઞાનપણે એને આચરી, પણ હવે સજ્ઞાન બન્યેથી, એ બધું છોડી દેવાનું. એમાં ફસાયા રહેવાનું નહિ.'- આવું નજર સામે નથી તરવરતું. શું 'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નહિ,' એમાં આ નથી આવતું ? **જો ત્યાગ, તપ, સામાયિકાદિના આશ્રયે મોક્ષમાર્ગ નહિ, તો શું આરંભ-સમારંભા-દિનાય આશ્રયે મોક્ષમાર્ગ છે ? ના, તો પછી તમારે તો જેમ ત્યાગ-તપસ્યાદિ ધર્મક્રિયાઓ ત્યાજ્ય, તેમ આરંભ-પરિગ્રહમય ઘર-દુકાન વગેરે પણ ત્યાજ્ય બને છે. છતાં તમે ધર્મના ઘરની પવિત્ર ત્યાગ-તપ વગેરે આચરણા છોડી; પણ ઘર-દુકાન વગેરે કેમ અકબંધ ઉભા રાખ્યા ? ત્યારે તમારે કેવળ નિશ્ચયવાદીને શું ધર્મક્રિયાઓ તરફથી શુભરાગ થવાનો ભય છે અને પાપક્રિયાઓ તરફથી અશુભરાગ થવાનો ભય નથી ?** ભય હોય તો એનેય કેમ છોડો નહિ ? કેમ વારેવારે નિંદો નહિ ? અથવા શું ધર્મક્રિયાઓ તમારા રાગને પોષે છે, પણ પાપક્રિયાઓ રાગને પોષતી જ નથી ? ગમે તે હો, પરંતુ પાપક્રિયાઓ તમે અખંડ ઉભી રાખી છે, પણ છોડી નથી, એ સૂચવે છે કે તમને (૧) એ ત્યાજ્ય નથી લાગી; (૨) એના આશ્રયે મોક્ષમાર્ગને વાંધો નથી લાગ્યો; (૩) 'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નહિ,' એ ગોખી રાખવામાં માત્ર ત્યાગ-તપ વગેરેની ધર્મક્રિયાઓ પ્રત્યે સૂગ કરવાનું કર્યું છે, પણ પાપક્રિયાઓ પ્રત્યે નહિ. નહિતર કહોને કે જેવા સામાયિક-પ્રતિક્રમણાદિ ક્રિયાઓ પર દ્વેષથી ભભકી ઊઠો છો એવા ખાનપાન-આરંભ-પરિગ્રહની ક્રિયાઓ પર કેમ નથી ભભકતા ? ભભકતા હો તો એનેય છોડી ન દીધી હોય ? ઊલટું સામાયિક-પ્રતિક્રમણ-આગમસ્વાધ્યાય-પૌષધ વગેરે ક્રિયાઓ છોડી દેવાથી એનોય બચેલો સમય વધુ પાપક્રિયાઓમાં ખર્ચો છો !



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

## ૨. પોતાના માનેલા શુભવ્યવહારની ભરપૂર સાધના

બીજી વાત એ છે કે **'વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોય નહિ'** એમ કહી વ્યવહારને એટલે કે શુભરાગને સંસારવર્ધક મનાવે છે; ને **'દયાદાનના શુભરાગથી સંસાર પરિત્ત થાય નહિ,'** એવો સિદ્ધાન્ત ધરાવે છે; તેથી જ **'મોક્ષાર્થીએ દાયાદાનાદિ શુભપ્રવૃત્તિ ન કરવી જોઈએ'** એવું ઇચ્છે છે. કેમકે એનાથી કાંઈજ આત્મિકલાભ નથી; એમ એ માને છે. હવે બીજી બાજુ પોતાના વાડાની માનેલી શુભપ્રવૃત્તિઓ અને શુભરાગની ચર્યાઓ ઘણી ઘણી આચરાવે છે. પરંતુ એ આમાં સ્વમતનો જ ઘાત કરે છે. આમ તો એ કહે છે કે પરમાત્મા મહાવીર દેવ ઉપરનો રાગ પણ નકામો છે; પરંતુ બીજી બાજુ કુંદકુંદાચાર્ય ઉપર અનહદ રાગ કરે છે અને કરાવે છે. એમ, શ્રીભગવતીજી સૂત્ર વગેરે મહાજ્ઞાની ગણધર ભગવાને રચેલા આગમો પર રાગ એ શુભરાગ હોવાથી એમને સંસારવર્ધક લાગે છે, ત્યારે સમયસાર-પ્રવચનસાર વગેરે અલ્પજ્ઞ પુરુષથી રચેલા શાસ્ત્ર ઉપર મહાન આકર્ષણ અને ઉત્કટ રાગ ધરે છે, ને બીજાને ધરાવવા અથાગ મહેનત કરે છે. પંચ મહાવ્રતધારી કંચન-કામિનીના ત્યાગી સદ્ગુરુઓના સદુપદેશ કે એના પરનો રાગ આત્મહિતકારી નથી એમ કહે છે. જ્યારે કાનજીમતનો ઉપદેશ બહુ લાભકારી તરીકે ઠસાવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ભોળો અજ્ઞાન વર્ગ એ ઉપદેશ પર **રાગી** બની એના ઉપર ઝૂકે છે, આ રાગ એમને હાનિકર નહિ લાગતો હોય; તેથી જ એ કદી કહેતા નથી કે 'જો જો હોં અમારા પ્રવચન ઉપરનો રાગ આત્મહિતકારી નથી માટે એવા રાગના આકર્ષણ ખોટા છે. તેથી આ પ્રવચન-શ્રવણની ક્રિયામજુરી કરતા નહિ.' આ થઈ શુભરાગની વાત. હવે વ્યવહારની વાત. એક બાજુ દયાદાનાદિની ક્રિયા મોક્ષોપયોગી નથી એમ માને-મનાવે છે; પણ બીજી બાજુ એમના હિસાબે માર્ગ ભૂલેલા જીવોની દયા એ ખૂબ ખાય છે. તેથી તો પ્રવચનો ઉપર પ્રવચનો કર્યે જાય છે. પોતાના એકાંત નિશ્ચયવાદી સોનગઢી મઠમાં જીવોને આકર્ષવા શીરાપુરીના ભોજનદાન કરાવે છે. પૂછોને કે શા સારૂં આવા દયાદાન કરાવતા હશે ? ઉત્તર સીધો છે. એ સમજે છે કે આમ કરવાથી જ જીવો સન્માર્ગે આવી મોક્ષમાર્ગ સાધશે. વળી સામાયિક-વ્રતપચ્ચક્ખાણાદિરૂપી વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ હોય નહિ એમ કહેનારા એ પોતાના થોકબંધ વ્યવહાર પોતે આચરે છે અને આચરાવે છે. સોનગઢ આશ્રમમાં મુમુક્ષુઓ માટે આખા દિવસના નિયત વ્યવહાર જ ગોઠવેલા હોય છે. પોતેય પ્રવચનાદિ કરવાનો નિશ્ચિત નિયમિત વ્યવહાર આચરે છે. સ્વમતપ્રચારાર્થે ગામે ગામ પ્રવાસનો વ્યવહાર, ભાષણનો વ્યવહાર, શક્ય હોય તો દિગંબર મંદિર અને



સ્વાધ્યાય મંદિર ઊભું કરાવવાનો વ્યવહાર, પાછી એની આડંબરભરી પ્રતિષ્ઠાવિધિ કે ઉદ્ઘાટનવિધિનો વ્યવહાર, 'આત્મધર્મ' નામનું માસિક અને દૈનિક પત્ર કાઢવાનો અને ફેલાવવાનો વ્યવહાર, સ્વમતના પુસ્તકો છપાવી પ્રચારવાનો વ્યવહાર, - આવા આવા તો કેઈ વ્યવહારમાં રાતદિ' ગળાબુડ ડૂબ્યા રહે છે. એમને કોણ પૂછે કે 'ભલા માણસ ! જ્યારે વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ જ નથી, તો પછી આટલા બધા વ્યવહારને આચરવાનું કામજ શું છે ? પ્રયત્ન પુરુષાર્થ તો મોક્ષમાર્ગ સાધવા માટે હોય ને ? તમારે જો વ્યવહારમાં મોક્ષમાર્ગ જ નથી, તો વ્યવહારો આચર્યે જવામાં મહામૂર્ખાઈ નથી ? તમારે તે વળી ખાવા-પીવાના વ્યવહારનીય શી જરૂર છે ? એ કાંઈ એમજ જાણ બહાર નથી થતા; એ તો ઇચ્છાથી કરો છો. તો નિરર્થક એવા વ્યવહાર સેવવાની ઇચ્છા કરવાની હોય ?'

પરંતુ, આપણે ગમે તે કહો, એ તો વ્યવહાર અને શુભરાગને 'નકામો નકામો' એમ કહ્યેય જાય છે અને થોકબંધ અશુભ પાપપ્રવૃત્તિઓ તથા પોતાની માનેલી શુભપ્રવૃત્તિઓ આચર્યે જાય છે. તો પછી આમાં એમના હૈયા અંગે શું સમજવું ? એમની પ્રરૂપણા એ ઢોંગ જ કે બીજું કાંઈ ? એમને પ્રશ્ન તો એ છે કે 'જેના આશ્રયે મોક્ષમાર્ગ નથી, તેને તમે સેવો છો જ શું કામ ? જે વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નહિ, એ વ્યવહાર તમારા મતે ઉપાદેય નહિ ને ? પછી એને આદરવાનું શું પ્રયોજન ? અને ઉપાદેય કહેતા હો તો ગણધરઆગમો, શ્રાવકાચાર, સાધ્વાચાર વગેરે વ્યવહાર પણ શા માટે ઉપાદેય નહિ ? બીજા આચાર્યોને છોડીને કુંદકુંદાચાર્યને, બીજા ગુરુઓને છોડીને નવીન બનાવટી નિશ્ચયવાદી ગુરુને, બીજા ઉપદેશ છોડીને બનાવટી નિશ્ચયની દેશનાને, તથા શ્રીભગવતી જેવા મહાન પવિત્ર અને પ્રમાણિક આગમોને છોડી સમયસારાદિ ગ્રન્થોને જે વળગી રહેવાય છે, વળગી રહેવાનું ઉપદેશાય છે, એ વળગવાનું શું નકામા તરીકે, કે શું વીતરાગભાવે કે આના પરના રાગથી આકર્ષાઈને ? શુભરાગને તમે ક્યાં નથી આદરતા ?'

❖ ❖ ❖



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

# (૨૬) નિશ્ચય અને વ્યવહાર

બીજી એક વાત એ છે કે શું શુભરાગ અને અશુભ રાગ બન્ને સમાન કોટિના છે ? તો હિંસાના પરિણામ અને દયાના પરિણામમાં આત્મદષ્ટિએ કાંઈજ ફરક નથી ? તેમજ શુભરાગ જો સર્વથા હેય હોય, તો જ્યાં દુન્યવી કોઈ આશંસા વિના શુભકાર્યનો રાગ થયો, તો તેથી શું સંસાર-વૃદ્ધિ થવાની ? આમાં 'હા' નો ઉત્તર તો અવિવેકી કરી શકે. પૂર્વના અનંતા શુભરાગ ભવવર્ધક થયા છે, એમ કહેવું વ્યાજબી નથી. કેમકે એ વસ્તુગત્યા શુભ રાગ જ નહોતા. એક માણસ કોઈનું ખૂન કરવા બહારથી ચારિત્ર પાળે, દયા પાળે, એનામાં અમે શુભરાગ કહેતાજ નથી તેમજ પૌદ્‌ગલિક કોઈ પણ આશંસાથી ધર્મક્રિયા કરે એનામાં અમે શુભરાગ નથી માનતા. પરંતુ દુન્યવી કોઈ પ્રકારના રાગ વિના આત્મકલ્યાણ સાધવાના પવિત્ર મનથી વ્રત પચ્ચક્ખાણ, પ્રભુભક્તિ, સામાયિક, ચારિત્ર વગેરે જે આરાધે છે, તેનામાં શુભરાગ કહીએ છીએ. એ અનાદિના રાગથી જુદો રાગ છે. એ આરાધકને મનમાં એમ નથી આવ્યા કરતું કે "આત્મદષ્ટિ જરૂરી નથી, માત્ર વ્યવહારનો જ આશ્રય કરવો, નિશ્ચયનું શું કામ છે ? આપણે તો ફકત આ શુભક્રિયાઓનો રાગ જ રાખો, વીતરાગ થવાનું કામ નથી." આવું તો કાંઈ થતું નથી; પણ ઊલટું એ તો ઈચ્છે છે કે "દુનિયાની હિંસાદિ અશુભ પ્રવૃત્તિઓમાં આત્માના પરિણામ બગડે છે; ભયંકર રાગદ્વેષ થાય છે. આવી શુભક્રિયાઓમાં રહેવાથી પેલી આરંભ પરિગ્રહની ક્રિયાઓ છૂટી જાય, અને પરિણામ શુદ્ધ બની શકે. કષાયોને અને વિષયતૃષ્ણાને અહીં મારી શકાય. એમ કરતાં રાગદ્વેષ સર્વથા જો ટળે તો વીતરાગ સર્વજ્ઞ થઈ ભવનો અંત કરું." આવી આવી ઈચ્છા રહેતી હોય ત્યાં ક્યાં એણે ભૂલ કરી ? **ઊલટું** કહો કે **અંતરાત્માના પરિણામની વિશુદ્ધિનો સાચો સક્રિય માર્ગ લીધો.** વિશુદ્ધિ કાંઈ 'શુભ રાગે મોક્ષમાર્ગ નથી' એવા પોપટપાઠથી નથી આવતી. આત્મા પર જન્મો-જન્મની કુપ્રવૃત્તિથી થીજીને જામ થઈ ગયેલા કુસંસ્કારને ભૂસવા માટે એવી કુપ્રવૃત્તિઓને ઓછી કરવી જ પડે. હવે એમાં રચ્યાપચ્યા ન રહેવાય. હવે તો સારી એવી દયાની, દાનની, શીલની, તપની, ત્યાગની ઈત્યાદિ પ્રવૃત્તિઓને વળગવું પડે; જેથી હિંસા-પરિગ્રહ-વિષય આદિના કુસંસ્કાર ભૂસાય. એમ ન પૂછશો કે,



ઉ.- 'એવી શુભપ્રવૃત્તિ તો પૂર્વે અનંતી કરી, અનંતવાર ગ્રૈવેયક સ્વર્ગ સાધ્યો, તો કેમ તેથી કુસંસ્કાર ન ભૂસાયા ?'

ઉ.- આવું ન પૂછશો, કેમકે એ પ્રવૃત્તિ અસદ્ આશયથી મલિન આશંસાથી કરી હતી. અસદ્ આશય એ મોહની પરિણતિ છે. એટલે તેથી તો ઊલટું કુસંસ્કારનું વધુ પોષણ થયું હતું. હવે જે શુભપ્રવૃત્તિ કરવાની છે, તે અસદ્ આશય સર્વથા છોડીને કરવાની છે, તેથી કુસંસ્કાર પોષવાના નથી; પણ ઊલટું કુસંસ્કારને નિમિત્ત ન મળવાના હિસાબે એ શોષાઈ જવાના છે.

**સાચી નિશ્ચયદષ્ટિ :-** માટે જ જૈન શાસ્ત્રો અનુષ્ઠાનના પાંચ ભેદ બતાવી શુદ્ધ આશય વિનાના વિષ, ગરલ અને સંમૂર્ચ્છિમ અનુષ્ઠાન ત્યજવાનું કહે છે. **કેમકે વિષ-ગરલમાં** આ લોક પરલોકના પૌદ્‌ગલિક સુખની આશંસા (રાગ) હોવાથી એ વિષય-પરિગ્રહના કુસંસ્કારને આઘાત લગાડવાને બદલે મજબૂત કરે છે. **સંમૂર્ચ્છિમ અનુષ્ઠાન** ઉપયોગશૂન્ય હોવાથી કુસંસ્કારને આઘાત પહોંચાડી શકતું નથી. બાકીના બે અનુષ્ઠાનમાં આશયશુદ્ધિ છે, એ કુસંસ્કારને જોરદાર આઘાત પહોંચાડે છે. જો કે આ અનુષ્ઠાન ભલે શુભરાગથી થાય છે; છતાં ત્યાં શુભઆશય સહિત શુભપ્રવૃત્તિના પ્રભાવે કુસંસ્કારની વૃદ્ધિ નહિ પણ હ્રાસ થાય છે. આ હ્રાસ થવામાં મુખ્ય કારણ સદ્આશય છે. એ સદ્આશય આવા જ શુભ ધાર્મિક અનુષ્ઠાનથી પોષાય છે, પણ નહિ કે અશુભ સાંસારિક પ્રવૃત્તિથી, માટે જ શુભ અનુષ્ઠાન પણ કુસંસ્કારના હ્રાસમાં કારણ ગણાય છે.

**પ્ર.**- સાક્ષાત્ કારણ સદ્આશય છે. અનુષ્ઠાન એટલે કે ક્રિયા તો એની દૂર પૂર્વે છે, એ કારણ શાનું ?

ઉ.- દૂર પૂર્વનું નિમિત્ત અસાધારણ હોવા છતાંય એને દૂર પૂર્વનું હોવા માત્રથી જો કારણ તરીકે નહિ માનો, તો તો તૃપ્તિનું કારણ પણ ભોજનના માત્ર છેલ્લા જ કોળીયાને માનવું પડશે ! કેમકે તૃપ્તિ ત્યાં જ થાય છે, પૂર્વે નહિ. તેથી તો પૂર્વના બધા કોળિયા તૃપ્તિના કારણ તરીકે નહિ રહે, અને તેથી તૃપ્તિ માટે નકામા ગણાશે ! એવું જ મોક્ષમાં કારણભૂત ચૌદમા ગુણસ્થાનકનો શૈલેશી સહિતનો માત્ર છેલ્લા સમયનો આત્મપુરુષાર્થ ગણાશે, પણ પૂર્વના સાધનો જે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ચારિત્ર, અપ્રમત્તતા, વીતરાગતા, વગેરે છે, તે કારણ તરીકે નહિ રહે ! તેથી એને મોક્ષમાર્ગ નહિ કહી શકાય ! અને જો પરંપરાએ એ નિમિત્ત હોવાથી એના આશ્રયે મોક્ષમાર્ગ માનવો છે, તો સદ્આશયવાળી જે બાહ્ય ક્રિયા, તે ક્રિયાના આશ્રયે પણ મોક્ષમાર્ગ માનવામાં ક્યાં હરકત નડે છે ? તેમ, નિશ્ચયની દષ્ટિવાળા વ્યવહારના, અથવા નિશ્ચયની સન્મુખ થયેલા વ્યવહારનાય આશ્રયે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

મોક્ષમાર્ગ માનવામાં બુદ્ધિ કાં અટકે છે ? એટલું સમજજો કે નિશ્ચયની **સમજ** જુદી ચીજ છે, અને નિશ્ચયની **આત્મપરિણતિ** જુદી વસ્તુ છે. એ પરિણતિને ખીલવનાર છે શુભવ્યવહારમાં આત્માની ઓતપ્રોતતા. નહિતર તો માત્ર સંસારની પાપપ્રવૃત્તિની લીલા પાપરિણતિને પોષ્યા કરશે.

**નિશ્ચયના સાચા હિમાયતી શ્વેતાંબરો :-** જૈન શ્વેતાંબર શાસ્ત્રોએ અનુષ્ઠાનના પાંચ ભેદ બતાવીને તો નિશ્ચયને ખરેખરું મહત્ત્વ આપ્યું છે. જો એકલા વ્યવહારને જ મોક્ષમાર્ગ કહેવો હોત તો માત્ર એમજ કહેત કે ધાર્મિક અનુષ્ઠાનને સાધો. પણ એટલું જ ન કહેતાં સાથે સાથે વિષાદિ આશયો છોડવાનું અને તદ્ધેતુ-અમૃત આશયો આદરવાનું શા માટે કહેત ? આના ઉપર તો પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે અધ્યાત્મસાર ગ્રંથમાં ખૂબ ભાર મૂક્યો છે અને વિષગરલ અનુષ્ઠાનોને અત્યંત હેય ગણાવ્યા છે. ધાર્મિક અનુષ્ઠાન ગમે તેવું સારું આચરતો હોય, છતાં આત્મા જો મોહમૂઢ છે, તો એ મોક્ષમાર્ગનો આરાધક નથી. આરાધક બનવા માટે આશયની વિશુદ્ધિ જરૂરી છે. વિશુદ્ધ આશયમાં માત્ર આત્મકલ્યાણની જ વાંછા આવે. ત્યાં નિશ્ચયનું આલંબન છે. પણ એ ટકે-વધે છે શુભઅનુષ્ઠાનના પુનઃ પુનઃ સેવન ઉપર જ. એમાં જ નિશ્ચયદષ્ટિ વસ્તુસ્થિતિએ આરાધાય છે. બાકી ક્રિયા વિના તો નિશ્ચયધર્મની વાત માત્ર વાત જ રહે છે. માટે અનુષ્ઠાનની આરાધના એ મોક્ષમાર્ગની આરાધના છે, સંસારની આરાધના નથી. એમ તો નવા નિશ્ચયપંથી ક્યાં રોજ ને રોજ વ્યાખ્યાનકરણ-શ્રવણ, સ્વાધ્યાય, ધૂન વગેરે નિયમિત અનુષ્ઠાનોમાં રચ્યાપચ્યા નથી રહેતા ? સમયસારાદિ પુસ્તક પ્રકાશન, આત્મધર્મ માસિક પ્રચાર વગેરે પ્રવૃત્તિ ક્યાં ઓછી કરે છે ? પૂછો શું સમજીને, શા ઉદ્દેશથી એ કરે છે ? શું એ કરવાનું પરિણામ કાંઈ નથી આવ્યું ? આવ્યું જ છે. એમ માનીને તો નવા નવા પુસ્તકોનાં પ્રકાશનને સફાઈદાર પ્રીન્ટીંગઢિકલર વગેરેથી આકર્ષક બનાવે છે. કાર્યક્રમોના આમંત્રણની જાહેરાત કરે છે. વેકેશનમાં છોકરાઓને અભ્યાસવર્ગમાં આમંત્રે છે. જો એ બહારની કોઈ ક્રિયાના આશ્રયે મોક્ષમાર્ગ જ નથી, તો એટલી બધી ક્રિયાઓ શા સારું કરે છે ? નિરર્થક એવી કાકદન્ત પરીક્ષા કે પશુપુચ્છના જલતાડનની પ્રવૃત્તિ જેવી એ પ્રવૃત્તિ ગણાશે.

**શ્વેતામ્બરોએ તો વ્યવહાર સાથે નિશ્ચયને પણ અતિ જરૂરી માન્યો છે. માટે તો**

**(૧) ચારિત્ર પાળી દુન્યવી સુખનું નિયાણું કરવા જનારને રોકવા ઉપદેશ આપ્યો છે; અને એ ઉપદેશ ન માનનારની દુઃખદ ભવવૃદ્ધિ થયાનું વર્ણવ્યું છે.**

**(૨) ક્રિયાઓની અંતર્ગત રહેલા ભાવોને ભાવવાનું ખાસ ઉપદેશ્યું છે.**



**(૩) અનિત્યાદિ ભાવનાઓનો સંવરમાર્ગ અને ધર્મધ્યાનાદિનો નિર્જરામાર્ગ અવશ્ય ઉપાદેય છે, એમ ફરમાવ્યું છે.**

**(૪) નવ પ્રકારના પાપ નિયાણાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.**

**(૫) સમકિત વિનાની દાનાદિ ક્રિયાઓને નિષ્ફળ કહી છે.**

**(૬) જીવે ચારિત્ર અનંતવાર લીધા, તેને માત્ર દ્રવ્યક્રિયામાં ગણી, એ દ્રવ્યચારિત્રો આત્મોદ્ધારક નથી બન્યા, એમ કહ્યું છે; અને ભાવચારિત્રથી જ મુક્તિ ઉપદેશી છે.**

**(૭) દાનાદિ ચારમાં ભાવધર્મની વિશેષતા બતાવી, એની સાધના માટે નવપદાદિનું આલંબન** કહ્યું છે.

**(૮) આવશ્યક (પ્રતિક્રમણ) ની ક્રિયાને તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્ય વગેરે બની સાધે તો જ તે ભાવ આવશ્યક બને એમ કહ્યું છે.**

**આ આઠ મુદ્દાનું સ્પષ્ટિકરણ :-** અહીં (૧) પહેલામાં એ સૂચવ્યું કે 'ચારિત્રની ક્રિયા ગમે તેવી ઊંચી પાળી; પરંતુ મનના ભાવ બગાડ્યા, અર્થાત્ દૃષ્ટિ શુદ્ધ આત્મહિતની ન રાખી તો ચારિત્ર જેવી મહાન ક્રિયાની પણ કોઈ કિંમત ન રહી. એટલે જ શુદ્ધ દૃષ્ટિનું, નિશ્ચયની પરિણતિનું ઊંચું મૂલ્ય છે.'

(૨) બીજામાં ક્રિયાના ભાવને ભાવવાનું કહી, કેવળ વ્યવહારમાં ન પડી રહેતાં નિશ્ચયના લક્ષ્યવાળા બનવાનું અને અંશે નિશ્ચયધર્મ સાધવાનું ફરમાવ્યું.

(૩) ત્રીજામાં, અનિત્યાદિ ભાવના અને ધર્મધ્યાનાદિનું આલંબન મનથી કરવાનું હોય છે. એમાં પણ નિશ્ચય સાધનાની પુષ્ટિ જ છે. વ્યવહારસાધનામાં તો માત્ર બાહ્ય પરિસહ સહનાદિ અને તપ, કાયકષ્ટ વગેરે આવે. ત્યારે ક્ષમાદિ યતિધર્મ, અનિત્યાદિ અનુપ્રેક્ષા, પ્રાયશ્ચિત, ધ્યાન, કાયોત્સર્ગ વગેરે જે અધિક મૂલ્યવાળા તરીકે ઉપદેશ્યા છે, તે નિશ્ચય સાધનાના પોષણ અર્થે છે. કહો જો, શ્વેતાંબરોએ વ્યવહાર ઉપરાંત અધિક કિંમતી નિશ્ચયમાર્ગને ક્યાં અવગણ્યો છે ? ક્યાં વિસાર્યો છે ? હજી આગળ જુઓ.

(૪) ચોથામાં, વ્યવહારથી મહાશ્રાવક કે મહાસાધુ છતાં જો પાપનિયાણું કરે અર્થાત્ શુદ્ધ એવા નિશ્ચય મોક્ષમાર્ગને ચૂકી અશુદ્ધ એવા નિશ્ચય સંસારમાર્ગને સાધે તો ભવમાં ભમે એમ ઉપદેશ્યું છે. નિશ્ચયમાર્ગની કેવી અગત્ય !

(૫) પાંચમામાં સમકિતની હયાતિમાંજ દાનાદિ ક્રિયાને સફલ કહેતાં, સમકિતનું એટલે કે નિશ્ચય મોક્ષમાર્ગનું ઘણું ગૌરવ કર્યું. નિશ્ચય ક્યાં ભૂલાયો છે ?

(૬) છઠ્ઠામાં તો વળી શ્વેતાંબરોએ નિશ્ચયપોષક ભાવની અગત્ય બતાવતાં અનંતા દ્રવ્ય-ચારિત્રને નકામા કહ્યા, તેના આધારે તો આ બનાવટી નવીન નિશ્ચયપંથી

પોતાનો કુમત ચલાવી શકેલ છે. છતાં જાણે દેખાવ એવો કરે છે કે નિશ્ચયને તો પોતે જ માને છે અને શ્વેતાંબરો માનતા સમજતા નથી. ખેર ! તોય એણે એકાંત નિશ્ચય પકડી વ્યવહાર લોપતાં એટલું ન જોયું કે અનંતા નકામા ગયા તે ભાવના લક્ષ વિના સેવ્યા માટે, નિશ્ચયના લક્ષ્ય વિના આચર્યા માટે નકામા ગયા. બાકી તો એજ ચારિત્ર જો નિશ્ચયનું ધ્યેય રાખી સેવવામાં આવે તો પૂર્ણ શુદ્ધ નિશ્ચય માર્ગને પ્રાપ્ત કરી આપવા સમર્થ છે. શુદ્ધ નિશ્ચય મોક્ષમાર્ગ વ્યવહાર ચારિત્રના પાલનથી જ પમાય છે. કેમકે શુદ્ધ નિશ્ચયે પહોંચતા પહેલાં કેટલાય અશુદ્ધ નિશ્ચયમાર્ગના પગથીયાં પસાર કરવા પડે છે, 'સંસાર ઉપાધિ છે, રાગ, શુભ કે અશુભ, બંધન છે માટે ઉપાદેય નથી, ત્યાજ્ય છે,' એમ કહેવા કે માનવા માત્રથી એકદમ જ રાગ છૂટી ગયો અને વીતરાગ થઈ ગયા, એવું નથી બનતું. એ તો ભાવના લક્ષ સાથે કેટલીય શારીરિક-માનસિક-કષ્ટ-પ્રતિકૂલતાઓભરી વ્યવહાર ચારિત્રની સાધનાઓ કર્યે જવાથી સંવેગ-વૈરાગ્ય-ઔદાસીન્ય વગેરે ઘડાતા ઘડાતા બની આવે છે. માટે જ જેમ એકલાં દ્રવ્યચારિત્ર બોગસ-પોકળ, તેમ એકલી ભાવ અને નિશ્ચયની વાત પણ બનાવટી. મૂળતઃ શુદ્ધ શ્વેતામ્બરમતે અનંત દ્રવ્યચારિત્ર નકામા કહી આઠ ભવના નિશ્ચયલક્ષી ભાવચારિત્રને મોક્ષસાધક કહ્યા તે નિશ્ચયને કેટલી મહત્તા આપી ! એવું જ.

(૭) સાતમામાં દાન-શીલ-તપ-ભાવને વિષે ભાવને વિશિષ્ટ કહી નિશ્ચયની મહાન અગત્ય સૂચવી.

(૮) આઠમામાં, છ આવશ્યક કરતાં તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્ય વગેરે બનવાનું કહ્યું, એમાં પણ સામાન્ય ઉપયોગ, વિશેષ ઉપયોગ આદિ કેળવવા દ્વારા નિશ્ચયની આરાધનાનું મહત્ત્વ સૂચવ્યું.

આવા તો કેટલાંય દૃષ્ટાન્તો મળે એ બધામાં જુઓ કે નિશ્ચયપોષક ભાવધર્મને કેટલો બધો અગત્યનો ગણ્યો છે ?

**પ્ર.**- "સમકિત વિનાની એટલે કે સમકિત પૂર્વેની દાનાદિ ક્રિયા તો નિષ્ફળ ને ? તો પહેલો વ્યવહાર ક્યાં આવ્યો ?"

ઉ.- આનું સમાધાન એ છે કે સમકિત પૂર્વે સમ્યક્ત્વને તાણી લાવનાર જે દાનાદિ કર્યા તેમાંય મિથ્યાત્વની મંદતા કારણ છે; અને તે સમકિતની સન્મુખ હોવાથી, તેમજ સમકિતના માટે હોવાથી, નિષ્ફળ નથી. માટે જ એ સહિતનું અનુષ્ઠાન નિષ્ફળ નહિ ગણાય. 'સમકિત વિના દાનાદિ નિષ્ફળ'નો અર્થ એ છે કે સમકિત કે સમકિતની ભૂમિકા વિનાનાં દાનાદિ નિષ્ફળ છે. અહીં જો એમ કહો કે,...

**પ્ર.**- 'આ બધામાં ભલે ભાવધર્મની અગત્ય બતાવી, પણ તેય શુભરાગવાળો હોવાથી નિશ્ચય થોડો જ ગણાશે ? નિશ્ચય મોક્ષમાર્ગ તો આત્માની વીતરાગી



નિર્વિકલ્પદશાના આશ્રયે હોય એ લક્ષ આમાં ક્યાં રાખ્યું છે ? તેથી તમારો ભાવ પણ વ્યવહારમાર્ગ જ છે.' તો,...

ઉ.- એ બરાબર સમજી લો કે આ તમે કાચના ઘરમાં બેસીને બહારનાને કાંકરા મારવાની ચેષ્ટા કરો છો. નિશ્ચય તરીકે વીતરાગની નિર્વિકલ્પ દશા જ માત્ર કેમ કહો છો ? એથી આગળ જઈ શૈલેશી અવસ્થા પછીની ચૌદમાના ઉપાંત્ય સમયની દશા જ કહો. હવે પૂર્વોકત ભાવોમાં એનું લક્ષ્ય નથી, એમ તમે ક્યાંથી જાણ્યું ? તમારી માફક શું બણગાં ફૂંકવાથી કે નિશ્ચય-નિશ્ચયનો પોપટપાઠ કરવાથી એ લક્ષ્ય રાખ્યું ગણાય ? જેને સર્વ કર્મથી મુક્ત થવાનું લક્ષ્ય છે, જેને સંસારમાત્રથી છૂટવું છે એને માટે જ એ લક્ષ્ય પમાડનારી નીચેની વાસ્તવિક ભૂમિકાનો યત્ન કરે છે, તે જ સાચો નિશ્ચયના આશ્રયે મોક્ષમાર્ગ છે. બાકી એ યત્ન તો કરવો દૂર રહ્યો, પણ ઊલટું એ વાસ્તવિક ભૂમિકાનો જે અપલાપ કરે છે, એનામાં મોક્ષમાર્ગપણું જ ક્યાં છે ? ત્યારે જો એમ કહો કે...

**પ્ર.**- 'બહારની ક્રિયાથી અંદરની નિશ્ચયદશા પ્રગટવાનું માનવું એજ ભ્રમણા છે. ત્યાં નિશ્ચય શાનો ?'

ઉ.- તો સમજવાની જરૂર છે કે જગતમાં એવા અઢળક દાખલા છે કે જેમાં બહારની ક્રિયા અને બહારના સંયોગોથી અંતરાત્મામાં વિવિધ શુભાશુભભાવો જન્મે છે, પોષાય છે અને વધે છે. એ સમજીને જ તમે લોકોને આકર્ષવા અનેક પ્રકારના બાહ્ય સંયોગોને ઊભા કરો છો, પોષો છો અને વિસ્તારો છો; તથા અનિષ્ટ સંયોગોને મચક પણ નથી આપતા, અને ઊભાય નથી કરતા. બાહ્ય સંયોગથી અંતરાત્મા પર અસર થવાનું દેખો છો અને સમજો છો; અને પ્રરૂપણા જુદી જ કરો છો. તેથી ખરી રીતે સાચો નિશ્ચય શું છે એ શ્વેતાંબર શાસ્ત્રી પાસે તમારે શીખવું પડશે. **કેમકે જે અમલી સ્યાદ્વાદ શ્વેતાંબરો પાસે છે, એના આધાર ઉપરજ નિશ્ચય-વ્યવહારના સુનયો યથાર્થ ઠરે છે; અને એને અનુરૂપ જ નિશ્ચયની સાધના કાલ્પનિક નહિ પણ વાસ્તવિક થાય છે; અશક્ય નહિ પણ સુશકય બને છે. આ શ્રી સુધર્માગણધરદેવના મેઘકુમારે પૂર્વે ભવે કરેલી દયાથી સંસાર મર્યાદિત કર્યાનું જે કથન, તેના પરના આક્ષેપનો રદીયો થયો.**

હવે પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજનું જે વચન લઈને સોનગઢવાળાએ આક્ષેપ કર્યો છે તેમાં પહેલાં તો ચોરી જુઓ.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

## • પૂ. ઉપાધ્યાયજી મહારાજ ઉપરના આક્ષેપનો રદીયો •

આત્મધર્મ માસિક અંક ૧૧૫ના પાના ઉપર પૂ. ઉપાધ્યાયજી મહારાજના શબ્દ મૂકતાં.

**"નિશ્ચયનય પહેલે કહે પીછે લે વ્યવહાર; ભાષાક્રમ જાને નહિ, જૈન માર્ગકો સાર તો તે સો મિથ્યામતિ,**

**જૈન ક્રિયા પરિહાર; વ્યવહારી સો સમકિતી, કહે ભાષ્ય વ્યવહાર."**

એમ લખ્યું. પરંતુ આમાં આ બે ગાથાની વચ્ચેની પૂ. ઉ. મહારાજની બીજી ગાથા ઉડાવી દીધી. તે આ રહી.

**"નહિ નિશ્ચયમેં શિષ્યગુરુ, ક્રિયા ક્રિયા ફળયોગ;**

**કર્તા નહિ ભોક્તા નહિ, વિફલ સબૈ સંયોગ."**

અહીં જુઓ કે પૂ. ઉપાધ્યાયજી મહારાજ દિગંબર મતનું સ્વરૂપ બતાવતાં કહે છે કે "દિગંબરો પહેલા નિશ્ચય પછી વ્યવહાર લે છે, પણ તે ઉપદેશનો ક્રમ અને જૈન પરિભાષાને જાણતા નથી; જૈન માર્ગના સારને પણ જાણતા નથી. એટલા માટે જૈન ક્રિયામાર્ગને ઉડાવનારા એ મિથ્યામતિવાળા છે. મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા તે છે કે જે વ્યવહાર માર્ગને અનુસરે છે. એ પ્રમાણે શ્રી વ્યવહારસૂત્ર ભાષ્ય ફરમાવે છે. અહીં દિગંબરને પ્રશ્ન એ છે કે પહેલાં નિશ્ચય જો આવી ગયો, તો પછી વ્યવહારની શી જરૂર છે ? તેમ, વ્યવહાર વિના પહેલ-પહેલો નિશ્ચય ક્યાંથી આવી શકવાનો હતો ? કેમકે શબ્દોચ્ચારનો વ્યવહાર થયા પછી નિશ્ચયથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે; અને નિશ્ચયમાર્ગ પ્રગટે છે. માટે તો કેવળજ્ઞાન પામ્યા પછી પણ પ્રભુ પ્રવચન-વ્યવહાર કરે છે, તે પછી નિશ્ચયથી શાસન સ્થાપના શ્રી ગણધર ભગવંતોના હૃદયમાં પ્રગટે છે.

હવે એકલા નિશ્ચય પર ભાર મૂકનારને પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે (૧) નિશ્ચયમાં કોણ ગુરુ ? અને કોણ શિષ્ય ? તેમ (૨) નિશ્ચયમાં ક્યાં ક્રિયા અને ક્યાં ફળ ? અર્થાત્ કાર્ય અંગેની દીર્ઘ ક્રિયા અને એના અંતે થતા ફળનો સંબંધ ઘટી શકે નહિ. તથા (૩) નિશ્ચયવાળાને કર્તા કોણ ને ભોક્તા કોણ ? કેમકે,

**(૧) નિશ્ચયમાં કોણ ગુરુ અને કોણ શિષ્ય ? :-** નિશ્ચયથી તો આત્મા પોતે જ પોતાનો ઉપદેશક છે અને ઉપદેશક એટલે ગુરુ. તો એ હિસાબે પોતે જ પોતાનો ગુરુ થયો, પછી બીજો કોઈ ગુરુજ ક્યાં રહ્યો ? જો કહો કે, 'ના, બીજો કોઈ ગુરુ છે જ નહિ.' તો ભગવાનને જગદ્ગુરુ કહો છો કે નહિ ? જો કહો કે



'ઉપચારથી, એટલે કે વાસ્તવિક નહિ.' તો એમણે શાસન શા માટે સ્થાપ્યું ? ઉપદેશ કેમ કર્યો ? આચાર્યોએ શાસ્ત્રો કેમ રચ્યા ? પોતે જો કોઈના ગુરુ બની શકવાના નથી, અર્થાત્ કોઈને ઉપદેશક બની શકનાર નથી, તો પછી ઉપદેશ દેવાની અને આગમ રચાવવા વગેરે શાસન સ્થાપવાની પ્રવૃત્તિ નાકામીયબ છે, બેકાર છે. એવું જ આચાર્યોની શાસ્ત્ર રચનાની પ્રવૃત્તિ પણ કોઈને બોધ-ઉપદેશ પમાડનારી ન હોઈ નકામી છે. જો કહો કે 'એ ઉપદેશ, શાસનસ્થાપના, કે શાસ્ત્રરચના તો એ મહર્ષિઓનો પોતાનો આત્મપર્યાય હોવાથી એના સ્વભાવે બનેલ છે,' તો ત્યાં પ્રશ્ન એ થાય કે પહેલાં તો એવો પર્યાયરૂપ પ્રયત્ન કરવાનું પ્રયોજન જ શું ? ત્યારે શું તમે એમ કહી શકશો કે પરનું પ્રયોજન છે જ નહિ ? અરે ! તમે પોતે નિશ્ચયના આવા જાણકાર જ્યારે પ્રવચન કરો છો, અથવા લેખ કે પુસ્તક લખો છો, ત્યારે પણ બીજાને બોધ થવાનું પ્રયોજન હૈયામાં રાખીને જ કરો છો. તેથી તો ઉપદેશમાં જે વસ્તુ બીજાને માટે દુર્બોધ લાગે એને તમે ફેરવી ફેરવીને વિસ્તારથી વર્ણવો છો. શી જરૂર, ભાઈ ! એમ અમુક વસ્તુને બહુ વિસ્તારવાની અને અમુકને ટૂંકમાં કહેવાની ? આ કાંઈ તમારો સંમૂર્ચ્છિમ પ્રયત્ન નથી; સભાન યત્ન છે. એમાં આ ભાન છે કે "યદ્યપિ હું તો પોતે બધું રીતસર સમજી ચૂકેલો છું; પણ આ શ્રોતાઓ આટલી આટલી અમુક બાબતોને ટૂંકમાં કહ્યાથી બરાબર નહિ સમજી શકે; માટે લાવ, એને વિસ્તારથી અને અનેક વિવિધ દાખલા-યુક્તિ સાથે કહેવા દે; જેથી એ સારી રીતે સમજી જાય."-આ **તમારો આંતરિક અભિપ્રાયજ** સૂચવે છે કે તમારા ભાષણ-લેખનના વ્યવહારથી શ્રોતાને ઉપદેશ થવાનો; એટલે કે એકાંતનિશ્ચયનો તો માત્ર તમે સિદ્ધાન્ત રાખો છો; પરંતુ અમલ **વ્યવહારનો** કરો છો. એકાંત નિશ્ચયમતે તો શ્રોતા એના પોતાના આત્માથી જ સમજશે; તો એને તમારે સમજાવવાની જરૂર શી ? એકાંત નિશ્ચયના મતે તો તમે તમારે **તમારા** પર્યાય શુદ્ધ કર્યે જાઓ; પણ **બીજાના** પર્યાય શુદ્ધ કરવાની શી જરૂર ? એ માટે ભાષણ-લેખનની શી આવશ્યકતા ?

બીજી વસ્તુ એ છે કે બીજાને ઉપદેશવાની વાત પણ પછી, પરંતુ તમને કેમ સમયસારાદિમાંથી બોધ મળ્યો ? તથા તમે પોતે હજીય પૂર્વ પુરુષોના શાસ્ત્રોનો કેમ ઉપયોગ કરતા રહ્યા છો ? શું તમને નથી લાગતું કે એ વ્યવહાર કરવા **પૂર્વે** તમે અજાણ હતા, ને લોક અજાણ હતું; અને એ તમારા વ્યવહારો કર્યા **પછી** તમે જાણકાર બની બીજાને જાણકાર બનાવ્યા ? એજ સૂચવે છે કે વ્યવહારનું કાર્ય-કરતા સમજવા અને આચરી બતાવવા છતાં કેવળ સન્માર્ગસ્થ શ્રી સુધર્માગણધર ભગવાન તથા પૂ. ઉ. યશોવિજયજી મહારાજ જેવાને તમે વ્યવહાર મૂઢ કહેવામાં



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અધમતા સેવી રહ્યા છો; માત્ર નિશ્ચયની ઉપયોગિતાની ડિંડિમ પીટવામાં તમે ઢોંગ કરી રહ્યા છો. અસ્તુ.

(૨) **નિશ્ચયમાં ક્યાં ક્રિયા અને ક્યાં ફળ ? :-** એકાંત નિશ્ચયમતે દીર્ઘ ક્રિયા અને અંતે નીપજતું ફળ,-એ બેનો મેળ નહિ ખાય; અર્થાત્ 'આ ક્રિયાનું આ ફળ' એવું નહિ બની શકે. કારણ એ છે કે સામાન્ય રીતે કોઈ પણ કાર્ય બનાવતાં જે એક ક્રિયા કરાય છે, તેમાં બીજી પેટા ક્રિયાઓ ઘણી હોય છે; અને નિશ્ચયમતે તે દરેક ક્રિયાનું ફળ બનેલ એક મહાક્રિયાનું એક મહાફળ હોય છે. દા.ત. માટી લાવવાથી માંડીને પાકમાં પકવવા સુધીની કુંભારની સળંગ ક્રિયાનું ફળ ઘડો છે; તે વ્યવહારમતે પણ નિશ્ચયમતે એમાં અગણિત ક્રિયાઓ છે. એટલે ક્ષણ ક્ષણની ક્રિયા જુદી; તેનું ફળ જુદું; માટીને પાણીથી ગુંદવાની ક્રિયાનું ફળ કણક. ચાકે ચડાવવાનું ફળ પિંડો. ચાક ચાલ્યાથી ફળ સ્થાસ. આમ દરેક ક્રિયાનું ફળ જુદું જુદું હોવાથી, અંતિમ મહાફળ જે ઘડો, એ ફળ માત્ર છેક છેલ્લી ક્ષણિક ક્રિયાનું ફળ ગણાશે; પરંતુ તે પૂર્વની કોઈ ક્રિયાનું ફળ ઘડો નહિ કહેવાય. એટલે એક માટી લાવવાની ક્રિયા પણ જે અનેક ક્ષણિક ક્રિયાના સમૂહરૂપ બનશે, એમાંની છેલ્લી ક્રિયાના ફળ તરીકે કુંભારના આંગણા સાથે થતો માટીનો જે **સંયોગ,** તે ગણાશે; પણ ઘડો નહિ. માટે **નિશ્ચયમતે** 'માટી કેમ લાવ્યા ?' એ પ્રશ્નનો ઉત્તર 'ઘડો બનાવવા' એમ નહિ કહેવાય; કિન્તુ 'સંયોગ કરવા' એમ કહેવું પડશે. **વ્યવહારમતે** તો પેટા ક્રિયાઓના સમૂહરૂપ એક સળંગ મહાક્રિયા મનાય છે, તેથી દરેક પેટા ક્રિયાનું પણ ફળ ઘડો કહી શકાશે.

એવી રીતે માણસ મુંબઈના પોતાના ઘરમાંથી દિલ્હી જવા બહાર નીકળ્યો. વ્યવહારવાળો તો કહી શકે કે આ એની ગમનક્રિયાનું ફળ દિલ્હી પહોંચવાનું છે; પરંતુ નિશ્ચયવાળાને તો માત્ર દિલ્હી સ્ટેશન પર ગાડીમાં થઈ બહાર નીકળ્યા પછી પગ નીચે અડાડવાની ક્રિયાનું જ ફળ દિલ્હી પહોંચવાનું કહેવું પડશે. એથી ઘરેથી નીકળવાની, વાહનમાં બેસવાની, વગેરે ક્રિયાઓ દિલ્હી પહોંચવા માટે નકામી ગણાશે. તેથી નિશ્ચયવાદી ઘરની બહાર નીકળવાનો, ગાડીમાં બેસવાનો, તેમજ ગાડીમાં એક પછી એક સ્ટેશનો પસાર કરવાનો ઉદ્દેશ દિલ્હી જવાનો નહિ રાખી શકાય. પણ શું નિશ્ચયવાદી ખરેખર આમ કરે છે ? શું એ ઉદ્દેશ મનમાં નથી સેવતો હતો ? ત્યારે જો એ પોતાનો બચાવ કરે કે એટલું મારું અજ્ઞાન છે, તો એ બચાવ કેમ માની શકાય ? કારણ એ છે કે પોતે નિશ્ચયમતની તો અડગ શ્રદ્ધા ધરાવે છે, એનો ઝંડો લઈને ફરે છે. એના હિસાબે તો પહેલી ક્રિયાનું ફળ છેક છેવટનું હોઈ શકે નહિ; એટલે ઘેરથી નીકળવાનો ઉદ્દેશ દિલ્હી જવાનો રાખી શકેજ



નહિ, અને રાખે તો નિશ્ચયને પરમાર્થ માનવાનો નર્યો દંભ કહેવાય.

**ગુણઠાણામાં વ્યવહાર :-** એવું વ્યવહારમતે ચારિત્રની છઠ્ઠા ગુણઠાણાની, કે સમ્યક્ત્વની ચોથા ગુણાઠાણાની ક્રિયાથી માંડી તુર્ત મોક્ષ કરાવનારી ચૌદમા ગુણઠાણાના અંત્ય સમયની ક્રિયા સુધી એક સળંગ ક્રિયા છે, તેથી એનું ફળ મોક્ષ, એટલે સમ્યક્ત્વ ક્રિયાનું ફળ મોક્ષ, ચારિત્ર ક્રિયાનું ફળ મોક્ષ, અપ્રમાદક્રિયાનું ફળ મોક્ષ, એમ વ્યવહારવાળો તો કહી શકશે. પણ નિશ્ચયવાળો એમ નહિ કહી શકે. કેમકે એને તો સમ્યક્ત્વથી ચૌદમાનાં અંત સુધી કોઈ એક દીર્ઘ સળંગ ક્રિયા જ નથી; એને તો વચમાં અનેક જુદી, અપ્રમાદની ક્રિયા જુદી. યાવત્ ચૌદમે ગુણઠાણે યથાખ્યાત ચારિત્ર સહિત શૈલેશીદશાની છેલ્લા સમયની ક્રિયા જુદી. એ દરેક ક્રિયાના ફળ જુદા એમાં શૈલેશીના ચરમ સમય સિવાયની કોઈ પૂર્વની ક્રિયાનું ફળ મોક્ષ છે જ નહિ. તેથી પૂર્વની સમ્યક્ત્વાદિ કોઈ પણ ક્રિયા મોક્ષ માટે નહિ કહી શકાય. માત્ર ચૌદમા ગુણઠાણાના અંત્ય સમયના કેવળજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનું જ ફળ મોક્ષ માનવાનું રહેશે. એથી ખૂબી એ થશે કે તો પછી આ એકાંત નિશ્ચયના ધતિંગવાળાએ ઉપદેશ એમ કરવો જોઈશે કે "મોક્ષ માટે એ અંત્ય સમયવાળા ક્ષાયિકજ્ઞાન-દર્શન-ચારિત્રનેજ આદરો; એજ મોક્ષ આપનારા છે. બાકી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, નિશ્ચયધર્મપ્રરૂપક શાસ્ત્રજ્ઞાન, ક્ષાયોપશમિક ચારિત્ર અર્થાત્ સરાગ સમકિત, સરાગ ચારિત્ર વગેરે મોક્ષના કારણ નથી. માટે એને ન આદરો. મોક્ષ માટે એ અહેતુભૂત છે, એટલે કે નકામા છે, તેથી એને છોડી દો." આવો કોઈ ઉપદેશ કરવો જોઈએ; આવું તત્ત્વ બતાવવું જોઈએ. પરંતુ એમ કેમ ઉપદેશી શકાય કે **"મોક્ષ ચાહતા હો તો** ક્ષાયોપશમિક પણ સમકિત કે ચારિત્ર પામો. આત્માને ઓળખો; ભેદજ્ઞાન કરો; આત્મપર્યાય સુધારવા પુરુષાર્થી બનો. દ્રવ્યદૃષ્ટિ કેળવો, એક દ્રવ્યમાં કે એની ક્રિયામાં બીજું દ્રવ્ય નિમિત્ત ન માનતા. દરેક દ્રવ્યનું સ્વાતંત્ર્ય માનો ?" આવો ઉપદેશ તો, આ બધાનું ફળ મોક્ષ હોય તોજ, કરી શકાય. તેમ ચોથા પાંચમા છઠ્ઠા વગેરે ગુણસ્થાનકના ફળરૂપે કદી મોક્ષ કહી શકાય નહિ એટલે ? 'મિથ્યાત્વથી મોક્ષ નહિ, સમ્યક્ત્વથીજ મોક્ષ; અચારિત્રથી મોક્ષ નહિજ, ચારિત્રથી જ મોક્ષ'- આવું નિશ્ચય વાદીથી ભાખી શકાય નહિ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે નિશ્ચયમતીને આ આપત્તિ આપી છે; એનો પ્રામાણિકપણે ઉદ્ધાર કરી પોતાના મતને બરાબર સ્થાપિત કરી બતાવવાને બદલે શ્રી કાનજી અતિ આવશ્યક એવા વ્યવહારને ઉપદેશતા એ મહાપુરુષ ઉપર વ્યવહારમૂઢતાનો આક્ષેપ કરવાનું જ કરે છે તે ખરે જ ! સ્વમતની પોકળતા સૂચવે છે. બાકી તો જગતની કેટલીય ક્રિયાઓમાં છે કે જ્યાં લોકપ્રસિદ્ધ 'આ ક્રિયાનું આ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ફળ' 'અમુક ક્રિયાનું અમુક ફળ' 'અમુકથી અમુક બને' એમ વ્યવહાર ચાલે છે, અમલ ચાલે છે, તેમજ નિશ્ચયવાદી પોતે પણ એ મુજબ જ આચરણ કરે છે. પરંતુ, નિશ્ચયસિદ્ધાન્તના અનુસારે તો એમની એ પ્રવૃત્તિ દંભી અને પોકળ ઠરે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૧૧,તા.૧૩-૧૧-૧૯૫૪

## (૨૭) નિશ્ચય અને વ્યવહાર

**૩. નિશ્ચયમતે કોણ કર્તા, કોણ ભોકતા ? :-** એકાંત નિશ્ચયનયવાળાને કોઈ પણ ક્રિયાના કર્તા અને ફળભોકતાની સંગત વ્યવસ્થા નહિ રહી શકે. એનાં ત્રણ કારણ છે :-

(૧) એક તો નિશ્ચયવાદીને ક્ષણે ક્ષણે આત્મા જુદો માનવાનો રહે છે.

(૨) બીજું, નિશ્ચયમતે પરની ક્રિયાનો કર્તા-ભોકતા કોઈ બનતુ નથી.

(૩) ત્રીજું, પરમશુદ્ધ નિશ્ચયનયથી આત્મા સદા સ્વસ્વરૂપસ્થ છે.

આને વધુ સ્પષ્ટ કરીએ (૧) જગતમાં પદાર્થો પ્રત્યેક સમયે પરાવર્તનશીલ છે. આત્મા જગતના એ સર્વ ભાવોનો યથાર્થ જ્ઞાતા દૃષ્ટા છે; અર્થાત્ એને અનુરૂપ જ્ઞાનપ્રકાશ આત્મામાં થાય છે. દરેક સમયે તે પદાર્થોના પરાવર્તવાના હિસાબે, દરેક સમયે પ્રકાશ ફરતો રહે છે અને તોજ જ્ઞાનનો પ્રકાશ સાચો ગણાય; નહિતર તો જો પદાર્થનું જ્ઞાન પૂર્વના પદાર્થો મુજબનું જ એનું એ રહે પણ ફરે નહિ, અને પદાર્થો ફરી ગયા હોય તો જ્ઞાન ખોટું ઠરે. હવે જ્ઞાન ગુણ આત્માથી કાંઈ જુદી વ્યક્તિ નથી, આત્મસ્વરૂપ જ છે; તેથી જ્ઞાન પ્રતિસમય ફરે છે. એટલે કે આત્મા ફરે છે આમ સમયસમયનો આત્મા જુદો થયો. ત્યાં આ સમયનો આત્મા કોઈ ક્રિયાનો કર્તા હશે, તે પછીના સમયે તો રહેશે નહિ; અને ક્રિયાનું ફળ ક્રિયાના સમય પછી આવશે. તેનો ભોકતા આત્મા તે સમયનો જુદો આત્મા બનશે. એટલે કર્તા આત્મા જુદો થયો, અને ભોકતા આત્મા જુદો બન્યો. 'જે કર્તા, તેજ ભોકતા,'- એવું ન રહ્યું, અર્થાત્ નિશ્ચયમતે પાપ કર્યું કોઈએ, અને એનું ફળ ભોગવ્યું બીજાએ; એવી અવ્યવસ્થા ઊભી થશે. એનો અર્થ એ હિંસા કરનારને હિંસાના કટુ ફળ ભોગવવાની ચિંતા નહિ, તેમ વર્તમાનમાં કટુફળ દુઃખ ભોગવનારો બિચારો વગર હિંસાએ નકામો ઝડપાઈ પડ્યો. એટલે કે સદોષ છૂટ્યો, અને નિર્દોષને દંડ,- એવો 'પૂરી એક અંધેરી ને ગંડુ રાજાનો' અન્યાયી વહીવટ રહેવાનો.



(૨) જ્યારે નિશ્ચયમતે પરકીય કાર્યમાં વસ્તુ નિમિત્ત બનતી જ નથી; એ હિસાબે તો કોઈનું ખૂન થયું ત્યાં ખૂનનો કર્તા બીજો માણસ નહિ કહી શકાય. તેમ ખૂન થયા છતાં જો પોતાનામાં શક્તિ હોય અને પોતે ખૂન કરનાર પર સજ્જડ ઘા કરે તો પણ ખૂનનો બદલો લઈ ખૂન કરનારો નહિ ગણાય, કે સરકારથી ખૂનના બદલા તરીકે ફાંસી ખૂનીને અપાઈ નહિ ગણાય. આમ નિશ્ચયમતે ખૂનનો કર્તા કોણ ? ખૂનનો ભોકતા કોણ ? અર્થાત્ જગતમાં જે વ્યવસ્થિતપણે વ્યવહાર અને તેથી જ ન્યાયી વ્યવસ્થા ચાલી રહી છે, એ બધું નિશ્ચયમતે નકામું, ખોટું, અને ગેરકાયદેસર ઠરશે !! ખૂની એ બીજાના ખૂનનો કર્તા નહિ ! સરકારે ફાંસી દીધી છતાં સરકારની ફાંસીની સજાનો એ ખૂની ભોકતા નહિ ! એકાંત નિશ્ચયમાં આ દોષો છે.

(૩) ત્યારે ત્રીજી વસ્તુ એ ઊભી થાય છે કે અસ્તુ, જીવ બીજામાં થતા કાર્યનો કર્તા કે ભોકતા ન બનો, પણ પોતાના થતા કાર્યનો કર્તા તો બને ને ? અર્થાત્ ખૂન કરવાનો જે પરિણામ, જે વિચાર, તેનો તો પોતે કર્તા બને ને ? તેમજ એના ફળ રૂપ અશાતાનો તો ભોકતા બની શકે ને ? ત્યારે, જેનું ખૂન થયું તેને શું છે ? એણે પોતે પૂર્વમાં અશુભ અધ્યવસાય સેવેલો, તેનો ત્યાં કર્તા બન્યો હતો, અને અહીં એના ફળરૂપ અશાતાનો એ ભોકતા બને છે. આમ સંગતિ કરી શકાય કે નહિ ? એનો ઉત્તર એ છે કે નિશ્ચયવાદીને ક્ષણે ક્ષણના જુદા આત્માના હિસાબે સ્વમાં પણ કર્તાભોકતાની એકતા નહિ રહે. બીજું એ કે નિશ્ચયવાદી તો આત્માને સદા શુદ્ધ માને છે પછી એનામાં અહીં હિંસાના અધ્યવસાય શા ? અને અશાતાના બંધન શા ? કેમકે સદાશુદ્ધ એટલે તો વીતરાગ સર્વજ્ઞ-અવ્યાબાધ-સુખવેદી. એ હિંસક શાનો ? કર્મ-ફલનો ભોકતા શાનો ? એ તો અકર્તા-અભોકતા છે. માટે કહ્યું કે નિશ્ચયમતને કર્તા ભોકતાપણું નહિ ઘટી શકે. શ્રી યશોવિજયજી મહારાજે નિશ્ચય માનનારાને આપેલા આ દોષ, કે 'કોણ ગુરુ કોણ શિષ્ય ? કોણ કર્તા કોણ ભોકતા ?' સર્વ સંયોગો નિશ્ચયમતે નિષ્ફળ છે, અર્થાત્ નિરર્થક છે, અઘટતા છે,-એ દોષોની વાત ઉડાવવા આ છેવટની ગાથાને જ કાનજીએ ઉડાવી દીધી, અને જે વ્યવહારનયથી ઉપર કહેલા દોષોનું નિવારણ થઈ વસ્તુસ્થિતિનું રીતસર સ્થાપન થઈ શકે છે, સંગતિ થઈ શકે છે, એ વ્યવહારની નિંદા કરી; પૂ. ગણધર ભગવાન જેવાને વ્યવહારમૂઢ કહ્યા ! આ ખરી ગાથા છૂપાવવાની કેવી માયા, કેવી લુચ્ચાઈ ? શાહુકારી તો ત્યારે કહેવાય કે એકાંત નિશ્ચયનો વિરોધ કરનારા શ્વેતાંબરમતે આપેલા દોષોનો પ્રામાણિક અને યુક્તિયુક્ત રીતે પરિહાર



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

કરાય, એની સામે રદીયા અપાય ને વસ્તુસ્થિતિની ઠીક વ્યવસ્થા કરાય. અહીં વિફલ સંયોગ જે કહ્યું તેમાં ગુરુ શિષ્યના સંબંધની જેમ બીજા પણ સંબંધો નહિ ઘટી શકે, એ સૂચવ્યું છે. દા.ત. નિશ્ચયમતે જો પરભાવનો કોઈ કર્તા જ નહિ, તો **કોણ વાદી કોણ પ્રતિવાદી ? કોણ રાજા-પ્રજા, કોણ પિતા-પુત્ર, વક્તા-શ્રોતા, પતિ** (ભોક્તા) પત્ની (ભોગ્ય), શેઠ-નોકર, આશ્રયદાતા-આશ્રિત ? આ, સંયોગો નિશ્ચયમતે નહિ ઘટે. ત્યારે અહીં પ્રશ્ન થવો સંભવિત છે કે,

**પ્ર.**- ત્યારે શું જૈન શાસનમાં નિશ્ચયનયને પ્રામાણિક નથી માન્યો ? જો પ્રામાણિક ન હોય તો પછી એકલો વ્યવહારનય પ્રામાણિક રહેવાથી એકાંતવાદ થઈ જશે ! અને જો પ્રામણિક માન્યો હોય તો નિશ્ચયનયની ઉકત માન્યતાઓ શું ખોટી છે ? સાચી હોય તો નિશ્ચયવાદીને આપેલા દોષો ખુદ જૈનદર્શન પર જ દોષ થયા ને ?

**ઉ.**- પ્રશ્ન ઠીક છે. પણ અહીં સમાધાન સરળ છે. જૈનદર્શને નિશ્ચય અને વ્યવહાર બંને નયને પ્રામાણિક માન્યા છે. બંનેને બળવાન માન્યા છે. તેથી એકાંતવાદનો દોષ નથી આવવાનો. હવે એ દોષ ઊભો છે કે 'તો પછી નિશ્ચય જો પ્રામાણિક છે, તો એની માન્યતાઓ વ્યાજબી ઠરશે; તેથી ઉપરોકત દોષો કેમ નહિ આવે ? આમ પ્રશ્ન થવો સહજ છે. પરંતુ એનો ઉત્તર એ છે કે એટલાજ માટે બીજો વ્યવહારનય પણ તેટલો જ પ્રામાણિક માન્યો છે. નિશ્ચય અને વ્યવહાર એ રથના એવા બે પૈડાં છે કે દરેક પોતાનું કાર્ય કરે અને બીજામાં ઊભી થતી ખામીનું નિવારણ કરે. એવો નિશ્ચય પોતે મૂળ વસ્તુસ્થિતિનું સમર્થન કરે છે; અને વ્યવહાર પક્ષે આવતા દોષો નિવારે છે. એમ વ્યવહાર પોતે નિશ્ચયની ખામી પૂરે અને પોતાનું પણ કાર્ય બજાવે છે. આ હિસાબે 'કોણ ગુરુ કોણ શિષ્ય' વગેરે નિશ્ચયના ઘરમાં ઊભા થતા દોષનું નિવારણ વ્યવહાર નય કરી આપે છે. એમ એકલા વ્યવહારમાં આપત્તિ એ છે કે એકલા ક્રિયાકાંડ તથા ગુરુ-શિષ્યાદિ વ્યવહાર તો ઘણા આચર્યા, છતાં કલ્યાણ કેમ ન થયું ? આ આપત્તિનું સમાધાન નિશ્ચયનય આ આપત્તિને નિવારી આપે છે. આમ બે નયો એક-બીજાના પૂરક બનીને કાર્ય કરે છે.

**બુદ્ધિ-મહેનત, ભીમ-કાન્ત, ઉદાર-કરકસરી વગેરે દ્વન્દ્વોની જેમ નિ૰ વ્ય૰ :-** વ્યવહારમાં જેમ બે ભાઈઓમાં એક બુદ્ધિમાન અને બીજો ખૂબ મહેનત કરી શકનારો, એક ભીમ ગુણવાળો અને બીજો કાન્તગુણવાળો, એક ઉદાર, બીજો વિવેકી, એમ બે જો કાર્ય કરતા હોય તો એ કાર્ય સુંદર નીપજે છે. કેમકે એકે બુદ્ધિ શ્રેષ્ઠ ખર્ચી યોજના ઊભી કરી. પણ એને અમલમાં મૂકવાની દોડધામ કરનાર



જોઈશે. તેવી રીતે માનો કે દોડધામ કરનારો છે; પણ યોજના, રીત, પદ્ધતિનીજ ખબર નથી, તો શું કરી શકશે ? એવી રીતે અવસરોચિત ભીમ ગુણ એવો કે કડપનો ગુણ ધરાવનારો કુટુંબ પરિવારને કાબુમાં રાખશે. પણ સાથે કાન્ત ગુણવાળો વાત્સલ્ય દર્શાવી એવો સુખારાધ્ય બનશે કે બધું સંગઠિત ચાલશે. અહીં એકલી ખૂબ મમતા વત્સલતા ખોટી. એથી તો સામા માથે ભાગે. એના પર કડક બીક જોઈએ. તેમ એકલી બીક કે કડપથી નિરુત્સાહ અને અકાર્યકર બની જાય; તેથી મૃદુ સ્વભાવ પણ જોઈએ. એમ એક ભાઈ ઉદાર હશે તો સારો પરમાર્થ કરી નામ કાઢશે; પણ સાથે બીજો વિવેકી કરકસરવાળો હશે તો ઉદારતાનો પ્રવાહ અયોગ્ય માર્ગે નહિ જવા દે. તેમ યોગ્ય માર્ગે જરૂર કરતાં વધારે પડતો નહિ જવા દે. ત્યારે શું એમ ન બને કે આ ગુણો એક જ વ્યક્તિમાં હોય ? આનો ઉત્તર એ છે કે બની શકે. પરંતુ નિશ્ચય વ્યવહારની રીતભાત સમજાવવા માટે બે જુદી વ્યક્તિના ગુણ લીધા. નિ૰ વ્ય૰ માં તો બંનેમાંથી એકેક નય બંને કાર્ય નથી કરી શકતો. નિશ્ચય નિશ્ચયનું કાર્ય કરે છે, વ્યવહાર વ્યવહારનું કાર્ય કરે છે. એટલા જ માટે મોક્ષનું મહાન અને અંતિમ કાર્ય જેને સાધવું હોય એને બંને નયની સહાય જોઈએ. બંને નયનું આલંબન જોઈએ.

**નિશ્ચય-વ્યવહારમાં કોની અગત્ય ? :- પાછી એમાં ખૂબી એ છે કે કેવા ક્રમથી અને કેવી રીતે એ બે નયના ઉપદેશનો ઉપયોગ કરવો જોઈએ તે પણ આવડવું જોઈએ, નહિતર સંસારરોગ કાઢનારા આ બે નયરૂપ ઔષધને જ ઝેરરૂપ બનાવી દે,** દા.ત. પૂર્વે કહેલ ભીમ-કાન્ત ગુણનો ઉપયોગ, ઉદારતા-વિવેકનો ઉપયોગ, બુદ્ધિ-મહેનતનો ઉપયોગ પદ્ધતિસર જોઈએ. તો કાર્ય સીઝે લાભ થાય. નહિતર તો જ્યાં પહેલા કડકાઈની જરૂર હોય ત્યાં પ્રેમ બતાવે, તો કાર્ય ઊલટું બની જાય અને નુકસાન ઊભું થાય, જેમકે સમજુ થએલા બાળકને પ્રેમ એટલે કે એકલા લાડકોડ દેખાડ્યા તો એ ઉદ્ધત બની જશે. એમ તદ્દન નાના બાળક પર કડકાઈ દેખાડાય, તો એ બીકણ કે કઠોર સ્વભાવવાળું બની જશે. એટલે વધુ પડતા પ્રેમાળ અને છૂટ લેનારા આશ્રિત પર કડકાઈની વધારે અગત્ય રહે છે; તેમ વધુ પડતા ભયથી આજ્ઞાંકિત અને ડરપોક બનનાર ઉપર પ્રેમ દર્શાવવાની વધારે અગત્ય રહે છે. એમાં જો ઉલટાપણું સેવાય તો લાભના બદલે નુકસાન ઊભું થાય છે. એવું જ નિશ્ચય વ્યવહારનયોમાં સમજવાનું છે. એકલા નિશ્ચયનું પૂછડું પકડનારને વ્યવહારની વધુ અગત્ય બતાવવી રહે છે. તેમ એકલા વ્યવહારીયા બની ગયેલાને નિશ્ચયની અગત્ય દેખાડવાની આવશ્યકતા રહે છે. આના બદલે જો ઊંધુ કરાય તો ઉંટ વૈદું થાય, અને એમાં સામાના પ્રાણ જાય. જેમકે એકલા વ્યવહારીયાને



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

વ્યવહારની જ અગત્ય બતાવાય, તો નિશ્ચયનું લક્ષ જ નહિ કરે. તેથી ઘાંચીનો બેલ ત્યાંનો ત્યાં જ રહેવાનો. એવી રીતે જે એકલા નિશ્ચય નિશ્ચયનું રટણ કરતો હોય, એવો વ્યવહાર કોઈ ન આદરતો હોય, એને જો વળી નિશ્ચયની અગત્ય બતાવાય એટલે તો એ પોતાની વસ્તુને વ્યાજબી માની શુભ ધર્મવ્યવહાર કદી નહિ આદરવાનો; અને સાંસારિક પાપ-વ્યવહાર છોડવાનો નહિ. તેથી મરીને બિચારો જેમ પાપ વ્યવહારથી આજ સુધી ભવભ્રમણ કરતો આવ્યો છે, તેમ હવે પણ પાપ વ્યવહારથી ભવભ્રમણ કરવાનો.

**પ્ર.**- પહેલાં પાપવ્યવહાર તો હતો પણ નિશ્ચયની સાધના નહોતી; હવે તો એ છે, તો પછી કેમ ભવભ્રમણ ?

ઉ.- હવે પણ નિશ્ચયની સાધના કોણે સાબીત કરી ? "બસ, આપણે તો શુદ્ધ આત્મસ્વરૂપમાં રમતા રહેવું. એજ ચિંતવવું." ગતિ આદિ પરભવને આત્માના ઘરના માનવાજ નહિ. પર દ્રવ્યની અસર આત્મા પર માનવી જ નહિ. આ શું નિશ્ચયની સાધના છે ? શું આવા ઢોંગ પૂર્વે નહિ કર્યા હોય ? તો આજે એ ઢોંગ નથી પણ સાચી સાધના છે, એનું પ્રતીક શું ? શું પાપવ્યવહાર કરતાં કરતાંય આત્માને વીતરાગી ભાવમાં રાખી શકો છો ? અને એને નિશ્ચય સાધના કહો છો ? વીતરાગી ભાવવાળાની દશા સમજો છો ખરા ? એટલે વસ્તુસ્થિતિ એ બને છે કે નિશ્ચય સાધના તો હાથમાં છે નહિ અને પાપ વ્યવહાર પૂર્વવત્ ચાલુ હોવાથી પાપસ્થાનોની પરિણતિ ચિત્તમાં રમ્યા કરતી હોય છે, તેથી ભવભ્રમણ સિવાય બીજું શું ફળ આપે ?

**ક્રમમાં વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી કેમ ? :-** નિશ્ચય-વ્યવહારની સાધનામાં ક્યાં કોને અગત્ય આપવી, એ જેમ જોવું જરૂરી છે. તેમ કઈ કક્ષામાં એ બે પૈકી કઈ સાધના પહેલી કારગત થશે એ પણ લક્ષમાં લેવું આવશ્યક છે. જેમકે, નવા માણસને પહેલાં તત્ત્વ સાંભળવારૂપી વ્યવહારમાં જોડવો પડે છે. એ પણ એક, બે, ત્રણ દિવસ સાંભળવાનું કહેવું પડે છે. આ શું છે ? પહેલાં વ્યવહારની સાધના, અને પછી નિશ્ચયની પ્રાપ્તિ. હવે ધારો કે આ નવા આગન્તુકને પહેલેથી જ એમ કહેવામાં આવે કે 'શું સાંભળવા આવ્યો છે ? એવા સાંભળવાના વ્યવહાર તો પૂર્વે અનંતીવાર વ્યવહાર સાધ્યા, પણ કાંઈ વળ્યું નહિ. માટે મૂકી દે સાંભળવાનો વ્યવહાર. નિશ્ચયને સાધ;' તો શું પરિણામ આવે ? નિશ્ચયને જે સમજતો જ નથી, નિશ્ચયનયથી પદાર્થોનું સ્વરૂપ અને વ્યવસ્થા જે જાણતો જ નથી અને નિશ્ચયની શી સાધના કરશે ? ત્યારે એ પૂછશે કે 'નિશ્ચય શું છે ?' અર્થાત્ નિશ્ચયને જાણવા માટે પણ એને સાંભળવાનો વ્યવહાર પહેલાં કરવો પડશે. આમ



વ્યવહારની સાધના પહેલી અને નિશ્ચયની પછી, એ ક્રમ બને છે.

**વ્યવહારુ દાખલા :-** તેથી જ સમર્થ શાસ્ત્રકાર તાર્કિક શિરોમણિ પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે **"નિશ્ચયનય પહેલે કહે, પીછે લે વ્યવહાર; ભાષાક્રમ જાને નહિ જૈનમાર્ગકો સાર."**- નિશ્ચયની સાધના જે પહેલી કહે, અને વ્યવહારની પછીથી કહે, એને ભાષણનો-ઉપદેશનો ક્રમ જ નથી આવડતો; એને જૈનપરિભાષાની અને જિને કહેલા મોક્ષમાર્ગના રહસ્યની જ ખબર નથી." આમાં એઓશ્રી શું ખોટું કહે છે ? આને સમજ્યા વિનાજ એઓશ્રી પર વ્યવહારમૂઢ તરીકેનો આક્ષેપ કરવો એ કેટલું દ્વેષ અને અજ્ઞાનતાભર્યું છે ? પહેલાં વ્યવહાર સાધના, પછી નિશ્ચયની પ્રાપ્તિ;- એના તો અનેક દાખલા છે. ચૂલો સળગાવવાના વ્યવહાર પછી રસોઈ શકય બને છે. રસોઈના વ્યવહાર પછી ભોજન તૈયાર થાય છે. એમ ધાર્મિક ક્ષેત્રમાં તત્ત્વ સાંભળવાના વ્યવહાર પછી તત્ત્વબોધ થાય છે. જાણેલા તત્ત્વને ખૂબ જચાવવાના વ્યવહાર પછી તત્ત્વશ્રદ્ધા-સમકિત થાય છે. એવો ક્ષાયોપશમિક સમકિતના બહુ અભ્યાસ પછી ક્ષાયિક સમકિત પ્રગટ થાય છે. એવી જ રીતે સંસારત્યાગનો વ્યવહાર અને ચારિત્રાચારપાલનનો વ્યવહાર કર્યા પછી યથાખ્યાત ચારિત્ર અને વીતરાગદશાનો નિશ્ચય પ્રાપ્ત થાય છે; પણ કાંઈ પહેલેથી વીતરાગી યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થતું નથી. એથી પણ આગળ ઠેઠ મોક્ષ સુધી જુઓ તો એજ દેખાશે કે વ્યવહાર પહેલો, અને નિશ્ચય પછી. શુકલધ્યાનનો વ્યવહાર આદર્યા પછી ઘાતીકર્મના ક્ષયે કેવળજ્ઞાનીપણાનો નિશ્ચય પ્રાપ્ત થાય છે. યોગો રૂંધવાના અને શૈલેશીકરણના વ્યવહાર પછી નિશ્ચયમતની અયોગી અવસ્થા પ્રાપ્ત થાય છે. ત્યાં પણ આત્મા પરના બાકીના કર્મના નાશનો વ્યવહાર સાધ્યા પછી નિશ્ચય મોક્ષસ્વરૂપ મળે છે. વ્યવહારની સાધના વિના નિશ્ચયની પ્રાપ્તિ ક્યાં શકય છે ? અહીં પૂછો કે,

**પ્ર.**- જો વ્યવહાર સાધ્યાથી નિશ્ચય પ્રાપ્ત થતો હોય તો આ જીવે આજસુધી વ્યવહાર તો અનંતીવાર સાધ્યા; તો પછી નિશ્ચય કેમ ન મળ્યો ?

ઉ.- કારણ એ છે કે એ વ્યવહાર નિશ્ચયના લક્ષ્યવાળો વ્યવહાર નહોતો. 'વ્યવહાર પહેલો'-કહીને અમે એમ નથી કહેતા કે તેવા વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થાય; પરંતુ એ કહીએ છીએ કે નિશ્ચયના લક્ષ્યવાળો વ્યવહાર નિશ્ચય તરફ લઈ જાય. છતાં આનો અર્થ એટલો જ કે નિશ્ચયનું લક્ષ્ય (ધ્યેય) જોઈએ, નહિ કે નિશ્ચયની પહેલેથી જ સાધના જોઈએ. **કાનજીમતમાં આ ગોટાળો છે કે નિશ્ચયની સાધના અને નિશ્ચયનું લક્ષ્ય-આ બેને એકમેક કરી દેવામાં આવે છે;** અને નિશ્ચયની સાધનાને જ કર્તવ્ય માનવામાં આવે છે. તેથી જ એ એમ સમજે છે કે 'પૂર્વે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

નિશ્ચયની સાધના નહોતી, પણ વ્યવહારસાધના હતી. તેથી ક્યાંથી કલ્યાણ થાય ?' ખરી રીતે 'પૂર્વે નિશ્ચયનું લક્ષ્ય નહોતું, તેથી કલ્યાણ ન થયું. બાકી કલ્યાણ તો તેવા લક્ષ્ય સાથે કરેલી વ્યવહારની સાધનાથી નિશ્ચયની સાધનામાં પહોંચાય ત્યારે નિશ્ચયનયના ગુણ અને ઉન્નતિ પામીને થશે,'- આ વસ્તુસ્થિતિ સમજી રાખવી જોઈએ. નિશ્ચયમાર્ગની ધૂનમાં વ્યવહારમાર્ગ એટલે ક્રિયામાર્ગને મોક્ષોપયોગી ન માને એણે જૈન તત્ત્વને ક્યાં પૂર્ણતયા માન્યું ? એ નહિ તો સમકિત ક્યાંથી રહે તેથી જ વ્યવહારસૂત્રના ભાષ્યમાં વ્યવહારલોપક અર્થાત્ ક્રિયામાર્ગના લોપકને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે તે ઠીક જ છે. અહીં એ બચાવ કરશે કે,

**પ્ર.**- અમે શુદ્ધ વ્યવહારને તો ઉપયોગી માનીએ છીએ. વ્યવહારભાસને કારણભૂત નથી માનતા. પછી અમે વ્યવહારને ક્યાં લોપ્યો ?

ઉ.- પણ આ બચાવ ખોટો છે, કેમકે

(૧) તો પછી નિશ્ચય સદ્ભૂત (પારમાર્થિક) અને વ્યવહાર અસદ્ભૂત (ઔપચારિક) એમ કેમ કહો છો ?

(૨) બીજું, એ તમારો શુદ્ધ વ્યવહાર નિશ્ચયની પહેલા સાધવાનો કે પછી ? **'પછી'** કહો તો વ્યવહાર નકામો ઠરશે. કેમકે નિશ્ચયમાર્ગ પ્રાપ્ત થયા પછી વ્યવહારની શી જરૂર છે ? અને **'પહેલો'** કહો તો તો **'વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી'**- એજ પાછું આવીને ઊભું રહ્યું ?

(૩) ત્રીજી વાત, એ તમારો શુદ્ધ વ્યવહાર એટલે કે અંતરાત્માની અંદર ચાલતો વ્યવહાર શું બાહ્ય વ્યવહાર વિના શક્ય છે ? શું નિશ્ચય ચારિત્ર પમાડનારી આંતરિક રાગ-દ્વેષાદિનાશક શુભ ભાવનાઓનો વ્યવહાર કેળવવા નિર્ગ્રન્થ-વ્યવહારની જરૂર નથી પડતી ? એ બાહ્ય વ્યવહાર શું આંતરિક શુભ વ્યવહારની પ્રેરક નથી બનતી ?

**બાહ્ય વ્યવહારના અભ્યાસથી આંતરિક વ્યવહાર અને નિશ્ચય બનવાના દાખલા :-** જગતમાં બધે દેખાય છે કે બાહ્ય વ્યવહારના ખૂબ અભ્યાસથી આંતરિક વ્યવહાર કેળવાય છે; અને એ પછી નિશ્ચય વસ્તુ પ્રાપ્ત થાય છે. **છોકરા પાસે** કમને પણ નિશાળે વારંવાર જવાનો બાહ્ય વ્યવહાર આચરાવાય છે. તે પછી એને અંતરમાં ભણવા અંગેનો વ્યવહાર જાગે છે; અને વિદ્યાની લગની લાગે છે. તે પછી વિદ્યા મગજમાં રમવા માંડે છે. **નવા કારીગરને** ભૂલ ભર્યા કેટલાય બાહ્ય અભ્યાસ થયા પછી આંતરિક વ્યવસ્થિત કળા પ્રાપ્ત થાય છે. **મિત્રો** પહેલા બાહ્યથી સારી રીતે પરસ્પરને મળવા સત્કારવાનું અને સુખદુઃખમાં ભાગ પાડવાનું કરે છે, ત્યારે આંતરિક મિત્રતાનો વ્યવહાર બને છે. પછી સાચો મિત્રતાનો સંબંધ હૃદયમાં



જાગીને સ્થિર બને છે. બસ, **આ રીતે મલિન આશય વિના કરેલા બાહ્ય શુભ વ્યવહારોનો અભ્યાસ વધવાથી આંતરિક શુદ્ધ વ્યવહાર પ્રાપ્ત થાય છે. એના અભ્યાસથી શુદ્ધ નિશ્ચયનયની વસ્તુ પ્રાપ્ત થાય છે. માત્ર એમાં ધ્યેય શુદ્ધ જોઈએ.** ધ્યેયશુદ્ધિ માટે તદ્દન નવા આગન્તુકને પણ મનમાં એટલું હોય કે આ કંઈક લાભની વાત કરે છે, લાવ સાંભળવા દે; અને સંભળાવનાર હોશિયારીથી એ અજ્ઞાન શ્રોતાના મનમાં આત્મા અને આત્મહિતની વાત સરળતાથી સમજાવી દેવાનું કરે, તો તે શ્રવણનો વ્યવહાર શ્રોતાને લાભદાયી થાય છે, એવો અનુભવ ઘણો મળે છે. ખુદ કાનજી-આશ્રમમાં માત્ર કૌતુકથી ગયેલા કેટલાકો પણ ત્યાંના ભાષણોને સાંભળવાના બાહ્ય વ્યવહારમાં પડ્યા તો અંતરમાં સળવળાટ થયો. એ તરફ મન પીગળ્યા; અને શ્રદ્ધા ત્યાંની થઈ. આ સૂચવે છે કે બાહ્ય વ્યવહારની અસર મોટી થાય છે. એ સમજીને તો ત્યાં આજ સુધી વ્યવસ્થિત કાર્યક્રમ સાથે ભાષણો, વાર્તાલાપો અને પુસ્તકોના પ્રકાશનરૂપી ધૂમ બાહ્ય વ્યવહાર ચાલ્યા કરે છે. **એથી બન્યું એવું કે જે જે વ્યવહાર એ ચલાવે છે તેની તેની તો આંતરિક અસર થાય છે; અને જે તપ-ત્યાગ-સામાયિકાદિનો વ્યવહાર મૂકાવી દીધો, એની અસર દિલમાં નથી દેખાતી.** અર્થાત્ બાહ્યથી ઉપવાસ વગેરે તપ નથી, તો અંતરથી આહાર પ્રત્યે અંશે પણ અનાસંગ-ભાવ નથી. બહારથી વિગઈઓ વગેરેનો ત્યાગ નથી, તો અંદરખાને રસથી અળગાપણું નથી.

**અનાદિના કુસંસ્કાર સામે યુદ્ધ કરવા વ્યવહાર :-**

**પ્ર.**- તો શું બધા બાહ્ય ત્યાગી તપસ્વી અંતરથી અલિપ્ત અનાસક્ત બને છે ?

ઉ.- જે તેવી ધગશવાળા હોય તે જરૂર બને છે. સર્વથા નહિ તોય અંશે પણ અનાસક્ત અવશ્ય બને છે; પણ તે ઠીક ઠીક અભ્યાસ પછી. કેમકે એમાં અંતરમાં મલિન વૃત્તિઓ અને કુવાસનાઓ સાથે લાંબી લડાઈ કરવી પડે છે. પણ **ધ્યાનમાં રાખજો કે લડાઈ કરવાનો અવકાશ બાહ્યથી પણ ત્યાગ-તપ કરનારાને છે; પણ નહિ કે માત્ર ભેદજ્ઞાન અને ભાવ શુદ્ધિના ઢોંગ આચરી એવા શુભ વ્યવહાર છોડીને રસકસ અને ઈચ્છાનુસાર ખાનાર-ભોગવનારને. ત્યારે અનાદિની મલિનવૃત્તિઓ એમ કાંઈ મટે એમ નથી. દિવસો, મહિના, અને વરસો સુધી એવો કડક અભ્યાસ રહે, કે બહારથી સહેજ દૃષ્ટિ માત્ર પણ પર સ્ત્રી તરફ ન જાય, તો અંતરના મલિન સંસ્કારોનો પરાજય અને સુસંસ્કારોનો જન્મ થાય છે.** શુભ વ્યવહાર ન આચરે પણ એના બદલે અશુભ વ્યવહાર ચાલુ રાખે, જ્યાં ત્યાં સ્ત્રીઓ સામે નજરો નાખ્યા કરે, એકાંતમાં મળ્યા કરે, વાતો કર્યા કરે, સિનેમાચિત્રો જોયા કરે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

તો અંતરમાં પવિત્રતાના શા સંસ્કાર પડે ? અલબત એવું બને છે કે આહાર, રસ, વિષયો, પરિગ્રહ, કષાય, નોકષાયો વગેરેના કુસંસ્કારો પૂર્વ ભવેથી ગાઢ બનીને આવ્યા હોય તો એને તોડવા માટે અહીં ઘણા ઘણા જોરદાર અને લાંબા બાહ્ય શુભ વ્યવહારના અભ્યાસ કરવા પડે છે; અને એ કુસંસ્કારો સામે બળવાન મને લાંબી લડાઈ કરવી પડે છે. ત્યારે એ નબળા પડે છે. વિવેક કેળવીને **બાહ્યથી** ક્ષમા-સહિષ્ણુતાનો વ્યવહાર બહુ સેવાય, તો **અંતરમાં** અંશે પણ સાચો ક્ષમાભાવ પ્રગટે છે. પરંતુ એના બદલે બાહ્યથી ધમધમાટ, અસહિષ્ણુતા અને તડુકવાનું ચાલુ રાખે તો કોઈ દિ અંતરમાં ક્ષમાનો ભાવ નહિ પ્રગટે. એમ બાહ્યથી રોફ ઘમંડની પ્રવૃત્તિઓ ચાલુ રાખી તો સમજી રાખવાનું કે અંતરમાં નમ્રતાનો ભાવ, મૃદુતાનો ભાવ જાગવાનો નથી. એવું જ બાહ્યથી બજારોમાં જવું, વેપારો કરવા, ધંધા-ધાપા કરવા, એના સમાચારો રાત-દિ' સાંભળ્યા કરવા, એની વાતોચીતો અહર્નિશ કર્યા કરવી, વગેરે લોભની બાહ્ય પ્રવૃત્તિ જો ચાલુ રાખી તો અંતરમાંથી લોભ ખસવાનો નહિ. બાહ્ય સારા-નરસા વ્યવહારની અંતરમાં સારી-નરસી અસર પડે છે. માટે જે આજે ભલે અંતરમાં ખોટા વિચાર આવ્યા હોય પણ જે શુદ્ધ બુદ્ધિથી બાહ્ય સારા વ્યવહાર સારી ક્રિયામાં રચ્યો મચ્યો રહે છે, એ તો સારી પ્રગતિના માર્ગે જ પ્રયાણ કરી રહ્યો છે. એણે જરાય ડરવાનું નથી, અધીરા થવાનું નથી, સદ્બુદ્ધિથી કરેલો શુભ વ્યવહાર નકામો જતો નથી. અંતરમાં કોઈને કોઈ છૂપી સારી અસર કરે જ છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩,અંક-૧૨,તા.૨૦-૧૧-૧૯૫૪

## (૨૮) નિશ્ચય અને વ્યવહાર સમયસાર-પ્રવચનસારાદિ ગ્રંથોમાં

### • વ્યવહારનું સમર્થન •

હવે એ જુઓ કે જે સમયસાર, પ્રવચનસાર, અને નિયમસારના દિગંબરી ગ્રંથો પર મુખ્ય મદાર રાખીને કાનજીમત શરૂ થઈને ચાલી રહ્યો છે, એ ગ્રંથો પણ બાહ્ય વ્યવહારનું કેવું સુંદર સમર્થન કરે છે, અને કેવી ઉપયોગિતા બતાવે છે !

(૧) સમયસાર પુસ્તકના પ્રારંભમાં લખે છે કે **'સીમંધર મુખથી ફૂલડાં ખરે; એની કુંદકુંદ ગુંથે માળ રે, જિનજીની વાણી ભલી.'** શ્રી સીમંધર ભગવાનના મુખમાંથી દ્રવ્યશ્રુતના વચનરૂપી ફૂલો નીકળે છે, અને કુંદકુંદાચાર્ય એને સમયસાર નામના ગ્રંથરૂપી માળામાં ગુંથી લે છે. અર્થાત્ પ્રભુની વાણી સાંભળી અને એના આધારે સમયસાર ગ્રંથ બનાવ્યો. આ બધું શું છે ? વ્યવહાર કે નિશ્ચય ? ભગવાને બોલવું, કુંદકુંદાચાર્યે સાંભળવું, પછી ગ્રંથ રચવો, અને નિશ્ચયવાદીએ ઉપરથી એના ગુણગીત, એની પ્રશંસા કરવી, —એ ચોક્ખો વ્યવહાર છે.

(૨) વળી શ્રી કાનજી આગળ લખે છે કે **''દરેક ગાથા મહામુનિના આત્મ-અનુભવમાંથી નીકળેલી છે...''** કેવુંક પ્રતિપાદન ! નિશ્ચયમાંથી વ્યવહાર ! કેમકે આત્માનો અનુભવ એ નિશ્ચય છે; ને ગાથા એટલે કે શબ્દભણન એ વ્યવહાર છે. મહામુનિને નિશ્ચયે પહોંચ્યા પછી પણ વ્યવહાર આદરવાની જરૂર પડી; છતાં એ વ્યવહારમૂઢ નહિ અને અહીં ગણધર ભગવાનને વ્યવહારમૂઢ કહી નિશ્ચય તરફ પહોંચવા માટે વ્યવહારની મનાઈ કરવામાં આવે છે !!! છે અજ્ઞાનદશાની હદ ? અલ્યા ભાઈ ! એટલું તો સમજ કે મહામુનિએ જે આત્માનુભવમાંથી ગાથા કાઢી એ શા માટે ? બાળ જીવોને સંભળાવવા જ માટે ને ? સંભળાવીને એવા આત્મઅનુભવમાં પહોંચાડવા માટે ને ? તો જીવો પાસે એ સાંભળવાનો વ્યવહાર આદરાવવા તો મુનિએ ગાથા ભણવા રૂપ વ્યવહાર આદર્યો; અને તું વ્યવહાર અનુપાદેય કહે છે, નકામો કહે છે; એ કેટલું યુક્તિયુક્ત છે ?

વળી લખે છે ''આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી, પ્રમત્ત નથી;- એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું એ મારી વર્તમાન દશાથી કહું છું-આ મહામુનિનું કથન છે.'' આમાં હું એટલે કોણ ? જો આત્મા કહો, તો આત્મા નિષેધ કરવા જાય તે વખતે એ પ્રમત્ત કે અપ્રમત્ત ? તેમ 'નિષેધ કરવો,' 'કહેવું''-એ વ્યવહાર નહિ તો બીજું શું ?

વળી મંગળાચરણમાં ''દ્રવ્યશ્રુત વચનરૂપ છે. વચનો દ્વારા આત્માને બતાવે છે'' અહીં પણ વચનરૂપ વ્યવહારની જરૂરીયાત સ્વીકારી.

(૩) સમયસારની પ્રસ્તાવનામાં લખે છે **''આ અનુવાદ ભવ્ય જીવોને જિનદેવે પ્રરૂપેલો આત્મશાન્તિનો યથાર્થ માર્ગ બતાવો. એ મારી અંતરની ભાવના છે.''** અનુવાદ લખવો એ વ્યવહાર માર્ગ છે. એને આદરવાનું કરે છે એ એની ઉપયોગિતા સૂચવે છે. જિનદેવે પ્રરૂપેલા માર્ગની પ્રરૂપણા એ વ્યવહાર છે જેને પ્રભુએ જીવોની આત્મશાંતિના ઉદ્દેશથી આદર્યો; એય વ્યવહારની સાર્થકતા. અનુવાદકની પોતાની અંતરભાવના આ છે કે 'આ અનુવાદ યથાર્થ માર્ગ બતાવો.' યથાર્થ માર્ગ નિશ્ચય માર્ગને કહે છે, 'તેનું ભાન અનુવાદ વાંચનના વ્યવહારથી થાઓ,'-એવી અભિલાષા સેવે છે. એ શું ? એ વ્યવહારના આધારે જ જીવો નિશ્ચયે પહોંચશે, એવી મનમાં ખાતરી ! 'બધા કાંઈ શ્રી સીમંધર ભગવાન પાસે જઈ નહિ શકે. તેમ બધાને મૂળ





E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

સમયસારથી સમજ નહિ પડે; માટે અનુવાદ. અનુવાદ વાંચવાથી આત્મશાંતિનો માર્ગ જાણશે.' વ્યવહારની કેવીક આવશ્યકતા માની ! છતાં એ બધા વ્યવહારમૂઢ નહિ ! અને શ્રી સુધર્મા ગણધર સ્વામી વગેરેને વ્યવહારમૂઢતાની ગાળ દે છે !!

(૪) સમયસારની ૧૨ મી ગાથા આ પ્રમાણે છે :-

**''सुद्धो सुद्धादेसो णायव्वो परमभावदरिसीहिं ।**
**ववहारदेसिदा पुण जे दुअपरमे ठिदा भावे ॥''**

એમાં આનો અર્થ આ પ્રમાણે આપ્યો છે;- **"જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન અને પૂર્ણ જ્ઞાન-ચારિત્રવાન થઈ ગયા તેમને શુદ્ધનો ઉપદેશ કરનાર શુદ્ધનય જાણવા યોગ્ય છે. વળી જે જીવો અપરમભાવે અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાં જ સ્થિત છે તેઓને વ્યવહાર દ્વારા ઉપદેશ કરવો યોગ્ય છે."** અહીં જુઓ કે જીવોના બે ભેદ બતાવ્યા; એક પરમભાવે પહોંચેલો, અને બીજા અપરમભાવે રહેલા. માટે જ (૧) પરમભાવે પહોંચેલા તે શુદ્ધનય-નિશ્ચયનયના ઉપદેશને યોગ્ય અને (૨) નહિ પહોંચેલા તે વ્યવહારનયના ઉપદેશને યોગ્ય, એમ બે પ્રકારના જીવ થયા. પરમભાવ સુધી પહોંચેલા તરીકે પૂર્ણ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રવાળાને ગણ્યા. **હવે હાલ કાનજીમઠમાં બધા આ પરમભાવની સ્થિતિએ પહોંચ્યા લાગે છે ! તેથી જ નિશ્ચયનયનું આલંબન ધરતા હશે ને ?** એક બાજુ એ માત્ર નિશ્ચયનયનો ઉપદેશ ગ્રહણ કરે છે અને બીજી બાજુ પૂર્ણ જ્ઞાન-ચારિત્રના ઠેકાણાં નથી; તો પછી એ ધતિંગ કે બીજું કાંઈ ? સમયસારની આ ગાથામાં તો સ્પષ્ટ કહ્યું કે શ્રદ્ધાદિ પૂર્ણભાવને ન પહોંચે ત્યાંસુધી વ્યવહારનયનોજ ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ. એજ ઉપદેશ મુજબ આચરણ અમલ કરવો જોઈએ. વળી એ પણ કહ્યું કે **હજી જે જીવો પૂર્ણ ભાવમાં નથી પહોંચી શક્યા તે સાધક અવસ્થામાં જ રહેલા છે; તે વ્યવહારથી ઉપદેશાવા યોગ્ય છે.** અર્થાત્ **સાધક** આત્માને અમલ માટે **વ્યવહારનોજ** માર્ગ હિતકારી છે; ત્યારે પૂર્ણભાવ-પરમભાવ પામેલા સિદ્ધ જીવોને અમલ માટે નિશ્ચયમાર્ગ યોગ્ય છે.

હવે આગળ જુઓ કે આ ગાથાની સંસ્કૃત ટીકામાં કેવી સુંદર રીતે આનું સમર્થન કર્યું છે. આની ટીકાના ભાષાંતરમાં આમ લખ્યું છે;- **"જે પુરુષો, અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ મધ્યમભાવ, તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઉતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટભાવનો અનુભવ નથી હોતો; તેથી જેણે જુદા જુદા અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. એ રીતે પોતપોતાના સમયમાં બંને નયો કાર્યકારી**



**છે. કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે. जइ जिणमयं पवज्जह ता मा... વ્યવહાર અને નિશ્ચય એ બંને નયોને ન છોડો..."**

ત્યાં જ આના ઉપર **ભાવાર્થ** આ મુજબ લખ્યો છે :- **"...લોકમાં સોનાના સોલ વાલ પ્રસિદ્ધ છે... છેલ્લા તાપથી ઉતરે ત્યારે સોળવલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવોને સોળવલા સોનાનું જ્ઞાન અને શ્રદ્ધાનની પ્રાપ્તિ થઈ, તેમને (હવે) પંદરવલા સુધીનું કાંઈ પ્રયોજન નથી. પણ જેમને તે પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદરવલા સુધીનું પણ પ્રયોજનવાન છે. એવી રીતે જ્યાંસુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે... ત્યાંસુધી જિનવચનોનું સાંભળવું, જિન-ગુરુની ભક્તિ, જિનબિંબ દર્શન, ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે. જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયાં છે; પણ સાક્ષાત પ્રાપ્તિ નથી થઈ તેમને પૂર્વકથિતકાર્ય, પરદ્રવ્યનું આલંબન છોડવારૂપી અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ, સમિતિ-ગુપ્તિ, શાસ્ત્રોનો અભ્યાસ કરવો, વગેરે વ્યવહારમાર્ગમાં પ્રવર્તવું, પ્રવર્તાવવું એવા વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે. વ્યવહારનયને અસત્યાર્થ કહેવામાં આવે છે; પણ જો કોઈ અસત્યાર્થ જાણી છોડી દે, તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે, અને શુદ્ધોપયોગની સાક્ષાત પ્રાપ્તિ તો થઈ નથી, તો તેથી ઊલટો અશુભોપયોગમાં આવી ભ્રષ્ટ થઈ ગમે તેમ સ્વેચ્છારૂપે પ્રવર્તે તો નરક નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત શુદ્ધ આત્મા, તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે. એવો સ્યાદ્વાદ મતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે."**

અહીં સોળે સોળ વાલ શુદ્ધ સોનું, અને અશુદ્ધ સોનું, આ બેના સુંદર દૃષ્ટાન્તથી નિશ્ચય-વ્યવહારની યોજના કરી બતાવી. યોજના કેટલી સરસ ! સોળે વાલ શુદ્ધ સોનાને, હવે પંદરવાલ જેટલી શુદ્ધિ સુધીના સોના પર કરવા યોગ્ય, શોધન ક્રિયાની જરૂર નથી. પણ જે સોનું ઠેઠ પોણીસોળ આની શુદ્ધતા સુધી આવ્યું હોય તેમાંય હજી અશુદ્ધિ છે, તો એ બાકી રહેલી અશુદ્ધિ ટાળવા માટે શોધન-ક્રિયાની જરૂર છે. (ક્રિયા એ વ્યવહાર છે.) એજ પ્રમાણે આત્માને જ્યાં સુધી સર્વથા શુદ્ધભાવની પ્રાપ્તિ નથી થઈ, અને અશુદ્ધ ભાવ ઊભો છે, ત્યાંસુધી અશુદ્ધનયના ઉપદેશાનુસાર પ્રવર્તવું જ પડશે એ ઉપદેશ જિનવચનશ્રવણ, જિનબિંબદર્શન, દેવગુરુ ભક્તિ, વ્રતગ્રહણ, સમિતિ-સ્વાધ્યાયાદિ આચાર, વગેરે વ્યવહાર-માર્ગનો રહેવાનો; તેથી એ માર્ગ આદરવાની જરૂર રહેશે જ. અહીં પ્રશ્ન સરસ કર્યો કે 'વ્યવહારનય તો અસત્યાર્થ છે ને ?' તેમજ એનો ઉત્તર પણ સુંદર



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

દીધો કે **શુદ્ધોપયોગની** કક્ષા સુધી અર્થાત્ રાગ-દ્વેષ-રહિત જ્ઞાનોપયોગ સુધી ન પહોંચેલો સાધક જો **શુભ** ઉપયોગને વ્યવહારમાર્ગરૂપ એટલે અસત્યાર્થ માની છોડી દે કે ન સ્વીકારે, તો મન નવરું તો રહેવાનું નહિ, તેથી **અશુભ** ઉપયોગમાં પડી સ્વેચ્છા-વર્તન કરાવવાનું; અને જીવ પરિણામે સંસારમાં ભટકી મરવાનો. તેથી નિષ્કર્ષ કાઢી આપ્યો કે શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વ્યવહારમાર્ગ પ્રયોજનવાન છે; વ્યવહારમાર્ગનું પ્રયોજન સરતું હોવાથી એ અવશ્ય આદરણીય છે.

**પ્ર.**- તો સમયસારાદિ ગ્રંથમાં અહીં વ્યવહારમાર્ગ પર આટલો ભાર મૂકીને પછી પાછળથી કેમ વ્યવહારનું ખંડન કરી નિશ્ચય પ્રરૂપ્યો ?

ઉ.- વ્યવહારનું ખંડન એટલા માટે, કે નિશ્ચયનું ચોક્સ સ્વરૂપ બરાબર સમજાય. તેમ, નિશ્ચયની પ્રરૂપણાનો હેતુ એ, કે સર્વથા શુદ્ધભાવને પામેલાની દશા કેવી હોય તે દર્શાવવું. અશુદ્ધભાવમાં રહેલાને શો શો વ્યવહાર કેવી કેવી રીતે આદરવાનો તેનું વિસ્તૃત વર્ણન અન્ય ગ્રંથોમાં હોવાથી અહીં એને ચર્ચ્યો; પણ એની આવશ્યકતા ખાસ બતાવી. નિશ્ચયનું સ્વરૂપ બીજે ઓછું હોવાથી અહીં વિસ્તારથી ચર્ચ્યું ખરું, પરંતુ નિશ્ચયના અધિકારી શુદ્ધભાવને પામેલાને ગણ્યા. આટલો સ્પષ્ટ વિવેક ન સમજી અશુદ્ધભાવમાં સબડતા શ્રી કાનજી અને એમના અનુયાયીઓ વ્યવહારનો લોપ કરવામાં બાલિશતા કરી રહ્યા છે.

(૫) સમયસાર ગાથા ૪૬ ના વિવેચનમાં લખ્યું છે કે ''અધ્યવસાનાદિ (વિચારણા વગેરે) ભાવો જીવ છે એવું જે ભગવાન **સર્વજ્ઞદેવોએ કહ્યું છે, તે વ્યવહારનયને દર્શાવ્યો છે... ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે વયવહારનય દર્શાવવો ન્યાયસંગત જ છે. પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો**

**(૧) પરમાર્થથી શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે, તેમ ત્રસ સ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે ! તેથી બંધનો જ અભાવ ઠરશે ! વળી**

**(૨) પરમાર્થથી રાગ-દ્વેષમોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, ''રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો''- એવા મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે, અને તેથી મોક્ષનો જ અભાવ થશે !**

**આમ જો વ્યવહારનય ન દર્શાવાય તો બંધમોક્ષનો અભાવ ઠરે છે. પરમાર્થથી જે સંસાર મોક્ષ બંનેનો અભાવ કહ્યો છે, તેજ એકાંતે ઠરશે. પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; (તેમ એવી એકાંતરૂપ) અવસ્તુનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાય પ્રાપ્ત છે.''**



(૬) આમાં પણ જુઓ કે વ્યવહારનું કેવું સુંદર સમર્થન કર્યું ! નિશ્ચયનયે તો જીવ અને શરીર, બે તદ્દન નિરાળા છે; તથા જીવ અરૂપી-અચ્છેદ્ય છે, ત્યારે શરીર રૂપી ને છેદ્ય છે. એટલે જીવંત શરીરને કાપી નાખનારો હિંસક નહિ ગણાય; કેમકે શરીર તો જીવથી તદ્દન જુદું અને જડ છે. જેમ ભસ્મ જડ હોવાથી એને મસળી નાખવામાં હિંસા નથી ગણાતી, તેમ શરીરને કચરી નાખવામાં હિંસા નહિ ગણાય. વ્યવહારનયથી જીવતું શરીર આત્માથી તદ્દન જુદું નથી. તેમ આત્માને શરીર પરના આઘાતથી આઘાત થવાનું વ્યવહારનય માને છે; માટે એ તો વિવેક કરી શકશે કે શરીરને કચરવામાં આત્મા કચરાતો હોવાથી હિંસા છે, પણ ભસ્મમાં તેવું નથી. નિશ્ચયવાદી આવો વિવેક ક્યાંથી કરી શકશે ? તેથી એને તો હિંસાની નિંદા, હિંસકને સજા, હિંસાની ત્યાજ્યતા વગેરે નકામું ઠરશે, બનાવટી ઠરશે, કહો ને કે દાનાદિ કે ક્ષમાદિ બધા ધર્મોનું આચરણ નિશ્ચયમતે અનાવશ્યક છે. માટે જ વ્યવહાર સાચો છે, અવશ્ય આદરણીય છે, અનુલ્લંઘનીય છે.

(૭) બીજી પણ સરસ દલીલ વ્યવહાર સ્થાપન માટે આપી. નિશ્ચયમતે શરીરની જેમ રાગ-દ્વેષાદિ દોષો પણ આત્માથી તદ્દન જુદા છે. આત્મા એથી બંધોયલ નથી. આત્મા તો સ્વરૂપે વીતરાગ, વીતદ્વેષ છે. પછી આત્માને રાગ-દ્વેષ મોહના દોષોથી છોડાવવાની વસ્તુ જ નથી ઊભી રહેતી, તો એ માટે મોક્ષમાર્ગની સાધનાનીય જરૂર ક્યાં રહી ? જો એ નહિ તો પછી આત્માને મોક્ષ પામવાની વાત ક્યાં રહેવાની ? અહીં વ્યવહારવાદી તો કહી શકે છે કે આત્મા સંસારાવસ્થામાં રાગી છે, દ્વેષી છે; અને એ રાગદ્વેષથી કથંચિત્ અભિન્ન પણ છે, તેથી એ દશા મિટાવવા મોક્ષના ઉપાયો સેવવા જરૂરી છે. એ સેવ્યાથી રાગદ્વેષાદિ નષ્ટ થયે મોક્ષ પણ થશે.

(૮) વ્યવહારને અસત્ય માનવામાં ત્રીજી વાત એ કહી કે કેવળ નિશ્ચયને સત્યાર્થ ગણતાં નિશ્ચયનયથી તો આત્મા સદા શુદ્ધ અને કર્તવ્યહીન છે, તેથી કર્મબંધ શું કે કર્મક્ષય શું ? સંસાર શું કે મોક્ષ શું ? - બધું જ કલ્પિત અને અવસ્તુ ઠરશે. પછી એવી અવસ્તુની શ્રદ્ધા-જ્ઞાનાદિ પણ અવસ્તુ ઠરશે. કિન્તુ વસ્તુનું આવું એકાંત સ્વરૂપ હોય નહિ. તેથી વ્યવહારના અભિપ્રાય પ્રમાણ ગણવા જ પડે. આદરણીય કરવા જ પડે.

(૯) ચોથી યુક્તિ એ આપે છે કે વ્યવહારને કેવળ અભૂતાર્થ કહેવામાં વેદાન્તમતાનુયાયી બનવું પડશે.

**સમયસારમાં ગાથા ૧૪ ની ટીકાના આ કથનથી સમજી લેવું કે ''વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો છે તેથી 'તે સર્વથા અસત્યાર્થ છે' એમ માનવાથી,**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**વેદાંતમતવાળા જેઓ (બ્રહ્મસત્યં, જગન્મિથ્યા-એમ કહી) સંસારને અવસ્તુ માને છે, તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે. એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદષ્ટિપણું લાવશે. માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું અવલંબન કરવાથી સમ્યગ્દષ્ટિપણું છે.''**

બાકી તો આધુનિક નિશ્ચયવાદી કાનજીપંથીઓ વેદાન્તીના સગા ભાઈ બનવાની આપત્તિમાં છે. જો કે ખૂબી પાછી એ છે કે અમલમાં પાકા વ્યવહારીઆ છે. **પોતાના માનેલા જરૂરી સાધનોનો વ્યવહાર રાચીમાચીને પૂરજોશમાં કરે છે. માત્ર એમને ત્યાગ-તપસ્યા-વ્રત વગેરેના કષ્ટમય વ્યવહાર પ્રત્યે જ સુગ છે !** છે કોઈ સિદ્ધાન્ત માન્યતાનો ઢંગ ? કે આચાર મર્યાદાનો ઢંગ ? હજી નવી યુક્તિ જુઓ.

(૧૦) સમયસારની ગાથા ૨૬મીમાં પ્રશ્ન કર્યો કે 'આત્મા શરીર નથી,' તો તીર્થંકર અને આચાર્યની સ્તુતિ ખોટી નહિ ઠરે ? પછી ગાથા ૨૭મીમાં એનો ઉત્તર કરતાં કહ્યું કે **વ્યવહારનય આત્મા-દેહ એક કહે છે, તે હિસાબે સ્તુતિ વ્યાજબી છે.** કુંદકુંદાચાર્ય જેવાએ પણ તીર્થંકરાદિની સ્તુતિ કરી છે; તે તીર્થંકરદેવના કેવળ આત્માને નહિ પણ શરીર સહિત આત્માને મનમાં રાખીને કરાય છે. એ વ્યવહારને સમયસારની આ ગાથા પ્રામાણિક ઠરાવે છે. આટલું જ નહિ, પણ એનું સમર્થન કરતાં આગળ ગાથા ૨૮મીમાં કહે છે કે,

**(સ૦ ગા૦ ૨૮) ''સુવર્ણ ચાંદી ભળી જવાથી 'શ્વેત સુવર્ણ' વ્યવહાર થાય છે, તે વ્યવહારનયથી. એવી રીતે તીર્થંકરના શરીરની સ્તુતિ તે તીર્થંકરની સ્તુતિ વ્યવહારથી આચાર્ય કહે છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે''**

**પ્ર.- વ્યવહારને તો તમે અભૂતાર્થ કહો છો. તો વ્યવહારના આશ્રયે** (કરાતી) **જડની સ્તુતિનું શું ફળ ?**

**ઉ.- એનો ઉત્તર એ છે કે વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, કિન્તુ નિશ્ચયની અપેક્ષાએ અસત્યાર્થ છે. છદ્મસ્થને પરનો આત્મા દેખાતો નથી, શરીર દેખાય છે. તેની શાંતરૂપ મુદ્રા દેખી પોતાને પણ શાંતભાવ થાય છે. આવો ઉપકાર છે.**

કહો આ એમના મહાપ્રમાણ માનેલા સમયસારમાં જ વ્યવહારનું કેટલું સચોટ સમર્થન છે ! કદાચ એ કહે કે

**પ્ર.**- પણ સમયસારમાં આગળ ઉપર વ્યવહારનું ભારે ખંડન કર્યું છે તેનું કેમ ?

**ઉ.**- એનો ઉત્તર સીધો છે. પૂર્વે ગાથા બારમાં જ ગ્રંથકારે સૂચવી દીધું છે કે જે આત્મા શુદ્ધનયની ભૂમિકા સુધી નથી પહોંચ્યા તેના માટે વ્યવહારમાર્ગ



શ્રેયસ્કર છે; અને જે ત્યાં પહોંચેલા છે તેને શુદ્ધનયનો ઉપદેશ લાભકારી છે. એટલે ગ્રંથના પાછળના ભાગમાં આપેલ વ્યવહારનું ખંડન માત્ર શુદ્ધનયની દૃષ્ટિએ છે, પણ અશુદ્ધનયની દૃષ્ટિએ નહિ, અર્થાત્ સાધક અવસ્થામાં રહેલા જીવોને નિરુપયોગી હોવાની દૃષ્ટિએ નહિ. એ જીવોને તો વ્યવહારમાર્ગ ખાસ ઉપયોગી છે જ.

પ્રસ્તુતમાં તીર્થંકરદેવની સ્તુતિ કરવાના વ્યવહારને વ્યાજબી ઠરાવ્યો. વ્યવહારને અપેક્ષાએ સત્યાર્થ કહ્યો, એટલે કે વ્યવહારનય અસત્યાર્થની જેમ **સત્યાર્થ પણ છે** એમ કહ્યું. એક બાજુ વ્યવહારોપયોગિતા અને વ્યવહારસત્યતાનું આવું દીવા જેવું પ્રતિપાદન, અને બીજી બાજુ પૂ. યશોવિજયજી મહારાજને વ્યવહારમૂઢ કહેવાની ધૃષ્ટતા એ કેવી પોતાના દિલમાં અસૂયા અને દ્વેષપૂર્ણતા સૂચવી રહી છે ! શું સાચા મહાપુરુષને વ્યવહારમૂઢ કહેનાર નવીનપંથ શ્રીકાનજી પોતે ભારોભાર મૂઢ નથી ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩,અંક-૧૩,તા.૨૭-૧૧-૧૯૫૪

## (૨૯) નિશ્ચય અને વ્યવહાર

(૧૧) વળી એ જુઓ કે સ્તુતિના બે પ્રયોજનમાં એક તો **વીતરાગની શાંતમુદ્રા દેખી શાંતભાવ થાય છે,** એમ કહી પ્રભુની શાંતમુદ્રાના દર્શનનો **વ્યવહાર** દર્શનકર્તાને શાંતભાવ થવામાં ઉપયોગી ગણ્યો. કેટલી બધી સ્પષ્ટ વ્યવહારની આવશ્યકતા ! તેય પાછા કુંદકુદાચાર્ય જેવા ને ! વ્યવહાર જરૂરી ન હોય, કામનો ન હોય તો સ્તુતિ કે દર્શનની પ્રવૃત્તિ શી ? અને એનું સમર્થન શું ? અહીં તો સમયસારમાં જ પ્રવૃત્તિ અને સમર્થન બંને હોવાથી વ્યવહારની ઉપયોગિતા જ સૂચવી છે. હવે જો તેમ છતાં એ કુંદકુદાચાર્ય વ્યવહારમૂઢ નહિ તો પછી પૂ. યશોવિજયજી મહારાજ વગેરેને શી રીતે વ્યવહારમૂઢ ન્યાયી રીતે કહી શકાય ? હા, ઉન્મત્ત બકવાટથી એમ કહે એ જુદી વસ્તુ છે.

(૧૨) વળી જુઓ કે બીજી પણ સરસ યુક્તિ આપી. **શાંતમુદ્રા એ પ્રભુની વીતરાગતાનું અનુમાન કરાવે છે એ પણ ઉપકાર છે.—** આમ કહીને સ્તુતિ-દર્શનના વ્યવહારને લાભદાયી ગણ્યો. કેમકે દર્શન શાંતમુદ્રાવાળાના કરાય છે, તેથી દર્શન કરનારના દિલમાં દેવની વીતરાગતાનો નિર્ણય થાય છે; તેથી વીતરાગ બનવાની પ્રેરણા મળે છે. આ બધું નિશ્ચયથી નહિ ઘટે, વ્યવહારથી જ સંગત થશે. એમ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

વ્યવહારને ઉપકારી બનાવનાર કે કુંદકુંદાચાર્ય વ્યવહારમૂઢ નહિ અને શ્રી યશોવિજયજી મ. ને વ્યવહાર મૂઢ કહેવા છે ! કેવી ઘેલછા !

હજી આગળ એમના જ તરફથી વ્યવહારનું સમર્થન જુઓ.

**(૧૩) સમયસાર ગાથા ૮૮માં કહ્યું કે પુદ્‌ગલના વિકાર મિથ્યાત્વ, યોગ, અવિરતિ અજ્ઞાન છે. જીવના પરિણામ ઉપયોગ, અવિરતિ, અજ્ઞાન, મિથ્યાત્વ છે. ગાથા ૮૯માં પ્રશ્ન કર્યો કે શુદ્ધ ચૈતન્યને મિથ્યાત્વાદિ શાથી ? ઉત્તરમાં કહ્યું કે उवओगस्स तिण्णिपरिणामा मोहजुत्तस्स અર્થાત્ વ્યવહારથી અન્ય વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી આત્મામાં ત્રણ વિકાર (અવિરતિ-અજ્ઞાન-મિથ્યાત્વના છે.)**

**કહો આ કહેનારમાં વ્યવહારમૂઢતા નહિ અને પૂ. યશોવિજયજી મહારાજમાં વ્યવહારમૂઢતા કહે, શું એ દ્વેષ નથી ?** વ્યવહારનયથી માનેલી આ આત્મસ્થિતિ સત્ છે, કાલ્પનિક નથી. તેથી જ (૧) એ વસ્તુસત્ અશુદ્ધ સ્થિતિને ટાળવા માટે મોક્ષમાર્ગની હયાતિ છે; (૨) એ સ્થિતિ ઉપર સંસારી અને એ સ્થિતિ વિનાના એ મુક્ત એમ બે ભેદ પડે છે. (૩) એ અશુદ્ધ સ્થિતિના હિસાબે જ જીવોને વિવિધ પ્રકારના દેવપણું-માનવપણું, શાતા-અશાતા, યશ-અપશય, વગેરેના વાસ્તવિક અનુભવ થાય છે. જડને એમાંનો શો અનુભવ ? કોઈ જ નહિ. તેમ શુદ્ધ જીવને એવો ક્યાં અનુભવ ? જરાય નહિ. માટે જીવની વ્યવહારસિદ્ધ એવી અશુદ્ધ સ્થિતિ વસ્તુસત્ છે; **સ્વપ્નસૃષ્ટિ નથી.**

**(૧૪) વ્યવહાર સમર્થનની ૧૪મી યુક્તિ : કાર્મણ દ્રવ્યથી જીવ મિથ્યાત્વી :- સમયસાર ગાથા ૧૩૫માં લખે છે કે "કાર્મણવર્ગણાગત દ્રવ્ય ખરેખર (ખલુ) જીવ સાથે જ્યારે બંધાય છે, ત્યારે જીવ મિથ્યાત્વાદિનો હેતુ થાય છે."** વ્યવહારનો આ કેવો ચકચકતો પ્રભાવ બતાવ્યો ? શું કહ્યું ? '**ખરેખર** જ્યારે બંધાય છે,'- બંધ **ખરેખર** એટલે બંધ માત્ર સહાવસ્થારૂપ નહિ, કે બે આંગળીના સંયોગ જેવો માત્ર સંયોગ નહિ, પણ કાર્મણવર્ગણાના પ્રદેશ અને જીવના પ્રદેશનો અન્યોન્યાનુવેધરૂપ (ખીરનીર જેવો લોહ-અગ્નિ જેવો) એકમેક સંબંધ વસ્તુગત્યા થાય છે; ત્યારે જીવ મિથ્યાત્વાદિભાવોનો હેતુ બને છે. આ બધી પરિસ્થિતિનો ખુલાસો કરી શકવામાં નિશ્ચયનય ક્યાં ઊભો રહી શકવાનો ? એ તો વ્યવહારનય જ સુયોગ્ય સંગતિ કરી શકે છે. સમયસારમાં આવો આવો વ્યવહાર છે એ એમને માન્ય છે અને પૂ. સુધર્મા ગણધર મહારાજ જે કલ્યાણકારી અને વસ્તુસત્ વ્યવહારનું સમર્થન કરે છે, એમની અને તે વ્યવહારની સામે ઘુરકીયા કરવા છે ! એ કેવી ઉંધાઈ ગણાય ? અથવા સમયસારમાં આવા અનેક પ્રકારે વ્યવહારનું સમર્થન કર્યું છે તે ગાવું નથી, પણ નિશ્ચયનો જ પક્ષ તાણી છૂપાવવું છે, એ કેવી ચોરી ?



અગર તો વ્યવહારને નિંદવો છે એ ખુદ સમયસારનો જ કે એમના કર્તાનો કેવો ભયંકર દ્રોહ ?

(૧૫) સમયસાર ગાથા ૪૨માં કહ્યું કે **"જે પુદ્‌ગલ કર્મથી જીવને બદ્ધ સ્પૃષ્ટ કહે છે તે વ્યવહારપક્ષ છે. જે અબદ્ધસ્પૃષ્ટ કહે છે તે નિશ્ચયપક્ષ છે..." બંનેને અતિક્રાન્ત સમયસાર છે. કેમકે 'પક્ષ' મૂકી દેવાથી જ વીતરાગભાવ આવે.**

આમાં પહેલું એ જુઓ કે 'સમયસાર' એટલે કે આગમ રહસ્યને આ બંને પક્ષથી **પર** કહ્યું. હેતુ એ આપ્યો કે 'આગમ રહસ્યમાં તો વીતરાગ થવાની વાત આવે અને તે વીતરાગભાવ લાવવા માટે કોઈ પણ પ્રકારનો પક્ષપાત છોડી દેવો પડે.' શું સમજ્યા આમાં ? જેમ વ્યવહારપક્ષથી વીતરાગ ન થવાય તેમ નિશ્ચયપક્ષ રાખવાથી પણ વીતરાગ ન થવાય. એટલે શ્રી કાનજી જે નિશ્ચયપક્ષનું તાણે છે તે આના હિસાબે કેટલું વ્યાજબી છે ? ત્યારે હવે પ્રશ્ન રહે કે,

**પ્ર.**- તો વીતરાગભાવ કેવી રીતે આવે ?

**ઉ.**- ઉત્તર એ છે કે કક્ષા મુજબની સાધનાથી આવે. નીચેની ભૂમિકાને અશુદ્ધનયનો ઉપદેશ ફરમાવે છે તે સાધના, અને ઉચ્ચ કક્ષાએ પહોંચેલાને શુદ્ધયનયની દેશનાનુસાર સાધનો વીતરાગભાવ મળે. અહીં બદ્ધસ્પૃષ્ટની જે વાત કરી, તેમાં પણ કર્મ તો એના એજ છે; પરંતુ ક્યારેક **બદ્ધ,** ક્યારેક **સ્પૃષ્ટ,** ક્યારેક **નિકાચિત,** એમ જે બને છે તે શાના ઉપર ? કહેવું જ જોઈશે કે જીવની સાથે વિવિધ સંબંધના યોગે બદ્ધતા-સ્પૃષ્ટતાદિ છે. આ માટે વ્યવહાર વિના ક્યાં ચાલવાનું છે ? છતાં મહાપુરુષને વ્યવહારમૂઢતાની ગાળ દેવી છે ?

(૧૬) સમયસાર ગાથા ૧૪૯મીમાં વિવેચન કરે છે કે **"અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને (પુણ્યને) સારી સમજીને તેની સાથે રાગ અને સંસર્ગમાં પડે છે, તેથી કર્મબંધમાં પડી પરાધીન થઈ સંસારના દુઃખ ભોગવે છે."** આ કથનમાં પણ જુઓ કે વ્યવહારનું કેવું સચોટ સમર્થન કર્યું ! શુદ્ધનય-નિશ્ચયનયથી તો જીવ શુદ્ધ અને જ્ઞાની છે. પછી અજ્ઞાની જીવ કોણ ? અશુદ્ધ નિશ્ચયથી સંસારી અસર્વજ્ઞને અજ્ઞાની કહે તો પણ એ જીવ નિશ્ચયથી **કર્મપ્રકૃતિના** સંસર્ગમાં કેવી રીતે પડી શકે ? નિશ્ચયને એ **કર્મબંધમાં** ક્યાંથી પડી શકે ? વળી એને કર્મબંધના હિસાબે સંસારના દુઃખ ભોગવવાનું નિશ્ચયમતે ક્યાંથી હોય ? કેમકે સંસારના દુઃખ એટલે નરક-તિર્યંચ ગતિમાં બીજાઓ તરફથી થતા કાપાકાપી-મારપીટ-ત્રાસ-જુલ્મ વગેરેના દુઃખો; એ તો પરકૃત થયા તે જીવને વેઠવાનું નિશ્ચયનેય શાનું હોય ? આ બધા પ્રશ્નના સમાધાન માટે વ્યવહારનય જ પકડવો પડશે. વ્યવહારનો જ ઉપકાર માનવો જોઈશે કે જે આ બધાની ઘટિત વ્યવસ્થા કરી આપે છે. વળી જુઓ ગાથા ૧૫૭મીમાં



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

વિવેચે છે કે **'રાગી'** જીવ કર્મ બાંધે છે. આ જિનોપદેશ છે. તેથી કર્મમાં રાગ ન કરો.' આમાં શું આવ્યું ? વ્યવહારનું સમર્થન. જીવ કર્મ બાંધે એ તો વ્યવહારનયની માન્યતા છે. નિશ્ચયનયને તો પરદ્રવ્યની અસર ખપતી નથી.

(૧૭) સમયસાર ગાથા ૨૭૨માં કહે છે **"જીવને પરના નિમિત્તથી જે ભાવો થાય તે વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય પરાશ્રિત કહેવાય."** આમાં એટલું તો કબૂલ્યું કે જીવને પરનું નિમિત્ત લાગે; તેમજ તેથી જીવમાં ભાવો થાય. આ માન્યતા વ્યવહારમતની છે. વ્યવહારનયે જ પરનું નિમિત્ત લાગે; અને તે નિમિત્તે જીવમાં ભાવો થાય. એટલે **વ્યવહાર કાંઈ અસત્ય વસ્તુ નથી કરતો. એનું કહેલું આ જગતમાં અનાદિકાળથી સર્વ જીવોમાં અને જડમાં બની આવે છે. એમ, મોક્ષ માટેના પ્રાથમિક પ્રારંભમાં પણ વ્યવહારનું જ કહેલું કરવું પડવાનું છે.** એટલે વ્યવહારદૃષ્ટિ પણ પ્રબળ દૃષ્ટિ હોઈને એની કે એના પ્રરૂપકની નિંદા કરવી તે સરાસર અજ્ઞાન, દ્વેષ અને સત્યનો અપલાપ છે.

(૧૮) સમયસાર ગાથા ૩૨૮માં કહે છે કે **"પરિણામ-પરિણામીની ભેદ-દૃષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપી પરિણામોનો કર્તા જીવ જ છે. અભેદદૃષ્ટિમાં ચેતના માત્ર જીવ વસ્તુ છે."** એના વિવેચનમાં જણાવે છે કે **"કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે, અને આત્માને અકર્તા જ કહે છે. તેઓ આત્માના ઘાતક છે; 'આત્મા કથંચિત્' કર્તા છે, એવી જિનવાણીના વિરોધક છે."**

**જૈનમતે આત્મા કર્તા, અકર્તા બંનેય : તેથી જ વ્યવહાર પણ સાચો :-** અહીં પણ ખુદ સમયસાર ગ્રંથે જ નિશ્ચય-વ્યવહાર બંનેને કેવો સુંદર સરખો ન્યાય આપ્યો ! નિશ્ચયમતે પરિણામ-પરિણામીમાં અભેદ છે. વ્યવહારમતે એ બેની વચ્ચે ભેદ છે. વસ્તુનું સ્વરૂપ નિશ્ચય-વ્યવહાર ઊભય દૃષ્ટિથી નિર્ણીત થાય છે. અહીં પરિણામી આત્મા છે. પરિણામ એના પર્યાયો છે. માટે આત્મા અને એના પર્યાયો (અવસ્થાઓ) વચ્ચે ભેદ, અભેદ બંનેય છે. સોનાનો દાખલો લઈએ તો સોનામાં જે લગડીપણું નીકળી જઈ કંઠીનો ઘાટ (પરિણામ) થાય છે તે હિસાબે સોનું એ પરિણામી કહેવાય; ને કંઠીપણાનો પર્યાય એ પરિણામ કહેવાય. એવું જીવમાં મનુષ્યપણું વગેરે જે છે તે પરિણામ છે; ને જીવ એ પરિણામવાળો એટલે કે પરિણામી છે. અહીં નિશ્ચય વ્યવહાર બંનેથી વિચારીએ ત્યારે જ આત્મામાં ચૈતન્ય, સ્વભાવ, વિભાવ, બંધ, મોક્ષ વગેરે વસ્તુસત્ ભાવોની સંગતિ થઈ શકે. એકલા નિશ્ચયમતે તો પરિણામોનો અભેદ હોવાથી વિભાવ, બંધ, મોક્ષ વગેરે ચેતનથી અભિન્ન, જુદું કાંઈ જ નહિ. જે છે તે માત્ર ચેતન છે. તેથી આ તિર્યંચ, આ



મનુષ્ય, આ જીવ સંસારી, આ મુક્ત, એવો ભેદ રહેતો નથી; અને એવું કેમ મનાય ? તો તો પછી મોક્ષમાર્ગની સાધના જ ઊડી જાય. આ કારણે એમણે જ કહ્યું કે કોઈ નિશ્ચયનો એકાંત પકડનારાઓ જીવને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ માની એકાંતે કર્મનો અકર્તા જીવને કહે છે. પણ તે ખોટું કરે છે. કેમકે એમ કહીને એ આત્માનો જ ઘાત કરનારા અર્થાત્ આત્માના ક્રમિક સ્વભાવ-વિભાવ પર્યાયને ઉડાવે છે; આત્માનો સહજ સ્વભાવ જે ક્રમે ક્રમે પુરુષાર્થથી પ્રગટ થતો આવે છે, તેનો વિરોધ કરે છે. કેમકે નિશ્ચયમતે તો જીવમાં પૂર્ણ સ્વભાવ, પૂર્ણ ચૈતન્ય, પૂર્ણ અનંતજ્ઞાન સદા ઊભું જ છે, પછી એને ક્રમે પ્રગટ થવાનું ક્યાં રહ્યું ? ક્રમે પ્રગટ થવા માટે તો વ્યવહાર દૃષ્ટિની સહાય લેવી પડે. આમ પ્રત્યક્ષ સિદ્ધ અને વાસ્તવિક એવા ભિન્ન ભિન્ન આત્મ-પરિણામોનો જ અપલાપ કરવો, એટલે તો આત્માનો જ અપલાપ ઠરે છે. તેથી એ આત્માના ઘાતક કહેવાય. વળી શ્રી જિનવચન તો અનેકાંતપ્રતિપાદક છે, તેથી આત્માને કર્તા-અકર્તા ઉભય સ્વરૂપ માને છે. પછી 'કર્તા નથી' એમ કેમ કહેવાય ? એમ કહેવા જતાં તો ખુદ જિનવચનના વિરોધ કરનારા બનવું પડે ! વ્યવહારની આટલી બધી પ્રમાણ સિદ્ધતા અને ઉપયોગિતા હોવા છતાં, વ્યવહાર સામે બખાળા કાઢવા, એ નરી અજ્ઞાન દશા છે. **જિનમત માનવો અને વ્યવહારને નિંદવો એ 'માતા મારી વન્ધ્યા છે,' કે 'હું મૂંગો છું' એમ બોલવા જેવું છે. એને તો વદતો વ્યાઘાત કહેવાય. જિનવચન સારી રીતે વ્યવહારને પોષે છે, કેમકે એ જુએ છે કે બાહ્ય વ્યવહારથી જીવોમાં વિચિત્ર પરિણામો જન્મે છે; પછી એનો ઈન્કાર કેમ કરાય ? અલબત, નિશ્ચયની વસ્તુ ખોટી નથી; પણ તે પદાર્થના મૂળ સ્વરૂપ, મૂળ સ્વભાવ પૂરતી સાચી છે. બાકી મૂળમાંથી જે વિકારભાવ થયો,** અને એના ઉપર લોકમાં બધી વાસ્તવિક રીતભાત ચાલે છે, માત્ર કલ્પનાની રીતભાત નહિ, તેનો ખુલાસો વ્યવહારનયથી જ મળી શકે. તેથી વ્યવહારનયનો વિષય પણ સાચો જ છે, કાલ્પનિક નથી. માટે જ વ્યવહારનય પણ સાચો જ છે. વ્યવહારને જે અસદ્ભૂતાર્થ કહ્યો છે, તે નિશ્ચયની અપેક્ષાએ સમજવાનું છે; બાકી લોક વ્યવસ્થાની અપેક્ષાએ તો સદ્ભૂતાર્થ જ છે.

(૧૯) **"નિયમસાર"**ની ગાથા ૫૩માં કહ્યું છે, **"સમ્યગ્દર્શનમાં બાહ્ય નિમિત્ત જિનવાણી અને તજ્જ્ઞ પુરુષ છે..."** આ પણ શાનું કથન છે ? નિશ્ચયનું નહિ, વ્યવહારનું છે. નિશ્ચયનયે તો આત્મામાં સમ્યગ્દર્શન પડ્યું જ છે, તો એને ઉત્પન્ન જ ક્યાં કરવાનું છે કે જેથી બાહ્ય કે આભ્યન્તર નિમિત્તની જરૂર પડે ? છતાં અહીં સમ્યગ્દર્શન ઉત્પન્ન કરવા માટે જિનવાણી અને જિનવાણીના જ્ઞાતા પુરુષની આવશ્યકતા બતાવી. એ મળે તો સમ્યગ્દર્શન ઉત્પન્ન થઈ શકે; એટલા માટે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

જિનવાણી શ્રવણ અને જ્ઞાતા પુરુષના સત્સંગનો વ્યવહાર આદરવાની જરૂર કહી તો શ્રી કાનજી શું આ કહેનારને વ્યવહારમૂઢ ગણે છે ?

**પ્ર.**- પણ આ વ્યવહાર તો આટલો જ ને ? ત્યારે શ્વેતાંબરો જે વ્યવહારને વળગી બેઠા છે તે તો લાંબોલચક નિરર્થક વ્યવહાર છે; તેથી એ વ્યવહારમૂઢ કેમ નહિ ?

**ઉ.**- (૨૦) ઉપર કહેલી નિયમસારની ગાથા જેટલો જ વ્યવહાર કાનજીપંથને માન્ય દિગંબરોએ નથી કહ્યો. વિશેષ પણ ઘણો કહ્યો છે. ભગવતી આરાધના, શ્રાવકરત્ન, કરંડકાચાર, પ્રવચનસાર વગેરેમાં સારી રીતે વ્યવહાર આચરવાનો વિસ્તાર બતાવ્યો છે. દા.ત. જુઓ પ્રવચનસાર ગાથા ૨૬૮.

**'निच्छिदसुत्तत्थपदो समिदकसायो तवोधिगो चावि ।**
**लोगिगजणसंसग्गं ण जहदिजदि, संजदो ण हवदि ॥'**

**સૂત્રાર્થપદના નિર્ણયવાળો, શમિતકષાય, ને તપથી અધિક છતાં જો લૌકિક જનનો સંસર્ગ ન છોડે તો તે સંયત નથી.**

અલ્યા ભાઈ ! ચારિત્રને-સંયતપણાને નિશ્ચયથી શું આત્મસ્વરૂપની રમણતા સાથે સંબંધ છે કે બાહ્યથી લૌકિક સંસર્ગના ત્યાગ સાથે ? શું ભરત ચક્રવર્તી જેવાને લૌકિક સંસર્ગની વચમાં કેવળજ્ઞાન નથી થયું ? છતાં એ કેવળજ્ઞાન મેળવવાના રાજમાર્ગ નથી; રાજમાર્ગ તો લૌકિક સંસર્ગનો ત્યાગ કરી અઠ્ઠાવીસ મૂળગુણના પાલનનો વ્યવહાર માનો છો. તો પછી સારી રીતે વ્યવહારનો વિસ્તાર આચરવાનું 'પ્રવચનસાર,' ગ્રન્થ પણ ક્યાં નથી કહેતો ? તો શું એના કર્તાને વ્યવહારમૂઢ કહો છો.

**પ્ર.**- એ તો પાછા વ્યવહારનું ખંડન કરી સદ્‌ભૂત નિશ્ચયમાર્ગને સ્થાપે છે તેથી વ્યવહારમૂઢ શાના ?

**ઉ.**- તો એમ તો પૂ. ઉ. શ્રી યશોવિજયજી મહારાજે નિશ્ચયનું સ્થાપન ક્યાં ઓછું કર્યું છે ? અનેકાનેક સ્થળે એમણે કેવળ વ્યવહાર પકડી બેસનારને ખાંડ્યા છે; અને નિશ્ચયમાર્ગની અતિ ઊંચી આવશ્યકતા બતાવી છે. પછી કુંદકુંદાચાર્ય વ્યવહારમૂઢ નહિ, તો એય વ્યવહારમૂઢ શાના ? છતાં કહેતા હો તો તમારું હૃદય એ મહાપુરુષ અને એમના સત્યમાર્ગ પ્રત્યે દ્વેષભર્યું છે.

(૨૧) દિગંબરના **'ચારિત્રપાહુડ'** ગ્રંથની ગાથામાં ત્રીજા મહાવ્રતની ભાવનામાં લખ્યું છે કે **'નિર્ગ્રન્થ શૂન્ય ઘરમાં નિવાસ કરે; બીજાએ ત્યજેલા ઘરમાં રહે; બીજાના ઉપરોધ-અવરોધ વિનાના ઘરમાં રહે...'** આ સ્પષ્ટ વિસ્તૃત વ્યવહાર આચરવાનો



આદેશ નથી તો શું છે ?

(૨૨) વળી એમને ત્યાં કહ્યું છે કે **"શુદ્રના હાથનું જલ ત્યજે પણ ઉદ્દિષ્ટ આહાર લે એ મુનિ નથી."** -આ પણ વ્યવહાર છે કે મુનિએ શુદ્રના હાથનું પાણી ન લેવું; તેમજ ઉદ્દિષ્ટ એટલે કે સાધુના ઉદ્દેશથી બનાવેલો આહાર ન લેવો. હવે એમને પૂછીએ કે તમારે ત્યાં ભલા ! પોતાના આંતર પરિણામ શુદ્ધ હોય તો શુદ્રનું પાણી કે ઉદ્દિષ્ટ આહાર અજાણમાં લેવાઈ ગયો તેથી શું બગડવાનું હતું ? અને એ ન લેવાનો બાહ્ય વ્યવહાર કદાચ સાચવ્યો પણ આંતર પરિણામ શુદ્ધ નથી તો એ બહારના વ્યવહારથી શું સુધરી જવાનું ? છતાં વ્યવહાર વિના નિશ્ચયે નથી પહોંચાતું, માટે તો વ્યવહાર પર ભાર મૂકે છે; ત્યાં વ્યવહારમૂઢતા નથી માનતા !

(૨૩) વળી કહે છે **'ઉત્તમદાન કયું ? શાસ્ત્રદાન.'** અરે ! બંધનો આધાર તો પરિણામ ઉપર છે, ક્રિયા ઉપર નહિ. તો એમને વળી દાન શા ? ને શીલ શા ? પણ અહીં તો શાસ્ત્રદાનને ઉત્તમ ગણી આદરણીય માન્યું. એમાં તો શાસ્ત્રનું દાન કરનારનો ભણાવવા-સમજાવવા વગેરેનો વ્યવહાર, અને એ દાન લેનારથી શાસ્ત્ર સાંભળવા, પ્રશ્ન શંકા પૂછવી વગેરે બાહ્ય ક્રિયાનો કરાતો વ્યવહાર-એવો રીતસર વ્યવહાર માન્ય કર્યો.

(૨૪) એવા તો એમણે અવશ્ય આચરવાના અનેક વ્યવહાર માન્યા છે. દા.ત. મુનિએ બાહ્ય ઉપસર્ગ-પરીસહને સહવા જ જોઈએ. મુનિએ શહેરમાં રહેવું ન જોઈએ... રજસ્વલા સ્ત્રી મંદિરમાં ન જઈ શકે... લોચાદિ કષ્ટ અને બાહ્ય તપો આચરવા જ જોઈએ...

(૨૫) દિગંબરીય **'જ્ઞાનાર્ણવ'** ગ્રંથમાં લખ્યું છે કે **अन्तर्बाह्युभुवोः शुद्धयोगाद् योगी विशुध्य्यति । न ह्येकपत्रमालम्ब्य व्योम्नि पत्री विसर्पति ॥ -આંતર અને બાહ્ય બેઉ ભૂમિકાના શુદ્ધ યોગથી યોગી શુદ્ધ બની શકે છે, (પણ બેમાંથી માત્ર એકના શુદ્ધ યોગથી નહિ.) જેમકે, પક્ષી એક પાંખથી ગગને ઊડી શકતું નથી."** બાહ્ય ભૂમિકાનો શુદ્ધ યોગ એટલે બાહ્ય શુદ્ધ આચાર-મર્યાદાઓનો વ્યવહાર; એની પણ પુરી આવશ્યકતા માની. એય શ્રી કાનજીના હિસાબે તો વ્યવહારમૂઢતા જ ઠરશે ને ?

(૨૬) **'પંચાધ્યાય'**માં લખ્યું છે કે "જેમ જેમ વિશુદ્ધિની અંતઃપ્રકાશક વૃદ્ધિ થતી આવે છે, તેમ તેમ ઈન્દ્રિયોની વિષયો પ્રત્યે ઉપેક્ષા થાય છે," અર્થાત્ આંતર નિશ્ચયની બાહ્ય વ્યવહાર પર અસર પડે છે. ઈન્દ્રિયો જે આજસુધી વિષયો પ્રત્યે દોડવાના વ્યવહારવાળી હતી તે હવે વિષયોથી પાછી હઠવાના વ્યવહારવાળી બને છે. આવું બને તો જ અંદરનો નિશ્ચયધર્મ સાચો. આમ અહીં આ વ્યવહારને



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

આવશ્યક કહ્યો; ત્યારે કાનજીપંથીને નિશ્ચયની કોઈ અસર વ્યવહારમાં ઉતારવી નથી. કેમકે તો તો પછી પાપવ્યવહારો છોડવા પડે ને ? પછી એમના ભક્તોને ખાનપાનની લહેર, ધંધાધાપાની ધમાલ, વ્રતપચ્ચકખાણ વિનાની નિરંકુશ મનગમતી સ્થિતિ... વગેરે મૂકવું પડે ને ? અને એવું જો મૂકાવવામાં આવે તો એ લહેરી લાલા ભગતોમાં કોણ પછી ત્યાં ઊભો રહેવાયે તૈયાર હોય ?

(૨૭) **'ભાવપાહુડા'** ગાથા ૭૩માં કહ્યું છે કે **"મુનિ પહેલાં મિથ્યાત્વાદિ દોષનો ત્યાગ કરીને ભાવથી નગ્ન થાય છે, પછી દ્રવ્યથી જિનાજ્ઞા મુજબ દ્રવ્ય લિંગ બની (બાહ્ય નગ્નતા સાથે મોરપીંછ) પ્રગટ કરે છે."** અર્થાત્ અંદરખાને સમ્યગ્દૃષ્ટિ અને મહાવિરાગી બની સંસારથી અલિપ્ત થઈને બહારથી કપડાં મૂકી દઈ નગ્ન થાય છે; અને મુનિ તરીકેના વ્યવહાર આચરતો પૃથ્વી પર વિચરે છે. આમાં વ્યવહારની ક્યાં ઓછી મહત્તા છે ? નહિતર તો બહારથી નગ્ન થવાનું અને મુનિપણાના આચાર પાળવાનું કામેય શું હતું ? અંતરથી નિશ્ચયનયની નગ્નતા આવી ગઈ તો કામ થઈ જવાનું ! પણ જાણે છે કે બાહ્ય અશુભ વ્યવહાર ટાળી શુભ વ્યવહારમાં રચ્યો-પચ્યો રહેશે તો એ ક્રમે કરીને અપ્રમત્તતા વગેરે ગુણસ્થાનકો ચઢી કર્મક્ષય કરી સિદ્ધ બની શકશે. નહિ કે અંતરની નિશ્ચયની જપમાળા માત્રથી.

(૨૮) દિગંબરીય "પંચલબ્ધિ" ગ્રન્થમાં લખ્યું છે કે **"પદાર્થના બે ધર્મ છે- સામાન્ય અને વિશેષ, આ બંનેને માને તે જ્ઞાની છે. પણ એક સામાન્ય અર્થાત્ નિશ્ચયનયને જ માને તે અજ્ઞાની છે, એકાંત મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચયાભાસી મોંઢે બડી બડી વાતો કરે છે, પણ રાગદ્વેષ છોડવા તરફ એમનું લક્ષ નથી. એ તો પુણ્યભાવ છોડવાનું કહે છે. એમ કરી સારી પ્રવૃત્તિ છોડી અશુભાશ્રવની નિરર્ગલ પ્રવૃત્તિ કરી નરક નિગોદમાં જઈ પડે છે."** આમાં પણ નિશ્ચય અને વ્યવહાર બન્નેને માનવાનો કેવો સરસ અનેકાંતમાર્ગ બતાવ્યો. તેમજ એકલો નિશ્ચય નિશ્ચય કૂટનારા એ વસ્તુગત્યા સાચા નિશ્ચયવાદી નથી પણ નિશ્ચયનો આભાસ એટલે કે નિશ્ચયની ભ્રમણાવાળા છે; માટે જ અજ્ઞાન છે અને પ્રવૃત્તિ પણ અજ્ઞાનતાની કરે છે. કેમકે જે પુણ્યની પ્રવૃત્તિઓ અને પુણ્યના આચાર વ્યવહાર જે ખરી રીતે પુણ્યબંધ અને પાપક્ષય બંનેનો લાભ આપે છે, તેમજ આત્માને અધિકાધિક ગુણોની ઉન્નતિનો અભ્યાસ પાડે છે, તથા સારી પ્રવૃત્તિમાં રાખીને જીવના ખોટી પ્રવૃત્તિના કુસંસ્કારોના હ્રાસ કરે છે, તે પુણ્ય-પ્રવૃત્તિને નકામી ગણવી અને આચરવામાંથી ઉડાવી દેવી તે અજ્ઞાનતા નહીં તો બીજું શું ? વળી નિશ્ચયની વાત કરવા છતાં અંતરના રાગદ્વેષ એમ જ ઊભા રાખે છે. કારણ કે રાગ-દ્વેષને પોષનારા જગતના સંયોગો એમ જ સેવ્યે જાય છે; ત્યાં રાગદ્વેષ ક્યાંથી ઓછા થાય ? માટે જ



વ્યવહારમાર્ગની ઘણી ઘણી આવશ્યકતા છે જ. એનો ત્યાગ કરીને, તેમજ ઉપરથી માર્ગસ્થને વ્યવહારમૂઢતાની ગાળ દઈને નરક નિગોદની સ્થિતિ ઊભી કરે એમાં શી નવાઈ ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૧૪,તા.૪-૧૨-૧૯૫૪

## (૩૦) નિશ્ચય અને વ્યવહાર

(૨૯) **"પ્રવચનસાર"** ગાથા ૨૦૮ થી જુઓ કે આટલા બધા બાહ્ય વ્યવહારનો વિસ્તાર બતાવ્યો છે :-

**वयसमिदिंदिय-लोचावस्सयमचेलमण्हाणं ।**
**रिविदिसयणमदंतणवं ठिदि भोयणमेगभत्तं च ॥**
**एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता ।**
**तेसु पमत्तो समणो छेदोवट्ठाणगो होदि ॥**

**અર્થ :- પાંચવ્રત-પાંચસમિતિ-પાંચ ઈન્દ્રિયનિગ્રહ-લોચ-છ આવશ્યક-અવસ્ત્રતા- અસ્નાન ભૂમિશયન-દાતણ ન કરવું-ઊભા ઊભા (હાથમાં જ) ભોજન-દિવસમાં એક જ વાર ભોજન.**

**સાધુના આ (અઠ્ઠાવીસ) મૂળ ગુણ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા છે. એમાં પ્રમાદ (ભૂલ) કરનારો સાધુ ચારિત્રપર્યાયના છેદ કરાવાપૂર્વક ફરી વ્રતમાં ઉપસ્થાપનીય બને છે.**

આમાં ક્યાં વ્યવહારની આવશ્યકતાની કમી રાખી છે ? તો શું આ લખનારા પ્રવચનસારકર્તા વ્યવહારમૂઢ છે ? અથવા શું આ બધું લખવા છતાં આ ન આદરવા કહે છે ? અને શું આના વિનાજ માત્ર નિશ્ચય સાધનાથી મોક્ષ મળે છે એવું કહે છે ? ના, મોક્ષ-માર્ગની વાસ્તવિકતા આવશ્યક સાધન તરીકે જ આ બધો વ્યવહાર જરૂરાજરૂર આચરો, એમ કહે છે. એ વિના મોક્ષ નહિ થાય એમ કહે છે. એકલા નિશ્ચયની રટણાથી કશું નહિ વળે એમ કહે છે. તો પછી શ્વેતાંબર આચાર્યો પણ એમ જ વ્યવહાર માર્ગને વાસ્તવિક અને અવશ્ય આદરણીય કહે એમાં શું ખોટું કહે છે, કે જેથી એમને વ્યવહારમૂઢ કહેવા શ્રી કાનજી પ્રેરાય છે ? જુઓ કે,

(૩૦) ઉપરની જ ગાથાની **અમૃતચંદ્રીય ટીકામાં** લખ્યું છે કે **"નિર્વિકલ્પ**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**અવસ્થાના અર્થીએ પણ તે અવસ્થા ન આવે ત્યાંસુધી સવિકલ્પ સામાયિકના આ ગુણો બરાબર પાળવા.''** કેવું સુંદર વ્યવહારનું સમર્થન ! આ ગુણો કાંઈ અંદરથી પાળવાના અને બહારથી જુદું, એમ ઢોંગ નથી કરવાનો. 'બહારથી ચૂલો-દુકાન-ઘરકામ વગેરેના આરંભ-સમારંભ ભલે ચાલુ રહે, પણ અંદરખાને આત્માના નિશ્ચય શુદ્ધ પરિણામને ઓળખી અહિંસક ભાવમાં રહેવાનું; બહારથી ગમે તેમ ચાલવું-બોલવું-લેવું-મૂકવું, પણ અંદરખાને ઈર્યાસમિતિ ભાષા સમિતિનો ઉપયોગ રાખવાનો; ભલે બહાર ઈન્દ્રિયો વિષયોના સંબંધ રહે, પણ અંદરથી વિષયોથી અલિપ્ત, અનાસકત યોગી જેવા રહેવાનું... એથી જ કલ્યાણ થશે.'- આવો ઉપદેશ ઉપરની પ્રવચનસારની ગાથા અને ટીકાનો નથી. હોય તો નિશ્ચયપંથીઓ જણાવે. છતાં એકાંત નિશ્ચયવાદીને એવું બહાર જુદું અને અંદર જુદું ચલાવવું છે, અને પાછું કર્તવ્ય મનાવવું છે ! બાકી ઉપર લખ્યું તેમ અમૃતચંદ્રીય ટીકાનું એ કહેવું છે કે નિર્વિકલ્પ દશા જરૂર પામવા યોગ્ય છે. પરંતુ એકદમ નહિ મળે કે એકાએક નહિ આવે. અલબત એની અભિલાષા જરૂર રાખવાની. પણ સાથોસાથ ગાથામાં બતાવેલ અઠ્ઠાવીસ મૂળ ગુણો, મૂળ આચારો જરૂર આચરવાના. વળી એ પણ કહ્યું કે આ ગુણો, સવિકલ્પ અવસ્થાના છે. એટલે ? એટલે એ, કે સવિકલ્પ અવસ્થા પણ આદરણીય છે; એ અવસ્થાની કરણી પણ અવશ્ય કરવી જોઈએ. તોજ એ કરતાં કરતાં નિર્વિકલ્પ અવસ્થાના ધ્યેય સાથે નિર્વિકલ્પ દશામાં પહોંચી શકાય. વાત પણ બરાબર છે. કેમકે હજી જ્યાંસુધી એ ઊંચી અવસ્થા આવી નથી, ત્યાંસુધી જો મૂળ આચારો પાળવાના વ્યવહારમાં ન રહે તો શું કરશે ? એજ કે જે અનાદિ કાળથી કરતો આવ્યો છે. અર્થાત્ વ્રતથી અહિંસા-અપરિગ્રહાદિની પ્રવૃત્તિને બદલે અવિરતિથી હિંસા (આરંભ-સમારંભ) પરિગ્રહાદિની પ્રવૃત્તિમાં રચ્યો પચ્યો રહેવાનો. ભલે કદાચ અંદરથી આત્મસ્વરૂપ વિચારવા અને વીતરાગી દશા કેળવવાનો આભાસ કરશે પણ તેથી શું ? કેમકે આત્મસ્વરૂપનો વાસ્તવિક વિચાર તો જડની પ્રવૃત્તિથી ઘણો ઘણો સહેજે પાછો હઠાવી દે; સાચી વીતરાગી દશાની કેળવણી તો રાગપોષક ધૂમ પ્રવૃત્તિઓ પર ધરખમ કાપ મૂકાવી દે. એવું જ બહારથી પાંચ સમિતિમાં ન પ્રવર્તનારો ગમે તેમ ચાલવા-બોલવા ખાવામાં પડશે. એવી આચારના અભાવે બીજી ઈન્દ્રિય પરવશતા-સુખશીલતા-સ્નાન-સુંવાળી શય્યા, ચાંદીના થાળમાં. અનેકવારના ભોજન વગેરેની પ્રવૃત્તિ આત્માનું શું શું અધઃપતન નહિ કરે ? **આત્માના અવિકારી અને જડથી મુકત શુદ્ધ સ્વરૂપનો જે વિચાર કરવો છે એની વાસ્તવિક અનુકૂળતા ક્યાં એ સમજવા જેવું છે.** શું એ અનુકૂળતા વિકારક પ્રવૃત્તિ-પદાર્થો અને પ્રસંગોમાં, કે એનાથી રહિત દશામાં ? શું એ બહુ જડના ઘેરાવામાં



કે જડથી બહુ અલિપ્ત-દૂર રહેવામાં ?

(૩૧) પ્રવચનસાર ગા-૨૨૯ માં લખે છે કે,

**एक्कं खलु तं भत्तं, अपडिपुण्णोदरं जहालद्धं ।**
**चरणं भिक्खण दिवा, ण रसावेक्खं ण मधुमंसं ॥**

ગાથાનો અર્થ :- **''એક વાર ભોજન, તે પણ ઉનોદરી અને જેવું મળ્યું તે જ; વળી ભોજન માટે ભિક્ષાર્થે જવાનું; તે પણ દિવસના; એમાં રસની અપેક્ષા નહિ રાખવાની તેમ મધ-માંસ નહિ વાપરવાના.''**

(૩૨) અમૃતચંદ્રીય ટીકામાં લખે છે કે ''દોષિત આહાર નહિ લેવાનો... દ્રવ્ય હિંસા ભાવહિંસાનું કારણ છે.''

હવે આમાં પણ જુઓ કે ઠેઠ નિર્ગ્રન્થ અવસ્થાએ પહોંચેલ, મુનિને પણ કેવા કડક વ્યવહાર પાળવાનું સુંદર પ્રતિપાદન કર્યું ! હવે આપણે શ્રી કાનજીને પૂછીએ કે,

''મહાનુભાવ ! જેણે ઘર છોડ્યા, કુટુંબ છોડ્યું, સંપત્તિ છોડી આખો સંસાર ત્યજયો અને આત્મભાવમાં લીન રહે છે, એને હવે એક ભોજન શા અને ઉનોદરી શી ? એને ભિક્ષા માટે જવું જ પડે એ શું, અને દોષિત એટલે કે સાધુ-નિમિત્તે બનેલો આહાર ન જ લેવાય એ શું ? આ બધા બાહ્ય વ્યવહારની શી જરૂર ? હવે એ બેવાર-ત્રણવાર ખાય તોય એને નિશ્ચય સાધનામાં શો વાંધો આવવાનો હતો ? નિર્ગ્રન્થપણું ક્યાં ખોવાઈ જવાનું હતું ? ઉનોદરીને બદલે પૂરું પેટ ભરે તોય આભ્યન્તર સાધુતા-સર્વવિરતિને અને આત્માની આંતરિક જાગ્રતિને શું નડવાનું હતું ? શું પૂર્વે અનંતીવાર આવા દૈનિક એક ભોજન અને ઉનોદરીના વ્યવહાર નથી પાળ્યા ? જેમ શ્રાવકપણાના પ્રભુભક્તિ-પૂજા, સામાયિક, વ્રત પચ્ચકખાણ, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ અનંતી વાર કરી તેમ સાધુપણાની ક્રિયાઓ પણ અનંતીવાર કરી છે તો પછી તમારા મતે તો એ બધી નકામી અને મોક્ષમાર્ગની બહાર છે. તો પછી અહીં કેમ તમારાજ માનેલા મહાશાસ્ત્રમાં એક ભોજનાદિ બાહ્ય ક્રિયા, બાહ્ય વ્યવહાર ઉપર આટલો બધો ભાર મૂકયો ? શું એ કહેનાર કુંદકુંદાચાર્યનેય તમે વ્યવહારમૂઢ કહેવા તૈયાર છો ? ના, તો પછી સન્માર્ગસ્થ શ્રી સુધર્માગણધર મહારાજ તથા શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજને વ્યવહાર મૂઢ કહેવાનું ભયંકર પાપ કેમ કરી રહ્યા છો ?''

''ખરી રીતે તો એ જુઓ કે મહાવિદેહ ક્ષેત્રમાં જઈને ખુદ તીર્થંકરદેવ શ્રી સીમંધર ભગવાનના શ્રીમુખેથી મોક્ષમાર્ગના આદર્શને લાવનાર તરીકે તમે માનેલા



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

કુંદકુદાચાર્યે ઉપર બતાવેલી પ્રવચનસારની ત્રણ ગાથામાં ખરેખર વ્યવહાર પોષ્યો; સંસારના પાપથી બહાર નીકળી જઈ નિર્ગ્રન્થ બની એક માત્ર આત્મસ્વરૂપના ચિંતનમાં સમસ્ત જીવનકાળ પસાર કરનારા માટે પણ એ અઠ્ઠાવીસ પ્રકારનો મૂળાચાર અને આવા ઉનોદરી, રાત્રે નહિ પણ માત્ર દિવસે જ ભોજન, રસ નિરપેક્ષતા, ઈત્યાદિ બાહ્ય આચાર વ્યવહારો પાળવા આવશ્યક બતાવવા; ન પાળે તો આત્મકલ્યાણ ન થાય એમ સૂચવ્યું; તો પછી જે ગૃહસ્થો સંસારના ભરચક પાપમાં પડ્યા છે, એને શું કોઈ જ શુભ વ્યવહારની જરૂર નહિ ? એ માત્ર તમે માનેલો 'વ્યવહાર નકામો, વ્યવહાર અસત્યાર્થ, નિશ્ચય સત્યાર્થ' એવી એવી રટણાથી અને નિશ્ચય સાધનાના ઢોંગથી જ વીતરાગી દશા કેળવી કેવળજ્ઞાન અને મોક્ષ પામી જશે, એમ ? **બહું ઊંચે ચઢેલા નિર્ગ્રન્થનેય હજી ઊંચે જવા માટે કડક વ્યવહારની જરૂર છે, તો અઢાર પાપસ્થાનકના ખાડામાં પડેલા ગૃહસ્થને કડક કે પોચા શુભ વ્યવહારની શું જરૂર નથી ?** નથી લાગતું કે ગૃહસ્થોને શુભ વ્યવહારથી વંચિત રાખી કસાઈ કરતાં પણ અનેકગણું ભયંકર એનું ખૂન તમે કરી રહ્યા છો ? કેમકે શુભ વ્યવહાર ત્યજી અશુભ વ્યવહારમાં આત્માને રગદોળી એને અનુરૂપ આંતરિક પાપવૃત્તિઓ સેવીને નરકાદિ દુર્ગતિમાં અસંખ્ય મૃત્યુની ભયાનક પીડાઓ પામશે. જે કુંદકુંદાચાર્ય વગેરે ઉપદેશકો મોક્ષસાધકોને વ્યવહાર અવશ્ય આચરવા કહે છે. તે તો સાચેજ વ્યવહારમૂઢ નથી; પરંતુ તમે શું ખરેખરા નિશ્ચયમૂઢ નથી ?"

એ જુઓ કે જો કુંદકુંદાચાર્ય વગેરે ઉપદેશકો મોક્ષસાધકોને બાહ્ય વ્યવહારમાર્ગ અવશ્ય આચરવા કહે છે, તો તે તો નિશ્ચયમૂઢ નહિ કહેવાય, પણ તમે બાહ્ય વ્યવહારને નિંદી એકાંત નિશ્ચયમાર્ગનું એટલે કે નિશ્ચયાભાસનું આરાધન બતાવો છો તો તમે તો અવશ્ય નિશ્ચયમૂઢ છો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૧૫,તા.૧૮-૧૨-૧૯૫૪

## (૩૧) નિશ્ચય અને વ્યવહાર

### • સમયસારાદિ ગ્રન્થમાં નિમિત્તની અસરનું સમર્થન •

### (તથા એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસરનું સમર્થન)

**અત્યારસુધીમાં કાનજી મતના સમયસાર-પ્રવચન-સારાદિ ગ્રન્થોના જ આધાર બતાવી બાહ્ય વ્યવહારની આવશ્યકતા સાબિત કરી. તેમજ પૂર્વે શ્રીકાનજી અને એમના અનુયાયીઓ કેટલો બધો બાહ્ય વ્યવહાર પોતાના માનેલા ઈષ્ટની સિદ્ધિ અર્થે આચરે છે તે પણ બતાવ્યું હતું. વળી સાથે એ પણ બતાવ્યું હતું કે નિમિત્તની ઉપાદાન પર અર્થાત્ એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર થવાનું સમજીને જ એ લોકો કેટકેટલી પ્રવૃત્તિ કરે છે, અને એનું તેવા પ્રકારનું ફળ પણ કેવું કેવું દેખે છે હવે એ બતાવવું છે કે એજ સમયસારાદિ ગ્રન્થોમાં (૧) નિમિત્તની અસર એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર કેવી કેવી બતાવી છે, (૨) કાર્યને નિમિત્ત કારણની પણ કેવી અપેક્ષા રહે છે; અને (૩) સાધકે નિમિત્તનું અવલંબન કરવાનું કેવું કેવું ફરમાવ્યું છે !**

(૧) કાનજીમતવાળા કહે છે કે કુંદકુંદાચાર્યે ખુદ સીમંધર ભગવાનની સાક્ષાત્ વાણી સાંભળીને એ ભગવાનના વચનના આધારે જ સમયસારાદિ ગ્રન્થ રચ્યા. કહો, આમાં નિમિત્તની પ્રબળ અસર આવી કે નહિ ? કેમકે ભગવાનના શબ્દ એ જુદું દ્રવ્ય છે, કુંદકુંદાચાર્યનો આત્મા એ જુદું દ્રવ્ય છે, અને ગ્રન્થ લેખનમાં મષીના પુદ્ગલ એ અલગ દ્રવ્ય છે. છતાં એ કહે છે કે પ્રભુના શબ્દના આધારે જ આચાર્યે ગ્રન્થ લખ્યો. અર્થાત્ ગ્રન્થ નિર્માણરૂપ કાર્યનું ઉપાદાન તો મષી પુદ્ગલરૂપી પરદ્રવ્યે પ્રબળ અસર કરી. એવી રીતે એમાં જે કુંદકુંદાચાર્યની વિશેષતા ગાય છે ત્યાં પણ આચાર્યના આત્મદ્રવ્યરૂપી નિમિત્તે ગ્રન્થરચનાના કાર્યમાં પ્રબળ અસર કરી, 'ભરત ક્ષેત્રમાંથી બીજો કોઈ મહાવિદેહમાં જઈ આ રીતે ગ્રન્થ ન રચી શક્યો, તે કાર્ય કુંદકુંદાચાર્યે કર્યું.'- એવી માન્યતા સૂચવે છે કે ગ્રન્થની રચનામાં આચાર્ય મહાન નિમિત્ત બન્યા. એક બાજુ આટલા સ્પષ્ટ સૂચન કરવા, અને બીજી બાજુ પાછું એમ લોચા વાળવા કે 'એ તો સૌ સૌના સ્વતન્ત્ર પર્યાય જ્ઞાનીઓએ દીઠા હતા તેમ બની આવ્યા; એમાં ત્રણેય દ્રવ્યોના તે તે પર્યાયનો કાળ સાથે આવી ગયો, તેથી આપણે ભ્રમમાં પડીએ છીએ કે અન્ય દ્રવ્યના પર્યાયને અન્ય દ્રવ્યે કે એના પર્યાયે કર્યો.'-આ માનવું કેટલું બધું બેહુદું છે ? કેમકે તો જો ભ્રમમાં પડવાનું જ થતું હોય તો શું 'કુંદકુંદાચાર્યે મહાવિદેહમાં સાંભળેલા સાક્ષાત્ પ્રભુવચનના આધારે સમયસાર રચ્યો' એવા એવા કાનજીમતના કથન બધા ભ્રમરૂપ જ ને ? જાણી જોઈને ભ્રમ સેવવો એટલે પાગલતા કે બીજું કાંઈ ? જેમ પેશાબને કોઈ સ્પષ્ટ પેશાબ તરીકે જોવા-જાણવા છતાં 'આ ચાહ છે, કે દૂધ છે'-એમ કહે, તો એ પાગલ નહિ તો કેવો કહેવાય ?

(૨) શ્રી કાનજી સમયસાર પર કહે છે કે **'દરેક ગાથા મહામુનિના આત્માનુભવમાંથી નીકળેલી છે.'** અર્થાત્ ગાથા બોલાતી શબ્દરૂપ છે, ને લખાતી મષીરૂપ છે. એને ઉત્પન્ન થવાના મુખ્ય પ્રબળ સાધન તરીકે પોતાનું ઉપાદાન ન

કહ્યું પણ મુનિનો આત્માનુભવ કહ્યો. એટલે શું આવ્યું ? આત્માનુભવરૂપી નિમિત્તની ગાથારૂપી કાર્ય પર, જોરદાર અસર ! ક્યાં આત્માનો અનુભવ ! અને ક્યાં ગાથા પુદ્ગલ ! ગાથારૂપ પુદ્ગલ દ્રવ્ય ઉપર આત્મારૂપે પરદ્રવ્યની અસર !

(૩) સમયસારના અનુવાદકાર કહે છે કે (૧) **'આ અનુવાદ કરવાનું મહાભાગ્ય મને પ્રાપ્ત થયું. (૨) સર્વશક્તિનું મૂળ શ્રી સદ્ગુરુદેવ જ હોવાથી... (૩)આ અનુવાદમાં અનેક ભાઈઓની મદદ છે... (૪) આ અનુવાદ ભવ્યજીવોને યથાર્થ માર્ગ બતાવો, એવી મારી અંતરની ભાવના છે.'**

**જો નિમિત્ત કાંઈ જ કરી શકતું નથી, તો અનુવાદકારના આ વાકયો જાણે કેવા મદિરાપાનના કેફમાંથી બોલાયા-લખાયા ગણાય !** કેમકે એ નિમિત્તની નીતરતી પ્રધાનતા કહી રહ્યા છે; નિમિત્ત મહાકાર્ય કરે છે એમ કહી રહ્યા છે. (૧) 'અનુવાદ કરવાનું ભાગ્ય મને મળ્યું' એ કહેવાનો અર્થ એ છે કે 'અનુવાદરૂપી શબ્દરચના મેં કરી; શબ્દરચનાનું ઉપાદાન તો જુદી અવસ્થામાં હતું. પણ મારું નિમિત્ત પામી એ વ્યવસ્થિત શબ્દદેહ પામ્યું.' (૨) વળી પોતાની શક્તિનું મૂળ સદ્ગુરુને ગણ્યા ! અલ્યા ભાઈ ! શક્તિનું મૂળ સ્વકીય ઉપાદાન આત્મા કે ગુરુદેવ ? ગુરુદેવને સર્વ શક્તિનું મૂળ એટલે કે અનન્ય સાધન કહેવામાં નિમિત્તની પરદ્રવ્યની કેવીક મહાન અસર ગણી !! (૩) સાથે અનુવાદરૂપી મર્ષીકાર્યમાં બીજા ભાઈઓની મદદ જણાવી, એ પણ નિમિત્તને જ આગળ કર્યું ને ? છેવટે (૪) અંતરની ભાવના કહી કે આ અનુવાદ ભવ્ય જીવોને યથાર્થ માર્ગ બતાવો. નિમિત્તની અસર ન માનનારના મતે આ બની શકે ? યથાર્થ માર્ગદર્શન એ તો પોત પોતાના આત્મારૂપી ઉપાદાનનું કાર્ય છે. એમાં પરદ્રવ્યભૂત અનુવાદ ગ્રન્થરૂપી પુદ્ગલ શું કરી શકે ? છતાં એમને માર્ગદર્શનમાં અનુવાદને પ્રબળ નિમિત્ત બનાવવું છે. તે પણ પોતાની અંતરની ભાવના ! એટલે કે જાણે વસ્તુસ્થિતિ તેવા સ્વરૂપે જ બનો એવી હાર્દિક ઇચ્છા ! **આમ તો હૃદય એમ સમજે છે કે ભવ્ય જીવને માર્ગદર્શન થવામાં નિમિત્ત કે પરદ્રવ્ય અનુવાદરૂપી નિમિત્ત, અનુવાદરૂપી પરદ્રવ્ય માર્ગ દર્શનનું કાર્ય કરો.** આવી ભાવના ભાવવાનો શો અર્થ છે ? **'ધૂળથી પેટ ન ભરાય' એમ જાણવા છતાં ભાવવું કે 'આ ધૂળથી પેટ ભરાઓ' એ બેવકૂફી કે બીજું કાંઈ ?**

(૪) શ્રી કાનજી કુંદકુદાચાર્યના કથન તરીકે કહે છે કે 'આત્મદ્રવ્ય પ્રમત્ત નથી અપ્રમત્ત નથી. એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણકાર અખંડ છું.' આ મહામુનિનું કથન છે.' આમાં એમને પૂછો કે પ્રમત્ત નહિ અને અપ્રમત્તેય નહિ એવો શુદ્ધ આત્મા નિષેધ કરી શકે ? અર્થાત્ બેઉ અવસ્થા આત્માની નથી એવું શુદ્ધ આત્મા કહી શકે ? અને જો કહેવું છે તો બેમાંથી એક દશા તો



આવવાની જ. **શુદ્ધ બનેલા આત્મા તો સિદ્ધના આત્મા; એમને ક્યાં બોલવું જ છે ? ક્યાં નિષેધ કરવો છે ?** બોલનાર તો અસિદ્ધ છે. એ તો પ્રમત્ત કે અપ્રમત્ત હોય છે. એટલે ઉપરનું કથન 'મારી મા વંધ્યા' જેવું છે. છતાંય એવું કથન કેમ કરે છે ? **બીજા** જીવોને એમ સમજાવવા કે 'આત્મા પ્રમત્ત નથી અપ્રમત્ત નથી.' આ શબ્દોથી બીજા સમજો. એનું જ નામ નિમિત્તની અસર માની છે. નહિતર તમે તમારા મનમાં સમજી રાખોને ? બહાર કહેવાનું શું કામ છે ?

(૫) સમયસાર ગાથા ૧૨માં કહ્યું કે **"શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા પામેલાને શુદ્ધનય જાણવા યોગ્ય છે જ્યારે પૂર્ણતા ન પામેલા, પણ જે હજી સાધક અવસ્થામાં છે તે વ્યવહાર દ્વારા ઉપદેશવા યોગ્ય છે."** એમ કહીને એ સુચવ્યું કે એવા જીવને શુભ વ્યવહારનું નિમિત્ત અને એનો ઉપદેશ ખૂબજ અસર કરશે. આમાં નિમિત્તને ક્યાં જરાય નકામું ગણ્યું ? વિવેચનમાં લખે છે કે **'જેટલું અશુદ્ધ નયનું કથન છે એ યથાપદવી** (સ્વસ્થાનના હિસાબે) **પ્રયોજનવાળું છે.'** એનો અર્થ એ છે કે વ્યવહારાદિ અશુદ્ધ નયના કથનનું કોઈને કોઈ પ્રયોજન જરૂર છે, એટલે કે અમુક અમુક ફળ છે જ, કાર્ય છે જ. તો પછી એ કાર્યમાં નયનું કથન નિમિત્ત બન્યું જ. વિવેચનમાં વળી આના દાખલા માટે અશુદ્ધનયમાં સોળે સોળ વાલ શુદ્ધ સોનું લીધું. ત્યારે અશુદ્ધનયમાં એકથી માંડી પંદર વાલ સુધી શુદ્ધ સોનું લઈ એની સાથે અગ્નિપાકનું નિમિત્ત ગોઠવી બતાવ્યું, અર્થાત્ સોનું સંપૂર્ણ શુદ્ધ નથી થયું ત્યાં સુધી અગ્નિપાકની જરૂર છે. માટે જ વિવેચનમાં કહે છે કે **"એવી રીતે જે જીવોને સોળે સોળ વલા શુદ્ધ જ્ઞાન શ્રદ્ધાન પ્રાપ્ત નથી થયા એમને જિનવચનોનું સાંભળવું જિનગુરુની ભક્તિ કરવી, જિનબિંબ દર્શન ઈત્યાદિ વ્યવહાર માર્ગ પ્રવૃત્ત થવું પ્રયોજનવાન (સફળ) છે."** હવે કહો આમાં નિમિત્તની અસર ક્યાં ન માની ? નહિતર શુદ્ધિ તો આત્મગુણ છે, આત્મપર્યાય છે; એમાં બાહ્ય કાયિક વ્યવહારનું નિમિત્ત શું અસર કરી શકશે ? પણ ત્યાં સુધી સમયસારના વિવેચનમાં લખ્યું છે કે **"જો કોઈ વ્યવહારનયને અસત્યાર્થ જાણી છોડી દે તો શુભ ઉપયોગરૂપ વ્યવહારને છોડે અને શુદ્ધ ઉપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી; તેથી ઊલટો અશુભ ઉપયોગમાં આવી ભ્રષ્ટ થઈ ગમે તેમ સ્વેચ્છારૂપે પ્રવર્તે તેથી તો નરકનિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે."** ક્યાં કાનજીમતનું એક બાજુ આ પ્રતિપાદન ? અને ક્યાં બીજી બાજુ દરેક દ્રવ્યોના પર્યાયો સ્વતંત્ર અને નિયતરૂપે ગોઠવાયા હોવાનું અને તેથી પરદ્રવ્યના નિમિત્તથી એમાં કશો ફેરફાર ન થઈ શકવાનું પ્રતિપાદન ? એટલે જ ક્યાં સ્વાનુયાયીને શુભ નિમિત્તો મૂકાવી દેવાનું કાર્ય ? પછી ભલે સાક્ષાત્ ન મૂકાવ્યા પણ ઉપદેશ એવા રૂપનો કર્યો કે પરિણામ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

એ આવીને ઊભેલું આજે દેખાય છે.

(૬) સમયસાર ગાથા ૪૬ના વિવેચનમાં લખ્યું છે કે **"ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે વ્યવહારનય (નિમિત્તની પ્રબળતા) દર્શાવવાનું ન્યાયસંગત જ છે."** નહિતર તો (૧) પરમાર્થથી જીવ શરીરથી ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી **જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે** તેમ ત્રસ સ્થાવર જીવોને નિશંઃકપણે મર્દન કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે. તેથી બંધનો જ અભાવ ઠરશે. વળી (૨) પરમાર્થથી રાગદ્વેષમોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી 'રાગી-દ્વેષી-મોહી જીવ કર્મથી બંધાય છે, તેને છોડાવવો' એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે. તેથી મોક્ષનો જ અભાવ થશે. અર્થાત્ **બાહ્ય કાયાથી કરેલી જીવમર્દનાત્મક હિંસારૂપ નિમિત્તથી આંતર આત્મદ્રવ્ય પર અસર એટલે કે બંધપર્યાય થાય છે, એમ રાગદ્વેષ મોહના નિમિત્તે પણ આત્મા ઉપર અસર છે.** તો કહો આમાં પરદ્રવ્યની ક્રિયાની અને નિમિત્તની પ્રબળતા ક્યાં ઓછી સ્વીકારી ? **પછી પુણ્ય કાંઈ કરી શકતું નથી, ક્રિયાઓ નકામી છે, વગેરે કહેવું એ કેટલી મૂઢતા કહેવાય ?**

(૭) સમયસાર ગાથા ૭૦મીમાં કહે છે કે **''कोहाइसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदी । जीवस्सेवं बंधो ।।''** અર્થાત્ ક્રોધાદિ અશુભ ભાવમાં વર્તવા જીવને કર્મનો બંધ થાય છે." અહીં પણ શું માન્યું ? એજ, કે ક્રોધાદિ કષાયો જે કષાય મોહનીય નામના કર્મ **પુદ્ગલનો પર્યાય છે,** એનું નિમિત્ત પામીને આત્મા પર કષાયભાવ થઈને બંધ નામનો પર્યાય થાય છે. આવા એક દ્રવ્યે બીજા દ્રવ્ય પર અસર કરવાનું આવ્યું કે નહિ ? જીવબંધુનું ઉપાદાન તો આત્મા છે, છતાં એ સિવાય નિમિત્તની પણ જરૂર પડીને ? તો શ્વેતાંબર શાસ્ત્રે ફરમાવેલ શુભ નિમિત્તોનું આલંબન એવા ક્રોધાદિ અને કર્મબંધથી બચાવી શકે એમાં શું ખોટું છે ?

(૮) સમયસાર ગાથા ૮૦ માં લખે છે કે **''जीवपरिणाम हेदु कम्मत्तं पुग्गला परिणमंति । पुग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमइ ।।''** જીવના પરિણામ (પર્યાય)થી કાર્મણ વર્ગણાના પુદ્ગલો કર્મરૂપે પરિણામ પામે છે, અને પુદ્ગલ કર્મના નિમિત્તે તેમજ જીવ પણ પરિણામ પામે છે." આમાં કેટલો બધો સ્પષ્ટ **નિમિત્તપ્રભાવ** સૂચવ્યો છે ! કેવું સૂચવ્યું કે જીવ અને કર્મ પરસ્પરને પોતાના તે તે પરિણામ તરફ દોરે છે. ઉપાદાન એકલાથી કાંઈ થતું નથી. નિમિત્તની સહાયથી થાય છે, તેથી જ શ્વેતાંબરશાત્રો નિમિત્તથી આઘા રહી શુભ નિમિત્તને ખૂબ જ સેવવાનું કહે છે. આત્મા ભલે ઉપાદાન કારણ એટલે કે મુખ્ય કારણ હોય.



પરંતુ એના પર નિમિત્તની અસર છે એના ઉપર **પરદ્રવ્યની, પરદ્રવ્યના પર્યાયની અસર થાય છે. તેથી જ અશુભોપયોગના નિમિત્તભૂત સ્થાનો છોડી શુભોપયોગના સ્થાન સેવવાની મોટી જરૂર છે.** એટલે જ દાન, શીલ, તપસ્યા, ત્યાગ, વ્રત, પચ્ચકખાણ, સામાયિક, પૌષધ, પ્રભુભક્તિનાં વિવિધ અનુષ્ઠાનો, આ બધાની પરમ આવશ્યકતા છે. એને ઉડાવવામાં એ હેતુ બતાવવો કે બાહ્ય નિમિત્ત કે પરદ્રવ્ય આત્મા પર કશું કરી શકતું નથી, એ ઉપરની ગાથાના તાત્પર્યથી કેટલું બધું વિરુદ્ધ છે ?

(૯) હા, જેમ સમયસારની આગળ ગાથા ૮૧માં કહે છે **'णवि कुणइ कम्मगुणे जीवो, कम्मं तहेव जीवगुणे । अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोण्हंपि ।।'** અર્થાત્ જીવ કર્મના ગુણ નથી કરતો, કર્મ જીવના ગુણ નથી કરતો; છતાં અન્યોન્યના નિમિત્તના આધારે બંનેમાં પરિણામ થાય છે;' તેમજ શ્વેતાંબર શાસ્ત્રો કાંઈ એમ નથી કહેતા કે પુદ્ગલના ગુણ જીવમાં પેસી જાય છે. અગર જીવના ગુણ પુદ્ગલમાં પેસી જાય છે. એ તો કહે છે કે અનેકાંતવાદની રૂએ **સદસત્ કાર્યવાદ** અમે માનીને છીએ તેથી ઉત્પન્ન થનાર કાર્યની સત્તા એના ઉપાદાન કારણમાં કથંચિત્ પડેલી છે જ. એ હિસાબે જીવના શ્રદ્ધાનજ્ઞાનાદિ પરિણામ જીવમાં સત્તાગત છે જ, એ ગુણો પુસ્તકાદિ નિમિત્તથી આવરણ ખસીને પ્રગટ થાય છે; પણ એવું નથી કે પુસ્તકમાં જ્ઞાનગુણ હતો તે એણે આત્માને આપ્યો. એવું જ કર્મથી અશુદ્ધ જીવમાં થતા રાગાદિ પરિણામ પણ કાંઈ કર્મમાંથી સંક્રમણ નથી પામતા, પરંતુ આત્મામાં એ કર્મના આધારે અવશ્ય જન્મે છે. એમ કાર્મણ વર્ગણામાં અનંતગુણ રસ વગેરે પરિણામ (પર્યાય) થઈને જે કર્મ બન્યા, ત્યાં એ રસાદિ કાંઈ જીવમાંથી સંક્રાન્ત નથી થયા, પરંતુ જીવના રાગાદિ પરિણામના નિમિત્તે જરૂર થયા છે. એટલે પરિણામ થવામાં એકલું ઉપાદાન કાંઈ કરી શકે નહિ; કિન્તુ ઉપાદાનમાં પ્રગટતા એ પર્યાયોને નિમિત્તની અવશ્ય જરૂર પડે છે. માટે જ ઉપરની ગાથામાં **'अण्णोण्णणिमित्ते'** કહ્યું ત્યાં... નિમિત્તથી એમ ત્રીજી વિભક્તિ મૂકી, ત્રીજી વિભક્તિનો અર્થ કરણ, સાધન, આવશ્યક કારણ એવો થાય છે. દા.ત. 'અગ્નિથી ભાત રાંધે છે;' એમાં રસોઈ કાર્ય માટે અગ્નિ એ આવશ્યક કારણ છે; પરંતુ નહિ કે 'આવશ્યક કારણ તો એકલું ઉપાદાન છે, નિમિત્ત નહિ. નિમિત્ત તો માત્ર હાજર હોય એટલું જ.'- આવું નથી. સમયસારે નિમિત્તને માત્ર હાજર કહેવું હોત તો ત્રીજી વિભક્તિ ન લગાડત. તો તો સાતમી વિભક્તિથી કહેત. અર્થાત્ **'अण्णोण्णणिमित्ते'** એટલે કે અન્યોન્ય નિમિત્તની હાજરીમાં કાર્ય પરિણામ થાય છે. એમ કહેત.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

## (૩૨) નિશ્ચય અને વ્યવહાર

**પ્ર.**- તો ત્રીજી વિભક્તિનો સાતમીના અર્થમાં માની લઈએ તો ?

ઉ.- તે પણ નહિ માની શકાય. કેમકે તો પણ ‘નિમિત્ત’ શબ્દ નકામો ઠરત. માત્ર હાજરી જ કહેવી હોત તો તો **‘अण्णोण्णम्मि’ ‘अण्णोण्णसंनिधाने’** એવું કાંઈક કહેત. પણ અહીં તો ખાસ નિમિત્ત શબ્દ મૂક્યો છે, તે ઉપાદાનથી અને બીજા અનિમિત્ત પદાર્થોથી, (અકારણભૂત પદાર્થોથી) આ નિમિત્તભૂત-કારણભૂત ‘અન્યોન્ય’ ને જુદા પાડવા માટે મૂક્યો છે. આ **‘અન્યોન્ય’ને ખાસ નિમિત્તકારણ તરીકે કહેવા માટે જ નિમિત્ત શબ્દ અને ત્રીજી વિભક્તિ છે.** આટલું પણ જેને વ્યાકરણનું જ્ઞાન ન હોય એ છબરડા વાળે કે બીજું કાંઈ કરે ?

**સમયસારની ગાથા ૮૦-૮૧ નો** બરાબર અભ્યાસ કરતાં એ નિશ્ચિત ભાવ નીકળે છે કે “**(૧) એક દ્રવ્ય ભલે સ્વપર્યાયોનું બીજા દ્રવ્યમાં સંક્રમણ ન કરે છતાં બીજા ઉપર અસર કરી શકે છે, કરે જ છે.** એવી રીતે **(૨) ઉપાદાનકારણ ઉપરાંત નિમિત્તની માત્ર હાજરી નહિ કિન્તુ અસાધારણ કારણતા છે, અતિ આવશ્યકતા છે. નિમિત્ત એ ઉપાદાનને અવશ્ય તે તે પરિણામો, તે તે પર્યાયો તરફ દોરે છે. માટે જ એના વિના એકલું ઉપાદાન એમજ રહ્યું હતું. એ તો તેવા તેવા નિમિત્તોના પ્રભાવે તે તે પરિણામો પામ્યું.**” ત્યારે સમજો કે જીવ માટે જેમ કર્મ એ તદ્દન બાહ્ય નિમિત્ત છે તેમ શુભ ક્રિયાઓ પણ બાહ્ય નિમિત્ત છે. છતાં કર્મની જેમ કાર્ય કરનારી છે. એવી રીતે જેમ કર્મ એ પરદ્રવ્ય છે, તેમ બીજા સદ્ આલંબનોરૂપી પદાર્થો પણ પરદ્રવ્ય છે, અને એ અસર કરી શકે છે.

**(૧૦) સમયસાર ગાથા ૨૮મીમાં પરમાત્માની સ્તુતિનું સમર્થન** કરતાં વિવેચ્યું કે “છદ્મસ્થને પરનો આત્મા દેખાતો નથી, શરીર દેખાય છે. **તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાંતભાવ થાય છે.** આવો ઉપકાર જાણી આચાર્ય શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે. તથા **શાંતમુદ્રા દેખી અંતરંગમાં વીતરાગભાવનો નિશ્ચય થાય છે એ પણ ઉપકાર છે.**” આમાં પણ પરદ્રવ્ય અને નિમિત્તની કેટલી બધી અસર સૂચવી ! અને કેટલી બધી આવશ્યકતા બતાવી ! જો માત્ર શાંતમુદ્રા દેખીને પણ પોતાને શાંતભાવ થાય. તો એના ઉપરાંત શાંતભાવને લાવનારી ત્યાગ તપસ્યા સામાયિક પ્રતિક્રમણાદિ સાધનાઓ કે જે સીધી આત્માને અડે છે. એ આત્માને શાંત નહિ કરી શકે એમ માનવું બોલવું એ કેટલી ધિઠ્ઠાઈ કે મૂર્ખાઈ



ગણાય ? નહિતર અંતરંગ શાંતભાવ થવામાં તો ઉપાદાન કારણ આત્મા છે, અને જરૂરી અંતરની શુભભાવના તેમજ કષાયોપશમનો પુરુષાર્થ છે; પણ બાહ્ય અન્ય દ્રવ્યની શાંતમુદ્રાનો શો ઉપકાર ? બાહ્ય દર્શનક્રિયાનો શો ઉપકાર ? ત્યાંસુધી કહ્યું કે પ્રભુમાં વીતરાગતાનું અનુમાન દેહની શાંતમુદ્રાના આધારે થાય છે. ક્યાં એમનો શુદ્ધ આત્મા અને ક્યાં શરીર પુદ્‌ગલની શાંતમુદ્રા ! છતાં સૂચવ્યું કે આત્માની વીતરાગતાથી જડશરીરમાં શાંતમુદ્રા આવી છે. નિમિત્તની બલવત્તા આમાંથી સ્પષ્ટ સૂચિત થાય છે. તો જ અનુમાન થઈ શકે ને કે શરીર પર શાંતમુદ્રા છે તો આત્મામાં વીતરાગભાવ હોવો જોઈએ. ધ્યાન રાખજો આત્માની સ્વતંત્ર પર્યાય પરંપરા અને પુદ્‌ગલની સ્વતંત્ર પર્યાય પરંપરા માનનારાના હાથે આ લખાય છે કે આત્માની વીતરાગદશાના લીધે દેહમાં શાંતમુદ્રા હોઈ એનાં દર્શનથી વીતરાગતાનો નિશ્ચય થાય છે !

(૧૧) સમયસાર ગાથા ૮૮ માં કહે છે કે **“પુદ્‌ગલના વિકાર મિથ્યાત્વ, યોગ, અવિરતિ, અજ્ઞાન છે. જીવના પરિણામ ઉપયોગ, અવિરતિ, અજ્ઞાન... છે”** અહીં પણ **જીવના** પરિણામ જે ગણાવ્યા તે બરાબર કર્મ-**પુદ્‌ગલના** તેવા તેવા જ વિકારના ઉદયે થાય છે. એમ પરદ્રવ્યના ઉદયના નિમિત્તે થતા હોવાથી, **પરદ્રવ્યની** અસર આવી જ; નિમિત્તની અસર થઈ જ.

(૧૨) સમયસાર ગાથા ૮૯માં પ્રશ્ન કર્યો કે ‘શુદ્ધ ચૈતન્યને મિથ્યાત્વાદી શાથી ?’ વાત સાચી છે; ચૈતન્ય શુદ્ધ એટલે તો માત્ર શુદ્ધ જ્ઞાનાદિ ગુણમય કહેવાય. એમાં મિથ્યાત્વાદી દોષ ક્યાંથી સંભવે ? પછી સમયસારના કર્તાએ જ ઉત્તર કર્યો કે **“મોહના સંયોગથી આત્મામાં ઉપયોગના ત્રણ પરિણામ થાય છે.”** અહીં શું સૂચવ્યું ? એજ કે મોહનીયકર્મ જે જીવથી ભિન્ન વસ્તુ છે, એના સંયોગરૂપી **નિમિત્તને લીધે જ** આત્મામાં દોષમય વિકાર ઉત્પન્ન થાય છે. નિમિત્તની અસરનું શું આ સ્પષ્ટ સૂચન નથી ?

**પ્ર.**- દ્રવ્ય મિથ્યાત્વાદિ કર્મપુદ્‌ગલ જુદી વસ્તુ છે, અને અશુદ્ધ આત્મામાં થતા મિથ્યાત્વ મોહ વગેરેના પરિણામ એ જુદી વસ્તુ છે. આ પરિણામથી આત્મામાં દોષમય વિકાર થાય છે; પણ નહિ કે બહારના કર્મપુદ્‌ગલથી. પછી એમાં બહારનું નિમિત્તકારણ ક્યાં આવ્યું ? પુદ્‌ગલના પર્યાય પુદ્‌ગલમાં જ સ્વતંત્ર કાર્ય કરે છે. આત્માના પરિણામ આત્મામાં જ સ્વતંત્ર કાર્ય કરે છે, એમા પર નિમિત્તની અપેક્ષા ક્યાં આવી ?

ઉ.- ‘સ્વતંત્ર’નો અર્થ તમારો ખોટો છે. સ્વતંત્રનો સાચો અર્થ એ છે કે પુદ્‌ગલમાંથી પર્યાયો ઊંચકાઈને આત્મામાં નથી આવતા; પણ આત્મામાં સ્વંતત્રપણે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

જુદા પર્યાય જાગે છે, એટલો જ સ્વતંત્રનો અર્થ છે. બાકી આત્મામાં એ સ્વતંત્ર પર્યાય જાગવા માટે કર્મપુદ્‌ગલના પરિણામની અપેક્ષા તો રહે જ છે જ. તેથી જ

**દ્રવ્યના માનેલા અસત્ સ્વાતંત્ર્યનું ખંડન કરનારી દલીલો :-** (૧) કર્મ પુદ્‌ગલના બરાબર તેવા તેવા સમ્યક્ત્વરોધક, જ્ઞાનરોધક, વિરતિરોધક, વગેરે જુદા જુદા સ્વભાવ કેવી રીતે કહેવાય ? શું પોતાનામાં કોઈ સમ્યક્ત્વ-જ્ઞાન-વિરતિ વગેરે ગુણો છે કે એના પોતે રોધક, આવારક બને ? એ તો આત્માના તે તે ગુણ છે. તેને એ રોકે છે માટે તો એનામાં તેવા તેવા જુદા જુદા સ્વભાવ કહેવાય છે. નહિતર તો અજ્ઞાન દર્શનવાળાઓએ માન્યું તેમ ભાગ્યના કર્મના માત્ર બે ભેદ પડત. એક સારો, અને બીજો ખરાબ. એના બદલે કર્મના મૂળ આઠ ભેદ જ્ઞાનાવરણ, ને દર્શનાવરણ, ને વેદનીય, ને મોહનીય... વગેરે. પાછા એના ઉત્તર ભેદ એકસો અઠ્ઠાવન; એમાં મતિજ્ઞાનાવરણનો સ્વભાવ જુદો, ને શ્રુતજ્ઞાનાવરણનો સ્વભાવ જુદો, શાતા વેદનીયનો જુદો, ને મિથ્યાત્વ મોહનીયનો જુદો, એ શું ? વળી એ કર્મોમાં પુદ્‌ગલ વિપાકી પ્રકૃત્તિઓ જુદી અને જીવવિપાકી જુદી, એ શી રીતે ? પહેલો તે એ સવાલ થાય છે કે પુદ્‌ગલ વિપાકી કર્મ એટલે શું અને જીવવિપાકી એટલે શું ? આત્માના જ્ઞાનાદિ પરિણામની સાથે સંબંધ માનશો તો જ એ જુદા જુદા સ્વભાવનું સમર્થન-સ્પષ્ટીકરણ કરી શકશો. નહિતર પછી એમ લોચા વાળવા પડશે કે 'તે તે કર્મના તેવા તેવા સ્વભાવ છે.' પણ, 'એ શાથી', એનો ઉત્તર નહિ કરી શકો. 'એ કેવા કેવા ? એ સ્વભાવ શું શું કરનારા ?' એ નહિ કહી શકો. ઉપાદાન અને નિમિત્ત ઉભયવાદી એવા અમે તો કહી શકીશું કે આત્માના મતિજ્ઞાન ગુણને રોકવાના સ્વભાવવાળા કર્મને મતિજ્ઞાનાવરણ કહેવાય. આત્મામાં શાતા ઉત્પન્ન કરનાર કર્મ તે શાતાવેદનીય, આત્માને વિપરિત શ્રદ્ધા કરાવનાર કર્મ તે મિથ્યાત્વ મોહનીય કર્મ. પણ 'તે તે કર્મના તે તે સ્વભાવ શાથી, જુદા જુદા ચોક્કસ નામ શાથી ?' નિમિત્તની અસર ન માનનાર એવા તમારી પાસે એનો ખુલાસો નથી.

(૨) બીજું એ છે કે આત્મામાં ઘડીભર માની લઈએ કે અન્યની અપેક્ષા વિના સ્વતંત્રપણે જ ઉત્પન્ન થનારા એ અજ્ઞાન, મિથ્યાત્વ વગેરે દૂષણો છે; અને એમાં કારણભૂત પૂર્વ પૂર્વના દૂષિત સંસ્કારોની અસર છે; પરંતુ આત્મામાં ઘડીઘડીમાં શાતા-અશાતા થાય છે, એની પાછળ કોની અસર છે ? (૧) જો કહો કે મોહ-અજ્ઞાનની, તો કેવળજ્ઞાનીને માટે અજ્ઞાન નહિ હોવાથી શાતા-અશાતા પણ ન હોવી જોઈએ. ત્યારે (૨) જો કહો કે પૂર્વની શાતા-અશાતાની, તો તો એમને બંને હોવી જોઈએ, પણ તમે તો કેવળજ્ઞાની એકલી શાતા માનો છો, તેનું શું ? વળી



એકલી પણ શાતા હવે શાશ્વત કાળ સાથે રહેવી જોઈએ. કેમકે જેમ મોહનીયના કુસંસ્કારમાં તો પ્રતિપક્ષ તરીકે વૈરાગ્ય અને નિર્મોહતાની ભાવના હતી તેથી એના બળ ઉપર મોહના કુસંસ્કારો દૂર કરી શકાયા, પરંતુ શાતાની સામે પ્રતિપક્ષી તરીકે એવું શું છે કે જે શાતાના સંસ્કાર તોડી શકે ? અમે તો શાતા કર્મ **પુદ્‌ગલની** અસર માનીએ છીએ, તેથી એ કર્મ તૂટવાથી એની અસર તૂટે, તો પછી આત્માને શાતા-અશાતા ન રહે; એવું અમે કહી શકીશું. તમારી પાસે શો ખુલાસો છે ? તમારે તો કર્મ પુદ્‌ગલ સાથે આત્માને લેવાદેવા નથી.

(૩) ત્રીજી વાત એ છે કે કેરી વગેરે ફળની જેમ સ્થિતિનો (સમય મર્યાદાનો) પરિપાક કર્મપુદ્‌ગલમાં ઘટી શકે છે; પરંતુ આત્માના દોષમાં શી રીતે એ સંગત થાય ? એમાં દોષ અત્યારે અપક્વ છે, અને પછી પક્વ બનશે એ શું ? વળી એમાં કાળ સ્થિતિનો હ્રાસ-વૃદ્ધિ એ શું ? ત્યારે કર્મમાં જેમ કેટલાક સત્તાગત શાતા પુદ્‌ગલોનું બંધાતી અશાતામાં સંક્રમણ, કે પૂર્વબદ્ધ અશાતા પુદ્‌ગલોનું બંધાતી શાતા પ્રકૃતિમાં **સંક્રમણ** થાય છે, એવી રીતે આત્માના ભાવકર્મમાં શું ? આત્માના શાતા-અશાતા પરિણામમાં કેમ ઘટે ? પુદ્‌ગલમાં તો દળીયા છે. લોચા છે, તે શેરડીનો રસ લીંમડાના રસમાં કે લીંમડાનો રસ શેરડીના રસમાં પડી એકરૂપ થાય છે એમ પુદ્‌ગલકર્મમાં તો સંક્રમણ (મીલાવટ અને પરાવર્તન) થઈ શકે. પરંતુ આત્માના અમૂર્ત પરિણામનો એક બીજાના વિપરીત પરિણામમાં શું મીલાવટ અને શું પરાવર્તન ? એમાં તો બહુ થાય તો એક બળવાન પરિણામ બીજા નિર્બળ જ પરિણામનો નાશ કરી શકે. દા.ત. શાતાનો પરિણામ અશાતાના પરિણામનો નાશ કરી શકે; કિન્તુ શાતાનો શાતા રહે જ પરંતુ અશાતાનું શાતામાં પરાવર્તન અને વિદ્યમાન શાતામાં મિલાવટ શી રીતે થઈ શકે ?

(૪) ચોથો મુદ્દો એ છે કે આત્મામાં રાગદ્વેષ શાતા-અશાતા વગેરેના પરિણામો તો પડેલા છે, તો એક સાથે એ બધા ઉદયમાં કેમ નહિ ? પ્રગટ કેમ નહિ ? શાતાના અનુભવ વખતે અશાતા કેમ નહિ. અને ઘોર અશાતાના અનુભવ કાળે જ શાતાના અનુભવ કેમ નહિ ? પૌદ્‌ગલિકકર્મની અસર માનનારા અમારે ત્યાં બધું સમાધાન છે. કેમકે એ **પુદ્‌ગલ** તો એવી ચીજ છે કે કોઈના કાળપરિપાક થયો હોય, કોઈનો નહિ; કોઈનો વિપાકોદય ચાલે તો કોઈનો પ્રદેશોદય ચાલે; કોઈનો ક્ષયોપશમ હોય, તો કોઈનો ઉપશમ હોય, તો કોઈનો ક્ષય હોય. પુદ્‌ગલમાં આ પરિણામો સંભવે છે. તદનુસાર જીવમાં પરિણામ જન્મે છે. કેમકે જીવ ઉપર નિમિત્તભૂત એ કર્મપુદ્‌ગલની અસર થાય છે. પણ એવા કર્મ પુદ્‌ગલરૂપી નિમિત્તની અપેક્ષા વિના તો એકલા જીવનમાં એ જુદા જુદા પરિણામો ક્યાંથી ઘટી શકે ?

(૫) વળી જીવ તો પૂર્વ દોષ અને નવા દોષ માટે એનું એજ દ્રવ્ય છે. તેથી એમાં હજી કહી શકો કે પૂર્વ પૂર્વ દોષના આધારે નવા નવા દોષ જન્મે છે; પરંતુ ઉદય પામતા કર્મપુદ્ગલ અને નવા કર્મ બનનારી મૂળભૂત કાર્મણ વર્ગણાના પુદ્ગલો તો જુદાં જુદાં દ્રવ્ય છે. તે ય અનંતા અણુ દ્રવ્યો રૂપ છે; એમાં શી રીતે કાર્યકારણભાવ હોઈ શકે ? તમારે તો એક દ્રવ્ય બીજા જુદા દ્રવ્ય પર કાંઈ કરી શકતું નથી. તો પછી અમુક અમુક ચોકસ સ્વરૂપને ધરનારા નવાં કર્મ શી રીતે બની શકે ? કાર્મણ વર્ગણામાં રસ અનંત ગુણો વધવાનું, એમાંથી તે તે જ્ઞાનાવરણાદિ ભિન્ન ભિન્ન સ્વભાવના કર્મ રૂપે બનવાનું, અને તેવી તેવી અમુક જ સ્થિતિ રસ નક્કી થવાનું,- આ બધું શાના આધારે બને ? નિમિત્તની અસર માનનારા તો કહી શકશે કે **"જીવના** કષાયના પરિણામથી કાર્મણ **પુદ્ગલોમાં** અનંત ગુણ-રસ વધી જાય છે. શું ? પુદ્ગલનો રસ જીવથી વધી જાય છે. **જીવના** મિથ્યાત્વાદી ભાવોથી નવાં **કર્મના** સ્વભાવ-સ્થિતિ વગેરે નક્કી થાય છે." પણ નિમિત્તની મુદ્દલ અસર ન માનનાર એવા તમે આ નહિ કહી શકો. ત્યારે કદાચ તમે જો એમ કહેવા જશો કે,

**પ્ર.**- કાર્મણ પુદ્ગલોમાંથી કર્મ બનવા માટે જીવનું શું કામ છે ? પૂર્વ કર્મના ઉદયથી કર્મના વિકારભૂત જે મિથ્યાત્વાદિ પર્યાયો થાય છે, તેથી નવાં કર્મ અને એના પ્રકૃતિ સ્થિતિ-રસ વગેરેનું નિર્માણ થઈ શકે ને ?

**ઉ.** - આ કથન તમારા સિદ્ધાંતથી જ ખોટું છે. કેમકે એ પૂર્વના કર્મ પણ નવા બનનાર કર્મ કરતાં જુદું દ્રવ્ય છે, પર દ્રવ્ય છે. પર દ્રવ્ય નવાં કાર્મણ પુદ્ગલ ઉપર શું કરી શકે ? શી અસર થઈ શકે ? ત્યારે હવે તમારે એટલું કહેવું પડે છે કે,

**પ્ર.**- નવાં દ્રવ્યનાં ક્રમબદ્ધ પર્યાય એવા જ નક્કી થઈ ગયેલા છે, કેમકે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, અને એના પર્યાયોની હારમાળામાં પણ સ્વતંત્રપણે ક્રમસર પર્યાયો થવાનું નક્કી થઈ ગયું છે. એમાં કોઈ કાંઈ જ ફેરફાર કરી શકતું નથી. પછી તેવા પ્રકૃતિ-સ્થિતિ-રસાદિ કર્મ-પર્યાય બનવામાં શો વાંધો આવે ?

**ઉ.**- આમ કહો એનો અર્થ તો તમારો સિદ્ધાંત ચોક્ખો ગોશાળાનો ભવિતવ્યતા વાદ જ થયો કે બીજું કાંઈ ? એમાં મોટો દોષ એક એ છે કે પછી તમે એવું નહિ કહી શકો કે 'જીવ અજ્ઞાનથી ભટકે છે, દ્રવ્યદૃષ્ટિ કેળવે તો તરી શકે.' આવું ન બોલી શકાય. કેમકે એ તો એમ જ કહેવું પડે કે જીવની ભવિતવ્યતા જ એવી છે કે આજસુધી ભટકતો આવ્યો છે, ને અમુક વખતે એ તરશે. એટલે પછી ત્યાં કોઈ પુરુષાર્થને સ્થાન નહિ રહી શકે. એવી રીતે નીતરતા ભવિતવ્યતા વાદમાં કહો કે એકલા ક્રમબદ્ધ પર્યાયમાં અર્થાત્ એકાંત સ્વાતંત્ર્યવાદમાં 'હિંસાથી



કર્મ બંધાય જુઠથી કર્મ બંધાય...' એવું નહિ બની શકે. એ તો કર્મને બનવાનો એવો પર્યાય તે તે કાર્મણ પુદ્ગલના ક્રમબદ્ધ પર્યાયની હારમાળામાં નક્કી હતો તે પ્રમાણે જ બને છે. એમાં નથી તો જીવનો હિંસા પરિણામ કારણ, કે નથી તો ઉદિત જુનાં કર્મ પુદ્ગલનો પર્યાય હેતુભૂત. એ તો નવા કાર્મણ પુદ્ગલની નિયત ક્રમબદ્ધ પર્યાય ઘટના છે, કે તેવા પ્રકારનું કર્મ બની ગયું. આવો તમારો સિદ્ધાંત ફલિત થાય છે. ત્યાં સ્વભાવ, કાળ, કર્મ અને પુરુષાર્થ એ ચાર કારણો ઉડી જાય છે. એ જૈન મત ન હોય. ત્યારે જુઓ કે ખરેખર,

(૧૩) સમયસાર ગાથા ૧૨૭મી માં કહે છે કે **"રાગાદિ ભાવોમાં અહંબુદ્ધિ કરીને અજ્ઞાની જીવો, દ્રવ્યકર્મના હેતુભૂત જે અજ્ઞાનાદિ ભાવો તેના હેતુભૂત બને છે."** શું કહ્યું આમાં ? 'દ્રવ્ય-કર્મના હેતુભૂત અજ્ઞાનાદિ ભાવો.' અજ્ઞાનાદિભાવો જીવના પર્યાય છે. એ પર એવા કર્મદ્રવ્યનાં કારણ કહે છે. શું કાનજી મતના સ્વાતંત્ર્યવાદમાં આ ઘટે ? નિયત થઈ ગયેલા પર્યાયમાં આ સંગત થાય ? મનમાં તો એ બરાબર છે. હજી આગળ જુઓ.

(૧૪) સમયસાર ગાથા-૧૩૫મી માં **"આત્માના મિથ્યાત્વાદિભાવો હેતુભૂત થતાં કાર્મણ વર્ગણાગત દ્રવ્ય ખરેખર જીવ સાથે જ્યારે બંધાય છે ત્યારે જીવ મિથ્યાત્વાદિનો હેતુ થાય છે."** આમાં પણ કાર્મણવર્ગણાના પુદ્ગલ દ્રવ્યોનો જીવ સાથે બંધ થવામાં કારણભૂત આત્માના મિથ્યાત્વાદિ ભાવ કહ્યા ! વળી "જ્યારે એ બંધાય છે ત્યારે જીવ મિથ્યાત્વાદિનો હેતુ થાય છે." એમ કહીને એ બંધાયેલા કર્મદ્રવ્યને જીવ મિથ્યાત્વાદિ પરિણામ કરે એમાં પ્રયોજન કહ્યા. "જ્યારે...બંધાય ત્યારે જીવ...હેતુ થાય" એનો અર્થ જ એ કે મિથ્યાત્વાદિ ભાવોનો ઉપાદાન તરીકે હેતુ જીવ જ છે, પરંતુ એ હેતુ બનવાની શરત શી ? એજ, કે કર્મ બંધાય ત્યારે જીવ હેતુભૂત થાય. એ કર્મબંધની શરત જ કર્મની અપેક્ષા સૂચવે છે.

(૧૫) સમયસાર ગાથા ૪૨મી માં કહે છે કે **'જે પુદ્ગલથી જીવને બદ્ધસ્પૃષ્ટ (સામાન્ય બંધાયેલ અને ઘાડ બંધાયેલ) કહે છે તે વ્યવહારપક્ષ છે, અને સમયબદ્ધ સ્પૃષ્ટ કહે છે તે નિશ્ચયપક્ષ છે. સમયસાર એ બંનેને અતિક્રાન્ત છે. કેમકે પક્ષ મૂકી દેવાથી વીતરાગભાવ આવે.'** આમાં કોઈ એક પક્ષમાં ન તણાઈ જતાં બંનેથી અલિપ્ત રહેવાનું સમયસાર કહે છે. એમાં પણ નિશ્ચયપક્ષનેય મૂકવાનું કહ્યું ! ત્યારે શ્રી કાનજી નિશ્ચયને તાણે છે. વળી અબદ્ધસ્પૃષ્ટ પક્ષ મૂકવાનું કહ્યું તોજ વીતરાગભાવ આવે એમ કહ્યું; તો ત્યાં કયા જીવનો **સ્વાતંત્ર્યપક્ષ** રહ્યો ? તેમ નિયત ક્રમબદ્ધ પર્યાયભાવ પણ ક્યાં રહ્યો ? કેમકે કહ્યું ને કે પક્ષ મુકી દેવાથી વીતરાગભાવ આવે. એટલે કે તમારા ક્રમબદ્ધ નિયત (ચોકસ) પર્યાય તરફ ન જુઓ; તમે તમારે



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

નિમિત્તરૂપે પક્ષ મૂકી દેવાનો પર્યાય ઊભો કરો એટલે એની પાછળ અવશ્ય કાર્યરૂપે વીતરાગભાવનો પર્યાય ઊભો થશે. નિયત પર્યાયમાં થવાનું હોય તેજ બને, આપણું કર્યું કાંઈ ન વળે. અહીં તો નિમિત્ત અને પુરુષાર્થનો મહિમા ગાયો.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩,અંક-૧૮,તા.૮-૧-૧૯૫૫

## (૩૩) નિશ્ચય અને વ્યવહાર

(૧૬) સમયસાર ગાથા ૧૪૯ના વિવરણમાં કહે છે કે **''અજ્ઞાની જીવ પુણ્યકર્મ પ્રકૃતિને સારી સમજીને તેના રાગ અને સંસર્ગમાં પડે છે. અને બંધમાં પડી પરાધીન થઈ સંસારના દુઃખ ભોગવે છે.''** અહીં જે કહ્યું કે અજ્ઞાની જીવ અજ્ઞાનતાથી કર્મપ્રકૃતિના સંસર્ગમાં પડે છે; અર્થાત્ અજ્ઞાનતાના નિમિત્તથી કર્મબદ્ધનું કાર્ય ઊભું થાય છે; એ જ નિમિત્તની અસર આવી. આત્મદ્રવ્યથી પર એવા જ્ઞાનાવરણ-મિથ્યાત્વાદિ કર્મદ્રવ્ય ઉપર આત્માની અજ્ઞાનતાની અસર આવી. વળી કહ્યું કે 'બંધમાં પડી પરાધીન થઈ,'-એનો અર્થ એ છે કે જ્યાં માત્ર પોતાનામાં નવા દોષ જન્મતા હોય, ત્યાં પોતે એ દોષના **'બંધ'માં** પડ્યો ન કહેવાય. 'બંધ' તો કોઈ દ્રવ્યનો કહેવાય. ત્યાં તો 'એના ઉપાર્જનમાં પડ્યો, એનો વૃદ્ધિકારક બન્યો,'-એવી કોઈ ભાષા વપરાય. પણ 'બંધમાં પડ્યો'-કહે છે, એનો અર્થ તો **'પરદ્રવ્યના'** બંધમાં પડ્યો એવો થાય, એટલે કે પોતે પોતાના સંબંધમાં આવે એવા પરદ્રવ્યને ઊભું કર્યું. વળી જીવને પરાધીન થવાનું લખ્યું ત્યાં પણ દ્રવ્યનો સ્વાતંત્ર્યપક્ષ ઊડી ગયો. કેમકે જીવદ્રવ્ય કર્મદ્રવ્યને પરાધીન પડ્યો. આ રીતે નિમિત્તની અપેક્ષા, અને દ્રવ્ય-દ્રવ્યમાં પરાધીનતા, શ્રીકાનજીને ગમે તેટલી ઉડાવવી હોય પણ એ તો કોટે વળગ્યા જેવા છે. સમયસારમાં ડગલે ને પગલે એ આગળ આવીને ઊભી રહે છે. પોતાના ભાષણમાં પણ ઠામઠામ એનું સમર્થન આડકતરી કે સીધી રીતે થઈ જ જાય છે.

(૧૭) **સમયસાર ગાથા ૧૫૦માં કહ્યું કે ''રાગી જીવ કર્મ બાંધે છે, વિરાગી જીવ છોડે છે માટે કર્મમાં રાગ ન કરો.''** આમ કહેવામાં તો સ્પષ્ટપણે કહ્યું કે રાગી જીવ પોતાના રાગના નિમિત્તથી કર્મરૂપી પરદ્રવ્યને ઊભું કરે છે. એ જ આવીને ઊભી નિમિત્તની અને પરદ્રવ્યની અસર; તથા કર્મનો જીવ પર પરાધીનતા ! જીવ રાગ કરે તો કર્મ પરિણામ ઊભો થાય. 'કર્મમાં રાગ ન કરો' આ ઉપદેશ દેવાનું કારણ પણ શું છે ? જીવનો રાગ છોડાવવા માટે કહે છે. તો ઉપદેશ એ પરદ્રવ્ય છે એની આત્મા પર અસર માની.

**પ્ર.**- પણ અહીં તો રાગથી કર્મ એટલે ભાવકર્મ બંધાય; અર્થાત્ અશુદ્ધ આત્માનો એક આંતરિક પરિણામ લેવાય ને ?

**ઉ.**- ના, પૂર્વે કહી આવ્યા તેમ એ જો લેવો હોત તો ત્યાં ભાવકર્મ તો દોષરૂપ છે. તેથી કર્મ એટલે કે દોષ **'બાંધે છે'** એવો પ્રયોગ ન કરત, ત્યાં તો કહેત કે દોષ 'ઉપાર્જે' છે, દોષ 'વધારે' છે. અહીં તો 'બાંધે છે' 'છોડે છે' એવો ચોક્ખો પ્રયોગ જે થાય છે તે પરદ્રવ્યના સંયોગ અને વિયોગને કહી રહ્યો છે. બીજું એ પણ છે કે ભાવકર્મની સાથો સાથ દ્રવ્યકર્મનો બંધ બરાબર તેવો જ જે થાય છે, એ હિસાબે તો કર્મ પર જીવની અસર આવી જ. જીવના રાગને પરતંત્ર કર્મદ્રવ્ય બન્યું.

(૧૮) વળી આગળ સમયસાર વિવેચનમાં કહે છે કે **''સમ્યગ્દૃષ્ટિ જીવને બે ધારા છે, કર્મધારા અને જ્ઞાનધારા, બે ય પોતપોતાનું કાર્ય કરે છે. શુભાશુભ કર્મધારા જેટલા અંશે, તેટલા અંશે કર્મબંધ. શુદ્ધ સ્વરૂપનો વિચાર (વિકલ્પ) સુદ્ધાં કર્મબંધનું કારણ છે. શુભ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.''** આમાં પણ **'કર્મધારા' ''કર્મબંધ''** એ શબ્દો આત્માથી જુદા કર્મદ્રવ્યને સૂચવી રહ્યા છે, કે જે પરદ્રવ્યની ઉપર આત્માના રાગની અને વિકલ્પની અસર પડે છે, એમ અહીં કહ્યું. જુદાં કર્મદ્રવ્ય ન લેવાં હોત તો **'દોષધારા'** 'દોષોત્પત્તિ' એવો પ્રયોગ કરી શકત. વળી શુભાશુભ કર્મધારામાં તો વેદનીયકર્મ આવે છે, આયુષ્યકર્મ, શરીરકર્મ, શુભાશુભ નામકર્મ વગેરે આવે છે, શું એને આત્માના દોષ કહેશે ? આત્માના એ કર્મજન્ય ઔદયિકભાવ જરૂર છે; બાકી દોષ તરીકે તો અજ્ઞાન, મોહ, અવિરતિ વગેરે ગણાય છે. એટલે કર્મધારાનો અર્થ અનાદિથી આત્મામાં ચાલી આવતી કર્મદ્રવ્યના ગાઢ સંબંધની ધારા, એવો સમજવો જોઈશે. એમાં જીવ બદ્ધ કર્મદ્રવ્યને પરાધીન રહેવાનો જ. વળી કહ્યું કે, 'શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં કર્મબંધનું કારણ છે,' એ પણ વિચારવાન આત્મા અને કર્મદ્રવ્ય-બેનો મેળ સૂચવે છે; એક કારણ અને બીજું કાર્ય. બાકી જે શુદ્ધ પરિણતિને મોક્ષનું કારણ કહે છે એ શુદ્ધ પરિણતીનું કારણ એમને પૂછો; તેમ એ ક્યાં એટલે કે કયા ગુણસ્થાનકે આવે તે પૂછો. કેમકે શુદ્ધ પરિણતિમાં તો એ શુભ વિચારને, શુભ વિકલ્પને જરાય સ્થાન નહિ આપે. અર્થાત્ ત્યાં મનનો ઉપયોગ જ નહિ, માનસિક કોઈ ચિંતન નહિ એમ કહેશે, તો કહો, આ દશા ક્યાં આવે ? આ તો નિર્વિકલ્પ દશા થઈ. એ કાંઈ ચોથે-પાંચમે-છઠ્ઠે ગુણઠાણે હોય નહિ. તેથી શું સમ્યગ્દૃષ્ટિ, શું શ્રાવક, કે શું સાધુ-બધા જ એમના મતે **માત્ર કર્મબંધ કરનારા !** અને સંસારના રખડનારા ! વળી નિર્વિકલ્પ

બનવાની ભાવના પણ એક જાતનો વિકલ્પ છે, તેથી એ પણ બંધનકર્તા. આમ વિકલ્પો તો રહેવાના. તેથી જીવ ઊંચો જ નહિ આવવાનો. આવું એમના મતે ઠરવાથી જીવને મોક્ષની જ અસંભવિતતા થશે ! એકલા 'શુદ્ધ નિશ્ચય-શુદ્ધ નિશ્ચય'નું ગદ્ધાપૂંછ પકડી રાખવાથી, જુઓ, એમની કેવી દુર્દશા નીપજે છે !

(૧૯) વળી, એની જ આગળ સમયસાર વિવેચનમાં કહે છે કે **"શુભ પરિણામો (શુદ્ધ સ્વરૂપના વિચાર) ને હેયરૂપી ગણી તેમાં પ્રવર્તે છે, પણ નિરર્થક ગણી છોડી દેતા નથી. કેમકે સ્વરૂપ આલંબનમાં હજી સ્થિરતા નથી રહેતી. શુભ કર્મનો છોડી અશુભમાં પ્રવર્તતા નથી."** અહીં શુભ પરિણામને **હેય** ગણ્યા, છતાં **નિરર્થક** ન ગણ્યા. એમ આખો બાહ્ય શુભ વ્યવહાર ભલે **અંતે** હેય છતાં, તે પૂર્વે જરાય નિરર્થક નથી એમ માનવામાં એમને ક્યાં વાંધો આવે છે ? અને જો સાર્થક છે તો એની નિંદા કેમ કરી શકાય ? એની એકલી ત્યાજયતા કેમ ઉપદેશી શકાય ? બીજું શુભપરિણામમાં પણ મનોદ્રવ્યની રચના છે, એનું આલંબન આત્માને સાર્થક ગણ્યું. આ કેવી પરદ્રવ્યની ને નિમિત્તની સચોટ આવશ્યકતા અને અસર સૂચવી ? બીજું જે એ કહે છે કે શુભઆલંબનમાં સ્થિરતા નથી રહેતી, એ સ્થિરતા એટલે શું ? નિર્વિકલ્પ અવસ્થા જ ને ? તો તે લાવવા માટે વિકલ્પની જરૂર ખરીને ? અર્થાત્ પરના ટેકાની જરૂર ખરી ને ? તો પછી એમાં આત્મદ્રવ્યનું સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ? નિયત ક્રમબદ્ધ પર્યાય ક્યાં રહ્યા ? આ તો 'આમ કરે તો આમ થાય' એ આવ્યું. બીજું જે કહ્યું કે **'શુભ કર્મોને છોડી અશુભમાં પ્રવર્તતા નથી'** આ કહેવામાં તો હદ વાળી દીધી ! પોતાના જ બાહ્યવ્યવહાર-ઉત્થાપક સિદ્ધાન્ત ઉપર કુઠારા ઘાત કર્યો ! પ્રશ્ન તો એ છે કે શુભ કર્મોને આવ્યા શી રીતે ? શુભકર્મને ઊભા શી રીતે કર્યા ? એને કેવા માનીને આદર્યા ? જરૂરી કે બીન જરૂરી ? મોક્ષહેતુ કે સંસારહેતુ ? શુભકર્મ ઊભા કર્યા તે સારું કર્યું કે ખોટું ? શુભકર્મોને છોડી દેતા નથી એનો અર્થ તો એ થયો કે એ ઉપયોગી બને છે. એકબાજુ આટલી બધી સ્પષ્ટ વ્યવહારની અને પરનિમિત્તની આવશ્યકતા સૂચવવી, ને બીજી બાજુ પુણ્યક્રિયાઓને નિંદવી, મૂકી દેવી, મૂકાવી દેવી,-એ કેટલું પરસ્પર બેહુદું છે ? એની નિંદા અને ત્યાગ કરતાં એમનું મોઢું અને કાયા કેમ ન લાજે ? જો ઉપાદાન આત્મા સિવાય જડકાયાની શુભ ક્રિયા કાર્યમાં નિમિત્ત જ નથી અને તે અણસમજમાં પકડાઈ ગઈ હતી, તો એ છોડી કેમ ન દેવી ? છોડી દેનારને શું નુકશાન ? ત્યારે જો નુકશાન હોય તો ત્યાં પણ જડકાયાથી શુભક્રિયાનો ત્યાગ એ ચેતન આત્મા ઉપર નુકસાનની અસર કરનારો બન્યો ! પરનિમિત્તની અસર કેમ નહિ ?



(૧૯-૨૧) સમયસાર ગાથા ૧૭૩-૭૬ ટીકા-વિવેચનમાં લખે છે કે (૧૯) **"દ્રવ્ય આશ્રવોના ઉદયને અને જીવને નિમિત્ત-નૈમિત્તિકભાવ છે..."** (૨૦) **"દ્રવ્યાશ્રવનો ઉદય થતાં જીવ જે પ્રકારે એમાં જોડાય (તેને જે પ્રકારે ભાવાશ્રવ થાય) તે પ્રકારે દ્રવ્યાશ્રવો નવીન બંધના કારણ થાય. ભાવાશ્રવ ન કરે તો બંધ થતો નથી..."** (૨૧) **"જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે."**

અહીં, (૧૯) દ્રવ્યઆશ્રવ અને જીવનો નિમિત્ત-નૈમિત્તકભાવ એટલે દ્રવ્ય આશ્રવ એ નિમિત્ત અને ભાવાશ્રવ એ નૈમિત્તક=કાર્ય એવો બે વચ્ચે ભાવ શાથી એ મોટો પ્રશ્ન છે. બેને શો એવો મેળ છે કે આ ભાવ ઊભો થયો ? જો અસર જ નથી, કાર્ય-કારણપણાનો સંબંધ જ નથી તો નિમિત્ત નૈમિત્તિક ભાવ શાનો ? જો કહો કે,

**પ્ર.**- મેળ **હાજરીનો** છે ને ? નૈમિત્તિક છે ત્યાં નિમિત્ત હાજર છે.

**ઉ.**- એમ તો જેમ નૈમિત્તિક છે, તેમ એજ વખતે જગતમાં બીજા કાર્યો પણ છે તો એ નિમિત્ત હાજર હોવાથી શું એ બધાની પ્રત્યે નિમિત્ત કહેવાશે ? દા.ત. ઘડો બન્યો ત્યાં ચાકડો હાજર છે. તો ચાકને નિમિત્ત અને ઘડાને નૈમિત્તક કહી બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ માનો છો. હવે ત્યાં જ માનો કે વરસાદ પડ્યો, અથવા પ્રકાશ પથરાય છે, કે વાયુ ચાલે છે, તો શું ત્યાં હાજર એવો પેલો ચાકડો એ વૃષ્ટિમાં, પ્રકાશમાં કે વાયુગતિમાં નિમિત્ત કહેવાશે ? ત્યારે જો કહો કે,

**પ્ર.**- વરસાદ વગેરે તો બીજે પણ બનતા હોય છે. ત્યાં ક્યાં બધે ચાકડો હાજર જ હોય છે ? તેથી એ શાનો એમની પ્રત્યે નિમિત્ત કહેવાય ?

**ઉ.**- એ તો કારણનું જ સ્વરૂપ કાઢી રહ્યા છો, ખેર ! પણ જેમ ઘડો બનવામાં ચાક હાજર જ હોય છે તેમ એ ઉત્પન્ન થતા ઘડાનો આકાશ સાથે સંયોગ થવામાં એ બધે મોજુદ છે, તો શું ઘટાકાશ સંયોગની પ્રત્યે પણ ચાકને નિમિત્ત ગણશો ?

**પ્ર.**- ચાકને શાનું નિમિત્ત ગણાય ? કેમકે એ હાજર ભલે હોય; પણ ઉત્પન્ન થતા ઘડાનો અને આકાશનો સંયોગ થવામાં ચાક કંઈ આવશ્યક નથી ગણાતો; તેથી નિમિત્ત શી રીતે કહેવાય ?

**ઉ.**- તો એનો અર્થ તો એજ ને કે જે જે નૈમિત્તિક જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં ત્યાં બધે જે હાજર અને આવશ્યક હોય, તેને નિમિત્ત કહેવાય ? એકલી હાજરીથી નિમિત્તતા નહિ, પણ આવશ્યકતા સાથે જોઈએ એમ જે કહો છો ત્યાં 'એકના હોવામાં જ બીજું જન્મે, ન હોય તો ન જ જન્મે' એવું થયું; એનું જ નામ



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

કારણતા છે. **માટે જ 'નિમિત્ત-નૈમિત્તિક'** સંબંધ કહો કે **'કાર્યકારણ'** સંબંધ કહો, એક જ વસ્તુ ઠરે છે. હા, ક્યાંક 'પ્રયોજ્ય-પ્રયોજકભાવમાં પણ નિમિત્ત-નૈમિત્તિકતા કહી શકાય છે. દા.ત. કહીએ કે 'બિલાડીના આગમનથી ઉંદર દેખાતા નથી- આમાં, ઉંદરના અદર્શનમાં બિલાડીનું આગમન પ્રયોજન છે, એવું જ એ નિમિત્ત છે, એમ પણ કહી શકાય. પરંતુ 'નિમિત્ત, પ્રયોજક કે કારણ કશું જ કરતું નથી,'- એ કહેવું ખોટું છે. એ વસ્તુ સ્પષ્ટ છે કે બિલાડીના આગમને જ ઉંદરોને અદૃશ્ય કર્યા. એટલે તમારે કારણના લક્ષણ બધા જ લેવા છે, અને 'કારણ' શબ્દ નિષેધવો છે, એ તો શબ્દવૈર છે.

(૨૦) **''દ્રવ્યઆશ્રવોનો ઉદય થતાં જીવ જે પ્રકારે એમાં જોડાય (તેને જે પ્રકારે ભાવાશ્રવ થાય) તે પ્રકારે દ્રવ્યાશ્રવો નવીન કર્મબંધના કારણ થાય.''** સમયસારના આ કથનમાં પણ નિમિત્તની કેટલી સ્પષ્ટ અસર સૂચવી છે ! પહેલાં કહ્યું કે, **દ્રવ્યાશ્રવનો ઉદય થતાં જીવ જોડાય અગર ન જોડાય,' એનો અર્થ એ કે 'ઉદય ન થતાં તો ન જ જોડાય' માટે જીવને ભાવાશ્રવમાં જોડાવામાં કારણ બન્યો દ્રવ્યાશ્રવનો ઉદય.'** ક્યાં જીવદ્રવ્ય અને ક્યાં દ્રવ્યાશ્રવનું ઉપાદાનભૂત કર્મ-પુદ્ગલ દ્રવ્ય ! બે ય સ્વતંત્ર છતાં એકના આધારે બીજાને ચાલતો માન્યો. ખરે !... પછી કહ્યું કે **'જીવ જે પ્રકારે જોડાય તે પ્રકારે દ્રવ્યાશ્રવો નવીન બંધના કારણ થાય.'** એટલે કે દ્રવ્યાશ્રવથી નવીન કર્મબંધ થાય ખરો, પણ જીવ જે પ્રકારે ભાવાશ્રવ કરે તે અનુસાર બંધ થાય. આમ કહેવામાં નિમિત્તકારણતાની ક્યાં બાકી રાખી ? કેમકે **કર્મપુદ્ગલનો બંધ થવામાં નિયામક તરીકે આત્માનો ભાવાશ્રવ-પરિણામ ગણ્યો.** એજ વસ્તુ સ્પષ્ટ કરીને પાછી કહી કે **'ભાવાશ્રવ ન કરે તો બંધ ન થાય.'** અરે ભલા ! બંધ એ તો કર્મપુદ્લનો પર્યાય છે, જ્યારે ભાવથી આશ્રવ એ અશુદ્ધ જીવનો પર્યાય છે. જ્યાં તમારે તો એકાન્તે નિયત ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાન્ત છે ત્યાં વળી 'આત્મા ભાવાશ્રવ ન કરે તો કર્મ ન બંધાય,' એ શું ? ભાવાશ્રવ હોય તો બંધ થાય, ન હોય તો ન થાય, એનું નામ 'અન્વયવ્યતિરેક' છે; અને તે કારણતાનો નિશ્ચય કરાવનારા છે. માટે નિમિત્ત એ કારણ અવશ્ય છે.

(૨૧) કહે છે કે 'જ્યાંસુધી કર્મનું સ્વામીપણું' રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે. આમાં જીવને કર્મનો કર્તા માન્યો ! કર્મ પુદ્ગલ છે, એના બંધમાં જીવ કર્તારૂપે કારણ ગણ્યો; પછી ભલે જીવ કર્મના ઉદયમાં પરિણમે તો જ કારણ; પરંતુ એમેય કર્તા તો ખરો જ ને ? તો પછી કર્મદ્રવ્યનું સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ? વળી જે કહ્યું કે 'કર્મના ઉદયમાં જીવ પરિણમે છે.' એમાં પણ જીવને પરિણમવામાં કર્મ પુદ્ગલનો ઉદય પર્યાય કારણભૂત ગણ્યો; ભલે



સ્વામીપણું રાખવાની અજ્ઞાનતાથી જીવ પરિણમ્યો, પણ જીવ પરિણમ્યો એમાં કર્મોદય કારણ બન્યો ને ? આમાં ના નહિ કહેવાય, કેમકે જીવ પરિણામનો પર્યાય કર્મઉદયના અનુસારે થયો ને ? એનું જ નામ પરદ્રવ્યની કારણતા; એજ નિમિત્તની અસર, અજ્ઞાનતા છતાં કર્મદ્રવ્યનો ઉદય ન હોય તો જીવદ્રવ્ય પરિણમતું નથી; એ જ સૂચવે છે કે કર્મનો ઉદય અતિ આવશ્યક નિમિત્તકારણ છે.

(૨૨) આજ વાત **સમયસારની ગાથા ૧૯૧મીમાં કરી છે. આશ્રવભાવ ન હોય તો કર્મનો પણ નિરોધ, કર્મ નહિ તો... સંસાર નહિ.'** શું કહ્યું ? આત્મામાં ભાવાશ્રવ રાગદ્વેષાદિ હોય ત્યાંસુધી આત્મા પર જડ કર્મનો બંધ, અને મનુષ્યપણું વગેરે સંસારી અવસ્થા છે. આત્માની અપેક્ષાએ કર્મ એ પરદ્રવ્ય છે, મનુષ્યપણું એટલે મનુષ્ય શરીરાદિ, એ પણ પરદ્રવ્ય છે. એ બંનેમાં આત્માના ભાવાશ્રવ પરિણામને કારણ ગણ્યો; તેથી જ કર્મ એ પરદ્રવ્ય આત્માને આધીન બન્યાં. વળી એવા ભાવાશ્રવ પરિણામના અભાવે કર્મ અને સંસારનો પણ અભાવ ગણ્યો-આ બધામાં નિમિત્તની પ્રબળ અસર સ્વીકારી. એવી નિમિત્તકારણતાને બીજી બાજુ કાનજીમતવાળા ઉડાવે એ કેટલું બધું એમના જ શાસ્ત્રથી વિરુદ્ધ છે !

(૨૩) **સમયસારની ગાથા ૧૯૪મીમાં કહે છે કે, ''પરદ્રવ્ય ભોગવતાં કર્મોદય નિમિત્તે જીવને શાતા-અશાતા સુખ-દુઃખ નિયમથી ઉત્પન્ન થાય છે.''** આમાં પણ આત્માને ચોકખો પરદ્રવ્યનો ભોગ માન્યો. એમાં જેવું જેવું પરદ્રવ્ય ભોગમાં આવશે તેવી તેવી શાતા-અશાતા આત્માના અનુભવમાં આવશે; એ પરદ્રવ્યની **પરાધીનતા** થઈ. તો સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ? દા.ત. મીઠી સાકર ખાતાં કે કોમળ શય્યા પર સુતાં શાતા અનુભવાશે, કડવો એળીયો કે અણીયાળા ભંઠીયાવાળી બરછટ જમીન ઉપભોગમાં આવતાં અશાતા અનુભવાશે. શાતા-અશાતાનો પરિણામ આત્મામાં થાય છે. એવા આત્મપરિણામની પ્રત્યે પરદ્રવ્યો સાકર-એળીયો વગેરેની કેવી અસર માની ! કેવી કારણતા માની ! પાછું ત્યાં આંતરિક કારણ કર્મનો ઉદય ગણ્યું. અર્થાત્ સાકર દ્રવ્યનો સંયોગ શાતા નામના કર્મપુદ્ગલને ઉદયભાવ પામવામાં નિમિત્ત થાય છે, આ ય કર્મ પર પરદ્રવ્યની અસર આવી; અને એ કર્મ આત્મામાં સુખપરિણામ જન્માવવામાં નિમિત્તભૂત બને છે; એ ય આત્મા પર પરદ્રવ્ય કર્મની અસર થઈ. આવું સ્વીકાર્યા પછી એમ કહેવું કે 'એકદ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરતું નથી, નિમિત્ત કાંઈ કરતું નથી.' એ કેટલું સ્વશાસ્ત્ર અને સ્વસિદ્ધાન્તની પણ વિરુદ્ધ છે. 'અમુક સ્ત્રી મારી જનેતા છે, અર્થાત્ હું એનો પુત્ર છું.' એમ સ્વીકાર્યા પછી કહેવું કે 'એ સ્ત્રી વંધ્યા છે,'એ પાગલતા જ કે બીજું કાંઈ ? મોટા વ્યાખ્યાન કરવાની તો શું; પણ બોલવાનીય



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

નાલાયકતા જ ને ?

(૨૪) **સમયસારની ગાથાની ૧૯૫મીમાં કહે છે કે “અજ્ઞાનીને રાગદ્વેષના સદ્ભાવથી જે પુદ્ગલકર્મનો ઉદય બંધનું કારણ છે, તેને જ્ઞાની ભોગવતો છતાં બંધાતો નથી.”** આમાં એ તો નક્કી માન્યું કે રાગદ્વેષના સદ્ભાવે અજ્ઞાની જીવના આત્મદ્રવ્ય પર પૌદ્ગલિક કર્મદ્રવ્યનો ઉદય બંધ પરિણામ કરાવે છે એ જીવની કર્મઉદય પર પરાધીનતા. તો ભલે અજ્ઞાની જીવ લીધો, પણ એ જીવદ્રવ્ય તો જડ કર્મદ્રવ્ય કરતાં જુદું જ દ્રવ્ય છે ને ? એવા જીવદ્રવ્ય પર બંધ પરિણામ ઉત્પન્ન થવામાં પર એવું ઉદય પ્રાપ્ત પુદ્ગલ કર્મદ્રવ્ય કારણ માન્યું. વળી જૂનું કર્મદ્રવ્ય ઉદયમાં આવી નવું કર્મદ્રવ્ય જન્માવે છે ત્યાં પણ બંધાતી કર્મ વ્યક્તિ જુદી જુદી છે. છતાં એકની અસર બીજા પર ગણી, બીજા પર પહેલાને નિમિત્તકારણ સ્વીકાર્યું. અહીં જીવમાં શાત-અશાતા કે રાગદ્વેષાદિ થવામાં કર્મદ્રવ્યને કારણ ગણ્યું. એની સામે એ પ્રશ્ન થઈ શકે છે.

**પ્ર.- સમયસાર ગાથા ૧૯૬મીમાં** તો સમ્યગ્દષ્ટિ જીવનો વિવેક બતાવતાં કહ્યું છે 'એ રાગદ્વેષાદિભાવો મારા અર્થાત્ જીવના ભાવો નથી; પણ જીવ તો **जाणगभावो हुं अहमिक्को** 'હું તો માત્ર એક જ્ઞાયકભાવવાળો છું.' એનું શું ?'

ઉ.- આનું સમાધાન સરળ છે. સમકિતી આત્મા જે વિવેક કરે છે તે શુદ્ધ આત્માની અપેક્ષાએ છે. અર્થાત્ **શુદ્ધ આત્માનો** સ્વભાવ માત્ર જ્ઞાયકભાવ છે; વસ્તુનું અરકત-અ-દ્વિષ્ટપણે શુદ્ધ જ્ઞાન-દર્શન કરવાનો સ્વભાવ છે. આત્માની શુદ્ધ અવસ્થામાં રાગદ્વેષાદિ ભાવો નથી હોતા-આવું સમકિતીના વિવેકનું તાત્પર્ય છે. પણ એ તાત્પર્ય નથી કે 'જીવ શું શુદ્ધ કે શું અશુદ્ધ, રાગાદિભાવોવાળો હોતો જ નથી.' અથવા એ પણ તાત્પર્ય નથી કે 'અશુદ્ધ અવસ્થામાં રાગાદિવાળો હોઈ; એનામાં જીવપણું જ નથી; એ તો જડદ્રવ્ય છે' આવો અભિપ્રાય છે જ નહિ. તો સમ્યગ્દષ્ટિનો જે વિવેક છે, તે શુદ્ધ જૈનમતને સ્વીકારનારા શ્વેતાંબરોએ ક્યાં નથી માન્યો ? માન્યો જ છે. તેથી તો રાગદ્વેષાદિને પાપસ્થાનક કહી હેય કહે છે; વીતરાગને ભજી વીતરાગ થવાનું કહે છે; મોહદષ્ટિ તજી જ્ઞાનદષ્ટિ રાખવાનું કહે છે. રાગદ્વેષ છોડવાનું કહે છે.

**પ્ર.**- પણ જિનમૂર્તિ, શાસ્ત્ર, ધાર્મિક ક્રિયાકાંડ વગેરે ઉપર રાગ કરવાનું ય એ કહે છે ને ?

ઉ.- એમ તો કાનજીમતવાળાય સમયસારાદિ ગ્રન્થો, પ્રવચન શ્રવણાદિ ક્રિયાઓ, વગેરે તરફ રાગ જન્માવી આકર્ષણ ક્યાં નથી કરતા ? ખરી વાત એ છે કે પ્રશસ્ત રાગ જીવને અપ્રશસ્ત રાગમાંથી છોડાવી સમ્યક્ત્વાદિ આત્મગુણોની



પ્રાપ્તિ, પુષ્ટિ, અને સ્થિરતા કરાવતા કરાવતા અંતે વાસ્તવિક સર્વ વિરતિભાવ અને અપ્રમાદની પરાકાષ્ઠાએ પહોંચાડે છે. પછી એ રાગ ત્યાં વળાવાની જેમ પાછા વળી જાય છે, અર્થાત્ ઉચ્ચ આત્મગુણમાં સ્થિરતા થવાથી એનો ઉપયોગ નથી રહેતો, તેથી દુબલા પડી જઈ ક્ષય પામી જાય છે. આમાં એ જુઓ કે જો પ્રશસ્ત રાગાદિ હતા તો જ અપ્રશસ્ત રાગાદિ છૂટીને સમ્યક્ત્વાદિ ગુણોમાં સ્થિરતા થઈ. નહિતર તો અપ્રશસ્તનું જોર એટલું બધું હતું કે જીવને આત્મગુણ નહિ પણ આત્મદોષો અને પરભાવમાં ચોંટાડી સ્થિર રાખ્યો હતો, ત્યાં સમ્યક્ત્વાદિ ગુણની પ્રાપ્તિ જ નહિ, તો વળી સ્થિરતાની તો વાતેય શી ? શું આજે કાનજીમતમાં સ્થિર બનેલા ને આત્મામાં અંદર ખાને શ્રી કાનજી ઉપર, એમના પ્રવચન ઉપર, સમયસારાદિ ગ્રન્થો ઉપર ઓછો રાગ છે ? શું એ રાગ અજાણતા કરે છે ? કે જાણીને કરે છે ? જૈનદર્શનની ચૌદ ગુણસ્થાનકની વસ્તુસ્થિતિ સમજનારા જાણે જ છે કે રાગભાવ અર્થાત્ રાગનો ઉદય ઠેઠ દશમા ગુણસ્થાનક સુધી હોય છે, દશમાને અંતે એ ટળે છે. પછી ત્યાં વીતરાગી દશા ક્યાંથી ચોથા સમ્યક્ત્વ ગુણઠાણે કે છઠ્ઠા સાતમા સર્વવિરતિ ગુણઠાણે આવી શકવાની હતી ? બાકી ત્યાં વીતરાગ બનવાનું લક્ષ રાખવાનું તો શ્વેતાંબરો માને જ છે; માટે તો વીતરાગ દેવને અને એમના જ શાસનને માને છે. પણ તે સંભવિત, શક્ય અને પ્રગતિ કરાવે એવી સાધના માને છે. કાનજીમત અશક્ય, અસંભવિત તથા પીછે હઠ-અધોગતિ કરાવે એવો માર્ગ ઉપદેશે છે. આ અને આવા કારણે કાનજીમત એ જૈનમત નથી. આના અંગે આગળ કાનજીમત એ કેમ જૈનમત નથી એ પ્રકરણમાં જુઓ.

(૨૫) સમયસાર ગાથા ૨૦૩મીમાં કહે છે કે **“કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ,** છતાં તેનું સ્વરૂપ વિચારતાં જ્ઞાન તો એક જ છે.”-આમાં પણ જે કર્મનો ક્ષયોપશમ લીધો તે બાહ્ય કર્મપુદ્ગલનો લેવો પડશે, નહિ કે આત્મિક અભ્યન્તર ભાવકર્મનો. અર્થાત્ વિભાવદશાનો; કેમકે આત્મિક અવસ્થામાં તો દળિયાં જેવું કાંઈ નથી, તો એમાં ક્ષયોપશમ શું ? એમાં તો કાં એની સત્તા, કે કાં એનો ક્ષય હોય. ક્ષયોપશમમાં તો કંઈક વિપાકોદયનો નિરોધ અને કંઈક પ્રદેશોદય આવે. એ વસ્તુ તો પુદ્ગલના દળીયામાં ઘટી શકે; કેમકે **પુદ્ગલને** વિપાક-અવિપાક એટલે કે પાકવાનું ન પાકવાનું હોઈ શકે; **પુદ્ગલમાં** અમુક અમુક સ્કંધના પ્રદેશોને પ્રદેશોદય તરીકે નીરસ પણે ઉદયમાં આવવાનું હોય, અને અમુકને ઉદયમાં હમણાં ન આવવાનું હોય; અગર ઉગ્ર રસ ભોગવાવવા તરીકે વિપાકોદય પામવાનો હોય. આ બધું પુદ્ગલમાં ઘટી શકે, એકલા સ્વતંત્ર આત્મધર્મમાં શું ઘટે ? આત્મામાં તો દોષ કાં મોજુદ હોય, કે કાં નાશ પામ્યા હોય એને વળી વિપાક શું ? ઉદય



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

શું ? પ્રદેશોદય શું ? એટલે એકલા આત્મિક વિભાવધર્મમાં આ ન ઘટતું હોવાથી કર્મ પુદ્ગલનું કહેવું પડે. હવે એના નિમિત્તે આત્માના જ્ઞાનપરિણામમાં ભેદ પડવાનું કહ્યું એ સ્પષ્ટપણે પરદ્રવ્યની પરતંત્રતા માની. પરદ્રવ્યને નિમિત્તકારણ માન્યું. ભલે એ 'કારણ' શબ્દ ન બોલે પણ 'કર્મક્ષયોપશમના **નિમિત્તે** જ્ઞાનમાં ભેદ' એમ કહેવું એનો અર્થ જ એ છે કે ક્ષયોપશમના **કારણે** ભેદ. અર્થાત્ ક્ષયોપશમરૂપ કારણ ન મળે તો ભેદ નહિ, જેવો ક્ષયોપશમ મળે તેવું તેવું જ્ઞાન થાય. આમાં સ્પષ્ટપણે ક્ષયોપશમને પર એવા આત્માના જ્ઞાનપરિણામમાં કારણ માનવું જ પડ્યું. એમજ જુઓ કે,

(૨૬) સમયસાર ગાથા ૨૧૪મીમાં કહે છે કે **''પૂર્વબદ્ધ પોતાના કર્મના વિપાકને લીધે જ્ઞાનીને ઉપભોગ હોય છે. તો ભલે હો, પણ રાગ ન હોવાથી તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી;''** ત્યાં પણ સ્પષ્ટ છે કે કર્મનો વિપાક ન હોય તો ઉપભોગ નહિ. 'કર્મ વિપાકને લીધે જ્ઞાનીને ઉપભોગ,' એ જ્ઞાનીના આત્માની ઉપર પરદ્રવ્ય એવા કર્મના વિપાકની અસર જ સૂચવે છે ને ? પછી ભલે જ્ઞાની રાગ ન કરે તેથી પરિગ્રહભાવ ન થાય, નવો કર્મબદ્ધ ન થાય પણ 'ઉપભોગ' ધર્મ તો જ્ઞાનીનો એટલે કે આત્માનો જ લેવો પડશે. તો જ 'જ્ઞાનીને ઉપભોગ હોય છે' એવું પ્રતિપાદન કરી શકાય. અહીં પણ પૂર્વે કહ્યું તેમ વિપાક કર્મનો લીધો એ પણ પુદ્ગલકર્મનો સમજવાનો છે, પણ નહિ કે કોઈ આત્મિક અભ્યન્તર ધર્મનો. કેમકે કેવળ આત્મિકધર્મને પાકવા-ન પાકવાનું શું છે ? એ તો પુદ્ગલના સ્કંધોની સ્થિતિ પાકીને ઊભી રહે એટલે એ અનુદિત (અનુદયવાળી) અવસ્થામાંથી ઉદિત એટલે ઉદયવાળી અવસ્થામાં આવે; અને આત્માને ફળ દેખાડે. માટે અહીં પણ પરદ્રવ્યની અસર, અપેક્ષા, નિમિત્તકારણતા, પરતંત્રતા સાબિત થાય છે.

(૨૭) સમયસાર ગાથા ૨૧૭મીમાં કહે છે કે **''બંધ ઉપભોગમાં નિમિત્તભૂત છે સંસાર-શરીરના અધ્યવસાન રાગ-સુખ''** આમાં પણ આત્મિકધર્મ જે અધ્યવસાન એટલે રાગ-સુખ લીધા, તેમાં વિષય તરીકે નિમિત્તભૂત સંસાર અને શરીર જ છે. એટલે ત્યાંય આત્મધર્મને પર એવા સંસાર-શરીરની અપેક્ષા આવી. સંસાર છે, તોજ એનો રાગ આત્માને છે. માટે આત્માના રાગપરિણામમાં સંસાર કારણ બન્યું જ.

(૨૮) ગાથા ૨૪૮મીમાં કહે છે કે **''આયુષ્યના ક્ષયથી જીવોનું મરણ જિનેશ્વરોએ કહ્યું છે.''** એટલે કે જીવનો મરણપરિણામ આયુષ્યકર્મના ક્ષય ઉપર નિર્ભર રહ્યો. આયુક્ષય એ પુદ્ગલધર્મ; એની અસર જીવ પર થઈને જીવનમાં મરણધર્મ ઉપજ્યો. આ પણ પરદ્રવ્યની પ્રબળ નિમિત્તકારણભૂત પુરવાર કરે છે.

(૨૯) **સમયસાર ગાથા ૨૧૨મીના વિવેચનમાં લખે છે કે,** ''અનિચ્છા એ



પરિગ્રહ છે. **જ્ઞાની અશન ઈચ્છતા નથી તેથી અશનના અપરિગ્રહી છે.** માત્ર અશનના જ્ઞાયક છે. અહીં પ્રશ્ન થાય કે મુનિ આહાર તો કરે છે તો ઈચ્છા છે કે નહિ ? એનું સમાધાન એ છે કે **(૧) અશાતા વેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઉપજે છે. (૨) વીર્યાંતરાયના ઉદયથી વેદના સહી શકાતી નથી, (૩) ચારિત્ર મોહનીયના ઉદયથી આહાર ગ્રહણની ઈચ્છા થાય છે. (૪) તે ઈચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે. (૫) રોગ સમાન જાણીને તેને મટાડવા ચાહે છે.** ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા જ્ઞાનીને નથી, માટે અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે... આ શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું.''

આ લખાણમાં પહેલું તો એ જુઓ કે પરસ્પર કેવો વિરોધ આવે છે. પહેલા કહે છે કે 'મુનિ અશન ઈચ્છતા નથી તેથી અપરિગ્રહી છે.' પણ આગળ કહે છે કે 'રોગ સમાન જાણી મટાડવા ચાહે છે !' આમાં ચાહવું એટલે ઈચ્છા આવી કે નહિ ? વળી ત્યાં સ્પષ્ટ ઈચ્છા પણ લખે છે કે 'ચારિત્ર મોહના ઉદયથી આહાર ગ્રહણની ઈચ્છા થાય છે !' કેવું આ અગડંબગડં ? 'ઈચ્છતા નથી' ચાહે છે-ઈચ્છા થાય છે, એ અન્યોન્ય વિરુદ્ધ છે. પાછું આ વિરોધનો બચાવ કરવા જાણે કહ્યું કે 'પરંતુ અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે.' અરે ભલા ! તો તો પછી કેવલજ્ઞાનીને આહાર હોવામાં વાંધો શો આવ્યો ? ત્યારે જો કહે કે 'ગમે તેવી જ્ઞાનમય ઈચ્છા પણ ચારિત્ર મોહનું કાર્ય છે,' તો તો ચારિત્ર મોહના લીધે રાગ-અનુરાગ અવશ્ય થવાનો. તો પછી એમ કેમ કહો છો કે જ્ઞાનીને ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા નથી ? મોહનીયનું કાર્ય અનુરાગ છે જ. ખેર ! પણ જેમ મુનિ આહારની ઈચ્છાને કર્મના ઉદયનું કાર્ય જાણે છે અને રોગ સમાન એવી તેને મટાડવા ચાહે છે તો એવી જ્ઞાનમય ઈચ્છા હોવા છતાંય અપરિગ્રહી છે, તો પછી શ્રાવક પણ એ રીતે કર્મઉદયનું કાર્ય જાણી રોગ મટાડવા આહાર લે તો તે પણ અપરિગ્રહી ખરો ને ?... અસ્તુ. આ તો જરા વિષયાન્તર થયો. પણ મુદ્દો એ છે કે આવું અગડંબગડં પ્રતિપાદન કરવા જતાં ય પાછું નિમિત્તની કારણતા અને પરદ્રવ્યની આધીનતા અંગે કેટલુંક સાચું જાણે અજાણે કહેવાઈ ગયું છે. તે આ પ્રમાણે :-

પહેલા કહ્યું કે અશાતા વેદનીયના ઉદયથી મુનિનેય ક્ષુધા ઉપજે છે. આમાં ક્ષુધાવેદનનો પરિણામ અશુદ્ધ આત્માનો એક પર્યાય છે. હવે જો પર્યાય માત્ર ક્રમબદ્ધ એ નિયત છે તો એને હેતુની જરૂર નથી. પછી અમુકના લીધે, અર્થાત્ 'અશાતાના ઉદયથી' એવું શાથી ? વળી અશાતા કર્મ એ પુદ્ગલ દ્રવ્ય છે એની આધીનતા જીવને રહેવાથી જીવમાં તમારું માનેલું સ્વતંત્ર દ્રવ્યપણું ક્યાં રહ્યું ?

ઉપરોક્ત બીજા અને ત્રીજા પ્રતિપાદનમાં પણ કારણ તરીકે વીર્યાંતરાય અને



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

મોહનીય કર્મ લીધા, તે પુદ્ગલ છે અને કાર્ય તરીકે અસહ્યતા અને ઈચ્છા લીધી, તે તો આત્માના પરિણામ છે. તમારા હિસાબે, આત્મા પર પરદ્રવ્ય કશું કરી શકે નહિ, તો આ શું કહી રહ્યા છો ? તમારા મતે નિમિત્ત તો માત્ર હાજર હોય એટલું જ એ કારણ નથી, તો અહીં તો તમે સ્પષ્ટ કારણ માનીને આ પ્રતિપાદન કર્યું, એનું કેમ ?

ચોથી વાત જે લખી કે 'તે ઈચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે' એમાં તો સ્પષ્ટ જ સૂચવ્યું ને કે ઈચ્છા પ્રત્યે કર્મનો ઉદય કારણ બન્યો ? તે કારણ કાંઈ ઉપાદાન નથી; તે તો નિમિત્ત કારણ છે. તો પછી 'નિમિત્ત એ કશું કરી શકતું નથી; એ કારણ બની શકતું નથી' એવું કયા મોંઢે બોલી શકો છો ? 'આ કર્મ આ કરે છે, આ કર્મ આ કરે છે,' એમ સ્પષ્ટપણે નિમિત્તને જ મહત્ત્વ આપી રહ્યા છે, નિમિત્ત કાંઈક કરે છે એવું કહી રહ્યા છો. ત્યારે અશાતાકર્મ વીર્યાંતરાયકર્મ અને ચારિત્ર મોહનીય કર્મ એ કાંઈ ક્ષુધાવેદન, ઈચ્છાદિનું ઉપાદાન છે પણ નિમિત્ત નથી, એવું ય નહિ કહી શકો.

છેવટે, ઉપરના પ્રતિપાદનમાં 'આ શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું' એમ લખીને તો ખરેખર કમાલ કરી ? કેમકે શુદ્ધનયથી આત્માને ક્ષુધા, અસહ્યતા, ઈચ્છા વગેરે હોવાનું માન્યું ! પાછું તે શુદ્ધનયથી અશાતા કર્મથી ક્ષુધા, વીર્યાંતરાયથી અસહ્યતા, ચારિત્ર મોહથી ઈચ્છા, આવું આવું કહ્યું. ખરી રીતે શુદ્ધનયમાં તો આત્મા જ્ઞાનાદિગુણ સ્વભાવી છે, એને ક્ષુધાવાળો, અસહ્યતાવાળો કહેવો તેને શુદ્ધનયની પ્રધાનતાનું કથન કેમ કહેવાય ? જુઓ એમાં પોતાની જ સાક્ષી :-

(૩૦) સમયસારની ગાથા ૨૭૨મી પર લખ્યું કે **"આત્માને પરના નિમિત્તથી જે ભાવો થાય તે વ્યવહારનયના વિષય હોવાથી, વ્યવહારનય પરાશ્રિત છે."** આમાં શુદ્ધનય ન લેતાં વ્યવહારનય લીધો. વળી અહીં પણ ચોક્ખું જ કહ્યું કે 'પરના નિમિત્તથી જે ભાવો થાય; એટલે ? એજ કે, આત્મામાં ભાવો-ક્ષુધાવેદન-ઈચ્છા, રાગ વગેરે-જે થવાના, તેમાં નિમિત્તકારણ પર છે. અહીં કદાચ બચાવ કરશે કે પણ એ તો વ્યવહારથી ને ? તો એની સામે પ્રશ્ન એ છે કે ત્યારે તમેય આ બધું કહેવા કરવાનું કરી રહ્યા છો એ ય વ્યવહાર નથી તો બીજું શું છે ? મોક્ષના તમારા માનેલા જે માર્ગે દોરી રહ્યા છો એમાંય વ્યવહાર નથી આચરાવતા તો બીજું શું છે ? માત્ર શ્રી સર્વજ્ઞ પ્રભુએ ફરમાવેલા અને શ્વેતાંબર માન્ય શાસ્ત્રમાં મળતા વ્યવહાર પ્રત્યે તમને સૂગ હોવાથી વ્યવહારની નિંદા કરવાનો હલકટ એવો મૂર્ખ ધંધો જ લઈ બેઠા છો ને ?'





## (૩૪) નિશ્ચય અને વ્યવહાર

(૩૧) સમયસાર ગાથા ૨૮૩-૮૫ના વિવેચનમાં તો વળી સ્પષ્ટ લખે છે કે **"... માટે નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને રાગાદિ ભાવો નૈમિત્તિક છે."** નૈમિત્તિક એટલે કાર્ય, એમાં પરદ્રવ્યને નિમિત્તકારણ માન્યું. એના સમર્થનમાં જ વળી લખે છે કે **"એમ જો ન હોય તો એકલા આત્માને રાગાદિ ભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્ય કર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે."** અર્થાત્ પરદ્રવ્ય કર્મને નિમિત્તકારણ ન માને તો તો એકલા આત્મારૂપી કારણે જ રાગાદિ થયા એમ બને. તેથી જો આત્મા નિત્ય, તો રાગાદિભાવોનો પોતે કર્તા તરીકે પણ નિત્ય, એટલે સદા રાગાદિભાવો કર્યા જ કરશે; તેથી મોક્ષ અસંભવિત બની જશે. આવું ન બને માટે જ માનવું પડે કે આત્મા ઉપાદાન સાથે પરદ્રવ્ય એવા કર્મ નિમિત્ત મળવાથી રાગાદિ કાર્ય થાય છે. આમાં ક્યાં બાકી રહ્યું ? હવે એ નિમિત્ત કશું કરતું નથી એવું બોલે એ બકવાદ કે બીજું કાંઈ ? ઉન્મત્ત વચન જ ને ?

(૩૨) સમયસાર પર વિવેચનમાં અંતે લખ્યું કે "તે (અમૃતચંદ્રીય ટીકા)**ના વાંચનારા સાંભળનારાઓએ તેમનો ઉપકાર માનવો પણ યુક્ત છે.**" કહો કેવી ઘેલછા છે ? એક બાજુ તો, 'આજસુધી જે મહાન પૂર્વાચાર્યો, શાસ્ત્રો અને વ્યવહારમાર્ગના આધારે ચાલી આવેલું જિનશાસન અહીં મળ્યું. એ સારા ઉપકારી છે; અરે ! ખુદ તીર્થંકર ભગવાન ઉપકારી છે,' એમ માનવામાં મિથ્યાત્વ કહેવું છે, અને બીજી બાજુ અહીં અમૃતચંદ્રનો ઉપકાર માનવો યુક્ત કહેવો છે ! - શું આ પાગલપ્રલાપ નથી ?

પાછું એમાં શી યુક્તતા છે. તેનુંય આમ સમર્થન કરે છે :- **"કારણ કે તેના વાંચવા-સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ જણાય છે; તેનું શ્રદ્ધાન-આચરણ થાય છે; મિથ્યાજ્ઞાનાદિ દૂર થાય છે; પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થાય છે."** આમાં જુઓ કે કેવી સરસ (૧) ચોક્ખી વ્યવહારની ઉપયોગિતા, કહી ! એવું જ, (૨) પરદ્રવ્યની અસર, (૩) દ્રવ્યની પરતંત્રતા, (૪) નિમિત્તની સચોટ કારણતા, (૫) બાહ્યથી આભ્યન્તર વસ્તુની પ્રાપ્તિ વગેરે કેટકેટલું સૂચવ્યું !

તે આ રીતે :- (૧) ટીકા ગ્રન્થ સાંભળવાનો ચોક્ખો બાહ્ય વ્યવહાર કરવાથી આત્મસ્વરૂપ જણાય તે યાવત્ મોક્ષ મળે ત્યાંસુધી એમ લખ્યું, એ વ્યવહારની



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અટલ ઉપયોગિતા સૂચવી. (૨) ટીકા ગ્રન્થ એ પરદ્રવ્ય છે એની આત્મા પર અસર માની; (૩) ત્યાં આત્મદ્રવ્યની સ્વતંત્રતાને બદલે પરતંત્રતા કહી. (૪) આ ટીકા વાંચવા-સાંભળવાથી જ્ઞાન, શ્રદ્ધાન, વગેરે કાર્ય થવાનું લખ્યું. તેમાં જ્ઞાનાદિ કાર્ય પ્રત્યે વાંચવાદિની ક્રિયાને સચોટ નિમિત્તકારણ કહ્યું, (૫) વાંચન એ બાહ્ય છે એનાથી આંતરિક વસ્તુને જ્ઞાન તેની પ્રાપ્તિ કહી. આટ આટલું પોતે જ સ્વીકારવા છતાં શ્વેતાંબરોએ માનેલા શુદ્ધ જૈનમાર્ગની એજ વ્યવહારોપયોગિતા વગેરે વસ્તુ પર ખોટા પ્રહાર કરવા, સાચા શાસ્ત્રકાર મહર્ષિઓ ઉપર વ્યવહાર મૂઢતાના આરોપ મૂકવા, એવા સિદ્ધાન્તો બાંધવા કે 'નિમિત્ત કશું કરતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, એક દ્રવ્યની બીજા પર કોઈ જ અસર નથી; આત્માદિના સર્વકાલના પર્યાય ક્રમબદ્ધ નિયત હોવાથી એમાં કાંઈ ફેરફાર કરી શકાતો નથી (અર્થાત્ પુરુષાર્થ નકામો છે); જીવના પર કોઈનો ઉપકાર નથી; વ્યવહાર તો અનંતીવાર આચર્યા એથી શું કલ્યાણ થયું ?...' આવું આવું માનવું-બોલવું, પણ આચરવું જુદું; આ બધું કેટલું બધું અસમંજસ, બેહુદું, મૂર્ખતા અને મૂઢતાભર્યું તથા તદ્દન પોકળ અને અવિશ્વસનીય છે ! એ સામાન્ય અક્કલવાળોય સમજી શકે એમ છે, તો પ્રાજ્ઞ જનો, ને વિકસિત બુદ્ધિવાળા મહાનુભાવો તો જરૂર સમજશે.

હવે એમના જ માનેલા **પ્રવચનસારાદિ** ગ્રન્થમાં નિમિત્ત કારણનું કેવું સમર્થન છે તેના થોડા નમુના જુઓ.

(૩૩) પ્રવચનસાર ગાથા ૧૪૭મીમાં કહે છે કે **"ચાર પ્રાણથી જીવે તે જીવ કહેવાય."** ચાર પ્રાણમાં ઇન્દ્રિય, મન-વચન-કાયાનું બલ, શ્વાસોશ્વાસ અને આયુષ્યકર્મ આવે છે. શું છે આ ? પુદ્ગલ દ્રવ્યો, એના આધારે જીવે તેને અહીં જીવ કહ્યો. જીવને જીવવા માટે પરદ્રવ્ય પુદ્ગલની જરૂર પડી ! કાનજીમતની વિરુદ્ધ આ કેવી સરસ પરદ્રવ્યની અસરની અને જીવદ્રવ્યની પરતંત્રતાની વાત ! કેટલું સચોટ નિમિત્ત કારણતાનું પ્રતિપાદન !

(૩૪) પ્રવચનસાર ગાથા ૧૪૮મીમાં લખ્યું છે કે **"જીવ કર્મફળ ભોગવીને અન્ય કર્મોથી બંધાય છે."** એના પર એમના જ મતવાળા ટીકાકારે સ્પષ્ટીકરણ કર્યું કે 'કર્મફળ' એટલે 'પૌદ્ગલિક કર્મનું ફળ;' 'કર્મોથી બંધાય છે' એટલે પૌદ્ગલિક કર્મોથી બંધાય છે કહો, આમાં જીવમાં ફળમાં ભોગવટાનો પરિણામ જે જન્મે, તેમાં મુખ્ય નિમિત્ત કારણ પૌદ્ગલિક કર્મને ગણ્યું ત્યાં, તથા જીવ પર નવા કર્મનો બંધ થાય ત્યાં, નિમિત્તની કારણતા અને પરદ્રવ્યની આધીનતા સ્પષ્ટપણે કહેવામાં કાંઈ બાકી રાખ્યું ?



(૩૫) પ્રવચનસાર ગાથા ૧૫૩મીમાં લખ્યું કે "નર, નારક વગેરે જીવના પર્યાય (અવસ્થા) નામકર્મના ઉદયથી થાય છે." ટીકાકારે વળી સ્પષ્ટ કર્યું કે 'નામકર્મના ઉદયથી' એટલે કે 'નામકર્મપુદ્ગલના વિપાકના કારણે.' આમાં પણ ચોક્ખે ચોક્ખી નામકર્મપુદ્ગલરૂપી પરદ્રવ્યની અસર તળે જીવમાં નરકપણું-નરપણું વગેરે પર્યાય થવાની સ્વતંત્રતા ? નરપણું નારકપણું વગેરે કાર્યનું ઉપાદાન તો જીવ છે, પરંતુ એ થવામાં મુખ્ય કારણ નામકર્મરૂપી નિમિત્તને ગણ્યું, ત્યાં ક્યાં ઊભી એમણે સ્વીકારેલી નિમિત્તની માત્ર હાજરી ? ક્યાં રહી એની અકારણતા (કશું ન કરી શકવાપણું) ? 'નરપણું નારકપણું વગેરે જીવના પર્યાય નથી પુદ્ગલના પર્યાય છે,' એવું એમનાથી કહી શકાય એમ નથી. કેમકે જો એને જીવના પર્યાય ન માને તો પછી તો જીવને સિદ્ધ જ કહેવો પડે, સંસારી કહી શકાય જ નહિ. તેમજ ગાથામાંય સ્પષ્ટપણે જીવોના પર્યાય કહ્યા છે, એની પ્રત્યે ચોક્ખા નામકર્મપુદ્ગલને કારણે કહ્યા છે.

જો આમ નિમિત્તનું આટલું સ્પષ્ટપણે પ્રાબલ્ય જણાવાય છે, પણ નહિ કે માત્ર હાજરી, તેમજ એક દ્રવ્યનો બીજા પર ઉપકાર દર્શાવાય છે, તો પછી પુણ્યકર્મ, શુભઆલંબનો, શુભ અનુષ્ઠાનો, શુભવ્યવહાર વગેરેને આત્મસાધનમાં કારણ માનવામાં શો વાંધો આવે છે ? એનાથી જીવ પર ઉપકાર થવાનું સ્વીકારવામાં શું નડે છે, કે જેથી ઊલટું એને ઉડાવીને સ્વપરને એનાથી વંચિત રાખી મોક્ષપ્રયાણને બદલે ભવભ્રમણ વધારાય છે ? શુભને બદલે અશુભ વ્યવહારમાં ગળાબૂડ ડૂબ્યા રહેવાય છે ?

(૩૬) પ્રવચનસાર ગાથા ૧૭૯મી ચોક્ખું કહે છે કે **"રાગી જીવ કર્મ બાંધે છે"** અર્થાત્ જીવનો રાગપરિણામ કર્મપુદ્ગલનું સર્જન કરે છે. અહીં જો ખાલી આત્મધર્મભૂત ભાવકર્મ લેવા હોત, તો તો તે ભાવકર્મ અન્ત તો ગત્વા આત્માના રાગરૂપ બનત. તેથી એમજ કહેવું ઉચિત હતું કે 'રાગી જીવ રાગ બાંધે છે !' બીજું 'બાંધે છે' એ શબ્દ બંધન ક્રિયા સૂચવે છે તે કોઈ પુદ્ગલ દ્રવ્યથી જ હોય ને ? એટલે આમાં પણ પરદ્રવ્ય અને નિમિત્તની અસર કાઢી.

(૩૭) પ્રવચનસાર ગાથા ૧૮૬મી પર લખે છે કે "સંસાર દશામાં અશુદ્ધ પરિણામને નિમિત્તમાત્ર કરીને કર્મપુદ્ગલરજ જીવને ગ્રહે છે." અહીં પૂછો કે કર્મરજ જીવને ગ્રહે એટલે જીવમાં કોઈ પર્યાય કોઈ પરિણામ ઉત્પન્ન થાય કે નહીં જો થાય, તો એ થવામાં કર્મરજ-પરદ્રવ્ય કારણ બન્યું કે નહિ ?

પ્રવચનસારમાં કહ્યું કે **"રાગી જીવ કર્મને બાંધે છે, અને રાગરહિત આત્મા કર્મથી મૂકાય છે. આ નિશ્ચયથી જીવોનો બંધ જાણવો."** આમાં **નિશ્ચયથી** બંધનું



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

લક્ષણ જે જણાવ્યું તેમાં પરદ્રવ્ય એવા કર્મનો જીવ સાથે સંબંધ કહ્યો, એટલે કે નિશ્ચયથી જીવમાં કર્મનિમિત્તે બંધપરિણામ ઉત્પન્ન થવાનું માન્યું. એ પણ નિમિત્તની પ્રબળ કારણતા જ સૂચવી ને ? એની જ માફક,

(૩૮) સમયસારમાં એક સ્થાને કહ્યું કે "જેમ સૂર્યકાંતમણિ પોતે જ પોતાના સ્વભાવથી અગ્નિરૂપે પરિણમતો નથી, પરંતુ તેમાં પડતું સૂર્યપ્રતિબિંબ એ અગ્નિ-પરિણામમાં નિમિત્ત છે. (અગ્નિનું ઉપાદાનદ્રવ્ય જુદું છે, સૂર્યકાંત મણિ નથી; પરંતુ મણિ અને સૂર્ય કિરણનો સંબંધ એ અગ્નિમાં પ્રબળ નિમિત્ત છે.) એવી રીતે આત્મામાં થતા રાગાદિ પરિણામનું નિમિત્ત પરદ્રવ્ય સંબંધ જ છે." આ પણ સ્પષ્ટ તથા નિમિત્તકારણ અને પરદ્રવ્ય ઉપર અસર સૂચવી રહ્યું છે.

(૩૯) **પ્રવચનસારે પણ ગાથા ૧૭૩મીમાં કહ્યું કે 'फासेहिं पुग्गलाणं बंधो जीवस्स रागमादीहिं'** -સ્પર્શથી પુદ્‌ગલમાં બંધ થાય, અને રાગાદિથી જીવમાં બંધ થાય. અર્થાત્ જૂનાં કર્મમાં નવાં **કર્મનો** એકમેક સંબંધ થયો તેમાં કાંઈ કર્મના રાગાદિ કારણ નથી. કેમકે કર્મપુદ્‌ગલને રાગ સ્વભાવ હોતો નથી; એમાં તો અન્યોન્ય સ્પર્શ અને અવગાહ કારણ છે. પરંતુ એ જ નવાં કર્મમાં જે **આત્માનો** બંધ ખીરનીરવત્ સંબંધ થયો, એમાં કારણભૂત આત્માના રાગાદિ પરિણામ છે.' કેવો સરસ વિવેક કરી બતાવ્યો ! વાત પણ સાચી છે કે નવાં કર્મને બંને સાથે ગાઢ સંબંધ થાય છે. (૧) જૂનાં કર્મ સાથે, અને (૨) જીવ સાથે. એમાં જીવ સાથે સંબંધ થવામાં એટલે એ નવાં કર્મનાં જીવ સંબંધનો પર્યાય ઉત્પન્ન થવામાં નિમિત્તભૂત પરદ્રવ્ય જીવના રાગાદિ પરિણામ છે.

(૪૦) ત્યારે, **નિયમસાર ગાથા ૫૩મીમાં** તો વળી સ્પષ્ટપણે જ કહ્યું કે, **"सम्मत्तस्स निमित्तं जिणसुत्तं, तस्स जाणया पुरिसा । अंतरहेयो (ऊ) भणिदा दंसणमोहस्स खयपहुदी ॥"** અર્થાત્ સમ્યક્ત્વ ઉત્પન્ન થવામાં બે કારણ, (૧) એક બાહ્ય નિમિત્તકારણ તે જિન વચન અને તજ્‌જ્ઞ પુરુષ; (૨) બીજું આભ્યન્તર કારણ, તે દર્શનમોહનીયકર્મનો ક્ષય વગેરે. આમ કહેવામાં પણ એમના જ માનેલા નિયમસાર શાસ્ત્રે આત્મદ્રવ્યને સમ્યક્ત્વ પરિણામ થવામાં સ્વાતંત્ર્ય ન માન્યું ને ? બાહ્ય નિમિત્ત એવા શ્રી જિનવચન પર જ પરતન્ત્ર માન્યું ને ? પરદ્રવ્યભૂત મોહનીય કર્મના ક્ષય ઉપર જ પરાધીન માન્યું ને ?

(૪૧) **'ધવલા'**માં શ્રી ભૂતબલિ સૂત્ર ૯૩મામાં કહે છે કે "મિશ્રદૃષ્ટિ, અવિરત સમ્યગ્દૃષ્ટિ, સંયતા સંયત, અને સંયત, ગુણસ્થાનમાં અવશ્ય (લબ્ધિ) પર્યાપ્તા જીવો હોય છે." અહીં જુઓ કે પર્યાપ્તા એટલે ? આહારાદિ પુદ્‌ગલના ખાસ



નિમિત્તથી આત્મામાં ઉત્પન્ન થતી આહારાદિ પરિણમાવવાની શક્તિવાળા તે પર્યાપ્તા. સ્વસંસ્થાનયોગ્ય શક્તિઓ પૂર્ણ કરી શકે તે પર્યાપ્તા. આવા જ જીવોને મિશ્રદૃષ્ટિ વગેરે ગુણસ્થાન માન્યા. અરે ભલા ! આત્માના ગુણરૂપી પરિણામમાં પુદ્‌ગલના ખાસ નિમિત્તની શી જરૂર હતી ? અપર્યાપ્તા જીવોને એ ગુણ ન હોય એ જ સૂચવે છે કે પુદ્‌ગલરૂપી પરદ્રવ્યની પણ પ્રબળ નિમિત્તકારણતા અને આધીનતા માનવી જ પડશે.

(૪૨) **સમયસાર ગાથા ૧૯૩મીમાં કહે છે કે "સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્રિયોથી ચેતન જડદ્રવ્યોના જે ઉપભોગ કરે છે કે બધા નિર્જરાનું કારણ છે."** આમાં પણ જુઓ કે ઈન્દ્રિયોથી દ્રવ્યોનો ભોગવટો એ આત્મધર્મ છે, એમાં અપેક્ષા રહી તે તે દ્રવ્યોની; એ પરદ્રવ્યની પરાધીનતા આવી ! કેમકે જેવાં જેવાં દ્રવ્યો હશે, તેવો તેવો ઉપભોગ થશે. સાકરથી મીઠાશનો અનુભવ, અને કરીયાતાથી કડવાશનો ભોગવટો થશે. આમાં આત્મદ્રવ્યનું સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ? ભોગવટારૂપી કાર્ય પર નિમિત્ત કારણની મોટી અસર રહી, ત્યાં 'નિમિત્ત નકામુ' ક્યાં રહ્યું ? વળી, આ સમ્યક્ત્વ સહિત ભોગવટાને કર્મક્ષયનું કારણ કહ્યું, ત્યાં પણ તેવું આત્મદ્રવ્ય પર એવા કર્મદ્રવ્યના નાશ પરિણામમાં નિમિત્ત કારણ જ બન્યું !

(૪૩) **પંચાસ્તિકાયમાં કહ્યું છે કે "જીવ એ ચેતન છે, ઉપયોગ લક્ષણવાળો છે, પ્રભુ છે, કર્તા, ભોકતા તથા દેહપ્રમાણ છે, અને જ્યાંસુધી કર્મસંયુક્ત છે ત્યાંસુધી મુક્ત નથી."** આમાં આત્માને દેહપ્રમાણ કહ્યો. ત્યાં જેટલો નાનો-મોટો અને જેવી આકૃતિવાળો દેહ હશે, તેટલો અને તેવી આકૃતિવાળો આત્માનો પરિણામ બનશે. આનું નામ આત્મદ્રવ્યની સ્વતંત્રતા કે પરતંત્રતા ? કદાચ કહેશો કે,

**પ્ર.**- પણ એ તો વ્યવહારથી ને ?

ઉ.- તો એ કહો કે શું એ અવાસ્તવિક સ્થિતિ છે ? શું આત્મા ખરેખર દેહપ્રમાણવાળો નથી બનતો ? શું આ જૂઠું કથન છે ? ના, તો પછી આત્મા જ્યાંસુધી મોક્ષ પામી સર્વથા કર્મમુક્ત અને દેહમુક્ત નથી બન્યો, ત્યાંસુધી આત્મા પર બાહ્ય શુભ દ્રવ્યોની અસર કેમ ન હોય ? કેમ શુભક્રિયાઓ આત્મશુદ્ધિમાં નિમિત્તકારણ ન બને ? આત્મા કર્મ સંયુક્ત છે ત્યાંસુધી સંસારીપણાના પર્યાયવાળો છે, એમાં પણ કર્મરૂપી પરદ્રવ્યની પરાધીનતા આવી. કર્મના જ આધારે જીવમાં સંસારી અવસ્થા, એજ જીવની પરતંત્રતા.

(૪૪) **ગોમટસાર જીવકાંડમાં કહ્યું કે "જીવ કર્મખેતર ખેડી એમાં અનેક પ્રકારના સુખદુઃખના પાક નીપજાવે છે."** અહીં પણ સ્પષ્ટતયા જીવદ્રવ્યને કર્મદ્રવ્ય પર અસર કરનારો માન્યો; અને કર્મદ્રવ્યને જીવમાં સુખ-દુઃખ કરાવનારો માન્યો;



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અર્થાત્ એકબીજાને પરાધીન બન્યા, ત્યાં સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ?

(૪૫) **"પદ્મનંદિ પંચ વિંશતિ"**માં કહ્યું કે "આમ તો આત્મામાં ક્રોધાદિ વિકાર ન થાય, પણ **જેમ રકત મણિના સંયોગથી સ્ફટિકમાં લાલશ દેખાય, તેમ કર્મના સંબંધથી જીવમાં ક્રોધાદિ વિકારો જન્મે છે."** આમાં પણ સ્પષ્ટપણે જીવ પરિણામમાં કર્મને નિમિત્ત કારણ કહ્યું.

(૪૬) **ગાથા ૨૨૬મીમાં કહ્યું કે "યોગ્ય આહાર-વિહારવાળો એવો કષાય રહિત આત્મા શ્રમણ છે."**-આમાં પણ બાહ્ય એવી શરીરરૂપી પરદ્રવ્યની આહાર-વિહારની ક્રિયાને આત્માના શ્રમણપણામાં નિમિત્તકારણ માન્યું. ક્યાં રહી આમાં નિમિત્તની માત્ર હાજરી ? **આ તો સ્પષ્ટ કારણતા જ કહે છે. એવું જ ગાથા ૨૨૮-૨૯મી વગેરેમાં** બાહ્યતપ, અને યોગ્ય આહારનું સ્વરૂપ વિસ્તારથી ફરમાવ્યું છે.

(૪૮) **પ્રવચનસાર ગાથા ૨૪૫મીમાં સ્પષ્ટ કહ્યું છે કે "સમણા સુધ્ધુવજુત્તા સુહોવજુત્તા ય" -ગાથા-૨૬૦મીમાં પણ કહ્યું છે કે "અસુભોવઓગરહિઆ સુધ્ધુવજુત્તા સુહોવજુત્તા વા."** અર્થાત્ સાધુઓ શુદ્ધ અને શુભ બંનેય ઉપયોગવાળા હોય છે. ટીકામાં પણ કહ્યું કે શુભ ઉપયોગવાળાનેય ધર્મ હોય છે. અહીં જ્યારે સાધુ જેવાનેય શુભ ઉપયોગ માન્યો, ને અશુભ ઉપયોગ ટાળવા કહ્યું તો પછી ગૃહસ્થને શુભ ઉપયોગમાં નુકશાન કેમ જ કહી શકાય ? પહેલાં શુભ ઉપયોગથી અશુભને ટાળવાનું કેમ જરૂરી ન હોય ? શુભ-માર્ગની પુણ્યમાર્ગની આચરણ કરી કરીને **શુભ** ઉપયોગ વધારતા વધારતા **શુદ્ધ** ઉપયોગ આવી જાય છે. માટે તો **ગાથા ૨૪૬મીની** ટીકામાં લખ્યું કે શુભ ઉપયોગવાળા સાધુમાં શુદ્ધના અનુરાગવાળું ચારિત્રનું સ્વરૂપ હોય છે, તેથી ગૃહસ્થને પણ સાંસારિક આશય-પૌદ્ગલિક સુખની આશંસા ન જોઈએ; કેમકે તેમાં ઉપયોગ શુભ પણ રહેતો નથી. બાકી શુભોપયોગથી ગૃહસ્થ પણ આગળ વધી શકે છે. તો શુભની પણ આમ નિમિત્તકારણતા છે જ. તેથી 'નિમિત્ત કાંઈ કરતું નથી' એમ કહેવું, એ મૂર્ખવચન છે. મુનિ જેવાને પણ પ્રવચનસાર ગ્રન્થે યોગ્ય આહારગ્રહણાદિ ઘણી શુભક્રિયાઓ અવશ્ય કર્તવ્ય કહી છે. બાહ્ય ક્રિયા અને બાહ્ય નિમિત્તો જો નપુંસક જેવા હોત તો શા માટે કર્તવ્ય કહેત જ ? એટલે જ બાહ્ય શુભનિમિત્ત-શુભવ્યવહારને ઉડાવનારા કાનજીપંથીઓ પોતાના જ માનેલા પ્રવચનસારાદિ ગ્રન્થો અને એના રચયિતા કુંદકુંદાચાર્ય જેવાનો પણ ભયંકર દ્રોહ કરી રહ્યા છે.

(૪૯) પ્રવચનસાર ગાથા ૨૬૫ મી માં તો ત્યાંસુધી લખ્યું કે **"જે શાસનના પદાર્થનું બહારથી ઘસાતું બોલે નિંદે, તથા સાધુઓના અભ્યુત્થાનાદિ (આવે ત્યારે



ઊભા થવું વગેરે) વિનય ન સાચવે, એમાં અનુમત-સંમત ન હોય તે નષ્ટ ચારિત્રવાળો બને છે. તેનું ચારિત્ર નાશ પામી ગયું હોય છે."** આત્માના આંતરિક ગુણસાધુપણા પ્રત્યે અનિંદા અને વિનયાદિ બાહ્ય નિમિત્તની કેટલી બધી સચોટ કારણતા ભારપૂર્વક માની !!

**પ્ર.- પણ એ બધું કથન વ્યવહારથી છે ને ? નિશ્ચયથી ક્યાં પારમાર્થિક છે ?**

**ઉ.- એમ ? તો પહેલાં એ તો કહો કે તમારી આ બધી વ્યવહાર ઉડાવનારી જે ભાષણાદિ પ્રવૃત્તિ છે, એ નિશ્ચયધર્મ છે કે વ્યવહારધર્મ છે ? જો કે અમે તો એને ધર્મ નહિ પણ નીતરતો અધર્મ જ માનીએ છીએ, જૈનદર્શન પણ એ બધાને અધર્મ જ કહે છે; છતાં તમારા મતે પણ તે માત્ર વ્યવહાર ઠરશે નિશ્ચય નહિ. તો વ્યવહાર વિના તો તમારેય ચાલતું નથી, તેમ તમારા શાસ્ત્ર પણ જ્યારે બાહ્ય નિમિત્ત અને વ્યવહારને આવશ્યક માને છે, તો પછી** શા માટે એને તમે ઉડાવો છો ! નકામાં ગણો છો ?

**પ્ર.- અમે તો એ વિચારવાનું કહીએ છીએ ને કે શુદ્ધનયથી મોક્ષમાર્ગ કયો ? એટલે શું અશુદ્ધનયનો મોક્ષમાર્ગ અનાચરણીય કહો છો ? કિંમત વિનાનો કહો છો ? તો પછી પ્રવચનસારમાં એવું શા માટે કહેત કે શાસનના પદાર્થોનું બહાર ઘસાતું બોલે કે સાધુનો બાહ્ય પણ વિનય સાચવવાની ક્રિયાને ન માને એનું ચારિત્ર નષ્ટ સમજવું ? નિંદા કરવી કે વિનયને ન ગણવો, ન સાચવવો, એ તો બાહ્ય વ્યવહાર છે. એ વિનય આચરવા પર એટલો બધો ભાર કેમ મૂક્યો ? કે એના વિના ચારિત્રનો નાશ ગણ્યો ! તો પછી એવા શુભ નિમિત્ત, શુભક્રિયા, શુભવ્યવહારનું મૂલ્યાંકન સહેજ પણ ઓછું કરવામાં શી બુદ્ધિમત્તા છે ? ઊલટું, એની અતિ ઉપયોગિતાને જ્યારે શાસ્ત્ર પણ ઠામઠામ બતાવે છે, તેમજ યુક્તિ પણ સાબિત કરે છે. તો પછી એના પર સુજ્ઞ માણસે પણ ભાર મૂકીને સ્વ-પરની ખૂબ જ આચરણામાં ઉતરે, એવું કરવું ઘટે. માત્ર એ આચરણાની સાથે નિશ્ચયનું લક્ષ રાખવું-રખાવવું જોઈએ. જેથી એ અમૃતક્રિયા બને; તારક નિમિત્ત બને. માટે જ મૂર્તિપૂજક શ્વેતાંબરોને માન્ય શાસ્ત્રોમાં વર્ણવેલા સત્ય જૈનતત્ત્વ મુજબ નિશ્ચય મોક્ષમાર્ગ ઉપરાંત ગૃહસ્થ અને સાધુનો બાહ્ય વ્યવહાર ધર્મ, આચાર-અનુષ્ઠાન માર્ગ, ઉપાદાન ઉપરાંત નિમિત્તકારણની પ્રબળ આવશ્યકતા વગેરે જ વ્યાજબી છે.**

સમયસારાદિ ગ્રન્થોના આધારે નિમિત્ત કારણતાનું અને પરદ્રવ્યની અસરનું સમર્થન થયું. હવે યુક્તિ અને દૃષ્ટાન્તોથી પણ એવું જ સમર્થન જરા જોઈએ.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

# (૩૫) નિશ્ચય અને વ્યવહાર

## નિમિત્તકારણતા, પુણ્યની ઉપયોગિતા, વ્યવહારની ઉપકારકતા, અને પરદ્રવ્ય-પરતંત્રતા ઉપર યુક્તિઓ અને દૃષ્ટાન્તો

(૧) સિદ્ધ ભગવાનને સમયે સમયે જે જ્ઞાન વર્તે છે, તેમાં વિષય તરીકે જગત એ નિમિત્તકારણ છે. કેમકે સમયે સમયે જગત જેવું પરિણમે છે. જ્ઞાનને પણ બરારબ તેવું જ જ્ઞાનની વર્તના હોય નહિતર જ્ઞાન ખોટું ઠરે. જ્ઞાનરૂપી કાર્યનું ઉપાદાન કારણ તો આત્મા છે. પરંતુ નિમિત્તભૂત વિષયની પણ મહાન અપેક્ષા રહી. એનું જ નામ નિમિત્ત પણ એક સચોટ કારણ છે.

(૨) સિદ્ધ અવસ્થામાં આત્માના પ્રદેશોનું અવસ્થાન છેવટના ત્યજેલ દેહના આકાર મુજબ હોય છે. અર્થાત્ મોક્ષ પામતી વખતે જો શરીર કાઉસ્સગ્ગમાં ઊભું, તો મોક્ષમાં આત્મપ્રદેશો એ રીતે ઊભા; જો કાયા બેઠેલી પદ્માસને, તો આત્મપ્રદેશો પણ મોક્ષમાં તેવા આકારે હોય છે. અહીં પ્રશ્ન એ છે કે મોક્ષના આત્માના પ્રદેશોનું જુદા જુદા આકારે અવસ્થાન થવામાં નિયામક કોણ ? કહેવું જ પડશે કે જુદા જુદા પૂર્વના દેહના આકાર એજ નિયામક, એજ નિમિત્ત કારણ.

(૩) સહજ ગતિથી જેમ આત્મા મધ્યલોકમાંથી છૂટી સિદ્ધશિલા પર પહોંચ્યો, તેમ તેથી પણ આગળ ઊંચે અલોકમાં કેમ ન ગયો ? કહેવું જ પડશે કે ત્યાં ગતિ સહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય નથી. આમ ગતિ પર્યાયનું ઉપાદાન તો આત્મા પોતે છે, પણ ગતિમાં એને પરદ્રવ્ય ધર્માસ્તિકાય દ્રવ્યની પરતંત્રતા સેવવી પડે છે. તેથી જ અલોકમાં એના અભાવે આત્મા ગતિ નથી કરી શકતો, એમ કહી શકાય.

(૪) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ દ્રવ્યની સાર્થકતા શાના ઉપર ? એ દ્રવ્યોની સાબિતિ શી ? કહેવું જ પડશે કે પર એવા જીવ-પુદ્ગલ દ્રવ્યોમાં થતા ગતિ, સ્થિતિ, અવગાહ અને વર્તના પર્યાયોમાં ક્રમશઃ અ-સાધારણ નિમિત્ત કારણ તરીકે એ દ્રવ્યો છે. એથી એની સિદ્ધિ અને સાર્થકતા છે. વાત સાચી છે કે જીવદ્રવ્ય ગતિ પરિણામ ધર્મદ્રવ્યમાંથી નહિ લે; એ તો જીવ પોતે જ ગતિ રૂપે પરિણમશે; છતાં એ પરિણમવાનું જ્યાંસુધી ધર્માસ્તિકાય દ્રવ્ય મળે ત્યાંસુધી જ થવાનું. તેથી જ અલોકમાં જીવ પુદ્ગલની ગતિ-સ્થિતિ નહિ. તો પરદ્રવ્યો



પ્રબળ નિમિત્ત કારણ બન્યા જ ને ?

(૫) પુદ્ગલ પરિચયથી વધેલી રાગદશા અને અભેદઅધ્યાસ (કાયામાં જ આત્મબુદ્ધિ) પુદ્ગલના ત્યાગરૂપી વ્યવહારધર્મથી ઓછા થશે. માટે તો ડાકટર કેટલાક ક્ષયરોગીને સ્ત્રીથી દૂર ગામે રહેવાનું કહે છે. કેમકે સ્ત્રી સામે જ હશે તો રોગી વિકારી થશે. દૂર હશે તો શાંત રહેશે. શરીર સત્ત્વ નહિ ગુમાવે. આમ બાહ્ય ત્યાગથી આંતરિક વિકારનું જોર ઓછું રહે છે; બાહ્ય સંસર્ગથી વિકાર પુષ્ટ રહે છે, વધે છે. આનું નામ આત્માની વિકાર અંગે પરદ્રવ્ય પર આધીનતા રહી.

(૬) નિશાળીઓ નિશાળે જવાના બાહ્ય વ્યવહારથી નિશાળ અને વિદ્યાભ્યાસના આંતરિક મમત્વવાળો બને છે. માટે આંતરિક આત્મગુણ પર બાહ્ય વ્યવહાર ઉપકારી બન્યો. કાનજીમતવાળાનો મિથ્યાત્વ પરિણામ પણ એમજ મિથ્યા દેશનાના બાહ્ય શ્રવણ વ્યવહારથી અને મિથ્યાસાહિત્યના બાહ્ય વાંચન વ્યવહારથી સૃષ્ટિ-પુષ્ટિ અને વૃદ્ધિ પામ્યો છે.

(૭) નવી પરણી આવેલી પત્ની પતિના અને સાસુ વગેરેના બાહ્ય વ્યવહાર વર્તાવના આધારે પોતાનાં વલણ ઘડે છે; ભલે પતિ-સાસુ વગેરેના અંતરમાં ગમે તે હોય. એ વ્યવહારની અગત્ય સૂચવે છે.

(૮) વ્યસની માણસ કાંઈ એકાએક ઉગ્ર વ્યસની નથી બની ગયો, પણ વ્યસનના **બાહ્ય વ્યવહારના** વધતા જતા સેવનથી બન્યો છે.

(૯) નાના છોકરાની બહુ પ્રશંસા કરવાનો વ્યવહાર આચરો, તો એનો આત્મા એ સાંભળી ગર્વિષ્ઠ અને ઉદ્ધત બને છે. બાહ્ય વ્યવહાર કેવી અને કેટલી અસર કરે છે !

(૧૦) બાહ્ય તપના વ્યવહારમાં ચઢતા ચઢતા આંતરિક ક્ષયોપશમ સિદ્ધ થવાથી આત્મતેજ-આત્મસત્ત્વ ખીલે છે. એજ વ્યવહારની ઉપયોગિતા.

(૧૧) જીવવિપાકી કર્મ-પ્રકૃતિનું ફળ કોના ઉપર ? દા.ત. જ્ઞાનાવરણીય કર્મપ્રકૃતિની અસર જીવના પર થાય છે, કેમકે જીવમાં અજ્ઞાનપરિણામ પેદા કરે છે. આમ પરદ્રવ્યને અધીન જીવપરિણામ બન્યો.

(૧૨) ઘાતી કર્મ ખપી ગયા એટલે તો આત્મામાં વીતરાગ સર્વજ્ઞદશા આવી બધા કુસંસ્કાર નષ્ટ થઈ આત્મા શુદ્ધ બની ગયો, તો હવે એ સંસારમાં શા માટે ? તેમ, હવે અઘાતી કર્મોથી આત્માને શું ? હવે તો એ સીધો મોક્ષ જ પામી જાય ને ? પૂર્ણ બન્યા પછી, શુદ્ધ બન્યા પછી પણ આત્માને સંસાર-અવસ્થામાં રાખનાર અઘાતી કર્મ સિવાય બીજું કોણ છે ? કોઈ અજ્ઞાન, મિથ્યાત્વાદિ છે નહિ. તેથી જ આત્મા ઉપર પર એવા કર્મદ્રવ્યની પરતંત્રતા માનો જ.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

(૧૩) પુણ્યની ઉપયોગિતા જુઓ કે નમસ્કાર મહામંત્રમાં 'સવ્વપાવપ્પણાસણો' કહ્યું પણ 'સવ્વ કમ્મપ્પણાસણો' ન કહ્યું. કેમકે કર્મના પાપકર્મ તો પુરુષાર્થથી નાશ કરવા યોગ્ય છે; ત્યારે પુણ્યકર્મ દા.ત. મનુષ્યભવનું પુણ્ય સાધનાની અનુકૂળતા મેળવવા ઉપયોગી છે; તેથી પુણ્યના નાશનો ઉદ્યમ નથી કરવાનો. પછી વધેલાં પુણ્ય છેવટે મોક્ષ જવા પૂર્વે સહેજે સહેજે નાશ પામી જશે, ને મોક્ષ થશે.

(૧૪) પુણ્યની પ્રબળ ઉપકારકતા જુઓ કે (ક) મોક્ષ માત્ર મનુષ્યભવમાંથી જ થાય એવું શાથી ? એજ સૂચવે છે કે મોક્ષ માટે માનવભવની ને તેના યોગ્ય પુણ્યની જરૂર છે. (ખ) એટલું જ નહિ પણ ત્યાંય ક્ષપકશ્રેણિ માંડવા પૂર્વે આયુષ્ય પૂર્ણ થઈ જાય તો મોક્ષ જ અટકી જાય છે. એય સૂચવે છે કે દીર્ઘ આયુષ્યના પુણ્યની પણ જરૂર છે. (ગ) એમાં પણ આંખ-કાન કામ ન કરતા હોય તો બિચારો ધર્મઉપદેશ વાંચી-સાંભળી શકતો નથી, તેથી આરાધનામાં ચઢી શકતો નથી. એ વસ્તુ પણસ સાબિત કરે છે કે તે તે ઈન્દ્રિયોના પુણ્યની પણ જરૂર છે. (ઘ) એવા જ સ્વસ્થ અને ચિત્તભ્રમ વિનાના અમૂઢ મનના પુણ્યની પણ ખૂબ જ આવશ્યક્તા છે. નહિતર ગાંડો શું સાધે ? (ઙ) આ બધું છે પણ શરીર જન્મથી ભારે રોગગ્રસ્ત છે; તો ગુરુયોગ, ચારિત્ર વગેરે ક્યાંથી પામશે ? એટલે આરોગ્યનું પુણ્યેય જરૂરી છે. (ચ) મનુષ્યભવ, દીર્ઘાયુષ્ય, પાંચેય ઈન્દ્રિયો, સ્વસ્થ મન, અને આરોગ્ય તો મળ્યું. પણ આફ્રિકાના જંગલ જેવા અનાર્ય દેશમાં જન્મ મળ્યો તો શું ધર્મસમજ અને ધર્મસાધના પામવાનો ? કંઈ જ નહિ. માટે આર્યદેશના જન્મના પુણ્યની જરૂર છે. (છ) આર્યદેશમાં પણ જો મલેચ્છ કુળમાં જન્મ મળે તો ય ત્યાં શું સારું પામે ? એટલે આર્યકુળ અને વિશેષે કરીને જૈનકુળમાં જન્મનું પુણ્ય પણ આવશ્યક છે. (જ) એમાં પણ જો સુધારક કે નાસ્તિક કુળમાં જન્મ્યો અને એમજ ઉછર્યો તો સદ્‌ગુરુનો યોગ, ધર્મશ્રવણ વગેરે નહિ પામવાનો. તેથી ગુરુયોગ, શ્રવણયોગ પામવાનું પુણ્ય પણ જોઈશે જ.

આત્મા આવા આવા પુણ્ય વિના પાંગળો છે; પુણ્યથી સશકત છે. પુણ્યે આપેલી સામગ્રીમાં ધર્મપુરુષાર્થ સારો કરી શકે છે. એવા પુણ્યને પુણ્યાનુબંધી પુણ્ય કહે છે. પુણ્યાનુબંધી પુણ્ય ત્યાજ્ય નથી, પણ ઉપાદેય છે, એના ઉપાર્જક પુણ્ય માર્ગો ઉપાદેય છે. પુણ્ય અંતે છૂટવાનું છે, ને પછી જ મોક્ષ થવાનો છે તેથી કરીને કાંઈ અત્યારથી ન છોડી દેવાય. બાળકને ચાલતાં શીખવાની ઘોડી (ઠેલણ ગાડી) પાછળથી છૂટી જવાની છે, તેથી કાંઈ પહેલેથી ઘોડી વિના ધડાધડ ન ચલાવાય; નહિતર હાથ-પગ-માથું ભાંગે. રોગીને નિરોગી બન્યે દવા અને પથ્ય છુટવાના જ છે તેથી કાંઈ રોગ દશામાં જ દવા-પથ્ય છોડી ન દેવાય. તેમ બાળ આત્માને પુણ્ય



એ ટેકો છે. મોક્ષ થતાં આત્મા સશક્ત બનશે ત્યાં પુણ્ય છૂટી જશે. સંસારી જીવ રોગી છે, તેથી પુણ્યના ઉપચારની જરૂર છે. નિરોગી થવાની છેલ્લી ઘડીએ આત્માના અતિસામર્થ્યથી અને પુણ્યકર્મોની સ્થિતિપરિપાકાદિ દુર્બલતાથી પુણ્ય છૂટી જશે.

(૧૫) "**पावाणं कम्माणं निग्घायणट्ठाए**" કહ્યું, પણ "**पुण्णाणं कम्माणं...**" ન કહ્યું. એ સૂચવે છે કે પુણ્યનો માર્ગ બંધ નથી કરવાનો; અલબત ઊંચી ઊંચી કક્ષાના નિરવદ્ય માર્ગે જતાં નીચલી કક્ષાના પુણ્ય માર્ગ છૂટી જાય એ યોગ્ય છે. પણ તેથી કાંઈ ઠેઠ નીચેની કક્ષાએ બેઠેલાને એ છોડી ન દેવાય. નીચેની કક્ષાવાળો એ આચરતાં આચરતાં જ સાવદ્ય (સપાપ) મનોવૃત્તિથી છૂટી નિરવદ્ય (નિષ્પાપ) વૃત્તિવાળો બને છે.

(૧૬) કહે છે કે પુણ્ય પણ બેડી છે, મોક્ષરોધક છે, માટે ત્યાજ્ય છે. પણ એને ખબર નથી લાગતી કે ખેતરમાં ઘઉં વાવ્યા, હવે જે પાક થશે તેમાં અંતે ગ્રાહ્ય તો માત્ર ઘઉંના દાણા છે, ઘાસ નહિ. ઘાસ તો અંતે કાપી નાખવું પડશે. હવે એ બીજમાંથી અંકુરો ફૂટતાં પ્રથમ તો ઘાસ ઉગવા માંડે છે, તો તે શું ત્યારે જ કાપી નાખવું ? ના, તો જેમ એ ઘાસ અકબંધ ઉગતું વધતું રહે તો એના પર દાણા ફૂટે, તેવી રીતે પુણ્ય ઉગતું વધતું રહે તો એની અનુકૂળતા ઉપર દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના શક્ય બને; અને જેવી રીતે દાણા પકવ થયા લણીને, ઘાસ દૂર કરી દાણાનો ઉપભોગ કરાય છે. તેમ દર્શનાદિ પકવ ક્ષાયિકભાવના થયા બાદ પુણ્ય પડતું મૂકી મોક્ષમાં એ ક્ષાયિક જ્ઞાનાદિનો ઉપભોગ કરાય છે. નહિતર તો, જો એમ જ કહો કે જે અંતે ત્યાજ્ય છે, તે પહેલાં પણ ત્યાજ્ય હોય, તો તો તમારી માનેલી દ્રવ્યદષ્ટિની વિચારણા, શુદ્ધ આત્મપર્યાયની વિચારણા, નિશ્ચય ધર્મની સાધના-ઈત્યાદિ બધુંય અંતે ત્યાજ્ય છે. મોક્ષાવસ્થામાં કાંઈ એ આદરણીય નથી. તો પછી શું એને અત્યારથી છોડી દેવા ? શું અત્યારેય એને ન આદરવા ? તો એને જેમ આદરો છો, તેમ પુણ્યમાર્ગને કઈ અક્કલથી છોડો છો ?

(૧૭) પેટમાં કચરો ભરાઈ ગયા પછી ડાહ્યો માણસ અંદર બીજું નાખવાનું બંધ કરે છે, પણ એરંડેલ તેલ ખાસું ૪-૫ તોલા પી જાય છે. કેમ વારુ કચરા પર વધારો ? 'પાછો એ વધારાને કોણ કાઢશે ? એય કાઢવાનો તો છે જ;'-એવી ચિંતા નથી કરવી પડતી. કેમકે એ દિવેલ કચરાને સાફ બહાર કાઢીને પોતે પણ સહેજે નીકળી જાય છે. તેમ પાપરૂપી કચરાને કાઢવા માટે પુણ્ય એ પણ એક સાધન છે. પાપ નીકળી જતાં એ ય નીકળી જશે. એવી રીતે પાપરૂપી ગુમડા પર ધર્મદવા લગાડવા માટે પુણ્ય પટ્ટીનું કામ કરે છે. ગુમડું મટી જતાં પટ્ટીય મટી જશે.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

## જો નિમિત્ત અને પરદ્રવ્ય કાંઈ ન જ કરતું હોય તો

(૧૮) ટપાલમાં આવેલો કાગળ વાંચતાં જ કેમ આત્મામાં તેવા પ્રકારનું જ્ઞાન જન્મે છે ? અંદર બેઠેલા રાગ-દ્વેષ કેમ ઉછળી ઉઠે છે ?

(૧૯) દારૂ કે કલોરોફોર્મથી કેમ જ્ઞાન-ભાન જતું રહે છે ?

(૨૦) ચશ્માથી કેમ જોવાની શક્તિ અર્થાત્ જ્ઞાનશક્તિ-જ્ઞાનમાત્ર વધે છે ?

(૨૧) માથું ભીંતે અફળાયા બરાબર કેમ આત્મામાં અશાતા જાગે છે ?

(૨૨) દર્પણમાં કેમ મૂળ વસ્તુના અનુસારે જ પ્રતિબિંબ પડે છે ?

(૨૩) વરસાદ પડે તો પાક અને સુકાળ, ન પડે તો દુકાળ, એવું શાથી ? પાકનું ઉપાદાન જોઈએ. તો તે બીજ તો પડ્યાં છે. પછી નિમિત્તની અપેક્ષા શી ?

(૨૪) સર્પદંશ-વિષભક્ષણથી આયુષ્યકર્મનો અંત શાથી ? મરતાં પહેલાં કોઈ ઉતારનાર મળે તો પુનઃ આરોગ્ય શાથી ? બાહ્ય એવું સર્પઝેર કે બાહ્ય એવી મંત્રશક્તિરૂપી નિમિત્તને આયુષ્યક્ષય કે આયુષ્યસંરક્ષણરૂપી કાર્ય સાથે શું લાગે વળગે ? છતાં એ નિમિત્ત એ કાર્ય કર્યાનું દેખો છો ને ?

(૨૫) પાણીથી ઠંડકનો અને અગ્નિથી બળતરાનો જ અનુભવ કેમ ? અનુભવ તો જ્ઞાનરૂપ હોઈ આત્મધર્મ છે. એમાં તે તે અનુભવમાં તેવું તેવું જ દ્રવ્ય નિમિત્ત કેમ ?

(૨૬) એન્જિન ચાલે તો ડબા ચાલે, અને એન્જિન બંધ તો ડબા બંધ, એવું શાથી ? ડબાની ચાલવાની ક્રિયાનું ઉપાદાન તો ડબો પોતે છે એ સ્વતંત્રદ્રવ્ય છે. એના પરિણામમાં બીજાની અપેક્ષા શી ?

(૨૭) ડબાનું બારણું બંધ કરતાં હાથની આંગળી કેમ સાચવો છો ? આંગળી કપાઈ અશાતા થવાની હશે, તો ય એ અશાતાના કાર્યમાં ઉપાદાન તો આત્મા છે. એમાં બારણું બંધ થવાને કે આંગળી કપાવવા નિમિત્તને શું લાગેવળગે ? પણ જરૂર લાગે-વળગે છે. એમ સમજીને આંગળીને સાચવો છો. એ જ સૂચવે છે કે નિમિત્ત જબરદસ્ત કામ કરે છે.

(૨૮) દીવાના પ્રકાશનું ઉપાદાન કારણ તો અગ્નિ પુદ્ગલો છે; પણ એમાં તેલ અને વાટની જરૂર શી ? અથવા ઈલેક્ટ્રીક દીવામાં મૂળ મશીન, વાયરકનેકશન, ચાંપ દબાવવાનું, વગેરે નિમિત્ત કારણોની અપેક્ષા શા સારું ?

(૨૯) હળદરના પાણીમાં ધોળું ખડી વગેરેનું પાણી પડવાથી પાણી ગુલાબી રંગનું કેમ થાય છે ? પરસ્પરના પુદ્ગલ ઉપર પરસ્પર નિમિત્તની અસર, અને એ બંને નિમિત્તની પાણી ઉપર અસર શાથી ?



(૩૦) સામાના શબ્દના આધારે એના હૃદયના ભાવનું જ્ઞાન કેમ કરાય છે ? જ્ઞાનનું ઉપાદાન તો આત્મા છે ? એને એ શબ્દ નિમિત્તની શી જરૂર ?

(૩૧) સૂર્ય અસ્ત પામ્યા પછી જ કે ઉદય થયા પૂર્વે જ સંધ્યા શાથી ? સંધ્યાનું ઉપાદાન કાંઈ સૂર્ય નથી. તો પછી સૂર્યાસ્ત-સૂર્યોદયના નિમિત્તની શી જરૂર ?

(૩૨) રેલ્વેના પાટા ઢીલા હોય કે એના પર કોઈ મોટો પ્રતિબંધ પડ્યો હોય તો ગાડી કેમ ઉતરી કે ઉથલી પડે છે ?

(૩૩) અમુક પ્રકારના વનસ્પતિ, પારો, અગ્નિ વગેરેના ચોકસ પ્રયોગના નિમિત્તથી જ સુવર્ણભસ્મ વગેરે દવાઓ કેમ તૈયાર થાય છે ? કેમ એકલા સુવર્ણાદિ ઉપાદાનને બદલે બાહ્ય પ્રયોગના વ્યવહારની તથા તે તે નિમિત્તભૂત દ્રવ્યો અને ક્રિયાની જરૂર રહે છે ?

(૩૪) સ્વસ્ત્રીભોકતા કે સ્વપુરુષભોકતા એ સદાચારી અને પરસ્ત્રી-પરપુરુષ-ભોકતા એ વ્યભિચારી, એવું શાથી ? સદાચાર-વ્યભિચાર એ તો આત્માના સદ્ગુણ-દુર્ગુણ છે. એમાં બાહ્ય નિમિત્ત પર જ માપ કેમ ? અંતરમાં ભાવ બગડ્યા પણ હોય તોય વ્યવહાર શરમ વગેરેથી જીવ બાહ્ય વ્યભિચાર ક્રિયામાં નથી જોડાતો ત્યાંસુધી એ કંઈક ઠીક રહે છે, એ શાથી ?

(૩૫) શરીરમાં મર્મસ્થાન પર ચોંટ લાગવાથી આયુષ્યકર્મનો અંત ઝટ થાય છે, અને બીજા સ્થાને વાગવાથી ઝટ મૃત્યુ નથી થતું એનું શું કારણ ?

(૩૬) વકીલ અસીલનો કેસ બરાબર યુક્તિ-કાયદાથી રજૂ કરે તો જ અસીલ જીતે, નહિતર હારે એનું કારણ શું ? નિમિત્તકારણો ભારે કામ કરે છે કે નહિ ? હોશિયાર વકીલ લુલા કેસને પણ કાયદાની બારીકી અને દલીલની છટાથી જીતાડી આપે છે કે નહિ ?

(૩૭) પાણી ઢાળ મળે તો નીચી ગતિ કરે છે; અટકણ મળે તો અટકી જાય છે, એમ શાથી ? ગતિ કે સ્થિરતાનું ઉપાદાન તો પાણી પોતે છે એમાં ઢાળ વગેરે નિમિત્તકારણ કેમ અસર કરે છે ?

(૩૮) અણીવાળી જ સોય કપડું સીવે છે, બુઠ્ઠી નહિ, એવું કેમ ? **જગતમાં આ અને આવાં આવાં તો કેઈ બીજા અઢળક દૃષ્ટાન્તોમાં નિમિત્તકારણની પ્રબળ અસર સિદ્ધ છે, સાબિત છે, રોજના અનુભવમાં છે. તેમજ કર્મસિદ્ધાન્તમાં આત્મા પર કર્મનિમિત્તની અસર અંગે પૂર્વે 'સમયસારાદિમાં' નિમિત્તના સમર્થન વખતે ઘણી યુક્તિઓ આપી છે. તેમાં ય ખાસ કરીને એનો મુદ્દો બારમો ખૂબ જ કહે છે.**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

**જો બાહ્ય ક્રિયા, ને બાહ્ય વ્યવહાર અસદ્‌ભૂત હોવાથી અકિંચિત્કર છે, તો :-**

(૩૯) કાનજીમતવાળાઓ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાનો બાહ્ય વ્યવહાર શા માટે કરે છે ? તેમ બ્રહ્મચારીને ખાનગીમાં પણ સ્ત્રીઆલિંગનનો નિષેધ શાથી ? આલિંગન એ તો બાહ્ય ક્રિયા છે; તેનાથી આત્માના બ્રહ્મચર્ય ગુણને શી અસર થવાની હતી ?

(૪૦) કુસંગ અને કુ-વાતાવરણ છોડી સુ-સંગ અને સુ-વાતાવરણમાં રહેવાનો બાહ્ય વ્યવહાર પણ આત્મા પર ખૂબ લાભ કરે છે, એ ક્યાં અજાણ્યું છે ?

(૪૧) રોટલી નિયમા આટાની બનવાની; પણ પાણી, વેલણ, વણનાર, અગ્નિ વગેરે નિમિત્તોની, પરદ્રવ્યોની, તેમજ કણેક બાંધવી, ગુંદવી, વણવી, સીજવવી વગેર લાંબા વ્યવહારની જરૂર કેમ રહે છે ?

(૪૨) દિગંબરોએ પણ સાધુ અને શ્રાવકના અનેક બાહ્ય આચાર વ્યવહાર આવશ્યક માન્યા છે; મયુરપિચ્છ, શૌચકમંડલુ, જ્ઞાનોપગરણ વગેરે નિમિત્તો પરદ્રવ્યો જરૂરી માન્યા છે; ઘણી ઘણી બાહ્ય મર્યાદાઓ પાળવાનું ફરમાવ્યું છે. એમાં બાહ્ય નિમિત્ત વ્યવહાર માર્ગ ક્યાં ઓછો આદરણીય રહ્યો ? પરદ્રવ્યની અસર ક્યાં ઓછી રહી ?

(૪૩) સોનગઢના આશ્રમમાં આલીશાન પ્રવચન મંડપ, સોનેરી પુંઠાવાળા આકર્ષક સમયસારનાં પુસ્તક, મેમાનોની શિરાપુરીથી ભક્તિ, આત્મધર્મ માસિક-દૈનિક પત્રનાં નિયમિત પ્રકાશન, નિયમિત સમૂહ પ્રાર્થના, પ્રવચનશ્રવણ, ઈત્યાદિ ઈત્યાદિ બધું જ બાહ્ય વ્યવહારની પ્રબળ આવશ્યકતા, નિમિત્તની કારણતા, અને પરદ્રવ્યની પરાધીનતા શું નથી સૂચવી રહ્યા ? એટલું જ નહિ પણ એમ કરીને એ લોકો ક્રમબદ્ધ નિયત થઈ ગયેલા આત્મદ્રવ્યના પર્યાયોના વિશ્વાસે ન રહેતાં શુદ્ધ પર્યાય જાતે ઘડવાના પુરુષાર્થમાં લાગી ગયા છે. છતાં ક્રમબદ્ધ નિયત પર્યાયની વાત કરે છે તે 'હું ટો બા ! બોઈએ નઠી, ને ચોઈએ નઠી' જેવું છે; ભીલડીમાં મોહવા છતાં શિવજીને નિર્વિકાર કહેવા જેવું છે.

(૪૪) સોનીનું લક્ષ સો ટચના સોના ઉપર રહે છે; પણ ક્રિયા તો અશુદ્ધ સોના ઉપર કરે છે. એ શુદ્ધ લક્ષ સાથે બાહ્ય ક્રિયાની આવશ્યકતા સૂચવે છે.

(૪૫) દિગંબરમુનિ માટે કહ્યું કે શુદ્રના હાથનું જલ ત્યજે, પણ ઉદ્દિષ્ટ (સાધુના ઉદ્દેશથી બનાવેલો) આહાર લે તો એ મુનિ નથી. આમાં બાહ્ય વ્યવહાર માર્ગ ઉપર કેટલો બધો ભાર કેમ મૂક્યો ? કે એ વિના મુનિપણું કેમ નિષેધ્યું !

(૪૬) શાસ્ત્રદાનને ઉત્તમ દાન કહ્યું એ નિમિત્તની પ્રશંસા કરી.

(૪૭) 'પુદ્‌ગલ પુદ્‌ગલને ખાય છે; આત્મા ખાતો નથી' આ દંભીનું વચન



છે; કેમકે જો આત્મા ખાતો નથી તો પછી 'હું ખાઉં' આવા વિકલ્પ પણ આત્મામાં ઉઠવા ન જોઈએ. ઉઠે તો છે જ તેથી બાહ્ય આહારાદિ લેવાની ક્રિયાની આત્મા પર અસર છે.

(૪૮) રજસ્વલા સ્ત્રી મંદિરમાં કેમ ન જઈ શકે ?

(૪૯) સ્ત્રીને ચારિત્ર અને મોક્ષ કેમ નહિ ? એના આત્મ-દ્રવ્યમાં શી ખામી છે ? જો કહો કે 'સ્ત્રી શરીર હોવાથી કપડા જોઈએ તેથી ચારિત્ર નહિ;' તો શું ચારિત્ર નગ્ન શરીરમાં છે ? આવું માનવામાં નિમિત્ત, વ્યવહાર વગેરે આગળ ક્યાં ન કર્યા ?

(૫૦) અભવી જીવની વાણીથી બીજા જીવોને સમ્યગ્દર્શનાદિ થાય છે એ શું નિમિત્ત કારણની બલિહારી નથી ? નહિતર તો જો એ જીવોની જ યોગ્યતા અને પુરુષાર્થ પર આધાર હોત તો તો અભવીનો ઉપદેશ મળવા પહેલાં કેમ એ ન થયા, અને ઉપદેશ મળતાં જ કેમ જાગ્યા ?

(૫૧) સંસારી જીવ મૂર્ત કે અમૂર્ત ? સાંજન કે નિરંજન ? કર્મબદ્ધ કે કર્મરહિત ? અમૂર્ત-નિરંજન-કર્મરહિત કહો તો પ્રશ્ન એ થશે કે કયા હિસાબે મોક્ષપુરુષાર્થ જરૂરી ? અને જીવ જો કર્મસહિત-સાંજન અને મૂર્તામૂર્ત છે, તો એ શાના નિમિત્તે ?

(૫૨) કાર્મણ વર્ગણામાંથી કર્મ કોણ બનાવે છે ? જડ કે જીવ ? જીવજ બનાવે છે. એ સૂચવે છે કે કર્મમાં ઉપાદાન કાર્મણવર્ગણા હોવા છતાં, જીવ કર્મમાં પ્રબળ નિમિત્તકારણ છે.

(૫૩) દ્રવ્યલેશ્યા-ભાવલેશ્યાને શો સંબંધ ? સંબંધ છે તેથી જ જડદ્રવ્યની જીવદ્રવ્ય પર અસર સાબિત થાય છે. નહિતર તો ભાવલેશ્યાનું ઉપાદાન જીવ છે. માત્ર જીવથી જ એ કાર્ય થઈ જવું જોઈએ.

(૫૪) સ્વભાવે કર્મ ઉદયમાં આવવાને બદલે, કર્મની ઉદીરણા કોણ કરે છે ? જીવ. એનો જ અર્થ એ કે પરદ્રવ્ય કર્મ પર જીવનું ચાલે છે. તેમ પરદ્રવ્ય જીવ ઉપર કર્મનુંય ચાલે છે; તેથી તો કર્મે જીવને અજ્ઞાન, સંસારી, શરીરી વગેરે બનાવ્યો છે.

(૫૫) શ્રી આદિનાથ ચારિત્રમાં દિગંબરો કહે છે કે પ્રભુને ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્રના પરિણામ ન થયા. પછી ઈન્દ્રે મોકલેલી નિલાંજના દેવી નૃત્ય કરતાં વચમાં જ મરી ત્યાં ઈન્દ્રે તરત જ બીજી દેવી રચી નૃત્ય ચાલુ રખાવ્યું. પણ પ્રભુ અવધિજ્ઞાનથી આ જાણી 'અહો ધિક્કાર છે આ ચપલ સંસારને' એમ વૈરાગ્ય

વધવાથી ચારિત્ર પરિણામવાળા બન્યા.-આ જે કહ્યું તેમાં નિમિત્તને સચોટ કારણ કહ્યું કે નહિ ? આત્મા પર પરદ્રવ્યની અસર પડી કે નહિ ?

(૫૬) લોઢું સુવર્ણ થવાનું ઉપાદાન છે, પણ પારસમણિનો યોગ કરાય તો. એ સૂચવે છે કે નિમિત્તકારણતા અને વ્યવહાર.

(૫૭) ઈન્દ્રિયપ્રવૃત્તિમાં મન કારણ છે એ પરદ્રવ્ય પરાધીનતા આવી.

(૫૮) અજ્ઞાની જીવને ઈષ્ટ વસ્તુના સંસર્ગથી રાગના, અને અનિષ્ટના સમાગમથી દ્વેષના વિકલ્પ થાય છે; ત્યાં જીવદ્રવ્ય સ્વતંત્ર ન રહ્યું, પણ પરદ્રવ્યની અસર તળે ઘસડાયું. માટે જ અંદરની ગમે તેવી ખામી છતાં, ઈષ્ટ દ્રવ્યના સંયોગે દ્વેષ ન થયો, અનિષ્ટમાં રાગ ન થયો. જો એકલી આંતરિક વિભાવદશા જ કારણ હોત તો તો રાગ-દ્વેષ બંનેય અંદરમાં પડેલા હોવાથી બેઉ થવા જોઈતા હતા, અગર રાગ કે દ્વેષ ગમે તે થવો જોઈતો હતો; પણ ઈષ્ટમાં રાગ જ, અનિષ્ટમાં દ્વેષ જ એવું નિયત જ કેમ ?

(૬૦) 'સમ્યક્ત્વ સુધા' ગ્રન્થમાં લખ્યું છે કે "ક્યાંક જેવું ઉપાદાન તેવું નિમિત્ત હોય છે; ત્યાં ઉત્કૃષ્ટ શુભ-અશુભનો બંધ પડે છે. ક્યાંક નિમિત્ત બીજા પ્રકારનું હોય, ત્યાં ફળ ઉપાદાન પ્રમાણે થાય છે. માટે વિવેકી મનુષ્યે પરભવના સુખ અંગે નિમિત્ત તો સારું જ મેળવવું, અને ઉપાદાન સદાય સારું રાખવું. **સારા નિમિત્તથી પરંપરાએ ઉપાદાન પણ શુભ થઈ જાય છે.** અને ખરાબ નિમિત્તથી ઉપાદાન પણ ખરાબ થઈ જાય છે, એમ પ્રત્યક્ષ દેખીયે છીએ કે સારા કુળમાં ઉત્પન્ન થયેલ કુળવાન જીવ નિમિત્તથી ચોર, જુગારી, દુરાચારી, કુલક્ષણો-એમ ખરાબ થતો દેખીયે છીએ; અને સામાન્ય કુળનો જીવ સારી સંગતિથી ઊંચ થઈ સારો અને સુખી થતો દેખીયે છીએ. **માટે નિમિત્ત સદાય વિવેકી જીવે સારાં રાખવાના ઉપાય કરવા યોગ્ય છે.** નિમિત્તથી ઉપાદાનની શુદ્ધતા થાય છે. જેમ કે, અગ્નિના નિમિત્તથી સુવર્ણના ઉપાદાનની શુદ્ધતા થાય છે; અને ત્રાંબુ આદિ કુનિમિત્તથી સુવર્ણના ઉપાદાનની મલિનતા થાય છે. કોઈ જગ્યાએ નિમિત્તની પ્રધાનતા હોય છે. તો કોઈ જગ્યાએ ઉપાદાનની પ્રધાનતા હોય છે. તો એકાંતને ગ્રહણ ન કરવું તે સમ્યગ્જ્ઞાન છે."





# (૩૬) નિશ્ચય અને વ્યવહાર

(૬૧) જીવમાં રાગાદિની મલિનતા સ્વાભાવિક છે કે ઔપચારિક (સનિમિત્તક) ? જો સ્વાભાવિક કહો તો તો જીવમાંથી કદાપિ દૂર ન થાય, તેથી મોક્ષ જ ન થાય, ત્યારે જો એ રાગાદિની દશા ઔપચારિક છે; તો એ કહો કે કઈ ઉપાધિના લીધે, કયા નિમિત્તના લીધે રાગાદિ દશા છે એ કહો, ત્યાં તે માટે કર્મરૂપી પરદ્રવ્ય લાવવું જ પડશે. નહિતર વેદાન્તીને જેમ એક જ શુદ્ધ બ્રહ્મ (આત્મા) ઉપર સ્વપ્નસમ અનેક જીવાત્મા અને જગત કલ્પી કાઢવા માટે કાલ્પનિક (અપારમાર્થિક) અને અનિર્વચનીય એવી અવિદ્યા-માયાનો યોગ માનવો પડે છે, તેવું તમારે થશે. એને ત્યાં એક બ્રહ્મ જ વસ્તુ સત્ છે. બાકી કશું જ સત્ નહિ, એટલે અનેક જીવાત્માઓ તથા જગત તો સત્ નહિ કિન્તુ અવિદ્યા-માયા વગેરે પણ સત્ નહિ. છતાં એના યોગે બ્રહ્મનો સંસાર માન્યો. એનો અર્થ એ થશે કે જે વસ્તુ પોતે જ સત્ નથી, એનોય જો યોગ માનવો છે, તો તે યોગ હંમેશનો અર્થાત્ અનાદિ-અનંત બનશે. યોગ છે છે ને છે જ; અને જો ભવિષ્યમાં ક્યારેક નથી, તો હંમેશા નથી નથી ને નથી. કારણ એક જ છે કે આકાશકુસુમની જેમ જે વસ્તુ સત્ નથી તેનું હોવું શું, ને દૂર થવું શું ? એવું તમારે જીવની રાગાદિ વિભાવ દશા કર્મ ઉપાધિના સંબંધે છે નહિ; તો સ્વતંત્ર માનેલી રાગાદિ વિભાવદશા કાં તો સદા હોય, કાં હોય જ નહિ. સદા હોય તો કદી મોક્ષ જ નહિ થાય; અને જો વાસ્તવિક હોય જ નહિ, તો સંસાર પણ ન જ હોઈ શકે. જો વિભાવદશા કલ્પિત વસ્તુ છે તો સંસાર પણ તેવો જ ઠરશે. માટે સત્ એવો સંસાર અને રાગાદિદશા સત્ એવા કર્મદ્રવ્યની ઉપાધિના લીધે છે એમ માનવાથી કર્મ ટળવાથી એ ટળી જાય ને મોક્ષ થાય એ સ્વાભાવિક છે !

(૬૨) કોઈનો રેલ્વે વગેરેમાં હાથ-પગ કપાયો તો હાથ-પગના દ્રવ્ય પર રેલ્વે આદિ દ્રવ્યની અસર થઈ શકે કે નહિ ? કપાવાના કાર્યમાં રેલ્વે વગેરે નિમિત્ત થાય કે નહિ ?

(૬૩) જીવ મનુષ્ય મટીને દેવ થાય એમાં જીવનો થતા દેવપરિણામમાં પૂર્વના મનુષ્યઆયુનો ક્ષય અને નવા દેવાયુનો ઉદય અસાધારણ નિમિત્ત ખરું કે નહિ ? એજ નિમિત્તની કારણતા, અને પુણ્યની બલિહારી ! આત્માની જડદ્રવ્ય પર



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અસર જો નહિ, તો ચોક્કસ પ્રકારના કર્મનું સર્જન શી રીતે ? કર્મ બંધ શાશ્વત કેમ નહિ ?

(૬૪) રાગાદિની પરિણતિથી જીવની વિષયભોગમાં પ્રવૃત્તિ ખરી ? જો હા તો બાહ્ય શારીરિક વિષય સંબંધરૂપ કાર્યમાં આત્મા નિમિત્તકારણ બન્યો જ.

(૬૫) બુદ્ધિમાન કારીગરથી પુદ્ગલનું વધુ સારું નિર્માણ થાય ખરું ? તો એમાં બુદ્ધિમાન જીવની અસર જડદ્રવ્ય પર ન થઈ ?

ખાવાની ક્રિયા કોણ કરે છે ? જો કહો કે શરીર, તો એ ક્રિયા મડદું કેમ નથી કરતું ? જો કહો કે ચેતનાવાળું શરીર એ ક્રિયાને કરે છે, તો ચેતનાની જરૂર ક્રિયામાં પડી કે નહિ ? જો કહો કે એ તો અવર્જનીય સંનિધિ છે; અર્થાત્ દુર્નિવાર હાજરી છે, પણ એ કારણ નથી, તો પૂર્વે કહ્યા મુજબ એ 'વદતો વ્યાઘાત' છે. જેમ, કોઈ કહે કે આ સ્ત્રીએ મને જન્મ આપ્યો છે પણ એ મારી માતા નથી.

(૬૬) નિમિત્તની જરૂર ન હોય તો, તો તમારું તત્ત્વ અજ્ઞાન જીવોને સમજાવવા તમે મહેનત શા સારું કરો છો ? શું એની ભવિતવ્યતાથી એ નહિ સમજે ? પણ ત્યાં તો તમને આશા કે સમજાવવાથી સમજશે, પછી નિમિત્ત-કારણ ઉડાવવાની આવી ભાંજગડ શા માટે ?

(૬૭) કાળ એ નિમિત્તકારણ ખરું કે નહિ ? જ્યારે જે પર્યાય થવાનો નિર્ણીત છે ત્યારે જ તે થાય છે, ત્યારે તે થાય જ છે એમ જે કહો છો એમાં 'જ્યારે' નો અર્થ એ છે કે **જે કાળ** પામીને પર્યાય થવાનો છે, એમાં કાળ નિમિત્ત કારણ બન્યું જ. તે કાળે જ તે કાર્ય, એટલે તે કાર્યને થવા માટે તે કાળની રાહ જોવી જ પડશે.

(૬૮) સમ્યક્ત્વનો પરિણામ તો મોક્ષમાં કારણ માનો જ છો. એ સમ્યક્ત્વ ક્ષાયિક કોટિનું થવા પૂર્વે ક્ષાયોપશમિક ભાવનું હોય છે. હવે જૈન પ્રક્રિયા જો જાણતા હો તો ખબર હશે કે તેમાં શુદ્ધ કરેલા ઉજ્જવલ સમ્યક્ત્વ મોહનીય કર્મના દળીયાં (પુદ્ગલ) અનિવાર્ય કારણ છે. તો એ જડ કર્મ ચેતન જીવના સમકિત પરિણામમાં નિમિત્તકારણ બન્યા જ ને !

(૬૯) માખણનું ઉપાદાન તો દહીં છે. પણ માખણ કાઢવા દહીંમાં પાણી ભેળવવાની અને રવૈયો હલાવવાની કેમ જરૂર પડે છે ? એ ન કરાય ત્યાંસુધી દહીંમાથી માખણ એમને એમ કેમ બહાર નથી પડતું ? એ સૂચવે છે કે એ નિમિત્ત કારણો વિના કાર્ય ન થાય.

(૭૦) લાકડાં બળીને કોલસા થયા, એમાં બાળનાર અગ્નિ શું જબરદસ્ત નિમિત્ત કારણ નથી ? છે જ.



## શ્વેતામ્બર મૂર્તિપૂજક માન્ય જૈનદર્શનમાં નિશ્ચયનય

અહીં સુધીમાં શ્રી કાનજીની ઢંગધડા વિનાની નિશ્ચયની વાતો, તથા નિમિત્તની અ-કારણતા, બાહ્ય શુભ વ્યવહારની નિરુપયોગિતા, દરેક દ્રવ્યની સ્વતંત્રતા, પુણ્યની હેયતા વગેરેના મનઘડંત સિદ્ધાન્તોનું ખંડન કર્યું. હવે જે એ શ્વેતામ્બરોને એકલા વ્યવહારમાર્ગી માની વ્યવહારમૂઢ કહે છે, એની સામે એ જોઈએ કે શ્વેતાંબરો પણ જૈનમતાનુસાર નિશ્ચય ઉપર પણ કેટલો બધો ભાર મૂકે છે. તેમાંય ખાસ કરીને પ્રખર ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય પૂ. શ્રી યશોવિજયજી મહારાજને એ વ્યવહારમૂઢ કહે છે તેથી પૂ. ઉપાધ્યાયજી મહારાજના જ વચનોમાંથી નિશ્ચયનું સમર્થન જોઈએ.

નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી શાન્તિનાથ જિન સ્તવનમાં એ મહાપુરુષ કહે છે કે નિશ્ચય માર્ગ કેવો સમર્થ છે ?

**(૧) "કર્મવિભાવ શક્તિ જે તોડે, તે સ્વભાવિક શક્તિ શું જોડે.**

**માલા અણદેખી જે ભમતો, તે દેખી હોએ નિજગુણ રમતો."** અર્થાત્ નિશ્ચયમતના મોક્ષમાર્ગની આરાધનાથી, આત્મા પરની જે કર્મજન્ય રાગાદિ વિભાવશક્તિ, એનો નાશ થાય છે, અને શુદ્ધ જ્ઞાનાદિ સ્વભાવ શક્તિ પ્રગટ થાય છે. કેમકે એમાં સાચું આત્મભાન થાય છે. દા.ત. માણસે કંઠી ડોકમાં પહેરી હોય, પણ એની ખબર ન રહેવાથી બહાર શોધ્યો કરતો હોય અને ન મળવાથી દુઃખી થતો હોય છે. પરંતુ કોઈની સૂચનાથી કે સ્વતઃ હાથ ગળા પર જતાં કંઠી સ્પર્શાવાથી જ્યાં કંઠી હોવાની ખબર પડી કે તરત જોઈને પાછો ખુશમાં આવી જાય છે. ખરી રીતે આમાં શું ગુમાવ્યું હતું અને પછી નવું શું મળ્યું ? કાંઈ જ નહિ. માત્ર કંઠી બહાર હોવાની અજ્ઞાન દશા દૂર થઈ, પોતાની પાસે જ હોવાની જ્ઞાનદશા પ્રગટ થઈ એટલું જ ! એવી રીતે આત્માની અજ્ઞાનદશા દૂર થઈ શુદ્ધ જ્ઞાનદશા પ્રગટે તો નિજના સહજ શુદ્ધ ગુણોમાં રમણતા કરનારો બની જાય, પરંતુ આ વસ્તુ ઊભી કરવા માટે માત્ર શુભવ્યવહારક્રિયા જ નહિ, પણ સાથે નિશ્ચયદૃષ્ટિ જોઈએ. વળી જુઓ કહે છે કે,

**(૨) "નિજ પરિણામ જ ભાવ પ્રમાણ્યો વળી ઓઘનિર્યુક્તે;**

**આતમ સામાયિક ભગવઈમાં ભાખ્યું તે જુઓ જુગતે..."** અર્થાત્ **શ્રી ઓઘનિર્યુક્તિ** આગમમાં આત્માના પરિણામરૂપ ભાવનિક્ષેપાને મુખ્ય ગણ્યો છે. તેમજ **શ્રી ભગવતી સૂત્રમાં** 'સામાયિક શું ?' એ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ આત્માને જ સામાયિક કહ્યું. સમ-સમતાના લાભવાળો આત્મા, અર્થાત્ 'સમતા સ્વરૂપ આત્મા એ જ સામાયિક' એમ ફરમાવ્યું, તે **નિશ્ચયન**યથી જ વાત થઈ, **વ્યવહારથી** કહેવું હોત તો, તો બાહ્ય પ્રતિજ્ઞાપૂર્વક તે તે સ્વાધ્યાય આદિમાં બેસવાની ક્રિયાને સામાયિક કહેત.



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

# (૩૭) નિશ્ચય અને વ્યવહાર

(૩) **''પન્નર ભેદ જે સિદ્ધના, ભાવલિંગ તિંહા એક;**
**દ્રવ્યલિંગે ભજના કહી...''**

આમ કહેવામાં, દ્રવ્યલિંગ એટલે કે બાહ્ય વેશ ક્રિયાથી મોક્ષસાધકતા થાય કે ન પણ થાય એમ કહ્યું. જ્યારે આંતરિક ભાવ સાધુપણું-નિર્ગ્રન્થપણું આવ્યાથી નિશ્ચિત મોક્ષ સાધકતા કહી, પંદર ભેદમાં ભાવલિંગ સિદ્ધિનો એક ભેદ જ ગણ્યો. આમાં કેટલો બધો ભાર આંતરિક સાધના પર મૂક્યો ! શું આ વ્યવહારમૂઢતા છે ? કે સાચી નિશ્ચય-સાવધાની છે ?

(૪) **''સાચો જૈન'' એ પદમાં એઓશ્રી** કહે છે કે

''સ્યાદ્વાદ પુરન જો જાને, નયગર્ભિત જસ વાચા;
ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે, સો હી જૈન હૈ સાચા.
''ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપુઠી;
જૈન દશા ઉનમેં હી નાહી, કરે સો સબહી જૂઠી.''

અર્થાત્ સાચો જૈન તે છે કે જે સંપૂર્ણ સ્યાદ્વાદ જાણે છે; પણ અધુરો નહિ. એટલે કે અનેકાંતની ઘટનાને જૈન અમુક વિષયમાં સમજે અને બીજામાં ન સમજે એવું નહિ. દા.ત. નિશ્ચય માર્ગમાં અનેકાંત ન સમજે પણ એકાંત પકડી રાખે એવો એ ન હોય. એવું જ વ્યવહારમાર્ગમાં એકાંત પકડી રાખી સ્યાદ્વાદ ન સમજતો હોય, એવું ય સાચા જૈનમાં ન બને. સર્વત્ર સ્યાદ્વાદની વ્યાપકતા સમજતો હોય. તેથી એની વાણી નયસાપેક્ષ હોય.

(૫) માટે તો **આનંદઘનજી** યોગીએ કહ્યું કે

**'વચન-નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો...'**

વચન એટલે જિનાજ્ઞા. એની અપેક્ષા વિનાનો વ્યવહાર અસત્ય છે, મિથ્યા છે, અને અપેક્ષાવાળો વ્યવહાર સત્ય છે. હવે જિનવચન સુનયાત્મક છે; તેથી સાચો વચનાદિ વ્યવહાર પણ જિનાજ્ઞાસાપેક્ષ હોઈને સુનયસાપેક્ષ હોય છે. વળી જેને દ્રવ્ય-ગુણ-પર્યાયની સમજ છે, તે સાચો જૈન છે. આમાં સાર એ છે કે સાચો જૈન માત્ર આંખ મીંચીને ક્રિયામાં ઘસડાનારો ન હોય પણ સાથે સાથે આ આ રીતે જ્ઞાનમાર્ગ અને નિશ્ચય સાધનાનો ઉદ્યમ કરનારો હોય. માટે જ શ્રી ઉપાધ્યાયજી



મહારાજ કહે છે કે ''જે અજ્ઞાની આત્મા માત્ર ક્રિયામાં મૂઢમતિવાળો બન્યો છે અને તેથી આત્માને અસ્પર્શી-ચાલે ચાલ્યો જાય છે અને આત્મામાં શુદ્ધ ભાવનો અંશ પણ સ્પર્શતો નથી, એનામાં જૈન દશા નથી. તેથી એ જે આચરે છે તે બધું મિથ્યા છે.'' કહો આમાં અજ્ઞાન અને મૂઢક્રિયા વ્યવહારને કેવો નકામો ગણ્યો અને નિશ્ચયની કેટલી બધી અગત્ય ગણી ! એથી પણ કડક આગળ કહે છે.

(૬) **''પર પરિણતિ અપની કર માને, કિરિયાગર્વે ગહિલો :-''**

એકલા ક્રિયાના માર્ગની સાધનાના અભિમાનથી ઘેલો બનેલો જીવ તો બિચારો પરપરિણતિને અર્થાત્ પર એવા પુદ્ગલની પરિણમનદશાને પોતાની દશા કરી માને છે ! પણ પોતાના આત્માની વિશુદ્ધ-અવિશુદ્ધ પરિણતિ તરફ દૃષ્ટિ જ નાખતો નથી ! એ જોતો નથી કે મારા આત્મામાં શું પરિણમ્યું ? એમાંથી અશુદ્ધ પર્યાય દશા અર્થાત્ કષાય પરિણતિ ઓછી થઈ કે નહિ ? જ્ઞાનચારિત્રાદિ શુદ્ધ પર્યાયદશા વધી કે નહિ, આ ન જોતાં એ તો માત્ર એટલું જોશે કે મારે શરીરથી ધર્મક્રિયા કેટલી થઈ ? તપથી શરીર કેટલું સૂકવ્યું ? દાનમાં ધન કેટલું ગયું ? ભક્તિમાં સામાયિકમાં કાયાને કેટલી રોકી રાખી ? આવી કાયાદિની એટલે કે માત્ર પરની પર્યાયદશા-પરપરિણતિતરફ જોઈ એના આધારે ધર્મ કર્યાનું પ્રમાણ માપશે, અને માત્ર એની વૃદ્ધિ પર ગર્વિષ્ટ બનશે, પણ આત્માની પર્યાયદશામાં સુધારા વધારા તરફ જરાય નહિ જુએ. સાચા જૈનનું આ લક્ષણ નથી. એમ કહી શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે,

(૭) **''જ્ઞાન સકલનય સાધન સાધો, કિરિયા જ્ઞાનકી દાસી;**
**ક્રિયા કરત ધરત હૈ મમતા, યાહી ગલેમેં ફાંસી,''**

-અર્થાત્ સર્વનય સાધનભૂત જ્ઞાનને અવશ્ય સાધો, કેમકે ક્રિયા તો જ્ઞાનની દાસી તરીકે રહેવાની છે. ક્રિયા માર્ગને એની નોકરી બજાવવાની છે. એટલે ? ક્રિયા કરી કરીને જોવાનું એ છે કે જ્ઞાનમાર્ગ કેટલો સધાયો, કેટલો પુષ્ટ થયો, એ તરફ દૃષ્ટિ ન નાખતાં, ઊલટો ક્રિયા કરી કરીને જાતની મમતા અર્થાત્ અહંત્વ-અભિમાન તથા માત્ર ક્રિયાનું મમત્વ જે કરે છે, એણે બિચારે તો એથી આત્માની અશુદ્ધિ ઓછી કરવાને બદલે કષાય વધાર્યા, એટલે કે આત્માની અશુદ્ધિ ઓર વધારી. પોતાની જ ક્રિયાથી પોતાના જ ગળે ફાંસો લીધો, આત્માને કષાયના પાશમાં વધુ ફસાવ્યો.''

કહો, આમાં જ્ઞાનમાર્ગની, ને નિશ્ચય સાધનાની પુષ્ટિ કરવામાં બાકી રાખી ? આવા સુનયસાપેક્ષ સમ્યગ્ વ્યાખ્યાતા મહર્ષિને સુનયનિરપેક્ષ કુનયની



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

મિથ્યાત્વવાસિત દેશના કરનારા કાનજીભાઈ વ્યવહારમૂઢ કહેવા નીકળી પડ્યા છે !!

(૮) પૂ. ઉપાધ્યાયજી મહારાજ અન્યત્ર કહે છે કે,

**"જીઉ લાગી રહ્યો પરભાવમેં !**
**વંછે મોક્ષ કરત નહિ કરની, બેઠો મમતા વાઉમેં;**
**રાહે અધ જ્યું જલનિધિ તરવા, બેઠો કાણી નાઉમેં..."**

-અર્થાત્ અફસોસ છે કે જીવ **પરભાવમાં** =પરપરિણતિમાં એટલે કે પરના સારા નરસા પર્યાયમાં મગ્ન થઈ બેઠો છે ! તેથી મોક્ષ ઇચ્છવા છતાં મોક્ષ યોગ્ય જ્ઞાન માર્ગની-નિશ્ચયસાધનાની કરણી કે જે **સ્વના ભાવને** અર્થાત્ આત્માની પરિણતિને શુદ્ધ કરનારી છે, એને આચરતો નતી, અને મમતાના પવનમાં ખેંચાયો જાય છે. એ કેવો છે ? તો કે પ્રવાસના માર્ગે આવતા સમુદ્રને તરી જવા માટે જ જેમ કોઈ કાણી નાવમાં બેસી આગળ વધ્યે જાય એવો એ છે. અર્થાત્ સ્વભાવમાં એટલે કે આત્માની શુદ્ધ પરિણતિયુક્ત ક્રિયામાર્ગ રૂપી અખંડ નાવમાં પ્રવાસ કરવાને બદલે એકલી ક્રિયામાર્ગની કાણી નાવમાં મુસાફરી કરી રહ્યો છે. **'નિશ્ચય'** નું લક્ષ કેળવીને સાધના તરફ આગળ વધવાની કેવી સરસ અગત્ય બતાવી ! આમાં **'નિશ્ચય'** ને ક્યાં અવગણ્યો છે ?

(૯) વળી જુઓ, બીજે શ્રી ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે

**"જ્ઞાની જ્ઞાનમગન રહે રે, રાગાદિક મલ ખોય;**
**... (જે) લીન ભયો વ્યવહારમેં રે, યુક્તિ ઉપજે ન કોય;**
**બહુવિધ કિરિયા કલેશસું રે, શિવપદ લહે ન કોય રે...**
**... જ્ઞાનસરૂપી આતમારે; કરે ગ્યાન નહિ ઓર;**
**દ્રવ્ય કર્મ ચેતન કરે રે, એહ વ્યવહારકી દોર રે..."**

-અર્થાત્ "જ્ઞાની પુરુષ જ્ઞાનસરોવરમાં મગ્ન રહે છે અને પોતાના રાગાદિ મેલને ધોઈ નાખે છે. બાકી જે એને છોડીને એકલા ક્રિયામાર્ગમાં અર્થાત્ વ્યવહારમાં લીન થાય છે એને તરવાની કોઈ યુક્તિ નથી દેખાતી. કેમકે એકલા બહુવિધ ક્રિયા માર્ગના કષ્ટ કરવાથી કોઈને મોક્ષપદ મળતું નથી. કારણ એ છે કે આત્મા તો જ્ઞાન સ્વરૂપી છે; તેથી તે જ્ઞાનમાં લીન રહેનારો હોય બીજામાં નહિ. એવું **નિશ્ચયનય** કહે છે. **વ્યવહારનય** એમ માને છે કે આત્મા દ્રવ્ય કર્મ શુભાશુભ ક્રિયા કરી શુભાશુભ કર્મ ઉપાર્જનારો હોય છે." આમાં પણ નિશ્ચયમાર્ગ ક્યાં ન સ્થપાયો ? ક્યાં એનો મહિમા ન ગાયો ? માત્ર બહુવિધ ક્રિયાના કષ્ટ કરવાથી મોક્ષ નથી મળતો. આવું કહેનાર શ્રી ઉપાધ્યાયજી મહારાજને વ્યવહારમૂઢની ગાળ દેનારો પોતે જ કેવો નાદાન અને સ્વયં મત્સરમૂઢ તથા મિથ્યાત્વમૂઢ કહેવાય ?



(૧૦) વળી જુઓ, પૂ. ઉ. યશોવિજયજી મહારાજ આત્મસ્વરૂપ અને પુદ્ગલના ખેલનો ભેદ બતાવતાં કહે છે કે,

**"ચિદાનંદ અવિનાસી.**
**પુદ્ગલ ખેલ મેલ જો જગકો, સો તો સબહી વિનાસી;**
**... લિંગ, વેસ, કિરિયાકું સબહી દેખે લોક તમાસી;**
**ચિન્ મુરતિ ચેતને સો ચિન્હે, સાચો સોઉ સંન્યાસી..."**

અર્થાત્ "ચિદાનંદ આત્મા-જ્ઞાન અને સુખ સ્વરૂપી આત્મા અવિનાશી છે. ત્યારે જુઓ કે પુદ્ગલના ખેલ જે જગતનો મેલ છે તે બધો જ વિનશ્વર છે. એવા ખેલવાળો અજ્ઞાન લોક માત્ર ઉપરના સાધુચિહ્ન સાધુવેશ અને સાધુક્રિયા તરફ દૃષ્ટિ નાખે છે. કેમકે કાયા પુદ્ગલના એ ખેલ છે, તેથી એ એનો જ આદર કરે છે. જ્યારે સાચો સંન્યાસી, સાચો સાધુ જ્ઞાનમૂર્તિ આત્મા ઉપર દૃષ્ટિ રાખનારો હોય છે." કેવું સરસ નિશ્ચયદૃષ્ટિનું પ્રતિપાદન ! વળી બીજે એ કહે છે કે,

**(૧૧) કેવલ લિંગધારી તણો, જે વ્યવહાર અશુદ્ધો રે;**
**આદરીએ નવિ સર્વથા, જાણી ધર્મ વિરુદ્ધો રે...**

અર્થાત્ એકલા સાધુવેશને ધરનારો શુભ દેખાતો એવો પણ અશુદ્ધ ક્રિયા-વ્યવહાર એ ધર્મવિરુદ્ધ છે, એમ જાણીને માનવો-આદરવો નહિ.

ત્યારે, પૂ. ઉપાધ્યાયજી મહારાજ **નિશ્ચયનયના** અભિપ્રાયને જુઓ કે કેવો યુક્તિ પુરસ્સર બતાવે છે !

**(૧૨) "જિમ તે ભૂલો રે મૃગદશ દિશિ ફરે, લેવા મૃગમદ ગંધ.**
**તેમ જગ ઢુંઢે રે બાહિર ધર્મને, મિથ્યાદૃષ્ટિ રે અંધ..."**

અર્થાત્ જેમ કસ્તુરીની ગંધ શોધવાને કસ્તુરીઓ મૃગ વનમાં દસેય દિશામાં ભટકે છે, પણ પોતાની પાસે જ નાભિમાં કસ્તૂરી છે, તેની તેને ખબર નથી એમ ખોટી દૃષ્ટિવાળા મિથ્યાત્વી અંધ જીવો અંતરાત્મામાં રહેલા ધર્મને જોવાને બદલે બહાર જગતમાં એટલે કે જડ સ્થાનોમાં ને જડની ક્રિયામાં ધર્મને શોધે છે.

વળી પૂ. ઉપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે

**(૧૩) "ધર્મ ન કહિએ નિશ્ચે તેહને, જેહ વિભાવ વડવ્યાધિ; પહેલે અંગે રે એણી પરે ભાખિયું, કરમે હોય ઉપાધિ, જે જે અંશ રે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ; સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણ થકી, જાવ લહે શિવશર્મ..."**

જે મહાવ્યાધિરૂપ વિભાવદશા છે, તેને **નિશ્ચયથી** ધર્મ ન કહેવાય. એમ શ્રી આચારાંગ સૂત્રમાં ફરમાવ્યું છે. તો પછી પ્રશ્ન થાય કે,

**પ્ર.-** જ્ઞાનીએ ફરમાવેલા ધર્મના બાહ્ય આચારોનું શું ?



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

ઉ.- એમાં જેટલા જેટલા અંશે આત્મા જ્ઞાનાદિ સ્વભાવ તરફ વળી, વિભાવથી ખસતો હોય અને નિરુપાધિક બનતો હોય, તેટલા તેટલા અંશે ધર્મમાં છે. ચોથા સમ્યક્ત્વના ગુણસ્થાનકેથી માંડીને ઠેઠ શિવસુખ પામે ત્યાંસુધી ધર્મ આ રીતે સમજવાનો છે. વીતરાગની મૂર્તિના દર્શનની બાહ્ય ક્રિયા કરી, એમાં આત્મા સ્વકીય વીતરાગદશાને કાંક્ષી બન્યો તે ધર્મ; રાગાદિ દોષોને સહેજ પણ જો ઘસનારો બન્યો તો તેટલો ધર્મ.

(૧૪) આગળ પણ જુઓ કે નિશ્ચય ધર્મનું સ્વરૂપ શાસ્ત્રસાક્ષી સાથે કેવું સરસ બતાવે છે !

**"ભગવઈ અંગે ભાખિઓ સામાયિક અર્થ;**
**સામાયિક પણ આત્મા, ધરો સુધો અર્થ.**
**લોકસાર અધ્યયનમાં, સમકિત મુનિભાવે;**
**મુનિભાવે સમકિત કહ્યું, નિજ શુદ્ધ સ્વભાવે."**

(૧૪-ક) શ્રી વીરપ્રભુથી પ્રમાણિત ચૌદપૂર્વના રચયિતા **શ્રી સુધર્મા ગણધર ભગવાન,** કે જેને મિથ્યાત્વઅંધ, ઉલ્લંઠ કાનજી વ્યવહારમૂઢ કહે છે એ જુઓ કે, નિશ્ચયથી કેવો સરસ **શ્રી ભગવતી સૂત્રમાં** સામાયિકનો પદાર્થ બતાવે છે !

**"आया सामाइए । आया सामाइअस्स अट्ठे"** બીજા ધર્મની જેમ. **સામાયિક પણ આત્મસ્વરૂપ** છે. **'आत्मा सामायिक'** -આત્મા એ સામાયિક છે. માત્ર બહારથી સંસારનો ત્યાગ એ સામાયિક નહિ, કિન્તુ અંતરથી સંસાર સંબંધથી વિરામ પામેલો આત્મા એ સામાયિકનો અર્થ છે." નિશ્ચય સામાયિકની આ કેવી સરસ વાત શ્રી ગણધર ભગવાને કહી !

(૧૪-ખ) વળી એઓશ્રીએ જ **શ્રી આચારાંગ સૂત્રના લોકસાર અધ્યયનમાં કહ્યું કે,**

**"जं सम्मंति पासहा तं मोणंति पासहा । जं मोणंति पासहा तं सम्मंति पासहा ।"**

અર્થાત્ જે સમ્યગ્દર્શન કરનારા છે તે મૌનપણે-મુનિભાવે જોનારા છે, જે મુનિભાવે જોનારા છે તેજ સમ્યક્પણે જોનારા છે. તાત્પર્ય એ છે કે નિશ્ચયથી સમ્યક્ત્વ અમલ વિનાની શ્રદ્ધારૂપ નથી. તે અમલ પણ મુનિની બાહ્ય ક્રિયા નહિ, કિન્તુ આંતરિક અપ્રમત્ત મુનિભાવ લેવાનો છે. વ્યવહાર કરતાં નિશ્ચયને અહીં કેવી ઊંચી અગત્ય આપી !





# (૩૮) નિશ્ચય અને વ્યવહાર

(૧૫) પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી સીમંધર ભગવાનની સ્તુતિ કરતાં કેવું સુંદર નિશ્ચય તત્ત્વનું સમર્થન કરે છે !

**'સ્વામી સીમંધરા ! તું ભલે ધ્યાઈએ, આપણો આતમા જિમ પ્રગટ પાઈએ, દ્રવ્ય ગુણ પજજવા' તુઝ યથા નિરમલા, તિમ મુઝ શક્તિથી જઈવિ ભવ સામલા... કર્મ નવિ જીવ નવિ મૂલ તે નવિ છતા, ખડીયથી ભિત્તિમાં જિમ હોયે શ્વેતતા. ભિતિ નવિ ખડીય નવિ ચિત્ત છે; કર્મ નવિ રાગ, નવિ દ્વેષ, નવિ ચિત્ત છે. પુદ્ગલભાવ પુદ્ગલપણેં પરિણમે... પંથીજન લૂંટતાં વાટ જિમ લૂંટીએ. શુદ્ધતાધ્યાન ઈમ નિશ્ચયે આપનું, તુઝ સમાપત્તિ ઔષધ સકલ પાપનું."**

અર્થાત્ હે સીમંધર સ્વામી ! તમને એવી સારી રીતે અમે ધ્યાઈએ કે જેથી અમારો આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રગટ થાય. આમ તો જો કે હું મલિન ભવોમાં ભટકી રહ્યો છું છતાં જેમ આપને પ્રગટપણે શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્મગુણો, શુદ્ધ આત્મપર્યાયો છે. તેમ મારે શક્તિરૂપે એ બધું જ શુદ્ધ ચેતન દ્રવ્ય-ગુણ-પર્યાયપણું છે; નહિ કે જડ કર્માદિરૂપતા. વસ્તુસ્વરૂપે તો આત્મા એ આત્મા જ છે. મૌલિક છતાં (સત્) પર્યાયે જીવ એ કર્મ નથી; કર્મ એ જીવ નથી. બંનેના સ્વરૂપ સ્વતંત્ર છે, તદ્દન વિલક્ષણ છે. આત્મામાં જે કર્મમયતા, ખીરનીર રૂપે એકમયતા જણાય છે તે ઉપચારથી છે. જેમ, ભીત પર ચૂનો લગાડ્યો તો ભીંતમાં ધોળાશ ગુણ ભાસ્યો પણ ખરી રીતે એ ધોળાશ ચૂનાનો જ ગુણ છે; માત્ર ભીંત સાથે ચૂનો ચોંટી જવાથી ભીંત ધોળી કહેવાય છે. બાકી ચૂનો એ ભીંત નથી. ભીંત એ ચૂનો નથી. તેવી રીતે જીવ એ શરીર નથી, વાણી નથી, મન નથી. શરીરાદિ તો પુદ્ગલના પર્યાય છે, તો પુદ્ગલ એ રૂપે પરિણમે છે. બાકી જીવ તો શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર-સુખ સ્વરૂપે પરિણમે છે. તો પ્રશ્ન થાય કે,

**પ્ર.**- જીવ કેમ રાગમય દ્વેષમય લાગે છે ? જીવ કેમ શરીરાદિ સાથે તદાકાર બન્યો છે ?

**ઉ.**- એ બધું વ્યવહારથી છે. જેવી રીતે કોઈ રસ્તે મુસાફરો લૂંટાતા હોય તો, લૂંટાયા છે તો એ પ્રવાસીઓ, પણ વ્યવહાર એવો થાય છે કે 'ભાઈ ! અમુક રસ્તો લૂંટાય છે.' પર્વત પરનું ઘાસ બળતાં કહેવાય છે કે 'પર્વત બળે છે; તેવી



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

રીતે પુદ્ગલના પરિણામનો જીવમાં વ્યવહાર થાય છે. નિશ્ચયથી જીવ સ્વકીય જ્ઞાનાદિગુણરૂપે જ પરિણમે છે... આવી રીતે હે પ્રભુ ! શુદ્ધતાનું ધ્યાન એ નિશ્ચયથી તારું જ ધ્યાન છે; અને એમ અંતરમાં એકાકારપણે તારી પ્રાપ્તિ જે થાય છે તે સર્વ પાપો દૂર કરનારી મહાન ઔષધિ છે.'

કહો જોઉં, નિશ્ચયનયની કેવી સ્પષ્ટ વિચારણા કવિએ મૂકી ! કેવું સરસ સમર્થન નિશ્ચયદૃષ્ટિએ કર્યું ! એવી એ મહર્ષિને વ્યવહારમૂઢ કહેનારો તેજોદ્વેષી, અસત્યભાષી, અને અનભિજ્ઞ જ કે બીજું કોઈ ?

(૧૬) નિશ્ચયતત્ત્વ ઉપરાંત નિશ્ચય સાધના માટે પણ શ્રી ઉપાધ્યાય મહર્ષિ ઉપદેશે છે કે,

**"કષ્ટ કરો સંજમ ધરો ગાલો નિજ દેહ;**
**જ્ઞાન દશા વિણ જીવને, નહિ દુઃખનો છેહ.**
**રાગદ્વેષ મલ ગાલવા, ઉપશમ જલ ઝીલો; બાહિરદૃષ્ટિ દેખતાં બાહિર મન ધાવે;**
**આતમ પરિણતિ આદરી, પર પરિણતિ પીલો**
**અંતરદૃષ્ટિ દેખતાં અક્ષયપદ પાવે. પુદ્ગલ કર્માદિકતણો કર્તા વ્યવહારે; કર્તા ચેતન કર્મનો નિશ્ચય સુવિચારે."**

આમાં સાફ કહી દીધું બાહ્ય તપ સંયમ વગેરેના ગમે તેટલા કષ્ટ કરી શરીર ઓગાળી નાખો, પણ જ્ઞાન દશા વિના, નિશ્ચયતપ, નિશ્ચયસંયમ વિના જીવને દુઃખનો અંત નહિ આવે. માટે રાગદ્વેષ રૂપી આત્મમેલ હઠાવવા માટે ઉપશમ જળમાં સ્નાન કરો; પરપરિણતિને આત્મપરિણતિ દ્વારા કચરી નાખો. કેવળ, વ્યવહાર અને બાહ્ય ક્રિયા તરફ જોતાં તો મન આત્માની બહાર ને બહાર દોડે છે. એ તો આંતરદૃષ્ટિએ જોઈએ તો એ આત્માની અંદર દૃષ્ટિવાળું બને, અને અંતે મોક્ષપદ મળે, વ્યવહારથી જીવ પુદ્ગલ ક્રિયાનો ભલે કર્તા કહેવાય. પણ નિશ્ચયથી તો આત્મા ચૈતન્યક્રિયા-જ્ઞાનક્રિયાનો કર્તા છે. તો પછી આત્માએ પરભાવનું મમત્વ મૂકી શુદ્ધ જ્ઞાનનો પક્ષ કેમ ન પકડવો ? આ કેવી સરસ નિશ્ચયની પુષ્ટિ ! આજ પ્રમાણે જુઓ;

(૧૭) પૂ. આચાર્યવર્ય **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રી** "ષોડશક" નામના ગ્રંથમાં લખે છે કે,

**"આશયભેદા હ્યેતે સર્વેઽપિ હિ તત્ત્વતોઽવગન્તવ્યાઃ ।**
**ભવોઽયમનેન વિના, ચેષ્ટા દ્રવ્યક્રિયા તુચ્છા ॥"**



અર્થાત્ આ પ્રણિધાનાદિ સર્વ આશયોનો તાત્ત્વિક બોધ અવશ્ય કરવો જોઈએ. કેમકે એના વિના તો કોરી ક્રિયાના ફળમાં સંસાર ઊભો રહે છે. એનું કારણ એ છે કે કોરી ક્રિયા એટલે કે દ્રવ્યક્રિયા અર્થાત્ પ્રણિધાનાદિ ભાવ વિનાની ક્રિયા એ તો તુચ્છ ચેષ્ટા માત્ર છે. ધર્મક્રિયાઓ શુભ ક્રિયા કહેવાવા છતાં પ્રણિધાન (કર્તવ્ય નિર્ણય, એકાગ્રતા, કર્તવ્યની જાગૃતિ) વગેરે હાર્દિક સુ-આશયો જો ન હોય, તો એ નકામી ઠરે છે; જ્યારે આશયો દ્વારા તો આત્મા નિશ્ચય ધર્મ, નિશ્ચય સાધના, નિશ્ચય મોક્ષ માર્ગે પહોંચી જાય છે. અહીં નિશ્ચય માર્ગની પોષક આ આશયની કેવી મહાન અગત્ય બતાવી ! આમાં શ્વેતાંબરોની ક્યાં એકાંતે 'વ્યવહાર' પકડી રાખવાની વાત છે ? **'નિશ્ચય'**ના ઉપર ભાર ક્યાં ઓછો મૂક્યો છે ?

(૧૮) પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે,

**"દાન હરણાદિક અવસરે, શુભ અશુભ સંકલ્પે;**
**દીએ હરે નિજ રૂપને, મુખે અન્યથા જલ્પે."**

અર્થાત્ દાનમાં બીજાને ધન આપવાની ક્રિયા છે, અને હરણમાં બીજાનું ધન લાવવાની ક્રિયા છે, એમ ઉપલક દૃષ્ટિએ પર એવા ધનદ્રવ્યની ક્રિયા ભાસે છે. પરંતુ ખરી રીતે ત્યાં હૃદયમાં જે શુભ-અશુભ સંકલ્પો થાય છે, એ આત્માની ક્રિયા છે. એટલે નિશ્ચયથી તો આત્મા પોતાના સ્વરૂપનો દેનારો કે હરનારો બને છે. તે આ રીતેઃ- દાનમાં પોતાની તે ધન ઉપરના મમત્વની વિભાવ દશાને દેનારો એટલે કે પોતાનામાંથી દૂર કરનારો બને છે. ત્યારે ધન લઈ લેવામાં તેના ઉપરના મમત્વદશાનું મેલું સ્વરૂપ પોતાના જ આત્મામાં ઘાલનારો બને છે. આમ દાનહરણ ક્રિયાનું નિશ્ચય દૃષ્ટિનું સ્વરૂપ જો આત્મા લક્ષમાં લે, તો દાનમાં 'મેં દાન કર્યું; મેં દાન કર્યું' એવું અભિમાન કરવાનું ન રહે. કેમકે એમ કરવામાં તો એક ધનમમત્વનું મેલું સ્વરૂપ કાઢીને બીજું માનકષાયનું મેલું સ્વરૂપ આત્મામાં કોણ ઘાલે ? એવી રીતે ધનહરણમાંય આત્માનું પોતાનું સ્વરૂપ બગડે છે, એમાં આત્મામાં કચરો પેસે છે, તો એવું હરણનું કામ કોણ કરે ? વ્યવહારના સમર્થનને બદલે પદાર્થની નિશ્ચય દૃષ્ટિ બતાવીને સુંદર નિશ્ચય સાધનાનો રસ્તો બતાવનાર શ્રી ઉપાધ્યાયજી મહારાજને વ્યવહારમૂઢ એટલે કે એકાંતે વ્યવહારને પકડી રાખનારા કેમ કહેવાય ? એવો આક્ષેપ કરનારા એ જૂઠા છે.

(૧૯) હજી જુઓ પૂ. ઉપા. પોતે જ કહે છે કે નિશ્ચય-દૃષ્ટિ વિના એકલા વ્યવહારમાં તો કેવો ગોટો વળે છે.

**"કોઈ કહે સિદ્ધાંતમાંજી ધર્મ અહિંસા રે સાર,...**
**કેવલ લૌકિક નીતિ હોયે, લોકોત્તર પંથ ભંગ..."**


E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

અર્થાત્ બીજાં બધાં વચન છોડી એકલું અહિંસાનું વચન પકડે છે, તે તો લૌકિક પદ્ધતિ છે. લોકોત્તર પદ્ધતિમાં તો સર્વે વચનોને પોતપોતાના સ્થાને યોજવાના હોય છે. તે નિશ્ચયદૃષ્ટિ રાખવાથી બને. એનાજ હિસાબે અહિંસા ત્રણ પ્રકારે કહી. સ્વરૂપ અહિંસા, હેતુ અહિંસા અને અનુબંધ અહિંસા;- આમાં નિશ્ચયને ક્યાં ઓછું મહત્ત્વ આપ્યું છે ?

(૨૦) પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજ તો નિશ્ચયસાધના લાવનારા ભાવધર્મની અગત્ય બતાવવાને લખે છે કે

**"દુર્બલ-નગ્ન-માસ ઉપવાસી, જો છે માયારંગ; તો પણ ગરભ અનન્તા લેશે, બોલે બીજું અંગ. અપુનર્બંધકથી માંડીને જાવ ચરમ ગુણઠાણ; ભાવ અપેક્ષાએ જિન આણા. મારગ ભાખે જાણ..."**

અર્થાત્ બાહ્ય કષ્ટ-તપ વગેરે ઘણાં કરે પણ અંતરાત્મામાં જો માયાનો રંગ છે, જો મિથ્યાત્વ અને તીવ્ર રાગ-દ્વેષની આધીનતા છે, તો એ જીવ અનંતવાર જન્મ-મરણના દુઃખ પામશે એવું શ્રી સૂત્રકૃતાંગ નામનું આગમ કહે છે. ખરી રીતે મિથ્યાત્વવાળી પણ અપુનબર્ધક અવસ્થાથી માંડી છેલ્લા ચૌદમાં ગુણસ્થાનક સુધીમાં આત્માના ભાવની અપેક્ષાએ એટલે કે પરિણતિની અપેક્ષાએ મોક્ષમાર્ગની કક્ષા હોવાનું જિનવચન ફરમાવે છે. અર્થાત્ ગુણઠાણાની પ્રગતિનું માપ અંતરના પરિણામ ઉપર નીકળવાનું; પણ નહિ કે બાહ્ય ક્રિયા ઉપર, બાહ્ય વ્યવહાર ઉપર. ત્યાં એકલા બાહ્ય તપ અને બાહ્ય કષ્ટ ઉપર રાચે એ ક્યાંથી ગુણઠાણે આગળ વધી શકે ? અહીં શાસ્ત્રકાર મહર્ષિએ નિશ્ચયસાધક ભાવધર્મ સાધવા પર કેટલો બધો ભાર મૂક્યો ! એવા એમના ઉપર વ્યવહારમૂઢતાનો આરોપ કરવો એ અંધચેષ્ટા જ ને ? હજી જુઓ શું કહે છે :-

(૨૧) **"લુંચે કેશ, ન મૂંચે માયા, તો વ્રત ન રહે પંચે, પરપરિણતિ પોતાની માને, વરતે આરત ધ્યાને; બંધ મોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે."**

"મહાવ્રતધારીના વ્યવહાર ધર્મ અને દ્રવ્યક્રિયામાં જે માથાના વાળનો લોચ કરી નાખતા હોય, પણ અંતરાત્મામાંથી માયા ન ત્યજે, તેનામાં વસ્તુગત્યા પાંચેયમાંથી એકેય મહાવ્રત રહેતું નથી. એવી રીતે આત્મપરિણતિ કેટલી સુધરતી આવે છે એ ન જોતાં, અરે ! એને સુધારવાનો કે માત્ર વિચારવાનો પણ પ્રયત્ન ન કરતાં પરપરિણતિ પોતાની કરીને માને, અર્થાત્ માત્ર બાહ્યમાં ઓતપ્રોત હોય, અને તેથી જ આર્તધ્યાનમાં સબડતો હોય, તેમજ કર્મનો બંધ ક્યાં ક્યાં અને કર્મની નિર્જરા ક્યાં ક્યાં એનું કાંઈ જ ભાન ન હોય, તે જીવ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકમાં જ ખૂંચેલો છે."-આમ કહીને પણ શ્રી ઉપાધ્યાયજી મહારાજે શુદ્ધ



આત્મ પરિણતિ કેળવવા રૂપ નિશ્ચય સાધનાને કેટલી બધી અગત્ય આપી ! એકલા કોરા વ્યવહારીયાને કેવા મિથ્યાત્વમાં ખૂંચેલા ગણ્યા ! આવું ભાખનારા એ મહાપુરુષને વ્યવહારમૂઢ કહેવા એ ગાલી પ્રદાનની રસિકતા નહિ તો બીજું શું ?

## ● જૈનમતાનુસાર નિશ્ચય-વ્યવહાર બંનેની અગત્ય ●

પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે પોતાના સંસ્કૃત, પાકૃત અને ગુજરાતી સાહિત્યમાં અનેકાનેક સ્થલે નિશ્ચયનું સારું પ્રતિપાદન કરેલું છે. તો પછી પ્રશ્ન એ થાય કે,

**પ્ર.- પૂ. ઉપાધ્યાયજી મહારાજે સમર્થેલા નિશ્ચયનું પ્રતિપાદન શ્રી કાનજી કરે છે, તો કાનજીમત ખોટો ક્યાં રહ્યો ?**

ઉ.- આનું સમાધાન સીધું છે. કાનજીમત અવિવેકીપણે જૈનમત વિરુદ્ધ એકાંત નિશ્ચયનું અર્થાત્ અગડંબગડં નિશ્ચયનું સમર્થન કરે છે. ત્યારે પૂ. ઉપાધ્યાયજી મહારાજ જૈનમતાનુસારી અનેકાંતિક નિશ્ચયનું એટલે કે વ્યવહારયુક્ત નિશ્ચયનું સમર્થન કરે છે. શ્રી કાનજી એકલા ભાવધર્મ ઉપર અને એકલા જ્ઞાનમાર્ગ ઉપર જાય છે, ત્યારે જૈનમત અને પૂ. ઉપાધ્યાયજી મહારાજ દ્રવ્યક્રિયા અને ભાવધર્મ, ક્રિયામાર્ગ અને જ્ઞાનમાર્ગ, બંનેનું પ્રતિપાદન કરે છે, બંનેને યથાયોગ્ય ન્યાય આપે છે, બંનેયને કેવી પદ્ધતિથી સાધવા, તે સાધકને શિખવે છે. કાનજીમતમાં આવું કશું નથી; એમાં તો વ્યવહાર, દ્રવ્ય સાધના, અને ક્રિયાનો ઉચ્છેદ છે. સાધનાની પ્રક્રિયાનો કોઈ વિવેક નથી. કોઈ જ ઢંગધડો નથી. માટે એ જૈનમત નહિ છતાં જૈન મતનો દંભ કરે છે. એના પર વધુ વિચાર કરવા પૂર્વે જરા પૂ. ઉપાધ્યાયજી મહારાજે વ્યવહાર-નિશ્ચય બંનેને આપેલો ન્યાય જોઈએ.

પરમ વિદ્વાન સ્વ-પર સમયવેત્તા પૂ. ઉપાધ્યાયજી મહારાજ, પૂર્વે કહ્યું તે જીવના દ્રવ્ય-ગુણ-પર્યાયની શુદ્ધતા અને સ્વતંત્રતાનું ધ્યાન કેવી રીતે થાય છે તે બતાવતાં કહે છે કે,

**(૧) "શુદ્ધનયધ્યાન તેહને સદા પરિણમે, જેહને શુદ્ધ વ્યવહાર હિયડે રમે;**
**જેહ વ્યવહાર સેઢી પ્રથમ છાંડતો, એક એ આદરે આપમત માંડતાં;**
**તાસ ઉતાવલે નવિ ટળે આપદા, ક્ષુધિત ઇચ્છાએ ઉંબર ન પાકે કદા.**
**શુદ્ધ વ્યવહાર ગુણથી ભળે, શુદ્ધનય ભાવના તેહથી નવિ ચલે,**
**શુદ્ધ વ્યવહાર છે ગચ્છ કિરિયા થિતિ, દુપ્પસહ જાવ તીરથ કહ્યું તે નીતિ,**
**કોઈ કહે મુક્તિ છે વીણતાં ચીંથરા, કોઈ કહે સહજ જમતાં ઘર દહીંથરા;**
**મૂલ એ દોય તસ ભેદ જાણે નહિ, જ્ઞાન યોગે ક્રિયા સાધતાં એ સહી."**



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

આનો અર્થ એ છે કે, શુદ્ધ નિશ્ચયનયના હિસાબે જીવનું કર્મ શરીર વગેરે પુદ્ગલથી તદ્દન નિરાળું અને શુદ્ધ જ્ઞાનાદિ ગુણોવાળું સ્વરૂપ છે. તેનું ધ્યાન કોને પરિણમી શકે ? તો કહે છે કે જેના હૃદયમાં શુદ્ધ વ્યવહાર રમી રહ્યો છે, તેને હૈયામાં એ નિશ્ચયના તત્ત્વનું ધ્યાન પરિણામ પામી શકે. બાકી તો જે શ્રી કાનજી જેવા 'અંતે તો વ્યવહાર છોડવાનો જ છે ને ? તેય-ત્યાજ્ય જ છે ને ?'-એમ કરીને વ્યવહારની નિસરણીને પહેલેથી જ છોડી દે છે, અને પોતાના સ્વતન્ત્ર મત માંડી સીધો શુદ્ધનિશ્ચયનય આદરવા જાય છે, એની ઉતાવળથી કાંઈ કર્મની આપત્તિ ટળતી નથી. જેમ, ભૂખ્યા માણસની ઈચ્છા છે કે 'હમણાં ને હમણાં ઉંબર ફળ પાકી જાય,' પણ તેવી ઈચ્છા માત્રથી કાંઈ ફળ કદીય પાકી જતું નથી. એમ આવા ઉતાવળીયાને કદી સંસારદુઃખ ટળી મોક્ષસુખ મળતું નથી. **નિસરણીએ ચઢવું પહેલેથી જ છોડી દે, એ મહેલની ઉપર શી રીતે પહોંચવાનો હતો ?** એ તો વ્યવહારના ગુણને વિષે અંતરના ભાવો લેશ પણ ભળે, તો ત્યાં શુદ્ધ નયની કરેલી ભાવના ટકી શકે. અર્થાત્ જેને એક બાજુ માનવું એમ છે કે 'જીવને પુદ્ગલ સાથે કાંઈ જ નિસ્બત નથી, જીવ તો શુદ્ધ જ્ઞાનાદિ સ્વભાવવાળો છે,' અને બીજી બાજુ એવા પુદ્ગલને ત્યજી બાહ્ય અભ્યન્તર તપ-ત્યાગનો વ્યવહાર આચરવાને બદલે પુદ્ગલના ઉપભોગ આચરવા છે. પુદ્ગલમાં આળોટવું છે, ત્યાં જીવના શુદ્ધ સ્વભાવની માન્યતા ક્યાંથી હૃદયને સ્પર્શીને ટકવાની હતી ? કેમકે પુદ્ગલના પરિભોગમાં તો એવું થવાનું કે 'આફુસ કેરી સારી ને મીઠી, અને લીંબોડી કડવી; દૂધ ગળ્યું; ને કરીયાતું કડવું; માટે દૂધ ને મીઠી કેરી સાથે પુરી ખાઉં, કડવી લીંબોડી કે કરીયાતા સાથે નહિ. સુતરાઉ રેશમી કપડાં પહેરું; ઝાડની છાલ નહિ; આલીશાન પ્રવચન મંડપમાં બેસું, ઘાસના ઝુંપડામાં નહિ.' આવો આવો ભેદ પડવાનો, આમાં ક્યાં જીવના શુદ્ધ સ્વભાવની ભાવના બિચારી ઊભી રહે ? એ તો **વ્યવહારની શુદ્ધિ પર હૃદયમાં સાચી શુદ્ધનયની ભાવના સ્પર્શી શકે છે, ટકી શકે છે.**

શુદ્ધ વ્યવહાર તો ગુરુનિશ્રામાં રહી મહાન સંયમ સ્વાધ્યાય પ્રતિક્રમણાદિ યોગોમાં આત્માને પરિણત કરવામાં છે. તે વિના શુદ્ધ નયમાં નહિ આવી શકાય. વાત પણ સાચી છે. **પ્રવચનસારમાં** પણ બાહ્ય મૂલાચારને અતિ આવશ્યક ગણ્યો છે; અને **સમયસારે પણ** નિશ્ચયની નિર્વિકલ્પ દશા ન પામેલા જીવોને વ્યવહારે ઉપદેશવા યોગ્ય કહ્યા છે. **પાંચમા આરાને અંતે** થનાર પૂ. શ્રી દુપ્પસહસૂરિજી મહારાજ સુધી તીર્થ (જૈનશાસન)ની હયાતિ કહી છે. તે ગચ્છવાસી મુનિઓની આચાર પરંપરા વ્યવહારમાર્ગ અને ક્રિયા પરંપરાના ઉપર જ. શુદ્ધનયની ભાવના સાથેની ગચ્છની ક્રિયાની પરંપરાના એ શુદ્ધ વ્યવહાર છે. એટલે **શુદ્ધનયનું લક્ષ



અને શુભ વ્યવહાર, બેઉ જરૂરી છે.** આ ન સમજનારો એક વર્ગ એકલા વ્યવહારમાં પડી માને છે કે "વસ્ત્ર પડિલેહણાદિ ક્રિયાઓ ખૂબ કરો. એથી મોક્ષ મળી જશે." બીજો કહે છે કે "બાહ્ય ક્રિયાથી શું વળે ? આંતરિક આત્મપરિણતિ સુધારો, અર્થાત્ બહારથી ભલે દહીંથરા પુરી ખાઓ, તોય વાંધો નથી. જો અંતરમાં શુદ્ધ ભાવના છે."-આ બંનેય મોક્ષમાર્ગની મૂળ વસ્તુને એમ સમજતા નથી કે 'મોક્ષ ખાલી ચીંથરા (વસ્ત્ર) ઊંચાનીચા કરવાથી મળે નહિ, કે દહીંથરા જમતાં શુદ્ધ ભાવનાના દંભથી મળે નહિ, પણ જ્ઞાનયોગ મિશ્રિત ક્રિયાયોગને સાધવાથી મળે છે.' અહીં પૂ. ઉપાધ્યાયજી મહારાજે શ્વેતાંબર મતમાં પણ આત્મપરિણતિ સુધારવાનું લક્ષ ભૂલી માત્ર ક્રિયાજડ બની ગયેલાને અને ક્રિયાને ફગાવી દઈ એકલા નિશ્ચય જડ બનેલાને,-એમ બંનેને ચીમકી આપી છે. વળી કહે છે કે,

(૨) **"સદહણા અનુમોદન કારણ ગુણથી સંયમ કિરિયા;**
**વ્યવહારે રહિતા તે ફરસે, જે નિશ્ચયનય દરિયા.**
**જ્ઞાન યોગમાં જસ મન વરતે, તે કિરિયા સોભાગી."**

અર્થાત્ જે આત્માઓ ખરેખર નિશ્ચયનયના સમુદ્ર સમાન છે તે પોતાનાથી અશક્ય એવી જિનકલ્પાદિની ઉગ્ર સંયમ ચર્યા પર પૂર્ણ શ્રદ્ધા રાખવી, એ આચરનારની અનુમોદના કરવી, બીજાને સંયમ માર્ગમાં પ્રેરવા, પોતાનાથી શક્ય એવી ઊંચી સંયમ ક્રિયા પોતે આરાધવી, -વગેરે વ્યવહાર માર્ગને અવશ્ય આદરે છે. તેમ ક્રિયાનો વ્યવહાર માર્ગ પણ તેનો જ સૌભાગ્યવંતો છે, તેમજ સફલ છે કે જેનું મન સતત જ્ઞાનયોગમાં રમી રહ્યું છે. અર્થાત્ નિશ્ચયનો માનસિક ઉપયોગ અને શુભ વ્યવહારનું આચરણ બંનેની જરૂરિયાત છે.

❖ ❖ ❖



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

(૩૯)

# વાત્સલ્યપાન

**- પૂ.પં.શ્રી વિમલસેનવિજયજી મ.સા.**

વત્સ = બાળક. લય = તન્મયતા. નિજ બાળકમાં ખોવાઈ જતી માતાને બાળક પ્રત્યે વાત્સલ્ય. અનંત કરુણાના સાગર તીર્થંકરદેવને જીવમાત્ર પ્રત્યે વાત્સલ્ય. અને, પૂજ્યપાદ ગુરુદેવશ્રીને શિષ્યાદિ આશ્રિતજનો પ્રત્યે વાત્સલ્ય. જન્મદાત્રી મા દીકરો દુઃખી ન થાય તેની કાળજી રાખે. ધર્મદાત્રી મા શિષ્ય પાપી ન થાય તેની કાળજી રાખે.

મોટી ભૂલોનેય ભૂલી જવાની તીવ્ર વિસ્મરણશક્તિ તેઓશ્રી પાસે હતી તો નાનકા ગુણલાનેય જીવનભર ન ભૂલાવી દે તેવી તીવ્ર સ્મરણશક્તિ પણ તેઓશ્રી પાસે હતી. પોતે ભૂલોને ભૂલી જતા તેમ શિષ્યોને ભૂલો કરવાનું ભૂલાવી પણ દેતા.

આંખની પાંપણો પાછળ કરૂણાનો મહાસાગર છલકાતો હતો. હૃદયના નાજુક પડની ઓથે વાત્સલ્યનો મહાવારિધિ ઘૂઘવતો હતો. એ વાત્સલ્યના વિમલ વારિમાં અનેક આત્મરોગ્યની ઔષધિના ગુણો પડેલા હતા. તે ઔષધિએ શિષ્યોના અનેક ભાવામયોનું નિરાકરણ કર્યું હતું.

આજના દિવસે ભૂતકાળ બની ચૂકેલા એ પૂજ્યપાદ ગુરુદેવના સાન્નિધ્યમાં વ્યતીત થયેલા સંયમકાળના અનેક ભવ્ય સંસ્મરણો આજેય બિલકુલ તાજા છે. તે વાત્સલ્યમયી માતાએ પાયેલા અમીઘૂંટડાનો મધુરાસ્વાદ આજેય સુંદર સ્મૃતિમાં છે.

સ્વ. પૂજ્યપાદ પરમગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ચૈત્ર માસની ઓળી રાણકપુરમાં થઈ હતી. ઓળી પૂર્ણ થતા અચલગઢ શિબિર માટે પૂ.ગુરુદેવશ્રી અને અમે બીજા બે મુનિઓ એમ કુલ ત્રણ ઠાણાનો વિહાર થયો. બીજા દિવસે નાણામાં ગોચરીમાં પ્રતિકૂળ ચીજ આવી જવાને કારણે સાંજે મારા પગના બન્ને ગોઠણ પકડાઈ ગયા. પૂજ્ય ગુરુદેવશ્રીએ મારી બધી ઉપધિ છોડાવીને પોતે ઉપાડી લીધી. ત્રીજા મુનિરાજને મકાનની તપાસ માટે આગળ મોકલી આપ્યા. મારો પાણીનો ઘડો પણ તેઓશ્રીએ ઉપાડી લીધો. મારો હાથ પકડીને ધીમે ધીમે ચલાવી મકાને પહોંચાડ્યો. બીજા દિવસે સવારના વિહારમાં પણ મારી ઉપધિ તેઓશ્રીએ



ઊંચકી લીધી અને અમે પિંડવાડા પહોંચ્યા. ત્યાં ઉપચારો થતા દુઃખાવો મટી ગયો.

તેઓશ્રીના આવા વાત્સલ્યપૂર્ણ સહાયકભાવનો અનુભવ તો અનેક વાર થયો છે. વળી બીજો સં. ૨૦૨૪ની સાલનો એક પ્રસંગ પણ સ્મૃતિપટ ઉપર સ્પષ્ટ ઉપસ્થિત છે. અમદાવાદ દશા-પોરવાડ સોસાયટીમાં પર્યુષણમાં પૂજ્યશ્રીની સાથે અમે બે જ સાધુ હતા. સાંવત્સરિક પ્રતિક્રમણ બાદ રાત્રે મને પિત્તની ખૂબ તકલીફ શરૂ થઈ. રાત્રે થોડી થોડી વારે ઉલટીઓ થવા લાગી. પૂજ્યશ્રી આખી રાત જાગતા રહ્યા. જ્યારે જ્યારે ઊલટી થઈ ત્યારે કુંડીમાં લઈ તેઓશ્રી જ પરઠવવા ગયા. સવારે મને ઉઠવાની પણ હામ નહોતી. પૂજ્યશ્રીએ કમર વગેરે દબાવી પ્રતિક્રમણ કરાવ્યું અને પડિલેહણ પણ કરી આપ્યું.

નાનાની પણ સેવા કરવામાં પૂજ્યશ્રી હંમેશા ગૌરવ અનુભવતા. પોતે ગુરુ છે, પદવીધર છે, પ્રભાવક છે, વિદ્વાન છે, વિશાળ શિષ્યવર્ગના સ્વામી છે ઈત્યાદિ કોઈ પણ જાતની મોટાઈનો ખ્યાલ તેઓશ્રીને સેવા-સહાયક્તાદિ કાર્યોમાં ક્યારેય નડતરરૂપ બન્યો નહોતો.

વાત્સલ્યના મહાસાગર ગુરુદેવશ્રીને ચરણે વંદના.

– **“ભુવનભાનુનાં અજવાળાં”** પુસ્તકમાંથી સાભાર





E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3

(૪૦)

# જીવન જ્યોત

**- પૂ.પં.શ્રી હેમરત્નવિજયજી મ.સા.**

રોડ પર ઊભેલા ઘેઘૂર આંબાની ડાળે બાઝેલી પાકી કેરીના મીઠા રસનો સહુને અનુભવ હોય છે. ફાલીફૂલીને ચારેકોર ફેલાયેલો આંબો સ્હેજે સહુની નજરમાં આવતો હોય છે. પણ યાદ રહે કે આંબાના આ સર્વાંગીણ વિકાસમાં એક ગોટલો આખે આખો જમીનમાં સાવ દટાઈ ગયો હોય છે. બહારથી ગરમીથી બફાઈ બફાઈને પોતે ફાટી જઈને એક અંકુર પેદા કરી દે છે. એ અંકુરમાંથી જતે દહાડે છોડ, ઝાડ અને શાખા-પ્રશાખામાંથી ઊભરાતું એક વિરાટ આમ્રવૃક્ષ તૈયાર થાય છે.

જૈન સંઘ આજે યુવાશિબિરો, શિશુશિબિરો, યુવા-જિનપૂજકો, હકડેઠઠ ઉભરાતી પ્રવચન સભાઓ અને શાસનપ્રભાવનાના મીઠાં ફળો ચાખી રહ્યા છે, તેના મૂળમાં પૂ.સ્વ.ગુરુદેવશ્રી જમીનમાં દટાયેલા કેરીના ગોટલા જેવા છે જેમણે પોતાની આખી જીંદગીને સાધુઓના ઘડતરમાં લગાવી દીધી હતી.

કેટલાય આઠથી બાર વર્ષના બાળકોએ પોતાની વહાલી માતાના ખોળાને અલવિદા કરીને ગુરુદેવશ્રીના ચરણે જીવન સુપ્રત કરીને બાળદીક્ષા અંગીકાર કરી. એ સહુની ધર્મમાતા બનીને ગુરુદેવે ખોબલે-ખોબલે વાત્સલ્યનું અમૃતપાન કરાવ્યું હતું. એવી રીતે એ બાળમુનિવરોનું જીવન ઘડતર કરેલું કે આજે એ મુનિવરો જૈન સંઘમાં ઉગતા સિતારાની જેમ ચમકી રહ્યા છે. બાલ્યવયે દીક્ષિત બની જનારા એ મુનિવરો આજે ગુરુદેવની યાદમાં ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યા છે.

ગુરુદેવે જીવનની પળે-પળને પૂરેપૂરી રીતે ચૂસી લીધી હતી. પ્રત્યેક પળને પૂજ્યશ્રીએ સોનાની પળ બનાવી લીધી હતી... દિવસે તો જ્ઞાન, ધ્યાન, જાપ, સ્વાધ્યાય, અધ્યાપન, મુલાકાત, વાર્તાલાપ અને શિષ્યગણના સંસ્કરણમાં પોતે કાર્યરત રહેતા, પણ રાત્રીના સમયમાં આસમાનના ઉદરમાંથી જ્યારે ચંદ્ર પ્રગટ્યો હોય ત્યારે પૂજ્યશ્રી આ રાત્રીના નેચરલ મૂનલાઈટમાં કલમ ચલાવતા અને રાત્રીના શાંત પ્રશાંત અને નીરવ વાતાવરણમાં ચિંતનનો રેલો વહોવતા...પરમતેજ, ઉચ્ચપ્રકાશના પંથે, સાતીજીના પગલે પગલે, અમીચંદની અમીદૃષ્ટિ, ધ્યાન અને



જીવન આદિ અનેક પુસ્તકરત્નો અને દિવ્યદર્શન સાપ્તાહિક એ પૂજ્યશ્રીના મસ્તકની છીપમાંથી પાકેલા સાચા મોતિ સમા સર્જનો છે, જેનો ચારો ચરવાનું સદ્ભાગ્ય કોક વિરલા રાજહંસોનું જ હોય છે. દીર્ઘકાળ સુધી જૈન સંઘ પૂજ્યશ્રીના આ સાહિત્ય સેવાના ઉપકારને નહિ ભૂલી શકે.

પૂજ્યશ્રીના જીવનના જે જે આદર્શો હતા, ઉપદેશમાં જે જે વાતો હતી તે બધી તેમણે જીવનમાં જીવી જાણી હતી. જીંદગીની છેલ્લી ક્ષણ સુધી પોતાના આદર્શોમાં અને દિનચર્યાઓમાં ક્યાંય બાંધછોડ કરી નથી. પૂજ્યશ્રીની એકદમ છોટી છોટી બાબતોમાં કોઈ'દિ પૂરા નખ સમાર્યા નથી. નખનો એક છેડો નેઈલકટરથી કટ કરીને પછી આખો નખ બીજા હાથની આંગળીથી ઉતારી નાખતા. એક વાર પૂછ્યું તો કહે કે કેશ, રોમ, નખ સમારવાથી સાધુને વિભૂષા કર્યાનો અતિચાર લાગે... આજના મેડીક્યોર, પેડીક્યોર, અને ફેસીયલના મોર્ડન જમાનામાં આવી વાતો તમારા મગજમાં નહીં ઉતરે. આખી જીંદગીમાં કોઈ'દિ ખડીયાની શાહી વાપરી નથી. પેનનો ચળકતા ઢાંકણા ઉપર પણ બ્લેક ઓઈલપેન્ટ લગાવડાવી દેતા, જેથી એ સોનેરી ઢક્કણ પર પણ રાગ ન થાય. બ્રાહ્મમુહૂર્તમાં વહેલી સવારે અને ઢળતી સંધ્યાએ પૂજ્યશ્રીને પ્રતિક્રમણ કરતા જોવા એ જીંદગીનો એક અમુલખ લહાવો હતો. તેઓશ્રીની અપ્રમત્તતા, સૂત્રોના ભાવાર્થ મુજબ મુખ પર બદલાતા હાવ-ભાવ, નમસ્કાર, વાંદણા, કાઉસ્સગ્ગ, ખમાસમણ વિગેરેની વિવિધ મુદ્રાઓ અને એકદમ હળવું ફૂલ જેવું શરીર વગેરે જોતા આપણે દીંગ થઈ જઈએ. પૂજ્યશ્રીએ પ્રતિક્રમણરૂપ આ ધ્યાનયોગની પ્રક્રિયાને 'પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ' નામના પુસ્તકમાં ચિત્રો સાથે રજૂ કરેલ છે. પ્રતિક્રમણ યાદ કરતા હતા અને કમાલની વાત તો એ હતી કે જીવનનું છેલ્લું પ્રતિક્રમણ તા. ૧૯-૪-૯૩ ના રોજ વહેલી પરોઢે પૂજ્યશ્રીએ પૂર્ણ-શુદ્ધિ સાથે પોતાની જાતે જ કરી લીધું હતું.

આવા એક અદ્ભુત સાધક, પ્રભાવક, સંયમી, તપસ્વી અને હજારો-લાખો જીવોના તારણહાર ગુરુદેવ એકાએક જીવનની લીલા સંકેલી લેશે એવી તો સ્વપ્ને પણ કલ્પના ન હતી.

– **"ભુવનભાનુનાં અજવાળાં"** પુસ્તકમાંથી સાભાર

❖ ❖ ❖



E:/Divya-Darshan(Part-15)(Pravachan Maho..)(Yogdrusti/Samraditya).pmd/prf.3